## ● અનુક્રમણિકા ●

# "શ્રી સમરાઈચ્ચ કહા."


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૦ | શ્રી સમરાદિત્ય કેવળી મહર્ષિનું ચરિત્ર | ૧ |
| ૨. | ૧ | ૨૧ | જૈન શાસનની વિશિષ્ટતા | ૭ |
| ૩. | ૧ | ૨૧ | જીવનમાં ઉતારવા જેવી ચાર વસ્તુ | ૧૦ |
| ૪. | ૧ | ૨૪ | સંતતિ નિયમનની ભયંકર સગવડ | ૧૫ |
| ૫. | ૧ | ૨૫ | ધર્મચિંતામાં શું ચિંતવવું | ૧૭ |
| ૬. | ૧ | ૨૬ | લક્ષ્મીકાંત શેઠનું દૃષ્ટાન્ત | ૨૪ |
| ૭. | ૧ | ૨૮ | અર્થની લગનીમાં પશુતાનું પ્રદર્શન | ૩૦ |
| ૮. | ૧ | ૩૧ | જેને શાસન મળ્યું હોય એની વિચારણા | ૩૭ |
| ૯. | ૧ | ૩૨ | માણસો ચાર કોટિના | ૩૯ |
| ૧૦. | ૧ | ૩૫ | ધર્મથી જ બધું સારું છે | ૪૫ |
| ૧૧. | ૧ | ૩૬ | ભવ પહેલો : ગુણસેન અગ્નિશર્મા | ૪૮ |
| ૧૨. | ૧ | ૩૭ | ગુણસેનનું તપોવનમાં આગમન | ૫૯ |
| ૧૩. | ૧ | ૩૮ | શાનો વ્યાપાર કયાં થાય ? | ૬૭ |
| ૧૪. | ૧ | ૩૯ | આર્યદેશની સુવાસ | ૭૯ |
| ૧૫. | ૧ | ૪૦ | હૃદયને ભાવિત કરો | ૯૦ |
| ૧૬. | ૧ | ૪૨ | વાંક કાઢો તો પોતાના કર્મનો કાઢો | ૧૦૩ |
| ૧૭. | ૧ | ૪૩ | સમરાદિત્ય કેવલીમહર્ષિ બનવાનાં મૂળ કયાં | ૧૦૭ |
| ૧૮. | ૧ | ૪૩ | સૂરીશ્વરજીના ગુણોનું રહસ્ય | ૧૧૨ |
| ૧૯. | ૧ | ૪૩ | 'ધર્મલાભ'ની જડ બુટ્ટી | ૧૧૬ |
| ૨૦. | ૧ | ૪૫ | વિચારણીય મુદ્દા | ૧૨૫ |
| ૨૧. | ૧ | ૪૭ | મહર્ષિઓનો ધર્મ વેપાર | ૧૩૦ |
| ૨૨. | ૧ | ૪૮ | ગર્વથી થતાં નુકશાનો | ૧૩૭ |
| ૨૩. | ૨ | ૪/૫ | ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ | ૧૫૬ |
| ૨૪. | ૨ | ૪/૫ | દેશવિરતિ-ગૃહસ્થધર્મનું સ્વરૂપ | ૧૬૩ |
| ૨૫. | ૨ | ૪/૫ | પરિગ્રહપરિમાણ વ્રતના પાંચ અતિચાર | ૧૬૮ |
| ૨૬. | ૨ | ૬ | સર્વ વિરતિ-સાધુધર્મ | ૧૭૪ |
| ૨૭. | ૨ | ૧૪ | મુનિપણાનું સ્વરૂપ | ૧૯૧ |
| ૨૮. | ૨ | ૧૪ | શ્રાવકને ભાવવા યોગ્ય ભાવના | ૧૯૩ |
| ૨૯. | ૨ | ૧૮ | ગુણસેનનું આત્મ નિરિક્ષણ | ૨૦૯ |
| ૩૦. | ૩ | ૧૨ | "શ્રી સમરાઈચ્ચ કહા. ભાગ-૨" | ૨૧૯ |
| ૩૧. | ૩ | ૧૩ | બીજા ભવમાં પિતા-પુત્ર | ૨૨૫ |
| ૩૨. | ૩ | ૧૪ | પ્રજાના ગુણમય પાંચ દોષો | ૨૨૭ |
| ૩૩. | ૩ | ૧૯ | સિંહકુમાર કુસુમાવલીના ઘરે | ૨૪૫ |
| ૩૪. | ૩ | ૨૩ | ધર્મ શા માટે કરવાનો | ૨૬૬ |
| ૩૫. | ૩ | ૨૪ | ચરિત્રમાંથી શું લો છો ? | ૨૬૮ |
| ૩૬. | ૩ | ૨૪ | સંસારના સોદા પર ધર્મદાસ અને સુંદરીનું દૃષ્ટાન્ત | ૨૭૦ |
| ૩૭. | ૩ | ૨૫ | જેવા આદર્શ તેવી વિચારધારા | ૨૭૬ |
| ૩૮. | ૩ | ૨૬ | શ્રી અવધિજ્ઞાની મહર્ષિનું ચરિત્ર | ૨૮૮ |
| ૩૯. | ૩ | ૨૭ | વર્તમાનનું એક દૃષ્ટાન્ત | ૩૦૨ |
| ૪૦. | - | - | દીક્ષાદાનેશ્વરી | ૩૦૭ |

# 'શ્રી સમરાઈચ્ચ કહા'

**શ્રી સમરાદિત્ય કેવળી મહર્ષિનું ચરિત્ર.**

**જૈનશાસન અને ચરિત્ર :-** અનંતાનંતકાળમાં અનંતા તીર્થંકરદેવોરૂપ દિવાકરોએ મોહ અજ્ઞાનના નિબિડ અંધકારમય આ જગતમાં તત્ત્વજ્ઞાન અને વિરાગ-વિરતિના મહાન પ્રકાશ પાથર્યા છે. એ તેજને ઝીલીને જૈનશાસનના પ્રભાવક આચાર્યોએ અનેકાનેક અદ્‌ભુત શાસ્ત્રોની રચના કરી છે. તો કહો, હવે શાસ્ત્રોમાંથી આપણને કઈ મહાન પ્રાપ્તિ થાય છે ? કહેવું પડશે કે અનંતજ્ઞાની જિનેશ્વરદેવોએ વિસ્તારેલા તત્ત્વજ્ઞાનના અને વૈરાગ્ય વિરતિના પ્રકાશની પ્રાપ્તિ થાય. માટે એ શાસ્ત્રોમાંથી આજ લેવાનું છે. આ લેવા માટે એ શાસ્ત્રોનું આલંબન કરવું જોઈએ.

એવા એ શાસ્ત્રોના મુખ્યતયા ચાર વિભાગ પડે. દ્રવ્યાનુયોગના શાસ્ત્ર, ગણિતાનુયોગના શાસ્ત્ર, ચરણ કરણાનુયોગના શાસ્ત્ર, અને ધર્મકથાનુયોગના શાસ્ત્ર.

**દ્રવ્યાનુયોગના** શાસ્ત્રોમાં આત્મા, પુદ્‌ગલ વગેરે છ દ્રવ્યોની વિચારણા આવે. **ગણિતાનુયોગના** શાસ્ત્રોમાં ગ્રહચાર, નક્ષત્રચાર, દ્વીપ, સમુદ્રો, શરીર, આયુષ્ય વગેરેની ગણત્રીના વર્ણન આવે. **ચરણકરણાનુયોગના** શાસ્ત્રમાં સાધુ અને શ્રાવક ધર્મના આચાર, વિધિ-વિધાન, વગેરેના વર્ણન આવે. **ધર્મકથાનુયોગના** શાસ્ત્રોમાં ઉત્તમ પુરુષોના ચરિત્ર વર્ણવેલા હોય છે.

અહીં એક મહાન ધર્મકથાનુયોગનું શાસ્ત્ર વાંચવાનું છે. તે છે મહાન સોભાગી શ્રી સમરાદિત્ય કેવળી મહર્ષિનું ચરિત્ર વર્ણવતું **'સમરાઈચ્ચ કહા'** નામનું શાસ્ત્ર. એના કર્તા જાણો છો કોણ છે ?

ચૌદસો ચૂંમાલીશ શાસ્ત્રના રચયિતા તરીકે પ્રસિદ્ધિ પામેલા સુવિહિત ક્રિયાગચ્છ ધોરી આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા છે. **'પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ.'** એ ન્યાયે એમણે રચેલી આ કથાના ઉપર વિશ્વાસ થઈ જાય એવું છે.

**આ કથાગ્રંથ કેમ જન્મ્યો :** જન્મથી એ જૈન નહિ, પણ રાજમાન્ય બ્રાહ્મણ પુરોહિત, પાછા ભારે વિદ્વાન, અને કોઈપણ શાસ્ત્ર સમજી શકવાના વિશ્વાસ



ધરનારા. એમાંથી એ પલટો પામી સીધા જ જૈન સાધુ થયા. તમને ચાલુ દુનિયાના પ્રવાહમાંથી પલટો લઈ એક માર્ગાનુસારી બનવામાં મુશ્કેલી પડે છે ! કેમ ખરું ને ? ત્યારે આગળ વધીને કુલ જૈનપણામાંથી ભાવ-જૈન બનવામાં તો બહુ ભારે વાત લાગે છે, કેમ ? ત્યાર પછી વ્રતધારી શ્રાવક, પડિમાવાહી શ્રાવક, સંવાસાનુમતિ શ્રાવક, એ બધું બનવામાં તો કેટલીય મુશ્કેલી ? તો સાધુપણે પહોંચવાનું તો ક્યાંય રહ્યું !!

આ શાસ્ત્રકાર તો સાધુ બન્યા પછી જિનાગમના મહાન વિદ્વાન અને બહુશ્રુત આચાર્ય થયા. એમાં એકવાર પોતાના દીક્ષિત ભાણેજ હંસ-પરમહંસને રંજાડનારા બૌદ્ધોને વાદમાં હરાવી શિક્ષા કરવાની એમણે યોજના કરાવી. એમના ગુરુજીને એની જાણ થતાં પોતાના આ શિષ્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજીનો ક્રોધ શાંત કરવા, એમણે સમરાદિત્યના નવ ભવનો ઉલ્લેખ કરતી **પ્રાચીન** ત્રણ ગાથા લખી મોકલી. એ પરથી જુઓ **'સમરાઈચ્ચ કહા'** નામનો ગ્રંથ લખાયો. ધ્યાન રાખો, શ્રી સમરાદિત્યની કથા કલ્પિત નથી. બનેલી એ કથાની પ્રાચીન સંગ્રહણી ગાથાઓ છે. અને અનંતકાળમાં એમાંનું શું સંભવિત નથી ?

**પ્ર.**- એમાં થોડા ગુનાની મોટી સજાઓ વર્ણવી છે, એ કેમ સંભવે છે ?

ઉ.- ગુનાનું માપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારે પરથી કાઢવું જોઈએ. કયા સંયોગમાં કેવું અને કેટલું પાપ કર્યું, તે પાછું કેવી ઉગ્રતાથી કર્યું, ઈત્યાદિ જોવું જોઈએ. બીજી વાત એ છે કે ભૂલવા જેવું નથી કે જીવ પ્રત્યેક સૂક્ષ્માતિસૂક્ષ્મ સમયે કર્મ બાંધે છે. તેમાં ઉત્કૃષ્ટ મલિન ભાવનામાં ઉત્કૃષ્ટ અશુભરસના કર્મ બાંધે છે. જગતમાં પણ દેખાય છે કે ખેતરમાં પડેલા એક દાણામાંથી સેંકડોગણા દાણા પ્રગટે છે. ત્યારે એક અગ્નિની ચિનગારીથી આખી ઘાસની ગંજી બળી સાફ થઈ જાય છે. એમ અંતરાત્માના ઉગ્ર મલિન ભાવો મહાન કર્મ બંધાવે છે, અને ઉગ્ર શુભ ભાવના કર્મના થોકના થોકનો નાશ કરે છે, એમાં શું અસંભવિત છે ? વળી આંખના એક પલકારામાં અસંખ્ય સમય પસાર થાય છે એવા તો કેટલાય પલકારાના સમય સુધી બૂરી ભાવના હૃદયમાં જો રાખી, તો એના દરેક દરેક સમયે કર્મબંધ થતો આવ્યો ! પછી એ કેમ મહાન ન બને ? એમાં પ્રશ્ન કરવો એ જુદી વાત છે, બાકી એ હકીકત છે; હવાઈ વાત નથી.

એટલે શ્રી સમરાદિત્ય કેવલી મહર્ષિના ચરિત્રમાં આવતા પ્રસંગો જરાય અસંભવિત સમજતા નહિ. ઊલટું એમ વિચારજો કે એ તો શું પણ એથીય વધુ ઊંચા કે વધુ નીચા પરિણામ આવવા સુસંભવિત છે.

હરિભદ્રસૂરિજી મહારાજ પાસે ગુરુએ મોકલેલી ગાથાઓ આવી. તે વાંચતાંજ

ગુરુગમથી જાણેલો ગુણસેન-અગ્નિશર્માના પહેલા ભવથી માંડી નવમાં ભવ સુધીનો રોમાંચક હૃદયવેધી ચિતાર આંખ સામે ખડો થઈ ગયો !

**અહો ! અગ્નિશર્માએ કરેલા ક્રોધનો કરુણ અંજામ ! કેવા ભયાનક વિપાક ! કેવી એવી ભવોભવ પુનરાવૃત્તિ !! ત્યારે મારી પણ કઈ દશા ? આ મેં શું કર્યું ? અગ્નિશર્મા તો અજ્ઞાની હતો. મારા હૃદયમાં જિનાગમોનો પ્રકાશ છે, છતાં હું કેવો ક્રોધાંધ બન્યો ! શું સંસારમાં જીવે બીજાના ગુને કરેલા ગુસ્સાને કર્મ માફ કરે છે ? ના, ભલેને અપરાધ સામા ધણીનો હોય, પણ એના પર તમે તમારા હૃદયમાં ગુસ્સો દાખલ કરો એટલે તમારા જ આત્મામાં કર્મના થોક દાખલ થાય જ. પછી શું ? ૧. ભવાટવીમાં ખોવાઈ જવાનું ! ૨. દુર્ગતિના થાળા પૂરવાના ! ૩. જન્મોજન્મ એ ગુસ્સાની, એ વૈરની, એ દ્વેષની લાગણીઓ વારસામાં ઉતારવાની ! અને ૪. અનંત સંસારની તૈયારી કરવાની, ! આહાહાહા !! મોહ શી તારી ક્રૂર કળા ! જીવને એની પોતાની હોંશપૂર્વક માત્ર એકાદ કષાય પકડાવીને એના પર તું દીર્ઘ-પરિભ્રમણ સર્જાવે છે ! ત્યારે હું પણ જાણવા છતાં એમજ ક્રોધને પકડનારો બન્યો ! ગુરુજીએ કેવું મને ભાન કરાવ્યું ?"**

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આવી કોઈ વિચારણા કરી, ગુસ્સાથી પાછા વળી ગયા. એમના હૃદયમાં હવે ઉપશમના પૂર વહેવા માંડ્યા ! હૈયાના બળતાં પશ્ચાત્તાપ અને તત્ત્વપરિણતિમાંથી સમરાદિત્ય ચરિત્રનું આલેખન વહ્યું.

શ્રી સમરાદિત્ય કેવલી મહર્ષિની કથા આ કારણે જન્મી હો કે બીજા કારણે, પણ કથા ખુદ પોતાના સ્વરૂપે અપૂર્વ પ્રસંગોથી ભરેલી છે ! એ જાણે કુદરતી રીતે વહી રહી છે, અને પત્થર જેવા નિર્દય આત્માને પણ હચમચાવી મૂકે એવી છે. આ ચરિત્રના ઉપરથી સંસ્કૃત કાવ્યમાં આમનું જ ચરિત્ર સમર્થ વિદ્વાન આચાર્ય શ્રીમદ્ પ્રદ્યુમ્નસૂરિજી મહારાજે લખ્યું છે, તેમ ગુજરાતી કાવ્યમાં રાસરૂપે પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજે પણ સમરાદિત્ય ચરિત્ર રચ્યું છે. પરંતુ મૂળ પ્રાકૃત ભાષામાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાની જે શબ્દસંકલના છે, તે અજોડ છે; અતીવ ભાવવાહી છે, નૈસર્ગિક છે, વારંવાર વાંચવાનું મન થાય, અને એમાંથી નવો-નવો અધ્યાત્મરસ મળે એવો આ મૂળ કથાગ્રંથ છે.

આ અને બીજા અનેક શાસ્ત્રો રચીને આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ અમર થઈ ગયા છે. પણ તેનું મૂળ શું ? જાણો છો ને ? બ્રાહ્મણ પુરોહિતપણામાં ખુમારી અને પ્રતિજ્ઞા હતી, 'ન સમજાય તો સમજવા માટે જરૂર પડે સામાના શિષ્ય થઈ જવું ?' એ પ્રતિજ્ઞા પાળી, અને શિષ્ય થયા. બહુશ્રુત થયા. જૈનાચાર્ય થયા. તેમાંથી આ કથાનું આલેખન પ્રગટ્યું.



**પચાવવું કઠીન છે ! :** જગતમાં ખુમારી કરવી સહેલી છે, પણ પચાવવી મહાકઠીન છે. પચાવવું એટલે અજીર્ણ અને બગાડો ન થવા દેવો. આ એકલું આમાં જ નહિ, બીજે ય પણ છે. ખાવું સહેલું છે, પચાવવું કઠીન છે. બોલવું સહેલું છે, બોલેલું પચાવવું મુશ્કેલ છે. સાંભળવું સહેલું છે, સાંભળેલું પચાવવું કઠીન છે. અડકવું સહેલું છે, અડકેલું પચાવવું કઠીન છે. પૈસા કમાવવા સહેલા છે, કમાયેલા પૈસા પચાવવા કઠીન છે. માન લેવું સહેલું છે, મળેલું માન પચાવવું કઠીન છે. પચાવવું એટલે અજીર્ણ ન થાય, બગાડો કે વિકારો ન થાય, એની પીડાઓ ન થાય. એનાજ યોગે નુકશાનીમાં ઊતરવાનું ન થાય. વિદ્વત્તાની ખુમારી કર્યા પછી પચાવતાં ન આવડે, તો નવું મેળવવાનું કાંઈ રહે નહિ, અને ખુમારીના વિકારરૂપે કર્મબંધન અને તેના વિપાકમાં સડી મરવાનું થાય.

શાંત ચિત્તે સાંભળો છો ખરા, પણ શબ્દે-શબ્દ પર વિચાર કરજો. એક એક વાત દિવસોના દિવસો સુધી વિચાર માંગે છે. ખાધું પચ્યું એટલે અજીર્ણ ન થાય, વિકારો ન થાય, શરીર લાલ તાંબા જેવું થાય, તો ખાધું પચ્યું ગણાય. અહીં પણ વિદ્વતા મળી, મોટાઈ મળી, સગવડ મળી, એ બધા પાછળ રાગાદિનું અજીર્ણ ન થાય, વિકારો ન થાય, પીડા ન થાય, આત્માનાં દર્શન થાય, જ્ઞાન, દર્શન, ચારિત્રની પુષ્ટિ લાલ તાંબા જેવી વધે, તો જાણવું કે આ પચ્યું છે. ખરી વાત છે કે પચાવવાની દરકાર નથી, તેથી સારું દેખ્યું કે ઝટ રાગનું, મોહનું કે કામનું અજીર્ણ થાય છે, વિકારો જાગે છે. કોઈનું જરા ચઢિયાતું દેખ્યું કે ઝટ ઈર્ષ્યાનું અજીર્ણ થાય છે, વિકારી વિચારો થાય છે, પછી પાછળથી પીડા ભારે છે. ધારો કે કોઈને લાખ કમાયાનો તાર આવ્યો, અને એ જ વખતે એના પડોશીને એ દોઢ લાખ કમાયાનો તાર આવ્યો. પછી એને એમ થાય છે કે મારા કરતાં પાડોશી વધારે કેમ કમાઈ પડ્યો ? કાં એના પચાસ હજાર જાય, કાં મારે બે લાખ થાય.' આવેલા લાખે જીવન ન આપ્યું, પણ મોત આપ્યું ! ત્યારે જેમ કોઈનું સારું જોઈ પચાવતાં નથી આવડતું, તેમ કોઈની ભૂલ જોઈ પચાવતાં નથી આવડતી. પોતાની જાતનો ભારે ઘમંડ થાય છે. જાણે પોતાથી ભૂલ થતીજ નહિ હોય, એમ રોફથી પેલાને કહે 'આવી ભૂલ ? ભાન નથી ?' ત્યારે પેલાને થાય કે 'કયા પાપે આવાના પનારે પડ્યા !' આ રીતે પરસ્પર વૈરની ગાંઠો બંધાય છે. ભૂલ ન પચાવી એનું આ પરિણામ.

પચાવવું હોય તો છેવટે બીજું કાંઈ ન આવડે તો સામાની ભૂલને જોઈ ન જોઈ કરાય. અથવા વિચારાય કે 'ભૂલ તો થાય હુંય ઘણી ભૂલો કરતો હતો, હજીય કરું છું. એ આમ તો ભૂલ ન કરે પણ શું કરે, કર્મ બળવાન છે; એને કે મને ભૂલો કરાવનાર કર્મ છે, માટે કર્મને ઉખેડવાની વાત રાખવી જોઈએ.' આમ

સામાની ભૂલ પચાવવી જોઈએ. એજ રીતે આપણી ભૂલ પચાવવાની પણ આવડત જોઈએ. ધારો કે આપણે જ અંધારામાં થાંભલે પટકાયા, તો થાંભલે મૂક્કી ન મરાય. ભૂલ કર્મને લીધે થઈ, તે કર્મને મુક્કી મરાય એટલે કે કર્મનો ભૂક્કો કરો. માટે ભૂલ દીઠ સજા રાખો, કે જે કર્મ ખપાવે. દા.ત. અરિહંત ભગવાનને ખમાસમણા દ્યો. કાયા એ માટે છે. એથી કર્મ ખપે છે. ખરી રીતે સમજો કે ખમાસમણા વગેરે ધર્મ ક્રિયામાં થોડે અને ટૂંકે પતે છે; નહિતર તો એમ નહિ ખપેલા કર્મ કોણ જાણે કેવાંય ફળ દેખાડે. પરમાત્માના દર્શને જવામાં પાંચ-પચાસ ખમાસમણાં તો દેવાના કોડ હોવા જોઈએ. એમ ન થાય તો મંદિરે આંટો-ધક્કો અફળ ! ત્રણ માઈલ ગિરિરાજ ચઢ્યા ત્યાં ગણત્રીના ત્રણ, છ કે નવ જ ખમાસમણાં ? દાદા પાસે ત્રણ, બહુ તો પુંડરીક સ્વામી પાસે ત્રણ, અને રાયણ પગલે ત્રણ ! બસ ? આટલે ચઢીને આવ્યા પછી તો એ મહેનતનું ફળ લેવા સો ખમાસમણાં સહેજે દેવાઈ જાય. જ્યાં જ્યાં ભવ્ય મૂર્તિ દેખી કે ઝૂકાય ! આટલો લાભ ન લઈએ એ કેમ બને ? આવી રીતે **જેની કાયા નહિ નમે પરમાત્માને, તેનાં કર્મ નહિ નમે, કર્મ તેનાં નમે કે જે પરમાત્માને નમે. કર્મ તેનાં દૂર જાય છે, કે જે પરમાત્માની વધુ નજીક હોય છે. કર્મ તેને હાથ જોડે છે, કે જે પરમાત્મા સિવાય બીજે હાથ જોડતો નથી, અને પરમાત્માને હાથ જોડવામાંથી ઊંચો આવતો નથી.** વાતવાતમાં જે ઝટ પરમાત્માને હૃદયમાં લાવે છે, પરમાત્માનો ઉપકાર યાદ કરે છે 'नमो अरिहंताणं'. એમ પરમાત્માને હાથ જોડવામાંથી જે ઊંચો ન આવે, તેને કર્મ જાણે હાથ જોડે છે, અને પગે લાગીને કહે છે 'માબાપ રહેવા દે દૂર હવે, મારે તારે મેળ નહિ મળે.' આવા ખમાસમણાંથી અને પ્રભુની ભક્તિથી જ્ઞાનાવરણીય કર્મ તૂટશે, અજ્ઞાન ટળે, પછી થાંભલે નહિ ભટકાય. ભૂલની પાછળ આવી કોઈ ધાર્મિક કાયકષ્ટ કે ત્યાગ-તપની સજા રખાય, તો ભૂલ પચાવતા આવડી. એટલે કે કર્મને મિટાવી આગળ વધતાં આવડ્યું. સાધુનું ખૂન કરવા સુધી પહોંચી જનારા પણ કર્મ ખપાવી મોક્ષ પામ્યા છે ને ? તે શાથી ? ભૂલની પાછળ સંસારત્યાગની સજા સ્વીકારવાથી. ત્યારે એમ નથી લાગતું કે આપણે સાવ મૂર્ખ છીએ ? જગતનું સુધારતા આવડે છે એવું આત્માની ભૂલો સુધારવા માટે, ભૂલોમાંથી બહાર નીકળી આગળ પ્રગતિ સાધવા માટે આવી સજાના, બદલાના કે વળતરના કોઈ લેખાં હિસાબ નથી આવડતા ! કઈ દશા ! સંસારના હિસાબ લેખામાં પાવરધા, પણ કર્મના હિસાબ લેખામાં સરાસર અજ્ઞાની ! નહિ તો ભૂલના દંડના લેખાં નક્કી કર્યા હોય કે 'આટલી ભૂલે આટલો દંડ.'

એમ ખાધું પચાવવું એટલે દા.ત. જરા વધારે ખાધું કે સારું ખવાયું હોય તો



રાત્રે કાયાને અડધો કલાક કાઉસ્સગ્ગમાં રોકવાની, કે કાયાથી એવો બીજો કોઈ ધર્મ સાધવાનું વિચારાય. 'રસનો ત્યાગ તો કરી શકતો નથી. સારી રીતે પેટને ધરાવ્યું. ત્યારે હવે એનો બદલો ન લઉં, એ કેમ બને ?' એમ મનને થવું જોઈએ. એ માટે સારો માર્ગ તો બીજે દિવસે ઉપવાસ કે આયંબિલ કરવાનો છે, પણ એ જો ન બને તો ૫-૫૦-૧૦૦ ખમાસમણાં કે ૫-૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ તો કરાયને ? એક જૂઠું બોલાઈ ગયું તો દંડરૂપે શું પ્રભુની સ્તુતિ પાંચ-પચાસ ન કહેવાય ? એનો અર્થ એ નહિ કે 'મન થાય ત્યારે જૂઠું બોલવું, અને પછી પ્રભુની પાંચ-પચાસ સ્તુતિ બોલી નાખવી.' પણ તાત્પર્ય એ છે કે પાપ થયા પછી પણ ધર્મને યાદ ન કરાય તો બીજામાં ને જૈનમાં ફેર શો ? જગત પાપ કરી ધર્મને યાદ નથી કરતું, પણ જૈન તો રોજ સવાર-સાંજ બે વખત પ્રતિક્રમણ કરી પાપ ધૂએ છે. નથી ચાલતું એટલે પાપ કરે તો છે જ, પણ પાપને બે વાર ધૂએ છે. તવંગરનો તથા ગરીબનો દીકરો, બન્નેય રમે છે તો ધૂળમાં, પણ ગરીબના દીકરાનાં કપડાં અઠવાડિયેય ધોવાતાં નથી, અને મેલા દાટ રહે છે; જ્યારે તવંગરના દીકરાને સવારસાંજ રોજ બે વાર કપડાં બદલવા મળે છે. તેમ, આત્મારૂપી કપડું વિષય અને કષાયરૂપી ધૂળમાં મેલું થાય છે; તે પાપનો મેલ સવાર સાંજ ધોવો જોઈએ. બે વખત પડિક્કમણું એ પાપ ધોવાની ક્રિયા છે. તમે બધા બે વખત પડિક્કમણું કરો છો ને ? વેઠિયા વેઠથી નહિ, પણ પશ્ચાત્તાપની ભાવનાથી ઓતપ્રોત થઈને કરો છો ને ? જૈનશાસનમાં જનમ્યા એટલે તો તમે પેલા શ્રેષ્ઠીપુત્ર જેવા થયા, તેથી તમને રોજ બે વાર મેલ ધોવાનું મળે, નિર્મળ થવાનું મળે. પણ નિર્મળ થવું હોય તો આ ભાગ્યની કદર થશે.

ખુમારીને પચાવવાની વાત ચાલી રહી છે. જોવું સહેલું છે, પણ પચાવવું કઠીન. બીજાની ભૂલ શી રીતે પચાવાય ? જો સમજાય કે 'એ તો કર્મોથી ભૂલો થાય છે. કર્મ ક્યાં થોડાં છે ? અમારીય ભૂલો થાય જ છે ને ? કર્મો એટલા બધાં છે કે ખરી રીતે કાંઈ સારું ન થાય. પણ આતો જે થોડુંય સારું થાય છે, તે આડા હાથે જે કાંઈ થોડું સુકૃત થયું હશે, તેના યોગે. એ માટે સામામાં સારું દેખાય છે, તે પરજ લક્ષ રાખવા જેવું છે.'

એવી અનેક બાબતોમાં પચાવવાનું સમજવા જેવું છે. પુણ્યના યોગે કે ગુણના યોગે તમને સત્તા મળી, પણ જો પચાવતાં ન આવડી તો ? અર્થાત્ ઘમંડનું ઘેન અને અભિમાનનો આફરો ચઢ્યો તો ? ભયંકર પાપલીલા અને બંધનમાં જકડવાનું થાય કે બીજું કાંઈ ?

વિદ્વાન હરિભદ્ર બ્રાહ્મણે એક ડગલું પાછું ન ભર્યું, કપડાં ફગાવી જૈન સાધુપણું લીધું ! કેમ ? એક ગાથાનો અર્થ જાણવા !! જોજો હોં, જન્મે બ્રાહ્મણ, ઉછેરથી બ્રાહ્મણ, જીવન બ્રાહ્મણ તરીકે ગાળનાર, એમણે જાવજ્જીવનું ચારિત્ર લીધું. તે એક ગાથાનો અર્થ જાણવા. આપણે લેવાનું હોય તો શાના માટે લેવાનું ?''મોક્ષ માટે !'' કેવું સુંદર અને સર્વશ્રેષ્ઠ ધ્યેય ! છતાં એ માટેય ચારિત્ર કેમ નથી લેવાતું ?

**પ્રતિજ્ઞા પ્રાણ :** આ આત્મામાં શું વસ્યું હશે ? **'મારી પ્રતિજ્ઞા ! હું માનવ ! માનવીએ પ્રતિજ્ઞા પાળવી જ જોઈએ. એ સદ્ગતિનો જ માર્ગ છે. એમાં માર્ગાનુસારિતા, ઋદ્ધિવૈભવના ભંગની પરવા નહિ, પણ આવી આત્માની પુણ્ય પ્રતિજ્ઞાનો ભંગ ન થવો જોઈએ.'** એ માટે ચારિત્રનું ગ્રહણ, ચારિત્ર લઈ એવું ભણ્યા, થયા આચાર્ય ! જૈનશાસનની અજોડ વિશિષ્ટતા જાણ્યા પછી ખુલ્લંખુલ્લા એમણે જાહેર કર્યું ''આ જિનાગમ ! જગતમાં ક્યાંય જોવા ન મળે એવાં શાસ્ત્ર, એવું જ્ઞાન ! મારી ચૌદ વિદ્યા તો આની પાસે કુછ નહિ !'' પૂર્વોનું જ્ઞાન જો કે નષ્ટ થયું છે, છતાં ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ. જે આગમો મોજુદ છે; તેનાય ભાવો જોઈને પોતે પોકાર કરે છે :

**જૈન શાસનની વિશિષ્ટતા :- જિનાગમ એ શું છે ? :**

**અહો ! જગત પર જો જિનાગમ ન હોત, તો અનાથ એવા અમારું શું થાત ?** અમે જિનાગમથીજ સનાથ છીએ. આ યુગ કેવો ? કોઈ જિનેશ્વર હયાત નહિ, કેવળી હયાત નહિ, મનઃપર્યવજ્ઞાની નહિ, અવધિજ્ઞાની નહિ. આમાં જો આ જિનાગમ ન હોત તો અનાથ-રાંક એવા અમારું શું થાત ? વિચારો કે એ જિનાગમ એટલે શું સમજ્યા ? 'પ્રાણથી કિંમતી પ્રિય ચીજ, અપૂર્વ નિધાન, **ભવોભવ અજવાળનારી ઉમદા ચીજ જિનાગમ ! એજ અનંત કલ્યાણનું સાધક !** માટેજ એજ ઉપાસ્ય અને આરાધ્ય ! રાતદિવસ સ્મરણીય ચિન્તનીય એ જ, જીવનમાં ભાવવા યોગ્ય એ જ ! આત્માને એથી જ ભાવિત કરવા યોગ્ય. અને આવી અપૂર્વ વસ્તુ એમ મળે પણ શી રીતે ? ત્યારે **અહીં જો જગતને આરાધ્ય કરીએ તો ફરી કોણ જાણે ક્યારેય જિનાગમ મળે ? જગતમાં બધું મળવું સહેલું છે, અને તે પાછું વારેવારેય મળી શકે છે; કિંતુ જિનાગમ વારેવારે તો શું, પણ એકાદવાર પણ મળવું મહા મુશ્કેલ છે.** આવા આ જિનાગમમાં અપૂર્વ સુખ અને અચિંત્ય ઉન્નતિ મેળવવા માટે શું શું નથી ? કહો કે **સુખ અને ઉન્નતિના સાચા રસ્તા જિનાગમમાંજ બતાવેલા છે.** અહો ! ખરેખર **જિનાગમ એ દીવો છે.** જેમ અંધારી ગુફામાં ગમે તેવા રત્નોના ઢગનાઢગ હોય પણ દીવા વગર એ શી રીતે દેખાય ? અને જો દેખવામાં ન આવે તો શી રીતે એની પાસે જઈ એને ગ્રહણ કરી શકાય ? તેમ આ અંધકારભર્યા જગતમાં કે અંધારાભર્યા આત્મામાં ગમે તેવા રત્નો હોય, પણ જિનાગમના દીવા વિના એ શે મેળવાય ? મોક્ષ છે, મોક્ષના ઉપાય છે, પરંતુ એ બધાનું સાચું ભાન કરાવનાર તો જિનાગમ જ છે. **જિનાગમની ચક્ષુથી સાચું દર્શન કરી કરીને કેઈ આત્માઓ અલ્પકાળમાં આત્માના મહાન કલ્યાણ સાધી ગયા છે !** ભવના ભ્રમણને ફેડી નાખ્યું છે ! કર્મના બંધનો આમ તો **અસંખ્યાસંખ્ય કાળનાય** આત્મામાં ભેગા થયેલા, **એવા એ કર્મબંધનોને અતિ અલ્પકાળમાં જિનાગમના પ્રભાવે તોડી નાખ્યા છે !** વર્તમાન વિષમકાળે તરવાના સાધન બે : એક જિનબિંબ અને બીજું જિનાગમ. એમાંય **જિનાગમ એ જિનબિંબની જો ઓળખાણ અને ઉપાસનાનો પ્રકાર બતાવે છે, તો જિનબિંબની ઉચ્ચ ઉપાસના કરી શકાય છે, તેથી જિનાગમની તો બલિહારી છે !** માણસને ઘણો ધર્મ કરવો હોય, એ માટે કષ્ટ ઉપાડવાની તૈયારી પણ હોય, ઉપાસનાનો અનુકૂળ સંયોગ પણ હોય, પરંતુ જિનાગમ ન મળે તો એ શું સાધી શકે ? **સાચે જ જિનાગમજ એક જીવન સાર્થક કરવાનો સચોટ ઉપાય છે.** આત્માએ ઠેઠ નિગોદમાંથી નીકળી આટલે ઊંચે સુધી ચઢવાની જે અપૂર્વ સુંદર સ્થિતિ પ્રાપ્ત કરી, મહા સદ્ભાગ્ય મેળવ્યું, એ સાર્થક તોજ થાય કે જો જિનાગમનું શરણ લેવાય. **મળેલી સંપત્તિને સાચી સાર્થક કરાવી આપનાર જિનાગમ છે. કેમકે સાચાં દાન અને ત્યાગને જિનાગમેજ બતાવ્યાં છે.** તેમ આત્માની બીજી કાયશક્તિ, વાણીશક્તિ, વિચારશક્તિ, વગેરેને ઉચ્ચ સંયમમાર્ગે વાળી ઊંચી સફળતા કરાવી આપનાર જિનાગમ છે, કેમકે જિનાગમમાં સાચાં શીલ, સ્તુતિ કરવા યોગ્ય જિન, સત્-તત્ત્વો, શુભ ભાવના અને સદ્-ધ્યાનના વાસ્તવિક પ્રકાર, સાર્થક-પરમાર્થ, પરોપકાર વર્ણવેલા છે. અહો ! શું જિનાગમ !! ખેરખર ! આવા જિનાગમના શરણ વિના હું મહાઅનાથ રહેત, અને તેથી મદ-અજ્ઞાનમાં સબડી; આ ભયંકર ભવાટવીમાં ભટકીભટકી રવડી મરત.'' શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે તો જૈન શાસ્ત્રો પર શાસ્ત્રો લખ્યાં, વિચાર્યું, 'કાળ પડતો આવે છે, મૌખિક શાસ્ત્ર ભુલાશે. ટાંચેલું વાંચશે. ''એમણે ચૌદસો ચૂંવાલીશ'' શાસ્ત્રો લખ્યાં. કેટલાં ? ૧૪૪૪. તે શું ? વાંચ્યા નહિ, સ્વયં રચ્યાં ! કહો તો ખરા, કે તમે લખવાના તો નહિ, પણ એમાંથી વાંચવાનાય કેટલા ?

**જૈનધર્મનો એવો ડંકો બજતો હતો :** વાંચો વાંચો થોડાક પણ એમના શાસ્ત્રો

વાંચો, ખૂબ વાંચો, વિચારો; જિનાગમ શું છે, એનો ખ્યાલ આવશે, કદર થશે, સત્પુરુષાર્થ ઊલસશે. એમના ભાણેજોએ જિનાગમ જાણ્યા પછી શાસનસેવાની ધગશમાં બૌદ્ધના માયારૂપી ખપ્પરમાં જાન હોમ્યા. કેમકે બૌદ્ધો એમને ઓળખી ગયા, અને ગભરાઈ ગયા. જૈનધર્મનો એવો ડંકો એ વખતે વાગતો હતો. એમાં વળી 'જો આ અમારું રહસ્ય લઈને જાય, તો પછી જિનાગમની સહાયથી અમારા ડૂચા કાઢી નાખે.' એમ બૌદ્ધોને લાગ્યું.

**માનવજીવનની વિશિષ્ટતા શાસનસેવામાં છે :** માટે એ આ જૈનોને મારવા ઉઠ્યા. તો કહો આવા સ્થાનમાં એ ગયા કેમ ? એટલા જ માટે કે શાસનસેવાની ધગશ છે, કોડ છે, તમન્ના છે. **મહાપુણ્ય પ્રતાપે આવી કાયા મળી, બુદ્ધિ મળી, છતાં જો શાસનસેવા વિના મરાય, તો તુચ્છ તિર્યંચના ભવ કરતાં શી શાબાશી ?** ભયંકર વિપ્લવ જગાડનાર લક્ષ્મી પાછળ કે મળમૂત્રના ગાડવા તુલ્ય એક સ્ત્રી પાછળ તો તિર્યંચ પણ ભટકે છે ! કૂતરો કૂતરી પાછળ, ગધેડો ગધેડી પાછળ ! **માનવજીવનની વિશિષ્ટતા શાસનસેવા કરી લેવામાં છે.**

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે સમરાદિત્યના ભવોનો તાદૃશ ચિતાર મનમાં જોયો. વિરાટ કાળમાં ક્ષણવાર ગુસ્સો કે ગર્વ કરી લેવામાં શી વિશેષતા ? કાંઇ જ નહિ, ઊલટી વિકરાળ કર્મપરવશતા દીર્ઘકાળ સુધી. પછી આ કથા 'સમરાઈચ્ચ કહા' લખી. એમાં એમણે લખ્યું **કે ભવ્યજીવોને આનંદ-સંવેગ આપનારી આ કથા** છે. જેને મજા ન આવે તે અભવ્ય કે દુર્ભવ્ય. **પરમવૈરાગ્ય પેદા કરનારી આ કથા છે,** ભવેભવના **કામ અને કષાયને ઉપશમાવનારી આ કથા છે.** જે ભાગ્યવંત આ કથા સાંભળશે તે અપૂર્વ કર્મ નિર્જરા કરશે. અપૂર્વ ગુણોની પ્રાપ્તિ કરશે. એ કથાનો આચાર્યશ્રી પ્રારંભ કરતાં પરમાત્મા આદ્ય તીર્થંકર શ્રી ૠષભદેવને, શ્રી મહાવીર સ્વામીજીને તથા વચલા બાવીશ તીર્થંકરોને નમસ્કાર કરે છે. મંગલ પછી કથાને જિનાદેશ સાથે સો સંબંધ તે સૂચવે છે.

**અધિક મંગલ :** ભગવાન સમરાદિત્ય કેવળી મહર્ષિના નવ ભવનું અપૂર્વ ચરિત્ર આલેખતાં શાસ્ત્રકાર મહર્ષિએ ચોવીસ તીર્થંકરદેવને નમસ્કાર કર્યા. પછી સુરપુષ્પવૃષ્ટિને મંગળદાતા તરીકે કહે છે. તે આ રીતે ભગવાનને કેવળજ્ઞાન થયું, દેવોએ સમવસરણ રચ્યું, ભગવાન ચતુર્મુખ બિરાજમાન થયા, ગણધરભગવાનને દીક્ષા આપી, ગણધર મહર્ષિઓએ ત્યાંજ દ્વાદશાંગીની રચના કરી. પ્રભુએ એ રચના પર પોતાની સહી-મહોર છાપ મારી અર્થાત્ અનુજ્ઞા આપી; અને ધર્મતીર્થની પ્રવર્તના કરી. એ તીર્થ પ્રવર્તનાના સમયે દેવો જે કુસુમવૃષ્ટિ કરે છે, તે તમારું મંગલ કરો, એમ ગ્રંથકાર આશિર્વાદ આપે છે. કેવો એ અદ્ભુત કાલ ! કે જ્યારે



પ્રભુની હયાતીમાં શાસનની અદ્ભુત જ્યોતિ ઝલકતી હોય, ગણધરો સ્થપાય, આવા પરિવાર સાથે પ્રભુ વિચરતા હોય ! સમવસરણ મંડાતા હોય ! ધર્મ દેશનાના ધોધ વહેતા હોય ! ધર્મ પ્રેરણાના મેઘ વરસતા હોય ! રાજા-મહારાજાઓ, શેઠ-શાહુકારો પ્રભુના ચરણે સમર્પિત થતા હોય ! ધમધોકાર ધર્મના વેપાર ચાલતા હોય ! વાહ ! શો અદ્ભુતકાળ ! શાસ્ત્રકાર કહે છે કે ભગવાનના મુખની વાણી એ અદ્ભુત સુખનું સાધન ! કુસુમવૃષ્ટિ એ સુંદર મંગલ ! વાણી કેવી ? સુરાસુરોના, ગણધરોના, વિદ્યાસિદ્ધ માનવોના સમૂહે બહુમાનપૂર્વક નમસ્કાર કરાયેલી. કવિ કહે છે કે 'એ તમને સુખ આપો.' આ રીતે શુભકાર્યના આરંભે મંગલ કર્યું. મંગલ કરીને હવે કથાનું અનુસંધાન કરી આપે છે. કહે છે કે,

**જીવનમાં ઉતારવા જેવી ચાર વસ્તુ :** ચાર વસ્તુ જીવનમાં ઉતારવા જેવી છે. એ ચારવસ્તુ જો જીવનમાં ઉતારવામાં આવે તો આ જીવનના કલેશનો નાશ થઈ જાય; સર્વકલેશનો નાશ થઈ મુક્તિ મળે. મુક્તિ જેને જોઈએ તેણે આ ચાર વસ્તુ જીવનમાં જરૂર ઉતારવી જોઈએ, કઈ ચાર વસ્તુ ?

**(૧) શ્રવણ કરવા લાયકનું જ શ્રવણ કરવું, તેજ સાંભળવું.**

**(૨) પ્રશંસા કરવા લાયક હોય તેનીજ પ્રશંસા કરવી, તેનાજ ગુણ ગાવા.**

**(૩) તજવા જેવું હોય એને તજવાની જ વાત રાખવી. તે છોડીજ દેવું.**

**(૪) આચરવા લાયક હોય તેનો ખપ કરવાનીજ વાત; તેજ આચરવું.**

અર્થાત્ સાંભળવા લાયક સાંભળવું, વખાણવા લાયક વખાણવું, તજવા લાયક તજવું અને આદરવા લાયક આદરવું. આ ચાર વાત કહી.

**સાંભળવા લાયક શું ? : પ્રશ્ન થશે :** સાંભળવું શું ? સાંભળવા લાયક શું ?

ઉ.- શ્રી સર્વજ્ઞ જિનેશ્વરદેવના વચન જ સાંભળવા લાયક છે. તે કેવા છે ? તો કહે છે કે (૧) મનુષ્યનાં દેવનાં અને મોક્ષનાં સુખ પેદા કરનારાં છે. વળી (૨) તે સદ્ભૂત અર્થવાળા છે, અને (૩) જગતમાં પ્રતિષ્ઠિત યશવાળા છે. અહીં ત્રણ વાત કહી : **(૧) જગતમાં પણ સુખ માટે તે સર્વજ્ઞ ભગવાનના વચનને અનુસરવાથી જ એમ જ કહો કે સર્વજ્ઞના વચનના પાલનથી સુખ જ મળે.** (૨) **બીજું, એ વચનોનો અર્થ સારભૂત છે, બાકી બધું અસાર.** માનવજીવનમાંથી સારભૂત અર્થ કમાઈ જવા હોય તો સર્વજ્ઞ વચનજ પકડો. (૩) ત્રીજી વાત, **એ વચનો સિદ્ધ યશવાળા છે; તેથી એ વચનના ગ્રાહક પણ યશસ્વી બને છે.**

આપણને હાથમાં આ એક ત્રાજવું પકડાવ્યું, હવે એ હાથમાં રાખીને જોખી જુઓ. એકબાજુ જે બહારથી વચન સંભળાય તેને મૂકતાં જો એ સામે સર્વજ્ઞવચનના

સમાન લેવલમાં આવે, એટલે કે એ સર્વજ્ઞવચનને અનુકૂળ હોય તો સાંભળવું, નહિ તો નહિ. ઘેર જાઓ છો. ઘરવાળા તમને કહે 'તમે બહુ ગમો છો.' જોવું કે એ સર્વજ્ઞના વચનમાં આવે છે ? ત્યારે પૂછો, 'અમે શા માટે ગમીએ છીએ ?' ઘરવાળા કહેશે 'અમારી તમે બહુ કાળજી રાખો છો, સારી સગવડ સાચવો છો, જરાય કમીના આવવા દેતા નથી. જે ચીજ જોઈએ તે હાજર, પછી કેમ ન ગમો ?' હવે આમાં જોવાનું છે કે ત્રાજવામાં સામે એવું સર્વજ્ઞ-વચન છે કે 'પોતાના દુન્યવી સ્વાર્થ ખાતર સ્નેહ કરનાર એ આપ્ત નથી, વિશ્વસનીય નથી એનો સ્નેહ તકલાદી છે, પોકળ છે, ઠગારો છે.' તો હવે શું કરવું ? સ્નેહીનું જે વચન 'અમને તમને બહુ ગમો છો; એ સર્વજ્ઞના લેવલમાં ન ઊતર્યું; માટે રસથી અને વિશ્વાસથી સાંભળવા યોગ્ય નહિ. ત્યારે સામા સંભળાવે તો છે. તો એમને આસ્તેથી કહેવું કે ઠીક છે, પણ એમાં બહુ રાજી થવાનું નથી. સમજી લેજો કે ગમવાનું ત્યાંસુધી, જ્યાંસુધી ખબર રખાય છે. અમારી પણ એજ સ્થિતિ છે. તમે અમને સગવડને બદલે અગવડમાં મૂકો, તે રાગને બદલે અરુચિ અમનેય થતા વાર નહિ. વાંધો પડે એટલે આકરો લાગે."

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૩,તા.૨૪-૧-૧૯૫૩

**(૩) તજવું શું :-**

તજવા જેવું તજવું. તજવા જેવું છે દુર્ગતિના કારણરૂપ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ. યોગ એટલે મન-વચન-કાયાની દોડધામ. એની સાથે સાથે લોકવિરુદ્ધ કાર્યો તજવા જેવા છે. જેમ જેમ એ તજાય, તેમ તેમ સુખ-શાંતિનો અનુભવ થાય. **સારામાં સારું ભોજન આવે, તે બહુ તો ૦।-૦।।-૦।।। કલાક ચાવી ચાવીને ખવાય. ભાણાપર છ કલાક કાંઈ બેસી ન રહેવાય. તો કહો એનું સુખ કેટલું ? પણ રસપૂર્વક જે ખાય છે, એના સમયે સમયે થતા કારમા કર્મબંધના પરિણામ જો જ્ઞાની બતાવે, તો એ વિપાક સાંભળતાં કંપારી છૂટે !** ત્રાસ થાય ! માટે એ રસ અને એ લોભ કષાય તૂટે તેવું જ થવું જોઈએ. તેમજ, ગુસ્સો વગેરે તજવા.

**દુનિયાને જીતાડીને મોહને હરાવવાનું મળે, એ ધન્યઘડી :-**

કોઈએ ગુસ્સો કર્યો, આપણે ગમ ખાધી, અને સામો જીત્યો, એમ કહેવામાં પણ જો પોતાનો ક્રોધ દબાય છે, પોતાનો મોહ ટળે છે, તો એના જેવો ધન્ય અવસર બીજો કયો ? આત્માને એમ થવું જોઈએ કે **દુનિયાને જીતાડીને મોહને**



**હરાવાતો હોય એવો મારો સુવર્ણનો સુરજ ક્યારે ઊગે !** મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને **અશુભ-પાપ-યોગથી જો બચ્યા, તો જાણો કે કર્મ પોતે મર્યા; નહિતર કર્મ વારંવાર આપણને મારશે.** આ એક એક વસ્તુ એવી કે સૂક્ષ્મબુદ્ધિ વિના નહિ સમજાય, નહિ જચે. માનવજીવનમાં જો એ મિથ્યાત્વાદિ ત્યજાઈ જાય તો કુવાસનાના અંત આવે અને ભાવી ઉજ્જવળ બની જાય.

**(૪) આદરવું શું ? :-**

જગતના કાર્યો મૂકી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં આત્માને જોડવો. એનાથી દુર્ગતિનું દ્વાર બંધ થાય, અને ભવની નિશ્ચિતપણે સફળતા થાય. આત્માનો મહાન ઉદય થાય. **સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના કર્તવ્ય માટે જ આ માનવનો અવતાર છે. બીજું-ત્રીજું કરવા માટેના ભવ તો બીજા અનેક છે.** માનવભવ એક જ વિશિષ્ટ ભવ છે. તે આ વિશિષ્ટ કાર્યોનો આદર કરવા.

**વિવેક શું બોલાવે ? :-**

ભગવાન સમરાદિત્ય કેવળી મહર્ષિના નવ ભવનું અદ્ભુત ચરિત્ર આલેખતાં સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહી ગયા કે

આ જગતમાં ચાર વસ્તુ કરવા જેવી છે.

૧. સાંભળવા યોગ્ય શ્રી સર્વજ્ઞનાં વચનો જ છે. તો તે જ સાંભળવા.

૨. શ્રી સર્વજ્ઞે કહેલાં વચનો અને દર્શન, જ્ઞાન, ચારિત્ર એની જ પ્રશંસા કરવી.

૩. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયો, યોગ એ પાપો તજવાં જ જોઈએ.

૪. શ્રી સર્વજ્ઞે કહેલા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદરવા જ જોઈએ, એજ આદરવા જોઈએ.

જો સુખ જોઈએ છે, અને દુઃખ નથી જોઈતું. તો આ ચાર વિના ન જ ચાલે. તેમાં સાથેસાથ આ ચારની વિરુદ્ધ વસ્તુ જીવનમાં હોય તે પણ ન ચાલે. જીવનમાં તે જ્યાં સુધી હોય, ત્યાં સુધી જીવને ચેન નહિ પડવું જોઈએ, અકળામણ થવી જોઈએ. તમને અવિરતિ-કષાય વગેરેમાં અકળામણ થાય ને ? છતાં કોના વિશ્વાસે બેઠા છો ? શ્રી સર્વજ્ઞનાં વચન મળે તો આનંદ થાય. કુવચન મળે તો અકળામણ થાય. દર્શન, જ્ઞાન, ચારિત્ર મળે તો આનંદ થાય. એને બદલે સંસારમાં સમય વેડફી નાંખવો પડે તો કપાળ કૂટાય; 'હાય ! અમૃતના વહેણને ગટરમાં હોમી રહ્યો છું.' એમ થાય. કહો, થાય છે ખરું ?

જો મિથ્યાત્વ, કષાય, અવિરતિ આદિમાં જવું પડે, તો ત્યાં કાળજે આઘાત લાગે છે ? લાગે તો પછી રત્નત્રયીમાં પેસવાનું થાય, ત્યારે આનંદ આનંદ થાય.

મોહનું પાત્ર ગમે તેવું રૂપાળું હોય તોય એને આદરવા પ્રશંસવા જેવું ન લાગે. તેથી પ્રભાતે પરમાત્માનું મુખ જોયું, ત્યાં એમ થાય કે, 'અહો ! આ કેવું મુખ ! **ક્યાં પેલું નરકનો દરવાજો ખોલનારું મુખ,** અને **ક્યાં પેલું સ્વર્ગ-મોક્ષનો દરવાજો તોડનારું મુખ !'** વિવેક શું મનાવે ?

**તે ભવ્ય નહિ :-**

ચાર વસ્તુ કહી, તેમાં અહીં ચરિત્રગ્રંથમાં પ્રથમ સાંભળવા જેવું સાંભળવું.' એનો અધિકાર છે. સાંભળવું શું ? સર્વજ્ઞનાં જ વચનો. એમનાં વચનોથી સંકળાયેલ ઉત્તમ ચરિત્રવાળી આ કથા છે. આ કથા સર્વજ્ઞનાં વચનોથી ઓતપ્રોત છે, મહાન ગંભીર અર્થવાળી છે. ભવ્યને રસ આવે એવી છે, ગમે એવી છે. અભવીને-દુર્ભવીને આમાં આનંદ ન આવે. એટલે ? આ ચરિત્ર વાંચતા સાંભળતા આનંદ ન આવે તો નિકટ ભવિપણાની શંકા પડે.

**આ ચરિત્ર કેવું સુંદર ? :-**

આ ચરિત્ર અદ્‌ભુત છે. મહાન વ્યાખ્યાતા સિદ્ધર્ષિ ગણિ મહારાજ આને સદ્‌દૃષ્ટાન્તોની ખાણ કહે છે. અવસરે-અવસરે એટલા અપૂર્વ પ્રસંગો અને વૈરાગ્ય પમાડનારા અવાંતર કથાનકો આમાં મૂકવામાં આવ્યા છે, કે જે વાંચતા-સાંભળતાં હૈયું હચમચી ઊઠે. જુદા જુદા હોદ્દા કે સ્થાન પર રહેલાઓએ અવસરોચિત શી રીતે બોલવું, શું વિચારવું તે, તથા વિકટ પ્રસંગોમાં પણ કેવી ઉમદા વિચારસરણી રાખવી, કેવી પ્રગતિ સાધવી. ઇત્યાદિનું આમાં સારું શિક્ષણ મળે છે. દરિદ્રતા, અપમાન, દ્રોહ, વિરહ વગેરેના દુખિયારાને આ ચરિત્ર ભારી આશ્વાસન આપે છે. ગ્રંથકારની ભાષા તો ઘણી જ મધુર, નૈસર્ગિક અને કાવ્યમય છે. આત્માનો વિકાસ કેટકેટલો ઊંચો ખીલવી શકાય, એનું સુંદર સ્વરૂપદર્શન આમાં મળે છે. આત્મવિકાસની પરવા ન રાખે તો કેટલા નીચા ઘસડાવું પડે, એ પણ જોવાનું આમાં મળે છે.

**કથાના પ્રકાર :-**

હવે આગળ સામાન્ય રીતે કથા કેટલા પ્રકારની હોય છે, એના શ્રોતા કેવા હોય છે, એ બધું બતાવે છે. ગ્રંથકાર કહે છે કે, 'કથાની વસ્તુ ૩ પ્રકારની છે (૧) દેવતાઈ-દેવસંબંધી. (૨) દેવ તથા મનુષ્ય સંબંધી અને (૩) મનુષ્ય સંબંધી. આ દરેક કથા પાછી ચાર પ્રકારની હોય છે. **અર્થકથા, કામ કથા, સંકીર્ણ કથા,** અને **ધર્મકથા.**

**અર્થ કથા :-**

જગતમાં પૈસા કેમ ઉપજાવવા એને અંગેનું વર્ણન જેમાં આવે તે અર્થકથા.



એમાં શું આવે ? અનેક જાતના અસિ, મસિ, કૃષિના વેપારવણજો. ધાતુવાદ, રસાયણવાદ, શિલ્પ, કારીગરી, કળા, યાવત્ નોકરી-ગુલામી સુધીની વાત આવે. અર્થશાસ્ત્ર એ અર્થની-પૈસાની તમામ વાત કહે. નોકરીને અંગેય શીખવે કે એમાંય જો પૈસા સારા જોઈતા હોય તો શેઠને દેવ કરતાંય અધિક સાચવજે. પૈસા મેળવવા અંગે કરાતા વિચિત્ર પ્રકારના સામ, દામ, દંડ અને ભેદની વાત પણ અર્થકથામાં આવે. **સામ** એટલે દા.ત. ગુસ્સાખોર ઘરાકને પણ વેપારી શાંતિથી સમજાવે તે. **દામ**માં દાખલો ચૂંટણીનો. ચૂંટાઈ આવવા માટે હજારો રૂપિયા ખર્ચે, તેમ ગવર્નમેન્ટમાંથી ઓર્ડરો વગેરેનો લાભ લેવા લાંચ આપે. **દંડ**માં દા.ત. રાજા વગેરે દંડ કરી પૈસા કઢાવે છે તે. **ભેદ**માં દા.ત. ત્રીજો ભાગીદાર પૈસા માટે બે ભાગીદારમાંથી એકને ફોડે તે. આમ સામ, દામ, દંડ, ભેદની નીતિથી પૈસા કેમ ભેગા કરવા, કયા કયા ધંધા કરવા, વગેરે પૈસા મેળવવાના તમામ પ્રકારની વાત જેમાં આવે તે અર્થકથા. એવી પાછી પૈસાને વ્યાજમાં વધારવાની, રક્ષવાની, સાવધાન રહેવાની બીજી અનેક વાત આવે. સગી સ્ત્રીનો વિશ્વાસ ન કરવો ત્યાં સુધીની વાત આવે. આ વાતોનું સંગ્રહસ્થાન કે એકાદી વાતનું વર્ણન તે અર્થકથા.

**કામકથા :-**

કામકથામાં રૂપ, લાવણ્ય, વિષયોના વર્ણન હોય, એની કથા હોય. કામના પાત્રોનાં વર્ણન હોય, એનાં શરીર, વય, અંગ, ઉપાંગ, અવયવ, હોશિયારી, અક્કલ, અનુરાગ, કટાક્ષનાં વર્ણન એમાં હોય. કોઈને આધીન કરવો હોય તો કેવા પ્રેમપત્રો લખવા, કેવા સંદેશ મોકલવા, કેવા બનાવટી રીસામણાં કરવાં. કેવી સરભરા કરવી, ઈત્યાદિ એમાં આવે. નોવેલોની વાતો કામકથા છે. આજના નાટકના તથા સિનેમાનાં સીનો કામકથાને સારી રીતે પોષે છે. આજના છાપાંએ તો હદ વાળી છે. કામકથા વિના એને ચાલે નહિ.

**ભયંકર મરણ :-**

આજના કતલિયા યુગમાં બચવાનું છે ક્યાં ? મરવાનું જ છે. કેમકે અર્થકથા અને કામકથામય જીવન બની ગયા. તેમાં પાછી હોશિયારી મનાઈ, એ મોંકાણ મોટી છે. આયુષ્યના અંતરૂપ મોત તો એકવાર આવે; પણ અહીં તો અનેકાનેક અર્થ-કામકથામાંથી પૂર્વના પવિત્ર સંસ્કારો (ભાવો) ના નાશરૂપી મોત પળે પળે થઈ રહ્યાં છે ! **આત્માના ભાવપ્રાણ જે સમ્યગ્જ્ઞાનાદિ, તેનો નાશ, એ ભાવમૃત્યુ છે.** જેટલા પ્રમાણમાં આપણા સુસંસ્કારોનો-પવિત્ર ભાવોનો નાશ, તેટલા પ્રમાણમાં આપણે મરી રહ્યાં છીએ. છતાં એમાં આજે જીવન મનાય-મનાવાય છે. મરણને જ જીવન તરીકે ઓળખાવાય છે. પહેલાંય નાટક હતું પણ એ રંગરાગ તરીકે મનાતું,

મોહનો ચાળો ગણાતો. લોક જોતા તે એ રીતે. આજે એને મનોરંજન-જીવનોપયોગી મનાય છે ! સંસ્કાર-સંસ્કૃતિના રક્ષક-પોષક તરીકે સ્થાને એ ગણાય છે ! અત્યારે મહાન અર્થની જંજાળમાં પડેલા એ મોટા ઉદ્યોગપતિ ગણાય છે.

**પોકાર પડે છે હવે !**

પણ પાછો ક્યાંક પોકાર પડતોય સંભળાય છે ! સારા ન્યાયાધીશો અને મદ્રાસના નેતા રાજાજી જેવા કહે છે કે આજના સિનેમાઓ નર્યા શ્રૃંગારના અખાડા બની ગયા છે. કેવળ બિભત્સ વાતો ! પણ આ તો જ્યાં ગગન ફાટ્યું છે, ત્યાં સાંધવાનું કેમ બને ? બને એમ નથી. થીગડું કામ લાગે તેમ નથી. એ સડો અટકે તેમ નથી. કાયદા લાવવા પડે છે. 'અઢાર વર્ષ નીચેનાથી ન જોવાય;' પણ સમૂળગા જ બંધ કરો ને ! રાખવું તો છે !

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૨૪,તા.૧૪-૨-૧૯૫૩

**સંતતિ નિયમનની ભયંકર સગવડ :-**

**જે પ્રજાના આચારનો નાશ તે પ્રજાની માનવતાનો નાશ સમજવો. સદાચારી જીવન પર પ્રજાનું માનવજીવન છે. સદાચાર મર્યો તો પછી આપણે માનવ શાના ? જંગલી પશુ ! માનવ-આકારના શરીરથી બીજી રીતે તો પશુની જેમ વર્તાય તેમ નથી, પણ હૃદયમાં પશુજીવન ચાલુ છે !** અને શહેરમાં તો કામ ચાલુ થઈ ગયું છે ! ગમે તેટલી મોટી વયના (૧૮-૨૦) કૉલેજના કુમાર-કુમારી, યુવક યુવતી સાથે ફરવા જાય છે. બર્થ કંટ્રોલ (સંતતિ-નિયમન)ના સાધનોએ એમને મોટી સગવડ કરી આપી છે ! પછી એ મર્યાદા છોડે, દુરાચાર કરે, છતાં એને લજવાવાનો વખત ન આવે, તેથી પાપમાં શી કમી રહે ? કેવી ભયંકર સગવડ ! ક્યાંક વાંચવામાં આવ્યાનું યાદ છે કે એક વેપારીને કોઈએ પૂછ્યું તમારે ત્યાં સંતતિ-નિયમના સાધનો વધારે કોણ ખરીદે છે ? વેપારીએ કહ્યું, 'કૉલેજના યુવક-યુવતીઓ !' વિચારો કેટલી ભયંકર દુર્દશા !

**ભારતના ઘડવૈયાની આંખ છતાંય ખૂલતી નથી :-**

અજ્ઞાન ખેડૂતને ત્યાં પણ કેટલી મર્યાદા ! અહીં કેટલાય ભણેલાઓમાં જ મર્યાદારહિતપણું ! સાવ જંગલીપણું ! આ કેળવણી ખરી ને ? છતાંય ભારતના સમાજ-જીવનના ઘડવૈયાઓની આંખ ખૂલે તેમ નથી. ઊલટી સગવડ કરી આપે છે. **સહશિક્ષણની વાત અહીં આર્યદેશમાં ચાલે ?** પણ ચાલે જ છે ને ? આ તો તે દેશ છે કે જ્યાં પૂર્વે પંદર વર્ષનાં બાલક-બાલિકા સંસારભોગમાં સમજે નહિ.



આજે ૫-૬ વર્ષનાઓ કુચેષ્ટા કરે છે. કોણે કરાવી ? વડેરાઓએ ! કેમ ? એના દેખતાં પોતે મોહ-ચેષ્ટાઓ કરી-સિનેમા અને હલકાં ચિત્ર દેખાડ્યાં. એ જમાનો આ ! એનું નામ સંસ્કૃતિનું રક્ષણ, કે ભક્ષણ (નાશ) ?

**ધર્મકથા :-**

ધર્મકથામાં ધર્મનું સ્વરૂપ આવે. એની પ્રાપ્તિ કેમ કરવી, તે આવે. ક્ષમા, મૃદુતા, ઋજુતાદિ દસ પ્રકારના યતિધર્મનું, બાર પ્રકારના ગૃહસ્થ ધર્મનું, માર્ગાનુસારી ધર્મનું, ઈત્યાદિનું વર્ણન એમાં આવે. દાન, શીલ, તપ, અને ભાવધર્મનું વર્ણન એમાં આવે. ભાવશ્રાવક ભાવસાધુના ભાગવત લિંગ=લક્ષણના સ્વરૂપદર્શન ધર્મકથામાં થાય. અને કહો, ક્યાં અર્થકામ કથા ! અને ક્યાં ધર્મકથા !

**સંકીર્ણ કથા :-**

જેમાં અર્થની, કામની તથા ધર્મની ત્રણેય વાતો હોય તે સંકીર્ણ કથા કહેવાય, કાવ્યોમાં, લોકમાં, વેદમાં, સંકીર્ણ કથા પ્રસિદ્ધ છે. ધર્મની વાતમાં બીજી વાત ભેળવી દે. તે પાછી હેતુ, દૃષ્ટાન્ત, યુક્તિ સાથે કહે. '**अपुत्रस्य गतिर्नास्ति** પુત્ર વિના ગતિ નહિ.' કહ્યું ત્યાં મૈથુનનું સમર્થન થયું કે નહિ ? માટે જ સંકીર્ણ કથામાં પણ ભય રહે, નિર્ભય કથા એક-શુદ્ધ ધર્મકથા.

હવે ચાર કથાના હિસાબે જીવોના ચાર પ્રકાર રહે છે.

**શ્રોતાના પ્રકાર : અર્થકથાનો પ્રેમી કામકથાના પ્રેમી કરતાં વધુ હલકો છે :-**

આ કથાઓને સાંભળનારા શ્રોતાના ત્રણ પ્રકાર છે; જઘન્ય, મધ્યમ તથા ઉત્તમકોટિના, જઘન્ય તે તામસ પ્રકૃતિના, મધ્યમ તે રાજસ પ્રકૃતિવાળા અને ઉત્તમ તે સાત્ત્વિક પ્રકૃતિના જાણવા.

**અર્થકથાના શ્રોતા જઘન્ય કોટિના જાણવા. કામ કથાના શ્રોતા હિનમધ્યમ કોટિના જાણવા. સંકીર્ણ કથાના શ્રોતા ઠીક મધ્યમ કોટિના જાણવા. શુદ્ધ ધર્મ કથાના રસિયા ઉત્તમ કોટિના જાણવા.**

જુઓ, કામ કરતાં અર્થને ભયંકર બતાવ્યો. અર્થની લગનીવાળાની લેશ્યા કામાંધ કરતાં વધારે કાળી હોય છે. કામી પણ જો પૈસાનો ખપી બને તો એ પણ એવો થાય, એની ના નહિ; પણ શુદ્ધ રીતિએ જોતાં અર્થકામી કરતાં એકલો કામકામી જરા ઓછો દુર્ગુણી, ઓછો ભયંકર હોય છે.

**તામસ પ્રકૃતિની ઓળખાણ :-**

જે લોકો તામસ પ્રકૃતિના હોય છે, તે અર્થકથામાં આસક્ત હોય છે. અર્થના પ્રેમીમાં ક્રોધ, માન, માયા, લોભ ભરચક હોય છે. એનાથી એની સદ્‌બુદ્ધિ સદા ઢંકાયેલી રહે છે. અર્થાત્ એને સારી બુદ્ધિ કે મતિ સ્ફુરતી નથી. અર્થનો કામી પરલોકદર્શનથી પરાઙ્મુખ હોય છે. અર્થાત્ પરલોકમાં પોતાનું શું થશે, એ તરફ

દૃષ્ટિ જ નહિ. એને તો આ લોકનો જ રસ. આજનો મોટો ભાગ આવો છે કે એ પરલોકના પરમાર્થની કોઈ વાત ન સાંભળે, દીલમાં જ ન ઉતારે. અર્થનો કામી આત્મા જીવો વિષે નિર્દય હોય છે. એને તો પૈસાના લાભની સંભાવના માત્ર લાગવી જોઈએ. પછી તો એ હિંસા, આરંભ, ક્રૂરતા વગેરે કરવા તૈયાર ! અર્થનો રસ એ દુર્ગતિમાં જવાનો સીધો રસ્તો છે, અર્થકથા એ સદ્ગતિની આડે મોટી દિવાલ છે. અહીં શાસ્ત્રકારે અર્થ કથાના પ્રેમીને તામસ પ્રકૃતિનો ગણાવ્યો. કાળી લેશ્યાઓ એનામાં ભરચક હોય. પૈસા માટે એ શું ન કરે ? પૈસા કમાવા આડે કોઈ આવે તો ઉખેડીને ફેંકી દે ! બસ એક જ ધૂન, પગ નીચે પૈસા દબાવ ! ગમે તેવું કાળું કામ કરવાનો પણ અર્થપ્રેમીને ડર નહિ. બજારમાં સેંકડો માણસો દલાલી કરતા હોય, ત્યાં ખેલો (Corner) કરનારો જાણે છે કે 'આ બધા નાના દલાલો રેંગડા-પેંગડા છે. હું બજાર ઊંચકીશ કે તમામ સાફ થઈ જવાના છે;' આમ જાણવા છતાં પણ એનું બધું હજમ કરી જાય ને ? એ માને છે કે 'અમારી પાસે કેપિટલ છે, માન છે, આવડત છે, બજારને આંગળી પર નચાવી શકીએ તેમ છીએ. કોની પરવા છે ?' પછી એક ખેલામાં કોઈને સાફ કરવાની નિર્દયતા એ કરે. અર્થનો રાગ એવા પિશાચી નૃત્ય કરાવે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૨૫,તા.૨૧-૨-૧૯૫૩

અર્થનો એટલે કે લક્ષ્મીનો પ્રેમ, એની ચિંતા કેટલી બધી ભયંકર છે તે જુઓ.

**उत्तमा धर्मचिन्ता स्यात्, कामचिन्ता तु मध्यमा ।**
**अधमा त्वर्थचिन्ता स्यात्, परचिन्ताऽधमाधमा ॥**

અર્થાત્ 'જગતમાં ઉત્તમ કોટિની ચિંતા ધર્મચિંતા છે, ત્યારે કામની અર્થાત્ વિષયોની ચિંતા એ મધ્યમ કોટિની છે. પણ અર્થ (લક્ષ્મી)ની ચિંતા તો અધમ કોટિની ચિંતા છે અને પરચિંતા અધમાધમ છે.' અહીં ધર્મચિંતા કહો, આત્મચિંતા કહો, તત્ત્વચિંતા કહો, એ બધું સરખું છે.

**ધર્મચિંતામાં શું ચિંતવવું ? :** ચિંતા એ આમ બહુ ભૂંડી ચીજ છે, પણ એક માત્ર ધર્મની ચિંતા જ બહુ ગુણકારી છે. રાતને દિ' માણસ એ ખોજમાં રહે કે,

**મને ધર્મ ક્યાંથી મળે ?**
**ક્યાં દાન કરવાનો અવસર છે ?**
**શીલમાં કેટલું આગળ વધવું જરૂરી છે ?**



**તપ હાલમાં કયો કયો શક્ય છે ?**
**પ્રભુ ભક્તિનો ક્યાંક પ્રસંગ મળે એવો છે કે નહિ ?**
**કોના પર ક્ષમા ધર્મ બજાવવાનો મોકો છે ?**
**ક્યાં ક્યાં નમ્રતા-મૃદુતા દાખવી શકાય એમ છે ?**
**મારો અહંભાવ જાતનું ઘમંડ, પૈસાનો, બળનો, ઈત્યાદિ મદ એ બધાને હું ક્યારે ભૂલીશ ?**
**જોવા દે, ક્યાં આચાર્ય ભગવંત, કે સાધુ મહારાજ વિચરે છે ?**
**એમનો સત્સંગ કરવા ક્યારે જાઉં ?**
**એમની હિતશિક્ષાને ક્યારે અમલમાં ઉતારું ?**
**ઉત્તમ સમકિતને હું કેવી રીતે નિર્મળ કરું ?**
**શ્રાવકના વ્રતો ક્યારે લઈશ ?**
**ચારિત્રને પામવાની હવે મારે કેટલી વાર છે ?**
**ઈત્યાદિ ચિંતા ધર્મચિંતા છે.**

**ધર્મચિંતા એ ઉત્તમ ચિંતા છે :** કેમ કે એ ચિંતા હૃદયમાં જાગતી રહેવાથી માણસ ધર્મની તક ઝડપી લે છે. ધર્મ ચિંતા કરવાની ગરજ જોઈએ. ગરજ હોય તો એ કરવી કાંઈ કઠીન નથી, તેમ મોંઘી પણ નથી. તમે હાલતાં ને ચાલતાં ધર્મચિંતા કરી શકો.

**જમવા બેઠા ત્યાં મનમાં જો થાય કે 'જો જો ખાવામાં અભક્ષ્ય ન આવી જાય; ગણત્રીની ચીજોથી વધી ન જાય; રસદાર ચીજ બહુ ખાવાની લાલસા ન થઈ જાય; સુપાત્રદાન વિના ભોજન ન થાય; ખાવાની આ લપ ક્યાં સુધી ? દિવસના ટંક કેમ ઘટાડી દઉં !'** વગેરે વગેરે, તો એ ધર્મચિંતા થઈ.

**એમ બજારમાં** કે દુકાન પર હો ત્યાં **એમાંથી છૂટવાની ચિંતા;** એ બધું રાખવું પડે ત્યાંસુધી એમાં **અનીતિ ટાળવાની ચિંતા; ધર્મ ન ચૂકવાની ચિંતા; પાપ પર અંકુશની વિચારણા;** મળેલા લાભમાંથી પરોપકાર કે **પરમાર્થ કરી લેવાની ધગશ** અને વિચારણા, વગેરે ધર્મચિંતામાં જશે.

**ત્યારે દુનિયામાં** હરતા ફરતા અનેક પ્રસંગો ઉપસ્થિત થાય છે, અનેક દૃશ્યો સામે જોવામાં આવે છે. તે વખતે **કર્મની, કાળની, અને જગતની વિચિત્રતાની વિચારણા, એ ત્રણે કેવા કેવા અવિશ્વસનીય છે, એનું પાકું ચિંતન, ત્રણે કેટકેટલી હદ સુધી આત્મઘાતક છે, એની વિચારણા, ત્યાં પોતાના આત્માને નકામા રાગદ્વેષથી બચાવી લેવાની ચિંતા,** એ બધું ધર્મચિંતામાં જાય.

મિત્ર-શત્રુમાં મન એમ વિચારે કે 'જો જે ભાઈ સાવધાન રહેજે, આ બે જણ બહુ સ્નેહ દેખાડે છે, **પણ એ સ્નેહનો ભરોસો નથી; કેમકે એ સ્વાર્થના પાયા**

**પર છે અને સ્વાર્થ ક્યારે નહિ નંદાય, એનો ભરોસો નથી. તેમ આ દ્વેષ કરે છે. પણ આપણે જો દ્વેષ કરશું તો આપણે દંડાશું.** આ લોકો કલહ કરે છે, તેમાં ભલે એક સાચો હોય, અને બીજો જૂઠો, પણ **એ ટંટો જડ વસ્તુઓ માટે છે, એથી આપણે કોઈનો પક્ષ કરી ઊંચા-નીચા થવાની જરૂર નથી.** આપણે તો સામે આવ્યું તો **જોયા કરો જગતના ખેલ, કર્મની રમત, અને માનવ જીવનમાં કીડાની કારવાઈ** જોવાથી આગળ જરાય વધવાનું નથી' આ ધર્મચિંતા.

**ત્યારે** જગતના **અનુકૂળ-પ્રતિકૂળ** સંયોગો પણ આંખ સામે આવ્યા કરે છે. ધર્મચિંતાનો અભ્યાસ અહીં મનને એમ વિચારીને સાવધાન રાખે છે, **કે જો જો, આમાંય પાછું ઘડી પહેલા અનુકૂળ લાગતાં જે સંયોગ, એના એજ સંયોગ, ઘડી પછી આપણું મન ફરવાને લીધે પ્રતિકૂળ ભાસે છે.** અથવા જગત**ની વિચિત્રતાજ કોઈ એવી છે કે આનું આજ બીજાને અત્યારે પ્રતિકૂળ લાગતું હશે.**

પ્રભુ પાસે હું તો એટલું માગું છું કે **'હે નાથ, આ મને એવું હૃદયનું સત્ત્વ મળો કે આ બધી અનુકૂળ-પ્રતિકૂળ ઘટનાઓની વચ્ચે હું અલિપ્તપણે પસાર થઈ જાઉં. ક્યાં મારે અહીં બહુ કાળ કાઢવાનો છે ? તેથી થોડા કાળ માટે એવું બળ આપો કે એ અનુકૂળ-પ્રતિકૂળની કોઈ અસર મારા મન પર પડે નહિ; અને મન બીજી બાજુ તત્ત્વચિંતનમાં રમ્યા કરે !** જગતના ભાવોના (બનાવોના) તાત્ત્વિક સ્વરૂપ વિચારું; અને ગમેતેમ કરીને આ જીવનનો અલ્પ જેવો કાળ મનથી **અસંગપણે** નીકળી જાય. બાકી **અનુકૂળ-પ્રતિકૂળમાં શું રાચવું-રૂસવુંતું ? ગમે તેમ તોય એ બધા અહીં જ રહેવાના, અને એની ખતરનાક અસરો હૈયામાં સાથે લઈને મારે પરભવ જવું પડવાનું ?''** આ બધું ધર્મચિંતનમાં જાય.

ધર્મચિંતા સામાન્યથી બે પ્રકારની હોય છે; એક બાદબાકીની બીજી સરવાળાની અર્થાત્ (૧) દોષો, દુર્ગુણો, પાપ વગેરે ટાળવા અંગેની; (૨) સદ્‌ગુણો, ધર્મ, કર્મક્ષય, આત્મશુદ્ધિ અને એની સાધન સામગ્રી વગેરેની અનુકૂળતા પામવા વિકસાવવા અંગેની.

**અશુદ્ધિ ટાળવાની ધર્મચિંતા :** પહેલી ધર્મચિંતામાં મનને એમ થાય કે 'મારા આત્મામાં અહો ! કેવા કેવા અને કેટકેટલા કામક્રોધાદિ દોષો ભર્યા છે ! મારા જીવમાં અરે ! હિંસા, જૂઠ, અન્યાય, અનીતિ, દુરાચાર વગેરે કેટકેટલાં દુર્ગુણો ભર્યા છે ! પૂર્વના અસંખ્ય જીવનોમાં બાંધેલા ભારી પાપના પુંજ હજીય કોણ જાણે મારા આત્મામાં કેટકેટલા છુપાઈને બેઠા હશે ? અને, આ જન્મમાં પણ કુકર્મ, દુષ્કૃત્ય અને પાપસ્થાનક સેવીને મેં કેટકેટલા પાપ ઉપાર્જ્યાં છે ! ત્યારે, હવે એવી શી શી ધર્મ પ્રવૃત્તિ કરું કે જેથી આ મારા દોષ, દુર્ગુણ અને પાપનો વિધ્વંસ થઈ જાય ?'



આત્મામાંથી આ અશુભ તત્ત્વો ટાળવાની જે ધર્મ ચિંતા, તેના વિષયમાં

**(૧) પાપની પાછળ ભવભ્રમણની ભયંકરતાનો ખ્યાલ આવે.**

**(૨) પાપ પ્રત્યે તિરસ્કાર આવે, આ ક્યાં મેં કર્યું, એવો પશ્ચાત્તાપ આવે,**

**(૩) આત્માની પોતાની પાપી જાત માટે આવું કહેનારો હું કેવો નીચ ! એવી જુગુપ્સા આવે.**

**(૪) આગળ વધીને પ્રાયશ્ચિત્તાદિ શુદ્ધિકરણ વિચારાય.**

**(૫) આત્મામાંથી એ પાપના શલ્યના ઉદ્ધાર વિચારાય.**

**(૬) ધર્મચિંતામાં એ માટે પાપથી બચવા પૂર્વ કરતાં વધુ જાગ્રતિ વિચારાય, પાપ બુદ્ધિના અને**

**(૭) સ્થાને કર્તવ્ય એવી ધર્મ બુદ્ધિ, વગેરે વિચારાય.**

હવે અહીં વિચારો કે એવી કેવા પ્રકારની ચિંતા કરવાની ? આપણે અત્યારે માત્ર ચિંતાની વાત કરીએ છીએ, અમલ આચરણની વાત તે પછી છે. તો ચિંતા એવા રૂપે થાય કે,

**પાપની ભયંકરતાનો ખ્યાલ :** 'હે જીવ ! આ પાપના કામ, પાપમય વિચાર, વાણી કે વર્તાવ દ્વારા સેવેલાં પાપના કાર્ય, એ પરિણામે કેટલા ભયંકર છે !! કેમકે એ **મન બગાડે છે, આત્માને ઉચ્ચતામાંથી ભ્રષ્ટ કરે છે, અનાદિની કુટેવો, કુસંસ્કારો વગેરેને તે પોષે છે. સારા ઊંચા કાર્ય કરવા વગેરેના સત્ત્વનો નાશ કરે છે. કર્મના બંધ બંધાવે છે, આત્માને નિરાધારપણે દુર્ગતિના ભયંકર દુઃખમાં રિબાવી રિબાવીને શોષાવે છે.** માટે પાપ એ બહુ ભયંકર છે.

**(૧) પાપનો તિરસ્કાર :** તેથી જ એનાથી દોઢસો ગાઉ દૂર રહેવા જેવું છે. અહો ! કેવાં દુષ્ટ આ પાપ કેવા સંહારક મહા ફિટકારને યોગ્ય આ પાપ છે.

**(૨) પશ્ચાત્તાપ :** અરે ! મેં એ પાપ ક્યાં બાંધ્યા, ક્યાં મેં અખૂટ કર્મ ઉપાર્જ્યા ! એ કેમ છુટશે !

**(૩) આત્મ જુગુપ્સા :** ત્યારે હું પોતે જ કેવો અજ્ઞાની ? કેવો ખરાબ ! કેવો અધમ ! કે મેં આ કામ કર્યું ? ધિક્કાર છે મારી જાતને કે હું આટલો બધો નિઃસત્ત્વ, કે આવું ઊંચું જિનશાસન, વીતરાગ જેવા ઉચ્ચ આદર્શ ઉચ્ચ સાધનાના માર્ગ એ બધું પામ્યા છતાં આવો હું નીચ કાર્યકારી !!

**(૪) આત્મશુદ્ધિકરણની ચિંતા :** લાવ ગુરુમહારાજ પાસે જાઉં, એનું પ્રાયશ્ચિત્ત કરું, આત્મામાં શુદ્ધિકરણ કરું હેં ! ત્યારે એ પાપ ધોવા હું કયા કયા તપ કરું ?

**(૫) શલ્ય ઉદ્ધારની ચિંતા :** હવે દિલમાંથી એ પાપ બુદ્ધિને સમૂળગી વોસરાવી દઉં, તો પાપથી બચવા હવે કયા કયા ઉપાય યોજું ? કેમ મને સદા પાપની ભયંકરતાનો ઉગ્ર ખ્યાલ રહ્યા કરે ?

(૬) **પાપથી બચવા સત્પ્રવૃત્તિની ચિંતા :** એ માટે પ્રતિપક્ષી એવા ધર્મના ક્ષમા-મૃદુતાદિ, કયા કયા સ્થાનો અને એવી કઈ કઈ દાન, શીલ વગેરે ધર્મ પ્રવૃત્તિ આદરું ? વગેરે ચિંતન ધર્મચિંતનમાં આવે, એવું દોષ-દુર્ગુણો વગેરે માટે સમજવું.

**ધર્મચિંતામાં બીજી વસ્તુ** હતી ગુણોની, ધર્મની, કર્મક્ષયની અને આત્મશુદ્ધિની વિચારણા. એ માટે પણ એનું **સ્વરૂપદર્શનના પ્રકારોના ખ્યાલ,** એમાં આત્માના **લાભનો વિચાર,** એના **ઉપાયોના ચિંતન,** સ્વજીવનમાં એને સારી રીતે વણી લેવા માટેની **યુક્તિ-યોજનાની વિચારણા,** ઈત્યાદિ કરવું જોઈએ.

ત્યાં મનને એમ થાય કે 'વાહ ! આ આ ક્ષમા, ઉદારતાદિ આત્મગુણો, અહિંસા-સંયમ-તપનો ધર્મ, જ્ઞાનાદિ આત્મસંપત્તિ, કર્મનો મહાન ક્ષય, અને આત્માની વધુને વધુ ઉજ્જવળતા એ બધું કેટકેટલું ઉપયોગી ! કેવું સુંદર સ્વરૂપવાળું ! જીવનને શોભાવનારું ! અને પરિણામે પણ મહા સુખી કરનારું ! તો એ દરેકના કેટકેટલા ભેદ બતાવ્યા ? એ દરેક શું મારા આત્મામાં ન આવી શકે ? આવી શકે તો એના ઉપાયો શા શા છે ? એ માટે મારે કયા કયા સ્થાને જવું જોઈએ ? કઈ કઈ પ્રવૃત્તિ આદરવી જોઈએ' ઈત્યાદિ ધર્મચિંતન કરવાનું.

**ધર્મ ચિંતામાં વિશેષ શું :** ધર્મ ચિંતનમાં સામાન્યથી આ બે પ્રકાર ઉપરાંત ૧. સર્વજ્ઞ પ્રભુના **આગમની અને આજ્ઞાની વિશેષતાનું** ચિંતન પણ આવે. તેમ ૨. એ **નાથનું જીવન તથા તેમના અતિશયો, ગુણો અને ઉપકારોનું** ચિંતન આવે. એવું જ ૩. બીજા **મહાપુરુષોની ઉત્તમ સાધના** ઉચ્ચ ગુણો, અને ઉપકારકતા ચિંતવવાની.

આ ઉપરાંત ધર્મચિંતનમાં ૪. **જગતનું સ્વરૂપ** કેવી કેવી રીતે **ચૌદ રાજલોક** રહેલા છે. ૫. ષડ્દ્રવ્યનું સ્વરૂપ, એમાં **જીવો** કેમ છે. કેટલા છે, અને **કેવા દુઃખી છે, તે શાથી ?** ૬. જગતના **વિષયોની ક્ષણભંગુરતા નિસ્સારતા અને આત્મઘાતકતા.** ૭. મિથ્યાત્વ આદિની **પાપોની સુલભતા,** ૮. સંસારના **કૃત્રિમ સંબંધો** વગેરેની વિચારણા પણ ધર્મચિંતનમાં આવે. ત્રણ લોકના **તીર્થક્ષેત્રનું ચિંતન** દા.ત. સિદ્ધગિરિ પર આવી રીતે ચઢવાનું છે ઉપર આ આ પ્રમાણે નવ ટુંક છે મનોરમ જિન બિંબો છે. એમ નંદીશ્વરદ્વીપ, આવી રીતે સાત દ્વીપ અને સાત સાગરને વીંટીને રહેલો છે. એમાં ચારે દિશામાં તેર તેર પર્વતો ઉપર જિનાલય અને રત્નમય બિંબ છે. ઈત્યાદિ ચિંતન પણ ધર્મચિંતન છે. સ્વપરના સુકૃતોનું અનુમોદન પણ ધર્મચિંતન છે.

**ધર્મચિંતાનો પ્રભાવ :** 'એમ જુદા જુદા પ્રસંગમાંથી, ક્ષેત્રમાંથી, પરિસ્થિતિ-માંથી જુદી જુદી વયમાંથી કોઈને કોઈ જાતનો ધર્મ સાધી લઉં, એની શી રીતરસમ વગેરે વિચારણા એ ધર્મ ચિંતા છે. ધર્મચિંતા એ જ ઉત્તમ ચિંતા છે; એ જ આદરણીય છે. કેમકે એ હૈયામાં સદા જાગતી રહેવાથી માણસ એને સફળ કરવા



ચીવટ રાખે છે. **જેને આમાંની કોઈ ધર્મ ચિંતા જ નથી, હૈયામાં ઉચાટ જ નથી, તાલાવેલી કે ઝંખના નથી, એને વળી ધર્મની શી ચીવટ રાખવાની હતી ?** એને ક્યાં શોધવા નીકળવાનું હતું કે ધર્મ ક્યાં મળે છે ? એ તો જેને ચિંતા છે, એ સ્વયં તક શોધશે; બીજાને કહી રાખશે કે 'આવો આવો ધર્મનો અવસર હોય તો મને કહેજો.' ધર્મની ખુબ ચિંતા હશે તો નજર સામે ક્યારેક ધાર્મિક-બિનધાર્મિક એમ બે અવસર આવ્યા ત્યાં એ ધર્મચિંતાને લીધે બીજો અવસર પડતો મૂકી ધર્મ અવસરને પકડશે. જેમકે **ભરત મહારાજને** ષટખંડના ચક્રવર્તી બનાવનારું ચક્રરત્ન પ્રગટ થવાનો અવસર આવ્યો, અને એજ વખતે ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન પ્રગટવાનો અવસર આવ્યો. એમ બે અવસર સાથે ઊભા થયા. જો ભરત ચક્રવર્તી ધર્મચિંતાવાળા હતા તો ચક્રરત્નને પડતું મૂકી કેવળજ્ઞાનીને પૂજવા પહેલા કેમ ગયા. **માનવ જીવનની વિશેષતા હોય તો ધર્મ ચિંતાથી જ છે, પણ નહિ કે અર્થ ચિંતાથી, કે પરચિંતાથી, આ હલકી ચિંતાઓથી તો અનાદિના કુસંસ્કાર ઊલટા દૃઢ થાય છે; ત્યારે ધર્મ ચિંતાથી એ કુસંસ્કારો શિથિલ બને છે.** વળી જો માનવભવ બીજી ચિંતાઓમાં ગુમાવીએ તો તો પછી **માનવ સિવાયનો બીજો કયો સારો ભવ એવો મળવાનો કે જ્યાં ધર્મ ચિંતા કરી શકાશે ? એ તો એક માનવનો ભવ જ એવો હાઈક્લાસ** ઉચ્ચકોટિનો ભવ છે કે **એમાં ધર્મ ચિંતા બહુ સારી કરી શકાય; અને એથી ભાવી ભવોની સીરીયલ અર્થાત્ પરંપરા સુધારી શકાય.**

**ધર્મચિંતા અને અન્ય ચિંતાનો અંતર :** ધર્મચિંતા કરતાં કરતાં તો આત્માઓ કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા સુધીના દાખલા છે ! તેય કેટલીક વારતો પૂર્વની ભયંકર દુર્દશા છતાં ઝાંઝરીયા મુનિનું ખૂન કરનાર રાજા ત્યાંને ત્યાં ધર્મચિંતામાં જો ચઢી ગયો તો સઘળાં ઘાતી કર્મ ખપાવી કેવળજ્ઞાન લીધું ! કૂર્માપુત્ર, ભરત મહારાજા, પૃથ્વીચંદ્ર ગુણસાગર, મરૂદેવા માતા વગેરે ધર્મચિંતામાં ચઢી ગૃહસ્થવાસમાં જ વીતરાગ સર્વજ્ઞ બન્યાને ? તે સિવાય પણ સહેજ વૈરાગ્યની વિચારણાં કરતાં કરતાં હનુમાનજી, સનત્કુમાર ચક્રવર્તી, રામચંદ્રજી વગેરે મહા ચારિત્ર પામ્યાના, બીજાઓ દાન-દયા વગેરે ધર્મ પુરુષાર્થ પામ્યાના અનેક દાખલા બન્યા છે, બને છે. ત્યારે ખુબી તો એ છે કે અર્થચિંતા, વિષયચિંતા વગેરે કરવાથી આત્માનું તો નહિ, પણ અર્થ અને વિષયનું પણ કાંઈ સુધરતું તો છે નહિ, ઊલટું દુર્ગતિમાં ભટકવાનું જીવને થાય છે, તો પછી ફોગટ એ ચિંતા શા સારૂ કરવી ? એ કરી ધર્મચિંતાનો આ સોનેરી અવસર વેડફી નાખનારા મૂર્ખા આપણે શા માટે બનવું ? એટલું સમજજો કે **જૈનત્વ** રત્નની જો કદર હશે તો એમ થશે કે આ ભવમાં એવો મૂર્ખો હું ન થાઉં. અહીં તો ધર્મચિંતાની અગ્નિ ધખાઉં, જેમાં કેટલાંય પાપ કર્મો, પાપવાસના પાપવૃત્તિઓ બળીને સાફ થઈ જાય. તેમ એ ધર્મચિંતાની અગ્નિની

ગરમીથી મોહ-પ્રમાદની જડતા ભાગી જાય, અને તેજસ્વી ધર્મ પુરુષાર્થનું શૂરાતન પ્રગટે.

**કામચિંતા વિષયચિંતા :** ઇન્દ્રિયોના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે. તેમજ એ ગુણોના આધારભૂત પદાર્થો રેડિયો-વાજિંત્ર, રત્નો, રમણી, રસનાને ગમતા રસદાર માલમસાલા, અત્તર સેંટ પોમેડ, મુલાયમ વસ્ત્ર, કોમળ વિજાતીય શરીર, અર્થાત્ પુરુષને સ્ત્રીના શરીર, સ્ત્રીને પુરુષના શરીર ઇત્યાદિ મોટો વિસ્તાર એ વિષયમાં આવે. એની ચિંતા એટલે આસક્તિવાળી વિચારણા એ વિષય ચિંતા કહેવાય. આ વિષય કેવો સારો ! આ જરા ઉતરતો આમાં બહુ મઝા આવે ! બસ આપણને તો આનો શોખ ! આપણે તો આનો આનો ભોગ આવી રીતે કરવાના'' વગેરે વિચારણા કામ ચિંતાના ઘરની છે. આમાંય રાગદ્વેષની લાગણીઓ કામ કરે છે. પરંતુ અર્થચિંતા જેટલી નહિ, અર્થચિંતામાં તો ગુસ્સો, અભિમાન, માયા-પ્રપંચ તૃષ્ણા વગેરેની કાળી લાગણીઓની સીમા રહેતી નથી.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૨૬,તા.૨૮-૨-૧૯૫૩

અર્થકથાનો પ્રેમી તામસ પ્રકૃતિનો હોય છે. એના મનમાં ઘણી ઘણી અધમ વિચારણા આવે છે. એનામાં ભયંકર લેશ્યા અને કષાયોના ઉકળાટની સ્થિતિ હોય છે. રાત ને દિવસ એ અર્થચિંતામાં રચ્યોપચ્યો રહે છે. સ્વાર્થબુદ્ધિની એમાં બહુ તીવ્રતા હોવાથી એની વિચારસરણી, એની હાર્દિકવૃત્તિઓ, એના મનોરથો. અત્યંત નીચ કોટિએ પહોંચી જાય છે. જો કે વિષયચિંતા કે કામચિંતાવાળા જીવોમાં કોઈ ધર્મબુદ્ધિ નથી. છતાં પેલાના જેવા ક્રૂર પરિણામ, સંક્લિષ્ટ પરિણામ, અર્થાત્ અત્યંત કાળી વિચારસરણી એને નથી. અર્થચિંતાની ક્રૂરતા અહીં એક વણિકના દૃષ્ટાંતથી જુઓ. આથી ખ્યાલ આવશે કે, અહાહા ! અર્થચિંતા આટલી બધી ભયંકર !! તો એના સ્થાને ધર્મચિંતા આવી જાય તો કેવું સારું ! એવી સુંદર ધર્મચિંતાની જ્યોતિ જગાવવા માટે સમરાદિત્ય કેવળી મહર્ષિની ધર્મકથા બહુ સમર્થ છે. એની ભૂમિકાની આ વિચારણા ચાલે છે. એ ભૂમિકા જો બરાબર સમજી લેશો તો પછી સમરાદિત્ય મહર્ષિની કથા કોઈ દિવ્ય રંગથી સંભળાશે, એમાંથી પોતાના જીવનમાં શક્ય એવી સાધનાઓ શોધી કાઢશે, અને પોતાના આત્માને એ સાધનામાં ચઢાવી દેવાની પ્રેરણા મેળવી, આત્મા પાસે એ સાધના કરાવી ઉત્તરોત્તર વિકાસ સાધતાં સમરાદિત્ય મહાત્માની જેમ કેવળજ્ઞાન સુધી પહોંચી શકાશે. તો આ જગતમાં કેવળજ્ઞાન મળી જતું હોય તો પછી બીજું જોઈએ છે પણ શું ? હવે જુઓ એ



વણિકનું દૃષ્ટાંત.

## • લક્ષ્મીકાંત શેઠનું દૃષ્ટાન્ત •

કોઈ મોટા મુંબઈ જેવા શહેરમાં એક લક્ષ્મીદાસ નામે એક મોટો ધનાઢ્ય માણસ રહેતો હતો. એમાં વળી દુકાન સારી ચાલતી, તેથી આવક પણ સારી હતી. લક્ષ્મી હોય એટલે લોભ થાય, મૂર્ચ્છા થાય એમાં શું નવું છે ? આ લક્ષ્મીદાસને પણ ચિંતા થઈ કે, 'ઘરમાં આટલું બધું ધન રાખી મૂકવું જોખમભર્યું છે. નથી ને ક્યારે કોઈને ખબર પડી તો ? અરે ઘરવાળીની બુદ્ધિ બગડી તો ?' જુઓ કેવી નીચી ક્ષુદ્ર વિચારસરણીમાં તણાય છે.

**અર્થચિંતાની અધમ વિચારસરણી :** એ આગળ વિચારે છે કે, 'તો પછી કોઈ શરાફને ત્યાં મૂકી આવું ? રક્ષણનું રક્ષણ થાય અને વ્યાજનું વ્યાજ આવે. પરંતુ એમાં પાછું મોટું જોખમ છે. શરાફ દેવાળું કાઢે તો ? વળી મારી પાસે આટલું બધું ધન છે. એની સમોવડીઆઓમાં કે મિત્રમંડળમાં જાણ થઈ જાય તો પાછા એ ચામ-જુની જેમ પૈસા માટે વળગે; મારું લોહી પીએ. માટે બીજો ત્રીજો વિચાર ન કરતાં ધનને જંગલમાં દાટી આવું. એ પાછું સોનું. ખોદી દાટવા જઈશ તો કેટલો મોટો ખાડો કરવો પડશે; કેટલું ઉંચકીને લઈ જવું પડશે. માટે એના કરતાં મારા ધનમાંથી બધું ઝવેરાત ખરીદી લઉં, તો થોડામાં પતે; અને કોઈની નજરે ચઢાય નહિ ખાડોય માપસરનો જ કરવો પડે એ ધન સાત પેઢી સુધી ચાલે. બસ, બધું સરસ થઈ જાય !' આ બધી શી રામાયણ છે ? અર્થચિંતાની.

**ધર્મચિંતાની ઉત્તમ વિચારસરણી :** ધર્મચિંતા હોય તો એમ થાત કે 'આટલું બધું ધન રાખી મૂકીને મારે શું કામ છે ? લાવ કોઈ તીર્થયાત્રાનો સંઘ કાઢું ! દર્શન, જ્ઞાન, ચારિત્ર, જે એક જ તરણતારણ છે, એની ભક્તિ નિમિત્તે ઉજમણું કરું ! મોટો જિનેન્દ્ર મહોત્સવ કરું ! એ પ્રસંગે મોટ મોટા પરિવાર સાથે આચાર્ય ભગવંતને તેડું. મોટા શણગારેલા મનોહર મંડપમાં એઓશ્રીની પાસે ધર્મદેશના કરાવું. હજારો જૈન-જૈનેતર લોકો એ સાંભળે, કેઈ ભવ્ય આત્મા ચારિત્ર પામે, કોઈ શ્રાવકપણું પામે, કેઈ સમ્યગ્દર્શન પામે !! જૈન શાસનની ચોમેર વાહવાહ બોલાય, જૈનધર્મનો જયજયકાર વર્તાય ! વાહ ! કેવો મહાન લાભ ! આ બધાનું શુભ નિમિત્ત હું થાઉં ! હું પણ દેશના સાંભળી ઉત્સાહી થાઉં તો દીક્ષા લઉં, નહિતર વ્રતો લઉં. સાધર્મિક ભક્તિ એવા મોટા પ્રમાણમાં કરું કે જેથી કેટલાય જીવો ધર્મપુરુષાર્થી બની સ્વપરના ઉદ્ધારક બને !' વગેરે વગેરે. પણ અહીં લક્ષ્મીદાસ શેઠે તો તો અર્થચિંતા કરી અઢળક નાણું ખરચી ઝવેરાત ખરીદ્યું. તે એવું કે

એકેકથી ચઢીયાતું; અને એમ લાગે કે જો અવસરે એને બહાર કાઢ્યું હોય તો બહુ સારી કિંમત ઉપજે ! કેમકે રાજાઓને ત્યાંય આવું ઝટ જોવા ન મળે ! લક્ષ્મીદાસને એ બહું જ ગમ્યું. ઝવેરાતને એમણે મજબુત નાની પેટીઓમાં, અને એ પેટીઓને મજબુત ડાબડામાં પેક કર્યું બસ, પછી તો ડબ્બાને કપડામાં લપેટી જંગલમાં દાટવા જવાની તૈયારી કરી.

**કૃપણ છતાં આશ્ચર્ય :** શેઠને ભલાભાઈ નામે એક છોકરો હતો. તે એને ભલિયાના નામે બોલાવતા. હવે અહીં ડાબડો જંગલમાં દાટવા જવું છે, તો છોકરાને સાથે લઈ જઈને બતાવી રાખવું જોઈએ. કેમ કે નથીને પોતાનો દેહ પડી જાય, તો છોકરાને એ માલ મળી શકે. શેઠનું આટલું કાળજું ઠેકાણે હતું. એ કૃપણમાં આશ્ચર્ય ગણાય. કેમકે કૃપણને પહેલાં તો એ ડર લાગે કે "મારા જીવતાં જીવતાં જ જો આ છોકરાની બુદ્ધિ બગડી, અને મારી જાણ બહાર કદાચ એ ધન ઉપાડી લાવે તો મારું શું થાય ? અરે મારું તો ગમે તે થાય પણ ધનનું શું થાય !! માટે એને હમણાં બતાવવું નહિ."

**કૃપણની ભ્રમણા :** ત્યારે 'ક્યારે બતાવવું ?' કહોને કે 'મરવાનું આવે ત્યારે.' પણ આવા રાંકડા જીવને ક્યાં ખબર હોય છે કે મૃત્યુ આવવા કાળે તારામાં બોલવાની શક્તિ જ નહિ હોય તો ? અરે તે વખતે પણ 'હું હજુય જીવવાનો છું, પણ મરવાનો નથી,' એવો દૃઢ વિશ્વાસ રહી ગયો તો ? છોકરો ક્યાંક બહાર ગયો હોય અને એટલામાં તું પરલોક ઊપડી ગયો તો ? ધન દાટેલું હતું તે કહ્યું, પણ છોકરાને તે ન જડ્યું તો ?' આવી કાંઈ જ ખબર જાણે કૃપણને નથી હોતી !

**કૃપણની કાળી લેશ્યા :** જુઓ કૃપણતાની મોંકાણ કેવી છે. એની અર્થચિંતા ક્યાંય ધર્મ તો નથી સુજવા દેતી, પણ એવી કાળી વિચારણાઓમાં જીવને ડૂબાડૂબ રાખે છે કે જેમાં એ દુન્યવી દૃષ્ટિએ પણ મૂર્ખ ગણાય; અને એ આસક્તિમાં હૃદય રાતને દિવસ ક્રૂર વિચારોમાં રમ્યા જ કરે. દા.ત. અહીં જો મનમાંય એમ આવે કે નથીને કોઈ આ ધન તરફ દૃષ્ટિ નાખે તો ? ત્યાં એ આંખ લાલ કરીને, દાંત કચડીને ઝટ વિચારશે કે 'તો શું ? એની ખબર લઈ નાખું. અને જો એ લેવા પ્રયત્ન કરે તો એનું માથું ફોડી નાખું ! કદાચ જો એ સામો થવા આવે તો તો એવા લુચ્ચાને હું જાતે જાનથી મારું કે મરાવી નાખું.'

**જગતની લક્ષ્મી ભુંડી કેમ ગણાય છે ? :** કારણ એ છે કે એનું આવવું જવું આપણી ઈચ્છા પર નથી, અને છતાં આપણી પાસે એ રાતને દિ' કાળી વિચારણા, ક્રૂર લેશ્યા, દુર્ભાવનાઓ, અને એનું એકાકાર ચિંતન સતત કરાવે છે. પછી એમાં અહીંયાં સુખ શાનું ? શાંતિ શી ? નિર્ભયતા ક્યાંથી હોય ? અને પરલોકમાં તો



સુખ શાન્તિની વાતેય શી ? પરલોકમાં તો આ જન્મની એ કાળી હિંસાદિની વિચારણાના યોગે, ભયંકર ચામડીતોડ ત્રાસ વેઠવા પડે; ભલે અહીં એ વિચારણા પ્રમાણે પોતે શ્રીમંતાઈ બનાવી ન શક્યો હોય.

**શેઠ અને પુત્ર ઉપડ્યા :** શેઠે જવાના સમયે પુત્રને બોલાવ્યો, 'અલ્યા ! ભલિયા ! ચાલ મારી સાથે. જો આજે લક્ષ્મી બીજે ક્યાંય મૂકવામાં ભરોસો નથી. વેપાર મોટા ખેડવામાં જોખમ છે, વ્યાજ ઉપજાવવામાં મુડી જ જાય એવું લાગે છે. ઘરમાં રાખી મૂકીએ તો ચોરનો ભય છે. માટે એને જંગલમાં દાટી આવીએ !'

**ચોર પુંઠે :** જેવી અર્થની આટલી ચિંતા, એવી આત્મગુણોની, અને ધર્મની ચિંતા થાય ખરી ? થાય તો કેવુંક સુંદર મહાન કલ્યાણ થાય ! લક્ષ્મીદાસ તો દાબડો ખેસમાં વીંટી બગલમાં કરી ભલિયાને લઈને ઉપડ્યા જંગલમાં; પણ કમનસીબ બે ડગલાં આગળ ! તે શહેરમાંથી એક લુચ્ચો માણસ આમની પુંઠે પડી ગયો ! વચમાં વચમાં શેઠ પાછું વળીને જોતાં હતાં. પણ આ એવો ચાલાક કે શેઠની નજરમાં ન ચઢાય એ રીતે ચાલતો હતો.

**લક્ષ્મીના દાસ લક્ષ્મીને જન્મભૂમિમાં વળાવે છે :** બરાબર ભર જંગલમાં શેઠ થોભ્યા. એવામાં પેલો માણસ પણ ઝાડની ઓથે છૂપાઈ ઊભો રહ્યો, એ જોવા માટે કે 'શેઠ શું કરે છે ?' આમેય વહેમાયો તો હતો જ અને હવેની શેઠની પ્રવૃત્તિ પરથી વસ્તુ કળી ગયો. શેઠે તો ત્યાં બેસી ચારે કોર નજર નાખી લીધી; અને હવે ખાડો ખોદવાની તૈયારી કરે છે. શા માટે ? લક્ષ્મીના દાસ ખરાને ? તે **મૂળ લક્ષ્મી જે ધરતી નગરીમાંથી બહાર ભૂલી પડેલી, તે કેમ જાણે એની નગરીમાં એને પાછી પહોંચાડવા માટે આ લક્ષ્મીના દાસ તૈયાર ન થયા હોય !** શ્રીમંતને લક્ષ્મીપતિ કહેવાય છે પણ તે આ નહિ, આ તો લક્ષ્મીદાસ ! તે હવે એણે જીવનની શાબાશી માની શામાં, તે જુઓ.

**ચાલાકી શામાં :** જમીન ખોદતાં શેઠને પાછો વિચાર આવ્યો, એટલે છોકરાને કહે કે 'અલ્યા ભલીયા ! જા ઉઠ મૂર્ખા ! અહીં બેસી શું રહ્યો છે ? જોઈ આવ ચારે બાજુ, કોઈ લુચ્ચો છુપાયો તો નથી ને ? ઢોલામારૂને આટલીય ખબર નથી પડતી ! વરસ વીસનો જાણે મોટો રોઝ થયો. ઉઠ, જા જલ્દી જોઈ આવ.' બસ, માનવ જીવનમાં આજ હોંશિયારીને ? આ ચીવટ ચોકસાઈ આવે અને આત્માની ભલે કોઈ ન આવે તો એ ઢોલામારૂ નહિ ! તો એ રોઝ નહિ ! કેમ ? હવે અહીં પેલો લુચ્ચો ગભરાયો 'શું કરવું ? જો ભાગી જવા જઉં તો દેખાઈ પડું. જો ઊભો રહું તો ફરતો ફરતો ભલીયો આવે ને જોઈ જાય, ઝાડ પર ચઢવા જઉં તોય દેખાઈ જાઉં. ત્યારે શું કરું ?' ચોર વિચારમાં પડી ગયો. પછી એક તરંગ સ્ફુરતાં ખુશી

ખુશી ! 'પણ ફિકર નહિ, એક તુક્કો છે તે અજમાવું. બેટો ભલીયોય ભૂલમાં પડી જાય.' કહો, બુદ્ધિનો કેટલો પાવર છે ? ત્યારે બુદ્ધિનો આજ ઉપયોગ કરવાનો ને ? મૂર્ખ માનવને એ ભાન નથી કે બિલ્લી કે શિયાળીયાના ભવમાંય ચાલાક બુદ્ધિ તો મળે પણ એ બુદ્ધિનો ઉપયોગ શું ? લુચ્ચાઈ રમવાનોજ ને ? તો અહીં પણ એજ કરવાનું ?

બાપ દીકરાને પુરું કહી દે, એ પહેલાં લુચ્ચાએ ત્યાંને ત્યાં જમીન પર શરીર લંબાવ્યું, જાણે એક મડદું પડ્યું છે, એમ દેખાડવા. ભલાજી બાપના વચનથી ચારેકોર તપાસ કરતા કરતા અહીં આવી પહોંચ્યા. જરાક એમ તો થયું કે આ કોણ સુતું છે પરંતુ બરાબર જુએ છે તો લાગ્યું કે આ અવ્યવસ્થિત પડ્યું છે, હાથ અસ્તવ્યસ્ત છે. પગ એક સીધો અને બીજો વાંકો, આ તો બિચારા ભલાભાઈ ! તે એમણે કલ્પના કરી કે 'આ માણસ, ઝાડ પરથી પડી ગયો હોય અને મરી ગયો હોય, એમ લાગે છે. મડદાનો આપણને શો ડર ?' એમ કરી ત્યાંથી પાછો વળી, આવ્યો બાપ પાસે, બાપ રાહ જોઈને બેઠા છે કે ભલીયો બરાબર જગાના સમાચાર લાવે એટલે ડાબડો કપડામાંથી કાઢી જમીનમાં દાટી દઉં. ત્યાં તો ભલીયાજી આવી રીપોર્ટ આપે છે 'બાપુજી, ચારે બાજુ જોઈ આવ્યો, કોઈ દેખાતું નથી. એક જગાએ એક ઝાડ નીચે મડદું પડ્યું છે. પણ આપણને મુડદાનો શો ભય ?'

અરે ભલા ! તું તો ભલો જ છે ! તે તેં બરાબર જોયું છે કે એ મડદું જ છે ? જોજે કોઈ લુચ્ચો ઢોંગ કરી સૂતો ન હોય !'

ના રે ના, બાપુજી ! એ તો બિચારો કોઈ ઝાડ પરથી પડી મરી ગયો લાગે છે !'

બાપ કહે 'તો એ લોહીલુહાણ પડ્યો હશે ?'

ભલીયો કહે 'ના'

'તો પછી એમ શાનો મરી જાય ?'

'એ તો બાપુજી, મૂઢ માર લાગેલો. તેથી સાવ હૃદય બંધ પડી ગયું લાગે છે.' વિનય પૂર્વક ભલીયાએ એનું શાસ્ત્ર સંભળાવ્યું.

બાપ પૂછે છે 'તે તેં બરાબર તપાસી જોયું હતું ?

'ભલીયો આશ્ચર્યથી પૂછે છે તપાસી એટલે શું મડદાને અડીને ?'

'અરે મૂરખ ! આ તું શા વેદ ભણાવા બેઠો ? લાગે છે કે અડ્યા વિના જ માત્ર ઉપર ઉપરથી જોઈને આવ્યો છે ! જા, જા, જા, બરાબર અડીને તપાસ કરી આવ. જો જે, એનું માથું હાથ પગ અને જરૂર પડે તો આખું શરીર ઉંચકી પછાડી જોજે. આતો લાખો કરોડોનું ઝવેરાત દાટવાનું કામ છે, બે પાંચ રૂપિયાની



વાત નથી. અને બે પાંચ રૂપિયાની વાત હોય તોય તે એમ થોડા જ લૂંટાવી દેવાય ?'

આ લક્ષ્મીની-અર્થની કેવી ભારી ચિંતા ! ચિંતા હતી માટે જ કેવી ભારે તકેદારી ! અને તપાસણી ! કેવી ચીવટ અને ચોકસાઈ ! એથી જ સામાનું માથું હાથપગ અને આખું શરીર પછાડવા સુધીની કેવી નિષ્ઠુરતા ? **અર્થચિંતા આમ જ અધમ છે. ભવોભવની મનુષ્યભવની કમાણીની રાખ કરે !** કરોડોના કરન્સી નોટોના બંડલ પાસે સળગતી બીડીની રમત કેવી ? ભલીયો બિચારો શું કરે ? પાછો ઉઠીને આવ્યો. તે પહેલાં લુચ્ચો અહીં મનમાં નક્કી કરી લે છે કે માલ ઘણો છે ભલે માથું પછડાય, ચિંતા નહિ; એતો **માથું ફોડી માલ લેવાનો છે.** ભલીયે આવીને એને ફેરવી જોયો હાથ ઉંચકી નીચે પછડાતો મૂક્યો, એમ પગ માથું, અને આખુંય શરીર ઉંચકી જમીન પર પછડાતું મૂક્યું. પણ અહીં તો બોલે જ કોણ, કે સળવળે જ કોણ ? ભલીયો વિચારે છે કે 'અહો ! બિચારાને ગાઢ ચોંટ લાગી મર્યો લાગે છે ! આવ્યો પાછો બાપ પાસે.

બાપને કહે 'બાપુજી. એમાં કાંઈ નથી એનું માથું તો એવું ભડાંગ કરતું પછાડ્યું કે જીવતો હોય તો ચમકી ઉઠે. આમાં કાંઈ જ થયું નહિ. સહેજ પણ કંપ નહિ તો ! એ તો મરી ગયો છે.'

લક્ષ્મીદાસ બરાબર લક્ષ્મીના દાસ એટલે એમની શેઠાણી જે લક્ષ્મી તે લક્ષ્મીબાના જતન કરવામાં પુરા સાવધાન ! તેથી હજી વિશ્વાસ નથી. ઊલટા વહેમાય છે કે 'લોહી નીકળ્યું નથી અને મડદું અખંડ છે. પછાડે પાછો સળવળતો નથી માટે કોક લુચ્ચો ન હોય ?'

પુત્રને કહે છે કે 'અલ્યા ભલીયા, આ તો કોઈ લુચ્ચો લાગે છે.'

'બાપુજી, તમે તો બહુ વહેમી ! મેં બરાબર જોયું છે. આખું શરીર પછાડ્યું છે.'

'અરે બચ્ચા, તને ખબર ન પડે.'

'તો હવે શું કરવું છે ?' ભલીયો પૂછે છે.

બાપ કહે 'લે આ ડંડો, જા જરા જઈને એને ઝુડી આવ. જીવતો હશે તો ઝટ ઊભો થશે. જો જે દયા-બયા ખાતો ના.'

**આત્મવિચારણા :** જોજો આ સાંભળીને શું તમને થાય છે મનમાં કે 'અહાહા ! લક્ષ્મી ! શો તારો પ્રભાવ ! કેવી તારી નિષ્ઠુરતા, અને ક્રુરતા ! ખરું જોતા શું આત્માને તું સગી છે ? પરભવે શું થોડી જ સાથે લઈ જઈ શકાય છે ? તેમ અહીં પણ સ્થિર રહેશે એવો વિશ્વાસ થોડો જ ધરી શકાય એમ છે ?

છતાં તારા ઉપરની જીવની કાળજી અને પ્રેમ-આદરને લીધે જીવ કેટકેટલા ભયંકર કાળાં કામ કરવા તૈયાર થાય છે ! તારા લીધે જીવ કેવી કાળી લેશ્યાઓ અને ભયાનક વિચાર સરણીમાં ચઢે છે ?' આ રીતે બોલો લક્ષ્મીની ઓળખાણ પડે છે ? એના પ્રત્યે તિરસ્કાર થાય છે ? સાચી ઓળખાણ થયા પછી લક્ષ્મી હાથમાં છતાં વિવેક નહિ ગુમાવાય.

પેલો ચોર ડંડો મારવાનું સાંભળે છે ત્યાં ચોંકે છે. વિચારે છે કે 'વાહ ! ત્યારે શું ડંડા ખાવા પડશે ? માલ તો કોણ જાણે ક્યારે મળશે અથવા મળશે કેમ તે કહેવાય નહિ, અને માર પહેલો ખાવાનો ? ખેર ! પણ માર ખાયા વિના માલ ન મળે માટે ડંડા તો ડંડા, ખાઈ લેવા દે. ધન હાથમાં આવ્યા પછી તો, જરૂર પડ્યે આખા જગતને ડંડો લગાવી શકીશ.' ભલિયો ડંડો લઈને પહોંચ્યો ઊંધા પડેલા આ ચોરના બરડામાં બે ચાર ડંડા લગાવ્યા. પણ અહીં સણેસણે જ કોણ ? **કહો સ્વેચ્છાએ માર ખવાય ? હા, કમાણી લાગે તો.** પછી તો ગમેતેમ તોય ભલોને ? જોયું કે આમાં કાંઈ નથી. આ બાપ નકામા વહેમાય છે. એમ કરીને આવ્યો પાછો કહે છે 'લ્યો ઝુડી આવ્યો, કાંઈ જીવ-બીવ નથી, એ તો ન હાલે કે ન ચાલે. આ નકામા તમે વહેમાઓ છો.'

બાપ કહે 'બેટા ધીરો પડ. તને દુનિયાની ઓળખ નથી. આ તો ડંડા શું ? પૈસા ખાતર તો ઘણના ઘાય ખાઈ લેવાય.'

"બાપુજી, ખાઈ તો લેવાય, પણ જરાય કંપારો આંચકો કે એવું કાંઈક થાય કે નહિ ?"

'ના દીકરા ના, બોલ તેં ડંડા માર્યા પછી એને લાલચોળ સોળ ઊઠી આવ્યા હતા ?'

'તે તો મેં કાંઈ જોયું નહોતું.'

'જા ત્યારે ભલો ખરો ને ?'

'પણ એ તો બાપુજી મરેલાનેય બહુ ઝુડીએ તો શું સોળ ન ઊઠી આવે ?'

'ભલા, હજી તું નાદાન જ રહ્યો ! લે એમ કર, આ છરીથી એના કાન કાપી લાવ જો જીવતો હશે તો કાન શાનો કપાવા દેશે ?' અર્થચિંતા પાછળ હૃદયની કેટલી ક્રૂર કઠોરતા !

પણ આ લક્ષ્મીદાસને ક્યાં ખબર છે કે તું તો લક્ષ્મીનો દાસ હશે, પણ આ તો **લક્ષ્મીનો ખરીદેલો એવો ગુલામ છે કે લક્ષ્મીના હુકમથી કાન પણ કપાવવા તૈયાર થાય,** જો કે આ લુચ્ચો તો મનમાં વિચાર કરે છે કે 'હેં હજી શું લક્ષ્મીદેવી મારી કસોટી કરી રહ્યા છે ? તે કાન કાપી લેવાના ઉપસર્ગ ? જીવતા જીવે કાનને



કેમ કપાવાય ? લોકમાં પણ કાનકટ્ટા તરીકે હલકાઈ થાય. કાન તો ભાઈ ! આપણે નથી કપાવવા;' પણ પાછો વિચારે છે કે 'છતાં પેલો કાન કાપનારો આવશે તો ખરો. તો શું હું એનો સામનો કરું કે અહીંથી ભાગી જાઉં ? પણ હા...આ લોક પાસે માલ બહુ લાગે છે, તો ભલેને કાન કપાય; પછી લક્ષ્મીથી બનાવટી કાન ક્યાં નથી લગાડી શકાતા ? ઉપરાંતમાં વૈભવનો પાર નહિ રહે ! અહાહા, એ મઝા ક્યાં ! અને ક્યાં આ સાચા કાનવાળી પણ કંગાળ ગરીબાઈ !' ઇત્યાદિ વિચાર કરી બરાબર ત્યાં જ પડી રહ્યો.

ભલિયો આવ્યો બરડો જોયો તો લાલચોળ સોળ ઊઠી આવ્યા છે. વિચારે છે કે 'આ લાગે છે તો જીવતો. પણ હમણાં ખબર પડશે. મામાનું ઘર કેટલે ? આ છરીથી ભાજીની જેમ કાન કાપવા જઈશ, ત્યાં જીવતો હશે તો ઝટ સળવળશે.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૮,તા.૧૪-૩-૧૯૫૩

**અર્થની લગનીમાં પશુતાનું પ્રદર્શન :** જુઓ અર્થની પ્રીતિ માણસને કેટકેટલી ઉગ્ર ક્રૂરતાના કૂપમાં ઉતારે છે ! આ ગુણીયલ છોકરો પણ બાપની પાછળ મહાદુર્ગુણી બનતો જાય છે ! **આર્યદેશના પિતાને તો પુણ્યકર્મે સંસારરૂપી ચોરની પલ્લીમાંથી સ્વજનોને મુક્તિઘરભેગા કરવાની સુંદર તક આપી છે;** ત્યારે આ નાદાન બાપ ઊલટો છોકરાને લક્ષ્મી-લૂંટારણની મોહિની પાછળ ક્રૂરતાદિ દુર્ગુણોની ભયંકર ચોરની પલ્લીમાં ઘસડી જઈ રહ્યો છે ! એને એમ નથી થતું કે, **'હુ તો મરી રહ્યો છું, પણ આ ગભરુ બાળકને શા સારું મારું ?' જીવન જીવતાં માનવી માનવતાને વિકસાવવાના આદર્શ ભૂલે છે, ત્યારે સ્વાત્મામાં પશુતાનો વિકાસ સાધે છે ! શિકારી પશુની જેમ પોતાની ચોંટ પાછળ વધુને વધુ ઘાતકી, નિષ્ઠુર અને નિર્વિચાર બની જાય છે.** માટે જ આ જગતમાં સાવધાન રહેવાની જરૂર છે કે 'આપણે કોઈ એવી ચોંટ પાછળ ન ઘસડાઈ પડીએ. સ્વાત્મામાં પશુતાના વિકાસક ન બનીએ. **માનવતાને રાતને દિવસ વધુને વધુ વિકસાવવાના આદર્શ, મનોરથ, યોજના અને અમલ ન ભૂલીએ.'**

ભલીયાએ લુચ્ચાનો કાન પકડી એના પર સરરર છરી મૂકી. ચોરે પણ સમજી બેઠો છે કે, "જીવતા જીવે લક્ષ્મી મળતી હોય તો જીવતા જીવે કાન કપાવવામાં વાંધો નથી; અને લક્ષ્મી તો હવે આ મળી સમજોને. આટલા કાન કપાવા દઉં કે તરતજ બાપ દીકરો નિશ્ચિંત થઈ ધન દાટીને રવાના થવાના પછી તો બંદા એ ધન ઉઠાવીને બસ ! ન્યાલ થઈ જવાના !" લુચ્ચો એટલો અંદરથી કડક લાગણીનો બની ગયો કે ભલીયો કાન કાપે છે છતાં જરાય એ કંપતો નથી.

નિષ્ઠુર ભલીયાએ તો જડબેસલાક કાન કાપી નાખ્યો ! પછી એ વિચારે છે કે, 'આ તો મરેલો લાગે છે, ત્યારે બીજો કાન કાપું કે કેમ ? પણ લાવને બીજોય કાપી લેવા દે, નહિતર તો વળી આ બાપુજી ચીકણા બહુ તે કહેશે, 'કેમ, એકજ કાન લાવ્યો, જા બીજો લઈ આવ.' તો પાછો ધક્કો રહેશે. આ જંગલમાં બહુ સમય ગુમાવવો સારો નહિ.' એમ કરીને છરીથી લુચ્ચાનો બીજો કાન પણ કાપી લીધો. લક્ષ્મી કયું પાપ ન કરાવે ?

**યોગ્ય ચિંતન :** 'હેં ! ત્યારે શું ચોરે કાન કપાવા દીધાં ?' એમાં આશ્ચર્ય શું થાય છે ? **આ ચોર જેવો આપણોય જીવ પૂર્વના કોઈ ભવમાં પરાક્રમી સમજવાનો છે.** એટલેજ એ વિચારવું જરૂરી છે. કે **'અહો ધન ખાતર ઘોર કષ્ટ મેં સહ્યાં છે, તેય અનંતીવાર સહ્યાં છે; તો ધર્મ ખાતર આ માત્ર એકાદ ભવમાં થોડાંય કષ્ટ કાં ન સહું ?** બસ આજથી મારો નિર્ધાર કે ભલે કષ્ટ લાગે છતાં શોધી શોધીને ધર્મ કરી લઉં."

ભલો આવ્યો બાપ પાસે, 'લ્યો આ કાન, નકામાં વહેમાઓ છો, જીવતો માણસ બબ્બે કાન આમનેઆમ કપાવા દે. એક ટાંકણી ન ભોંકવા દે ટાંકણી'

બાપ કહે 'અરે પણ મૂરખ ! તારું ડહાપણ રહેવા દે, આ કાન લોહીએ ખરડ્યા કેમ છે ? મડદામાં તે વળી લોહી હોતું હશે ?'

પણ છોકરો એમ તો દલિલબાજ હતો. તરત જ બાપને કહે "હવે આટલા ઉતાવળા શું થાઓ છો ? એં તો મેં નહોતું કહ્યું કે, બિચારો ઝાડ પરથી તરતનો પડેલો હશે. તે તાજું મૃત્યુ હોય તો એટલામાં શું લોહી સૂકાઈ જાય ?'

બસ, બાપને હવે ભલીયાની ઉપર ભારે ગુસ્સો આવી જાય છે. એની આંખ આગળ એ દૃશ્ય ખડું થાય છે કે 'અહો આ કરોડોની મૂડી ! અને નથી ને એ જો જીવતો નીકળ્યો તો મારી બધી જ મુડી ઉપાડી જ જાય ને ? પછી દુનિયામાં શું આપણું મૂલ્ય અને શું આપણું જીવતર !' કેમ જાણે જગતમાં જીવનું સાચું મૂલ્ય કે જીવતર હોય તો કરોડોની લક્ષ્મી ! વિચિત્રતા જુઓ કેવી કે અજ્ઞાનમૂઢ જીવને લક્ષ્મી ખોવાઈ જાય એનું જે અતિ મહાન દુઃખ થાય છે, એવું એ હાજર છતાં મહાપુણ્યનાં કાર્ય કરી નથી લેવાતા, એનું કાંઈ જ દુઃખ નહિ !!

**સમજો છો સમકિતના પ્રકાશમાં શું આવે ?** આવી સદ્‌ભાવના આવે કે **'મારી પુણ્યશક્તિઓ બીજી રીતે ચોરાઈ જાય એનાં કરતાં ધર્મસાધનામાં ક્યારે ખરચી દઉં !' સમ્યગ્દષ્ટિ જીવને પોતાની પુણ્યસામગ્રી ધર્મમાર્ગે ન ખરચી શકાવાનું જે ભારે દુઃખ હોય, એવું એ ચોરાઈ-ખોવાઈ જવાનું ન હોય.**

બાપ તો ગુસ્સે થઈ ગયો છે. 'લાવ લાવ, હવે મને જાતે જવા દે. આ



હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા ? મોટો વીસ વરસનો ગધેડો પાક્યો ! બેવકૂફને અક્કલ તો જરાય આવી નહિ ! પાછો ઉપરથી દલીલ કરે છે !'

બાપના આ વલણથી છોકરો દીન બની ગયો. ગળગળો થઈને કહે છે. 'પણ બાપુજી ! આમ કાં કરો ? આપ જઈને શું વધારે કરશો ? આ મેં એને ઊંધોચતો કર્યો છે, ડંડાથી ઝુડ્યો છે, કાન કાપ્યા છે, એમાં ક્યાંય એ સળવળ્યો નથી. તેથી ચોક્કસ મરી ગયો છે. છતાં હજીય મને ફરમાવો શું કરું હું ? હું તો અજ્ઞાન છું.'

**સગાં કોને પરણેલાં ? :** બાપ કહે 'તો પછી સમજ્યા વિના શું કુતર્ક કરવા શીખ્યો છે ? લે આ છરી, જા એનું નાક કાપી લાવ.' આ સાંભળતાં લુચ્ચો ગભરાયો. એને એમ થયું કે 'હાય ! આ તો નાક જવાનો અવસર આવ્યો. કોણ જાણે આ ડોકરો ક્યારે છાલ છોડશે ? અને નાક કેમ જવા દેવાય ? લોકમાં નાક ગયા પછી કોડીની કિંમત. જિંદગીભર નાકકટ્ટા થઈને રહેવાનું. ઘેર ગઈ એવી લક્ષ્મી !' પણ વળી પાછો વિચારે છે કે 'આ લક્ષ્મી વિના મને કેટકેટલો ત્રાસ છે ? પહેલો રોજનો ત્રાસ ઘરવાળીનો. એ તો કેમ જાણે મને કરતાં કુબેરદેવને જ પરણેલી ! આખો દિ' એનો કટકટારો ચાલુ. "લાવો પૈસા, લાવો પૈસા. બેસી શું રહ્યા છો ? આ અમે મરદ હોત તો હમણાં આ ભઠીયારું તમને સોંપી બજારમાં જઈ લક્ષ્મી કમાવી લાવત, અને બતાવત કે મરદાઈ હોય તો શું ન મળે ? આ તો હાડકાં હરામ રાખવા છે; અને પછી કહેવું કે પૈસા નથી મળતા શું જોઈ મરદનો અવતાર લીધો છે ? ચુડીઓ પહેરો ચુડીઓ ! આજ તો રાંડીરાંડોએ ધન કમાઈ જાણે છે !" આવો બધો રોજીંદો ઠપકો.'

જુઓ, લક્ષ્મી પાછળ જગતનો કેટલો ઉન્માદ છે ? શું જાણે આની ઘરવાળી એમજ માની બેઠી છે કે હાડકાં આખાં હોય એને લક્ષ્મી મળી જ જાય; અને મરદાઈ કશામાં હોય તો તે લક્ષ્મી મેળવવામાં ! અજ્ઞાનને ક્યાં ખબર છે કે આજે ઘણાંય હરામ હાડકાના માણસો થોક લક્ષ્મી કમાય છે; અને ભારે મજુરી કરનારા કેટલાય જીવો કુટુંબનો પુરો રોટલોય નથી કાઢી શકતા !

**મરદાઈ તો ખરેખરી પ્રારબ્ધના પ્રહારો સામે અણનમ રહેવામાં છે :** ગરીબીમાં ન દીનતા, ન શોક, ન પાપબુદ્ધિ કે ન પાપકાર્ય, એ સ્થિતિમાં સાચી મરદાનગી છે. પણ આ લુચ્ચો ક્યાં એવી સાચી મરદાઈવાળો છે ? એ તો વિચારે છે, કે 'લક્ષ્મી વિના હું ઘણો દુઃખી, એક તો બાયડીનો બળાપો. ત્યારે બીજી બાજુ દાણાવાળો, ગાંધી, ઘાંચી, કાછિયો, દુધવાળો. મકાનમાલિક ઈત્યાદિ બધાનાં ઉઘરાણાં ચાલુ છે. દમદાટી દે છે, 'લાવો પૈસા, નહિતર કોર્ટમાં ઘસડશું, માલમિલકત પર

જપ્તી લાવશું.' ઉધારે નવા દૂધ, ઘી, તેલ, શાક, દાણા વગેરે આપવાની તો વાતેય નહિ, પણ ઉપરથી ટાંચ ! હાય ! હાય ! સરકારી ટાંચ આવે તો ઘરવાળીનું, પેલા મણિયા, કણિયા, રણિયાનું અને ચંચી-મંછીનું શું થાય ? ભાડુતી ઘરમાંથી બહાર નીકળી રસ્તા પર ઊભા રહેવું પડે ! આ ત્રાસ આપણાથી ભોગવાય નહિ. એનાં કરતાં તો આ નાક જતું હોય તો ભલે જાય, પણ લક્ષ્મી મળવા દે. લક્ષ્મી આવ્યા પછી તો બાદશાહ છીએ. લોકમાં પણ લક્ષ્મી વિનાના માણસો છતે નાકે નાકકટ્ટા કહેવાય છે. લક્ષ્મીવાન સસરાને ત્યાં ગરીબ જમાઈ બિચારો પ્રેમથી મળવા જ અમસ્તો જતો હોય, તોય પેલા સમજશે કે 'આ જમાઈ નાકકટ્ટો લાગે છે, મોં ય ન બતાવીએ તોય ઉઠી ઉઠીને આવે છે.' એમ લક્ષ્મીવાન ભાઈને ત્યાં જતાં ગરીબ ભાઈ, ધનાઢ્ય મિત્રને ત્યાં ગરીબ મિત્ર, શ્રીમંત આગેવાનને ત્યાં જતો ગરીબ આગેવાન, શ્રીમંતના સર્કલમાં રહેતો ગરીબ સ્નેહી સંબંધી કે પિછાણવાળો, આ બધા નાકકટ્ટા લાગે છે. ત્યારે, ખરેખર જો નાક કપાયેલું હોય તોય જો લક્ષ્મીવાન હોય તો લોક કહે છે, 'વાહ ! શું શેઠે નાક રાખ્યું છે ! શેઠ ભારે આબરુવાળા. દેશપાર એમની ખ્યાતિ !' વગેરે વગેરે. આમ વિચાર કરી મક્કમ મને લુચ્ચો પડી રહ્યો ત્યાં ભલાભાઈ પધાર્યા.

**તૃષ્ણાના પાપે :** ભલીઓ લુચ્ચાને મરેલો સમજે છે તેથી એને એના પર છરી મૂકતા અરેરાટી થતી નથી. **તૃષ્ણાભર્યું જીવન કેવું વિચિત્ર છે ! તૃષ્ણાના વેગમાં અજ્ઞાનતાના યોગે દયાના સ્થાન પર ક્રૂરતા કરાય.** અને ક્રૂરતાના **પાત્રભૂત જે તૃષ્ણાદિ આંતર દુશ્મનો, તેના પર સ્હેજ પણ અરેરાટી તો ન થવા દે, પણ ઉપરથી એ તૃષ્ણાને હોંશપૂર્વક કર્તવ્ય માની આદરાવે.** એવામાં ભલીએ આવીને સીધા ચોરના શરીર પાસે બેસી જોરથી એનું નાક પકડ્યું. ચોર સમજે છે કે, "હવે આ છેલ્લી આફત છે; અને માલ તો માર સાટે મળે; એમાં જો આનાકાની કરી, તો જીવતાં જીવે દરિદ્રતામાં મુઆથી ભુંડા છીએ. ત્યારે ઉપદ્રવ સહી લેવામાં કાંઈ મરી જવાના નથી. એક નાક જશે, પણ લક્ષ્મી તો હાથ આવશે. એથી તો બંગલો, બગીચો, રૂપસુંદરી, પાલખી, પટાવાલા, ભોગવિલાસ, મોજમજાહ વગેરેનો પાર નહિ ! અહાહાહા, શી મઝા ! બસ જવા દે નાક" એમ કહી શાંત પડી રહ્યો. જુઓ, એક દુન્યવી અર્થની લાલસા લાગી તો કેટલું સહવા તૈયાર થાય છે ! એમ **જો જીવને સ્વકીય અનંત સમૃદ્ધિ સર કરવાની લાલસા લગની લાગી જાય, તો પછી કર્મના ઉપદ્રવ મજબૂત મને સહી લઈ કર્મનો અંત લાવવામાં શું આનાકાની થાય ?** મહાત્માઓ એમ જ સહી ગયા.

**નાક કાપ્યા પર સંતોષ અને ગફલત :** ભલીયાએ છરી કાઢી, બિચારા



ચોરનું નાક કાપી લીધું. તે પણ લોહી ખરડ્યું લઈને આવ્યો બાપ પાસે કહે છે, 'જુઓ આ નાક કડાક કાપી લેવા છતાં જરાય ત્યાં સળવળાટ કે કંપ નહોતો. પછી એ મડદું જ ને ? આ નાક બહુ જલ્દીથી કાપેલું તેથી બહુ લોહી ખરડ્યું છે.' હવે તો બાપ પણ ભૂલ્યો. ભલીએ નાક કાપ્યા ઉપર સંતોષ માન્યો કે જીવતો જીવ શાનું આટલું બધું કપાવા દે ? પછી તો નિરાંતે ધન દાટી ઝાડ પાસે નિશાન રાખી બાપ-દીકરો ચાલી ગયા. એમના અદૃશ્ય થઈ ગયા પછી ચોરનું શું ? એ તમને કહેવું પડે એમ છે ? ના, કેમકે કદાચ ચોરની બાબતમાં નહિ સહી, તોય શાહુકારની બાબતમાં લક્ષ્મીની આગળ પાછળની બધી યોજના, ઝંખના, હિસાબ વગેરેમાં તમે એક્ષપર્ટ-નિષ્ણાત, અથવા બહુ રસિક અનુભવી છો. કહો, અધમ એવા અર્થનો પક્ષ, અને ચિંતા જીવને કઈ કક્ષામાં ઉતારે છે ? અને **જીવ જો એ અર્થના પક્ષમાં અને ચિંતામાં ખોવાઈ ગયો તો પછી અવગતિનો હિસાબ નથી.**

**ચોરી :** ચોર ઉઠ્યો. વનસ્પતિથી નાકકાનના સ્થાને લોહી બંધ કર્યું. ખાડો ખોદી રત્નોની પેટી કાઢી કપડામાં લપેટી થયો ઘર ભેગો. એમાંથી રત્નો વેચી એણે ધીમે ધીમે મોટી દુકાન કરી, બંગલો લીધો, ચોરીનો ધંધો મુકી દીધો.

તમે કહેશો કે જુઓ પૈસાએ એને કેવો લાભ કરી આપ્યો. ચોરી મુકાવી દીધી પણ એવું નથી, એણે જે ચોરી મૂકી એમાં ઉપરનું કારણ ભલે પૈસા દેખાય, પરંતુ અંદરનું કારણ એની થોડી પણ લાયકાત. રાજભય, અને ચોરીના ધંધા પર જુગુપ્સા એ છે. નહિતર તો જગતમાં એવા કેટલાય છે કે જે છતે પૈસે ઘોર અનીતિ કરે છે.

**ચોરનો વહેમ :** હવે તો શાહુકાર બનેલો એ ચોર બનાવટી નાક લગાવી, અને કાન ઢાંકવા બુકાની બાંધીને મસ્ત થઈને ફરે છે. જીવને પૈસાની હૂંફ કેવી ! પૈસાની ગરમી કેટલી ? એકવાર બન્યું એવું કે એ મોટા શહેરમાં કાર્યવશ પેલો લક્ષ્મીદાસ શહેરના આ ભાગમાં આવી ચઢ્યો, અને રસ્તામાં એણે આ માણસને જોયો. જોતાંજ થંભ્યો ! આશ્ચર્ય પામ્યો કે આ શું ? બુકાની બાંધેલી છે. નાક બનાવટી છે !' એના મનમાં શંકા થઈ અરે ! આ પેલો લુચ્ચો તો નહિ હોય ? ત્યારે શું એ, ત્યારેય સાચે સાચ જીવતો જ હતો ? તો એણે મારું ધન ઉપાડી તો નહિ લીધું હોય ? હવે તો મારે જલ્દી તપાસ કરવી પડશે ! પરંતુ એકવાર આનું નામ ઠામ જાણી લેવા દે. પછી જંગલમાં જઈ હમણાંને હમણાં તપાસ કરી આવું.

**ધર્મલગનીની પરીક્ષા :** લક્ષ્મીની કેવી માયા છે ? એના અંગેની વસ્તુ ઝટ ખ્યાલમાં આવતા વાર નહિ ! પાછું એમાં જરૂરી ઉદ્યમ પણ તાબડતોડ કરી લેવાનું થાય અહો ! આ જીવને એ ધનને બદલે ધર્મની લેશ્યા અને લગની ક્યારે

જાગવાની ? **ધર્મની લેશ્યા અને લગની જાગ્યાનું લક્ષણ આ જ કે એને અંગેની અનુકૂળ-પ્રતિકૂળ વસ્તુ ઝટ લક્ષમાં આવ્યા કરે, એને ઉપાર્જવા સાચવવા વધારવા જરૂરી ઉદ્યમ તત્કાળ સ્ફુરે; અને તુર્ત અમલમાં ઉતરે.**

લક્ષ્મીદાસે લુચ્ચાની પુંઠે પુંઠે ફરી એના ઘરનો પત્તો મેળવ્યો. પછી બાજુમાં રહેનારને એનું નામ પણ પૂછી લીધું. સાથે પૂછે છે, 'પણ હેં ! ત્યારે આ શેઠ બુકાની કેમ બાંધે છે ?'

**ધનની તપાસી :** સામો ઉત્તર આપે છે કે, 'શું ભલાભાઈ એટલીય ખબર નથી પડતી. આ તો કોઈ પરદેશી શેઠ અહીં રહેવા આવ્યા છે. તે કહે છે તો એમ કે કાને શરદી બહુ રહે છે તે વૈદે બુકાની જેવું બાંધી રાખવાનું કહ્યું છે. પણ અમને તો વહેમ પડે છે, કે એ માટે કાંઈ આટલું જાડું બાંધવાનું હોય ? લાગે છે કે ક્યાંક કાનની મોટામાં મોટી ખામી હશે, પણ મોટા માણસને કોણ વધારે પૂછી શકે ? કહો, દુનિયાએ લક્ષ્મીમાં કેવી મોટાઈ માની છે ? બસ ! હવે શેઠથી ન રહેવાયું. એ તો ઉપડ્યા જંગલમાં નિશાન મુજબ ખાડો ખોદી જુએ છે તો માંહી એકલા કાંકરા ને ધૂળ છે, પણ ધન નથી. એ જોઈને આ લક્ષ્મીના પ્રાણ વાળો ક્યાં ઊભો રહી શકે ? થોડીવાર તો બેભાન થઈ ગયો.

**લક્ષ્મી પાછળ રાક્ષસી વિચારણા :** ભાનમાં આવીને કલ્પાંત કરે છે, 'અહાહા ! શું થઈ ગયું આ ? જરૂર ઝવેરાતનો ડાભડો એ લુચ્ચોજ લઈ ગયો, હાય મારું તો સર્વસ્વ ગયું ! ત્યારે શું ખરેખર ! એણેજ ચોર્યું ? પણ એમાં શી શંકા ? બસ, એજ ચોર ! હું કેટલો મોટો મૂર્ખો કે અહીં એવાની જાણમાં ધન દાટી ગયો. મને વહેમ તો પડતો જ હતો કે એને સોળ કેમ ઉઠ્યા, કાન અને નાક લોહીથી કેમ ખરડાયા ? એણે ધન માટે જ નાક-કાન કપાવા દીધા; અને એ ધનથી નાક-કાનવાળો થઈને ફરે છે. ત્યારે હું તો છતાં નાક-કાને, હાય ! લક્ષ્મી જતાં નાક-કાન વિનાનો થઈ ગયો ! આ બધી મોંકાણ ભલીઆએ ઊભી કરી. હું તો કહેતો હતો જ કે એ જીવતો હશે. પણ મૂર્ખ દીકરાએ માન્યું નહિ ! ત્યારે હું પણ કેવો અક્કલનો અધુરો ને ભોઠ કે જ્યારે એના નાક કાન કપાવ્યા, ત્યારે સાથે સાથે ગળું ન કપાવ્યું હોત તો બદમાશ પછી જીવવાનો જ ક્યાં હતો કે ધન લઈ જાત !!'' કહો, કેટલી ભયંકર વિચારણા !

આ બધી વિચારસરણી શું બતાવે છે ? અર્થનો અધમ પ્રેમ ! તામસી અર્થ ચિંતા ! આ વાણીઓ એમાં ખૂનના વિચાર સુધી પહોંચી ગયો. ખૂન ન થઈ શક્યું એનો ભારે ખેદ કરે છે. આ તો તંદુલીઆ મચ્છની દશા છે. એમાં સીધી નરકની વાટ પકડતા વાર નહિ.



**કરવાનું ઓછું; બાંધવાનું ઘણું : કેવી કારમી લેશ્યા ! તો શું જગતમાં લેવા મૂકવાનું પોતાના નસીબ મુજબ છતાં, પાપી વિકલ્પો, પાપી ધારણાઓ અને પાપી કૃત્યોની કાંઈ સીમાજ નહિ ? જન્મે આર્ય અને ખૂનનો વિચાર ? અને એ વિચાર પાછો, મરે ત્યાંસુધી છૂટેય નહિ ? હા, લક્ષ્મીના ખેલ જ એવા છે !** એની ઘોર કાળી લેશ્યા જીવને કેવાં સતતપણે લખલૂટ પાપોનો બંધ કરાવ્યેજ રાખે છે. એ અવર્ણનીય છે.

**રાજદરબારે :** પછી તો એ પાછો આવીને ભલીઆ ઉપર ત્રાટકે છે, મારપીટ કરે છે ! રાજદરબારમાં ફરીયાદ કરી પેલાને હાજર કરાવે છે. મંત્રી પણ હોશી-યાર ! ચોરની ચોરી પકડી પાડે છે. પરંતુ લુચ્ચો એક જ વાત રજુ કરે છે, કે 'નામદાર ! મારા કાન અને નાક પહેલાં કાપ્યાં, પછી એનો માલ ચોરાયો. પહેલો ગુન્હો એનો છે. છતાં એ મારા નાક-કાન પાછા લાવી આપે તો હું એનું ધન પાછું લાવી આપવા તૈયાર છું.'

દરબારમાં સનસનાટી વ્યાપી ગઈ. રાજા પણ સમજ્યો કે આ કૃપણ લક્ષ્મીદાસની નિર્દયતા ભયંકર ! તેથી એ લક્ષ્મીને લાયક નથી. પ્રગટપણે લક્ષ્મીદાસને કહ્યું કે એના નાક કાન પાછા મેળવી આપો તો તમારી લક્ષ્મી પાછી આવે. એ લક્ષ્મીદાસ શું રાખ મેળવી આપે ? કેસ નીકળી ગયો, લક્ષ્મીદાસ દુર્ધ્યાનમાં જીવન પુરું કરી, પરિગ્રહના પાપે નરકમાં ગયો.

અર્થચિંતા આવી ભયંકર છે. એ કોઈ મહા હિંસા, મહાજુઠ, મહા અનીતિ કરાવે છે. એ માટે મહા ક્રોધ, અને એની પાછળ મહા અભિમાન વગેરે જે એક સાથે અતિભયંકર પાપો કરાવે છે, તેનો હિસાબ નહિ ! **અર્થવાસનાની અપેક્ષાએ કામવાસના જીવને આટલો બધો ભયંકર નથી બનાવતી, તેથી કામ ચિંતાને મધ્યમ ગણી.**

**પરચિંતા ભયંકર :** પરચિંતાને તો અધમાધમ કહેવાનું કારણ એ છે કે એમાં પારકી પંચાત, પારકાની ઘોર નિંદા, કોઈના ઘર ઉખેડવાની વાતો, પારકાની ઝીણી ઝીણી વાતોમાં પણ મોટી મોટી કુથલીઓ, કલ્પનાઓ, અને આગળ વધીને ભયાનક કુકૃત્યો...આવું બધું ઘણું થાય. માટે જ પરચિંતાના પડછાયે પણ જવાની જરૂર નથી.

**પ્ર.**- તો શું પરની સારી ચિંતાય ન કરવી ?

**ઉ.**- એ પરચિંતા નથી, પરદયા છે; પર-ઉપકારની ભાવના છે, પર પ્રત્યે શુભ લાગણી છે. અહીં પરચિંતા કીધી તેમાં તો પરના નિકંદન સુધીની કાળી વિચારણા આવે છે. આજે ઘણાંને આ પરચિંતા, પરતપ્તિ, પારકા માટેની બળતરા

બહુ ! તે એનું પાનીયું હાથમાં આવ્યા પછી જરૂર પડ્યે એનાં પર આળ-અભ્યાખ્યાન, એની ગુપ્ત વાતોનો જાહેર ફેલાવો વગેરે કરવામાં અટકવાનો નહિ. માટે જ જ્ઞાનીઓ કહે છે કે તમે તમારું જ જુઓ. બીજાનું જોવા જશો તો માર્યા જશો. એથી તમારા હૈયામાં ઊલટું રાગદ્વેષ, કષાયો, દુર્ધ્યાન, ઈર્ષ્યા, અસૂયા અને કુસંસ્કારોની વૃદ્ધિ થશે. આ અમૂલ્ય જીવન તો જોતજોતામાં સંકેલાઈ જશે, પણ આ પાપોનો દારુણ વિપાક કેટલાય ભવો ચાલશે. ત્યાં કોઈ ઉદ્ધરનાર નહિ, કે કોઈ ઉગરી શકાય એવું યોગ્ય જીવન નહિ. એ તો માત્ર એક માનવનો ભવ એવો ઉચ્ચભવ છે, કે એમાં પરચિંતામય અર્થચિંતા અને વિષયચિંતા મૂકી એક માત્ર ધર્મચિંતામય જીવન બનાવી શકાય એમ છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૩૧,તા.૧૧-૪-૧૯૫૩

**ખાનપાન માટે તપ જતો કરાય :** કામકથાના પ્રેમીને મધ્યમ ગણાય. એનામાં પેલા જેવા કષાય ધમધમતા નથી હોતા. છતાં એય સારાં તો નથી. મધ્યમ ખરા, પણ હીન મધ્યમ છે. તુચ્છ શબ્દાદિ વિષયોના વિષથી એ મોહિત મતિવાળા છે. આત્માની ખરી શત્રુ જે ઈન્દ્રિયો છે, તેને અનુકૂળ વર્તનારા એ હોય છે. ઈન્દ્રિયો માગે એટલું આપે. જેમ ક્ષુદ્ર પતંગિયું દીવાનું રૂપ જોઈ, નાચ કરવા લાગી જાય છે, તેમ આ પણ જરા સારું રૂપ જોયું કે હૈયાથી નાચવા માંડે. પછી આંખ સખણી બેસે નહિ. વટ વહેવારમાં આબરૂદાર તરીકે રહેવું હોય, એટલે એક સરખું કદાચ પર રૂપ સામે તકાય નહિ, તેથી થોડું જોઈ આંખ ખેંચી લે, પણ આંખ જાય પાછી ત્યાં ને ત્યાં ! એ તુચ્છ વિષયોમાં રાચે ! તુચ્છ ખાનપાનમાં પણ સુખ માને ! એ ત્યાગના ઉચ્ચ માર્ગની વાસનાથી રહિત હોય છે. વિવેકી બાલકનાં જેટલીય એનામાં અક્કલ નહિ. વિવેકી બાળકને પૂછો, 'આયંબિલ કેમ કર્યું ? દૂધપાક, પેંડા બરફી ખાને ?' એ એની ભાષામાં કહે **'ખાધેલું કેટલો કાળ બેસી રહેવાનું છે ? એટલા માટે આયંબીલ તપ મૂકાય ? આજ ખાધુ એટલે શું કાલ ખાવું નહિ પડે ?'**

**ચોપડે શું લખાવાનું ? : પુણ્યના ચોપડે તપ લખાવાનો છે. પેંડા, બરફી નથી લખાવાના. ચોપડે દાન, શીલ, તપ, ભાવ લખાવાના છે; આહાર, નિદ્રા, વિષય, પરિગ્રહ નથી લખાવાના.** શાબાશી ધર્મથી મળશે; રંગરાગ અને ભોગથી નહિ. ગુણીયલ ધર્મથી બનાશે, રંગરાગથી નહિ.

**જેને શાસન મળ્યું હોય એની વિચારણા :** પરિગ્રહ ભેગો કરી રાખવાની ધુનમાં શાબાશી નથી. એથી તો જીવ ભૂલો પડતાં થાય ફણીધર. 'વાહ શું ગળી ગંડેરી !' કરતો આયુષ્ય બાંધે તો અવસરે જાય શેરડીમાં. ખંડવો ઘઉં બહુ ગમતો હોય, તો જાય ઘઉંના ખેતરમાં, દૃઢ રાગથી પરિગ્રહ ભેગો કરી રાખ્યો, તો થાય એના પર ફણીધર. એક ખેડૂતના ખેતરમાં કેટલા જીવ પૂરાય ? અસંખ્ય. કહો જો લીલુંછમ ખેતર જોઈ શો વિચાર આવે ? આ એવું શાસન મળ્યું છે કે, જગત જેને જોઈને કારમા પાપ બાંધે છે ત્યાં, અપૂર્વ નિર્જરા થઈ શકે એમ છે. ભરચક પાકવાળું ખેતર જોઈ બીજો શું વિચારે ? 'કેવું સરસ ખેતર ! કેવો સરસ પાક !' અને જેને શાસન સમજાયું હોય તે શું વિચારે ? 'અહો આ એક ખેતરમાં લાખો જીવો કેદ પુરાયા છે ! એમની પછી કાપણી એટલે કતલ થવાની છે ! જીવન તો એનુંય ગણાય અને મારુંય ગણાય, પણ ફેર કેટલો ? ઢોરને જોઈ વિચાર આવે કે 'ભોજન પણ આનું પરાધીન ! દુઃખનો પાર નહિ ! ખાવા કે પીવા ખેડૂત લઈ જાય, પણ જો ઢોરને ખાતાં-પીતાં આળસ થઈ કે જરા વાર લાગી, તો ફેર પાછો ખેંચી ભૂખ્યો ભૂખ્યો મજુરી કરવા ઘસડી જાય ! ત્યાં શો ધર્મ અને શી વાત ? ઢોર કદાચ નવરું પડે તોય ધર્મક્રિયા કે ધર્મવિચારણા ક્યાંથી લાવે ? જ્યારે હું તો દેવગુરુ કૃપાએ ધારું તો સમયે સમયનો સદુપયોગ કરી શકું. સમય અને સામગ્રીનો સદુપયોગ કરવા માટે જ આ માનવભવ છે. કર્મની મારા પર પશુ કરતાં કેટલી મહેર ? મારામાં પશું કરતાં કેવી વિશેષતા !'' આવી શુભ વિચારણા થાય તો ? આત્મા મહાન બની જાય.

**તુચ્છ વિષયોનો મોહ આત્માને સારી પ્રવૃત્તિથી રોકે છે :** શુભ વિચારણા કોણ રોકે છે ? વાતવાતમાં નવકાર ગણતાં કોણ રોકે છે ? મળ્યો અવકાશ, તો ગણો ને નવકાર ! માર્ગમાં મંદિર આવ્યું. કરો દર્શન. પણ એમ કરતાં કોણ રોકે છે ? **વિષયોની વધુ પડતી લત.** પોતાની ઉત્તમ સ્થિતિનું ભાન નથી. આ ખેતર જોઈને એમ વિચારે કે 'આવા સારા ઘઉં આપણને નહિ !' રેશનનાં રોદણાં રૂએ. 'સારા સારા ઘઉં અમલદારો લઈ જાય છે, સડેલા અમને આપે છે !' આ કોણ કરાવે છે ? **તુચ્છ શબ્દાદિ વિષયોનો મોહ. એનાથી ઉમદા તાત્ત્વિક-પારમાર્થિક વિચારણાને બદલે પાશવી વિચારણા મનમાં રમ્યા કરે છે.**

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૩૨,તા.૧૮-૪-૧૯૫૩

**જગતને આપેલા ટકા જગતમાં ભમાવે :** વિષયોની વધુ પડતી લતે પશું કરતાં આપણે સારા નથી. વિચારવું કે જગતની વિચારણા કઈ અને શાસનવાળાની કઈ ? જગતની રાહે વિચારણા કરે તે જૈન નહિ. ભલે જીવનમાં આદરવાની હજી

વાર હોય, પણ વિચારણામાંય વાર ? જિનેશ્વરદેવ અનુપમ, એમનો માર્ગ અનુપમ, તમને મળેલો ભવ અને કુળ અનુપમ, ત્યારે પોતાનો આત્મા જ અનુપમ નહિ !! જગત કહે તેમ કરે, જગતને રુચતા માર્ગે જાય, તે જૈન શાનો ? રૂપસેન તુચ્છ મોનું રૂપ જોવામાં મુંઝાયો, તો પરિણામ જાણો છો ને ? કરપીણ મૃત્યુવાળા હલકા તિર્યંચના કેટલાય ભવ ! કામકથાના પ્રેમીને મધ્યમ કોટિના ગણ્યા છે. એને ઇન્દ્રિયોને અનુકૂળ વિષયો ગમે છે, પણ અર્થના પ્રેમી જેવી ક્રૂર વિચારણા એ નથી કરતો. છતાં એ પ્રેમ પણ ત્યાજ્ય છે. **શાસ્ત્રે ઇન્દ્રિયોને ભાવરિપુ કહેલ છે. ભાવરિપુ એટલે વાસ્તવિક દુશ્મન.** જગતનો દુશ્મન એ વસ્તુતઃ દુશ્મન નથી. આપણી ઇન્દ્રિયો-પાંચ ઇન્દ્રિયો વાસ્તવિક દુશ્મન છે. એની ગુલામીમાં પરમાર્થ શું, સન્માર્ગ શું, ઇત્યાદિ કોઈ વિચાર નહિ. બસ, આંખ જીભ, કાન, નાક, સ્પર્શની જ રમત ચાલ્યા કરે. એનો રમતીયાળ જીવ 'આ સુંદર, આ ખરાબ,' એમ જડને સર્ટીફીકેટ આપ્યા કરે. 'આ ઠીક, આ વધારે સારું, આ હાઇક્લાસ,' એમ જગતને એ ટકા આપ્યા કરે. પણ સુંદર ખરાબનો ખરો નિશ્ચય નહિ કરી શકે. તો સમજો કે જીવે જગતને આપેલા ટકા જીવને પોતાને જ જગતમાં ભમાવે છે.

**તમે જેને પોતાનું કરો, તે તમને પોતાના કરે ! ખૂબી જુઓ કે જેણે જગતને પોતાનું કર્યું, એને જગત પોતાનો કરે છે. જેણે જિનને પોતાના કર્યા, જિન તેને પોતાના બનાવે છે.** કહો, આપણે શું કરીએ છીએ ? જો આપણે જિનને આપણા કરીએ, તો જિન આપણને એમના કરે એમ છે. જિનના થવું છે ? તો જિનને આપણા કરો. નહિતર જો હજી પણ આપણે જગતને આપણું કર્યું તો જગત આપણને એના બનાવ્યે રાખશે. જીવનનું માપ કાઢો. એક ડાયરી રાખો, આખા દિવસના સારા-નરસા વિચારોની નોંધ રાખો, તો જણાશે કે હૃદયમાં મોહ કેટલો રમે છે. સેંકડો ચીજ સામે આવે, એની સાથે કાંઈ લેવાદેવા નથી. પણ વિચાર કયા આવે છે ? 'આ પાટીયાનો રંગ ઊતરી ગયો !' છે કઈ લેવાદેવા ? 'પંડિત જવાહરલાલ આવ્યા અમેરિકાથી, ત્યાં એમણે આમ કહ્યું' વગેરે. એની સાથે તમારા જીવનને શી લેવાદેવા છે ? કાંઈ નહિ. છતાં વિચાર એવાને એવા. કેમ આમ ? જગતને પોતાનું કરી રાખ્યું છે તેથી પછી એ જગત જીવને પોતાનો એટલે કે સંસારી કરી રાખે એમાં શી નવાઈ ?

**માણસો ચાર કોટિના :** ભગવાન સમરાદિત્ય કેવળી મહર્ષિના અદ્ભુત ચરિત્રને લખતાં શાસ્ત્રકાર પરમર્ષિ આ ચરિત્ર એ કઈ જાતની કથા છે, અને કોને ગમશે, એ વસ્તુને જણાવે છે. તેમાં કથાના પ્રકાર બતાવીને આપણાં આત્મામાં અનંતકાળની મથામણ પછી કેવા પ્રકારના વિકારો રહેવા પામ્યા છે એનું માપકયંત્ર



બતાવે છે.

કથા ચાર પ્રકારની હોય છે. અર્થકથા, કામકથા, ધર્મકથા, સંકીર્ણકથા. તેમાં અર્થકથા તથા કામકથાના ચાહનારને જઘન્ય તથા મધ્યમકોટિના જણાવ્યા. એ જઘન્ય કોટિ તે અતિજઘન્ય જેવી છે, અને મધ્યમકોટિ તે જઘન્ય જેવી છે. જરાક જુદા શબ્દોથી વિભાગ પાડીએ તો જગતમાં માણસોના ચાર વિભાગ પડે : ઉત્તમ, મધ્યમ, જઘન્ય, અતિજઘન્ય.

અતિજઘન્ય તે સાવ નીચી કોટિના. એને પૈસાની વાત બહુ ગમે. જઘન્ય કોટિના માણસોને દુનિયાના સુખોની વાત બહુ ગમે. આત્માની ખરી શત્રુભૂત ઇન્દ્રિયોને અનુકૂળ વર્તવામાં જીવને સુખ, આનંદનો પાર નહિ. **બિચારો દેખતો નથી કે આ ક્ષણિક સુખ પાછળ દીર્ઘકાળ સુધી પોતાના આત્માનું શું થશે ?** એવો કોઈ જ એને વિચાર જ નહિ, તો ભય તો શાનો જ થાય ? એને તો ઇન્દ્રિયો ખુશ થાય છે કે નહિ એટલો જ વિચાર ! એ ખુશ થતી હોય તો બસ ! ઇન્દ્રિયોને તૃપ્ત કરવા માટે આખું જગત ઘુમવું પડે તો ઘુમવા તૈયાર ! એ માટે કંઈકની ગુલામી ઉઠાવવી પડે તો તૈયાર ! એ ખાતર ઉત્તમ દેવ, ગુરુ, ધર્મના સંયોગોની ઉપેક્ષા કરવી પડે તો તૈયાર ! અનંતકાળ થવા છતાં ઈન્દ્રિયોની જે ભૂખ નથી ભાગી, આ કંગાળ જીવ તે ભૂખ મીટાવા મથે છે ! મીટશે ? એક રૂપને જોવામાં કલાકો, દિવસો, મહિનાઓ, વર્ષો વીતાવો, તોય ચક્ષુ નહિ કહે, બસ, હવે ઘણું જોયું ! હવેથી જોવાનું બંધ, એમ એ નહિ કહે. અનંતવાર દેવલોક જોયો, છતાંય ઇન્દ્રિયો હજુય ના પાડે છે ? રૂપને જોવા ચક્ષુ ના કહે છે ? સંગીત માટે કાન ના કહે છે ? સ્વર્ગની અપેક્ષાએ અહીં શું ? કુચા જ ને ? છતાંય ઇન્દ્રિયો ના પાડતી નથી. એ શું ? ઇન્દ્રિયોની પિશાચી ભૂખ !

અવંતિસુકુમાળ જે નલિનીગુલ્મ વિમાનથી આવેલ છે, જાતિસ્મરણ થવાથી એ નલિની ગુલ્મને નજર સામે જુએ છે. એને અહીંના પદાર્થો માટે એમ થાય છે, 'આ શું છે, પેલાની પાસે તો કુચા !' વિચારજો. માનવપણામાં પણ લક્ષ્મીની જ્યાં નદી વહી રહી છે, ધનના જ્યાં ગંજના ગંજ ખડકાયેલા છે, સત્તા પોતાની એકની છે, અપ્સરા જેવી બત્રીસ બત્રીસ સ્ત્રીઓ છે, એનેય નલિનીગુલ્મ જોઈ. વર્તમાનના પદાર્થો કુચા લાગે છે. એમ થાય છે 'કોની પ્રશંસા કરું ? કાળી બુધા જેવી ફરસી ! ભીંતો ધોળી પણ અંધારામાં એનો પ્રકાશ ન પડે, અને ભૂલાવી અવસરે લમણું ફોડે એવી ! સ્નેહીઓ કે જેના પર રાગ, પ્રેમ કરું છું, તેને જોઉં તો એમનાં શરીર મળમૂત્રથી ભરેલાં ! ખાનપાન જોઉં તો મેલા ખેતરમાં ઉત્પન્ન થયેલા ! મેલા હાથે રાંધેલા, પાછા શરીરમાં જતાં જ મળમૂત્ર થઈ જાય ! પૈસા ટકા જોઉં તો

દેવતાની એક મોજડીનાય રત્નની તોલે ન આવે !' એ પોતે નલિનીગુલ્મ વિમાનમાં સુખો ભોગવી આવેલ છે, એટલે એને અહીંની એકવાત પર પ્રેમ નથી રહ્યો, દિલ ઊઠી ગયું. આપણે અનંતવાર દેવલોક જોયો છતાં હજી અહીંથી દિલ ઊઠતું નથી ! કેમ બરાબરને ?

**પરિણામ કલ્પી શકાતું નથી :** ઇન્દ્રિયરૂપી ઘોડાને નવીન વિષય સામે ઊભો રાખ્યો કે ઇન્દ્રિયનો ઘોડો જંગલીપણે કૂદવા માંડશે, જાણે લગામ જ નહિ ! હલકી કોટિના જીવો ઇન્દ્રિયોને પરવશ પડેલા હોઈ એને ખુશ કરવા, હલાહલ ઝેર જેવા વિષયો સામે દોડ્યા જાય છે ! એને માટે જે કરવું પડે તે કરવા તૈયાર હોય છે ! પણ તે હલકા જીવો. આપણે ? જીવ વધારે પડતાં પાપ શા માટે કરી રહ્યો છે ? ઇન્દ્રિયોને તૃપ્ત કરવા. શરીરની ગરમીને ઠંડક આપવા દૂધના કટોરે શા માટે બેસે છે ? કરિયાતેય ઠંડક આવશે. શા માટે લૂખાં ભોજન મૂકી ખાટામીઠાં અને તીખાં ખારાં ચોપડ્યા પર જાય છે. કહો રસનાને રાજી રાખવાને ! **જે રસનાએ અનંતકાળ રખડાવ્યા તેને રાજી રાખવાનો સોદો શ્રી જિનેશ્વર દેવ મળ્યા પછી કરવો એ ધનવાન બનીને લુંટાવાની મહાહીણભાગી દશા છે.** સંસારમાં ભટકાવવા એક એક ઇન્દ્રિય બસ છે, તો પાંચેય ઇન્દ્રિયોને તૃપ્ત કરવા અઢારે પાપ સ્થાનકનો બોજો ઉઠાવાય તો પરિણામ નથી કલ્પી શકાતું કે વસ્તુ ક્યાં જઈને ઊભી રહેશે ?

**ધર્મ વાતોડીયાપણામાં કે દેખાવમાં નથી :** થોડાઘણા સાત્ત્વિક અંશ આત્મામાં આવે એટલે ધર્મશાસ્ત્રકારોએ બતાવેલી પરલોક માટે હિત કરનારી **ગુણભૂમિકા** રચવાનું મન થાય. એ માટે શાસ્ત્રોક્ત ધર્મ-ક્રિયા કરવાનું મન થાય. એ એને આચરે. ધર્મ એ કંઈ વાતોડીયાપણામાં થોડો જ છે ? દેખાવ કરવાનો થોડો જ છે ? ધર્મ એ તો આત્માનું ગુણ-સ્પર્શન છે. આત્માને ધર્મની તાલાવેલી લાગે, કાંક કરી છૂટીએ-એમ થાય, અવસરે ધર્મ માટે તન, ધન અને મનના ભોગ આપવાની સ્થિતિ હોય તો તો કહેવાય કે, ધર્મ કર્યો !

**ધર્મીપણાની ઊંડી જાંચ અને સાચો ઉપાય :** અવસરે મહાપુરુષોએ પણ પોતાના માટે પ્રભુ આગળ કરુણતાભરી વિનંતી કરી છે. એમાં આપણને સાંભળવા મળે છે કે, 'હે પ્રભુ ! મેં કાંઈ કર્યું નથી, કે જે દેખાડું. માત્ર મોઢે લવારા કર્યા છે.' એમનેય એમ લાગે છે કે તત્ત્વની વાતો અમે મોટી મોટી કરી છે, પણ ઇન્દ્રિયોના વિષયની અનુકૂળતાની જ્યાં સંભાવના લાગી કે જીવ ત્યાં ધસ્યો જ છે ! નથી પાછો હઠ્યો, નથી ગભરાયો, પણ એને વ્હાલથી ભેટ્યો છે ! આત્માનું માપ કાઢવાનું છે. સમરાદિત્યના જીવે કેવી સરસ તાત્ત્વિક પ્રકૃતિની સાધના



કરી ! અને તેય કેટલી સહેલાઈથી ! એમણે એ સાધના કરવામાં આનંદથી કેટકેટલું સહન કર્યું ! પહેલાં તો એમ કરવામાં અલબત મુશીબત છે. આજસુધી હૃદયને જે બહુ ગમતું કર્યું છે, તેની સાથે અણબનાવ કરવો પડશે. જે વિષયો બહુ વ્હાલા કર્યા, તેનાથી હવે ભડકવાનું છે. વાત વાતમાં ગુસ્સો ને રોફ કરતા હતા, હવે વાત વાતમાં ક્ષમા, નમ્રતા કરવી પડશે. હવે તો ઇન્દ્રિયના વિષય દેખતાં એક પ્રકારની ચાહના ઊભી થવાને બદલે અરેરાટી થવી જોઈશે. મનમાં માને કે, 'જો આ વિષયને વળગ્યો તો મરી ગયો !' વિચારજો કે આવા સમર્થ ત્યાગી પુરુષોય આત્માને તપાસે છે. એમને એ સ્થિતિમાં એમ દેખાય છે કે ધર્મનો દાવો કરીએ એવી દશાએ અમે નથી પહોંચ્યા, અને આપણે પહોંચી ગયા એમ ? શ્રાવક જીવનના પક્કા આચરણનાં ઠેકાણાં નથી, ત્યાં મહાપુરુષોની કક્ષાની શી વાત ?

**તુચ્છ ભોગોના બહુમાન-પ્રશંસા શોભતી નથી :** મધ્યમ કોટિના માણસો ઉભય લોકની અપેક્ષાવાળા હોઈ, વ્યવહાર ન્યાય, નીતિનું ઉલ્લંઘન ન કરે, જેમ તેમ ન વર્તે, ન બોલે. પરંતુ એને પરમાત્માના ધર્મની કાંઈ ખબર નથી. જગતમાં સાર શું ? સારભૂત એક મોક્ષ અને એ મેળવવાનો નિરવદ્ય (પાપ વગરનો) માર્ગ ચારિત્ર. આ જો એ સમજેલ હોત તો આ લોકની એ જરાય અપેક્ષા ન રાખત. એને બેય સાંભળવા મળ્યું છે. એટલે એમ રાખે છે કે 'આય ખરું ને તેય ખરું' પણ એટલું સમજે છે કે તુચ્છ ભોગોનું બહુમાન ન કરાય હા, મોટા ભોગોની તૃષ્ણા ગઈ નથી. અંદર બેઠી છે પણ એને ક્ષુદ્ર ભોગના બહુમાન નથી. એવો આદર નથી કે વારે વારે એની કવિતા ગાયા કરે. આપણને ક્ષુદ્ર ભોગોની ગદ્ય કવિતા ગાતાં બહુ સારી આવડે, કેમ ? ખૂબી જુઓ આપણને પરમાત્માની પાસે ઊભા રાખ્યા હોય અને કહેવામાં આવે, કોઈનું બનાવેલું સ્તવન નહિ ગાતાં, પોતાની મેળે પ્રભુના ગુણગાન બોલો ભલે કવિતા રૂપે નહિ, (ગદ્ય) પાઠ રૂપે ! તો જીભ ચાલે ! ના, કેમ ?

**પ્ર.**- સભામાંથી-શક્તિ નથી ને ?

ઉ.- શક્તિ તો છે. આંખ સામે દુનિયાનું કોઈ સારું રૂપ ખડું કર્યું હોય, અને એના પર બોલવાનું કહેવામાં આવે તો, પાંચ પચીસ લીટીઓ, બોલી શકો છો. 'સરસ રૂપ જોટો ન મળે, એનો ભોગવનાર કેવો ભાગ્યશાળી ! બસ, જીવન સફલ !'...ચાલ્યું જીભ નથી અટકતી. આ જીવને વિષયની, પદ્ય નહિ સહી ગદ્ય કવિતા ગાતાં સારી આવડે છે. કેમકે રાજસ તામસ ભાવ જોરદાર છે. પણ ધ્યાન રાખો કે ક્ષુદ્ર ભોગોની કવિતા ગાવી શોભતી નથી.

**આ શું ? વારંવાર જન્મ-જરા-મરણ ? :** ત્યારે આ સંકીર્ણકથાના પ્રેમી, એને

એકલી અર્થ-કામકથા નહિ, તેમ એકલી ધર્મકથા પણ નહિ. એકલી અર્થ-કામકથા તામસ રાજસ ભાવવાળા જઘન્ય જીવોને. એકલી ધર્મકથા કેવળ સાત્ત્વિક પ્રકૃતિના ઉત્તમ કોટિવાળાને. **સંસારમાં અથડાતા કુટાતાં કંઈવાર ઘોબા પડે, પ્રહારો થાય, સદ્‌ગુરુવાણી છંટકાવે, ત્યારે અનંતકાળે ગુણ પ્રગટ થાય !** અલ્પગુણની દશા તે મધ્યમ સ્થિતિ, સારો વિકાસ થાય ત્યારે ઉત્તમ-સાત્ત્વિકકોટિ. સાત્ત્વિકમાં શું વિશેષતા હોય ? એને વૈરાગ્ય એવો થાય કે એ વિચારે **'આ જગતમાં વારંવાર જન્મ થાય, વારંવાર વૃદ્ધાવસ્થા આવે, વારંવાર મરણ થાય ! આ શી મારી કદર્થના ! મારે ઈચ્છા ન હોય તોય ઘરડા થવું પડે, લાખ ઈચ્છા ન હોય તોયે મરવું પડે, એ શાથી ? એક જન્મના જ અપરાધે કેટકેટલી જડની વેઠ કરવી પડે !**

**મોત જીવોને નચાવી નાચે છે :** શ્રી વિનયવિજયજી મહારાજ **શાંત સુધારસ** ભાવના ગ્રંથમાં કહે છે કે,

**प्रविशति वज्रमये यदि सदने, तृणमथ घटयति वदने;**

**तदपि न मुञ्चति हतसमवर्ती, निर्दयपौरुष नर्ती**

**विनय ! विधीयतां रे श्री जिनधर्मशरणम्, अनुसंधीयतां रे शुचितर चरणस्मरणम् ।**

જગતમાં એક તો એવો બતાવો કે જે મૃત્યુનો સામનો કરી શક્યો હોય ! ભલેને વજ્રના કિલ્લામાં પેસે ! વજ્રનું ઘર બનાવ્યું હોય, એમાં એક તડ પડે એવું ન હોય, તોય મોત મૂકે ? વજ્ર ભેદીને પણ જવાની તાકાત મોતમાં છે ! અને થાકીને કદાચ 'ભાઈ ! તુ જીત્યો, હું હાર્યો' એમ દુશ્મન સામે જેમ તણખલું મોંમાં લેવાય છે, તેમ મોંમાં તણખલું લઈ મોતને 'ભાઈસાબ ! મને બચાવો' એમ કહે તોય એ હરામખોર નિર્દય મૃત્યુને દયા આવે તેમ નથી. મોત જીવો પર નાચ કરનારું છે, જીવોને નચાવનારું મોત છે. જીવને એ અણધારી પળે 'નીકળ અહીંથી' કહે છે. ત્યાં જો જીવ કહે 'અરે પણ આ કાયા તો મેં પચાસ વરસથી પોષી સાચવી રાખેલ છે !' તો એ જાણે ઉત્તર કરે છે કે 'તે કાંઈ હું જાણું કરું નહિ. અહીંથી નીકળ, નવી કાયા રચજે. તારે મજુરીઆને શું વાંધો ?' એમ નચાવે જીવોને એ મોત !

**જગત અશરણ છે : શરણ માત્ર શ્રી જિન-જિનધર્મ છે :** આમાં અશરણ ભાવનાનું વર્ણન છે. વિચારજો કે જગતમાં જીવને શરણ કોનું ? આધાર કોનો ? જે જગતમાં મૃત્યુનો અવિચ્છિન્ન પ્રભાવ ચાલી રહેલ છે, ત્યાં ગમે તેટલા છાતી કાઢીને ચાલો, પણ અંતે કોઈ આધાર ખરો ? વજ્રના ઘરમાં પેસે તોય ન છોડે મોત ! સંસારથી છોડાવનાર માત્ર ભગવાન શ્રી જિનેશ્વરદેવ અને જિનધર્મ છે. એનું શરણ



કરો ! જગત અશરણ છે. **જીવ જે જગતને મારું મારું કરી ફર્યો, અને જે જગતને સુધારવા જીવન આખું હોમી દીધું, એ જગત કોઈનુંય નથી, થતું નથી, થવાનું નથી, તો પોતાનું શી રીતે થાય ?** એ જગતની ચાલ કોઈ સુધારી શક્યું નથી. દિવસને રાત 'આ મારું આ મારું' બસ એમજ કર્યા કર્યું ! કદાચ એ ખોવાઈ અને ન જડી કે તરત બૂમ મારશે 'મારી દાંત ખોતરવાની સળી ક્યાં ગઈ ?' તુચ્છ સળી પર ઝટ 'મારી' નો બિલ્લો મારી દીધો ! શાસ્ત્ર કહે છે-એ બિલ્લા ખોટા ! તારા બિલ્લાને કોઈ ગણતું નથી ! સગી આંખે જુએ છે કે સળી ગઈ. તારી હોય તો ગઈ જ કેમ ? જો ગઈ તો તારી કેમ ? તને કહ્યા વિના પૂછ્યા વિના જાય ? જ્યારે ખાસ તારે જોઈએ, ત્યારે જ જાય ? એનેય તું તારી ગણે 'એ મૂર્ખાઈ નહિ ? ભૂલ આ કે જે જગતને તું મારું મારું' કરી રહેલ છે, તે જગત કોઈનું થયું કે થતું નથી; તારું તો શું, પણ ચક્રવર્તીનુંય થયું નથી. અવસર થયો કે એ કહેશે ચાલ નીકળ. કદાચ તું પૂછીશ કે, 'પણ અહીં મારા વિના ચાલશે ?' તો જાણે કહેશે 'હા ચાલશે તું નહિ તો તારો દીકરો.' ભરતચક્રી નહિ તો સૂર્યયશા. બાપ મરે એટલે બોર્ડ ફરે. નાથાભાઈ પેથાભાઈને બદલે ભલાભાઈ નાથાભાઈનું બોર્ડ ચઢે.

**જગતને કોઈ સુધારી શક્યું નથી; એ એના રાહે ચાલી રહ્યું છે :** અનંતકાળ વિતવા છતાં જે જગતને અનંતબલી ચક્રવર્તીઓ પોતાનું ન કરી શક્યા, (૧) તેને પોતાનું કરવાની જીવની ઘેલછા, (૨) તણખલા જેવી ચીજથી માંડીને મહાન રત્નોનો નિધાન સુધીનાને સારું માનવા કરવાની ઘેલછા, અને (૩) જગતને સુધારવાની ઘેલછા કેટકેટલી સતેજ છે !! 'આ પાટલો જરા સુધારું,' ભોજન-ભોગ સુધારું' જર જમીન સુધારું, કપડું-લત્તું સુધારું, આ સુધારું તે સુધારું' બસ, બીજો વિચાર નથી ! શ્રી જિનવાણીથી ગજબનો આત્માનો સુધારો કરવાની અપૂર્વ તક જે મનુષ્ય ભવમાં મળી છે, એવા ઉત્તમ કોટિના ભવને આ રાંક જીવ પોતાના આત્માનું સુધારવાને બદલે જગતને સુધારવામાં ખરચી રહ્યો છે ! પણ ખબર નથી કે જગતને કોઈ સુધારી શક્યું નથી, તો તું કંગાળ ! શું સુધારી શકવાનો હતો ? જગત એના રાહે ચાલી રહ્યું છે. કોના કહ્યામાં એ રહે છે ? એને કોણ સુધારે ? કોઈને દેખાય કે અમુક શેઠે ઝુંપડીયું મકાન સારું સુધાર્યું, રંગરોગાનથી હવેલી બનાવી; પણ શેઠે શું કર્યું ? એના પુણ્યે કર્યું. એમ જો શેઠથી બધું થતું હોય તો અવસરે એજ મકાનમાંથી શેઠને બહાર ડિસમીસ થવું ન પડે. સમજો વિચારો કે ઈચ્છાનુસાર શું સુધારી શકાય અને શું સુધારેલું લેખે લાગે; તો સમજશે કે ઈચ્છાનુસાર આત્માનું સુધારી શકાય, અને સુધારેલું લેખે લાગે. જગતના સુધરવા-બગડવાની બહુ કિંમત ન આંકો.

**કેટલું અંતર :-** આવો આપણી મૂળ વાત પર. **સાત્વિક પ્રકૃતિના જીવો આ લોકની એશઆરામની પરવા ન કરે.** ત્યારે જેની દૃષ્ટિ પરલોકની હોય તે આ લોકના ઉદાર કામભોગથી પણ ખેદ પામે. જેમ સારામાં સારું ભોજન પેટ ભરીને કર્યું હોય, પછી કોઈ કંઈ ખાવા આપે તો કંટાળો આવે છે. તેમ સાત્વિક પ્રકૃતિના માણસને જગતના ઊંચા ભોગો પ્રત્યે પણ જન્મસિદ્ધ કંટાળો છે. પછી એને સામાન્ય કામભોગોમાં તો કોઈ રુચિ ન હોય, એ સહજ છે. એક કવિ કહે છે કે,

**पितलाभरणभारमावहति पामरी नरी, सारमरकतहारभारमाप्नुते वराङ्ना ।**

ગોવાલણે ઢીંચણથી ઠેઠ નીચે પગની પાની સુધી પિત્તલના પાંચશેર ભારના ઘરેણાં ઘાલ્યા હોય, તોય એના હર્ષથી ઘરમાંય આખો દિ ઠાઠથી ફરે, અને બજારમાં ઠમઠમ કરતી ચાલે છે ! ત્યારે મોટા ઘરની ઉત્તમ સ્ત્રીને, હીરાનો મરકત મણિનો હાર, એય ભારરૂપ લાગે છે. વજનમાં કેટલો હોય ? પાશેર પણ ભાર નહિ છતાં એ ભાર નકામો લાગે. ક્યાંક જવું પડે અને પહેરે, પણ આવીને તરત કાઢી નાખે, અને પામર સ્ત્રી ગોવાલણી એકેક પગે બશેર ત્રણશેર, બે પગે પાંચ શેર ભાર છતાં એ પિત્તલિયા તુચ્છ ભોગ પર ભારે આસક્ત હોય !

**સાત્વિક મનુષ્યને ધર્મ જ ગમે, ધર્મકથા ગમે :-** સાત્વિક પ્રકૃતિના મનુષ્યને કામભોગ ન ગમે. પાપથી લેપાયલાં એ ન હોય. એ તો લગભગ મૂકાયેલા હોય. કાંસાના પાત્ર જેવા એ, વિષયોના પાણી ગમે તેટલાં નજીક આવે, પણ એમને ચોંટે નહિ, ભીંજવી ન શકે. શાનો ભેજ ? રાગદ્વેષનો. એને રાગદ્વેષ ન હોય. સારું થાય તો કહે, 'ધર્મનો પ્રભાવ !' નરસું થાય તો કહે, 'આ સંસાર એવો જ છે !' **સંસાર એટલે વિષમતા. સંસારમાં સમપણાની આશા રાખનારા અજ્ઞાન છે.** સંસાર એટલે સંસરણ, પરિવર્તન થયા જ કરે. સાત્વિક પ્રકૃતિનો મનુષ્ય સંસારના સ્વરૂપને સારી રીતે ઓળખે. એના અવિશ્વાસનીય સ્વરૂપનો એને પુરેપુરો ખ્યાલ હોય એથી જ એને **મુક્તિ ગમે, ધર્મ ગમે, સાત્વિક પ્રકૃતિના માણસને એકલી ધર્મકથા ગમે.**

આમ અર્થકથા, કામકથા, સંકીર્ણકથા અને ધર્મકથા ઉપર જીવોની પ્રકૃતિના માપ બતાવ્યા. હવે સમરાદિત્ય કથાનો સંબંધ કેવી રીતે બન્યો તે જુઓ.

**ધર્મથી જ બધું સારું છે :-** પહેલાં જગતમાં ચાર કાર્યો કહ્યાં, એમાં એક કહ્યું કે- **કથા ચાર પ્રકારની** કહી છે. તેમાંની **ધર્મકથા હું કહીશ,** એમ પોતાનો વિષય-અભિધેય કહે છે, **'ધર્મકથા હું કહીશ**, એમ પોતાનો વિષય-અભિધેય કહે છે,



'ધર્મકથા પણ, સર્વજ્ઞના વચનોથી સંકળાયેલી કથા કહીશ.' કેમ પક્ષપાત કર્યો ? શાસ્ત્રકાર કહે છે કે **ધર્મનો પ્રભાવ ગજબનો છે. જગતમાં સારું બને છે, તે બધું ધર્મથી છે. ધર્મ છે ત્યાંજ ઉચ્ચ કુળ છે, ત્યાં જ દેવતાઈ સંપત્તિ છે, ત્યાં જ ધનના ઢગલા છે. સ્વર્ગીય આનંદ છે,** ધર્મ એ અપૂર્વ મંગળ છે. **સર્વ દુઃખોનું ઔષધ ધર્મ છે, અપૂર્વબલ ધર્મથી છે,** કે જ્યાં દેવ હાથ જોડીને કહે કે 'તું જીત્યો - હું હાર્યો !' દશાર્ણભદ્રને યાદ કરજો. **ચારિત્રધર્મ પર ઈંદ્ર નમી પડે છે. ધર્મ એજ રક્ષણ છે, એજ વિસામા માટે આશ્રય છે.**

**પૂર્વના ધર્મ વિના ધન વગેરે ન મળે :-** મીલ કામદારો મીલમાં કામ કરે - પગાર ટુંકો, ખરચ વધારે. જોઈતા પૈસા શાહુકાર પાસેથી લે. પગાર થાય ત્યારે પેલો શાહુકાર ત્યાં ચાદર પાથરી ઊભો રહે દરવાજાની પાસે, ત્યાં સિપાઈ પણ ઊભો હોય. દેવાદાર કામદારો ચૂકવતા જાય, પૈસા ચાદરમાં નાખતા જાય. જો એને જોઈને કોઈ રસ્તાનો જનાર કહે કે 'હુંય ચાદર પાથરું - મનેય અપાવ ને !' તો સિપાઈ અપાવે ? કહે 'એ કાકો નથી, તું વેરી નથી. પણ આણે પહેલાં દીધું છે, માટે એને મળે છે.' આ તો દેવાના અવસરે દેવું નહિ. અને પછી લેવા નીકળવું છે ? વિના દીધે, લેવા માટે હાથ ઘણાય પહોળા કરે, તોય કોણ આપે ? **ધન, કીર્તિ, માન, સન્માન; જગતની અનુકુળતા, તમામ પૂર્વના ધર્મથી મળે છે. ધાર્યું ધર્મથી થાય છે.**

**ધર્મ છેવટે મુક્તિ આપે - ભયંકર મરણકાળે** પણ અર્થ, દેહ, સ્વજનો તો બધા એમ જ ઊભા રહેવાના. **ધર્મ એકલો આશ્વાસન આપે છે. બાદશાહી ગૌરવ હૃદયમાં રખાવે છે.** પરલોકમાં એકલો એજ સાથે આવે છે. પરમાત્માની ભક્તિ, પૂજા, વ્રત, તપ, જપ એ બધા જાણે કહે છે, 'ચાલ, અમે તારી સાથે છીએ. તારી રક્ષા કોઈ શું કરવાનું ? અમે કરીશું. કોઈ તારી સેવા શું કરશે ? તારી સેવામાં હજાર દેવાંગનાઓ અમે મૂકી દઈશું. કોઈ શું રસોઈ જમાડતું હતું ? વગર રસોઈએ અમીના ઓડકારથી અમે તૃપ્ત કરી દઈશું, કોઈ શું લહેર કરાવે ? દિવ્ય વિમાનમાં તને અમે ફેરવીશું.' **ધર્મ જેની સાથે, જેને ધર્મનો સથવારો, તેને સુખ.** એ વિના દુઃખ. ધર્મી સુખી. જગત એના ગુણ ગાય, એની બોલબાલા બોલે, **જીવને ઉત્તમ સદ્‌ગતિ ધર્મ અપાવે.** દેવગતિમાં જીવ હોય તો ત્યાંથી ય ઉત્તમ મનુષ્યગતિ આપે, દેવગુરુધર્મની સામગ્રી આપે. સાધનાના સંયોગો આપે. મળ્યું હોય તો વધારે કરાવી મુક્તિ આપે.

ધર્મના ગુણ ગાયા. હવે કથા પ્રકરણ અવસરે -

**આ કથા ધર્મકથા છે. એના ચાહક છે સાત્ત્વિક જીવો :** ભગવાન સમરાદિત્ય કેવલી મહર્ષિના નવ ભવની જે ચરિત્રમાં અદ્‌ભુત વાતો કહેલી છે તેની ભૂમિકા બાંધતાં, ગ્રંથકાર પરમર્ષિ જણાવી ગયા કે સંસારમાં સાંભળવા જેવી ચીજ સર્વજ્ઞના વચનો જ છે. એ વચનોથી આ કથા સંકળાયેલી છે. પણ નહિ કે અર્થકામની કથારૂપ પાપ કથાથી. માટે આ શુદ્ધ ધર્મકથા છે. આ કથા સાત્ત્વિક ગુણવાળા મનુષ્યને ગમશે. એવા કોણ ? જેને જન્મ, જરા, મરણ પર બહુ ઉદ્વેગ થયો હોય, ક્ષમાદિ ધર્મની જેને બહુ લાલસા હોય. જીવનમાંના ક્રોધ, માન, માયા, લોભને એ મૃત્યુ સમજે અને ક્ષમા મૃદુતાને એ જીવન સમજે એવાનેજ ધર્મકથા ગમશે. આ કથા કોની છે ? પ્રથમ ભવે જે ગુણસેન રાજા છે, અને મનુષ્યપણાના ભવો ગણતાં નવમાં ભવે અવંતીના રાજપુત્ર સમરાદિત્ય થઈ ગૃહસ્થપણે અવધિજ્ઞાન પામી સાધુપણે જે કેવળજ્ઞાની બને છે, તેમના વિષેની આ કથા છે. નવ ભવના સંબંધવાળી તથા ભવ્ય જીવોને સંવેગ કરનારી આ કથા છે.

**આ કથા કલ્પિત નથી : બનેલી છે :** નવ માનવભવની વચ્ચે બીજા દેવલોકના ભવો છે, એનું વર્ણન કેમ નહિ ? સમરાદિત્યનો દુશ્મન, તે એમણે શત્રુ માનેલો નહિ, પણ એમનું બગાડવા જે ઊભો થયેલો, એની સાથેના સંબંધવાળા નવ ભવ છે માટે વચલા ભવો મૂકી દીધા. વચમાં તો એ સ્વર્ગમાં અને અગ્નિશર્માનો જીવ નરકાદિમાં ભટક્યો છે.'' આ કથા કહી કોણે ? ખૂદ પોતે સમરાદિત્ય કેવળી મહર્ષિએ, છેલ્લા ભવે કેવળજ્ઞાન પામ્યા પછી વેલંધર દેવના પૂછવાથી કહી, આ કથા કલ્પિત નથી, બનેલી છે. કેમકે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના પૂર્વ કાળથી નવ ભવની સંગ્રહણી ગાથાઓ ચાલી આવતી હતી. તે એમને મળી. બીજો પણ ગુરુસંપ્રદાય મળ્યો હશે. પછી આ કથા લખાઈ.

**નવ ભવનો ક્રમ :** પૂર્વાચાર્યોએ નવ ભવના નામ, ગામ, આયુષ્ય જણાવનારી ગાથા રચી છે. તે શાસ્ત્રમાં દાખલ કરી છે. નવ ભવ આ ક્રમે. (૧) ગુણસેન રાજા તથા અગ્નિશર્મા તાપસ. (૨) સિંહ તથા આનંદ : પિતાપુત્ર. (૩) શીખી તથા જાલિની : પુત્ર માતા. (૪) ધન તથા શ્રી : પતિપત્ની (૫) જય તથા વિજય : ભાઈઓ (૬) ધરણ તથા લક્ષ્મી : પતિપત્ની. (૭) સેન તથા વિસેન : પિત્રાઈઓ (૮) ગુણચંદ્ર તથા વાણવ્યંતર : મનુષ્યવ્યંતર. (૯) છેલ્લા ભવે સમરાદિત્ય કેવળી તથા ગિરિસેન ચંડાલ.

**સમરાદિત્યનો મોક્ષ : ગિરિસેન, (અગ્નિશર્મા)નો અનંતો સંસાર :** ગાથામાં નગરના નામો આપ્યા છે, અવતાર ક્યાં થયો તે જણાવેલ છે. ગુણસેનના ભવો એક પછી એક આ ક્રમે આગળ વધે છે. પહેલા ભવને અંતે પહેલો દેવલોક, પછી બીજાને અંતે ત્રીજે દેવલોક, પછી પાંચમે, પછી સાતમે, નવમે, અગીયારમે, ગ્રૈવેયકે, અનુત્તરે, ને છેલ્લે મોક્ષ.

અગ્નિશર્મા, પહેલા ભવના અંતે વિદ્યુતકુમારદેવ પણ ત્યાંથી પછી સાતભવના અંતે ક્રમસર સાતેય નરકે. કોઈ નરકે બબ્બે વાર કોઈ નરકથી છૂટી વચ્ચે ઘણા તિર્યંચના ભવો કરે છે, પણ એકથી સાતેય નરક એ વેઠે છે; અને છેવટે નવ ભવને અંતેય સમરાદિત્ય જ્યારે કેવળી થઈ અનંત મોક્ષ લે છે, ત્યારે એ ગિરિસેન ચંડાળ અનંતકાળ સંસાર રખડનાર બને છે એમ સમરાદિત્ય કેવળી મહર્ષિ જણાવે છે. કેટલું અંતર !

## • ભવ પહેલો : ગુણસેન અગ્નિશર્મા •

**શહેરનું સામાન્ય વર્ણન, લોક વ્યસની લોભી બીકણ ધનદૃષ્ટિ :** ગ્રંથકાર મહર્ષિ હવે પહેલા ભવથી વાત શરૂ કરે છે. જંબુદ્વિપના પશ્ચિમ મહાવિદેહમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. એ નગર કેવું છે ? જો કે એ નગરમાં બીજી ઘણી શોભા છે, પણ મુખ્ય એ જણાવે છે કે ત્યાંના લોક વ્યસની છે. પણ શાના વ્યસની ? તો કે વિદ્યાના. વળી લોભીઆ છે પણ નિર્મલ યશ લેવામાં. તેમ એ બાયલા છે. શામાં ? પાપ કરવામાં. ઝટ પાપ ન કરે. 'ધન ધન' કર્યા કરે છે. પણ ધર્મ વિષે, આ ચાર ગુણ છે. આગળ પર જે આત્મા મહાપુરુષ થવાના છે ને તે જે નગરમાં જન્મ લેનાર છે એ પણ પુણ્યવંતુ જોઈએ. વિદ્યાના વ્યસની એટલે વિદ્યા દેવીને સાધનારા. વિદ્યાદેવીને સાધવામાં નિંદા વિકથા ન ચાલે. પ્રમાદ સાથે તો દુશ્મનાવટ હોય. જરાય આરામ આનંદ નહિ. सुखार्थिन कुतो विद्या विद्यार्थिनः कुतः सुखम्, સુખાર્થીને વિદ્યા કેવી ? વિદ્યાર્થીને સુખ કેવું ?

**વિદ્યાભ્યાસને લીધે દુર્બલતા :** મુનિ દુર્બલિકા પુષ્પમિત્ર એવો સ્વાધ્યાય કરતા, જ્ઞાન માટે એવું જબરું ભણતા, એનું પાછું પુનરાવર્તન એવું કરતા, કે મહેનતમાં તો ન પૂછો વાત ! ભણવું મુશ્કેલ, એથીય વધારે મુશ્કેલ ભણેલાને સાચવવું તે. ભણેલું સાચવવામાં એવી મહેનત એ લેતા, કે શરીર વધતું નહિ પણ દુર્બલ રહેતા. એમના સ્નેહીઓએ ગુરુ મહારાજને કહ્યું,'ભગવંત ! અમારા મહારાજને ત્યાગ તપસ્યા બહુ કરાવતા લાગો છો ! જુઓને કેવા દુબળા રહે છે.' આચાર્ય મહારાજે કહ્યું, 'એમ નથી પણ એ સ્વાધ્યાયમાં બહુ લીન છે, એટલે એ દુબલા જ છે.' પેલા માને ? એ તો કહે, 'અમારી નજર તળે અમે ભક્તિ કરીએ.'

ગુરુમહારાજની આજ્ઞાથી ઘેર લઈ ગયા. રહેવા અલગ વસતિ આપી. જે આપે તે વહોરવા વાપરવાની ગુરુએ છૂટ આપી હતી. ગીતાર્થ હતા. પેલાઓ ભક્તિમાં શું કામ બાકી રાખે ? ઘી તથા ઘીના માલ વહોરાવવા લાગ્યા. મુનિ પણ એ માલ વહોરી વાપરી લે છે. ઘી વહોરાવ્યું તો ઘી પી લે છે. પણ પછી ? **સ્વાધ્યાયના ઝરણનું જોર એવું, કે ઘી ય બળીને સાફ !** દીવસો ગયા, તોય એ એવાને એવાજ દુર્બલ રહ્યા ! જાણે કાંઈ જ માંસનો કણ કે લોહીનું એક ટીપુંય ન વધ્યું. જો કે આમ દુર્બળ દેખાય છે, પણ છે સ્વસ્થ. માંદા નથી. ઘીના ઝાડા નહિ. એ તો અંદરના માનસિક સ્વાધ્યાયના ધીખતા પ્રયત્નમાં બળીને સાફ ! વિદ્યાને-જ્ઞાનને મહામહેનત કરી મેળવાય ને જળવાય તો અનંતજ્ઞાનની નજીક જવાય. એને બદલે સુખશીલતા થાય, પ્રમાદ થાય તો અનંતજ્ઞાન નજીક નહિ. પેલા ગુરુ પાસે ગયા. ફરી ગુરુએ શિષ્યને કહ્યું, હવે થોડા વખત સ્વાધ્યાય બંધ કરો, અને ભોજન લુખું ખાઓ.' બસ ગુરુ આજ્ઞાએ સ્વાધ્યાય બંધ કરવો વિદ્યાર્થીને ગમે તો નહિ; પણ ગુરુનો હુકમ એટલે 'તહત્તિ'. **ગીતાર્થ ગુરુ ઉત્સર્ગ-અપવાદ જાણે. એ ફરમાવે તેજ ધર્મ.** શિષ્યે એમ કર્યું, એટલે થોડા વખતમાં જ શરીરે લષ્ટપુષ્ટ થયા. કેમકે મનનો પરિશ્રમ નથી બાકી સ્વાદ શો આવ્યો હશે ? કાંઈ નહિ. ત્યારે ઘી ખાતા હતા સ્વાદ નહોતો. જાગ્રતિ કેટલી ? વિદ્યાનું વ્યસન કેવું ? ઘીથી પુષ્ટિ નહિ ! અને લુખ્ખામાં લષ્ટપુષ્ટતા !

**લોક વ્યસની હતા, પણ વિદ્યાના :** ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના લોક વિદ્યાના વ્યસની હતા. જ્યાં વિદ્યા મળે ત્યાં દોડે. એમાં વિકથા, કુથલી વગેરે ભૂલી ગયા છે ! ત્યારે એ પૂર્વના લોક વિદ્યાના વ્યસની હતા. પણ જુગાર વગેરેના વ્યસની નહિ.

**લોભીઆ પણ નિર્મળ યશના- કેવી મઝા ! :** વળી એ નગરના લોક યશના લોભીઆ હતા. યશ કોને મળે ? અનુચિત પ્રવૃત્તિ ન કરે એને. યશના લોભીઆ ઔચિત્ય અવશ્ય જાળવે. દાનાદિને મુખ્ય કરે. ધર્મથી બંધાયેલા રહે. કહેવાય છે જગતમાં, 'ફલાણા ભાઈ સીધા સાદા !' ભલે એ બીજો ધર્મ ન કરતા હોય, પણ ઔચિત્ય જાળવતા હોય, નિંદ્ય પ્રવૃત્તિ ન કરતા હોય. દાનાદિ આચરતા હોય, તો યશ ફેલાતાં શી વાર ? અને ગમે તેવો ધર્મ કરતા હોય, પણ અનુચિત તથા નિંદ્ય પ્રવૃત્તિ હોય તો યશ ન રહે. આ નગરમાં તો લોક યશનું, તે પણ નિર્મલ યશનું લોભી. એટલે કેવી સુંદર ઉચિત પ્રવૃત્તિવાળું ! તેમ પૈસા વગેરેના લોભી નહોતા, એ પણ સમજી શકાય તેવું છે. પૈસા વગેરેના લોભી ઉદારતા નહિ કરી શકે, ઔચિત્ય નહિ જાળવી શકે. પછી યશ ક્યાંથી મળે ? અહીં તો યશનો લોભ છે.



એ માટે ઉદાર ખરા, સદાચારી ખરા, સ્નેહાળ ખરા મર્યાદાશીલ ખરા, પરમાર્થી અને પરોપકારી ખરા. જે નગરમાં આવું લોક વસતું હોય ત્યાં રહેવાની કેવી મજા ! ત્યાં **અધર્મી જાય તે પણ ધર્મ પામે ! પાપી પુણ્યશાલી બને !** આજના નગરોમાં ગામડેથી આવેલા ધર્મી પણ અધર્મી બની જાય.

**બાયલા ખરા પણ પાપમાં :** વળી તે નગરના લોક બીકણ હતા. શામાં ? પાપ કરવામાં. પાપમાં જ સદા ભીરૂ હોય તે મોટાં પાપ તો ન કરે, પણ નાના પાપમાંય એને રાજીપો કે ખુમારી ન હોય. વળી **પોતાના જીવનમાં તો પાપ ન ઈચ્છે, પણ બીજાના જીવનમાંય પાપ ન ઈચ્છે.** આશ્રિતનાં પાપ વધે એમ એ ન કરે. એક પાપ ભીરૂતાનો ગુણ માણસને કેટલો જાગ્રત કરે છે ! ફલાણાને મારા પર ગુસ્સો આવ્યો. હું ગુસ્સે થઈશ, તો એનો ગુસ્સો વધશે. એ બિચારો વધારે પાપમાં પડશે.' એમ સામાની દયા ખાઈ પોતે ક્ષમા કરે. એવી રીતે મોહના ચાળાથી દૂર રહે, કેમકે 'એથી સામો કામોદય-મોહાદયના પાપમાં પડે છે' બાકી લોક પાપથી જ ડરનારા, ધર્મ સાહસથી નહિ, ધર્મગુરુથી નહિ. આજે તો ધર્મગુરુથી ડરે રખેને કાંઈ પાપનો ત્યાગ કરાવશે તો ? અગર તો ધર્મમાં ખર્ચ કરાવશે તો ? આ નગરમાં એવી ઊલટી વસ્તુ નહોતી.

**ધર્મ એ ધન :** વળી લોકને ધન બહુ ગમતું, પણ ધન કેવું ? ધર્મરૂપી ધન. લેવામાં ઓછા ઉલ્લાસી, દેવામાં વધારે ઉલ્લાસી; ખાવામાં ઓછા ઘેલા, ખવરાવવામાં વધારે ઘેલા. બસ ! ધર્મ એ જ મહાધન છે. એને ખૂબ ભેગો કરું ! કેમ રક્ષું !' એ જ લગની.

નગરમાં આવા ચાર ગુણવાળો લોક વસતો. કેવો ? ફરી યાદ કરો : (૧) વિદ્યાનો વ્યસની, (૨) સુયશનો લોભી, (૩) પાપથી બીનારો, (૪) અને ધર્મને સાચું ધન માનનારો.

**પરભવની તિજોરી દાન છે :** આ નગરમાં **પૂર્ણચંદ્ર** નામે **રાજા** હતો. તેને **કુમુદિની** નામે **રાણી** હતી. બંને ગુણીયલ હતા. હોય ને ? શાથી ? સમરાદિત્ય કેવળી મહર્ષિના આત્મા અહીં આમના પુત્ર તરીકે થનાર છે. અને અહીંથી જ ધર્મની આરાધનાનો પ્રારંભ કરનાર છે ! એ પુત્રનું નામ **ગુણસેન.** સાચે જ એ ગુણ સંપન્ન પુત્ર હતો. માત્ર એનામાં એક અવગુણ હતો કે એ ક્રીડાપ્રિય હતો. અને કૌતુક બહુ ગમે. પુણ્યના જોર વખતે દુર્ગુણ હોય તો એને પોષણ મળે છે. **દુર્ગુણ હોય ત્યારે, પુણ્યનું જો જોર એટલે કે પુણ્યનો જો ઉદય, તો તે દુર્ગુણના પોષણનું સાધન બને છે.** દુર્ગુણ હોય પણ બીજી બાજુ પાપનો ઉદય હોય તો એ વધારે પાપ શું કરી શકે ? કેમકે પાપ પાસે પાપ કરવાની સામગ્રી નથી. પણ રાજકુમાર

ગુણસેનને તો પુણ્યનું જોર છે, એટલે કૌતુકનું પાપ કરવા માટે પાત્ર મળી જાય છે. એ પાત્ર છે પુરોહિતપુત્ર અગ્નિશર્મા.

**કોણ પુરોહિત ? આર્યજીવન :** એ નગરમાં એક યજ્ઞદત્ત નામે પુરોહિત બ્રાહ્મણ રહે છે; ધર્મશાસ્ત્રો ભણેલો છે; લોકનીતિ અને વ્યવહારનીતિમાં કુશળ છે; બીજાઓને ધર્મના ક્રિયાકાંડ કરાવી દેનારો અને ધર્મશાસ્ત્ર ભણાવનારો છે. એક ગુણ એનામાં ખાસ એ છે કે એ અલ્પ આરંભપરિગ્રહવાળો છે. ધ્યાનમાં રાખો આને ગુણ ગણ્યો. જો ગુણને બદલે આજ વસ્તુને ખામીરૂપ ગણી હોત, તો તો લખત કે 'વૈભવ વિહોણો, નિર્ધન, એદી બ્રાહ્મણ' પણ એમ નથી લખ્યું; કિંતુ અલ્પ પરિગ્રહી લખ્યું. ત્યારે શું રાજા પાસેથી કે બીજેથી અને પુરોહિતપણાના એટલે કે ધર્મક્રિયાકાંડ કરાવવાના હિસાબે કાંઈ ધન મળતું નહિ હોય ? મળતું જ હશે; પણ એ સમજે છે કે-

"હું જે આર્યદેશના આત્મકલ્યાણના ધર્મશાસ્ત્ર ભણ્યો છું તે શું કામના, જો પરિગ્રહના ભાર નીચે એક કીડાની જેમ દબાઈ મરું તો ? મારી આર્ય સંસ્કૃતિ ચારે ગતિમાં સનાતન આત્માના ગમનાગમનને સૂચવે છે. આજસુધીમાં તેમ અનંતાનત વાર બન્યું. પણ શા કારણે ? પાપની સામગ્રી મેળવી પાપની કાર્યવાહીમાં રચ્યાપચ્યા રહેવાના કારણે. ત્યારે જો પાપની સામગ્રી જ ઓછી રાખી હોય, તો એટલી પાપકાર્યવાહી અટકે ને ? માટે પાપ સામગ્રી અર્થાત્ પરિગ્રહ બહુ ઓછો રાખવો. એથી પાપની કાર્યવાહી તો ઘટે જ. સાથે બહુ પરિગ્રહના યોગે રાતને દિવસ જે કુવિચારોથી મન બગડેલું રહ્યા કરે તેનાથી પણ બચી જવાય. કેમકે અલ્પપરિગ્રહમાં તેવા કુવિચારો નહિ અને મન બગડવાનું નહિ. મહાપરિગ્રહ એ તો મનમાં ભયંકર બિગાડો લાવનારો છે, અને કાયાથી અઢળક પાપ કરાવનારો છે.

વળી **'અલ્પ આરંભ'** એ પણ ગુણ ગણ્યો. આરંભ એટલે પૃથ્વી પાણી વગેરે જીવની વિરાધનાવાળી પ્રવૃત્તિ. એ આ પુરોહિતના જીવનમાં ઓછી હતી. એ ગુણરૂપ છે. તમે તો એને એદી ગણો, એને આજના કારખાના મહા આરંભ-સમારંભમાં પડેલાને ઉદ્યોગપતિ કહી વખાણો. કારણ કે તમારા મન પર પશ્ચિમાત્ય સંસ્કૃતિના અર્થાત્ વિલાયતી વિકૃતિના અંજામણ છે. એથી એ ઘોર આરંભમાં કેટલાય જીવોના કચ્ચરઘાણ અને એ આરંભની પરભવે કેવી કરુણ દશા, એનો કોઈ વિચાર નથી. આ તમારો આજનો સુધારો અને વિકાસ ! તમારો આગળ વધેલો જમાનો ! વૈજ્ઞાનિક યુગ ! મહા આરંભ-સમારંભ ભર્યો ઉદ્યોગોની જે દોડધામ અહીં પણ સાચી શાંતિ કે સાચા સુખનો અનુભવ નથી કરાવી શકતી. આ જન્મમાં એક સરખી નિશ્ચિત અનુકૂળતા નથી ટકાવી શકતી, તેમ મૃત્યુ પછી તો કાંઈજ



કામ નથી આવતી, ને એ દોડધામ સરાસર નિષ્ફળ જાય છે. ઉદ્યોગ-કારખાના-ધન વગેરે અહીંજ ઊભું રહે છે. જીવને એ બધું મૂકી એકલો એના અંગેના પાપના ગંજના ગંજ ઉપાડી પરલોક જવું પડે છે. એ દોડધામમાં જીવનની બરબાદી કે સુધારો અને વિકાસ કે બિગાડો ? અંતે અધઃપતન. એથી આગળ વધ્યા ગણાઈએ કે પૂર્વજો કરતાં પાછા પડ્યા ગણાઈએ ? આ સ્થિતિના યુગને વૈજ્ઞાનિક યુગ કહેવાય કે મિથ્યાજ્ઞાનિક યુગ કહેવાય ? યજ્ઞદત્ત પુરોહિત બ્રાહ્મણ સાચી આર્યસંસ્કૃતિએ જીવનારો હોવાથી દુન્યવી આરંભ સમારંભની વિપુલતામાં આત્માનું અધઃપતન અને મહા કિંમતી માનવ જીવનની નિષ્ફળતા માનતો હતો; તેથી એણે જીવનમાં આરંભ કરવાના પણ ઓછા જ રાખ્યા હતા. જો જો હોં, જૈન નથી આ; છતાં આર્ય તો છે જ. તમે ? આર્ય ઉપરાંત જૈન એટલે પાણીના ટીંપે ટીંપે અસંખ્ય જીવ માનનારા, એમ પૃથ્વી-અગ્નિ-વાયુમાં, એવા તમને આરંભ પ્રત્યે કેટકેટલી ગ્લાની હોય ! તેથી જ જીવનમાં આરંભ કેવા અલ્પ અને તેય ન છૂટકે જ થતા હોય ! ત્યારે તમે જૈન એટલે 'પાંચમે પરિગ્રહ' બોલનારા એટલે ? વગર આરંભ-સમારંભ અને અનીતિ-જુઠના વ્યાપારે, માત્ર દેવ ખુશી થઈને નાણાં કોથળી આપી જાય, તેને પણ પરિગ્રહ નામનું પાંચમું પાપસ્થાનક માનનારા તમે પરિગ્રહથીય કેવા ગભરાઓ ! તેથી જ પરિગ્રહ પાપ ઓછું જ રાખવા મથો ! એમ આરંભ અને પરિગ્રહની અલ્પતાના કેવા હિમાયતી ! છો ને એવા ? ન હો તો બનજો એવા. તમારે તો અલ્પતા જ નહિ અભાવવાળા બનવાનું છે. એમાં પુણ્યથી જો પરિગ્રહ ન વધી જાય અને ગુણ સાચવવો હોય તો દેવા માંડો. અહીં ભેગું ન કરો. દાનમાં દઈ પરભવનું પુણ્ય ભાતું ભેગું કરો. દાન ન દીધું, તો એ પરિગ્રહ ભરેલી લોખંડની તિજોરી અહીંની અહીં રહેવાની. દાન એ પરભવની તિજોરી છે. દાનમાં સ્થાપેલું ધન પરભવે ચોક્કસ મળે છે. તેય કેટલાગણું થઈને.

**અગ્નિશર્માનું શરીર વિષમતાવાળું હતું :** યજ્ઞદત્ત પુરોહિતને અગ્નિશર્મા નામનો પુત્ર છે. અને બિચારાને બહુ પાપનો ઉદય છે. એનું શરીર છે વિચિત્ર ! માથું ત્રિકોણ, પેટ તુંબડા જેવું, છાતી મહીં ગયેલી, હાથ ટુંકા, કેડ એક બાજુ ઊંચી, નાસિકા એકદમ ચપટીમાત્ર સ્થાન દેખાય, કાન વ્યવસ્થિત નહિ, ઉંદરના બીલ જેવા; સાથલ જાડી, પગ ટુંકા પતલા, કેશ કાળા નહિ પણ અગ્નિની જ્વાળા જેવા પીળા; ઈત્યાદિ વિષમતાવાળું એનું શરીર હતું. કેવો પાપોદય ! એ કોનો વાંક ? બીજો કોનો ? પોતાનો જ. પાપ કરતાં પાછું વાળી જોવું નહિ, કે પૂર્વે કરેલા પાપોનો તો કેવો ભયંકર વિપાક અહીં ભોગવી રહ્યો છું, અને અઢળક નવાં પાપ મનથી, વાણીથી, ઈન્દ્રિયોથી અને કાયાથી કર્યે રાખવા; પછી ભવાંતરે દારૂણ

દશાજને ? હવે આ શરીર કેલિપ્રિય રાજકુમારને કૌતુક કરવા માટે ક્રિડાનું પાત્ર બન્યું. રોજ એને પકડી ગધેડે બેસાડે, માથે સુપડાનું છત્ર ધરાવરાવે, ફૂટલો ઢોલ વગડાવે, બજાર વચ્ચે ફેરવાવે અને હાથે તાલીઓ પાડી છોકરાઓ પાસે બોલાવરાવે 'બોલો ! મહારાજાધિરાજ કી જય ! દેખો, આ મહારાજા !' છોકરાઓ એમ બોલે અને 'હુરરે' કરતા પાછળ જાય. બિચારા અગ્નિશર્માનું તો કાળજું કપાઈ જાય, પણ શું કરે ? આ તો રાજકુમાર છે. કહો એક માનવ આગળ પણ નથી ચાલતું, તો કર્મ આગળ નરકની ગોદમાં કે તિર્યંચપણામાં શું ચાલે ? અગ્નિશર્માને રાજકુમારની કદર્થનાનો પાર નથી. એક દી, બે દિ,... તે રોજને રોજ આમ ચાલ્યું. તેથી એક વખત એને વિચારણા આવી, પણ તે લાઈનસરની નહિ. કેમકે સન્માર્ગ મળ્યો નથી એટલે અધુરી. અધુરી વિચારણા કેવી રીતે એને બચાવી ન શકી, એ જોવાનું છે. મૂળ લેખક શ્રીહરિભદ્રસૂરિ મહારાજા અવસરે જે શબ્દો વાપરે છે તેમાં ભારે રહસ્ય ભર્યું હોય છે.

**અગ્નિશર્માને વૈરાગ્ય થયો, પણ અધુરો :** અગ્નિશર્મા કંટાળ્યો પણ રાજકુમાર ઉપર દ્વેષ ન કર્યો એને વૈરાગ્ય ભાવ પ્રગટ્યો. એણે વિચાર્યું કે, **"આ મારો પરાભવ પૂર્વે મેં ધર્મ નહિ કરવાને લીધે છે. જે આત્માઓએ પૂર્વે સારું પુણ્ય ઉપાર્જન નથી કર્યું, તેઓ બીજાને વશ પડી બહુ જનોના ધિક્કારને પાત્ર બને છે.** શરીર વગેરેય મળે એવું, કે જે, સર્વ લોકોને મશ્કરી કરવા લાયક બને. તેમ અનેકના પરાભવ સહન કરવા પડે. પૂર્વજન્મે ધર્મ ન સેવ્યો તો આ ભવે આવું બન્યું. **આત્મકલ્યાણ અર્થે તો મહાપુરુષોએ પણ માત્ર ધર્મ અપનાવ્યો છે.** તો હું ય અહીં પાછો જો ધર્મ નહિ સેવું, તો જન્માંતરમાં શું મલશે ? મહા પરાભવ અને વિટંબણા ! **બીજા જન્મમાં સુખ આપનાર ધર્મ છે, પરલોક જતાં બંધુ તુલ્ય એક માત્ર ધર્મ સાથે આવે છે.** તેથી અહીં પાપના કટુ વિપાકો જોઈ હવે તો મુનિઓએ સેવેલા ધર્મ સેવું; જેથી પરભવે દુર્જનો તરફથી આવી મહાભયંકર વિટંબણા અને લોકની મશ્કરીનું મારે દુઃખ ન આવે; મારો પરાભવ ન થાય."

**અગ્નિશર્માને ધર્મ કરવાનું મન થયું :** શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ યથાર્થ ચિત્ર રજુ કરવા કેવા શબ્દો મૂકે છે ! અગ્નિશર્માને ધર્મ કરવાની લાલસા જાગી. પાપના ઉદયે **જગત તરફથી તિરસ્કાર, ફિટકાર, અને ત્રાસ મળે તે વખતે જગત પર દ્વેષ થવાને બદલે, આને ધર્મભાવના સહેલી થઈ !** નહિતર તો કર્મભાવના એટલે કષાયો સહેલા થાય ! એમ વિચાર થાય કે, 'શું આટલી બધી મશ્કરી ? રાતવરત કુમારને ઠોકી દઉં !' અથવા 'ભાગી જાઉં, જ્યાં આવો જુલમ, ત્યાં કેમ રહેવાય ! ગમે ત્યાં ચરી ખાઈશ. જરા ઠીક થઈશ તો બતાવી દઈશ એને 'આવું



આવું થાય. પણ આર્યદેશનો પ્રભાવ કે એ નગરના જનો પાપના ભયવાળા છે, પાપના ભયથી દુનિયાની બહુ કિંમત આંકનારા કે મમતા કરનારા નથી. એ તો ધર્મરૂપી ધનના મમત્વવાળા છે, તેથી કર્મ નહિ પણ ધર્મ વધારવાની બુદ્ધિવાળા છે. તે નગરમાં આનો પણ જન્મ થયો છે; એટલે એને શું કર્મ કરવાનું મન થાય ? ના, મન થાય ધર્મ કરવાનું.

**પણ ખામી ક્યાં ? :** ધર્મ કરવો ખરો પણ શા માટે ? એને જે ધર્મ કરવાનું મન થયું, તે પરભવે આવા પરભવ ન સહેવા પડે માટે. આ ભાવનાએ એને ધર્મ કરવાનું મન થયું. પણ **'પરાભવનું કારણ ખુદ સંસાર છે. સંસાર છે ત્યાંસુધી પરાભવ રહેવાનો. કદાચ તપ કર્યેથી શરીર વગેરે સારાં મલશે, પણ કર્મ તો ઊભાં જ છે, તેથી સંસારના જન્મ-મરણ ઊભા છે. સંસાર ફીટે નહિ ત્યાં સુધી પરાભવ ન જાય. તો ધર્મ કરવાની જાગ્રતિ સંસાર ફોડી નાખવા આવવી જોઈતી હતી, એ ન આવી, એ ખામી.** શાલિભદ્રને 'શ્રેણિક પોતાનો માલિક છે !' એ જેમ મનમાં ખુંચ્યું, તેમ તે ઉપરાંત એનું મૂળ કારણ જે 'કર્મ અને સંસાર' એય મનમાં ખુંચ્યા ! તેથી સંસાર ત્યજી કર્મ ફેડવા ચારિત્ર લીધું. સ્થૂલભદ્રજીને પણ નંદરાજાની મંત્રીમુદ્રા જેમ દગાખોર લાગી, તેમ તેજ હિસાબે કોશા વેશ્યા અને આખો સંસાર દગાખોર લાગ્યો, અને તેથી ત્યાં જ સંસાર ત્યજ્યો.

**અગ્નિશર્મા તાપસને નમી પડ્યો :** આને જે જાતની ધર્મ કરવાની જાગ્રતિ આવી એથી એ કોઈને કહ્યા વિના નગરમાંથી નીકળી ગયો. મુસાફરી કરતાં એક મહીને એ **સુપરિતોષ** નામના **તપોવનમાં** આવી પહોંચ્યો. કેવું સુંદર નામ ! 'સુ' એટલે સારો અર્થાત્ અત્યંત, પરિતોષ એટલે આનંદ થાય, એવું તપોવન. આવું આવું સાંભળીને તમને તમારા ઘર એવા બનાવવાનું મન નથી થતું ? એ બને હોં. અન્યોન્યના આત્માની દયા અને ચિંતા કરનારા બનો તો સુપરિતોષ થાય. તપોવન તાપસ જનોથી વસેલું હતું. એમાં તાપસોનો પ્રધાન **આર્જવકૌડિન્ય** નામનો તાપસ હતો. ત્યાં એ સૌનો ગુરુ હતો. અનેક તાપસો એની નિશ્રામાં હતા. એ બધા આની એટલી બધી આમન્યા-વિનય પાળતા, કે જે આજે આપણે શીખવો પડે. **આર્ય સંસ્કૃતિ આત્માના ગુણ વિકાસ પર નિર્ભર છે.** જ્યારે અગ્નિશર્મા આવ્યો, ત્યારે આર્જવકૌડિન્ય ધ્યાનમાં હતો. એના જમણા હાથમાં રૂદ્રાક્ષની માળા હતી. મંત્રાક્ષરનો જાપ ચાલતો હતો, હોઠ ફફડી રહ્યા હતા હોઠ ફફડવા જેટલી ક્રિયા ન ચાલે તો ચિત્ત કદાચ બીજે જાય; અને ચિત્તમાં બીજા અક્ષર બીજી વસ્તુ ઘુસી જાય નવકારવાળી ન હોય તોય આપણે બેઠા બેઠા **'ૐ ह्रीँ अर्हं'** જપી શકીએ. હોઠ ફફડાવાય એવા જાપને **ભાષ્ય** જાપ કહે છે. એમાં બોલવાનું હોય છે. માનસિક

જાપને **'ઉપાંશું' જાપ** કહે છે. કાઉસ્સગ્ગમાં સ્મરણ-ચિંત્વન માત્ર. એમાં તો અંદરખાને જીભેય ન હાલવી જોઈએ. અગ્નિશર્મા આ બધું જોઈ 'અહો ધન્ય' એવો ઉદ્ગાર કાઢતો, પોતાની જાતને ધન્ય માનતો. આ તાપસને નમી પડ્યો ! એ તુલના કરે છે. **ક્યાં મશ્કરી કરનાર રાજપુત્ર ! અને ક્યાં અપરાધીને પણ શાંતિ આપનાર આ કુલગુરુ !**

**મમતાળુ શબ્દો એ અમી સિંચન છે :** તાપસનું ધ્યાન પુરું થયું. શિષ્યોને બોલાવી અગ્નિશર્માને બેસવા આસન અપાવ્યું. બેસાડી પૂછ્યું. 'ક્યાંથી આવ્યો, ભાઈ !' આમ જ્યાં મમતાથી બોલાવ્યો, ત્યાં અગ્નિશર્માના હૈયાને કોઈ અનેરી ઠંડક વળી. **મમતાળુ શબ્દો દિલના ઊંડાણમાં પડેલા ભયંકર ઘા ઉપર એક વખત તો અમૃતનું સિંચન કરી દે છે.** આમ શબ્દ માત્રથી વગર પૈસે અમૃત સીંચી શકાય; પણ આપણી ગમારી છે, માટે આપણને આવો રસ્તો પરમાર્થ માટે પણ કરતા નથી આવડતો 'કેમ આવ્યો ?' એમ કઠોરતાથી જ પૂછતાં આવડે ! મૃદુતા આવડે જ નહિ. અચ્છા, એટલું તો વિચારો કે સામો આવ્યો ન આવ્યો થવાનો છે ? ના, પણ પ્રથમ મમતાથી પૂછાય. 'આવ્યો, ભાઈ !' પછી એ કંઈ કામ કહે, એમાં માલ ન દેખાય તો કહેવાય કે, આવા મામુલી કામમાં આવા ધક્કા ન હોય. બીજા કામ ક્યાં ઓછા છે ?' તો શું પરિણામ ? એ કે પેલો એમ જ પાછો જાય છતાં હૃદયમાં હિતશિક્ષા લઈને જાય ! જ્યારે **કઠોર વચનથી તો કષાયથી બળતા ઉપર અમૃતના સિંચનને બદલે ઘાસતેલ છાંટવા જેવું થાય.** સામો આમ લોભ વગેરે કષાયની આગ તો લઈને આવ્યો હોય; એ આગ કઠોર વચનથી પાછી વધે. **મમતાળુ શબ્દો દિલમાં પડેલા ઊંડા ઘા રૂઝવવા માટે અમૃતનાં છાંટણા છે.**

**આર્જવ કૌડિન્યની ઉચ્ચ માનવતા :** મુખ્ય તાપસના ઉત્તરમાં અગ્નિશર્માએ હતી તે વાત કરી. સવિસ્તર અહેવાલ આપ્યો. રાજકુમાર મારી આમ આમ કદર્થના કરતો હતો, વગેરે કહ્યું. પછી તાપસે શું કહ્યું, જાણો છો ? 'એ રાજકુમારો તો અભિમાની હોય છે, નાલાયક હોય છે, એવાનો તો રીતસર સામનો કરવો જોઈએ,' એવું કશું તાપસે ના કહ્યું. એ તો કહે છે. **'જો ભાઈ ! પૂર્વ ભવે ધર્મ ન કર્યો હોય એવા જીવોને અહીં વિટંબણા નડે છે. ને અહીં ધર્મ ન કરે તો ભવિષ્યમાં વધુ હેરાનગતિ !** તો ડાહ્યો થઈ તું ધર્મ કર.' એના દિલમાં રાજકુમાર પર દ્વેષ રહી ન જાય, એ માટે એને હવે આર્જવકૌડિન્ય કહે છે કે, 'જો આ સ્થાન રાજાઓના અપમાનોથી પીડિત માટે' દારિદ્ર દૌર્ભાગ્યના કલંકથી કંટાળેલા માટે, ઈષ્ટ જનોના વિયોગથી બળેલાઓ માટે, મહા આશ્વાસન અને રાહતનું સ્થાન છે. **આ સંસારમાં દુઃખ સંગકૃત છે. સંસારના કોઈ પણ પદાર્થ સાથે સંગ કર્યો કે એની**



**પાછળ અનેક વિટંબણા ઊભી થવાની.** એટલે કહો કે **સંગ કરીને દુઃખને નોતરું આપ્યું !** આ આશ્રમ સંગથી મુકાવનારો છે. અહીં હૃદયને મહાશાંતિ મલે છે. કોઈના પર દ્વેષ રાખવાનું અહીં કામ નથી. તું સુખેથી અહીં રહી શકે છે.''

**અગ્નિશર્માનો વિવેક :** અગ્નિશર્મા તો રહેવા ખુશી જ છે. એટલે એ બહુ જ નમ્રતાથી વિનંતિ કરે છે કે, 'જો દયા હોય આપની, અને ઉચિત લાગે, તો મને તાપસ વ્રત આપવા કૃપા કરો' એ સમજે છે કે, 'અહીં રહેવું હોય તો તાપસી દીક્ષા સ્વીકારીને રહેવાય. **મફતના રોટલા ન ખવાય. તેમજ વ્રત વિનાનું જીવન ધુળ.** વ્રત પણ કૃપાથી મળે' અગ્નિશર્મા આ વિનય ખાસ નિશાળમા નથી શીખ્યો. એ કાળનાં જીવન વિનયનાં જોયેલાં, એમાંથી શીખ્યો. આપણાં બચ્ચાં આપણી ધાકધમકીથી કે પોપટ પાઠ પઢાવવાથી જે નથી શીખતા, તે આપણી આચરણા જોઈને શીખે છે; આજુબાજુના લોકોનો વ્યવહાર જોઈ શીખે છે. ઊંધે ઊંધું.

પુરોહિતના પુત્ર અગ્નિશર્મા રાજપુત્રના રોજના ત્રાસથી કંટાળી વૈરાગ્ય પામી કોઈને કહ્યા વિના ચાલી આવ્યો છે; અને તપોવનમાં તાપસ કુલગુરુ આર્જવકૌડિન્યે ભાન કરાવ્યું. 'ભાઈ, આમાં રાજપુત્રનો દોષ નહિ, દોષ આપણા પૂર્વજીવનના કર્મોનો છે. **ઊંધા કર્મ કરીને આવીએ તો જગતમાં સીધું ન મળે.' મુસાફરીનો** માર્ગ ઊંધો પકડીએ તો સ્ટેશન સીધું ક્યાંથી મળે ? **ખાવાની વસ્તુ** ઊંધી ખાઈએ તો સીધી પુષ્ટિ ક્યાંથી મળે ? સુખથી વિપરીત વસ્તુ જે કષાયો તે સેવીએ અને સુખ કેમ મળે ? લીટી દોરવાની **આંકની ઊંધી** રાખીએ, લીટી સીધી ક્યાંથી આવે ? કર્મ ઊંધા હોય તો ફલ સીધા ક્યાંથી હોય ? ઊંધે ઊંધું !

**અગ્નિશર્માનો ઘોર અભિગ્રહ :** અગ્નિશર્મા ''ભગવન ! ખરીવાત. એમ છે તો હું વ્રતને ચાહુ છું ? જો યોગ્ય લાગે તો દયા કરી મને વ્રત આપો.''

**આર્જવકૌડિન્ય :** ''ભાઈ ! તારાથી વળી બીજો કોણ યોગ્ય ? પણ અમારો નિયમ છે કે પહેલા અમારા આચાર શિખવવા. એ શિખવ્યા પછી સારા મુહૂર્તે દીક્ષા આપવી. તો તું આચાર શીખી લે, તું જો, કે તારાથી પળી શકે છે કે, નહિ. આચાર શીખ્યા પછી સારું મુહૂર્ત જોઈ વ્રત અપાશે.' કેવી સુંદર મર્યાદા ! એથી જ જીવનમાં સુંદર વ્રત પાલન થાય. **મર્યાદાના હિસાબે જ કોઈપણ સંસ્થા રીતસર ચાલી શકે. અગ્નિશર્મા** કબુલ કહી રહ્યો ત્યાં. એનામાં ભારે અર્થીપણું હતું. હૃદયમાં ભારે પ્રેમ હતો. ટુંક સમયમાં જ આચાર શીખી લીધા. તાપસે એને સારા મુહૂર્તે દીક્ષા આપી. **દીક્ષા લેતાં જ આણે** (અગ્નિશર્માએ) **ઘોર અભિગ્રહ કર્યો** ભીષણ પ્રતિજ્ઞા કરી. કેવી ?

**'જીંદગીભર માસક્ષમણ ને પારણે માસક્ષમણ કરવા. એટલે કે મહીને એકવાર**

**જમવું તે પણ પારણાના માટે એક જ ઘરમાં જવું. ત્યાં પારણું થયું તો ભલે, ન થયું તો બીજે ન જવું. અને ત્યાં પણ બીજીવાર ન જવું. પછી બીજે મહીને વાત.'** ધારો કે ફાગણ સુદ એકમથી તપ શરૂ કર્યો, એ ફાગણ અમાસે પૂર્ણ કરી ચૈત્ર સુદ એકમે પારણું ચુક્યા તો પછી વૈશાખ સુદ બીજે પારણું. એય ન થાય તો પછી જેઠ સુદ ત્રીજે વાત. 'કેવો અભિગ્રહ ! કેવી પ્રતિજ્ઞા ! પાછું ત્યાંનું જીવન નાનું નહિ હોં, ક્રોડ પૂર્વ વર્ષનું બહુ મોટું ! અને એમાં પ્રતિજ્ઞા યાવજ્જીવની ! મહાવિદેહ ક્ષેત્રમાં આયુષ્ય ક્રોડ પૂર્વનું. એક પૂર્વ એટલે ૮૪ લાખ વર્ષ x (ગુણ્યા)' ૮૪ લાખ વર્ષ એટલે કે ચોર્યાશી લાખ, લાખ વર્ષ. બેચાર વાર નહિ, પણ ચોર્યાશી લાખ વખત જાય ત્યારે એક પૂર્વ થાય. એક વર્ષ-બે વર્ષ એમ ૮૪ લાખ વર્ષ એકવાર વીત્યા પછી ફરી એકથી લઈ એક-બે એમ ૮૪ લાખ વર્ષ વીતે, બીજીવાર, એમ ત્રીજીવાર, ચોથીવાર, હજારમીવાર, લાખમીવાર એ રીતે ચોરાશી લાખવાર-૮૪ લાખ વર્ષ પસાર થાય ત્યારે એક પૂર્વનો કાળ થાય. એવા પૂર્વ પણ એક બે નહિ, ક્રોડ પૂર્વ ! એમાં માસખમણના પારણે માસખમણો શું કલ્પનામાં આવે છે ? પછી સવારે ઉઠ્યા. ચાહ જરા મોડી થઈ તો તો આટળા ઉતાવળા ! માથા ભારે બૈરું મળ્યું હોય તો ટોણો સીધો મારે 'થોડીવારમાં આકળા ?' એ ટોણાથી ભાઈ ઊભાય થઈ જાય, પણ શા માટે ? ચાહના તૈયાર થતા કપની રાહ જોવા માટે. નોકારશી બદલે પોરશી કરવાનું જીગર ન મળે ! અને અહીં અગ્નિશર્માને આ માસખમણો ક્યાં સુધી કરવાનાં ? છ-બાર મહિના નહિ-વરસ નહિ-સેંકડો વરસ નહિ, લાખો પૂર્વ સુધી ! એક કરોડ પૂર્વ એટલે સો લાખ પૂર્વ. એક પૂર્વ એટલે ૭૦૫૬૦ અબજ વર્ષ એવા કેટલીવાર પસાર થાય ! સો બસો, હજાર બે હજાર લાખ બે લાખ વાર નહિ પણ સો લાખ વાર ! પસાર થાય શું ? ૭૦૫૬૦ અબજ અબજ વર્ષ. એવા જંગી દીર્ઘકાળ સુધી માસખમણ પારણે માસખમણ !! **જીવન કાંઈ બહુ આહાર પર નભતું નથી. આયુષ્યની બલવત્તરતા પર નભે છે.** આહાર એ ટેકો ખરો પણ આપણે માનીએ છીએ તેવો નહિ. એવું વાંચવાનું યાદ આવે છે કે અમેરિકામાં ત્રણ ઉંદર પર અખતરો કરવામાં આવ્યો હતો. એક ઉંદરને રોજ અનેક વાર ખવરાવવામાં આવતું. બીજાને આખા દિવસમાં એકી સાથે એક જ વાર. અને ત્રીજાને એકાંતરે ખવરાવાતું. એટલે એક દિવસ કાંઈજ નહિ ખવરાવ-વાનું અને બીજે દિવસે ખવરાવવાનું. એકાંતરે જેને ખવરાવવાતું. તે સૌથી વધારે જીવ્યો, રોજ એક વાર જેને ખવરાવાતું તે એનાથી ઓછું જીવ્યો. અને રોજ અનેક વાર જેને ખવરાવાતું તે સૌથી ઓછું જીવ્યો. અર્થાત્ વહેલો મર્યો. આ આજના પ્રયોગે પણ શોધી કાઢ્યું. પણ તમને દિલમાં વાત બેસે તો ને ! એક દિવસ ન



ખવાય તો અંદર અગ્નિ જાગે તે પછીના પદાર્થનો પૂરો રસકસ ખીચે. પરંતુ શરીરમાં ભરેલ હોય તો રસકસ ન ખીંચાય; તેથી એનો મેલ અને મળ થાય પછી ભલે ને ઘેબર હોય, જ્યારે ભૂખ્યા પેટે આયંબીલનું લુખું ભોજન હોય છતાં એનાથી શરીરને પુષ્ટિ મળે. શરીરમાં ભરેલ ન હોય તો એ લુખા ધાન્યનો રસકસ ખીંચાય.

**ધ્યાનમાં ચઢાય એટલે અંદરથી પ્રકાશ મળે.** અગ્નિશર્મા તાપસની તો ખ્યાતિ પ્રસરી. પ્રસરે જ ને ! બધા જેમ જેમ સાંભળે તેમ બોલે. 'અહો !! કેવા મહાત્મા ! શું પરાક્રમ ! કેવી પ્રતિજ્ઞા !' સામાના મસ્તક ઝૂકી જાય. મહીનો ઉપવાસ કરવાના, તે પણ કેવી રીતે ? સૂઈ સૂઈને નહિ ! શિલા પર પદ્માસન લગાવી ધ્યાનમાં બેસે, ને માથે છાયા હોય, આજુબાજુ ઉદ્યાન-કુટિર-કેળના છોડ હોય. વચમાં શીલા પર પદ્માસન લગાવી દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ પર સ્થાપી ધ્યાનમાં બેસે. પૂછો 'એ શું વિચારે ? આ પ્રશ્ન જે થાય છે, તે એટલા માટે કે ધ્યાન શું છે એની ખબર નથી એનો પરિચય નથી. કંઈક નહિ ભણેલા પણ માણસો એવા છે કે ખુશીથી માત્ર 'ૐ' નો જાપ દિવસ અને રાત કર્યા કરે છે. જાપમાં ટાઈમ ક્યાં પસાર થયો, એનો પત્તો નહિ ! હજાર-બે-હજાર-પચીસ હજાર લાખ. જાપ માટે ટાઈમ ખૂટે ! ધ્યાનમાં ચઢાય એટલે અંદરથી પ્રકાશ મળે. જ્ઞાન અંદરથી ખુલે તો બહારથી મળતું જ્ઞાન ખીલે. ગુરુ પાસેથી જ્ઞાન મળે તે બહારથી કહેવામાં પણ અંદરથી જો ખુલે તો એ ખીલે ! એ માટે સંસારની માયા મૂકી અંદર લીન થવું જોઈએ ! કોઈકને ચૌદ પૂર્વ છતાં પણ ઉત્કૃષ્ટ આંતર લીનતા વિના કેવળજ્ઞાન ન આવ્યું, પણ માષતુષ શબ્દ ગોખતા, કે ઉત્તરાધ્યયનની એક ચોથા અધ્યયનની ગાથા ગોખતાં અંદરથી ખુલતાં કેવળજ્ઞાન થયું. તપસ્વીઓ બેસી રહ્યા અને કુરગડુએ પર્વ દિવસે એ તપસ્વીઓના થુંકથી મિશ્રિત કુર ખાતાંખાતાં આંતરલીનતાથી કેવળજ્ઞાન લીધું. ક્રિયા ખાવાની છે, પણ એનું ચિત્ત-એનો આત્મા ક્યાં ? અંતરમાં લયલીન થઈ ગયેલો. બહારનું જોવાનું મૂકી માત્ર પોતાના આત્માનું જોવામાં મશગુલ, ત્યારે બીજા સાધુઓની ક્રિયા તપની હતી. પણ મશ્કરી કરતા હતાં કુરગડુની 'આજ પર્વ દિવસે ખાવાનું ? દુકાળમાંથી આવ્યો ? શું સાધુપણું ખાવા માટે લીધું ? એમ બાહ્યમાં લીન એવા એ તપસ્વીઓ ત્યાં જ ઊભા રહ્યા, ને કુરગડુમુનિ પસ્તાવો કરતાં તેરમે ગુણઠાણે પહોંચ્યા. કેવળજ્ઞાન લીધું. ધ્યાનમાં વિચારણા અંદરના પ્રકાશથી ઘણી થાય. વિચારો કરવાના ક્યાં થોડા છે ? જીવનો, કર્મનો, આશ્રવોનો, એકેક પાપસ્થાનકનો, એની સામે એકેક ધર્મસ્થાનકનો. બાર ભાવના વિષયનો, આજ્ઞાનો, ચૌદ રાજલોકનો, ઈત્યાદિનો વિચાર કરી શકાય એમ છે. મહાપુરુષોના એકેક જીવનના એકેક પ્રસંગનો, પરમાત્માના ગુણોનો, શક્તિનો,

ઉપકારનો વિચાર કરી શકાય. સ્થિર થઈ અંદરનું ખોલવું જોઈએ. છેવટે જગતને ભૂલવાનો માનસિક યત્ન થાય. માત્ર આત્માની દર્પણસમી અવિકારી શુદ્ધ અવસ્થા વિચારાય. એમાં જગત જેવું છે તેનું પ્રતિબિંબ માત્ર પડે, અર્થાત્ જ્ઞાનમાત્ર થાય. એના પર કોઈ રાગદ્વેષ નહિ, કિંમત આંકણી નહિ-ધ્યાનનો અભ્યાસ કરવો છે ? તો ઘણા આલંબન છે. નવપદનું મહાન આલંબન છે.

**ગુણ અબુઝનેય આકર્ષે :** અગ્નિશર્માને ધ્યાન સાથે માસખમણનો અભિગ્રહ પાળતાં લાખો પૂર્વ પસાર થઈ ગયાં. કરોડો-અબજો-પરાર્ધો વર્ષોનો હિસાબ નહિ ! મહાતપસ્વી તરીકે ચારેકોર એની ખ્યાતિ પ્રસરી. લોકોનો ત્યાં પક્ષપાત થયો. શાસ્ત્ર કહે છે કે, 'જો કે ગુણ વિષે જે પક્ષપાત કરવાનો, તે મોક્ષ માટે જ કરવાનો છે. પણ એટલું સમજ જે કે લોકમાં કીર્તિ-માન-સન્માન જોઈતાં હશે તોય તે ગુણના ઉપર પક્ષપાત કરવાથી મળશે. ગુણ તો અબુઝનેય આકર્ષે; જાણકાર આકર્ષાય એમાં શી શંકા ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૩૭,તા.૨૦-૬-૧૯૫૩

**માનવ પશુની જેમ છેલ્લા શ્વાસ સુધી બાથ ભીડી બેસી ન રહે :** પૂર્ણચંદ્ર રાજાએ ગુણસેનના ઉંમરમાં આવ્યેથી લગ્ન કર્યાં. પછી ક્રમે કરીને તેનો રાજ્યાભિષેક કર્યો, અને પોતે કુમુદિની સાથે તપોવનમાં વાસ કરવા ચાલી નીકળ્યો. આ રાજા શ્રાવક નથી હોં કે; એ મિથ્યાધર્મી છે, પણ બલિહારી છે આર્ય દેશની કે અમુક ઉંમરે, જ્યાં વ્યવહાર સંભાળનાર આવી મળે એટલે, મૂકીને ચાલી નીકળવું. કદાચ સંભાળનાર નથી તોય બીજાને ભળાવીને ઉંમરે તો નીકળવાનું જ. **માનવ માનવ તરીકે હોય તો છેલ્લા શ્વાસ સુધી પશુની જેમ સંસારને બાથ ભીડીને બેસી ન રહે.** આજે તો બધું નવું બની રહ્યું છે. આર્યદેશની પ્રજાની પણ સંસ્કૃતિ જાણે મરી પરવારી છે ! પણ સમજો કે અનાર્યોમાં આવું ચાલે. આપણે ત્યાં જરાય નહિ. વીતરાગનું શાસન તો આઠ વર્ષ થયા કે સંસાર મૂકવાનું કહે છે. એ પછી જ્યાં સુધી ન મૂકાય ત્યાં સુધી શ્રાવક પોતાને ઠગાયેલો માને ! શું સમજીને ? **જીવનમાં કર્તવ્ય સંસારત્યાગ છે, સંસારસંગ નહી.**

**ગુણસેનનું તપોવનમાં આગમન :** ગુણસેન સારી રીતે રાજ્ય કરે છે. અનેક સામંત રાજાઓ એની સેવા કરે છે. એણે પોતાની રાજ્યસંપત્તિ વધારી. દશે દિશામાં એનો નિર્મલ યશ ફેલાયો. એક વખત વસંતસેના પટરાણી વગેરે પરિવાર સાથે પ્રવાસે નીકળ્યા. આવ્યા વસંતપુરે. ક્યાં ? જ્યાં પેલું તપોવન છે.



અગ્નિશર્માવાળો આશ્રમ આ નગરની નજીક છે. લાખો પૂર્વો વીતી ગયા પછી આ વસ્તુ બને છે. લાખો પૂર્વ ગુણસેને સામ્રાજ્યમાં વીતાવ્યા ! અગ્નિશર્માએ માસખમણોમાં, ધ્યાનમાં ! કેવો ફરક ! મોટા સ્વાગત સાથે મહારાજા ગુણસેન નગરમાં પેઠા તે દિવસે નગરનું સૌ લોક મળવા આવ્યું. રાજા પ્રજાનો પરસ્પરનો વ્યવહાર પત્યો. પછી નગરનું અવનવું પૂછતાં તપોવન સંબંધી સાંભળ્યું. એટલે એ જોવા ખાસ ઈચ્છા થઈ. બીજે દિવસે યોગ્ય સમયે રાજા ત્યાં ગયો. જોયું કેવું શાંત તપોવન !'

રાજા આવ્યાનું સાંભળીને આર્જવકૌડિન્યે સામે તાપસ કુમાર સાથે ફલોની ભેટ મોકલી રાજાનું કુશલ પૂછાવ્યું. એ તાપસો જૈન ચારિત્રની કક્ષાએ નથી પહોંચ્યા, એટલે આ વ્યવહાર છે. નહિ તો સંસારના ત્યાગની સંસારમાં ફસેલા રાજાનીય શી ભક્તિ કરવાની હોય ? હવે જુઓ તાપસકુમાર કેવા વિવેકના શબ્દો કહે છે : 'મહાશય ! પવિત્ર પુણ્યશ્લોક કુલપતિ, એ ચાર આશ્રમના ગુરુ સંરક્ષક એવા આપના શરીરની સુખશાતા પૂછે છે. ચાર આશ્રમ કયા ? બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, અને સંન્યાસાશ્રમ. ઈતરોમાં આ ચાર આશ્રમ મનાય છે. રાજા એ આશ્રમોની રક્ષા કરે છે, અર્થાત્ ચારે અવસ્થામાં રહેલાને ધર્મ-વ્યવહાર સાચવવામાં રાજા સહાય કરે, ધર્મીને માન આપે, અધર્મીને શિક્ષા કરે. તાપસ-કુમારનો કેટલો વિવેક !

**સંસારના ત્યાગી પાસે ત્યાગની વાત સાંભળવા મળે, રાગની નહી :** ત્યારે મહારાજા ગુણસેન વિચારે છે કે, 'મારી ચિંતા કરનાર આ કુલપતિ !'

પૂછે છે 'ક્યાં છે એ પવિત્ર મૂર્તિ ?'

તાપસો કહે છે, 'નજીકના તપોવનમાં.' રાજા ગયો ત્યાં. કુલપતિને જોઈને ગુણસેનને ભક્તિ જાગી ! એક વખતના કૌતુકપ્રિય રાજાને અનેક તાપસોને જોઈને તથા આર્જવકૌડિન્યને જોઈને હૃદયમાં સંવેગ જાગ્યો. સંવેગ એટલે ધર્મપ્રેમ. કુલપતિને તથા તમામ તાપસોને વંદન કરી ગુણસેન કુલપતિ આર્જવકૌડિન્ય પાસે બેઠો. કેટલો વિવેક ! બધાંને વંદન કરી પછી બેઠો. આપણે તો આચાર્યને કે મુખ્યને વંદન કરી આ બેઠા ! ખરી રીતે બધાને વંદન કરી પછી બેસાય. તાપસ અને રાજા વચ્ચે વાતચીત ચાલી. શેની ? ધર્મની. રાજા પાસે તાપસ કઈ વાત કરે ? રાજા શું સાંભળવાની અપેક્ષા રાખે ? **સંસારના ત્યાગી પાસે ત્યાગની વાત સાંભળવા મળે. રાગની નહી.**

**ગુણસેનની પ્રાર્થના :** ગુણસેન ઉઠતાં તાપસ કુલપતિને વિનંતિ કરે છે, 'પ્રભુ ! સકલ પરિવાર સાથે મારે ઘેર પધારી ભોજન કરવાનો લાભ મને આપો.'

કુલપતિ : 'વત્સ ! એક અગ્નિશર્મા તાપસને છોડીને એ બની શકે.'

'કેમ પ્રભુ ?'

'રાજન ! એ મહીને એકવાર જમે છે, તેય જ્યાં પારણે જાય, જે ઘરમાં જાય, ત્યાં મળે તો ભલે, નહિ તો બીજે નહિ જવાનું, અને એ ઘરમાંય બીજી વાર નહિ જવાનું. પછી બીજે મહીને વાત જાય. આવી મહાપ્રતિજ્ઞાને એ તાપસ લાખો પૂર્વોથી વહન કરે છે. આ મહિનાનો તપ હજી પૂરો થયો નથી. તેથી એના સિવાય તારી પ્રાર્થના કબુલાય.'

**રાજા કહે છે :** 'ઘણી કૃપા પ્રભુ ! પણ ક્યાં છે એ મહાતપસ્વી તાપસ ? હું દર્શન કરીને તો પાવન થાઉં.'

કુલપતિ એક શિષ્ય મોકલે છે. તે રાજાને એ તાપસ બતાવે છે.

**ગુણસેન અગ્નિશર્માનું મીલન :** અગ્નિશર્માના તપની વાત સાંભળી ગુણસેન રાજા ત્યાં ગયો, એણે અગ્નિશર્માને કેવો જોયો ? આંબાના વૃક્ષ નીચે પદ્માસને બેઠેલ, નાસિકાના અગ્રભાગે દૃષ્ટિ સ્થિર કરી પ્રશાંતચિત્તે ધ્યાનસ્થ રહેલ. એને જોઈને રાજા ખૂબ જ ખુશ થયો. ત્યાં બેઠો. થોડીવાર બાદ અગ્નિશર્માએ પણ ધ્યાન પારી શબ્દ સ્વાગત કર્યું.

**અગ્નિશર્માને રાજા તપવ્યવસાયનું કારણ પૂછે છે : તાપસની અદ્‌ભુત ઉત્તમતા : ગુણસેનને અજાયબી :** રાજાએ પૂછ્યું, 'ભગવાન ! જગતમાં ન જોયેલ, ન સાંભળેલ એવા મહા દુષ્કર કોટિના તપના વ્યવસાયને આપ કયા નિમિત્તથી કરવા તૈયાર થયા ?'

**અગ્નિશર્મા :** દારિદ્રનું દુઃખ, બીજાથી પરાભવ, શરીરની વિરૂપતા અને કલ્યાણ મિત્ર ગુણસેન રાજપુત્ર.' આ ચાર નિમિત્તે આ વ્યવસાય થયો છે. પોતાનું નામ આવ્યું એટલે રાજાએ પ્રથમની ત્રણ વાત પડતી મૂકી. મનમાં એને થયું કે, 'ગુણસેન એ તો મારું નામ. હું આજે રાજા છું. પ્રથમ રાજપુત્ર હતો. તેજ ગુણસેન. દારિદ્રાદિ દુઃખ તો કારણ બને, એ સમજાય તેવી વાત. પણ હું પોતે શી રીતે કારણ બન્યો ?' એમ રાજાને શંકા પડી. પ્રગટપણે ગુણસેન પૂછે છે, 'દારિદ્ર વગેરે તો કારણ બને એ સમજાય, પણ ગુણસેન રાજપુત્ર શી રીતે કલ્યાણમિત્ર કારણ થયો ?

અગ્નિશર્મા- 'જગતમાં ત્રણ પ્રકારના જીવો છે. ઉત્તમ, મધ્યમ અને જઘન્ય. ઉત્તમ માણસો કોઈની પ્રેરણા વિના આપમેળે ધર્મ કરે છે. મધ્યમ માણસો બીજાની પ્રેરણાથી ધર્મમાં જોડાય છે. જ્યારે, જઘન્ય માણસો તો પ્રેરણા છતાં ધર્મ આદરતા નથી.



શું કહ્યું ? ઉત્તમને સહેજે ધર્મ સૂઝે છે. એને કહેવું ન પડે. તરતજ ધર્મકાર્યમાં લાગી જાય, બીજાની પ્રેરણાની જરૂર નહિ. એ સમજે છે કે જીવન ચંચળ છે. લક્ષ્મી મલે છે, કાયા કુટિલ છે, કુટુંબ એ મોહજાળ છે. ત્રણના સદુપયોગમાં જીવનની શાબાશી છે. કંચન-કાયા-કુટુંબ તો અજ્ઞાનીને ભયરૂપ છે. એ એની મોહનીમાં જ અનેક પાપસ્થાનક સેવી દુર્ગતિમાં જાય છે. હું એવું ન કરું. માટે જ ધર્મ ખૂબ કરું.' મધ્યમ જીવને પ્રેરણા કરવી પડે. જઘન્યને પ્રેરણા કરો તોય ન સમજે. આપણે શેમાં ? ગુરુઓ તરફથી પ્રેરણાઓ કેટલી મળે ! અને આપણે એમાંની કેટલી પ્રેરણાને સફળ કરીએ ? કેટલીને ન ગણીએ ? જઘન્ય જીવો પ્રેરણાનેય ગણતા નથી. તો સહેજે ધર્મ કરવાની વાતેય શી ?

અગ્નિશર્મા કહે છે કે. મધ્યમ સ્થિતિના જીવને જ ધર્મમાં પ્રેરે તે સંસારમાં કલ્યાણમિત્ર છે. સંસારરૂપી કેદખાનામાંથી બહાર નીકળવામાં પ્રેરનાર કલ્યાણમિત્રનું કામ કરે છે.

રાજા વાત પામી ગયો, 'હું આને કેવો ખીજવતો હતો ? એજ આ તો મારા ગુણ ગાય છે ! છતાંય ફરી પૂછે છે; 'ભગવન્ ! કલ્યાણબંધુભૂત એવા એ રાજપુત્રે તમને ધર્મ વિષે શી પ્રેરણા કરી ?'

**અગ્નિશર્મા :** પ્રેરણા અનેક પ્રકારની છે. ગમે તે એક નિમિત્તે મને એણે ધર્મમાં પ્રેર્યો.

**હલકો વિચાર ખુદ કાળો છે :** રાજા અંદરખાને તાપસની અનુમોદના કરે છે. બાલપણે મારાથી પરાભવ પામેલો એ જ આ તાપસ ! કેવો એનો ધર્મપ્રેમ ! કેવી ઉદારતા ! ન મારું અપમાન, ન મારી નિંદા, કાંઈ બોલતો જ નથી ! જગતમાં સજ્જનોને પરનિંદાનો ભારે ભય હોય છે. ભલે પોતાનું બગાડ્યું હોય પણ સજ્જન બીજાની હલકી વાત ન બોલે. હલકો માણસ હલકી વાત બોલે, હલકો વિચાર કરે. **હલકો વિચાર હૃદયને કાળું કરે છે કેમકે હલકો વિચાર ખુદ કાળો છે.** હાથે કરી કાળા કોલસા કપડે ઘસવાથી કપડા પણ કાળા જ થાયને ?

**મહર્ષિઓ ચંદ્રબિંબ જેવા હોય છે :** ગુણસેન હવે બોલ્યો-આપને કદર્થના કરનાર, મહાપાપ કરનાર, નાલાયક, એ ગુણસેન નહિ પણ અગુણસેન હું પોતે !

**અગ્નિશર્મા :** એમ ન બોલ, ભલું થાઓ તારું ! તું શાનો અગુણસેન જેણે મને આ તપ વૈભવ પમાડ્યો ? રાજાને થાય છે, 'અહો માત્ર પરપિંડ પર નભનાર આ મહાતાપસનું કેવું ઉચ્ચ જીવન ! કેવું શુદ્ધ હૃદય !'

માસખમણના પારણે માસખમણ ચાલુ હોય, લાખો પૂર્વ વીતી ગયા હોય,

દ્રોહી સામે આવ્યો હોય, સામો વળી પોતાની મેળે જ પોતાને નાલાયક કહે, એ વખતે એક હલકી વાત કે હલકો હરફ નહિ. આત્માને ક્ષમા અને ઉદારતામાં કેવો કેળવ્યો હશે ! **ધર્મની લગની છે, ધર્મનું અર્થીપણું છે. એ જાગ્યા પછી હલકી વાત ન હોય.** રાજાને થયું, મહર્ષિઓ ચંદ્રબિંબ જેવા હોય છે, એમાંથી અગ્નિ ન વર્ષે.

**પારણા માટે પ્રાર્થના :** રાજાએ પૂછ્યું, 'ભગવન્ ! આપના તપમાં હજી કેટલા દિવસ બાકી છે ?'

**અગ્નિશર્મા :** 'પાંચ દિવસ'

**રાજા :** 'આપની પ્રતિજ્ઞા કુલપતિ પાસેથી મેં જાણી છે. પારણાને પાંચ દિવસ બાકી છે તો હું આગળથી પ્રાર્થના કરું છું કે પારણાના ભોજનનો લાભ, આપને વાંધો ન હોય તો મારે ત્યાં પધારી, મને આપશો.

હવે જુઓ કે આ મહાતાપસ અહીં કેવો હૃદયગ્રાહી ઉત્તર આપે છે. તાપસની વિશેષતાઓ ભૂલશો ના. માત્ર કાયિક સહિષ્ણુતા નથી, પરંતુ વાણી અને મનનીય અદ્‌ભૂત સહિષ્ણુતા છે.

**નિંદાનો એક બોલ નહિ ! :** ગુણસેને જ્યારે એને ખૂબ ચકાસ્યો હતો, એનું ખૂબ મંથન કર્યું હતું, ત્યારે ગમે તેટલી ચકાસણી ગમે તેટલું મંથન છતાં ગુણસેનની નિંદાની એક પણ વાત તાપસના મોંઢેથી બહાર નીકળી નથી કે 'જવા દો એ પાપીનું નામ.' આવી કોઈ હલકી વાત નહિ. તેય કઈ દશામાં ! ઓળખતો હોય તો મનાય કે મોઢે ન કહે, પણ પાછળ કહે, જો કે મોઢે કહેવું જોઈએ, પાછળ કહે એ તો કાયર. પણ આ તો તેમ પણ નથી. પોતે ઓળખતો નથી એ છતાં નિંદાનો એક બોલ નહિ કે એ ગુણસેન આવો આવો નાલાયક હતો વગેરે જેમ વાણીમાં નહિ તેમ મનમાંય નહિ. મને પણ એ બધું ગળી ખાધું હતું. **મંથન કરતાં જેમાંથી માખણ ન નીકળે એ દહીં નહિ.**

થયેલી વાતચીતમાંય શું હતું ? 'કેમ તપ કર્યો ?' તો કે દારિદ્રાદિ નિમિત્તોની સાથે કલ્યાણ મિત્ર ગુણસેન રાજપુત્રનું પણ એક નિમિત્ત મળ્યું એથી. 'એ ગુણસેનને શું નિમિત્ત આપ્યું' 'કોઈ એક. નિમિત્તો અનેક પ્રકારે હોય. જગતમાં ઉત્તમ પુરુષો, વિના નિમિત્તે, વિના પ્રેરણાએ સહજ ધર્મ કરે છે. મધ્યમો નિમિત્ત મળેથી, પ્રેરણાથી ધર્મ કરે છે ત્યારે જઘન્યો તો પ્રેરણાથીય ન કરે, હું મધ્યમ કોટિનો, તે નિમિત્ત મળ્યું એટલે આ ધર્મ કર્યો, આચર્યો.' કહો ગુણસેન રાજાને મંથનમાંથી શું નીકળ્યું ? દહીંમાં માખણ હોય, દહીંમંથન કરાય એટલે એમાંથી માખણ નીકળે. માખણ ન નીકળતાં બીજું નીકળે તો માનવું કે એ દહીં નહીં. તો આત્મા એ દહીં છે, ધર્મ એ માખણ છે. જો આત્માનું મંથન કરતાં માખણ ન નીકળે તો એ દહીં ન ગણાય. જ્ઞાનીના સર્ટિફીકેટની



જરૂર નહિ. જાતે શોધી શકાય કે અંદર શું છે ? વલોવે શું નીકળે છે ? દહીં વલોવતાં માખણ નીકળે, પણ કીચડ વલોવતાં ?

**સ્વપ્ન જેવા જીવલોકમાં આવતી કાલની શી ખાત્રી ? :** આખરે ગુણસેને કહ્યું, 'આપને પીડા કરનાર એ નાલાયક હું જ. તે ગુણસેન નહિ પણ અગુણસેન !'

**અગ્નિશર્મા :** 'ના ભાઈ ના ! એવું ન બોલ ! તું શેનો અગુણસેન ! તારા નિમિત્તે તો મને મહાન તપની વિભૂતિ મલી.'

અગ્નિશર્મા તો જૈન નહોતો. વીતરાગ તીર્થંકર દેવને પામ્યો નહોતો. તમે તો જૈન છો ને ? અરિહંત પ્રભુને પામ્યા છો ને ? તો આવડે છે આ શબ્દો ? ન આવડતા હોય તો ગોખી રાખો, ડગલે ડગલે કામ લાગશે, કર્મના થોક બંધાતા અટકાવશે. બીજું કાંઈ ન મળે તો કહેવાનું કે, 'ભાઈ ! તમે બગાડ્યું જ ક્યાં છે ? મને સમતાનો અભ્યાસ મળ્યો, કર્મક્ષયનો લાભ મળ્યો. ગુણસેનની પારણાની વિનંતિમાં અગ્નિશર્મા શું કહે છે-કેવું બોલે છે !

'મહાનુભાવ, કાલ કોણે દીઠી છે ! સ્વપ્નતુલ્ય આ જીવલોક છે એમાં કાલની ખબર નથી, તો પાંચ દિવસ પછીની શીય વાત ?'' શું કહ્યું તાપસે ? જીવલોક સ્વપ્ન સમાન. એમાં હમણાં જોયું તે પછી નહિ, આજનું કાલ નહિ. કોઈને સ્વપ્નું આવ્યું એના પર એ શ્રદ્ધા રાખી બેસે, ત્યાં કોકે ઢંઢોળ્યો તો ગયું બધુંજ ! ક્ષણવાર એમ થાય કે આ જગત પણ સ્વપ્નું ! વિચારે કે, 'મહેલ બંધાવીશું, વાસ્તુ કરીશું, કુટુંબ સાથે રહીશું મોજ કરીશું,' પણ એ પહેલાં પોતેજ ચાલ્યો જાય ! સ્વપ્ન તુલ્ય જગત છે. સ્વપ્ન ઉડતાં કશુંય નથી. સ્વપ્નસૃષ્ટિ એટલે સ્વપ્નના દર્શન સુધી. ઘડી પહેલાં જે સ્નેહીઓ અનુરાગવાળા હોય, તે પછી તેવા નથી દેખાતા. રાત્રે જેવા દેખાય તેવા પ્રભાતે નથી દેખાતા, પ્રભાતે જુદા જ દેખાય છે. 'તપને પચીસ દિવસ થયા છે; ચાલો હવે પાંચ દિવસ પછી પારણું થશે,' એવી આ તાપસને કલ્પના પણ નથી. 'સ્વપ્ન જેવા જીવનમાં કાલે વિઘ્ન નહિ આવે એની શી ખાત્રી ?

રાજા જાણે તાપસની મહત્તાની કસોટી કરતાં થાક્યો, કહે છે. 'સમજ્યો' આપ કહો છો એ તદ્દન સાચું છે. જો વિઘ્ન ન આવે તો તો મારે ત્યાં પારણાનું સ્વીકારો'' અગ્નિશર્મા ઠીક, તારો આગ્રહ છે તો કંઈ વિઘ્ન નહિ આવે પારણું તારે ત્યાં થશે. રાજા હર્ષિત થઈ ગયો. મહાતાપસના પારણાનો લાભ પોતાને મળે એનો આનંદ કેમ ન થાય ? જગતમાં ગુણી પુરુષોના સન્માન અને ભક્તિ કરવાનું મળે એ એક મહાન કાર્ય છે.

**ભવિતવ્યતા અને કર્મની પરાધીનતા છતે, ગુમાન શા ? :** બીજે દિવસે અગ્નિશર્મા સિવાયના બીજા તાપસો રાજાને ત્યાં ભોજન કરવા ગયા. રાજાએ પણ તાપસોની ખૂબ સેવાભક્તિ કરી, અને કુલપતિ પાસે અગ્નિશર્માની અને એના મહાતપની ખૂબ ખૂબ પ્રશંસા કરી. તાપસો પાછા સ્વસ્થાને ચાલી આવ્યા. મહાતાપસના પારણાનો દિવસ આવ્યો, અગ્નિશર્મા તાપસ નીકળ્યો પારણા માટે. નિયત કરેલી વાત હતી; વિઘ્ન નહોતું; એટલે એ તો સીધો રાજમહેલ ગયો. બીજે જવાનું હતું નહિ. જ્યાં મહેલના પગથીયે ચડ્યો ત્યાં તો વાતાવરણ શૂન્યકાર જોયું ! કેમ ? કારણ કે રાજાને મસ્તકની ભયંકર પીડા ઉપડી હતી. રાજાને કંઈ ભાન નહોતું. જુઓ ભવિતવ્યતા. **એવી ભવિતવ્યતાની પરવશતામાં કે કર્મની પરાધીનતામાં માણસ શો ગર્વ રાખી શકે કે હું ધાર્યું કરું ?** રાજકુલ આખું વ્યાકુલ થઈ ગયું હતું. વૈદ્યકશાસ્ત્રના નિષ્ણાત મોટા મોટા વૈદ્યો બેઠા હતા, ઉપચારો કરતા હતા. 'આ લેપ વટાવો, આ વટાવો. આ લગાડો, તે લગાડો. આ કરો. તે કરો,' એમ ઉપાય કહેતા અને કરતા કરાવતા હતા. છતાં કોઈ રીતે રાજાની પીડા શમતી નથી. મંત્રીઓ પણ શું કરે ! હતા તો સુરગુરુ બૃહસ્પતિનીય બુદ્ધિને તુચ્છકારે એવા પણ આમાં શું કરે ? જે જેમાં નિષ્ણાત હોય તે તેમાં કામ આવે, બીજે નહિ. જેણે સંસાર ડોહળ્યો હોય તે સંસારના નિષ્ણાત; ધર્મ સંબંધમાં એ નિષ્ણાતતા કામ ન આવે. ધર્મી આત્માની, વિરાગી આત્માની પરીક્ષા એ શું કરી શકે ? પુરોહિતો શાંતિ કર્મ કરતા હતા ! તેવા પાઠનો જાપ કરતા હતા, દેવને બલી અપાવતા હતા, મંત્રો જપતા હતા. રાણીઓનું અંતેપુર ઉદ્વિગન હતું, એમના આભુષણો, એમની માળાઓ, એમના અળતાના લેપ વગેરેના શૃંગાર એમ ને એમ રહ્યા. આંખમાંથી આંસુઓ વહી રહ્યા હતા. હથેલીમાં મસ્તક મૂકી તેઓ શોકમાં ગરકાવ થયા હતા. માત્ર રાણીઓજ નહિ, કન્યા બચ્ચાંઓએ પણ ક્રીડા છોડી દીધી હતી. ગાવાનું-નાચવાનું-ખેલવાનું વગેરે સઘળી આનંદની હીલચાલ બંધે વાજિંત્રના પણ અવાજ નહિ ! પ્રતિહારીઓ પણ શ્યામ મુખવાળા ! ખિન્ન મનવાળા ! રસોઈઆઓ વગેરે પણ કામ મૂકી એક સરખા શોકનિમગ્ન છે. બધાંય શોક સમુદ્રમાં ગરકાવ થઈ ગયા છે. શૂન્યકાર શૂન્યકાર છે.

**આપનો દેહ કરમાયેલો કેમ ? :** અગ્નિશર્મા આ બધું જોઈ રહેલ છે. સ્હેજ ઊભો રહી પાછો ચાલી નીકળ્યો. ન કોઈએ એને બોલાવ્યો, ન કોઈએ એને સત્કાર્યો. તાપસ શું ગોલૌયો હતો કે એમ ઘુસે ? એમ નહોતો આવ્યો. તો પછી પારણાનું શું ? જે થવું હોય તે મર્યાદા તે મર્યાદા. એ તો ગયો સીધો તપોવનમાં. તાપસો કાયમની જેમ આજેય રાહ જોતા હતા. દરેક પારણા વખતે રાહ જુએ,



પારણું કરીને આવે એટલે જરા તાજગી દેખાય, એટલે એ હરખાય. પારણા વિના આવે તો જરા મુખ-દેહ કરમાયેલ જોઈ દીલગીર થાય. એમને દુઃખ થાય. અગ્નિશર્મા આવ્યો, તાપસોએ મોં પર તાજગી ન જોઈ, દેહ પૂર્વ જેવો જ કરમાયેલો દીઠો. પૂછ્યું 'પારણું ન થયું ? મહાભાગ ! દેહ આપનો કરમાયેલો કેમ ?'

**અગ્નિશર્માની અદ્ભુત સમતા :** અગ્નિશર્મા એનો સ્વસ્થપણે ઉત્તર આપે છે, દીનતાથી નહિ લેશપણ દીન બન્યા વિના જુઓ, એ મહાતાપસ કેવો સુંદર ઉત્તર આપે છે ! એને લાખો પૂર્વના માસખમણ થયા છે, કાયાને કેટલો ઘસારો પહોંચ્યો હશે ! છતાં, 'મને પારણું ન થયું, મહિનો ખીંચવો પડશે,' એવી લેશ પણ દીનતા નથી. શિષ્યોએ પૂછ્યું- 'આપ પારણું કરવા ગયા તો રાજાને ત્યાં ન પેઠા ?' એના ઉત્તરમાં અગ્નિશર્મા કહે છે : 'પેઠો તો હતો, પણ રાજા બિચારો બહુ માંદો પડી ગયો હશે, ત્યાં તમામ પરિવાર ઉદ્વિગ્ન શોકાતુર જોવામાં આવ્યો. એ મારાથી જોવાયું નહિ.' દયાળુને દુઃખીનું દુઃખ ક્યાં સુધી જોવું ગમે ? 'મને એ ન ગમ્યું-મારાથી એ ન જોવાયું. માટે હું ચાલી નીકળ્યો.' પારણું ન થયાનું કોઈ રોદણું નથી, રાજાને ગાળ દીધી નથી. તાપસો સાથે પણ ચડાઉતરી કરી નહિ ! એવું બને છે, દોષ કોઈનો હોય, અને પોટલો બીજાના માથે ચઢાવાય ! અહીં તો ખુબ શાન્તિ !!

**પ્ર.**- સભામાંથી- આ ગુણ શાનો ?

ઉ.- માર્ગાનુસારિતાનો, આર્યદેશમાં થયેલ જન્મનો. વિચારવા જેવું તો એ છે કે આ અગ્નિશર્માને વીતરાગ પરમાત્માનું શાસન નથી મળ્યું. છતાં આ સમતા ! તે વળી સમતા ખાધેપીધે નહિ, પણ એકેક માસના ઉપવાસના અંતે અને બીજું માસખમણ શરૂ થઈ જવાના પ્રસંગે ! આપણે તો વીતરાગના અનુયાયી. તે પાછાં ખાતીપીતી સ્થિતિમાં. છતાં અવસરે ખામોશ, સમતા અને સહિષ્ણુતા કેટલી ! ધ્યાન રાખો કે મનને નિશ્ચિત બનાવી એમાં ઓછા વધતા પુરુષાર્થ વિના આગળ નહિ વધાય.

**તાપસોની સમતા :** અગ્નિશર્માએ કહ્યા પછી વળતા તાપસો પણ કહે છે. "એમાં શું સંદેહ ? રાજા જરૂર માંદો પડી ગયો હશે, નહિ તો તપસ્વી જનની ભક્તિમાં સાવધાન એવો રાજા તમારી ભક્તિ કેમ ન કરે ? અને આપના પર તો એમને બહુમાન છે. કુલપતિ પાસે આપની ખૂબ પ્રશંસા કરતા હતા. એ અમે સાંભળી છે; એ આપની ભક્તિ કર્યા વિના ન રહે પણ નક્કી માંદો પડ્યો હશે. ત્યાં શું થાય ?"

**જાતની વિશેષતા બહુ મનાય એટલે ન છાજતું બોલાય, વિચારાય, વર્તાય :** શ્રી ઋષભદેવ ભગવાનનો જીવ ધનાસાર્થ વાહ, મુનિ પાસે જઈને જ્યારે ક્ષમા માગે છે ત્યારે 'હે ભગવાન્ ! વિહારમાં મેં આપની સંભાળ ન રાખી કાળજી ન કરી આપનો મેં વિશ્વાસઘાત કર્યો,' 'ત્યારે મુનિ શું કહે છે. એવું ન બોલ ! તારા સાર્થના હિસાબે તો અમારો વિહાર સુખરૂપ થયો; અટવી ઓળંગાઈ. વાત તો સાચીજ છે. પણ સારું તત્ત્વ લક્ષમાં ન લેતાં નરસું લે, તો તો કહે : 'લઈ આવ્યો મોટા ઉપાડે ! પ્રાસુકપાણી જોઈએ વગેરે ખબર ન હોતી ?' સામાનો દોષ કાઢવામાં જાતની વિશેષતા મનાય છે ત્યારે સારું તત્ત્વ ભૂલાય છે. પછી તો આપણી જાતની વિશેષતા બહુ લાગે એટલે આપણા હાથે ન છાજતું બોલાશે, ન છાજતું વિચારાશે, ન છાજતું વર્તાશે ! જાતની વિશેષતા એટલે ? હું વિદ્વાન સાધુ, સારો આગેવાન શ્રાવક, ધર્મક્રિયા કરનારો, દાન કરનારો, વહીવટ કરનારો, બધાને ભણાવી શકનારો.' આવું આવું હૃદયમાં જેને બહુ વસી ગયું હોય, એ કસોટીના અવસરે દેવાળું કાઢે. સામાના ગુણની કદર ગુણનો પ્રેમ પ્રશંસા ભૂલી આ બોધ કરશે !

**શાનો વ્યાપાર ક્યાં થાય ? બજાર ઓળખી વેપાર કરતાં નથી આવડતું :** આમ તો ઉદારતા ભર્યા વચનો કાઢવાનો અવકાશ ક્યારે આવે ? સામો આપણી પ્રશંસા કરે ત્યાં નહિ; સામેથી ટોણા આવે ત્યારે ઉદારતા (હૃદયની) છે કે નહિ તે જણાઈ આવે. તમે મીઠું બોલો, પ્રશંસા કરો, કોઈને 'સાહેબ સાહેબ' કહો, ત્યાં એને ચડભડવાનું હોય શાનું ? ક્ષમા જ છે ને ! ક્ષમાનો વેપાર ક્રોધના બજારમાં થાય. સામેથી ક્રોધ ઉપજાવે એવો વર્તાવ હોય ત્યાં આપણને ક્ષમાનો અવસર છે. નમ્રતા મૃદુતાનો વેપાર ઘમંડના વાતાવરણમાં થાય. પચીસ પસીચ લાખના આસામીઓ સામે બેઠા હોય અને પોતાની પાસે એક લાખ હોય, એમાં શું મૂછ આમળે ! પણ સામે પાંચ પાંચ હજારવાળા બેઠા હોય, પોતે લાખવાળો છે એટલે ઘમંડ કરી શકવાનું વાતાવરણ ગણાય; ત્યાં મૃદુતા, નમ્રતા રાખવાનો અવસર છે. ત્યાં એ વેપાર કરવો જોઈએ, કરી લેવો જોઈએ. જીવ ગમાર છે, વેપારનો બજાર મળે ત્યાં જ દેવાળું કાઢે છે ! ક્રોધ વગેરેનો ખાસ પ્રસંગ આવે, એ તો સાવધ થવાની તક છે. ક્રોધની સામે ક્ષમાનો વેપાર થાય, તેમ અહીં માનવભવમાં કરવો સહેલો. નરકતિર્યંચના ભવોમાં કારમા ત્રાસ વખતે ક્ષમા ક્યાં રહેવાની હતી ? માટે જ આ ભવનો ઉપયોગ ક્ષમા કેળવવામાં કરી લો, સામો તુચ્છ વર્તન કરે ત્યાં



ઉદારતા દાખવી લો. માયા સામે સરલતાનો વેપાર કરી લો. આત્મા દોષ સામે ટક્કર લે એમાં આત્માની જિત છે. દોષ અવગુણને ઉભવા ન દે એમાં જિત, એ ટકે એમાં આત્માની હાર. દોષના પોષણ પર આત્માની હાર.

**તાપસના ગયા પછી રાજાની પીડા ટળી :** તાપસોએ રાજા તરફ દિલસોજી બતાવી એ ઉપરથી અગ્નિશર્મા કહે છે : "ગુરુજનના ભક્ત એવા આ રાજાને સારું (આરામ) થાઓ ! મારે આહાર સાથે બહુ નિસબત નથી. હવે મારે એક મહિનાના ઉપવાસ છે." ચંદનને લસોટવાથી સુગંધ અને શીતલતા આપે છે. એ તો એજ આંબાનું વૃક્ષ, એજ શિલા, એજ પદ્માસન, એજ એકાગ્રતા, અને એજ ધ્યાન. તાપસ ત્યાં બેઠો ધ્યાનમાં, એજ વખતે અહીં રાજાની પીડા ટળી. જુઓ ભાવી ભાવ ! માણસ ગમે તેટલું ધારે કે હું આમ કરી લઉં, તેમ કરી લઉં.' પણ આત્મામાં ગુપ્ત પડેલા કેવા કર્મ ક્યારે ઉદયમાં આવશે અને કેવી ઉપાધી કે અગવડ ઊભી કરશે એની એને ક્યાં ખબર છે ? પછી ગમે તેવી ધારણા ધુળમાં રગદોળાય છે ! એ સૂચવે છે કે કર્મની પરવશતાનો અંત આણો.

**મસ્તકની વેદનાથી કારમી પીડા :** જેવી પીડા ટળી કે એ ઉઠ્યો સફાળો !

પૂછ્યું 'કોઈ તાપસ પારણા માટે આવેલ ?'

જાણવા મળ્યું કે 'હા ! કોઈ તાપસ આવ્યો હતો.'

'પછી ?'

'થોડીવાર ઊભો રહ્યો, કોઈએ ન બોલાવ્યો, એટલે એ ચાલ્યો ગયો.'

'અરરરરરરર !' રાજાને કમકમી આવી ગઈ. રાજાને જે પીડા શીર્ષ (મસ્તક) વેદનામાં નહોતી એવી કારમી પીડા મહાતાપસનું પારણું ચુકવવાથી ભોગવી રહ્યો છે !

**રાજાનો વિલાપ :** રાજા ભારે વિલાપ કરે છે : 'અહો ! હું કેવો અધન્ય ! કેટલો હું હીણભાગી ! કેવો મહાલાભ ચૂક્યો ! કેવો હું પાપી કે તપસ્વીના દેહને આહારના અંતરાયથી પીડા કરનારો થયો ! અરે ! મારા હાથે અનર્થ થયો ! મારે ઘરેથી નીકળ્યા પછી અહીં બીજી વાર પણ ન આવે એટલે હું બોલાવું તોય નહિ આવવાના અને બીજે તો જવાનું જ બંધ એટલે બીજેય નહિ જવાના. એટલે ઉપર એક માસખમણ ઉપર બીજા મહિનાના ઉપવાસ ! અહા-હાહા ! તપસ્વીના દેહને મેં કેટલી અશાતા ઊભી કરી !

**માર્ગનો પ્રભાવ :** અગ્નિશર્મા એની ઉત્તમતામાં છે : રાજા એની ઉત્તમતામાં છે. બેયની ઉત્તમતા છતાં એમાંય અગ્નિશર્મા ક્રોધે આખા જ વર્ષનો માસખમણી છતાં માર્ગ નહોતો પામ્યો તો એ કેવો બૂડ્યો અને ગુણસેનને માર્ગ જડ્યો તો એ

કેવો ચઢી ગયો તરી ગયો, એ આગળ સમજાશે. અત્યારે તો અગ્નિશર્મા ઉત્તમ છે. રાજા લાયક છે. લાયકાત ન હોય તો કહે અમારુંજ ઠેકાણું નહોતું ત્યાં બીજાનું અમે શું કરીએ ! ન ય ધ્યાન રખાય !' થોડું જ જાણીને કર્યું છે ! ગુણસેન એવી અધમ વિચારણા નથી કરતો. એ તો ભારે વિલાપ કરી રહ્યો છે. ત્યારે અગ્નિશર્મા બીજા માસ ક્ષમણે ધ્યાનસ્થ છે.

**રાજા ઝૂરે છે :** રાજાના માથામાં શૂળની પીડા ઉપડી હતી તેથી અગ્નિશર્માને પારણું ન થયું, ન કરાવી શકાયું. રાજાને આરામ થતાં, ખબર પડી એટલે અતિ આક્રંદ કરે છે. પાર વિનાનો વિલાપ કરે છે. હું મહાહીણભાગી ! આખા જગતમાં ! ઝૂરી રહ્યા છે, ઝૂરી ઝૂરી એ આખો દિવસ અને રાત પસાર કર્યા. સવારે ઊઠી પોતે ગયો તપોવનમાં, કુલપતિના તથા તમામ તાપસોનાં એણે દર્શન કર્યા પછી કુલપતિ આગળ બેઠો; પણ શરમનું માર્યું માથું ઊંચું થતું નથી. તાપસોએ તથા કુલપતિએ આશીર્વાદ આપ્યા. રાજાને નત મસ્તક તથા ઉદ્વિગ્ન જોઈ, કુલપતિ સહજભાવે પૂછે છે કેમ ! કુલપતિના તથા તાપસોના મનમાં રાજાએ પારણું ચૂકાવ્યા બદલનો કોઈ વિકલ્પ નથી. તેથી રાજાના ઉદ્વેગનું કારણ નહિ સમજી શક્યા એટલે સહજભાવે કેમ આજે આટલી બધી વિચિત્ર દશા ! ઉદ્વિગ્ન કેમ ? તમને વાંધો ન હોય, છૂપાવવા જેવું ન હોય તો જરૂર કહો.' રાજાનું માથું નીચે નમેલું છે, દીર્ઘશ્વાસ લઈ રહેલ છે. વેદના અનુભવી રહેલ છે પણ એને કુલપતિના દિલસોજી ભર્યા વચનથી આશ્વાસન મળે છે. એને બદલે કુલપતિ જો કઠોર ઠપકા વચનથી રાજાની તાલ પાડે, તો રાજાના હૃદયમાં રહ્યા-સહ્યા લાગણીના તંતુ હોય એય તૂટી જાય. કોઈએ આપણી ભૂલ કરી હોય તોય એ દુઃખી થઈ, શરમાઈ, પસ્તાઈ, સંકોચાઈ સામે આવે ત્યારે ટોણાં ન મરાય, ઠપકા ન દેવાય.

**મા તે મા મટતી નથી; તપસ્વીજનો મા જેવા છે,**

**રાજા :** 'ભગવાન્ ! આપથી છૂપું રાખવા જેવું શું છે ? ગુરુથી છૂપાવવા જેવું શું ? ગુરુથી છૂપાવવાનું હોય એ શા માટે આવે ? બાકી હું તો આવવા લાયક નથી !'

**કુલપતિ :** 'તમારો વિવેક સુંદર છે. તારી ઉદ્વિગ્નતાનું કારણ કહે : તું લાયક જ છે.'

**ગુણસેન :** 'ભગવંત ! આપની આજ્ઞા છે માટે કહું છું; નહિ તો આવા ક્રૂર આચરણને કરનારો હું બોલવા લાયક ક્યાં છું ? મારે તો બોલવું એ મહા શરમભર્યું છે.''

**કુલપતિ :** ''તપસ્વીજનો આગળ બોલવામાં શરમ શી ? શું ખબર નથી કે તપસ્વી જનો જગત માટે માતા સમાન છે ?'' કુલપતિના શબ્દો સૂચવે છે કે



તપસ્વીઓ પર માતાની જેમ કેટલો વિશ્વાસ ! માનું કેવું વાત્સલ્ય ? ગમે તેવો ગુનેહગાર, ગમે તેવું અકાર્ય કરનાર પણ બાળક દિલ ખોલીને મા આગળ વાત કરી શકે. બાળક કદી વાત ન કરે તોય મા તે મા મટતી નથી. તપસ્વીજનોની પણ એવી સ્થિતિ છે. કુલપતિ કહે છે કે 'રાજન્ ! ઉદ્વિગ્નતાનું કારણ કહે; એ નિવારી શકાય તેવું હોય તો નિવારાય.

**રાજાનો નિખાલસ ઈકરાર :** કુલપતિના આ સુંદર પ્રિયવચન ઉપર હવે ગુણસેન પોતાની પૂર્વની જુગજુગની વાત યાદ કરી કહે છે. 'આ આપના મહાતાપસ અગ્નિશર્મા ! હું હીણભાગી, અવિચારી કાર્ય કરનારો, મનુષ્ય જાતને ન છાજે તેવી આચારણામાં રક્ત એવો હું; મારે લઈને એ કંટાળ્યો ને તાપસ બન્યો.' રાજા લાખો પૂર્વ વીતી ગયા છતાં જુગજુની વાતને યાદ કરે છે, ભૂલ્યો નથી સજ્જનના હૃદયમાં પોતાની અવળ ચંડાઈનો ખ્યાલ જાગૃત હોય છે. એ ન ભૂલાય, કારણ કે ફરી ફસી ન પડાય. રાજા કહે છે 'મારા અનાડીપણાથી એ તાપસ થયો. ગામ મૂકી અહીં આવીને મહાતપ તપનાર બન્યો ત્યાંય મેં એનો કેડો ન મૂક્યો, મે તો પાછી દુર્જનતાની દુર્જનતા કરી.

**કુલપતિ કેટલી હદે આશ્વાસન આપે છે :** રાજાએ કાંઈ ભૂલ કરી છે એવું કુલપતિને ખ્યાલમાં નથી આવતું. જો કે એ મહાતાપસને પારણું ન થયાનું જાણતા જ હતા પણ એમાં રાજાની કસુર જ એ દેખતા નથી, એટલે એ સંબંધી હૃદયમાં કાંઈ છે જ નહિ. તેથી કુલપતિ કહે છે, 'હે રાજન્ ! એમ ન બોલ ! તારાથી તો એ તપવૈભવમાં આટલે ઊંચે પહોંચ્યો ! એનો ઉદ્ધાર થયો; એમાં તારી દુર્જનતા શી ? અમને તો કાંઈ ખામી તારામાં નથી દેખાતી. તો પછી તારે શા સારુ ઉદ્વિગ્ન થવું પડે ?''

એના ઉત્તરમાં ગુણસેન કહે છે કે, 'ગઈકાલે એ મહાતાપસને પારણાનું આમંત્રણ મારે ત્યાં હતું. એ તો નહોતા માનતા, પણ પરાણે મેં સ્વીકાર કરાવ્યો હતો. એ મારે ત્યાં પારણા માટે પધાર્યા હતા, પણ પાપાત્મા એવો હું પારણું ન કરાવી શક્યો. મારા મસ્તકમાં વેદના ઉપડી, હું મારી પીડાના ધ્યાનમાં રહ્યો. મેં એમને પારણું ચુકાવી આહારનો અંતરાય કર્યો, મેં દુર્જનનો વર્તાવ કર્યો.''

**કુલપતિ :** ''વત્સ ! આ શું બોલે છે ? જગતમાં જ્યારે પ્રાણીઓ તીવ્ર વેદનાથી પીડાય છે ત્યારે એ બિચારા કાર્યાકાર્ય બધું ભૂલી જાય; એમાં એમનો દોષ નથી. બેભાન અવસ્થામાં, અસ્વસ્થ અવસ્થામાં, કરવા જોગ ન કરી શકાય; ન કરવા જોગ થઈ જાય, એ સ્વાભાવિક છે. એમાં તેં અંતરાય શો કર્યો ? ઊલટી એને તપની સંપદા વધી. બીજા માસખમણનો તપ મળ્યો.'' અહીં જુઓ કે

'અગ્નિશર્મા તો ઠીક હવે પોતાનો શિષ્ય છે. પણ રાજાને સવાસલો કરવા દો, સારું લગાડવા દો' એમ નથી. જે વાત અગ્નિશર્માના હૃદયમાં છે, જે વાત તાપસોના અને પોતાના હૃદયમાં છે, તે જ મુખે કુલપતિ કહે છે, અને કુલપતિએ કહેલ વસ્તુ વિચારવામાં આવે તો જરૂર લાગે કે રાજા પ્રત્યે જરાય રોષ ન થાય. પોતાને જ કોઈ ચુંકની, ચોટની, કે ગુમડાની તીવ્રપીડા ઉપડી હોય તે વખતે સૌનો અનુભવ છે કે બીજું કશું યાદ આવતું નથી. ખુબી એ જ છે કે માત્ર આપણા સ્વાર્થની દૃષ્ટિએ કોઈ વસ્તુનો વિચાર કરીએ, તેના કરતાં સામાની પરિસ્થિતિ જોઈને વિચાર કરીએ, તો હૃદયમાં સજ્જનતાનો વિસ્તાર થાય છે. પછી તો સૌમ્ય ભાષા અને વત્સલ પ્રવૃત્તિના જાદુઈ અંજામણથી લોક અંજાય છે.

**કુલપતિની અનહદ કૃપા ! :** કુલપતિ "વત્સ ! તું ઉદ્વિગ્નતા ન કરીશ."

**ગુણસેન :** "મને પારણાનો અનુપમ લાભ મળ્યા વિના ઉદ્વિગ્નતા જાય શી રીતે ?"

કુલપતિ પણ વિચારે છે, "વાત પણ ખરી. પારણું તો ન થયું, પણ પારણા વિના આની ઉદ્વિગ્નતા મટે શી રીતે ?" એટલે કુલપતિએ કહ્યું : "વત્સ ! હવે જો નિર્વિઘ્નતા હશે, કોઈ વિઘ્ન નહિ હોય, તો આવતું પારણું તારે ઘેર થશે." રાજાને મહા આનંદ થયો, પણ આ પારણાની મહા નાજુક વાત એમ કાંઈ નક્કી કરી નાખવા જેવી નથી. તેમાંય રાજાના ઘેર એટલે કુલપતિએ અગ્નિશર્માને બોલાવ્યો. એ મહાતાપસનો હાથ પોતાના હાથમાં લઈ કહે છે : "મહાતાપસ ! તારું પારણું ન થવાથી રાજાને બહુ ખેદ થાય છે. એ રાજાને મસ્તકની પીડા ઊપડી હતી. એ પીડાની પરવશતામાં એને ભાન નહોતું એટલે એ પારણું ન કરાવી શક્યો. એ તારી સેવા ન કરી શક્યો. એમાં એનો દોષ નથી. પરંતુ એ બહુ ઉદ્વિગ્ન બન્યો. એની ઉદ્વિગ્નતાનું કારણ તારું પારણું ન કરાવી શક્યો એ છે તો એ ઉદ્વિગ્નતા ટાળવા તારું આવતું પારણું એને ત્યાં કરવા જવા મેં સ્વીકાર્યું છે. હવે મારા વચનથી, તથા રાજા પરના બહુમાનથી આવતા પારણાનો તું સ્વીકાર કર." કેવી કદરથી પોતાના શિષ્ય એવા પણ આ મહાતાપસને કુલપતિ કહે છે. ગુણના આદર એવાં જ હોય. નાના પણ ગુણ તરફ યોગ્ય વર્તાવ જોઈએ.

**અગ્નિશર્માને ભવિષ્યના ભયની કાયરતાનો એક પણ વિચાર નથી.** અહીં અગ્નિશર્માની બેવડી કસોટી છે. એક તો પારણાનું જોખમ અને બીજું ગુરુવચન. પહેલામાં આ તો રાજા; રાજા એટલે પ્રમાદી. એને ત્યાં એક નહિ, સત્તરસો કારણો હોય કંઈક જલોજથા હોય એમાં એકવાર તો તાપસ કટોકટીમાં મૂકાયો. ફરી ત્યાં જ પારણાનું ગુરુ કહે છે. જો ગુરુ પ્રત્યે વિનય-બહુમાન ન હોય તો તો એમ થાય



કે ગુરુને કાંઈ વિચાર છે કે નહિ ? મારી પ્રતિજ્ઞાનો કાંઈજ ખ્યાલ નથી ? ફરી પારણું ચુકાય તો ? તો શું, જાઓ ત્રીજા મહિનાના ઉપવાસ પર. એમને શું ? એમને તો બોલી નાખવાનું કે પારણું અહીં કરજે. આ તો તલવારની ધાર પર ચાલવા જેવી પ્રતિજ્ઞા છે." પરંતુ અગ્નિશર્માને આવો વિચાર જ નથી આવતો. ગુરુ વચનની કસોટીમાં એ બરાબર પસાર થાય છે. તેમજ ભવિષ્યના ભયનો કે કાયરતાનો વિચાર પણ અગ્નિશર્માને નથી આવતો, માટે જ આ વખતના તપને તપવૈભવની વૃદ્ધિ સમજે છે. સમજજો કોઈ પણ પદાર્થ કે કોઈ પણ પ્રસંગનું દર્શન સમ્યક્ કે મિથ્યા જેવું કરવું હશે તેવું થઈ શકશે. માત્ર દૃષ્ટિ પર આધાર છે. પારણું ચુકવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. હવે એ પ્રસંગને એમ પણ જોઈ શકાય કે, 'હાય ! કાયાને મળવાનું રહી ગયું, હવે ઉપર મહિનો ખેંચવો પડશે.' અને એમ પણ જોઈ શકાય કે 'જેવી ભવિતવ્યતા. ચાલો બીજા માસના તપનો એટલે કે એક સાથે બે માસના તપનો લાભ મળ્યો.' આ બીજી દૃષ્ટિ કેટલી સુંદર છે !

**અગ્નિશર્મા શું કહે છે :** 'જેવી આપની આજ્ઞા. પણ રાજા શું કામ ખેદ ધરે છે ? પરલોક વિરુદ્ધ એણે મારું કાંઈ કર્યું નથી. કાંઈ બગાડ્યું નથી (અર્થાત્ મારો પરલોક બગડે એવું તેણે એકેય કાર્ય કર્યું નથી) શી અગ્નિશર્માની સમતા ! માસખમણ પર પારણા વિનાનું બીજું માસખમણ શરૂ થઈ જાય, લાગુ થઈ જાય, વળી સામે પારણું ચૂકવનારો જ દુશ્મન જેવો આવીને ઊભો રહે, છતાંય 'વાત બની ન બની' કરીને સમતાભરી વાત કરે, એ કેટલું દુષ્કર ! નહિ તો તો કહી શકાય. 'બેસ બેસ હવે, મોટો ખેદવાળો જોયો તને ! અમારું કાંઈ ભાન છે ? તને મોટો ખેદ થયો, અને માસખમણનું પારણું ન થયું તેને ખેદ નહિ ! તપસ્યા બહુ કરેલીને તે તને ખબર પડે ! અમારા તો શરીર લાકડાંના ? જીવતાં નહિ ? "પણ આમાંનુ કશું સંભળાવવાની વાત નહિ, એ અગ્નિશર્માની કેવી સમતા ! માસખમણને પારણે પારણું ખોવાઈ જાય, બીજું માસખમણ લાગું થાય છતાં અનહદ સમતા ! આપણે તો નોકારશી, આંબેલ, એકાસણામાં જરા વાંકુ-ચુંકું થયું તો ધુંઆપુંઆ ! છતાં પાછા અગ્નિશર્મા કરતાં વડાઈ માનીએ કે 'અગ્નિશર્મા જૈન ધર્મ નહોતો પામ્યો. અમે તો જૈન ધર્મ પામ્યા છીએ. એને વીતરાગ નહોતો મળ્યા. અમને દેવાધિદેવ શ્રી વીતરાગ મળ્યા છે.' પણ આ વડાઈની પાછળ જોખમદારી માની છે. તેથી તો નાના મોટા કષ્ટો આકુલ-વ્યાકુલતાના પ્રસંગે અગ્નિશર્મા આંખ સામે ખડા થાય, આપણે તો દિવસ ગણાય ૧૪ રહ્યા, ૧૩ રહ્યા. શાના ? એકાસણાં-બેસણાં-આંબેલ ધાર્યા હોય એના ! એ પુરું થયે, પારણા વખતે ગયો ભોગ કથામાં ! જ્યારે અગ્નિશર્માની સમતા અદ્ભુત છે.

**ભોગથી પરલોક બગડે, ત્યાગથી પરલોક સુધરે :** હવે અગ્નિશર્મા કુલપતિને કહે છે. "ગુરુજી ! પરલોક વિરુદ્ધ એણે મારું કાંઈ નથી કર્યું." એ સમજે છે કે પારણું કાંઈ પરલોક સુધારનારું નહોતું. તો પારણું ન કરવાથી પરલોક કંઈ બગાડનાર નથી. **પારણું એ ભોગ છે. પારણું ન કરવું, એ તપ-ત્યાગ છે. ભોગથી પરલોક સુધરતો નથી, ત્યાગથી પરલોક બગડતો નથી.** ભોગ આગળ ઊભા રહેવું પડે તો પણ આદર્શ તરીકે જો ભોગને રખાય તો પરલોક બગડે. ત્યાગ સામે ઊભા રહેવાય, આદર્શ એને રખાય તો પરલોક સુધરે, પારણું કરતાં પણ સામે શું ? ત્યાગ. ભાણામાં દસ ચીજ આવી. બે દૂર થાય કે નહિ ? તમે કહેશો 'પણ ત્રણ જ આવી તો ?' તો એક ન છોડાય ? ઠીક એક નહિ સહી, અરધી ? પા ? રોટલી, દાલ, શાક, ત્રણ ચીજ આવી. ત્રણમાંથી એકેય છોડાય એમ નથી. એકલી દાળમાં ખાતાં, શાક વિના ગળે એમ ઊતરે એમ નથી, એકલું શાક રાખ્યું પણ દાળમાં બોળ્યા વિના પણ ચાલે એમ નથી. એમ લાગે છે ને ? તોય શાક અરધું કે ચોથા ભાગનું તો છોડાયને ! રોટલી પાંચ આવી, એક ઓછી કરાય કે નહિ ? એમેય નહિ તો ચાર ચોપડેલી અને એક લૂખી ખાવી, એય બને કે નહિ ? પણ એ ક્યારે બને ? 'ભોગથી પરલોક બગડે, ત્યાગથી પરલોક સુધરે' એમ લાગે ત્યારે, પરલોક ન જ બગડવો જોઈએ' એવું હૈયે સચોટ વસ્યું હોય ત્યારે પરલોક ન બગડે, એ કાળજી આવ્યાથી માણસ કેવો ક્ષમાશીલ, ઉદાર અને લોલુપતા વિનાનો બની જાય છે ! પછી એને આ લોકમાં બહુ ખાઈ-પી લેવાની પડી નથી હોતી, આ લોકના સુખને તો એ તુચ્છ ગણે છે.

**અમીર તે ફકીર : ફકીર તે અમીર :** યાદ રાખો વર્તમાનમાં મળ્યાના મીર થાય એ પરલોકના ફકીર થાય ત્યારે વર્તમાનમાં મળ્યા છતાં ફકીર થાય એ પરલોકના અમીર થાય. શાલીભદ્રનો જીવ, ખીરની થાળી મળી ત્યાં ફકીર થયો તો પરલોકમાં (શાલીભદ્રના ભવમાં) અમીર થયો. ત્યાંય નવાણું-નવાણું પેટી આવવા છતાં ફકીરી વિમાનની લીધી તો સર્વાર્થ સિદ્ધવિમાનની અમીરી મળી. ત્યાં નિર્લેપ રહી ફકીર રહેશે એટલે મહાવિદેહમાં અમીર થશે; ત્યાં ફકીરી લેશે એટલે સિદ્ધશિલા પર અનંતકાલના અમીર થશે.

**મહાનુભાવ કોણ ?** અગ્નિશર્મા રાજાને કહે છે; "તમે તો કલ્યાણમિત્ર ! મને ત્યાગ થયો, તપ થયો, તમે મારું બગાડ્યું શું ?" રાજાને એમ થાય છે કે આની કેટલી મહાનુભાવતા ! રાજા હૃદયમાં વલોવાય છે, "ક્યાં આની ઉચ્ચતા ? ક્યાં હું ? આ લોકમાં મશ્કરી કરી કરીને આને મેં ખૂબ પજવ્યો હતો, આજે એ મહાતાપસ છે એના મહાતપના પારણાની પણ ખબર ન રાખી શક્યો, કેવો અધમ



હું ? પાંચ દિવસ પહેલાં હું આવ્યો હતો ત્યારે પણ મારી નિંદાનો એક અક્ષર નહિ; ઊલટું હું દૂભાતો તો મને એ ઠારતો. મહાનુભાવતો એ કે હું ? મહાનુભાવ કોણ ? જે પોતાની અગવડ-પ્રતિકૂલતા ભૂલી દૂભાતા આત્માને પણ ઠારે. યાદ રહેશે આ બધું ? નોંધવા જેવું છે; કલમ કિતાબ હોય તો બને. ચોપડો તો રાખો છો મોટો ! પાંચસે આના ઉધાર; આના જમા ! કેમ વારુ ? ભૂલાય નહિ માટે તો એ ભૂલાવું ન જોઈએ, અને આ ભૂલો તો ચાલે એમજ ને ? અથવા કહેશે ધરમમાં અમે બહુ ન સમજીએ. અમારું તો લિમિટેડ કામ. ક્યાં ? લગ્ન ખર્ચમાં નહિ, ધર્મ ખર્ચમાં લિમિટેડ. કોઈ માગવા આવે તે તો કહે; 'બે હજારની લિમિટ (Limit) હતી તે ખરચાઈ ગયા ! ચોપડો બતાવે. લિમિટ પરમાર્થની ? અને ધર્મ સાધવામાં મહેનત, કાળજી, કષ્ટ વગેરેની લિમિટ. સમયનો સંપત્તિનો શરીરનો ભોગ આપવામાં લિમિટ ! અરે લિમિટ તો સ્વાર્થની રાખતાં શીખો. ફરી મહાનુભાવ કોણ ? **"પોતે પોતાનો સ્વાર્થ ભૂલી દુઃખી થતા બીજા આત્માને પોતે અગવડ વેઠીને પણ સગવડ આપવાની વૃત્તિ ધરાવે તે.** પોતાને પ્રતિકૂલતા છતાં બીજાની અનુકૂલતા જોઈ ખુશ થાય તે, ચાલો, મને લાભ નહિ તો મારા ભાઈને સહી ! એમ કરે તે. અગ્નિશર્મા તાપસે રાજાને મહાનુભાવ કહ્યો છે, ત્યારે રાજા વિચારમાં પડી જાય છે.

અગ્નિશર્માએ કુલપતિનો સ્વીકાર કબૂલ રાખ્યો. ભલે બીજું પારણું રાજાને ત્યાં. એથી રાજાનો ઉદ્વેગ ટળે છે ને ? તાપસને પ્રણામ કરી રાજા નગરમાં પેઠો.

**એક જ સમયે બેની ચર્યા જુદી :-** મહાતાપસ અગ્નિશર્માને પારણું ન થવાથી, હૃદયમાં થયેલા ઉદ્વેગને ગુણસેન રાજા કુલગુરુ પાસે પ્રગટ કરી આવ્યો, અને આવતું પારણું પોતાને ત્યાં થશે એવી કબુલાત લઈ આવ્યો. રાજા એજ વસંતપુરમાં છે. પુણ્યના ઉદયથી મળેલા વિષયના સુખો એ ભોગવી રહ્યો છે. જ્યારે મહાતાપસ અગ્નિશર્મા દુષ્કર તપ વિધિમાં આગળ વધી રહ્યો છે. બેય પોતપોતાની સાધનામાં મશગૂલ છે. છતાં રાજા પારણાનો દિવસ આતુરતાથી ઝંખી રહ્યો છે. દિવસ પણ આવી લાગ્યો. રાજાને કોડ પણ છે કે આજે તો મહાતાપસની અપૂર્વ ભક્તિ કરી લઉં, પણ અગ્નિશર્મા તપોવનથી નીકળી મહેલે આવે તે પહેલાં એક વિચિત્ર ઘટના બની.

**રાજાના જાસૂસો સમાચાર લાવ્યા છે :-** 'માનભંગ નામના એક રાજાએ પોતાના સૈન્ય પર રાત્રિના હલ્લો કર્યો છે. પોતાના પરાક્રમના ભરોસે સૈન્ય વિષમ રસ્તે પેઠું હતું. રાત્રિના વિશ્વાસમાં ઊંઘતું હતું. ત્યાં રાત્રિના વખતે અરધી રાત્રે માનભંગે હલ્લો કરી સૈન્યને હતપ્રહત કરી નાખ્યું છે. હવે જે કરો તે પ્રમાણ.'

આ તો રાજા ! આવી વાત સાંભળીને એક સેકંડ પણ શાનો થંભે ? એને

એમ થયું કે અરે ! 'એક નાનકડો ઠાકોર આવો દગાખોર ? રાત્રે લડાઈ કરે ? શું સમજે છે ? આવો અન્યાય !' રાજાને જોરદાર ગુસ્સો આવ્યો. પછી તો એ રાજા. એણે અન્યાયને મહાત કરવામાં જીવન ડંકો વગાડવા જેવું માનેલું. જેને જેનું અર્થીપણું બહુ, એમાં અવસર મળતાં એકદમ ઓતપ્રોત થાય છે. તે વખતે જેનું અર્થીપણું નહિ અથવા ઓછું, એ વસ્તુને એક સેકંડમાં ભૂલતાં એને વાર નહિ. ચરિત્ર તો ઘણાં સાંભળો છો, પણ પ્રસંગોના ભાવનું પૃથક્કરણ કરતાં ચાલો.

**જે વાત યાદ રહે, એનું અર્થીપણું વધારે, ભૂલી જવાય એનું અર્થીપણું ઓછું** :- ગઈ વખતે પારણું કેવા સંયોગોમાં ચૂકાયું એની એને ખબર છે. ધ્યાન બહાર નથી. પણ જ્યાં આ વાત સૈનિકે આવીને મૂકી, એટલે યશોવાદનો પ્રેમી, જિતના ડંકાની તીવ્ર મુરાદવાળો રાજા એમાં એકતાન થઈ ગયો કે તાપસ અંગેની ચોક્સાઈ ભૂલી ગયો. નહિ તો ત્યાં દગો થયો છે. તે થયો છે. હવે તો મોટું સૈન્ય લઈને જાય. ઉપાય કરે, એ વાત જુદી છે. આટલી બધી ઉતાવળની શી જરૂર ? પણ ગફલત કેમ ? એવો કુદરતી કાનુન છે કે, વધારે અર્થીપણાની વાતમાં ઓછા અર્થીપણાની વાત ભૂલી જવાય, વાર નહિ. જે વાત આવતાં બીજી અગત્યની ન ભૂલવા જેવી વાત ભૂલી જવાય તો ભૂલાયેલી વાતનું અર્થીપણું ઓછું. ઉપાશ્રયમાં બેઠા ઘર ભૂલાય, કે ઘરમાં બેઠા ઉપાશ્રય ભૂલાય ? ઉપાશ્રયમાં બેઠા ઉપાશ્રય ભૂલાઈ ઘર યાદ આવે છે કે ઘરમાં બેઠા ઘર ભૂલાઈ ઉપાશ્રય યાદ આવે છે ? ઉપાશ્રયમાં બેઠા ત્યારે તો ઉપાશ્રય નજીક છે; ઘર આઘે છે, પણ યાદ શું આવે છે ? પરમાત્મા આપણા તારણહાર છે, કાયા આપણું કાસળ કાઢનાર છે. તો પરમાત્મા પાસેય પરમાત્માને ભૂલી કાયા યાદ આવે છે ? કે કાયાની સેવા વખતે કાયાને ભૂલી પરમાત્મા યાદ આવે છે ?

**આ તો ગદ્ધાની જાત !** કાયાની સેવા થઈ રહી છે, સનલાઈટ સાબુ ચોળાઈ રહ્યો છે, પફ-પાઉડર લગાડાઈ રહ્યો છે ત્યાં પરમાત્માને કેટલીવાર સંભાર્યા ? સેવાતો પરમાત્માની કરવાની કે આની ? આની તો અનંતકાળ કરી. અનાદિ-અનંતકાલથી ચાલુ છે, હજીય આ ? આતો ગદ્ધાની જાત ! સમયે એ રાખ થશે, પણ જાતે રાખ થતાં પહેલાં તો આત્માની મિટ્ટી બિગડી જાય એટલો ભારે પાપથી ખરચ ભરશે. 'કેવો લાગું છું,' એમ પાછા અરીસામાં જુઓ છો ને ? પરમાત્માને ભૂલાવે એવી શરીર-ગુલામી કર્યા પછી પણ પાછી શરીરની શોભા જોવાની. ત્યારે ખપ કાયાનો કે પરમાત્માનો ? પરમાત્મા કાયા જેવાય નહિ કે ભલે કાયાને સર્વથા ન ભૂલાય પણ કાયાની સેવા વખતે ય પરમાત્મા યાદ ન આવે ?

**ઓછા વધારે અર્થીપણાનું માપ :** ત્યારે પરમાત્માની સેવા વખતે તો કાયા



બિલકુલ યાદ જ નહિ ને ? કે બહુ યાદ ? ત્યાંય કાયાની સુકોમલતા પહેલી સાચવશો ? તપને દહાડે તપ ભૂલીને ખાવાનું યાદ આવે છે કે ખાવાના દહાડે ખાવાનું ભૂલી તપ યાદ આવે છે ? ઓછા વધારે અર્થીપણાનું આ માપ છે. મગજમાં કોણ કોને ધક્કો મારે છે, એ માપ કોઈ લબાડ માણસ બહાર કોઈ સ્ત્રીને જોઈ આવ્યો. પછી પોતાની સ્ત્રી ગમે તેવી સારી હોય, સેવા કરતી હોય તોય પેલી બહારનીને ન ભૂલે, કેમકે હૈયામાં ઘાલીને લાવ્યો છે. ઘરની સ્ત્રી વિશ્વાસ પાત્ર હોય, ભારે પતિવ્રતા હોય, ખૂબ ખૂબ સેવા કરતી હોય, તોય એ પેલીને ન ભૂલે, કેમકે એને એનું અર્થીપણું ભારે છે. જેની બહુ ગરજ, જેના પર બહુમાન, ત્યાં બીજી વાતો ભૂલાતાં વાર નહિ. જો કે રાજાને તાપસનું પારણું યાદ હશે, પણ તત્કાલ પૂરતું તાપસના સ્વાગતની ચોકસાઈ ભૂલી શત્રુના વિચારમાં ચઢી ગયો.

**જાણે યમરાજની સેના મૃત્યુલોકપર ન ઊતરી આવી હોય !** રાજાના હોઠ ગુસ્સાથી ફફડી રહ્યાં છે, આંખો ક્રોધથી લાલ ચોળ છે, જમીનપર જોર કરી પગ પછાડી રહેલ છે. પરિજનોને કહી રહ્યો છે; "જલદી હાથી-ઘોડાનું લશ્કર તૈયાર કરી રથ કાઢો, પાયદલ લશ્કરને હાજર કરો, લડાઈની નોબત વગડાવો, શસ્ત્ર સરંજામથી બધાને સજ્જ કરો. તૈયાર ! વાર ન કરો ! હુકમ થતાં જ મહેલ પાસેના રાજવાડાના મેદાનમાં લશ્કર આવીને હાજર થઈ ગયું. મેદાન તો લશ્કરથી, હાથીઓથી, ઘોડાઓથી ભરચક થયું. એ દેખાવ કેવો ? જાણે વિકરાળ જમરાજની સેના મૃત્યુલોક પર ઊતરી આવી ન હોય ! વફાદાર સૈનિકો પણ રાજાની જેમ ક્રોધથી ધમધમી રહ્યા છે કે, 'દુશ્મનને તોડી પાડીએ !'

**એ જ વખતે અગ્નિશર્મા મેદાન દ્વારે આવ્યો, એ વખતે શું માનતો હોય ?** યુદ્ધ માટે તૈયાર થઈને રાજા રથમાં બેઠો, જવું છે લડવા ! શુકનમાં આગળ મંગલકલશપાણીનો ઘડો હાજર થઈ ગયો છે. મંગળ માટે વાજિંત્ર વાગી રહ્યાં છે. 'બડેખાં મહેરબાન ! મહારાજાને ઘણી ખમ્મા. મહારાજા વિજયવંતા થાઓ ! એ રીતે બંદીજનો નેકી પોકારી રહ્યા છે. એક બાજુ આ સ્થિતિ છે, તે વખતે અગ્નિશર્મા રાજવાડાના દરવાજે આવી પહોંચ્યો છે. મહેલ હજી અંદર છે. એ તાપસ કેવી કલ્પનાએ આવ્યો હશે ! ભૂલશો નહીં, આ બે માસના ઉપવાસનું પારણું છે. જે રાજા એક વખત પારણું નથી કરાવી શક્યો, પારણું ચૂકાવવાની ઈચ્છા નહોતી છતાં એમ બન્યું છે', એટલે એ આ વખત બરાબર જાગૃત હશે !' એમ જ ધારેને ! પારણું ચૂકાયું તે બદલ જે રાજા રોઈ ગયો, કલ્પાંત કરી ગયો, ઝૂરી ગયો, 'પારણું ન થાય ત્યાં સુધી ઉદ્વેગ ક્યાંથી ટળે', એમ કહી ગયો, એ રાજા માટે સાવધાની ન કલ્પાય ? પારણું થયું નહોતું, થશે, પણ આટલે લાંબે વખતેય રાજા

માટે કેવું મનાય ! આપણે તો "મહારાજ ! તમે પગલાં ન કર્યા, બહુ દુઃખ થયું !" શું દુઃખ થયું ભાઈ ! રાંધેલો શીરો ફેંકી દીધો ? હોંશથી ન ખાધો ? શું દુનિયાનું નાટક ! પરમાર્થ ગુમાવ્યાનું દુઃખ કેવું ? અને સ્વાર્થ ગુમાવ્યાનું કેવું ? અસ્તુ. તાપસ દરવાજે જરાક ઊભો.

**અગ્નિશર્માએ શું જોયું ત્યાં ? :** ત્યાં શું જોયું ? હાથીઓ ગર્જારવ કરી રહ્યા છે, ઘોડાઓ હેષારવ કરી રહ્યા છે, જોસભેર મંગળવાજાં વાગી રહ્યા છે, બંદીજનો નેકી પોકારી રહ્યા છે, પાણી ચઢાવનારાઓ બોલી રહ્યા છે. દુશ્મનનો કચ્ચરઘાણ કાઢો !' અગ્નિશર્માને તાપસ થયે લાખો પૂર્વો વીતી ગયાં છે. પારણે-પારણે બહાર નીકળે. બાકી તો તપોવનમાં હોય. એણે આવું દ્રશ્ય લાખો પૂર્વોમાં જોયુંય ક્યાંથી હોય ! રાજવાડામાં એટલી બધી ભીડ જામી છે. હાથી ઘોડા જાણે ઊછળું ઊછળું ન કરી રહ્યા હોય; કે બીજાને ભય પમાડી દે.

**બીજી વખત પણ અગ્નિશર્મા વિના પારણે પાછો વળ્યો :** અગ્નિશર્મા મહાતાપસ સહેજવાર ઊભો, પણ ત્યાં સત્કાર કરનાર તો કોઈ છે જ નહિ. કદાચ ધાર્યું હશે કે સત્કાર કરનાર તો અંદર મહેલના દરવાજે હોય ને ? આટલે દૂર ક્યાંથી હોય ? તેથી મહેલના દરવાજે તો જવું છે. પણ ભય લાગ્યો 'હું પેસું, હાથીના એકાદ પગમાં પગતળે આવી જાઉં-કચરાઇ જાઉં, તો અહીં જ પૂરો થઈ જાઉં ! એમ કચરાઈ મરવાની જરૂર નથી, બીજું (ત્રીજું) માસખમણ ભલે થાય !' એમ વિચારી અગ્નિશર્મા તાપસ તો ચાલ્યો પાછો !

**સભામાંથી-** 'રાજાએ બીજાને નહી કહેલું ?' રાજાને પોતાને એવી શંકા હોય તો કહે ને ! પોતાને ખાત્રી છે જાતે જ પારણું કરાવાની સવારથી યાદ છે. આજે તાપસ આવશે. સવારથી રાહ જોવે છે તાપસની. ધારે છે કે આ તાપસ આવે ને હું પારણું કરાવું છું. એટલે કહે શાનો ? મહાતાપસના ચરણે ઝૂકીને પારણું મનાવ્યું છે ત્યાં એવું કામ એ નોકરને ભળાવે ? હોંશ છે, પોતે જાતે સેવા કરવાની ! હૃદયમાં કોડ છે જાતે જ લાભ લેવાની; અને ધારે છે કે આ હમણા તાપસ આવે છે અને પોતે ચોક્કસ પારણું કરાવે છે.

**કેવી ભવિતવ્યતા :** યુદ્ધના પ્રયાણ સારું શંકુની છાયાના મુહૂર્ત માટે જોષીઓ ઊભા હતા, મુહૂર્ત સમયની રાહ જોતાં હતાં. જ્યાં મુહૂર્ત સમય થયો કે તેઓ બોલ્યા. 'મહારાજ ! અત્યારે પ્રશસ્ત મુહૂર્ત છે. કરો પ્રયાણ ! લશ્કર ઉપાડો !'

રાજા ગુણસેન કહે છે "પણ થોભો જરા ! ઊભા રહો ! આજે અગ્નિશર્મા મહાતાપસને પારણું છે, મારું આમંત્રણ એ મહાતાપસે કુલપતિના વચનથી સ્વીકાર્યું છે, માટે એને આવવા દો. એમને પારણું કરાવી, પછી પ્રયાણ કરીએ." યાદ તો



છે પણ કેવી વિચિત્ર ઘટના ! જો જો હોં, માત્ર મહેલના દરવાજે રહીને રાહ જોવાતી નથી, પણ તેથી ય આગળ આવી મેદાનમાં રથમાં બેઠા તાપસની રાહ જોવે છે. પરંતુ તાપસ ઠેઠ નાકાથી આટલે સુધી હયદળ-ગજદળ ઓળંગીને આવે તો ને ? એ તો રાજાના આ બોલ પહેલાં જ નાકેથી પાછો વળી ગયો છે. કેવી ભવિતવ્યતા !

**રાજા સાફ હૃદયે માફી માંગી વિનવે છે.** ત્યાં એક માણસ કે જેણે અગ્નિશર્માને પાછો વળતાં જોયો હતો તેણે આગળ આવીને કહ્યું. "મહારાજ ! એ તાપસ તો હમણાંજ પાછો ગયો. કચરાઈ જવાના ભયથી આ દરવાજેથી હમણાં જ પાછો વળ્યો !' 'હેં !' રાજાને એકદમ વિદ્યુતઘાત થયો. સારથિને તરત હુકમ કર્યો, 'રથ ચલાવ, જલદી એમની પુંઠે !' કેવી કેટલી ગરજ ? ગફલત ખાધી એ ખરું પણ ઉપડતાં પહેલાં ભૂલ્યો નહિ. આવી પહોંચ્યો નગર બહાર મહાતાપસ પાસે, ઊતર્યો રથમાંથી. હાથ જોડી પગમાં પડી વિનવે છે "માફ કરો ! પાછા વળો" સાફ હૃદયે ફરી વિનવે છે "પાછા વળો ! પારણા વિના ન જવાય" તાપસને તો પ્રતિજ્ઞા છે. એ હવે પાછા વળે ? એ તો હવે ત્રીજું માસખમણ !

તેમાંય રાજા પર રોષ નહિ, જાત માટે શોક નહિ. કેવી આત્માની કેળવણી ! કેળવણીને તમે શું સમજો છો ? બી.એ,એમ.એની. ડીગ્રી, એજ ને ? તેય પાછું સમ્યગ્જ્ઞાન તો નહિ જ. અહીં તો જૈન શાસ્ત્રોનું જ્ઞાન પણ જો આત્મામાં પરિણમે નહિ, પલોટાય નહિ, તો કેળવણી નહિ, એ વાત છે. લોટની કણકને રોટલી વણતાં પહેલાં કેળવવી પડે છે એ જાણો છો, તો કહો કણક કેળવાઈ ક્યારે કહેવાય ? એવી સ્નિગ્ધતાવાળી અને મુલાયમ થાય કે પછી એનામાં જે ઘાટ ઉતારવો હોય તે ઊતરી શકે; તેવી તૈયાર થયેલી કણકને જ કેળવાયેલી કહોને ? તેમ અહીં પણ આત્મા કેળવણી પામ્યો, કેળવાયો એવું ક્યારે કહી શકાય ? જ્યારે એ જ્ઞાન-દર્શન-ચારિત્રના સુંદર ઘાટ ઊતારી શકાવા માટે મુલાયમ અને સ્નિગ્ધતાવાળો બને ત્યારે ને ? આ ખરી કેળવણી છે. આત્મામાં મૃદુતા અને ગુણગ્રહણયોગ્ય સ્નિગ્ધતા આવે છે. તાપસે સ્વાત્માની કેળવણી કરી છે, સ્વાત્માને એવો મુલાયમ અને સ્નિગ્ધ બનાવ્યો છે, કે એમાં ક્ષમા, સમતા નિસ્પૃહતા અર્થાત્ પુદ્ગલ પ્રત્યે બેપરવાઇ, પ્રતિજ્ઞાદઢતા વગેરે ગુણના અદ્ભુત ઘાટ ઉતારેલા છે એ હવે પ્રતિજ્ઞા કેમ મૂકે ?

**આર્યદેશની સુવાસ.**

**અગ્નિશર્મા :** ''રાજન્ ! તને મારી પ્રતિજ્ઞાની તો ખબર છે. એક ઘેર એકવાર મળ્યું તો ઠીક; ન મળ્યું તો ઠીક. પણ એ ઘેર પણ ફરી નહિ જવાનું, માટે આવો આગ્રહ રહેવા દે. તપસ્વીજનો પોતાની પ્રતિજ્ઞા પાલનમા સાચા હોય છે. દઢ હોય છે. પછી ભલે લાભ થાઓ કે અલાભ થાઓ, પ્રાપ્તિ થાઓ કે ન થાઓ.''

ઈષ્ટ ન મળવાથી તાપસને ખેદ નથી, મળે તો બહુ હરખ માનવાનું નથી. આપનાર ન આપનાર પ્રત્યે સમાનવૃત્તિ. દુનિયાને ઈષ્ટ મળે તો રાજીપો, ન મળે તો ખેદ. અહીં ખેદેય નથી, રાજીપોય નથી. ત્યારે શું એ જડભરત જેવા છે ? કાંઈ ગતાગમ નથી ? ના, જડભરત નથી ચૈતન્યવંતા છે. ગતાગમવાળા છે, મહાગંભીર છે, જગત ભારે સત્કાર કરે, તોય નથી તુષ્ટ, નથી રુષ્ટ. આર્યદેશની સુવાસ હૃદયમાં ફેલાયેલી છે; દુર્ગંધ નીકળી ગઈ છે. કઈ દુર્ગંધ ? જગતના નવાજવા ન નવાજવા ઉપર તુષ્ટરુષ્ટપણાની.

જીવનમાં સુખ અનુભવવાની સુંદરમાં સુંદર ચાવીઓ છે. એ જેની પાસે હોય, એને જગત કરે શું ? એને નવાજો યા નહિ, સન્માન કરો કે અપમાન, લાભ આપો કે અલાભ, સારું કરો યા નરસું; એની કિંમત એ ન આંકે. સારું મળ્યે બહુ ન માને, નરસું મળ્યે, 'હાશ શું થશે ?' ન કરે, બંનેની અસર જ હૃદય પર લેવાની નહિ.

**પ્રતિજ્ઞા પાળવાની સારી રીત એજ,** અગ્નિશર્મા કહે છે : તપસ્વીજનો, સાધુપુરુષો પ્રતિજ્ઞાને પ્રાણના ભોગે ટકાવે છે. સત્ય કરે છે. ''પ્રતિજ્ઞા તે પ્રતિજ્ઞા, વચન તે વચન.'' ત્રીજું માસખમણ શરૂ થવાનું છે. કેવી ધીરતા ! માનો કે પ્રતિજ્ઞા મૂકી દીધી. પણ પ્રતિજ્ઞા મૂકીને લાભ શો ? ખાવાનું મળે, એજ ને ? પરંતુ જગતમાં ખાવાની શી બહુ કિંમત છે ? થોડો વખત ખાવા ન મળ્યું તો શું મરી જવાય છે ? કદાચ મૃત્યુ ય થાય, તો ય તે પ્રતિજ્ઞા ખાતરને ? એવું ધન્ય મૃત્યુ ક્યાંથી ? પણ શરીર ટટાર રહેને ! એકલું શરીર ટટાર રહે એની કિંમત છે ? કે ટટાર શરીરથી પણ સારો નક્કર ધર્મ સધાય, સુકૃત સધાય એની કિંમત છે ? મનોબળ વધે એની કિંમત છે ? જો મનોબલ અને સુકૃતની કિંમત માનતા હો તો તે અભંગ પ્રતિજ્ઞામાં લાધે છે. માટે કાયાના ભોગે પ્રતિજ્ઞા પાળવાની હોય, માનપાનના ભોગેય પ્રતિજ્ઞા પાળવાની હોય, પ્રતિજ્ઞા તે પ્રતિજ્ઞા. એ પાળવાની



જ. સારી પ્રતિજ્ઞા લેવી, અને અખંડ પાળવી જ. **એજ જીવન અજવાળવાની સારી રીત, એથી વધીને બીજી કોઈ સારી રીત નથી.**

**સાધુ ગળે ફાંસો ખાય પણ વ્રતભંગ ન કરે :** પહેલાં રાજતંત્રની ખટપટમાં સાધુઓએ બહુ સાવચેત રહેવું પડતું. સાધુનું ગમનાગમન વ્યાપક હતું. જૈનકુળો બંધાયેલા નહોતા. તેથી સાધુ છૂટથી બધે ગોચરી જતા હતા. આર્યદેશમાં સાધુઓ પવિત્ર મનાતા. એને કોકવાર કોક ફસાવી દેતા.

**પ્ર.**- શા માટે ?

ઉ.- રાજાને વારસદાર પુત્ર છે નહિ, કોઈએ રાજાને કહ્યું કે 'સાધુજનો બ્રહ્મચારી હોઈ, ઊંચા વીર્યવાળા હોય છે. બસ ! રાણીને ગર્ભ રાખવા માટે, ગમે તેવા ભક્તિના દેખાવ કરી અથવા બીજા દાવપેચથી મહેલમાં સાધુને લઈ જાય. પછી ફસાવે ! ત્યાં હવે સાધુ શું કરે ? શાસ્ત્ર કહે છે, સાધુ પ્રથમ તો ઉપદેશથી રાણીને સમજાવે. ન સમજે તો, અને વ્રતરક્ષાની શક્યતા ન જોવે તો પ્રાણના ભોગની તૈયારી રાખે, પણ વ્રતભંગ ન કરે. પા કલાક વિચાર કરવાના કે એવા મિતે બહાર આઘો પાછો જઈ ગળે ફાંસો ખાઈ લે. કદાચ એમાં રાણી એમ ડરી જાય કે ઋષિહત્યાનું પાપ લાગશે, તો ફાંસો છોડાવી રવાનાય કરે. પરંતુ ગમેતેમ પણ પોતે વ્રતને પ્રાણના ભોગે રક્ષે.

**બીક જાય તો પૂર્ણતા જાગે :** 'શરીર ટકાવી લેવું અને પછી સારો ધર્મ કરવો,' એ તો વાતો છે, એ વાત ખોટી છે. પ્રતિજ્ઞા ટકાવવી એજ કેઈગુણો સારો ધર્મ છે. કંટકેશ્વરીએ કુમારપાળને કહ્યું. ''ત્રિશૂળ મારીશ'' કુમારપાલ 'ચિન્તા નહિ. હું મરીશ પણ બોકડો બચશે ને ? ત્રીશૂળ માર્યું. શરીર મહા કદરૂપું થઈ ગયું. હવે શું થાય ? કુમારપાલ વિચારે છે કે 'લોક નાદાન છે. સવારે શું કહેશે ? ''જોયું ધરમ-ધરમ કર્યાનું ફળ ? દેવીને એક બોકડો ન અપાયો તો એનું ફળ જુવો ! ''આમ લોકો જૈન ધર્મની નિંદા કરશે. ત્યારે શું કરવું ? દયાની પ્રતિજ્ઞા મૂકી દેવી ? ના. સવાર પડે તે પહેલાં બળી મરવું. પહેલા અણુવ્રતમાં મારે પ્રતિજ્ઞા છે. ત્રસજીવને જાણી જોઈને ન મારવો, તો ભોગ કેમ આપું ?'' બળી મરવા માટે ચિતા ખડકાવવા મંત્રીને કહ્યું. મરવા વગેરેની બીક જાય, તો પૂર્ણતા જાગે. પણ ઘણીવાર માણસ વેવલો બને છે. કહે છે. ''અત્યારે ધર્મને ગૌણ કરોઃ અવસરે સારો કરીશું,'' પણ અત્યારે જે ધર્મને મૂકવાની વાત કરે છે તે પાછળથી શું સારો કરશે ? શું પકડશે ?

**અપવાદ વિહિત સેવાય : સ્વેચ્છાએ નહિ.**

**પ્ર.**- સભામાંથી-આલોયણાનો માર્ગ છે ને ?

ઉ.- અજાણ સ્થિતિમાં કંઈ થાય એની આલોયણા, પણ આલોયણાનો માર્ગ છે માટે વ્રતભંગ કરવાનો માર્ગ નહિ.

સભા- અપવાદ તો સાધુ પણ સેવે છે ને ?

અપવાદ શાસ્ત્રથી જે વિહિત હોય તે સેવાય. સાધુ ત્રસ- બાદર- સૂક્ષ્મ- સ્થૂલની હિંસા નથી કરતા, પણ શાસ્ત્રના મુજબ નદી ઓળંગતા પાણી તથા વનસ્પતિને સ્પર્શે છે. એ અપવાદ વિહિત છે, માટે સેવાય. એમાં પ્રતિજ્ઞાભંગ નથી. સ્વેચ્છયા ન થાય-સ્વેચ્છયા અપવાદ ન સેવાય તર્કશાસ્ત્રાદિના ગ્રંથ ભણવા હોય તો તેવા દેશમાં શુદ્ધ આહાર ન મળવાથી આધાકર્મી પણ લેવું પડે, શાસ્ત્ર એ અપવાદ વિહિત કર્યો. જ્યાં પંડિતો રહેતા હોય, સાધુઓને ત્યાં ભણવા જવું હોય, ત્યાં શુદ્ધ ગોચરીની અનુકૂળતા ન હોય, કોઈ ભક્ત ગૃહસ્થ સાધુ માટે અનુકૂળતા કરે, તો એ આધાકર્મી થયું એ વિહિત અપવાદ, ત્યાં વ્રતભંગ નહિ. પરંતુ વ્રત પાળવામાં પોતાનો કોઈ સ્વાર્થ ઘવાય છે, માટે ચાલો અપવાદ સેવી લો, એમ ન કરાય. કેમકે એ તો સ્પષ્ટ વ્રતભંગ છે. કુમારપાળ વ્રતભંગ કરવા તૈયાર નથી.

**રાજાનો પશ્ચાત્તાપ :** ગુણસેન : "મારા પ્રમાદ આદિથી મને શરમ આવે છે. તમારા જેવા તાપસને મેં પીડા કરી એ મને બહુ ખટકે છે. બહુ શરમ આવે છે, મારું કાળજું કપાઈ જાય છે, આ પીડા મને ધીખી રહી છે. મેં પૂર્વે આપનું એક પારણું તો ગુમાવ્યું. આ બીજુંય ગુમાવ્યું. કેવું ભયંકર !" રાજાના હૃદયમાં ભયંકર સંતાપનો અગ્નિ સળગી રહ્યો છે, હૃદય ચીરાય છે, વાણી રૂંધાય છે; એ કહે છે "હું જાતનો મહાન પાપી મનુષ્ય છું. જાણવા છતાં બેભાન રહ્યો, આપ સકલ લોકના દુઃખી જનોના દીનદયાલ છો, અકારણ વત્સલ છો, મારા દુઃખની ગમે તે રીતે શાંતિ કરો." રાજાની આંખમાંથી આંસુ વહી રહ્યા છે, આ સંતાપની વાત સાચી. કેમકે કલ્પના આવી શકે કે પોતાને રોજ ચાર ટંક જોઈતું હોય, એમાં એક ટંક આઘો પાછો થાય તો ય ધૂંઆપૂંઆ થવાય છે. તો ત્યાં તો એક નહિ-બે નહિ પણ બે માસના ટંક તદ્દન ઉપવાસમાં છે. એમાં વળી માસખમણનો ત્રીજો મહિનો નક્કી કર્યો, કેટલો બધો જુલમ કર્યો !

**અંદર પ્રકાશ હોય તો બહાર આરોપાય.** રાજા ગદ્‌ગદ થાય છે. અગ્નિશર્માને થાય છે. 'રાજા કેવો સુશીલ ! રાજા કેવો મહાનુભાવ ! અનુભાવ એટલે પ્રભાવ. મહાનુભાવ એટલે મહાન પ્રભાવવાળો આત્મા. કોણ કોને મહાનુભાવ કહે છે ? મહાનુભાવ કોણ ? તપસ્વી કે પ્રમાદી ? હૃદયનો સાચો મહાનુભાવ બીજાની મહાનુભાવતા જોઈ શકે. પરંતુ જે તેવો ન હોય, હૃદયનો સાચો મહાનુભાવ ન



હોય, તે જાતે તેવા તરીકે જો ખપવા ઇચ્છે તો પણ એને બીજાની મહાનુભાવતા ખટકે છે. અંદર ગુણનો પ્રકાશ હોય તો બહાર આરોપણ થાય. અંદર મહાનુભાવતા આવી એ બહાર દેખાય. અંદર સારા બન્યા હોય તે જગતને સારું જોઈ શકે, અંદર સારો ન હોય એ બીજાને સારા ક્યાંથી જોઈ શકે ?

**તાપસનું હૃદય :** તાપસ પોતે મહાનુભાવ હતો એટલે એને રાજા મહાનુભાવ લાગ્યો, એ વિચારે છે કે, "આ રાજા કેટલો ઊંચો ! પારણું ન થયું તે માટે આટલો ખેદ, આટલું દુઃખ ધરે છે ! ગુરુજનની શુશ્રુષા માટે એનો અનુરાગ કેટલો ! લાગે છે કે પારણું ન કરું ત્યાં સુધી એનું દુઃખ દૂર નહિ થાય." તપસ્વીના સંપર્કમાં જે આવે, એના હૃદયનાં દુઃખ ઊભા રહે તો તપસ્વીને એમાં ખામી લાગે છે. સામો અપાત્ર હોય તો તો એની ખામી, પરંતુ પાત્ર જીવના હૃદયનું દુઃખ શમવું જોઈએ. એ શમાવવાનો ઉપાય ચિંતવવો જોઈએ. રાજાને તાપસ કહે છે : "તું વગર કારણે હૃદયમાં ફોગટ દુઃખ ધરે છે. તું કામમાં હતો, હું વધું ન ઠેરતાં ચાલી નીકળ્યો, મારું પારણું ન થયું, તે પર આ દુઃખ ? પારણું ન થયું એ માટે તારે કોઈ દુઃખ ન ધરવું."

**આવી અગમચેતી જોઈએ.** લાખો પૂર્વ માસખમણમાં પદ્માસને વીતાવ્યા હશે, ધ્યાનની ધૂન જમાવી હશે, એમાં શું ચિંતવ્યું હશે ? આવું ને આવું ! "આવા પ્રસંગો આવે તોય ઊંચો નીચો ન થઉં, પારણામાં બીજાની ગફલત થાય, તોય પરમ શાંતિ રાખું, પ્રસન્ન ચિત્ત રાખું." આવું આવું ચિંતવ્યું હોય. લાખો પૂર્વો, એનો આ પ્રતાપ કે અત્યારે પોતાના દુઃખને ભૂલી રાજાના દુઃખની ચિંતા કરે છે. કટોકટીના પ્રસંગે આત્માએ સમાધિ જાળવવા ખૂબ અગમચેતી રાખવાની જરૂર છે, આગ લાગે ત્યારે કુવો ખોદે કામ ન લાધે પહેલેથી પ્રબંધ જોઈએ.

**તો સમતા આત્મસાત્ થઈ જાય :** ચિત્તમાં આપત્તિની કલ્પના કરી એ વખતે પોતે કેવી સુંદર સમતા સમાધિ જાળવશે, એ વિચારજો ! સમતાની જરૂર આપત્તિમાં છે. રસ્તે જતાં ગુંડો મળે તો કોને યાદ કરું ? હાયવોયને નહિ, ખંધક મુનિને ! **नमो अरिहंताणं** ને, ઝાંઝરીઆ મુનિને એમ વિચારી બીજા-ત્રીજા દાખલા શોધી સમાધિ રખાય તો આપણે ન્યાલ થયા. જીવનમાં પ્રસંગ ઘણા હોય- પૈસા સંબંધી, માન અપમાન સંબંધી, શરીર સંબંધી, બીજી સગવડ-અગવડ સંબંધી, પ્રેમીએ દગો દીધો હોય તે સંબંધી, કૈંક પ્રસંગો હોય; શાસ્ત્રમાં પણ દરેક પ્રસંગના દાખલા જડે. કોઈએ તલવારનો ઘા કર્યાનો જડે, અપમાન કર્યાનો પણ જડે, પ્રેમીએ દગો દીધાનો પણ જડે, એ દાખલાઓ શોધી સમતા કેળવવાનું ચિંતવાય તો અવસરે સમતા સરળ-સુલભ થઈ જાય. પછી રાત્રે સ્વપ્નમાં ગુંડો જુવે, અગર સ્ત્રી કે

સ્નેહીએ દગો દીધાનું જુવે તે વખતે સ્વપ્નમાં એ મહર્ષિનું પાત્ર ભજવે પણ આ ચિંત્વન ન હોય તો એમ થાય કે 'બીજી તલવાર છે કે નહિ ? 'લાવ ઠોકું ! એવું થાય. કોઈ પણ પાછું ન આપે, તો મૂકે પોક ચોફાળ ઓઢીને. પેલા પાસેનાઓ કહે 'આ શું ?' ત્યારે એને ભાન આવે કે 'અરે, આ તો સ્વપ્ન ! બાપરે !' મહાપુરુષોના દૃષ્ટાંતોના પુનઃપુન ચિંત્વન-સ્મરણના અભ્યાસથી અવસરે સમાધિ રાખવી સહેલી પડે.

**ચિરકાળ કોમળ વાતાવરણમાં રહેવાનો પ્રતાપ :** રાજાનું દુઃખ જોઈ અગ્નિશર્માને પણ રાજા પર કરૂણા થાય છે. લાખો પૂર્વ સુધી કોમલ હૃદયના વાતાવરણમાં રહેલો અગ્નિશર્મા, પોતાનું દુઃખ ભૂલી રાજા પર દયાળુ બન્યો. અક્ષરે-અક્ષર મગજમાં ઉતારજો. પોતે પીડાને ગણે નહિ, દીનતા ન લાવે, પણ ભૂખની પીડા તો હોય ને ? પણ ચિરકાળ કોમલ ભાવોના વાતાવરણમાં રહેવાનો આ પ્રતાપ છે. આથી આપણે પણ એ સમજવાનું છે કે એવા અવસરે આપણી પીડા ભૂલી આપણે સામાના પર દયાળુ બનવું હોય, તો તે પૂર્વે એની તૈયારી તરીકે આપણી આજુબાજુના વાતાવરણમાં કોમળ ભાવો રાખવાં જોઈએ. આશ્ચર્ય એ કે બબ્બે માસખમણની તપશ્ચર્યા ઉપર ત્રીજું નક્કી થયું છતાં કેવાં પરમાર્થના શબ્દો, વૃત્તિઓ અને વિચારો તાપસના જીવનમાં મઘમઘે છે ! તાપસ કહે છે; "રાજન્ ! તારું દુઃખ નકામું છે. તારી શાંતિનો એક ઉપાય છે." રાજા શાંતિનો ઉપાય માગે એ રાહ તાપસ ન જોતાં પોતે જ ઉપાય બતાવે છે.

**કેવી ધીરતા ! કેવી કરુણા ! કેવો આત્મા !**

અગ્નિશર્મા તાપસજ કહે છે, "તારી શાંતિનો એક ઉપાય છે."

**રાજા :** "મારે એ તો જોઈએ છે."

રાજામાં તો ઉપાય માટે બોલવાની હામ નથી. કેમકે ગઈ વખતે દુઃખ નિવારણ તરીકે પારણુંજ માગી લીધું હતું. પણ અગ્નિશર્મા પોતે ઉપાયનું કહે છે. ગુરુસ્થાને બેઠેલા, પૂજ્ય હોદ્દે ચડેલાના હૃદયમાં ક્યાં સુધીની કરુણા જોઈએ ? સામો સંકોચાય તો એના સંકોચનો લાભ ન ઉઠાવવો, પણ સંકુચિત પર વધારે કરુણાળું થવું, એ સાચી ઉદારતા છે.

**અગ્નિશર્મા :** "રાજન્ ! હવે પછીના પારણે જો વિઘ્ન નહિ હોય તો એ પારણું તારે ઘેર કરીશ."

વિચાર કરો બબ્બે પારણાં જે રાજાએ ચૂકાવ્યા છે, જે રાજા નથી કરાવી શક્યો, તેનુંજ ત્રીજું પારણું હવે કબૂલ કરે છે ! કેવી ધીરતા ! કેવી દયાળુતા ! સમજવાનું છે કે આટલી બધી ધીરતા, સમતા, ઉદારતા, દયા અને વાત્સલ્ય



દાખવવાં, એ અદ્‌ભુત આત્મ બળનું કર્તવ્ય છે.

**અગ્નિશર્માની કરુણાની અવધિ :** આનાં તપ-ત્યાગ-સમતા-ધીરતા, એવા છે કે જેથી પોતેજ નહિ પણ અનેક આત્મા પવિત્ર થાય, એ તો એના તપની વહેંચણી થઈ શકતી નથી. થઈ શકતી હોય તો, માસક્ષમણો વહેંચણી દે તો કેટલાયનો ઉદ્ધાર થાય ! આવા તપમાં આવી ધીરતા અને આટલી કરુણા આપણા જીવન માટે શું શીખવે છે ? આત્મા ધારે તો ભયંકર તકલીફમાંય, ધારેલી ધીરતા, ઈચ્છેલી સ્થિરતા, મનમાની ઉદારતા, અને ઉત્તમ કોટિની દયા આ તમામ રાખી શકે પણ એનું અર્થીપણું નથી એ ખામી છે. એમ ગરજ ક્યાં છે ? ક્યાં એમ લાગે છે કે એ ન કમાયો તો સાવ હારી ગયો ! અગ્નિશર્મા તો જાણે છે કે, આટલી બધી ઘોરતપની સાધના પછી, આટલી પીડા પછી, આ જીવનમાં તપની ઉદારતા તથા દયા શા માટે જતી કરું ? અનાર્ય દેશે જન્મ્યો હોત તો ન મળત, આ આર્યદેશે જન્મ્યો છું તો મળે છે. માટે એને બરાબર સાચવું.'

**અકારણ વાત્સલ્ય એ છે જીવનની સુગંધી :** રાજા : (તાપસના પગમાં પડી) "આપે જે મારા દુઃખનો ઉપાય કહ્યો તે બહુ સુંદર છે. મને એ બહુ ગમ્યો ખરેખર ! તપસ્વીજનોજ નિર્મલ ચક્ષુવાળા છે. એ શું ન જોઈ શકે ? આપે મારા પર અત્યંત ઉપકાર કર્યો છે. આપનો મહાન ઉપકાર અને આપની અકારણ વત્સલતાં આપના તપસ્વીપણાને છાજે તેવી છે."

વાતપણ ખરી, નહિ તો રાજાને ત્યાંજ પારણું શા માટે કબૂલે ? નગર નથી ? પારણું નગરમાં બીજે ન થાય ? થાય. સોનાના પગલે થાય ! પણ **તાપસે પોતાનો સ્વાર્થ જતો કરી સામાપર વાત્સલ્યભાવ બતાવ્યો. આ છે જીવનની સુવાસ-સુગંધી. પરમાર્થને દૂર કરી સ્વાર્થ સાધવામાં પડાય, એ છે જીવનની દુર્ગંધી.**

**વિવેક બજારમાં નથી મળતો !**

**રાજા ગુણસેન :** 'હવે હું વિનંતિ કરું છું કે આપ તપોવનમાં પધારો. ત્યાં હું નથી આવી શકતો. કેમકે અતિ ઉગ્ર પ્રમાદના કલંકથી દૂષિત એવો હું કુલપતિને મોં શું દેખાડું ? હવે જ્યારે આપ પારણે પધારશો ત્યારે દર્શનથી આનંદ પામીશ, ભક્તિનો લાભ ઉઠાવી, વંદન કરી આત્માને કૃતાર્થ કરીશ." વિવેક બજારમાં નથી મળતો. હૃદય ચક્ષુ ખૂલે તો વિવેક ખૂલે, હૃદય-ચક્ષુ બંધ થાય તો એ બંધ થાય. વિવેક ખુલવાથી રાજા પોતાની કલંકિતતા અને તાપસની મહાનુભાવતા જુએ છે.

**કુલપતિએ પીઠ થાબડી.** રાજા કાંઈક સ્વસ્થ થઈ નગરમાં પાછો ફર્યો. મનને ખેદ થવાથી લડાઈમાં પોતે જવાનું માંડી વાળ્યું, અને સેનાપતિને જવાનો હુકમ કરી દીધો. હવે રાજા એક મહિનો રાહ જુએ છે.

તાપસ ગયો તપોવનમાં. બધા તાપસો એને ફરી વળ્યા. શરીરમાં ખીલાવટ ન જોઈ. એવોને એવો જ કરમાયેલો દીઠો. બધાને આશ્ચર્ય થયું. એ બધા પૂછે તે પહેલાં જ અગ્નિશર્મા તાપસે કુલપતિને બધા તાપસોના સાંભળતાં બધો હેવાલ કહી દીધો. 'પોતે ગયો, ત્યાં મેદાનમાં લડાઈ અંગેની તૈયારી થતી જોઈ, હાથીના ગર્જારવ, ઘોડાના હેષારવ સાંભળ્યા, મહેલ દૂર હતો, મેદાન આગળ હાથી-ઘોડાની ધમાલમાં ચગદાવાની બીકે પાછો વળ્યો, રાજાને ખબર પડી. અત્યંત દુઃખ અને ગભરાટમાં પુંઠે આવ્યો, દરવાજે મળ્યે, પાછા ફરવા બહુ આગ્રહ કર્યો. પણ તેમ બનવું અશક્ય હતું. તેથી ભારે કલ્પાંત કરવા લાગ્યો. એને બહુ દુઃખ થતું જોઈ એનું દુઃખ ટાળવા મેં આવતું પારણું વિઘ્ન ન નડે તો એને ત્યાં કરવાનું કબૂલ્યું છે. હવે આપ કહો તે પ્રમાણ !''

કુલપતિ કહે છે, '**आह साधु साधु त्वया कृतम्**' તેં બહુ સુંદર કર્યું, બહુ સુંદર કર્યું,'' એમ કહીને કુલપતિએ અગ્નિશર્માની પીઠ થાબડી.

**અનુમોદન-અભિનંદન-પ્રોત્સાહન શું કામ કરે ?**

કુલપતિ પોતે અનુમોદના કરે, પછી બીજા તાપસો કરે એમાં નવાઈ શી ? ''અહો મહાતાપસ ! તમે તો તપોવનની શોભારૂપ છો, અલંકાર રૂપ છો, મહાત્મા છો, શી તમારી અજબ વીરતા ! શી ધીરતા ! શી ઉદારતા !'' તાપસોય સમજેને કે ''ગઈકાલ સુધી ખાધું હોય અને આજે જરા મોડું મળે તો **ધૂંઆપૂંઆ થવાય** છે, અને આ ? ૬૦-૬૦ દિવસના ઉપવાસ ત્રીજું માસખમણ. બબ્બે પારણા જે રાજાને ત્યાં ન થયા, તેના પર દયા કરી ત્યાંજ ત્રીજું પારણું કબૂલ્યું; ધન્ય છે !'' બધા તાપસો એકી સાથે નમ્યા. વાતાવરણ આવું હોય તો ક્ષુધાથી થતી અંદરની મહાપીડા પણ કેવી શાંત થાય !

ધર્મમાં સાધનામાં જીવ ચડતો હોય એને યોગ્ય અનુમોદન-અભિનંદન-પ્રોત્સાહન મળે તો એનો ઉત્સાહ અને સંવેગ રંગ ભારે વધે.

અવસરે ! અગ્નિશર્મા તાપસ, ત્રીજા માસખમણે હવે એજ આંબે એજ શિલાએ, એજ પદ્માસને, એજ ધ્યાનમાં બેસે છે. મહિનો પસાર થવા આવ્યો.





આપણે જોઈ આવ્યા કે બીજા માસખમણનું પારણું કર્યા વિના અગ્નિશર્મા તાપસ પાછો ફરેલો, તેની તરતજ પાછળ જઈ ગુણસેન રાજાએ હવેના ત્રીજા માસખમણનું પારણું પોતાને ત્યાં કરવા આવવાનું આશ્વાસન મેળવ્યું. હવે તો એ બરાબર દિવસો ગણે છે, '૨૯ દિવસ રહ્યા, ૨૮ દિવસ રહ્યા...યાવત્ બસ ! હવે આવતી કાલેજ પારણું છે. પારણું આવી રીતે કરાવીશ' એમ સેંકડો મનોરથ ઘડે છે.

અગ્નિશર્મા પણ આશ્રમે પહોંચ્યો, અને કુલપતિને બનેલી હકીકત કહે છે, ત્યારે તે એને ખૂબ અભિનંદન આપે છે, 'વત્સ ! તેં બહું સારું કર્યું,' કુલપતિને રાજાની શરમ પડે છે એવું નથી, પરંતુ જે તાપસ જીવન સ્વીકાર્યું છે, એમાં આવા અવસરે જગતના ગુસ્સાખોરી કે દીનતા-ક્ષુદ્રતાના ચીલે ન ચાલતાં તાપસ-ધર્મના ક્ષમા, સમતા, અને ઉદારતાના ચીલે જ ચાલવું જોઈએ, ને એમાં જ તાપસ જીવનની સાર્થકતા છે, શોભા છે, અને મહત્તા છે, એવું એ સચોટપણે માને છે. જીવનના ઉચ્ચ હોદ્દાના હિસાબે લાયકી અને ખામોશ ન રખાય તો જીવનની કિંમત શી ? જન્મીને ખાવાતી જે કિંમત નથી તે પ્રતિજ્ઞા પાલનની, અને અપરાધી ઉપર પણ હૈયાનાં હેત વરસાવવાની છે. માટે જ અહીં આવા મહાતાપસના સ્નેહાળ ગુરુને એમ નથી થતું કે 'હાય ! મારા શિષ્યને પારણું ન થયું ! રાજા કેવો નાલાયક ! પાછું આગામી પારણું એને ત્યાં ?' આવું કાંઈ થતું નથી ! પણ એમ થાય છે કે 'વાહ ! શિષ્યે પારણા માટે ફરી રાજગૃહે પ્રવેશ ન કર્યો અને નવું માસખમણ સંકલ્પી, પ્રતિજ્ઞા અખંડ રાખી ! ધન્ય છે એને ! બિચારા રાજાને પણ હવેના પારણાની કબૂલાતથી સંતોષ્યો, તે ઠીક કર્યું !'

**સારી વિચારણાના પાકનું બીજ, સારું વલણ :** મન છે ને આપણું, તેમાં જેવો પાક ઊભો કરવો હોય તેવો થઈ શકે; બીજનો ખ્યાલ રાખવો પડે. અર્થાત્ મન ક્ષેત્રમાં વિચારણા જે જન્મે છે તે કયા વલણ ઉપર, તે જોવું જોઈએ; અને કષાયનાં વલણ હોય તો કાઢી નાખી, શાંતિ, મૃદુતા, નિસ્પૃહતા, સર્વ પ્રત્યે મૈત્રીભાવ, પરગુણાનુરાગ વગેરેનાં વલણ ઘડી રાખવા જોઈએ. એ વલણ ઉપર સાચી વિચારણાનો પાક જન્મશે. **ભૂલશો નહિ કે મન દિવાન છે. આત્મા રાજા છે. રાજાના ઊંડે ઊંડે આંતરિક વલણ શા છે.** તે તે જોઈ દિવાન વર્તે છે. ઉપરથી ભલે સભામાં કે કોઈની હાજરીમાં રાજા જુદું ઉપલકિયું વલણ બતાવે, પણ દીવાન એના હિસાબે નહિ કિન્તુ અંદરના વલણ હિસાબે વર્તવાનો. તેમ અહીં આત્માના આંતરિક

વલણ મુજબ મન ચાલે છે. માટે જો તે વલણ શુભ કરવામાં આવે તો મનમાં વિચારણા સારી ચાલવાની, એમાં શંકા નહિ, કોઈ પણ પ્રસંગે સારી વિચારણા કરવા માટેની આ સુંદર ચાવી છે. 'પહેલાં વલણ તપાસો. તે હલકું હોય તો બદલીને સારું કરો.' જેમ અહીં રાજા પ્રત્યે કુલપતિનું વલણ અધમ નથી, ઉત્તમ છે. તેથી એને વિચારણા સહેજે સારી જાગે છે. જો પિતાને પુત્ર પ્રત્યે સારું વલણ હોય છે, તો એના તરફથી આવતી અગવડને કે એના હાથે થતા નુકસાનને પિતા સારા અર્થમાં લઈ, એ પુત્ર માટે સારી વિચારણા કરે છે.

**ભાવિભાવ બળવાન છે :** અગ્નિશર્માનું આ માસખમણ પણ પુરું થયું, પારણાનો દિવસ આવ્યો, રાજાએ પણ ગઈકાલ સુધી સેંકડો મનોરથ કરી પારણું યાદ રાખ્યું છે. આમાં એવું કોણ ધારે કે કાંઈ વિઘ્ન ઊભું થશે ? એમ ચોક્કસ લાગે કે 'હવે તો પારણું અચૂક થવાનું, કેમકે રાજા એ માટે તલસી રહ્યો છે.' પરંતુ ભાવિભાવ બળવાન છે. ભવિતવ્યતા જ કોઈ એવી છે કે પારણાના દિવસે જ રાજાને ત્યાં ખાસ પ્રસંગ ઊભો થાય છે. ગુણસેન રાજાની રાણી વસંતસેનાએ પુત્રને જન્મ આપ્યો. ત્યાં હાજર રહેલી પ્રતિહારી અત્યંત આનંદમાં આવી જઈને પ્રફુલ્લિત વદને રાજાને વધામણી આપી કે મહારાણી વસંતસેનાએ પ્રજાના પ્રબળ ભાગ્યોદયથી આપશ્રીના ઉદયમાં નિમિત્ત એવા પુત્રરત્નને અત્યંત સુખપૂર્વક જન્મ આપ્યો. રાજા કદાચ મહાતાપસના આજના પારણાના દિવસના વિચારમાં હશે, પરંતુ પુત્રજન્મની વધામણી મળે એટલે પૂછવાનુંજ શું ? વધામણી સાંભળીને એને તો એકાએક હર્ષના ઉછાળામાં આખા શરીરે રોમાંચ ખડાં થઈ ગયા. પ્રતિહારીને ત્યાંને ત્યાંજ પોતાનાં કડાં, બેરખાં અને કુંડલના આભૂષણ ઇનામમાં આપ્યાં, અને આ પ્રમાણે આજ્ઞા કરી : 'વસુંધરા ! મારી આજ્ઞાથી નજીકમાં રહેલા દરવાનોને કહે કે કાલઘંટા વગડાવીને રાજ્યમાં સર્વ બંધનોને છોડી નાખો, અર્થાત્ કેદીઓ વગેરેને છોડી મૂકો; ઘોષણા કરવા પૂર્વક લોકોની કલ્પના બહારનું મહાદાન અપાવો. જિતશત્રુ વગેરે રાજાઓને પુત્ર જન્મના મંગળ સમાચાર પહોંચડાવો; લોકોને ખબર આપો કે મહારાણી સાહેબાએ પુત્રરત્નને જન્મ આપ્યો છે. નગરમાં એકાએક અપૂર્વ મહાન ઉત્સવને કરાવી દો.' પ્રતિહારીએ જઈને ખબર આપ્યા; અને એનો અમલ થયો.

પુત્રજન્મના કેવા લહાવા લૂંટાય છે ? એના સમાચાર મળતાંજ ઉમંગ-ઉછરંગ એવો કે રત્નનાં આભૂષણ ઇનામમાં દઈ દેવાય. પ્રભુ પધારતાં રાજા મહારાજાઓને અને શેઠ સાહુકારને એવો આનંદ થતો; અને એની વધામણી લાવનારને એવાં કે એથીય ઘણાં ઇનામ આપતાં. **જેને જેનો પ્રેમ, તે તેની આગળ**



**મહાન લક્ષ્મીની પણ બહુ કિંમત આંકતો નથી.** ત્યારે જ્યાં પ્રેમ નથી, ત્યાં સત્તર બહાનાં હેઠળ લક્ષ્મી નથી છૂટથી. આજે **ધન વ્યયનો કઈ બાજુ ઝોક છે તે પરથી કોના પ્રત્યે પ્રેમ છે, તેનું માપ નીકળે છે.** કહો જો જાત ભોગ અને કુટુંબભોગની ખાતર સામગ્રી સરંજામ કેટલો ? અને દેવભક્તિ-ગુરુભક્તિ માટે તો દહેરાસરમાં બધી સગવડ હોય છે, અને ગુરુને દોષિત ન ખપે' આમ કહો એટલે પત્યું ! પણ મહાનુભાવ ! દેરાસરમાં જેની સગવડ તેને લાભ. તમને શો લાભ ? લાભ તો પછી, પણ ફરજની કે કૃતજ્ઞતાની રૂએ પણ થોડુંય લઈ જવાનું દિલ થાય. જે પ્રભુએ મને આટલું બધું આપ્યું છે, એમને થોડું પણ ન ધરું ? આ કૃતજ્ઞતાનો વિચાર છે. 'હું જૈન છું. પ્રભુનો ભક્ત છું, તો મારી ફરજ છે કે પ્રભુની મારાજ દ્રવ્યથી ભક્તિ કરવી' આ ફરજનો વિચાર છે. ત્યારે ગુરુભક્તિ માટે રસોઈ ન થાય, પરંતુ આપણા અર્થે કરેલી રસોઈ ગુરુને વહોરાવ્યા વિના મોંમાં શી રીતે પેસે ? જમતાં પહેલાં ગુરુ કેમ યાદ ન આવે ? કેમ તેડવા ન જવાય ? એમ આપણા ઘરમાં પડેલ કપડું, કાગળ, દવા, વગેરેનો લાભ કેમ ન લેવાય ? શાસ્ત્રમાં વિધિ છે કે ગુરુને વહોરવા બોલાવી લાવ્યા પછી લાભ લેવાની વસ્તુઓના નામ ગણાવે. 'ભગવંત ! આ છે, આ છે, આ છે,...' એમ કહે. એવી રીતે ગુરુના પ્રવેશ ઉત્સવ સ્વર્ગદિનની ઉજવણી વગેરેમાં ધન વ્યય કરી શકાય છે. ગુરુ કહે તે પુસ્તકો લખાવવામાં, શાસ્ત્રોની સંઘવાચના કરાવવામાં દ્રવ્ય વ્યય કરી શકાય છે. જેમ રાજાએ ઉત્સવ મંડાવ્યા, જાહેર મહાદાન દેવરાવ્યાં, કેદીઓને છોડાવ્યાં, તેમ પર્યુષણા, ઓળી વગેરે પર્વ ઉજવતાં થવું જોઈએ; ધર્મસાધનાના આનંદમાં થવું જોઈએ.

અહીં તો જ્યાં બહાર રાજપુત્ર જન્મ્યાની ખબર પડી કે ચારે તરફથી સામંત રાજાઓ, અમલદારો, અને નગર શેઠિયાઓ રાજમહેલમાં આવે છે ને જાય છે. નોકરો ઇનામ અને યાચકો દાન લઈ રહ્યા છે. આખા વસંતપુરમાં અને વિશેષ રાજવાડામાં માનવોના જૂથના જૂથ આજે આનંદ કલ્લોલ મસ્ત છે. રાજા પણ મળવા-મૂકવામાં, અને નાચગાનતાન જોવામાં મસ્તાન છે, ત્યાં અગ્નિશર્મા તાપસ તપોવનમાંથી નીકળી ઠેઠ રાજમહેલ આગળ આવી ઊભો છે. અહીં તો સૌ ઉત્સવમાં મહાપ્રમત છે, મહાગરકાવ છે, ત્યાં તાપસ આવેલો કોના ધ્યાનમાં આવે ? તેમ એનો ભાવ પણ કોણ પૂછે ? આમ વચન માત્રથી પણ તાપસનો સત્કાર કોઈએ કર્યો નહિ ! 'આવ્યા ?' આવો, બેસો,' એટલું ય કોઈએ કહ્યું પણ નહિ.

આજસુધી સમતાભાવને ટકાવી રાખનારો અગ્નિશર્મા હવે ધૂંધવાયો. અહીં એના અશુભ કર્મનો ઉદય જાગ્યો. એ આર્તધ્યાનમાં ચડ્યો ! હવે તો બહુ રાહ ન

જોતાં, સૌને ઉત્સવમસ્ત જોઈ તરત પાછો વળી ગયો. પણ આ પાછું વળવાનું, હશે ! 'પારણું ન થયું તો કાંઈ નહિ ! રાજાને ત્યાં કાંઇક પ્રસંગ હશે !' એ વિચારનું નહોતું. આ તો ભયંકર ક્રોધ-કષાયના ઘરનું હતું. પૂર્વે બાલપણામાં ગુણસેનકુમારે અગ્નિશર્માની મશ્કરી કરેલી હતી, તે પ્રસંગની સાથે અગ્નિશર્માએ હવે કડી જોડી, પોતાના હૃદયમાં ભયંકર કષાય અગ્નિ સળગાવ્યો. જુઓ, લાખો પૂર્વોનો અદ્‌ભુત માસખમણી તપસ્વી સહેજવારમાં ગુસ્સાથી સળગી ઊઠ્યો. એનું એક નિમિત્ત પૂર્વે ગુણસેને કરેલી મશ્કરી બની. એ સૂચવે છે કે ક્યારેય પણ કોઈની સાથે વૈર-વિરોધ કે એનું બગડવાની કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ, યાવત્ એની નિંદા સરખી પણ ન કરવી. નહિતર વખતે એજ વસ્તુ ભવિષ્યમાં કોઈ મહાન અનર્થ બનવામાં નિમિત્તભૂત થઈ જાય.

**કષાય ભાન ભૂલાવી ભયાનક વિચારણા કરાવે છે :** અગ્નિશર્માનું હૈયું ધમધમી ઊઠ્યું. એ બધું ભાન ભૂલ્યો, અને ભયાનક વિચારો કરવા મંડ્યો. 'અહો ! તે રાજાની, બાલ્યકાળથી જ માંડીને, હજી સુધી મારા પર કેવી અનન્ય વૈરની ગાંઠ ! જૂવો તો ખરા કે માયાવી એવા તેણે કેવુંક અતિ ગૂઢ કપટ ભર્યું આચરણ કર્યે રાખ્યું ! મારી આગળ તો તેવા તેવા પ્રકારનું અનુકૂળ બોલી, તે પારણું મનાવતો ગયો, પણ એણે પછી કરવાનું તો ઊંધું જ રાખ્યું ! પારણાનો સત્કાર કરવાને બદલે અપમાન અવગણના કર્યે ગયો ! કેવી શઠતા ! કેવી લુચ્ચાઇ !' અગ્નિશર્મા હવે પહેલા પારણાથી જ કલ્પે છે કે રાજાએ શઠતાપૂર્વક ઈરાદાથી જ પારણું મનાવ્યું અને ચૂકાવ્યું. જીવને માનસિક વિચાર સરણીમાં સીધા ચાલવાનું કે વાંકા ઊતરવાનું બીજું કોઈ નથી કરાવતું પોતે જો વિશુદ્ધ વલણ અને પવિત્ર તથા ઉદાર હૃદયવાળો છે તો સીધી વિચારણા ચાલવાની. પોતે જો કષાયગ્રસ્ત બન્યો તો વાંકી વિચારણા ચાલવાની. અગ્નિશર્મા વિચારમાં ને વિચારમાં નગર બહાર નીકળી ગયો.

**લાખો પૂર્વોના મહાતપસ્વીની પણ અજ્ઞાન અને કષાયે કરેલી મહાન દુર્દશા :** હવે એને હૈયે ઉકળાટ થયો છે, તે ક્યાંથી શમવાનો હતો ? મુખ્યતયા એનામાં બે મહાન ખામી હતી. તેમાં એક તો અજ્ઞાન. આ આહારનો અંતરાય મારા કોઈ પૂર્વના તેવા કર્મે કર્યો, અને વર્તમાનમાં કરેલા કષાય ભવિષ્યમાં મને ભયંકર સંસારભ્રમણ કરાવશે તે બે વાતોનું અજ્ઞાન એ એક મહાન ખામી. બીજી ખામી પરમાર્થ માર્ગનો હૃદયને તદ્દન પરિચય નહિ તે હૈયું અસલી મોક્ષમાર્ગથી જરાય ભાવિત નહિ તે આ બે દોષોને લીધે એ કષાયોથી પકડાયો. અજ્ઞાનતા અને સત્ય તત્ત્વોની શ્રદ્ધા નહિ, એટલે જીવ જાય ક્યાં ? ક્રોધાદિ કષાયો એને ગળચીમાંથી



પકડે; એવો લાગણીવશ કરે કે એ કષાયોનો પારો ક્યાં સુધી ચડે એનો હિસાબ નહિ. એમાં પછી પરલોક ભૂલાય. કષાયો તો જીવને એમ ચઢાવે છે કે, 'બસ ! હવે હું પરલોક-બરલોક જોનાર નથી, હું ગમે તેમ કરીને એને બતાવી દઈશ, **(આ ક્રોધ)** અથવા મારી આગળ એ કોણ માત્ર ? **(આ અભિમાન)'** આમ પરલોક દૃષ્ટિ લુપ્ત થઈ જાય છે. સાથે પુણ્યપાપની શ્રદ્ધા પણ ખલાસ. અગ્નિશર્મા જેણે બબ્બે પારણા અને ત્રીજા પારણાની પૂર્ણાહુતિ સુધી મૈત્રીભાવ જાળવ્યો હતો, હવે તે ભૂલ્યો. વૈરભાવ પ્રગટ્યો. એને એમાં વળી જોરદાર ભૂખથી શરીર પીડાઇ રહ્યું છે તેથી **તેણે નિદાન કર્યું કે તપના પ્રભાવે રાજાને હું ભવોભવ મારનારો થાઉં;**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૪૦,તા.૧૧-૭-૧૯૫૩

**હૃદયને ભાવિત કરો :** હવે અગ્નિશર્માની ધીરજ ખૂટી, અને એ ક્રોધાન્ધ બની ગયો. એનાં બે કારણ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ જણાવે છે. (૧) અજ્ઞાન દોષ. (૨) પરમાર્થથી ભાવિત હૃદય નહિ તે. અજ્ઞાન દોષથી પોતાની કુપ્રવૃત્તિનું શું ભયંકર પરિણામ આવશે તે દેખાતું નથી. અજ્ઞાન દોષથી કુળને કલંક, સ્થાનને કલંક, વગેરે લાગવાની પરવા નથી રહેતી. ત્યારે ભાવિત શું ? પ્રભુનું શાસન મળ્યું તો હૃદયને શાસનના પરમાર્થથી ભાવિત કરવું જોઈએ. વૈદો દવા બનાવવામાં. ભસ્મો તૈયાર કર્યા પછી એને કુંવરના પાઠા વગેરેની ભાવના આપે છે. ભાવના એ કે, એ બે ચીજો પછી વૈદ પણ એમ જુદી ન પાડી શકે કે, ભાવનાવાળી વસ્તુ આટલી, અને ભસ્મની વસ્તુ આટલી ! એમ પછી છૂટું ન પાડી શકાય. એ તો જેની ભાવના જેને આપી તે તેમાં એકમેક થઈ ગઈ. એમ પ્રભુ શાસનના તત્ત્વોથી હૃદયને ભાવિત કરવું એટલે તત્ત્વોને હૃદયમાં એકમેક કરવા. તે પ્રથમ શ્રદ્ધા દ્વારા, પછી પ્રવૃત્તિ દ્વારા, ભાવનાના બે અંશ એક વૃત્તિ અંશ, બીજો પ્રવૃત્તિ અંશ. તો હૃદયને જ્યાં કોઈ વૃત્તિ ધરવાની, માન્યતા ધરવાની વાત આવી, તો સહજભાવે તત્ત્વને અનુસારે જ એ માન્યતા ચાલે. ભાવિત એટલે ? આત્માના પ્રદેશે-પ્રદેશે પ્રભુ આજ્ઞાનો શ્રદ્ધારસ એવો એકમેક થયો હોય કે એમાં જુદાપણું નહિ અર્થાત્ પ્રભુ આજ્ઞા જે જે વિષયમાં જે જે સ્વરૂપ ચાલે તે તે વિષયમાં તે તે સ્વરૂપને અનુરૂપ હૃદયની માન્યતા ચાલે. પ્રભુએ સંસારને આત્માનો અપકારી કહ્યો છે. તે હિસાબે શ્રદ્ધા કરનારને સંસાર એ આત્માનો ભયંકર દુશ્મન દેખાય અને મોક્ષ એ આત્માનો અનુપમ મિત્ર દેખાય. એમાંય જ્યાં જ્યાં દુઃખ અને ત્રાસ દેખે, ત્યાં એને એમ થાય કે જો સંસાર છે તો દુઃખ કેમ ન આવે ! એને લાગે કે સંસાર ત્રાસ

જ આપે; ત્રાસ ન આપે એ સંસાર નહિ. મોક્ષ સુખ જ આપે. મોક્ષમાં સુખની કમીના નહિ. સુખની કમીના હોય તો એ મોક્ષ નહિ. પાકી પરતંત્રતા સંસારમાં, પૂરી સ્વતંત્રતા મોક્ષમાં.

જન્મ-જરા-મૃત્યુ-રાગ-દ્વેષ-દુઃખ-દારિદ્ર કશુંયે સહન કરવાનું નામ નહિ તે મોક્ષ. આ સ્થિતિ ન હોય તે મોક્ષ નહિ.

**અંતર તો ઘણું છે. સમાનતા નથી આંકવાની.**

મનને એમ થાય, કે મારા ભગવાને મોક્ષનો રસ્તો લીધો તે હું યે લઉં. એમને ય બે હાથ હતા, બે પગ હતા, મારે ય છે તો એ રસ્તો કેમ ન લવું ? કોઈ કહે 'એમને તો સમચતુરસ્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણ હતું ને ?' પણ એ તો છેલ્લે ભવે હતું. કિન્તુ પૂર્વ ભવે મુક્તિની આરાધના કરી છે ને ? તો હું પણ મોક્ષમાર્ગની સાધના કાં ન કરવા માંડું ?

આપણે પરમાત્મા ધનાશાલીભદ્ર-મેઘકુમાર વગેરેનાં નામ લઈ 'આપણું ગજું નહિ એ તો જબરા !' આમ કરીને કાયરતા લાવીએ છીએ. એમનો ઉલ્લાસ આપણામાં લાવવા એ શક્તિ ફોરવવા માટે તો એમના આલંબન છે. ત્યાં કાયરતા કરવાની કે વીર્યોલ્લાસ જગાવવાનો ? મારે પણ બે હાથ બે પગ છે. જેવા એમને હતા તેવા; એ સાધના કરી શક્યા તો હું કેમ ન કરી શકું ? જ્યારે ત્યારે પણ માનવ શરીરેજ સાધના કરવાની છે. તે અહીં મળ્યું છે. તો કરી લવું આરાધના. હાથ-પગની સમાનતાથી સર્વ સમાનતા પ્રભુ સાથે નથી આંકવાની. એમ તો અંતર આકાશ-પાતાળનું છે. એમના હાથે પગે તો એ ગુણની સીડીએ ચઢ્યા છે, હું તો નીચે ભૂસકો મારી અનંત દોષોના ખાડામાં પડ્યો છું. ત્યારે વાત એ વિચારવાની છે કે બે હાથ બે પગે પ્રભુએ સત્પુરુષાર્થ કર્યો અને તર્યાં, તો એવા હાથે પગે હું એમ કાં ન કરું ? મારા પ્રભુએ સ્વશરીરે સંગમના કેવા ઉપસર્ગ સહ્યા ? મામુલી નહિ ? તો હું સામાન્ય અગવડ પણ ન સહું ? આટલો વિચાર આવે તો આજે ચારિત્ર પાળવું કોઈ કઠીન નથી.

**સંસારમાં લહેર છે ?** આજના ચારિત્રમાં કયો પરિષહ છે ? ભવ્ય ઉપાશ્રયો છે, શ્રાવકો ભક્તિમાં તૈયાર છે. **સભામાંથી** - ચારિત્ર તો ઘણું કઠણ છે.

ઉ.- ત્યારે સંસાર તો કઠણ નથી ને ? સંસારમાં સર્વ વાતે આનંદ-મોજ હશે ! તમારું તેલ નીકળી જાય છે, એ અમને ખબર છે, નજરે દેખાય છે. ત્યારે સંસારમાં રહ્યા ભવિષ્યમાં શું થશે' એના પણ ભય ઘણા છે. સંસારના પક્ષપાતથી ભય ન ગણો, એ જુદી વાત. સંસારમાં ત્રાસ છે, તકલીફ છે, સચિંતતા છે, ભય છે, અંતે નાલેશી છે. સંસારમાં શું શું પ્રતિકૂલ નથી ? ત્યારે મોક્ષ માટે સંસાર



ત્યાગ કરી સાધુ બનો એમાં ? નિશ્ચિન્તતા છે, નિર્ભયતા છે, મનને ત્રાસ નથી, તકલીફ નથી, અંતે મહાશાબાશી છે. અંતે મોક્ષમાં તો પૂછવાનું જ શું !

**બાહ્ય ભાવનો નાચ ક્ષણવાર ખાલી નહિ.** મોક્ષ ને સંસારમાં તફાવત ઘણો. પ્રભુએ જોમ મેળવ્યું, હું કેમ ન મેળવું, ?' એમ થતાં જોમ આવે. **મોક્ષ જોઈએ એ શું કરે ? સંસારમાં ગુલતાન ન રહેતાં દેવગુરુમાં ગુલતાન થાય. જડ પદાર્થની સુવાવડ મૂકી આત્મ હિતકર પદાર્થનો સંબંધ પરિચય કરે, દોષોનો ખપ મુકી ગુણોનો ખપ કરે, બાહ્ય ભાવમાં ન રાચતાં આંતરભાવની ધૂન જગાવે.** બહિર્ભાવમાં શું થાય ? સ્થાપનાચાર્ય જોઈને 'કેવા મારા ગુરુ આચાર્ય ભગવાન' એમ નહિ; પણ ઉપરનું કેવું સરસ મુલાયમ કપડું !' એવું એવું થયા કરે. બાહ્ય ભાવનો નાચ ધર્મસ્થાનમાં પણ બંધ નહીં ! કેવી કરુણ દશા !

**આંગી સરસ ! કોની ? દાદાની ? તો દાદા કેવા સરસ ! :** દેરાસરમાં દર્શન કરવા ગયો, ત્યાં મૂળનાયક દાદાની આંગી જોશે, પણ દાદાને નહિ જુવે ! 'આંગી શું સરસ !' એમ કરશે પણ 'ભગવાન કેવા સરસ !' એમ નહિ વિચારે ! કહો તો ખરા કે આંગી સુંદર કે ભગવાન સુંદર ? આંગી કરતા ભગવાન કેટલા ગુણા સુંદર ? ભગવાનને આટલી સુંદર આંગી શા સારું ? ભગવાનમાં અનંત સૌદર્ય છે માટે ને ? તો 'અહો ! ભગવાન કેટલા બધા સારા' એમ યાદ કરવાનું કે નહિ ? તમે શું કરો છો ?

**સભામાંથી-** આંગી સારી એમ બોલીએ છીએ.

ઉ- બરાબર ! આંગી પ્રભુની છે માટે સારી કહેવાય. પ્રશંસા થાય. પણ પ્રશ્ન એ છે કે ત્યાં અટકવાનું કે આગળ વધવાનું ? માત્ર આંગી નહિ પણ આંગીવાળા ભગવાન જોઈને, આંતર ભાવના કેળવવાની કે નહિ ? 'આવી સુંદર આંગી તે વીતરાગની છે કે જેના ચરણે ગજબના રત્નોવાળા ઇંદ્રોનાં મુગટ નમતા ! કેમકે એ વીતરાગ અનંત ગુણવાળા છે.

બાલજીવ આંગીથી આકર્ષાય, તેમ ભક્ત જીવને પ્રભુ પ્રત્યે સ્વદ્રવ્ય સમર્પિત કરવું હોય માટે આંગી. બાલજીવ બધે પહેલાં બાહ્યનું જુવે, આડંબર જુવે, પહેલ-પહેલાં તત્ત્વ ન જુએ. પણ ભપકાદાર આંગી જોઈને પછી ભગવાનને જોતો થાય. મનને એમ થાય કે 'આંગી રચી સરસ ! કોની ? દાદાની ! દાદાની આંગી સરસ, તો દાદા કેટલા સરસ ! અનહદ સરસ !' આમ આગળ વધવાનું છે. આંગીથી અટકવાનું નથી.

**પ્રવૃત્તિના પહેલે તબક્કે શું વિચારો છો ?** બાહ્ય ભાવવાળાને શું ? નવકારશી જમણ શાનું કર્યું તે યાદ આવે, પણ સાધર્મી ભક્તિ યાદ ન આવે. રસોઈમાં

ગફલત રસોઇયાએ કરી, તે દેખાય પણ ભક્તિના દ્રવ્યમાં અને ભક્તિક્રિયામાં ખામી ન દેખાય !

આ જીવ ક્ષણે ક્ષણે બાહ્યભાવની પથારીમાં સૂવાની યોજના કરનારો છે. તેથી એનું એક વચન કે વિચાર કે એક પ્રવૃત્તિ એવાં નહિ કે જેમાં પહેલે તડાકે આંતરભાવનો વિચાર આવે, પ્રવૃત્તિ થાય કે આંતરભાવનું વચન નીકળે. જીવ બાહ્યમુખ-પરમુખ બન્યો છે. એને અંતર્મુખ બનાવવો જોઈએ. જો મુહપત્તિ જીવરક્ષા માટે છે એમ ન જુવે, પણ કપડું કેવું સરસ, એમ જુવે, તો તે બાહ્યભાવ છે. તેમ મળેલી દુન્યવી સામગ્રી સુખ માટે છે એમ જાણે, પણ ધર્મ કરવાની અનુકૂળતા માટે છે એમ ન જાણે તે બાહ્યભાવ છે. ત્યારે **આંતરભાવ એક એવો અનુપમ મંત્ર છે, જેનાથી કર્મની ભારે નિકાશ થાય છે. ધર્મની આવક થાય છે.**

**આંતરભાવવાળાને સંસારમાં ગમે ત્યાં બેસાડો, સીધું જ વિચારશે :** એને પકવાન્નમાં આનંદ નહિ, લુખામાં શોક નહિ. કેમકે પકવાન્નને ઝેર સમજે છે, લૂખાથી આત્માનું ખોવાતું નથી એમ જાણે છે. દીકરો સારો ભણેલ થાય તો એને થાય કે 'શાસન અજવાળશે મહેનત લેખે લાગી;' કદાચ મરી જાય તો એને થાય કે 'બિચારો મારે ઘેર આવી ધરમ કર્યા વિના ગયો. એ ખોટું થયું ! એ ઊપડી ગયો છતાં અમારી આંખ ઉઘડતી નથી' પૈસો આવે તો માને, કે 'પરમાર્થ કરી શકાશે,' જાય તો માને કે માથાફોડ ઓછી ! કર્મ બંધાત ! ક્રોડ નમસ્કાર એને ! આંતરભાવ જાગતો હોય તો કેવાં કેવાં વલણ મન અખત્યાર કરે એના આ કેટલાક દાખલા છે. આ ક્યારે બને ? કહો, આત્મા જિનવચનથી હૃદયને શ્રદ્ધા દ્વારા ભાવિત કરે ત્યારે. આત્માના પ્રદેશે પ્રદેશે શાસનના તત્ત્વો ભાવિત કર્યા હોય એવાં કે, આત્માની વિચારસરણીથી જુદા ન પડાય, એનું નામ તત્ત્વોની શ્રદ્ધારૂપ ભાવના.

**અગ્નિશર્માને કષાયે પકડ્યો, ક્ષુધા પરિષહે હરાવ્યો :** અગ્નિશર્માએ આત્માને પરમાર્થની ભાવિત કર્યો નહોતો, એ મિથ્યામાર્ગમાં પડ્યો હતો. એને રાજાનો ગુનો માનવાની જરૂર નહોતી, 'મારાં ભાગ્ય એવાં' એમ માનવાનું હતું. 'કદાચ રાજાએ ભૂખે મારી નાખ્યો,' એમ થાય, તો હવે એનું આમંત્રણ નહોતું માનવું; પણ રાજાનો ભયંકર ગુનો ગણી એના પર તીવ્ર વૈરની લાગણી ઊભી કરી, અગ્નિશર્માને કષાયે પકડ્યો. પરલોકની વાસના એની ફીટી ગઈ. ભૂખ જોરદાર લાગી. બુભૂક્ષા અર્થાત્ ભૂખ પહેલો પરિષહ છે. પરિષહ જીતે અને આત્મા હારે એ અશુભ; પરિષહ હારે અને આત્મા જીતે એ શુભ. શુભ કે અશુભ, ગમે તે અધ્યવસાય થઈ શકે. ડહાપણ હોય તો વિચારે કે, "ભલે રાજા ગુનેગાર હો, પણ મારી ગુલામી કેવી છે ? હું અન્નનો કીડો. ભૂખ લાગી, ભલે લાગી પણ એક અયોગ્ય વિચાર



ન કરું. રાંકડી ભૂખ ખાતર શુભ ધ્યાનનો ધર્મ ન મુકું,' એમ થાય તો પરિષહ હારી જાય, આત્મા જીતી જાય. પણ નોકારશી આગળ પોરિસીની વાતમાં ધૂંઆપૂંઆ થાય ત્યાં શું થાય ? અગ્નિશર્મા પર ક્ષુધા પરિષહે એવો વિજય મેળવ્યો, કે એના વશ પડેલા એણે રાજા પર ભયંકર ગુસ્સો ઊભો કર્યો. 'શું અમે તપસ્વી એટલે દૂબળા, માટે રાજા અમારી મશ્કરી કરે ? એટલું બધું એને અભિમાન ? તપસ્વીઓને એ શું સમજે છે ?' આમ વિચારતાં,

**ઘોર નિયાણું અગ્નિશર્માએ કર્યું ! કેવું ઘોર ? એવું કે જે નિયાણાથી અનંત સંસારનાં આંધણ મૂકાયાં.** અજ્ઞાન તથા ક્રોધને વશ થઈ અગ્નિશર્માએ રાજાની વિરુદ્ધ ઘોર નિયાણું કર્યું. જીંદગી સુધી માસખમણની ઘોર પ્રતિજ્ઞા માત્ર આ ભવ એટલે કે એક ભવ માટે હતી, જ્યારે નિયાણું ભવોભવ માટે કર્યું ! એટલે શું સમજ્યા ? ભવસાગરથી તરવાની વસ્તુ લિમિટેડ સમય માટે; અને ડૂબવાની વસ્તુ અમર્યાદિત કાળ માટે ! કેવું અજ્ઞાન.

**નિયાણું શું કર્યું ? :** અગ્નિશર્માએ નિયાણું એવું કર્યું કે 'અત્યાર સુધી સારી રીતે કરેલા તપનું ફળ હોય તો ફળરૂપે આ રાજાના ભવોભવના વધ માટે મારો જન્મ હોજો.' કેટલી ક્રૂરલેશ્યા ! કેવી ક્રોધની અંધતા ! આ નિયાણાથી અનંત સંસારના આંધણ મૂકાયાં અહીં ! અગ્નિશર્મા મિથ્યામાર્ગમાં હતો. પડ્યો હતો ત્યારથી ભય તો ઊભો હતો. એને નહોતો દેખાતો પણ તત્વજ્ઞાનીની દૃષ્ટિએ તો દેખાતો હતો. **'ભવે ભવ એના નાશ માટે મારો જન્મ થાવો.'** એવા નિયાણાથી અગ્નિશર્મા તાપસે ભયંકર કતલ ચલાવવાની વૃત્તિ આત્મસાત્ કરી. જ્ઞાની કહે છે. ક્રોધ ક્રોડ પૂર્વના ચારિત્રને ક્ષણમાં બાળી દે છે. ભસ્મીભૂત કરી નાંખે છે.

**વધારે બળવાન તપ કે કષાય ? :** ત્યારે કોઈ એમ વિચારે 'ઠીક ત્યારે તપ ન કરવો ચાર વાર ખાવું અને કષાય ન કરવો,' પણ એને ખબર નથી કે ચાર વાર ખાવાની વૃત્તિ એ જ કષાયરૂપ છે.

**ભૂખ બહુ ભૂંડી :** અગ્નિશર્માને ભયંકર ગુસ્સો આવ્યો. એનું એક કારણ એ કે એને ભૂખ ભારે લાગી. ભૂખ ભયંકર ચીજ છે, કૈંક અનર્થો કરે. બહારથી કોઈ ભૂખ્યો આવ્યો હોય, એને તરત ઠપકો ન અપાય. એ વખતે દોષ ન કઢાય. જોરદાર ઠપકો આપવો હોય તોય સારી રીતે જમાડ્યા પછી, કેમકે ભૂખ મન બગાડે છે. હા, ભૂખ કાબુમાં હોય, ભૂખની પ્રત્યે જીવની તેવી ગુલામી ન હોય, તો મન નહિ બગડે. માટે તો જ્ઞાનીઓએ અનાદિની આહાર સંજ્ઞાને કાપવા અને ભૂખની ગુલામી ટાળવા આરાધનાની વિધિ કહી, સમ્યગ્ તપ કહ્યો, અનશન ઉનોદરિકા, વૃત્તિસંક્ષેપ વગેરે, ઉપરાંત ગુરુભક્તિ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ

વગેરે. શ્રેણિક અને કોણિકના પૂર્વ જીવનમાંય ભૂખની ભયંકરતાની વાત છે. આ તાપસે આહાર સંજ્ઞા પર કાપ મૂક્યો હોત, એ માટે પ્રભુશાસન મેળવ્યું હોત તો રસ્તો હાથ આવત, પણ એ ભાગ્ય નહોતું, તમને શાસન પામવાનું મહાભાગ્ય મળ્યું છે. ભૂખની મથામણમાં પડ્યો ને કષાયે ચઢ્યો. એની પરલોક દૃષ્ટિ નીકળી ગઈ. ધર્મશ્રદ્ધા નાશ પામી. સર્વ દુઃખોના કારણભૂત વૈરભાવ જાગ્યો. એટલે એણે લાખો પૂર્વોના તપને ક્ષણમાં બાળી નાખ્યો. લોકમાં પણ કહેવાય છે કે, **ભૂખ બહુ ભૂંડી !** એ સીધી રીતે પરમાત્માની ભક્તિ કે જ્ઞાન ધ્યાન ન કરવા દે. એ ભૂખની લત મૂકવા જીવનમાં ત્યાગ, તપ જોઈએ. આજુબાજુ ત્યાગ-તપનું વાતાવરણ ઊભું કરવું જોઈએ. એ માટે અને જીવોની દયા ખાતર જગતમાં ત્યાગ-તપની પ્રભાવના કરવી જોઈએ. કુટુંબના તારણહારે કુટુંબને ત્યાગ-તપ ખૂબ શિખવવો જોઈએ. સમાજ ઉપર સાચો ઉપકાર કરવા ઇચ્છનારે સમાજને ત્યાગ-તપમાં જોડવો જોઈએ; તે માટે તેની પ્રેરણા, સગવડ આપવી જોઈએ. જીવનમાં ત્યાગ, તપ મઘમઘતા હશે, તો અવસરે સાચી સહિષ્ણુતા, સજ્જનતા અને સમાધિ ટકાવી શકાશે.

**આ અનશન તારક નહીં પણ મારક ! :** અગ્નિશર્માએ ક્રોધમાં નિર્ણય કર્યો કે, 'દીર્ઘકાળ મેં સારી રીતે સેવેલા તપનું ફળ હોય તો હું રાજાનો ભવોભવે મારનારો થાઉં.' એવું નિયાણું કરી અગ્નિશર્મા તો ચઢ્યો એના અનુમોદનમાં. એ વિચારે છે કે 'સ્નેહીનું ઈષ્ટ અને શત્રુનું અનિષ્ટ જે ન કરે, એણે માતાનું યૌવન બગાડનારા જન્મ લીધાથી શું ?' એ ક્યાંસુધી કષાયે ચઢ્યો ? 'આ પાપી રાજા મારા કોઈ પણ ગુના વિના મારો બાલ્યકાળથી દુશ્મન છે ! માટે હવે તો હું એનું ખરાબ કરવાનો. આમ વિચારી નિયાણું કરી ક્રોધ દાવાનળથી સળગતા ચિત્તમાં અનેક વિકલ્પો કરતો આશ્રમમાં આવી પહોંચ્યો. હવે એટલો બધો કષાયથી ઘેરાયેલા મનવાળો છે કે પૂર્વની બધી વિધિ ભૂલે છે. અહાહા ! કષાયો આત્માને કેટલો ખરાબ કરે છે ! કદી વિનય મર્યાદા ન ચૂકનારો એ તાપસ આજે તો કુલગુરુને મળ્યા વિના, તાપસોને મળ્યા વિના, સીધો શિલા પર આસને જઈ બેસી ગયો. લાખો પૂર્વમાં કદી વિનય ન ચૂકનારને કષાયે ભાન ભૂલાવ્યું.

**કષાયના ભયંકર વિકલ્પો :** અગ્નિશર્માને હવે ચેન નથી. હવે તો એકજ કાળી લેશ્યાની વિચારસરણી એને લાગી છે. એટલા બધા ભયંકર અને ક્રૂર વિચારોમાં એ ચઢ્યો છે કે પૂર્વની પોતાની બધી સારી સ્થિતિ જાણે ભૂલી જાય છે, નહિતર ક્યાં એની પૂર્વે બંને પારણા ન થવા વખતની સમતા સાથે પોતાનું દુઃખ ભૂલી રાજા પ્રત્યેની ઉદારતાપૂર્વક રાજાના દુઃખ તરફ દિલસોજી, અને ક્યાં અત્યારની વિષમતા, અસહિષ્ણુતા, ભયંકર ક્રોધાન્ધતા, રાજા પ્રત્યે વૈર અને ભવોભવ મારવાની



કાળી લેશ્યા ! જ્ઞાનીઓ સાચું જ કહે છે કે **'ક્રોધે ક્રોડ પૂર્વતણું સંયમ ફળ જાય'** આણે લાખો પૂર્વના મહાતપને તથા સમભાવને ગુસ્સાથી હતપ્રહત કરી નાખ્યો. આ જગતમાં ક્ષમા અને સમતા જે અતિ દુર્લભ છે, તે આણે સુલભ કરેલા છતાં પાછાં દુર્લભ કરી નાખ્યા; અને ક્રોધાદિ વિકારો, જે સુલભ હતાં જ, તેને જ અતિ સુલભ કરી લીધાં ! જીવને પોતાનેજ પોતાની સુલભ થતી ગુણસંપત્તિની પરવા ન હોય અને તેથી પોતેજ એને દુર્લભ કરી નાખે, તો શી રીતે બચે ? બીજું કોણ બચાવે ! માણસે સમજવું જોઈએ કે હાથમાં હીરા-માણેકનું ઝવેરાત આવ્યા પછી એના પર ત્રાટકનારા, ત્રાપ મારનારા તો અનેક મળવાના, પણ તેથી શું પોતાનું ઝવેરાત ઉછાળી નાખવું કે લુંટાઈ જેવા દેવું ? ના, એ સ્થિતિમાં તો એનું વધુ રક્ષણ કરવાનું. તેમ અહિ આપણી ક્ષમા, સમતા, અને ઉદારતા પર આક્રમણ કરનારા અનેક જાગે, પરંતુ આપણે તો આપણી ગુણસંપત્તિ બરાબર સાચવવાની. બીજાના અપરાધ પર આપણે આપણું ગુમાવવાનું નહિ. અગ્નિશર્મા આ ન કરી શક્યો.

**અગ્નિશર્માની ભયાનક વિચારસરણી :** શિલા પર બેસી વિચારે છે કે 'અહો ! તે રાજાની મારા પર કેવી શત્રુતા ! નહિતર સર્વે તાપસોની મધ્યે કેમ હું જ એને મશ્કરી માટે મળ્યો ? મારી ખાસ પ્રતિજ્ઞા સમજીને, કપટી એવો એ મારું જ ટીખળ કરે છે ! કેમકે પારણા માટે મારે ક્યાં બીજે ઘેર, કે એકજ ઘેર ફરીવાર જવાનું છે ? પણ ટીખળકરનારો એ મૂઢ છે, જો અનાથ, દુર્બલ, પરથી દબાયેલા, અને મરી રહેલા જીવોની મશ્કરી કરવી એય માનવતાને માન પમાડતું નથી; તો પછી શત્રુમિત્રને સમાન ગણનારા, અને પરલોક હિતની કરણીમાં રક્ત એવા તપસ્વીજનોની મશ્કરી તો વિશેષ કરીને માન પમાડનારી ક્રિયા નથી. મેં એનું શું બગાડ્યું હતું કે મારા જેવા તાપસને આમ વારંવાર હસે, મશ્કરીનું પાત્ર બનાવે ? અમે તાપસ છીએ, નિરાધાર અને દુર્બલ છીએ એમ સમજીને એ આમ વર્તે, એમ ? હું બતાવી દઈશ એને કે જગતમાં તપસ્વીની મશ્કરી કેમ થાય છે ! ખબર પાડી દઈશ એને ! હું નહિ સહન કરું ! હવે એનું કપટ, એની મશ્કરી, એનું અભિમાન નહિ ચલાવી લઉં ! ભવોભવ એનો હું વધ કરીશ ! એ શું સમજે છે એના મનમાં ? (જો જો હોં, એની સાથે તમે કષાયમાં ન ચઢતાં.)

"પણ હા, એ મારી આટલી કદર્થના કેમ કરી શકે છે ? હું આહારનો સંગી છું માટે ને ? જો મારે આહારની જરૂરજ ન હોત તો એ મારો શું પરાભવ કરી શકત ? તો હવે પરાભવના નિમિત્તભૂત એવા આહારથી મારે સર્યું. હવે મારે યાવજ્જીવ ઉપવાસવ્રત હો. આ જીવનના અંત સુધી એકલા મહાઉપવાસની હું

પ્રતિજ્ઞા કરું છું.''

**શી સાવધાની રાખશો ? :** અગ્નિશર્મા તાપસ, જુવો કે, કેટલા રૌદ્ર ધ્યાનમાં ચઢી ગયો છે ! સમજી રાખજો કે **વિષયની લાલસા કે કષાયની લાગણીને હૃદયમાં નથી પેસવા દીધી ત્યાં સુધી જ સ્વસ્થતા છે. ત્યાં સુધી જ સદ્‌વિચારણા, સમાધિ, સમતા, સદ્‌બુદ્ધિ વગેરે જીવંત છે, ત્યાંસુધી જ ઉદારતા, ગંભીરતા, સાત્ત્વિક માનવતા, ઈત્યાદિ ગુણો અને પરલોક દૃષ્ટિ જાગ્રત છે, ત્યાંસુધી જ આત્મા કર્મબંધથી બચેલો છે, સન્માર્ગ પર ચાલનારો છે, અને સદ્‌ગતિની સાધનાવાળો છે.** પરંતુ જ્યાં હૃદયમાં ઈન્દ્રિયોના વિષયની લોલુપતા કે ક્રોધાદિ કષાયની આગ ઘાલી કે અજંપો, અસ્વસ્થતા અને હાયવોય શરૂ થયા જ સમજો. પછી સદ્‌વિચારણાદિ બધું અલોપ. એના બદલે ભયંકર દુષ્ટ વિચારણા, ઉકળાટ, દુર્બુદ્ધિ, ક્ષુદ્રતા, તામસભાવ વગેરે હૃદયનો કબજો લેવાના. **પરલોકની પરવા નહિ, તો કર્મબંધનનો પાર નહિ.** ઉન્માર્ગ ગમન અને દુર્ગતિ-સાધના સુલભ બનવાના. શાથી આ બધું ? આત્માની **પોતાની જ અવળચંડાઈથી. નહિતર દુશ્મને ભુંડું કર્યું તો કર્યું, આપણે આપણા પોતાના પ્યારા આત્માને શા માટે ભુંડો કરવો ?** ઉચ્ચ માનવભવ છે. આત્મરક્ષાનો અતિ દુર્લભ અવસર મળ્યો છે, બચાવી લેને આત્માને. **અગ્નિશર્મા ચૂક્યો, અને એણે પોતાના જ અનંત સંસારના આંધણ મૂક્યાં.** હવે તાપસપણાનું કર્તવ્ય વિસારી અશુભ ધ્યાનથી દૂષિત મનવાળો બન્યો. કાયા પણ કરમાઈ ગઈ છે. હજીય મનનું ઓજસ હોય તો કાયા પર ઓજસ દેખાય.

**તાપસો અને કુલપતિની સજ્જનતા :** અગ્નિશર્મા તો આજે કોઈને મળ્યા વિનાજ સીધો પોતાના સ્થાને આવીને બેસી ગયો. એટલામાં તાપસોએ એને જોયો, ઝાલ્યા રહે એ ? ઝટ ગયા. જોયું કે પારણું નથી થયું લાગતું. પૂછ્યું 'ભગવંત ! બહુ ક્ષીણદેહવાળા દેખાઓ છો. પુષ્પ-વિલેપન વગેરે સત્કાર પણ નથી દેખાતો. તો શું હજી પણ આપનું પારણું ન થયું ?'

તાપસ કહે, 'ના, ન થયું.'

'કેમ ન થયું, શું રાજાના ઘરમાં ન પેઠાં ?'

'પેઠો હતો.'

'તો પછી પારણું કેમ ન થયું ?'

અગ્નિશર્મા પહેલાં તો પ્રશ્નોત્તરી ચાલતી એમાં રાજાનું સારું બોલતો. પ્રથમ રાજાના માથાના દુખાવાથી ન થયું. પણ આ પારણું કોઈક ઉત્સવના લીધે ન થયાનું ન કહેતાં, અગ્નિશર્મા બોલ્યો 'રાજા મારો બાલ્યકાળથી વેરી છે. મારો કાંઈ ગૂનો નહિ, હું નિર્દોષ છતાં એણે પૂર્વે પણ મારી મશ્કરી ખૂબ કરી છે, અને અહીં



પણ હજી એની વૈરવૃત્તિ નહિ શમવાથી એ મિથ્યાભાષીએ, એ હૃદયના માયાવીએ ખોટો વિનય કરી કરીને મને હેરાન કરવા પારણા મનાવરાવ્યાં છે. હું એના કપટને ન સમજ્યો. તેથી ભોળેભાવે મેં એની પ્રાર્થના સ્વીકારે રાખી. પણ એ અનાર્યે ઉપહાસ કરવાની બુદ્ધિથી મને આમંત્રી આમંત્રી, બહાનાં ઊભા કરી કરી મારો પરાભવ કર્યે રાખ્યો. મારું પારણું જાણી ઉત્સવનું બહાનું ઊભું કર્યું.' ક્રોધી ક્યું પાપ ન કરે ? અસત્ય પણ બોલે. રાજાએ બહાનું ઊભું નથી કર્યું. પુત્ર જન્મ સહજ છે. ઉત્સવ અવસર યોગ્ય છે. છતાં ક્રોધી તાપસ ઊંધું દેખે છે, ઊંધું બોલે છે.

પેલા તાપસોને આ મહાતાપસ પ્રત્યે ભક્તિ છે, સહાનુભૂતિ છે, એટલે એમનું ખોટું ન માને. પણ રાજાના ગુણનેય સમજે છે, તેથી એકદમ હા જી હા ન કરે. એટલે તાપસો બોલ્યા, 'કે ભગવન્ ! તપસ્વીજન પર પ્રેમભાવાળા એ ગુણસેન રાજામાં એ પ્રમાણે સંભવતું નથી. પણ માણસ જાત વિચિત્ર અભિપ્રાયોવાળી છે; તો શું ન સંભવે ? કષાયને કોઈ અપાત્ર નથી. ગમે તેના પ્રત્યે કષાય ઊઠે, તાપસોએ જઈને કુલપતિને આ વાત કહી.

**કુલપતિનો ઉપદેશ કેવો સુંદર ! વડિલના કર્તવ્યનું સ્વરૂપ :** કુલપતિ ગભરાયો; સંભ્રમમાં ઊઠીને ત્યાં આવ્યો. અગ્નિશર્માએ આસન આપ્યું. ગુરુ છે ને ?

**કુલપતિ :** 'વત્સ ! તારું પારણું હજી પણ કેમ ન થયું. ખરેખર એ ગુણસેને યોગ્ય ન કર્યું.'

**અગ્નિશર્મા :** ભગવંત ! રાજાઓ પ્રમાદી હોય છે. અને મને આહારની ગુલામી છે. તો પીડા છે ને ? તો તેના ઘરે ભટકાવું ને ? હવે મેં ઈચ્છાજ મૂકી દીધી છે. જાવજ્જીવ પરાભવના કારણભૂત એવા આટલા પણ આહારનો મારે ત્યાગ છે. માટે વિનંતિ કરું છું કે મને આ સબંધમાં ફેરવવાનું કાંઈ કહેશો નહિ.'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૪૧,તા.૧૮-૭-૧૯૫૩

જુવો, ખોટા મમત્વે ચઢ્યા પછી ગુરુની આજ્ઞાને પણ અપવાદવાળી કરવી પડે છે, મર્યાદિત કરવી પડે છે. ગુરુની કોઈપણ આજ્ઞા સ્વીકારવી હોય એણે કાંઈ પણ મમત્વ-હઠાગ્રહ ન રાખવો જોઈએ. કુલપતિ સમજુ છે. એ કહે છે કે 'જ્યારે તેં અનશનની પ્રતિજ્ઞા જ કરી છે, તો હવે મારે એ સંબંધમાં બીજી આજ્ઞા કરવા જેવું રહેતું નથી. પ્રતિજ્ઞા એ પ્રતિજ્ઞા ! તપસ્વીઓ સત્ય પ્રતિજ્ઞાવાળા હોય છે. પણ એક વાત કહું છું કે તારે ગુણસેન પર ગુસ્સો ન કરવો.'

કુલપતિ મિથ્યામાર્ગમાં છે, તાપસ પોતાનો શિષ્ય છે, ત્રણ ત્રણ પારણાં

ચૂકાયાં છે, છતાં શિખામણ આ આપે છે. 'ગુસ્સો ન કરતો' કેવો વિવેક એનો ! કેવી જાગ્રતિ ! કેવો પરલોક ભય !

**કુલપતિ :** "વત્સ ! ગુણસેનનો દોષ ન જોવો. જગતના પ્રાણી કર્મને પરવશ પડેલા છે. જીવોને જે કાંઈ થાય તે પોતાનાજ પૂર્વ કર્માનુસાર થાય છે, પૂર્વ કર્મ સારાં તો ફળ સારું આવે. પૂર્વ કર્મ ખરાબ તો ખરાબ થાય. આપણાં સારા નરસામાં બીજા તો નિમિત માત્ર છે, બાકી સારું નરસું કરનાર તો કર્મ છે. એટલે દોષ બીજાનો ન જોવો."

કેટલો દિવ્ય ઉપદેશ ! પરલોકની કેવી ભારે કાળજી ! આત્માને મહાશાતા આપનારી કેવી સરળ વિચારધારા ! સંસારના ત્યાગના જીવનને છાજતી, તાપસ જીવનને છાજતી, કષાયના ત્યાગની કેવી તકેદારી !

તપમાં મનાઈ નથી, ઘણો તપ કરાય તે ઘણું સુંદર છે પણ તપ કરનારને કષાય કરવાનો હક નથી. કષાય કરવામાં બચાવ મળે એમ નથી. કષાયથી તપ વિનાનો જેમ ડૂબે તેમ તપ કરનારો પણ ડૂબે. માટે જ તપસ્વીને કષાયનો હક નહિ. જ્ઞાન સારું, પણ જ્ઞાન પ્રાપ્ત કરનારને અભિમાન કરવાની સત્તા નથી. ગુણવાનપણું રૂપાળું પણ તેથી અયોગ્ય વર્તાવ. અનુચિત પ્રવૃત્તિ કરવામાં જરાય લાયકી નથી. કુલપતિએ એક મહાન હિતોપદેશ આપી સ્વસ્થાને સિધાવ્યું. વડિલ કેવા હોય ? આશ્રિતના આત્મહિતને જરાય વાંધો ન આવવા દે. માટે જ તાત્કાલિક આપત્તિથી લેવાઈ ન જાય.

**રાજાને પસ્તાવો :** તાપસના ગયા પછી રાજાને ખબર પડી કે પારણાની વેળા ગઈ. અત્યાર સુધી ન આવે એ ન બને. 'હું કેટલો અધન્ય ! આમંત્રણ તો મારું હતું. એટલે મહાતાપસને આજેય મેં પારણું ન કરાવ્યું ! ખરેખર મંદભાગીને ત્યાં ધનવૃષ્ટિ ન થાય,' તપાસ કરાવી, પત્તો લાગ્યો, 'અગ્નિશર્મા આવેલ ખરો, પણ પુત્ર જન્મોત્સવમાં સૌ રોકાયેલ, તેથી કોઈએ સત્કાર ન કર્યો. તેથી તાપસ ચાલ્યો ગયો,' ગુણસેન (મનથી) "મેં મહાતાપસને આહારનો અંતરાય કર્યો. કેવું ભયંકર પાપ ! ત્રીજું પારણું ગયું ! પુત્ર જન્મોત્સવ બીજા માટે ઉત્સવ હશે. મારે તો મહા આપત્તિરૂપ બન્યો." આત્મામાં રહી સહી યોગ્યતા પરમાર્થમાં અંતરાયભુત થતી ભૌતિક વિશિષ્ટતાને પણ ભયંકર અનર્થરૂપ, આપત્તિરૂપ મનાવે છે. આર્યદેશ છે આ હોં. રાજામાં યોગ્યતા છે, એથી તાપસની ભક્તિ કરવાની જે પરમાર્થ ક્રિયા એમાં અંતરાયભૂત બનેલ જે મહાન પુત્રસંપત્તિ, તેનેય રાજા આપત્તિરૂપ માને છે. અહીં જ જોવાની ખૂબી છે **'કોમલ હૃદયવાળો, સજ્જન દિલવાળો, અને શાંત મનવાળો રાજા ગુનેગાર છતાં ઊંચે ચઢે છે; ત્યારે કઠોર હૃદય કરનારો, દુર્જન દિલ**



**બનાવનારો અને કષાયી મન કરનારો મહાતપસ્વી ગુનેગાર ન છતાં નીચે ગબડે છે.**

**રાજા તપાસ કરવા સોમદેવને મોકલે છે :** ગુણસેન રાજા, પુત્ર જન્મોત્સવના કારણે અગ્નિશર્મા તાપસના ત્રીજા પારણાનો લાભ ગુમાવનારો બન્યો. તાપસ આવીને ચાલી ગયાની જ્યારે રાજાને ખબર પડી, ત્યારે એને ભારે દુઃખ થયું ! 'અરે ! ધિક્કાર છે મને કે પ્રમાદી એવા મેં તાપસને ધર્મમાં અંતરાય કર્યો ! લાખો પૂર્વથી ભીષ્મ પ્રતિજ્ઞાનું અસ્ખલિત પાલન કરનાર મહાતાપસને, ત્રણ ત્રણ વાર પારણું ચૂકાવી, મેં કઈ સ્થિતિમાં મૂક્યો ?' આમ શોકગ્રસ્ત થયેલો રાજા હવે પૂર્વની જેમ ત્યાં જાતે જવાની હિંમત કરી શકતો નથી. પણ ત્યાં શી સ્થિતિ છે, તે જાણવા પોતાના વિશ્વાસુ સોમદેવ નામના બ્રાહ્મણ પુરોહિતને મોકલે છે, કેમકે પોતાનું હૃદય શંકાશીલ, ઉદ્વિગ્ન અને ભારે વ્યથિત તથા ચિંતાતુર છે કે 'તાપસનું શું થયું હશે ?'

**ક્રોધ ભળે કે સમતા ટળે :** રાજાના હુકમથી અજાણ્યા માણસ તરીકે સોમદેવ ત્યાં આવીને અગ્નિશર્માને જુવે છે. એની પાસે ઘણા તાપસનો પરિવાર બેઠેલો છે. એણે જાવજ્જીવનું અનશન કરેલું છે. ક્યાં બેઠો છે ? પર્વત પાસેની નદીના કિનારે. નદી કિનારો ઠંડો છે, પણ અગ્નિશર્મા દ્વેષથી બળતો છે. જાણે ભડકા નીકળતા હોય તેવી વાતો કરી રહ્યો છે. હવે પૂર્વની સમતાભાવની વાતો ગઈ. લાખો પૂર્વની સમતા ગઈ. **તપ સાધનામાં કષાયાગ્નિ પેસે તો સાધના હતી ન હતી થઈ જાય !** લાખો પૂર્વના દીર્ઘકાળનીય સમતા-સમાધિ ચાલતી થાય.

**સોમદેવની હૈયાની વાત કઢાવવાની કુનેહ :** સોમદેવ આવીને વિનયથી નમન કરીને અજાણ્યા તરીકે ઊભો. એને જોઈને અગ્નિશર્માએ કહ્યું. 'સ્વાગત હો તને ! બેસ.' હવે ક્યાં શુભધ્યાન છે ? એટલે ફુરસદ છે એને. સોમદેવ બેસીને ઠાવકા મોંએ પૂછ્યું, 'ભગવન્ ! આપનો દેહ ઘણો દુર્બળ અને અતિક્ષીણ થઈ ગયો દેખાય છે ! બહુ જ ઘસાઈ ગયો છે ! એમ કેમ ?'

**તપસ્વી કેવા હોય ? :** અગ્નિશર્મા કહે છે કે 'નિસ્પૃહી અને બીજા પાસેથી આહાર મેળવી લેનારા તપસ્વીઓના અંગ કૃશ જ હોય !'

પહેલે તબક્કે અગ્નિશર્મા ઉકળાટ નથી કાઢતો, પરંતુ કૃશતાનું વાસ્તવિક કારણ દર્શાવે છે. વાત પણ સાચી છે કે તપ કરનારા **તપસ્વીઓના અંગ કાંઈ પહેલવાન જેવા લષ્ટ-પુષ્ટ થોડા જ હોય !** તપસ્યા કરવી અને નિઃસ્પૃહતાથી આજીવિકાવૃત્તિ બીજેથી મેળવવી ત્યાં કાયાને તાગડધિન્ના ન હોય ત્યારે **કાયાની તપથી થતી કૃશતા વિષયના ઉન્માદને, વિકારોના તોફાનને અને હૈયાની કઠોરતાને**

**અટકાવે છે.** એ સાધનામાં બહુ જરૂરી છે.

સોમદેવ- 'જરૂર આપ નિઃસ્પૃહી, પણ નિઃસ્પૃહતા ધનમાં, ધાન્યમાં, પશુસંપત્તિ ઈત્યાદિમાં રખાય, પરંતુ ધર્મકાર્યને ઉપકારક એવા આહારમાં ન રખાય. આહાર વિના કાયા ટકે શી રીતે ? ધર્મ કાયાથી કરવો છે તો કાયાને આહાર તો આપવો જ પડે ને ? અને નિઃસ્પૃહીને બીજા પાસેથી આહાર મેળવવો રહ્યો, તેથી મળ્યા પર આધાર ખરો; પરંતુ અહીંના લોક કંઈ એવા નથી કે જે અતિથિનો સત્કાર ન કરે. એમાંય આપ સરખા મોક્ષમાર્ગ પર આરૂઢ થયેલા, શત્રુમિત્રની પ્રત્યે સમાનપણે વર્તનારા, ઘાસના ગંજ અને હીરાના ઢગને એકસરખા તરીકે જોનારા. અને સંસારસાગરમાંથી પાર ઊતરવા જહાજ સમાન, એવા આપ જેવાની ભક્તિ ન કરે, એવો અહીંનો લોક નથી. આપ જેવા તપસ્વીની આગળ તો લોક આહારના ઢગ ખડકે. પછી આહારની ઉપેક્ષા કેમ ? સોમદેવ તાપસનો રાજા સંબંધી અંદરનો અભિપ્રાય જાણવા લોકની વાત લાવી મૂકે છે; ત્યારે **માર્ગ ચૂકી કષાય પરવશ બનેલા જીવો આવા વાતકુશળને પોતાનું પેટ આપી દે છે.**

**બીજાના દોષ ક્યાં જોવા ! પોતાના જોવામાંથી તો પરવારાતું નથી ! :** અગ્નિશર્મા કહે છે કે 'વાત સાચી. લોક બહુ સારી ભક્તિવાળો છે, પણ એક ગુણસેન રાજાને મૂકીને ?'

સોમદેવ અજાણ્યો થઈ પૂછે છે, 'હેં ! રાજા ગુણસેન ? શું કહો છો ? કેમ એણે શું કર્યું ? સંભળાય છે તો એવું કે રાજા તો ધર્મતત્પર છે.'

હવે જુઓ કે **નિંદક હોય તે** સામાની આવી **ખૂબી ભરી ઊલટી વાતોથી** એવો ફસાઈ જાય, **કે પેટનો ઊભરો ખાલી કરે જ;** ન કરવાની વાતો કરે. અહીં જો ઊલટી ન કરે તો માનવું પડે કે પ્રાયઃ એ નિંદક નહિ હોય. બાકી તો ઠીક સ્થાન મળતાં, નિંદકથી ઊલટી કર્યા વિના રહેવાય નહિ. ગંભીર એમ ન કરે. સમુદ્રને ગમે તેટલો વલોવોને ? એ તો ગંભીરજ રહેવાનો સ્વયં ઊછળી નહિ પડે કે સ્વગુણરૂપ રત્નોને બહાર ઉછાળે નહિ. **ગંભીર માણસો બીજાના દોષ ન કહે, ન સાંભળે.** અને બીજો કહેવા આવે તો ના કહી દે સાંભળવાનીય. એ સમજે છે કે પોતાના દોષ ઉલેચવામાંથી તો પરવારાતું નથી. અરે ઉલેચવાની વાતેય દૂર છે, એટલું જ નહિ કિન્તુ હજી તો પોતાના દોષ તપાસવામાંથીય ઊંચા નથી અવાતું, ત્યાં વળી બીજાના દોષ ક્યાં જોવા ?





માનો કે કોઈ માણસ ચોમાસામાં કાદવમાં લપસ્યો, શરીરે ડાઘા પડ્યા. ત્યાં બીજો માણસ પણ લપસ્યો, અને એનુંય અંગ બગડ્યું. હવે કહો કે પહેલો માણસ પાણીથી પહેલાં પોતાનું અંગ ધૂવે કે પેલાનું ? હજી તો બીજાનું અંગ ધૂવે તો પરમાર્થ છે, છતાં લક્ષ્ય પોતાનું ધોવા તરફ રહે છે અને પછી પોતાના કામે લાગવા તરફ રહે છે. તો **અહીં જ્યાં બીજાના દોષ જોવા એ ભયંકર અધર્મ છે, તો એના તરફ લક્ષ્ય જાય જ કેમ ?** પણ અગ્નિશર્મા હવે **પરદોષપ્રેમી** બન્યો, **તેથી નિંદાનો** સંકોચ નથી.

**પૂજ્યની નિંદા ન સાંભળવી હોય તો દુર્જનને છંછેડવા નહિ :** જ્યારે સોમદેવે કહ્યું કે, રાજા તો ધર્મપરાયણ સંભળાય છે, ત્યારે અગ્નિશર્મા કહે છે, કે 'ખરીવાત ! જે તલવારના બળે શત્રુવર્ગને જીતી લીધા છતાં બલાત્કારે તપસ્વી જનનેય મારી નાખવા તૈયાર થાય, એના જેવો ધર્મીષ્ટ બીજો કોણ ? ઘણા રાજાને એણે જીત્યાને ! તે ખુમારી છે એને ! તેમ સંતોષ પણ નથી ! બધાને દબાવ્યા તેમ તપસ્વીને પણ મારું !' અગ્નિશર્માનો અંદરનો ક્રોધ-અગ્નિ ભભૂક્યો. સોમદેવ ડાહ્યો હતો, રંગ સમજી ગયો. "ત્રીજું પારણું ચૂકાવાથી આ તાપસ કોપાયમાન થયો છે; અને એણે કુશનો લાંબો સંથારો (પથારો) કરેલ છે. તેથી લાગે છે કે એણે અનશન કરેલ હોય. એને કાંઈ પૂછવા જતાં તો એ સ્વામી (રાજા)નું હલકું બોલે છે. તેથી આની પાસે વધારે વાત કરવી એ તો રાજાની નિંદા સાંભળવા માટે છે. માટે ઊઠી જવું." એમ વિચાર કરી સોમદેવ ત્યાંથી પ્રણામ કરીને ઉઠ્યો. આમાંથી એ સમજવા જેવું છે કે **જ્યાં અનાડી માણસ દેવગુરુ ધર્મનું ભુંડું બોલતા હોય ત્યાંથી ડાહ્યાએ ઊઠી જવું; પણ સામી બાંધછોડ ન કરવી. જો કક્કો ખરો કરાવવા ગયા, તો વળી પાંચ ગાળ દેવગુરુને વધારે આપવાનો એ.** એને તો નવગજના નમસ્કાર ! શાંત રહેતો હોય તો એની સાથે વાતચીત થઈ શકે. પણ અંદરથી ઉકળેલો મૌન રહે શાનો ? સોમદેવ ત્યાંથી આગળ ચાલ્યો.

**આર્યદેશના તાપસોના આશ્રમમાં પણ અપરાધી પર દયાનું ચિંત્વન જ હોય :** નદી ઊતરતાં સોમદેવને બીજો તાપસ મળ્યો. એણે એને શું બન્યું તે પૂછ્યું. તાપસે આંસુ લાવીને અગ્નિશર્માના અનર્થની બધી વાત કરી. એનેય ખટકે તો ખરું ને ? કેમકે એ તાપસ છે. **તાપસ એટલે પાપ ધોઈ નાખવા તપ તપનારો. જેને પાપ ધોવા જ હોય, એ નવાં પાપને શાનો આવકારે ?** માટે જ એને અગ્નિશર્માનું ક્રોધપાપ પસંદ નથી. તેમજ પોતાના આશ્રમનો મહાતાપસ રાજાની નિંદા કરે તે

ખટકે છે. **દુનિયાના પાપી, ક્રૂર કે નિર્દયની પણ નિંદા કરવી કે એના પર દ્વેષ કરવો એ તાપસ જીવનને ના શોભે, એમ એ માને છે. જો જો હોં અહીં જૈનશાસન નથી. છતાં આર્યદેશના મિથ્યામતના તપસ્વીમાં પણ આ મર્યાદા છે કે અપરાધી પર પણ દયા વિના બીજું ન ચિંતવવું.** ત્યારે આપણે તો સર્વશ્રેષ્ઠ જૈનશાસન પામેલા. એની મર્યાદા તો આથીય કેટલી ઊંચી જોઈએ ? પણ ઊંચીની વાત તો પછી, કિન્તુ એટલી મર્યાદા તો લાવવાની કે નહિ ? **ગુણની કેળવણી કરવાની જરૂર છે. સતત અભ્યાસ જો ચાલુ રહે તો એ કેળવણીથી ઘણું આગળ વધાય, અને માનવ ભવ પામ્યાની અપૂર્વ સફળતા થાય !**

**વાંક કાઢો તો પોતાના કર્મનો કાઢો :** પેલો તાપસ મધ્યસ્થ ભાવે કહે છે, કે 'એ સાચી વાત કે દરેક વખતે પારણું ચૂકાયું એ ખોટું થયું, પરંતુ કર્મના પરિણામ ભારે છે. કર્મ એવાં ત્યાં ગુણસેનનુંય શું ચાલે ?' ખરેખર ! કર્મના ખેલ એવા જ છે ! સિદ્ધાર્થ રાજાના ઘરમાં રહ્યા ત્યાંસુધી મહાવીર ભગવાનને ન કોઈ એવો અશુભ કર્મનો ઉદય આવ્યો, કે ન કોઈ ઉપસર્ગ નડ્યો ! પણ ચારિત્ર લઈને જેવા બહાર પડ્યા કે અશુભ કર્મના ઉદયને ફુરસદ મળી ! એમના પર ઉપસર્ગ-પરીસહનાં ધાડેધાડાં ઊતરી પડ્યાં ! દેવતાઓએ તો ભક્તિ નિમિત્તે પ્રભુને દીક્ષાપૂર્વે ગોશીર્ષ ચંદનના વિલેપન કરેલાં. પણ હવે એના પર ભમરાઓ સુવાસથી ચટકા ભરે છે ! અતિશયરૂપ અને સુવાસથી 'આ ઠીક કામણગારો મળ્યો' એમ કરી સ્ત્રીઓ અનુકૂલ ઉપસર્ગ કરે છે. અનાર્ય મનુષ્યો તો ત્રાસ અને જૂલમ જ વરસાવે છે. સાડાબાર વર્ષ સુધી પ્રભુના ઉપર ઉપદ્રવો ભયંકર વરસ્યા, શૂલપાણી યક્ષ, સંગમદેવ, ગોવાળિયા, ચંડકોશિક નાગ, વગેરેએ પ્રભુને અપરંપાર દુઃખ દીધાં. બાકી હતું તે કેવળજ્ઞાન પછી પણ ગોશાળો નડ્યો. જે તેજોલેશ્યા એને પ્રભુએ શિખવેલી, એજ તેજોલેશ્યા એણે પ્રભુ પર મૂકી. **વિચારજો, કર્મ કેવાં વેર વાળે છે ? કોના દ્વારા ? કયા સાધને ?** આપણે તો ધૂંઆપૂંઆ થઈ જઈએ, જો આપણે કરેલા ઉપકારનો કોઈ આવો ઉપયોગ આપણા જ ઉપર કરે તો ! પણ પ્રભુ પોતાના કર્મનું ફળ સમજી સમભાવમાં છે, શાંત છે. તીર્થંકર બન્યા છતાં પ્રભુને છ માસ ગરમીની પીડા રહી. **જઘન્યથી એક ક્રોડ દેવતા સેવામાં નિરંતર હાજર હોય, પણ કર્મના ખેલ આગળ એય ઊંધી જાય ! આપણું કર્મ જ વાંકુ હોય ત્યાં બીજાના વાંક કાઢે શું વળે ?** આટલું સમજાય તો જગતનાં દુઃખ જાય. કર્મ વિના બીજા કોઈને દોષ દેવાની જરૂર નહિ. પછી કોઈ દુશ્મન જ ન લાગે તો કોઈની સાથે ખટાખટ કે ક્લેશ થાય જ નહિ. સૌ સંપીને રહે; એક બીજાના દુઃખમાં ભાગ લે; દેખીતા ગુનેગારને ઉપરથી આશ્વાસન આપે. ત્યાં દુર્જન સજ્જન બની જાય,



પછી જીવન કેવાં ? દિવ્ય, સ્વર્ગીય, અને સુખથી સમૃદ્ધ.

પૂર્વે મિથ્યામતનાય શિક્ષિત તાપસ પાસે આ સમતા હતી; ત્યારે આજે જૈનશાસન પામેલા કોઈક મિથ્યા ક્લેશ અને નિરર્થક પાપોપાર્જન કરી રહ્યા છે ! કેવું બેહૂદું ! તેય ક્લેશ મામુલી વસ્તુ માટે, તુચ્છ અહંભાવ ખાતર ! કર્મના ખેલ ભૂલી જનારી શ્રાવિકાઓ પણ રજેરજ અને તલેતલની ભાંજગડ કરે છે ! 'આ વાટકી અહીં કેમ મૂકી ? ભાન નથી ? અરે બાઈ ! મૂકી હવે. નથી ભાન. પણ એમાં શો એવો ભલીવાર હતો કે આટલો ક્લેશ કરે છે ? કષાય કરે છે ? કહો જો, થાળી-વાટકા સોનાના રાખો છો ? ના. એને મૂકવાના સ્થાન રત્ને જડ્યાં છે ? ના. મકાન રત્નોનાં બનેલાં ? ના. વસ્ત્રો મોતી ટાંકેલા ? ના. ભોંય પર પગ મૂકવાને બદલે અદ્ધર કે વિમાનમાં ચાલો છો ? ના. એટલે ? કશું ઠેકાણું નથી, જે છે તે બધું બુધા જેવું ! અને એની ખાતર વાતવાતમાં ક્લેશ ? દ્વેષ ? અને નિંદા ? **જૈનશાસન પામ્યા પછી પણ હૃદયની આ તુચ્છતા નહિ ટળે તો બીજા કયા સંયોગમાં અને કયા ભવમાં ટળશે ?**

**સભામાંથી** એ તો ચાલ્યા કરવાનું.

ઉ.- શું ચાલ્યા કરવાનું ? કચરાપટ્ટી વસ્તુ ખાતર ક્લેશ, દ્વેષ, અને નિંદા ? એમ ચાલી શકે તો શ્રાવિકા માતાની કુખ લજવાશે. જૈનકુળમાં કલંક લાગશે ! પ્રભુ શાસનનું એવું હલકું દેખાશે કે શાસનને આવા અપાત્ર મળ્યાતા, તે કચરાપટ્ટી ખાતર સંસારવર્ધક કાર્યવાહી કરી આવ્યા ! **આ ભવ કેવો ? પાપસ્થાનકોનો નાશ કરી શકે એવો** ! પાપવૃત્તિને ઉખેડવાનો આ ભવ ! **એમાં ક્લેશ, દ્વેષ, માયા, મમતા વધારવાના કે ઘટાડવાના ?** ગુણોની મઘમઘતી સુંદર સુવાસ હોય ત્યાં દીલ ઠરે, એ મૂકી ઈર્ષ્યા-વૈર, વિરોધ, નિંદા વગેરે દોષોની દુર્ગંધમય બદલો કોણ લે ?

**રાજાને ગુસ્સો નહિ પણ બહુ દુઃખ થયું ! :** સોમદેવે જઈને રાજાને ખબર આપ્યા. રાજાને તાપસ પર જરાય ગુસ્સો નથી થતો. પણ પોતાના નિમિત્તે તાપસને ભારે કષ્ટ થયાનું દુઃખ થાય છે, 'હું કેવો અધર્મી, કે મહાતાપસને અંતરાય કરી ક્લેશમાં મૂક્યો ! ચાલ, જઈને બને તો શાંત કરી આવું !' રાજાને અસહ્ય ચિંતાનો ભાર વધ્યો. પુત્ર જન્મોત્સવનો આનંદ બાજુએ રહ્યો. તાપસના દુઃખનો ભારે શોક થયો. કહો કે પુત્ર જન્મોત્સવ એને મહાઆપત્તિરૂપ થયો. કેમકે એ તાપસનું પારણું ભૂલ્યો. અહીં જોવાનું એ છે, કે રાજા પોતાની સત્તા અને સંપત્તિ પર ગુમાન કરી આવા ગુસ્સાખોર તાપસને ધૂતકારી શકત, પણ **આર્યત્વની ખાનદાની એવું અનુચિત ન થવા દે.**

**ભૂખની દયા નહિ, કષાયથી ભવમાં ભમે એની દયા :** હવે ગુણસેન રાજા સકલ અંતેપુર તથા પ્રધાનમંડળને લઈ પગે ચાલીને આવ્યો એ તપોવનમાં. શા માટે ? ક્ષમા માગવા માટે. હવે ફરી પારણાનું નિમંત્રણ કરવાની હોંશ નથી, પરંતુ જે ભયંકર ગફલત થઈ છે, તેની માફી માગવી છે. રાજા આવ્યાની કુલપતિને ખબર પડી, ગભરાયો. 'રાજા અગ્નિશર્મા પાસે જાય નહિ તો ઠીક' માટે એને રોકવા સામે જાય છે. કેમકે રાજા આવવાના ખબર કોઈ તાપસે અગ્નિશર્માને આપ્યા ત્યારે ક્રોધથી એનું શરીર ધમધમી ઉઠ્યું. અને હવે તો ઉદ્ધત જેવા બનેલાં અગ્નિશર્માએ કુલપતિને પોતાની પાસે બોલાવી ઉચિત સત્કાર ભૂલી નિષ્ઠુરપણે ગુસ્સામાં કહી દીધું હતું કે, "અરે, અરે, આ શું ? નિષ્કારણ વૈરી એવા એ અધમ રાજાનું મોં હું નહિ જોઈ શકું. એને ગમે તે કહીને બહારથી જ રવાના કરો. એ પાપાત્માનું મોં મારે નથી જોવું !" કુલપતિને થાય છે, કે 'અહો મારો એક વખતનો મહાતાપસ શિષ્ય આજે કષાયથી તણાઈ ગયો છે, માટે ઉગ્ર કષાયથી કલુષિત મનવાળા એની નજરે રાજાને ન ચઢવા દેવો ઠીક છે.' મિથ્યામતમાંય કઈ દયા ! 'કષાય તાણે છે, એ !' 'પારણું થયું નથી, ભૂખ્યો છે. એ દયા નહિ' **કષાયતાણી ભવમાં ભમાવે, એ દયા તમને તમારા કુટુંબ માટે છે ? મનુષ્ય જીવનમાં કષાય કરે તો ક્યાં જાય ? ભવસાગરના તળિયે.** અગ્નિશર્માનો કષાય ન વધે, રાજાને પણ અધર્મ ન થાય, માટે કુલપતિ ઊઠીને રાજાને રોકવા રાજાની સામે થોડેક જાય છે. વડીલ એનું નામ ! સામાને દુર્ગતિમાં ફેંકે એવી કાર્યવાહી કરવા દે એ મુરબ્બી નથી. **દુર્ગતિમાં ફેંકનારા કષાયોમાં સહાય, પ્રેરણા કરે તે વડિલ નહિ.**

**કુલપતિને તો રાજાને તથા અગ્નિશર્માને બેય ને સાચવવા છે :** કુલપતિ સામે આવ્યો. પરિવાર સહિત રાજાને જોયો. રાજા ઉદ્વિગ્ન હતો, કાયા કરમાયેલી હતી. કુલપતિને રાજાએ વિનયસહિત પ્રણામ કર્યા, પરિવારે પણ નમન કર્યું. કુલપતિએ ધર્માશિષ આપીને કહ્યું, 'મહારાજ ! આવો બેસીએ !' રાજાને જવું હતું તો અગ્નિશર્મા પાસે પણ હવે શી રીતે જવાય ? અહીં બેઠો જમીન પર. કુલપતિ નિર્મલ શિલા પર બિછાવેલા ઘાસના આસન પર બેઠો.

કુલપતિ કહે છે, મહારાજા ! પરિવાર સાથે આટલે દૂર પગે ચાલીને અનુચિત આગમન અત્યારે કેમ કર્યું ?'

**રાજા :** 'ભગવન્ ! અમે તો અનુચિત કરનારા જ છીએ. એને નવું અનુચિત શું હતું ? અથવા મારા જેવા નરાધમને આજ ઉચિત કરવાનું હતું કે પ્રમાદથી મહાતાપસને મારીને એમના ધર્મમાં અંતરાય કરવો !' તાપસને મારવાનો ધંધો પોતે કર્યો એમ કહે તો રાજા માયા નથી ખેલતો હોં ! કહે છે 'મારે ત્યાં પારણું



નક્કી કરાયેલું છતાં મેં ભાન ન રાખ્યું. એમણે જાવજ્જીવનું અનશન કર્યું મારા નિમિત્તે !' દુઃખથી રાજા ગંભીરપણે બોલે છે. 'તપસ્વીજનનો નાશ કરનારો હું અધમ છું ! હૃદયમાં સદ્ભાવ જગાડ્યા વિના કપટભરી વાતચીતે કરીને શું ? ક્યાં છે ભગવંત ! તે મહાનુભાવ અગ્નિશર્મા તાપસ ? તેમને હું વંદન કરું, અને તેમના દર્શનથી પાપકર્મકારી એવા મારા આત્માને પવિત્ર કરું !'

**કુલપતિ :** રાજન્ ! આટલો બધો સંતાપ ન કર. તપસ્વીઓનો તો એ કલ્પ છે કે અંતકાળે અનશન વિધિથી દેહ છોડવો. કાંઈ તારા પરના કંટાળાથી એણે અનશન નથી કર્યું !

**રાજા :** ભગવંત ! બહું શું કહું ? તો પણ હું તે મહાનુભાવને મળું !

**(સભામાંથી પ્રશ્ન)** કુલપતિનો એ માયા ઉત્તર નથી ?

ઉ. સામાના આત્માની દયાથી કહેલા એ શબ્દો દોષરૂપ માયાના નથી. કુલપતિ વિવેકી છે. એની ઉમદા ભાવના એ છે કે રાજાને ઉદ્વેગમાં ન રાખવો. **નિમિત્ત પામીને કોઈ આત્મા કષાયમાં તણાય, એવું લાગે તો એવું નિમિત્ત સજ્જને ન આપવું.** સામો અયોગ્ય વર્તાવ કરે એવું નિમિત્ત ન આપવું જોઈએ. કુલપતિએ તો રાજાને તથા અગ્નિશર્માને બેયને સાચવવા છે. રાજા ઉદ્વેગમાં ન પડે એની કેટલી સાવધાની રાખે છે ! નહિતર તો કુલપતિ રાજાને શું રોકડું ન પરખાવે, કે 'જોઈ તારી સદ્ભાવના, દંભ રહેવા દે.' અથવા ભલે અગ્નિશર્મા રાજાને સુણાવી દે. એમ ન થાય ? પણ ના, એથી તો અગ્નિશર્મા પણ વધુ ક્લેશમાં પડે, અને રાજાય ક્લેશમાં પડે. સજ્જન કુલપતિ એવું કેમ થવા દે ?

**કુલપતિની સમયસૂચકતા :** રાજા અગ્નિશર્મા દર્શને જવા ઇચ્છે છે, પણ રાજાને જવા નથી દેવો, એટલે કુલપતિ કહે છે 'રાજન્ ! અત્યારે એ ધ્યાનમગ્ન છે માટે જવું રહેવા દો ! મહાતાપસને ઈષ્ટધ્યાનમાં અંતરાય શા માટે કરવો ! વળી કોઈ બીજી વાર અવસર જોજે ! અંતરમાં એ છે કે 'ન અગ્નિશર્માને કષાય થાય, કે ન રાજાનું બગડે.' રાજાએ હવે તાપસ પાસે જવાનો આગ્રહ છોડી દીધો. કુલપતિની આજ્ઞા માગીને પાછો વળ્યો.

**ભક્તિના આગ્રહમાં ઘેલછા ન જોઈએ :** ચરિત્રોમાં આલેખાતા પ્રસંગો, જીવનમાં વિવિધ પ્રસંગે કેમ જીવવું, તે શિખવે છે. તેમ આચાર્ય મહારાજના કે માસખમણવાળા મુનિના દર્શન કરવા આવ્યા, ત્યાં તરત ને તરત જ દર્શન કરવાનો આગ્રહ ન હોય. દર્શન કદાચ એવું હોય તો, પછી પણ થાય; દૂરથી પણ થાય. જો ખબર નથી કે 'મોટેથી જો ઈચ્છકાર કહીશ તો એમને શું થશે ?' તો આસ્તેથી બોલાય. 'નહિ હું તો સુખશાતા પૂછવાનું સૂત્ર આમ જ સ્પષ્ટ મોટેથી બોલવાનો,'

એવો આગ્રહ ન જોઈએ. એમ પૂજામાં કોઈએ ભગવાનની સારામાં સારી બાદલાની આંગી કરી છે, તો પરમાત્માની એ આંગીપર કેશરના ટપકાં કરવાનો આગ્રહ ન હોવો જોઈએ.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૪૩,તા.૧-૮-૧૯૫૩

**પ્ર.**- પણ તેથી શું અમારે પૂજા ન કરવી ?

ઉ.- પોતાના દીકરાને સારાં કપડાં પહેરાવ્યાં હોય, અને એના પર હવે હલકાં કપડાં પહેરાવવા કોઈ આવે, અને કહે કે, 'મને ભક્તિ કરવા દો ?' તો તમે કરવા દો ખરાં ? કહી જ દો ને કે 'લાવ સવાયું !' કેમ એમ ? કેમ બિચારાને ભક્તિ ન કરવા દો ? પણ કહો કે ભક્તિ કમબખ્તી કરનારી ન જોઈએ; **શોભાને બગાડનારી ભક્તિ ન જોઈએ. એવી ભક્તિનો આગ્રહ એ ઘેલછા છે. કપાળે લાલચોળ કેશરનું તિલક કરીને નીકળ્યા હો, અને કોઈ** ધોળા સુખડના ચાંદલાની ભક્તિ કરવા આવે તો કરવા દો ? ના, વાત વિવેકની છે. આપણે પ્રભુના દર્શન કરવા ઊભા, ત્યાં સામે કોક આડે ઊભો પૂજા કરવા, ત્યાં શું બોલો છો ? 'પૂજા કરતાંય નથી આવડતી ? આવીને ઊભા રહ્યા આડા ! જરા બાજુએ રહી પૂજા કરો તો શું બગડી જાય...?' ચાલે ને ગાડી ? શેની ? કષાયથી મિશ્રિત વાણીની અને વિચારણાની. **ભગવાનના દર્શનનું ફળ શું ? કષાયની શાંતિ કરવી તે કે વૃદ્ધિ કરવી તે ?** હજી દર્શનનું ફળ આવશે ત્યારે વાત, પણ કષાય તો પહેલેથી જ વધારાય છે ! જે પૂજા-દર્શન-ભક્તિના ફલરૂપે વિષય-કષાયને શાંત કરવાના છે, ત્યાં પહેલેથી જ કષાય અગ્નિ સળગાવવો ? આવડત હોય તો વચ્ચે ઊભા રહેનારને હાથ જોડી કહો, 'ભાગ્યવાન છો, પૂજા સારી કરો છો; પણ જરા બાજુએ રહીને કરો, તો અમને દર્શન થાય;' તો તરત ખસી જાય કે નહિ ? કદાચ નજ ખસે, તોય આપણે કષાયથી આપણું હૃદય બગાડવાનો આગ્રહ શા માટે ? રાજાએ આગ્રહ મૂકી દીધો, ત્યાંથી નગર તરફ પાછો વળ્યો.

**સમરાદિત્ય કેવલીમહર્ષિ બનવાનાં મૂળ ક્યાં ? :** જ્યાં એ પાછો ફરતો હતો, ત્યાં માર્ગમાં એને એક લાગણીભર્યો બાલતપસ્વી મળ્યો. એણે રાજાને અગ્નિશર્માનો અભિપ્રાય કહી દીધો. શો અભિપ્રાય ? રાજા પર વૈર વાળવાનો. એ સાંભળી રાજાને ગુસ્સો નથી થતો, તેમ જ 'હાય ! શું થશે ?' એમ પણ નથી થતું. એ તો વિચારે છે કે, ''તો પછી મારે ફરી અહીં આવવાનું અને કુલપતિને તકલીફમાં મૂકવાનું શું કામ છે ? હવે તો નગરમાંય રહેવું યોગ્ય નથી. નકામું વળી



કાંઇ એ મહાનુભાવ સંબંધી ન સાંભળવા યોગ્ય સાંભળવું પડે તો ? મારા પ્રમાદે આ મહાનુભાવને ક્લેશ થયો, તો એમાં દોષ મારો છે. કેવી મારી ભયાનક ભૂલ ? **સમરાદિત્ય કેવલી મહર્ષિ બનવાનાં મૂળિયાં આ જાતની હૃદયની સ્વદોષ-દર્શનની અને પરકીય ગુણાનુરાગની વૃત્તિમાં પડ્યાં છે.** રાજા પોતાના આવાસે આવી ગયો.

**ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે આગમન :** હવે પોતે એ નગરમાં પણ રહેવા નથી ઈચ્છતો. અગ્નિશર્માને પોતાના નિમિત્તે થયેલા ક્લેશને લીધે, પોતાનું મન અહીં રહેવા થકી ઊઠી ગયું. તેથી જ્યોતિષીના કહેવા મુજબ બીજે જ દિવસે શુભ મુહૂર્તે પરિવાર અને મોટા લશ્કર સાથે પોતાના ક્ષિતિપ્રતિષ્ઠિત નગર તરફ પ્રયાણ આદર્યું. સતત પ્રવાસથી એક માસમાં ત્યાં પહોંચી ગયા. અહીંથી નિકળ્યે રાજાને લાંબો સમય થયો છે, તેથી હવે મહારાજા પાછા પધારે છે એના આનંદમાં પૂજા અને રાજ્ય તરફથી ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં મોટો પ્રવેશ ઉત્સવ ઉજવાયો. મહાન ધામધૂમથી રાજાનો નગર પ્રવેશ થયો. આનંદમંગલ વર્તાયા. સર્વતોભદ્ર નામના મહેલમાં આવીને રાજાએ મુકામ કર્યો.

**બે માસમાં જ અવનવું :** ખૂબી જુઓ કે વસંતપુર નગરમાં રાજા લગભગ બે માસ રહી આવ્યો. એમાં કેવી અવનવી ઘટના બની ગઈ ? રાજાની કોઈપણ જાતની બદદાનત નહિ છતાં ભવિતવ્યતાએ રાજાને ત્યાં એવી એવી ઘટનાઓ ઊભી કરી કે જેમાં રાજાને ત્યાં જ તાપસ અગ્નિશર્માના સળંગ ત્રણ પારણાં ચૂકાયાં. તાપસે ભાન ભૂલીને લાખો પૂર્વો પહેલાંની, ગુણસેનની મશ્કરી કરવાની આદત સાથે આ પ્રસંગની કડી જોડી. પોતે નવો દ્વેષ, નવું વૈર ઊભું કર્યું. કોનું બગડ્યું એમાં ? પહેલું પોતાનું જે આ મહાતપની પાછળ સુંદર દેવ માનવના ભવો અને પરિણામે નિકટના કાળમાં મોક્ષ નીપજત, તેના સ્થાને અનંત સંસારનો પાયો નંખાયો ! ગુણસેન માટે પણ એક ભવોભવનો વૈરી ઊભો થયો. કહો જો, વસંતપુર જતાં પહેલાં રાજાને આની કશી ખબર હશે ? લાખો પૂર્વ આયુષ્ય કાળમાં બે મહિના શું માત્ર ? પણ એટલામાં તો ગજબનું થઈ ગયું, કલ્પના બહારનું ભાવિના ગર્ભમાં શું હશે તે આપણે જાણતા નથી, માટેજ સત્પુરુષાર્થમાં આજથી જ લાગી જવા જેવું છે.

**દુર્ભાગ્ય અને અસત્પુરુષાર્થ : અગ્નિશર્માને અનંત સંસારનો પાયો નંખાયો ત્યારે ગુણસેનને** તેના એક માસ બાદ જ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં પાછા આવતાં **અનંત મોક્ષનો પાયો નાખવાનું ઉમદા નિમિત્ત મળી જાય છે.** કેવો મહાન ફરક ! શાથી આમ ? ભાવિભાવ કહેતા નહિ, કેમકે અહીં જૂદા કારણ છે. રાજાને

પોતાનો પુણ્યોદય એવો જાગ્યો કે એનું અહીં આ સમયે આવવું, અને બરાબર એજ વખતે સારું નિમિત્ત મળી આવ્યું. **સારું નિમિત્ત મળવા માટે પુણ્યઉદયની જરૂર પડે છે.** ત્યારે અગ્નિશર્માને આ પુણ્યોદય નથી, અને ઊલટું રાજાને દુશ્મન સમજવાનો ઊંધો પુરુષાર્થ છે. ઉપરાંત, મહાતપના ફળ તરીકે રાજાને ભવોભવ મારવાનું માની લેવાનો ઊંધો પુરુષાર્થ કર્યો છે. આમ દુર્ભાગ્ય અને અસત્ ઉદ્યમે અગ્નિશર્માને સંસારમાં ઘસડ્યો. ત્યારે ગુણસેનને સદ્ભાગ્યે મોક્ષકારક સદ્નિમિત્ત આવ્યું. શું હતું તે નિમિત્ત ?

**સૂરીશ્વરજીની પાવન પધરામણી :** રાજા ભાગ્યશાળી એવો કે તે નગરમાં પોતાના પ્રવેશના દિવસે જ માસકલ્પી વિહારથી સંયમમાં વિચરતા એવા **વિજયસેન** નામના એક મહાન **આચાર્ય ભગવાન** શિષ્ય સમુદાય સાથે પધાર્યા. કેવા હતા એ ? સમસ્ત દ્વાદશાંગીના વેત્તા હતા. આ શ્રુતજ્ઞાન ઉપરાંતમાં, આત્મપ્રત્યક્ષ ગણાતા વિશિષ્ટ જ્ઞાનરૂપ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનને એ ધરાવતા હતા. રાજાને આ નિમિત્ત મળનાર છે. કહો કેટલું ઊંચુ ? આમાં રાજાનું સદ્ભાગ્ય કેવું ? આજે આપણને આટલા ઊંચા જ્ઞાની ન મળે; પણ જે મળે છે તે આપણને ઊંચે લઈ જવામાં કેવું સરસ નિમિત્ત બની શકે એમ છે ? તો **એવા નિમિત્તની આપણને કદર કેટલી ? શું એવું નિમિત્ત પામ્યા બદલ આપણને એવો ગૌરવ અને આનંદ ખરો કે જેથી લક્ષ્મી આદિના ભાગ્ય કદાચ આપણને ન મળ્યા હોય તોય ઓછપ ન લાગે ?** ના, ત્યારે શામાં રાજી થવા જેવું, શેની અફસોસી નહિ કરવા જેવી, એની કાં ખબર નથી કે કાંતો આવડત અને ખપ નથી ! આગળ જુવો, આચાર્ય મહારાજનું પુણ્ય શરીર સર્વાંગ સુંદર હતું, મનોરમ હતું, અને હજી તો યૌવનની પૂર્વ અવસ્થામાં હતા. ધ્યાનમાં લેજો, આટલામાં કેટલું બધું ભણીને આચાર્ય બનેલા છે ! તો દીક્ષા ક્યારે લીધી અને એટલું ભણ્યા ક્યારે ? જો માનવ જીવનનું અણમોલ કર્તવ્ય ચારિત્ર સમજો તો આ તમારે રોજનું દુઃખ ઊભું હોય કે ‘હજી સુધી મને હીનભાગીને ચારિત્ર ન મલ્યું ?’ રોજ આ દુઃખ થાય છે ને ? આચાર્ય મહારાજ પૃથ્વીના શણગાર ? એટલે કે જાણે અલંકારરૂપ હતા. સકલ લોકની આંખોને જાણે આનંદરૂપ હતા. ધર્મમાં રક્ત રહેનારા જીવોને મહાન વિશ્વાસનું, આશ્વાસનનું સ્થાન હતા. પરમ ધન્યતાના નિવાસ હતા, એ આદેયતાનું ઉચ્ચસ્થાન ધરાવતા હતા; અર્થાત્ લોકો એમનું વચન ગ્રહણ કરતા હતા. વળી સૂરીશ્વરજી ક્ષમાનું તો કુલઘર હતા, ગુણરત્નોની ખાણ હતા, શુભ કર્મના વિપાકનું સર્વસ્વ હતા; એટલે કે ચારે તરફથી પુણ્યના ઉદયથી પરિવરેલા હતા. મહાન રાજવીના વંશમાં જન્મેલા એ જિનશાસનમાં દીક્ષિત બનેલા હતા.



**આચાર્યદેવ ક્યાં ઊતર્યા હતા ? :** તે નગરમાં અશોકદત્ત નામે એક શેઠનું અશોક નામનું ઉદ્યાન હતું. એમાં સુંદર જિનમંદિર હતું. મંદિર અને તે ઉદ્યાનમાં, કેવી સરસ આહ્લાદકારિતા ! આચાર્ય ભગવંતે શેઠનો અવગ્રહ યાચીને અર્થાત્ મુકામ કરવાની રજા માંગીને આ ઉદ્યાનમાં મુકામ કર્યો હતો.

**મારક મૂકીને તારક પાસે :** હવે રાજા ગુણસેન પ્રવેશ-ઉત્સવમાં દરબાર ભરીને બેઠો છે; ત્યાં પોતે પૃચ્છા કરે છે કે, ‘કોઈએ હમણાં કાંઈ નવીન જોયું-સાંભળ્યું છે ?’ એ વખતે એક કલ્યાણક નામનો માણસ રાજાને કહે છે કે, ‘હા નામદાર ! આજે આપણા નગરના ‘અશોક’ ઉદ્યાનમાં માસકલ્પ નિમિત્તે, ગાંધાર દેશના રાજા સમરસેનના પુત્ર જે લક્ષ્મીસેન, તેમના પુત્ર વિજયસેન, જે ચારિત્ર અંગીકાર કરીને મહાન આચાર્ય બનેલા છે, તે પોતાના શિષ્ય પરિવાર સાથે પધારેલા છે તેમને મેં જોયા છે. અહો ! કેવા મહાન ગુણોને ધરનારા એ દિવ્ય પુરુષ છે ! એ જાણે સકલ દર્શનીય વસ્તુના દર્શન માટેનો વસંતોત્સવ ના હોય ! અર્થાત્ એકજ સ્થાને એમનામાં ઘણું ઘણું દેખવા યોગ્ય મળે છે, જેથી નેત્ર ઠરે છે ! વળી લાવણ્યના તેજ-પ્રવાહથી ચારે દિશાના પટને પ્રકાશિત કરનારા છે ! સર્વ અંગે તેજસ્વી સૌન્દર્યથી શોભતા છે. સર્વ પ્રકારની એટલી બધી ઉચ્ચ કલા પામેલા છે, કે સર્વકલાએ સંપૂર્ણ ચંદ્રની સમાન એ શોભે છે. હજી તો યૌવનના પૂર્વકાળમાં છે, છતાં કામ-ક્રોધાદિના વિકારથી રહિત છે. એમણે કુસુમબાણ (કામદેવ) ને જીત્યો છે એટલે દૂર ભગાડ્યો છે, છતાં તપની શોભામાં મગ્ન છે. કામને જીતીને તપ કરનારા છે. કુસુમ ગયા પછી શોભા શી હોય ? પણ અહીં કુસુમબાણને દૂર કર્યા પછી તપની શોભા છે. વળી સર્વ સંગના ત્યાગી હોવા છતાં સકલ લોકને ઉપકારી છે. કહેવાય કે પાસે કાંઈ ન હોય તો ઉપકાર શો કરે ? પણ સૂરીશ્વરજી ખરેખર ! ધર્મોપદેશથી મહાન ઉપકાર કરી રહ્યા છે. જાણે એ મૂર્તિમંત ધર્મ છે. અત્યંત પૂજ્ય એવા ધર્મે જ જાણે આ દેહ ધારણ ન કર્યો હોય ! કેટલું વર્ણન થાય ? અવર્ણનીય ગુણોના એ નિધાન છે. મેં એઓશ્રીના આજે દર્શન કર્યા.’

**રાજા :** ‘ઓહો ! તું પુણ્યશાળી છે. એવા મહર્ષિના દર્શનથી માનવના અવતારમાં ચક્ષુ પામ્યાનું ફળ તે પ્રાપ્ત કર્યું. હું પણ કાલે અંતરાય નહિ નડે તો, એઓશ્રીના દર્શન નમસ્કારથી પાવન થઈશ.’

આમાં રાજા અન્યના સુકૃતની અનુમોદના કરે છે, મહર્ષિના પ્રત્યે આકર્ષાય છે, જાતે સત્સંગના સુકૃતની અભિલાષા કરે છે. ત્રણેય પવિત્ર કાર્યો ! **અગ્નિશર્મા રાજાનો મારક બનવા બેઠો હતો. વિજયસેન આચાર્યદેવ રાજાના તારક થનાર છે.** રાજા મારક પાસેથી ખસી આવ્યો છે, તારક પાસે જવા નિર્ણય કરે છે. પૂર્વના

માસખમણ કરનારા તાપસ અગ્નિશર્મામાં તો શી મહત્તા હતી ? તેથી અનંતગુણ મહત્તા પામવાની ભૂમિકા આ તારક સદ્ગુરુ પાસેથી રાજા મેળવવાના છે. બીજી સવારે પ્રાભાતિક કાર્ય પતાવી રાજા પરિવાર સાથે ઉદ્યાન તરફ જાય છે.

**ઉદ્યાન પણ કેવુંક ગુણદર્શક છે ? :** રાજાએ ઉદ્યાન કેવું જોયું ? એમાં મનોહર આંબાના વૃક્ષોની ઘટા છે. એવી, કે નીતિએ કરીને, બળવાન એવા રાજામાં જેમ છિદ્ર ન જડે તેમ આમાં પોલાણ નથી જણાતી. અર્થાત્ જ્યાં વૃક્ષો છૂટા છવાયા કે આછા નથી, પણ જથાબંધ અને ભરેલા છે. વળી ઉદ્યાનમાં એવા છોડ છે કે જે વાવના તટે ઉગ્યાથી પરસ્ત્રીના દર્શનથી ડરતા સત્પુરુષની જેમ નીચું મુખ રાખીને રહેલા છે. ત્યારે અતિમુક્ત પુષ્પની લતાઓ સત્પુરુષની ચિંતાઓની જેમ આડી-અવળી નીચે પડી ગયેલી છે. દરિદ્ર અને કામી પુરુષોના હૃદયો જેમ ચિંતાઓથી ચારે તરફ ઘેરાયેલા હોય છે, તેમ ઉદ્યાનમાં લતાઘરો પણ ચારે બાજુથી વ્યાપ્ત છે. વળી વિષયમાં આસક્ત વ્રતધારી જેમ ન શોભે તેમ લીંબડાના વૃક્ષ શોભતા નથી. તેથી ઊલટું લાલ અશોક વૃક્ષો કસુંબાથી રંગેલા વસ્ત્રવાળા નવીન વર (પતિ)ની જેમ ત્યાં શોભી રહ્યા છે. વધારે શું કહેવું ? જીવલોકના મનોરથો જેમ ઘણા વૃત્તાન્તોથી ભરેલા હોય છે, તેમ તે ઉદ્યાનના વૃક્ષો પણ ઘણી ઘણી વિગતો અને વિશેષતાઓથી ભરેલા છે.

**ગ્રંથકાર મહર્ષિએ ઉદ્યાનને આધ્યાત્મિક ઉપમા** આપી તે કાળની આર્યપ્રજાની મર્યાદા વર્ણવી છે. માણસ જો **નીતિમાન** હોય, પ્રામાણિક હોય, ઇંગ્લિશમાં તેને સ્ટ્રેઇટ ફોર્વર્ડ (Straight forward) કહે છે, અર્થાત્ જો ન્યાય સંપન્નતા-સરળતા-નિખાલસતા-ઔચિત્ય વગેરે ગુણોવાળો હોઈ સીધા વર્તાવવાળો હોય, તો એનામાં દૂષણો નહિ જડે. દુશ્મનને પણ એનામાં છિદ્ર શોધવું મુશ્કેલ પડશે. માટેજ કહેવાય છે કે **તમે સીધા રસ્તે, નિર્દોષ માર્ગે જીવન વહે જાઓ, પછી તમારે કોઈનાથી ડરવાની જરૂર નથી.**

બીજી વાત એ કહી કે આર્ય માણસ **પરસ્ત્રીના દર્શનથી બીવે.** રખેને પરાયી સ્ત્રી નજરે જોવાઈ જાય, માટે નીચે મુખે ચાલે, બેસે. આજે આ ડર ક્યાં દેખવા મળે ? ત્યારે એટલું સમજો કે પરસ્ત્રીદર્શનમાં લુબ્ધ થયેલ મનુષ્યોનો **દૃષ્ટિદોષ એને એટલો બધો હલકી વિચારસરણીવાળો બનાવે છે, એવો તાત્ત્વિક તથા સાત્ત્વિક ભાવનાઓથી રહિત બનાવે છે,** કે પછી એ પાશવી કરણીમાં ચઢી જાય એ સહજ છે. આર્યને તો અજાણ ભાવે પણ પરસ્ત્રી દર્શન થઈ જતાં હૈયે ઇલેક્ટ્રિક શૉક જેવું લાગે.

વળી એ કહ્યું કે **કામી** પુરુષો બિચારા **ચિંતાતુર રહે છે;** કેમકે એની વાસના



શાંત થતી નથી. તેથી 'કામના પાત્રને કેવી રીતે રીઝવું, જુદા જુદા વૈષયિક આનંદ કેવી રીતે લૂંટું' એની ગડમથલ એના મગજમાં ચાલ્યા જ કરે છે. આ સૂચવે છે કે ચિંતાઓની આ ગુલામી ટાળવી હોય તો કામી ન બનો, સંયમી અને તૃપ્ત બનો. તોજ પેલી ચિંતાઓ અટકશે અને પરમાત્માની ચિંતા, તત્ત્વની ચિંતા વગેરે ને માટે અવકાશ રહેશે.

**'વ્રતધારીઓ, સાધુઓ વિષયાસકત ન શોભે'** એમ કહીને સાધુતાની જવાબદારી બતાવી. **જો તમે સાધુ છો, તો વિષયની આસક્તિની દુર્ગંધ તમારા ચંદન મનમાં હોઈજ ન શકે.** એના સંબંધ તો તમે સાધુ થયા એટલે તોડી નાખ્યા; હવે જોડાય નહિ. સાધુની આંખને સારું જોવું ન ગમે, જીભને સારું ખાવું ન ગમે. શું ? આ જવાબદારી બરાબર વહન કરનાર સાધુઓ આર્યપ્રજાનો પ્રાણ છે, રાજ્યમાં ગુનાઓ થતા અટકાવનાર છે, પ્રજામાં માનવતાનો વિકાસ કરી પરમાર્થ, પરોપકાર, અહિંસા, સત્ય વગેરેમાં ચઢાવનાર છે

**ગુણના વર્ણન શા માટે યાદ રાખવા ? :** રાજા પહોંચ્યો મુનિઓના મુકામે. ત્યાં જુએ છે કે કેટલાક મુનિઓ ઉત્કટ આસને, કેટલાક વીરાસને, કેટલાક ઉર્ધ્વકાયોત્સર્ગે, તો કેટલાક પદ્માસને ધ્યાનમાં રહેલા છે. બીજાઓ કોઈ સ્વાધ્યાય પરાવર્તન કરે છે, કોઈ શાસ્ત્રની વાચના આપે છે. બધામાં મુખ્ય સ્થાને તારાઓથી પરિવરેલા શરદઋતુના પૂર્ણ ચંદ્રસમા વિજયસેન આચાર્ય ભગવંતને નિહાળ્યા. કેવા એ હતા, એનું વર્ણન પૂર્વે આવી ગયું. યાદ છે ને ? કહી જાવો જો. નથી બોલતા. તો શું એમ લાગે છે કે એવા વર્ણનમાં શું યાદ રાખવું હતું ? તમને ખબર નથી કે એવા ગુણોના વર્ણન યાદ હોય તો આપણને ધ્યાન રહે કે આપણે કેવા કેવા બનવાનું છે. તેમ પ્રભુની કે મહાપુરુષોની સ્તુતિ કરવી હોય તો આના આધારે કરી શકીએ ? પ્રભુના દર્શન રોજ કરો છો ને ? હા, પરંતુ ત્યાં ધારાબંધ વિચારણા ચાલી શકે છે ? ના, કેમ ? આવું ગુણોનું વર્ણન યાદ નથી રાખતા માટે.

**સૂરીશ્વરજીના ગુણોનું રહસ્ય : જ્ઞાન અને દર્શનીયતા :** આચાર્ય ભગવંત શાસ્ત્રજ્ઞાનમાં સમસ્ત શાસ્ત્ર એટલે કે ઠેઠ બારમું શ્રુત-અંગ દૃષ્ટિવાદ, કે જેમાં ચૌદ પૂર્વ સમાય છે, આત્મા, કર્મ, મંત્ર, તંત્ર, વિજ્ઞાન બધું એમાં આવે; ત્યાં સુધીના એ પારંગત છે. વયમાં તો હજી યુવાનીનો પ્રારંભ છે. ત્યારે જ્ઞાનપ્રાપ્તિ માટે દીક્ષા લઈને કેવો એકતાન ભગીરથ પુરુષાર્થ કર્યો હશે ! જ્ઞાનના આઠ આચારોનું પાલન કેવું કર્યું હશે ! ગુરુના વિનય-બહુમાન વગેરેમાં કેટલી તત્પરતા ! પાછું આના ઉપરાંત વિશિષ્ટ પ્રત્યક્ષ જ્ઞાનરૂપ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનને એ ધરનારા છે. એ એમ નથી મળતાં. ત્યાગ, તપસ્યા અને નિર્મળ ચારિત્ર, અપ્રમત ચારિત્રથી

એ મળે છે. અવધિજ્ઞાનથી દૂર દૂરના પ્રદેશ સુધીની અને ભૂત-ભાવિ કાળ સંબંધી-રૂપી વસ્તુ જાણે સામેજ ખડી હોય તેમ એનું પ્રત્યક્ષ કહી શકે. ત્યારે મનઃપર્યાય જ્ઞાનથી અઢી દ્વીપમાં રહેલાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના સૂક્ષ્મમાં સૂક્ષ્મ મનને પ્રત્યક્ષ જાણી શકે. આવાં જ્ઞાન માટે એવી જ ઉચ્ચ આરાધના જોઈએ ને ? આચાર્ય ભગવંત રાજકુમારપણાની સહેજ સાહ્યબી મૂકી આવીને આ સાધના કરનાર બન્યા છે. સુલક્ષણો અને ગુણોએ કરીને એવા પ્રશાંત અને દર્શનીય છે કે પ્રેક્ષકને દર્શન માત્રથી આનંદ કરી દે છે; જોતાં આંખો થાકે નહિ.

**વિશ્વાસદાયિતા :** પાછું એમણે પ્રાપ્ત કરેલી આ વિભૂતિ જોઈ લોકોને વિશ્વાસ પડે છે કે, 'ભાઈ ! ધર્મની સાધના નકામી નહિ જાય. જુઓ, ધર્મના પરલોકનાં ફળ તો બહુ ઊંચા મળવાનાં છે જ, પરંતુ અહીં પણ એવા રૂડાં ફળ સૂરિજી મહારાજે મેળવ્યાં છે, જે પ્રત્યક્ષ દેખાય છે.' આમ ધર્મની સફળતા મનમાં સચોટ ઠરાવી દે એવા એ સૂરિપુરંદર છે.

**ધન્યતા :** એમણે જીવન મહાધન્ય બનાવ્યું છે. વાતેય સાચી. રાજા-મહારાજાઓને પણ જ્યાં ચરણે નમવાનું મન થાય, એમનું જીવન રાજાઓના જીવન કરતાં શ્રેષ્ઠ જીવન છે, સાચું ધન્ય બનેલું છે. એવાં જીવનમાં સુખ-શાંતિનીય કોઈ કમી નથી. માત્ર મોહ અને અજ્ઞાનતા જીવને એમ મનાવ્યા કરે છે, કે લક્ષ્મી વિષયો, સગવડ, સત્તા સાહ્યબી કે માન આબરૂ વગેરેમાં સુખશાંતિ છે. પણ જુવો કે લક્ષ્મીવાળો વિષયો માટે રૂવે છે. એ બે વાળો સગવડ માટે ફાંફાં મારે છે. એય મળે, છતાં જેને સત્તા નથી, એ સત્તા પાછળ વલખાં મારે છે. ત્યારે કોઈ માન માટે મરી રહ્યો છે. બધુંય છે છતાં રોગ, વૃદ્ધપણું, મૃત્યુ વગેરે દુઃખી કરે છે. એમાં સુખ શું ? સાચા સુખશાંતિ ત્યાગી પાસે છે. મનની મહાન કેળવણીથી સાચી સગવડ, સત્તા સાહ્યબી અને આબરું ઉપરાંત મહાન સ્વસ્થતા સાચાં તો સૂરીશ્વરજી પાસે છે. આચાર્ય મહારાજનું વચન પરમ આદેય છે; કેમકે એ ગુણમૂર્તિ છે અને નિઃસ્વાર્થ ઉપકારી છે. તેથી એમના વચનને લોક હોંશથી ઝીલે છે. સ્વીકારે છે.

**ક્ષમાનું** તો એ કુલઘર; એટલે ક્ષમાએ એમનામાં જાણે પોતાનું ઘર સમજી વાસ કર્યો છે. માણસને પોતાના ઘરમાંથી કોણ ઉઠાડી મૂકનાર છે ? એમ અહીં ક્ષમાને આ આત્મઘરમાંથી કદી નીકળી જવું નહિ પડે. તાત્પર્ય એ છે **કે આચાર્ય ભગવંતે ક્ષમાને આત્મસાત્ કરી છે; આત્માને લાલચોળમજીઠના રંગે ક્ષમામય કરી દીધો છે.** બીજા પણ અનેક ગુણો એઓશ્રીમાં ઝગમગે છે. એમનો પુણ્યોદય પણ મહાન છે.

**નિર્વિકારતા :** આચાર્ય મહારાજ હજી તો યુવાનીના પૂર્વ ભાગમાં હોવા



છતાં વિકારોથી રહિત છે. યુવાની તો વિકારોનું ઘર ગણાય. લોહી થનગનતું હોય તેથી ગુસ્સો અને રોફ જાગતાં વાર નહિ. રોફની પાછળ અહંભાવ, માનાકાંક્ષા અને ઉછાંછળાપણું હોય. નવાં વીર્યનું જન્મવું સહેજે કામવાસનાને ઉત્તેજિત કરે. એ વળી હાસ્યમશ્કરી અને ચક્ષુઆદિના ચેનચાળાને જગાવે. જીવનના હજી તેવા કાંઈ અનુભવોથી ઘડાવાનું થયું નથી, તેથી ઘડીમાં આનંદ અને ઘડીમાં ઉદ્વેગ થતાં વાર નહિ. તેમજ દીર્ઘદૃષ્ટિ પણ ઓછી, એટલે ગંભીરતા ઓછી. આ ગુસ્સો અને રોફ, માનાકાંક્ષા અને ઊછળી પડવાનું, કામની વાસના, હાસ્યમશ્કરી અને ચેનચાળા, હર્ષ અને શોક આ બધું શું છે ? વિકારો. વિકાર એટલે સમજો છો ? **વસ્તુમાં બે જાતની ફેરફારી થાય; સારી અને નરસી. સારી ફેરફારીને સંસ્કાર કહેવાય. ખરાબ ફેરફારીને વિકાર કહેવાય,** બિગાડો કહેવાય. હલકી યોનિઓ વટાવી માનવ જેવો મહાન ભવ પામીને તો આત્માને સંસ્કારી કરવાનો હોય, વિકારી નહિ. સંસ્કારમાં શાંતતા, નમ્રતા, મૃદુતા, ગંભીરતા, કામવિજય, સમભાવ વગેરે આવે. પણ કહે છે ને **યુવાની દિવાની. એ તો જાણે વિકારોની મેન્યુફેક્ચરિંગ કંપની.** ત્યારે આશ્ચર્ય એ છે કે આ આચાર્ય ભગવાન યુવાનીમાં વિકારોથી રહિત હતા. કેવુંક આત્મબળ ! આત્મવિવેક ! અને આત્મ ઓજસ ! આ યુવાનીમાં ! વિચાર આવે છે ? માત્ર સાંભળવા જ આવ્યા છો કે કરવા માટે ? રાજકુમાર હતા એ, હોં કે. કઈ ઉંમર, અને કેવી સાધના ? સાધનાથી કઇ કમાણી ? આપણાથી એમાંનું કાંઈ બને એવું નથી ? કે બનાવવું જ નથી ? બનાવવું છે તો ઉદ્યમ અને ગરજ કેટલી ?

**કુલનો ધર્મ, માટે કોડિનો ? :** વર્તમાનમાં શું જોવા મળે છે. યુવાની તો શું, પણ વૃદ્ધાવસ્થાનાય અંતે જઈ બેઠેલાની જ્ઞાનની પ્રાપ્તિ કેટલી ? વર્તમાનમાં મળતા જ્ઞાનથી અરધી ? ૪૦ ટકા ? ૩૦ ટકા ? પાછું આ તો જ્ઞાન માટે થોડુંય ન રડે; ને પૈસા માટે હાયવોયનો પાર નહિ ! જ્ઞાન વિના હું દરિદ્ર, મારો કોઈ બેલી નહિ' એમ નહિ, 'પૈસા વિના હું દરિદ્ર, મારો કોઈ બેલી નહિ,' એમ થાય. પૈસા જાય કે ન મળે તો થાય કે 'મારા દાવ સફળ ન થયા.' પણ જ્ઞાનને તો યાદે ય નહિ કરવાનું ! 'શું જીવન ?' જે રોદણાં તો મલેચ્છ-અનાર્ય-વસવાયાના કુટુંબમાંય મળે, તેજ પ્રભુ શાસનવાળા કુળમાં ? પેલાને જે લોકોત્તર રોદણાં ન આવડે, તે આવડવા જોઈએ, જ્ઞાન મેળવવા વગેરેમાં. તો જૈન ચારિત્ર પાળવું કઠણ કહેશો, તપ કરવો કઠણ, પૈસા દેવા કઠણ, પણ જ્ઞાન મેળવવું, તત્ત્વજ્ઞાન મેળવવું કઠણ છે ? મફતનો ધર્મ છે. રોજ એક ગાથા સતત કરાય તો જીવનમાં હજારો ગાથા થઈ જાય. રોજ એક એક તત્ત્વ જણાય-ભણાય. તો વર્ષો વીત્યે કેટલું જ્ઞાન વધે ? રોજ ગુરુને પૂછે

ભગવન્ આજનું તત્ત્વ ? ગુરુ-ષડ્દ્રવ્ય, જીવ, પુદ્ગલ...

બીજે દિવસે ગુરુને પૂછે-ભગવન્ આજનું તત્ત્વ ? ગુરુ જીવતત્ત્વના બે ભેદ.

ત્રીજે દિવસે વળી ગુરુને પૂછે ભગવન્ આજનું નવું તત્ત્વ આજે ? ગુરુ-પુદ્ગલની ઉપયોગી વર્ગણા.

એમ એક એક તત્ત્વ લેતાં કેટલીવાર ? તૈયાર કરતાં કેટલી વાર ! કાંઈ નહિ છતાં કેમ નથી લીધું ? સમય પણ મળતો હતો, પણ કહો કે જરૂર નહોતી ! માટે જ જ્ઞાન વિનાય છાતી કાઢીને ફરે ! ફરાય ? અને પૈસા વિના તો છાતી બેસી જાય ! પાડોશી માટે સંભળાય કે-પાંચ લાખ મળ્યા તો થાય 'હેં ! શું ? કાલે તો એની પાસે પચાસ હજારે ય નહોતા !' ગીલગીલીયાં થાય, પણ આ આવા જ્ઞાની એમ સાંભળીને ગલગલિયાં થાય ? આ વંચાય છે આચાર્યના જ્ઞાનની વાત, સંપૂર્ણ શ્રુતજ્ઞાન તથા અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાનનાં વર્ણન સાંભળીને એમ થાય, કે અમે બૂઝર્ગ-પ્રૌઢવૃદ્ધ થયા, પણ ગુરુ મળ્યા છતાંય અજ્ઞાનમાં જ જીવ્યા ! જનમ્યાતા ય અજ્ઞાનમાં અને અજ્ઞાનમાં જ મરવાનું ! જેની ત્રણે અવસ્થા અજ્ઞાન એનું ભવિષ્ય શું દેખાડે ? આપણો તો રોજિંદો ધર્મ, કુલનો ધર્મ, કુળનો ધર્મ એટલે કોડીનો ગણ્યો ! કેમ ?

**આચાર્યશ્રીના દર્શને રોમાંચ-અશ્રુ ! :** આચાર્યને જોઈને આનંદની ઉત્કટતાથી રાજાના રોમાંચ ખડા થયા. શું સંયમનો પ્રતાપ ! સૂર્યનો પ્રતાપ કહેવાય પણ સૂર્ય દર્શનીય નહિ. આ તો દર્શનીય છે. શરદ ઋતુના પૂર્ણિમાના ચંદ્ર જેવા શીતલ અને નિર્મલ. આ તો યુવાવસ્થા છતાં નિર્વિકાર અંગ. ન આંખમાં, ન કાનમાં, કે ન શરીરમાં કોઈ વિકાર ! આવા અદ્ભુત આચાર્ય મહારાજને જોઈ હર્ષથી રાજાની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. લાખો પૂર્વના જીવનમાં આવું જોયેલ નહિ, આજે જોયું. અગ્નિશર્માને જોયેલો, એમાં શું જોયેલું ? અને અહીં ? અપૂર્વ આનંદ થયો, નવું જોયું. કેવી તરૂણ અવસ્થા, અને કેવા ઉચ્ચ ગુણોના ભંડાર !' પેલા જેવો તપ પણ નથી, છતાં એ ગુણમૂર્તિ આચાર્ય મહારાજને જોઈને રાજાને હૈયામાં ઉછળાટ મારતો અતિ આનંદ થયો. પ્રભુના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર માર્ગનો એ પ્રતાપ કે એના આરાધક, રક્ષક અને ભાવુકની હરોળમાં ઇતર કોઈ તપસ્વી-ત્યાગી કે ગમે તેવું સહન કરનારો પણ ન આવે. રાજાને તો કાંઇ કાંઇ થઈ ગયું. આખાય શરીરની રોમરાજી વિસ્વર થઈ ગઈ. હૈયે હર્ષનો અતિરેક માતો નથી. તે પાણી-પાણી થઈને આંખવાટે ગળે છે. હર્ષાશ્રુથી ભરેલી આંખે જમીન પર ઢીંચણ અને બે હાથની અંજલિ અડાડી મસ્તક નમાવી વિનય સહિત રાજાએ આચાર્યશ્રીને વંદના કરી. સૂરિજીએ શું કહ્યું ?



**ગૃહસ્થની વૈયાવચ્ચની સાધુને મનાઈ છે. શા માટે ?** પ્રભુનું સાધુપણું એટલે ? રાજાનેય 'આવો, બેસો,' એવું સ્વાગત કરવાનું અહીં નહિ. એ પેલા તાપસ પાસે. જૈન સાધુને ગૃહસ્થની વૈયાવચ્ચ કરવાની મનાઈ છે. કેટલાક કહે કે 'વૈયાવચ્ચ જરા થાય તો એ ધર્મ કરશે.' પણ આ કહેનારને ખબર નથી કે એ તો ધર્મ કરશે ત્યારે કરશે પણ તું તારું પહેલું ગુમાવીશ. તું સાધુ થઈને વૈયાવચ્ચમાં ઊતર્યો કે એને તારું તો આપતાં વાર લાગવાની, પણ એનું તું જલદી લેવાનો.' સાધુ પાસે કેટલાક ગૃહસ્થો તો આપવા જ આવે છે, લેવા નહિ. છેલ્લે કાંઈ નહિ તો હોશિયારી તો કરેજ, 'સાહેબ, દુનિયામાં આમ ચાલે છે. વખત ખરાબ, લોકોને બહુ દુઃખ ! રાજ્યતંત્ર કેવું ખરાબ !' આમ સાધુને કષાય આપે. ગૃહસ્થને શાસ્ત્રે તપેલા લોઢાનો ગોળા જેવા કહ્યા છે. ગોળાને જ્યાં ગબડાવ્યો ત્યાં જો એ બાળે નહિ તો એ તપેલા લોઢાનો ગોળો નહિ; તેમ આરંભ-પરિગ્રહધારી ગૃહસ્થના ગોળાને ગમે ત્યાં મૂકો, એ આરંભમાં સંકળાયેલો, એને આસક્તિ રહેવાની. આવા ગૃહસ્થની વૈયાવચ્ચમાં સાધુ ઊતર્યો કે, માર્ગથી ખસ્યો. અમને ગૃહસ્થ કહે 'સાહેબ, જુવોને હવે છોકરી મોટી થઈ પરણાવવી તો પડે ને ?' જો સાધુ કહે 'હા ભાઈ !' તો 'શું હા ભાઈ ?' અબ્રહ્મમાં સંમતિ ? કેમ આમ ? વૈયાવચ્ચમાં પોતે ઉતર્યો, તો પેલાનો પ્રશ્ન એવો કે, ઉત્તરમાં 'હા ભાઈ !' કહી સાધુ નીચો ઊતર્યો સમજો.

**'ધર્મલાભ'ની જડી બુટ્ટી :** આચાર્ય મહારાજે નમસ્કાર કરતાં રાજાને **'ધર્મલાભ'**ની આશિષ આપી. કેવી આશિષ છે આ ? ગ્રંથકાર કહે છે કે શરીર અને મન સંબંધી અનેક દુઃખોનું વિકુટન કરનાર, અર્થાત્ નાશ કરનાર, અને મોક્ષસુખરૂપી વૃક્ષના બીજ સમાન, સાધુ પાસેથી જે 'ધર્મલાભ' મળે, એ આપણા શારીરિક રોગો અને માનસિક કુચિંતાઓને દૂર કરી નાખે. શ્રદ્ધા જોઈએ. નિકાચિત કર્મનો ઉદય હોય તોય મુંઝાવાનું નહિ. સમજવાનું કે ધર્મલાભના પ્રતાપે રોગ વધતો નથી. રોગના બીજા-ત્રીજાં લફરાં ચાલતાં નથી; અને આ રોગ સીધેસીધો જવાનો છે. તે ધર્મલાભના પ્રભાવે. ધર્મશ્રદ્ધા આ એક સરસ કામ કરે છે. દિલને એવું આશ્વાસન આપે છે કે 'ધર્મના પ્રતાપે મારે વ્યાધિ વધી નહિ, આપત્તિ ઓછીથી પતી.' એથી મન શાંત રહે છે, સદ્ભાવના વધે છે, અને સદ્ભાવના ખરેખર નવાં પાપથી બચાવી પૂર્વના પાપના નાશમાં ખૂબજ સહાયક થાય છે.

ધર્મશાસ્ત્ર પામીને રાજાએ અઢાર હજાર શીલાંગના ભારને વહન કરનારા અને સિદ્ધિવધૂના અત્યંત રાગે- એનો સમાગમ કરવાની ભારે ચિંતાથી દુર્બલ એવા બાકીના સાધુઓને વંદના કરી. આચાર્ય મહારાજ પાસે બેઠો.

**સંપત્તિશાલીનો ત્યાગમાર્ગ ભોગીને ચમત્કાર પમાડે છે :** એમના સર્વાંગ સુંદર લાવણ્ય અને ઉત્તમ ચારિત્રથી મુગ્ધ થઈ રાજા ગુણસેન વિનયપૂર્વક પૂછે છે 'પ્રભુ ! આપની શરીર કાન્તિ કહે છે, કે આપના સકલ મનોરથ સંપૂર્ણ થયા હોય. તો એવા આપને સંસાર પર આવો ખેદ થવાનું શું કારણ ! આવો કઠિન ત્યાગ માર્ગ લીધો ?' ગુણસેન સંસારી હતો એટલે કે સંસારનો રાગી હતો તેથી એણે સંસારનો પક્ષ કર્યો. પોતે ધર્મી હોત તો તો એ કહેત કે 'સંસાર તો ત્રાસથી ભરેલો છે, એમાં સહેજે આપને **આ સુલભ થયું, પણ અમને કેમ દુર્લભ ?'** ગુરુને રાજા આગળ કહે છે કે 'જેના બેસવાના સિંહાસનના પાદપીઠે કેટલાય ઝટપટ નમતા રાજાના મુગટોના મણિની પ્રભા પ્રસારે એવી રાજલક્ષ્મી આપને વરી છતાં આપે આલોકના સુખની લેશપણ ઇચ્છા વિનાનો આવો કઠોર વ્રતનો માર્ગ કેમ સ્વીકાર્યો ? સંસાર પર નિર્વેદનું એવું કયું કારણ મળ્યું ?' સંપત્તિશાલીના ત્યાગ ભોગીને આશ્ચર્ય કરાવે છે.

**સંસારમાં નિર્વેદનું કારણ તો ડગલેને પગલે મળે છે :** આચાર્યશ્રી કહે છે, કે 'રાજન્ ! તું સંસારમાં પણ ખેદનું, કંટાળાનું, અર્થાત્ નિર્વેદનું કારણ પૂછે છે ? સંસારમાં નિર્વેદનાં કારણો તો બહુ સુલભ છે; ડગલે ને પગલે મળે છે. જો સંસારના દેખાતા તિર્યંચ-મનુષ્ય અને દેવના ભવોમાં જન્મ, જરા અને મૃત્યુ વિનાનું કોઈ સુખ છે ? જન્મ્યો તે નક્કી મરવાનો, સુખ ક્યાં ટક્યું ? સંસાર કહે છે કે તું ગમે તેવો ઈન્દ્ર કે ચક્રવર્તી, **પણ પટો પુરો થયો કે મર ! મર્યો કે જા બીજે ! ત્યાં જન્મ રીબાઈને. રીબાઈને જન્મવાનું,** રીબાઈને જીવવાનું, રીબાઈને મરવાનું !

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૪૫,તા.૧૫-૮-૧૯૫૩

દેવતાનેય અસમાધિથી રીબાઈને મરવાનું. અસંખ્ય વર્ષો વિમાનમાં રહ્યા પછી પણ કર્મ કહે છે, 'ખાલી કરો.' આ સુખ મૂકવાનું દેવનેય ન ગમે. છ માસ તરફડી-તરફડીને કાઢે, પછી મરે. નાટકવાળા જુના પ્રેક્ષકોને કહે ને ? હવે સીટ ખાલી કરો, નવા પ્રેક્ષકો માટે.' કર્મ એમ જુના દેવને કહે તે ગમે નહિ, તેથી રીબાઈ-રીબાઈને દેવસ્થાન છોડવાનું. **સુખની પથારી અસંખ્ય વર્ષોની તોય મરવાનું સુખે નહિ ! રીબાઈને !'** દેવોને એમ, તો આપણને ? પાંચ-પચાસ વર્ષના જીવનમાં શી લહેર છે ? શો લ્હાવો ? હજીય આ આ તે આ કર્યા જ કરો છો, પાપ આત્મામાં ભરો છો, પછી શું ?



આચાર્યશ્રી આગળ કહે છે 'કોઈ નારક-દેવ-તિર્યંચ કે મનુષ્ય એવો સાંભળ્યો કે જેને મરણ ન આવ્યું હોય ? કોઈ ? કોઈ જ નહિ ? ઘેલો ! શું મુંઝાયો ! પારધીની જાળમાં ફસાઈ જવાની ભીતિવાળા હરણિયા છે તો ઘાસના ચરનાર, પણ એય, 'એક દિ' મરવાના તો છીએ, નિરાંતે ઘાસ ચરો' એમ ન કરે. મુંઝાય-ગભરાય ઘાસ ચરતાં. રખે ને ફસાયા તો ? એ એવી ઘાસ ખાવામાં લહેરની ચેષ્ટા ન કરે. અને માણસ ? હરણથી ભૂંડો ! મૃત્યુ ! જીવન એ મૃત્યુ પારધીની બીછાવાયેલી જાળ છે. સંકલે એટલી વાર છે ! છતાં માણસ શું કરી રહ્યો છે ? ખાઇ લ્યો, પીઈલ્યો શું ખાવાનું ? ઘઉં ખંડવાના નહિ, આટો. પીસી ખાંડ મળે કેવી ? ગોળ ? ભેળસેળવાળો. ખાવાના કુસકા, છતાં મૂઢ થયો છે. મૃત્યુની જાળને જોઈ શકતો નથી ! અલ્યા ! જીવતો છે ત્યાંસુધી શ્રી જિનેશ્વરના ત્યાગ માર્ગને સાધી લે. આયુષ્ય ખતમ થયા પહેલાં ઉપાય કરી લે. મૃત્યુની જાળનો ત્રાસ લાગવો જોઈએ. જગતમાં લક્ષ્મીનું ગમે તેટલું સુખ તે દુઃખના પ્રતિકારરૂપ (માટે) છે. ખરજવાનું સુખ કેવું ? ચળનું દુઃખ દૂર કરવા સહેજ ખણ્યું, જરા દુઃખ દૂર થયું, સહેજ કૃત્રિમ સુખ લાગ્યું; ફરી વધુ ચળ ઊપડી, ફરી ખણ્યું; એમ ચાલુ રાખે શું થાય ? ચામડું લાલઘૂમ. પછી ઊખડે ! જીવને તૃષ્ણારૂપી ચળ ઊપડી, 'મારે પૈસા જોઈએ,' પૈસા લાવવાની ક્રિયાથી ખણ્યું. વિષયની ચળ ઊપડી, વિષય સેવાથી ખણ્યું, દુઃખ જરાવાર દૂર કર્યું, સુખ લાગ્યું, કેવું કૃત્રિમ. તૃષ્ણા હતી તો સુખ લાગ્યું. વળી ઘડી થઈ ફરી તૃષ્ણાની ચળ થઈ એટલે પીડા ઊપડી. એ વધારે વધવાની. મમત્વ ભાવ કરાવે. ''સુખ તે કે જે સ્વતંત્ર હોય, આવેલું જાય નહિ, અને જેમાં દુઃખનું નામ નિશાન ન હોય. જે સુખ સ્વાભાવિક નથી, જે આવીને જનારું છે, ને દુઃખની ખાણ છે. એવા સુખમાં રાચવું એ મૂર્ખાઈ નહિ ?'

**સંસારનો ખેદ લાવવાનો ઉપાય :** આચાર્યશ્રી કહે છે, 'એક વિચાર મગજમાં થાય, ભલા ! તોય સંસારનું ભાન થાય. વિચાર કયો ? **'હું ક્યાંથી આવ્યો ? ક્યાં જઈશ'** તો સંસારનું ભાન થાય અને સંસાર પર નિર્વેદ થાય, ક્યાંથી આવ્યો એ વિચાર કરતાં આ જીવનની પૂર્વે અંધારું દેખાય છે, કઈ જાતની શાબાશી એ, કોના ઉપકારે અહીં આ સ્થિતિમાં આવી ગયો એની ખબર નથી પડતી; અજ્ઞાન છે. એવું જ અહીંથી જવા અંગે અજ્ઞાન. જીવ કોઈને વશ પડ્યો છે, એ એની મરજી મુજબ જીવને વગર પૂછે ફેરવે છે. નવા નવા વેષ આપે છે, હોશિયારેય બનાવે અને મૂર્ખોય બનાવે. અહાહાહા ! જીવને સર્વ સત્તા વિહીન કરનાર આ સંસાર પર શો પ્રેમ ? મહાખેદ થાય.

**રાજા નિર્વેદનું કારણ પૂછે છે :** ભગવાન સમરાદિત્ય કેવળી મહર્ષિના ચરિત્રમાં

પ્રથમ ભવનો અધિકાર છે. ગુણસેન રાજા, અગ્નિશર્માના કષ્ટથી ખેદ પામી પોતાના નગરે આવ્યો. જોગાનુજોગ એજ દિવસે પૃથ્વીતલને પાવન કરતાં કરતાં વિજયસેન નામે આચાર્ય એ નગરમાં બહાર ઉદ્યાનમાં પધાર્યા છે. ગુણસેન રાજા ત્યાં દર્શને આવ્યો છે. દર્શન-પ્રણામ કરી પોતે પૂછે છે. પેલા શ્રેષ્ઠીએ કહેલ એટલે આચાર્ય કોણ છે તે જાણે છે. "આપ ગંધાર દેશના સમરસેન રાજાના પુત્ર એટલે આપની પાસે ઋદ્ધિનો પાર નહિ. આપના ચરણે કૈંક નમે એવું માનપાન મૂકીને આપે આ કઠોર માર્ગ લીધો એ આશ્ચર્ય છે. આવા સુખભર્યા આપને નિર્વેદ પામવાનું (કંટાળો લાવવાનું) શું કારણ ?" આના ઉત્તરમાં આચાર્ય મહારાજ કહી રહ્યા છે.

**નિર્વેદ ન કરાવે એવી કોઈ ચીજ છે જગતમાં ? :** આચાર્યશ્રી- 'રાજન્ ! સંસારમાં નિર્વેદનું કારણ પૂછે છે ? સંસારમાં એવી કઈ ચીજ છે જે નિર્વેદ ન કરાવે ! જે કંટાળો ન આપે ? ગમે તેવો બહુ વિશ્વાસ રાખ્યો હોય ત્યાં પણ ધોખો થાય છે, કંટાળો આવે છે. કોઈની પુંઠે પડેલા જીવને અંતે પશ્ચાતાપ ન કરાવે એવી કઈ ચીજ છે ? નિરોગી રહેનારાય કોકવાર પસ્તાય છે, અને રોગી થનારાય પસ્તાય છે ! શકોરું લઈ માગી-માગીને જીવન ચલાવનારેય રૂવે છે, અને છ ખંડનું સામ્રાજ્ય ચલાવનાર પણ અંતે રૂવે છે. અસંખ્યાત કાલ દેવતાઈ લહેર કર્યા પછી રોવાનું ઊભું ! કેમકે એ લહેર સ્થિર નથી, મરવાનું ય સીધું નહિ, પણ છેલ્લા છ મહીના રીબાઈ-શેકાઈને મરવાનું ! એ વખતે એમ થાય કે બહેતર હતું કે આ દેવતાઈ માયા, સુખ સગવડ ન મળી હોત તો સારું થાત. આ તો આંધળાને આંખ આપીને ખુંચવી લીધી !' આ શું ? કંટાળો. જગતમાં ઠામ-ઠામ કંટાળાના શબ્દો છે.

**જેણે માયા મૂકી એનો સંસાર ટળી ગયો :-** જ્ઞાની કહે છે કે, જે મનુષ્યપણું મહાસમુદ્રની મધ્યમાં રહેલા ચિંતામણિ રત્ન જેવું છે. એ મળે ? કદાચ મળી ગયું તો કર્મ લુંટારાની વચમાં ટકે ? આયુષ્ય ચંચળ છે. તેમાંય પાછું સોપક્રમ આયુષ્યમાં સાઠ વર્ષે સો પૂરા થતાં વાર નહિ. ઉપઘાત લાગતાં ખલાસ. કહો, આથી નિરાંત થાય કે અજંપો અને નિર્વેદ થાય ? જીવ્યાથી જોયું ભલું,' એમ ધારી મન અને ઇન્દ્રિયો રૂડા-રૂપાળા દેખાતા જડ પદાર્થો-વિષયો તરફ શું જોઈને દોડે છે ? જ્ઞાની કહે છે, કે એ વિષયો કોપિત થયેલ સર્પની ભયંકર ફણા જેવા છે ફણા દેખાય રળિયામણી પણ ડંખ એવો મારે કે ભયંકર મૃત્યુ સુધીની કારમી પીડા આવે, તેમ રળિયામણા દેખાતા ભોગોકર્મ રૂપી ડંખ એવો મારશે, કે એ દીર્ઘકાળની અનેક મૃત્યુ સુધીની ભયાનક વેદના ત્રાસ અને રીબામણ આપશે. આત્મામાં એનું ઝેર સરાસર વ્યાપી ગયું હશે. ચક્રવર્તીને નરક એટલે શું ? અહીં માત્ર મોજમજાહ કરનારને



નરક તિર્યંચના કારમા દુઃખ એ શું ? કામ ભોગનું ઝેર વ્યાપ્યું ! માટે જ્ઞાનીઓ કહે છે, કે 'માયા બહુ કારમી.' આ સોનાની માળા પર મમત્વ છે. અહીં મૂકી તમે જરા આઘાપાછા થયા. કોઈ લઈ ગયો. મમત્વ એ ફણીધર. માળા કોઈ ઉઠાવી ગયો, એટલે એનું ઝેર ગુસ્સો થાય; કેઈ ક્રૂર વિકલ્પો ઊઠે, જો હાથમાં આવે તો હરામખોરને મારું, જેલ ભેગો કરાવું ! આ મોહનું ઝેર છે, કર્મના ઉદયનું ઝેર નથી. એ તો પછી ચડવાનું છે. આ તો કામભોગનું ઝેર ચડ્યું. માયા ભૂંડી ! જે જીવે મૂકી દીધી, એ જીવનો સંસાર ટળી ગયો ! એ મુક્તિનો શાશ્વત સ્વામી બની ગયો ! જેને માયા મૂકતાં ન આવડે પણ કરતાં આવડે, તે સંસારમાં ભયંકર ફસાય, પોતાનો જ દુર્ગતિમય સંસાર લાંબો કરે છે !

**માયા કારમી રે :-** આ તો માયા ક્યાં સુધી ! બધું શેઠના હાથમાં ! અરે ! દેવ-ગુરુ-ધર્મ પણ શેઠના હાથમાં ! મંદિરમાં શેઠ ન આવે ત્યાં સુધી દેવની પૂજા-પખાલ ન થાય ! શેઠ આવે ત્યારે પખાલ થાય ! કોઈ પૂછે- 'કેમ ! પખાલ નથી થયો ?' તો 'આંગી છે-લોક દર્શન કરવા આવે ને !' એવા કે બીજા કૈંક તરેહના ઊંઠા પૂજારી ભણાવે ! દેવ આમ હાથમાં ! ગુરુ પણ હાથમાં. બીજા-ત્રીજાને કહે, 'કામ હોય તે મને કહોને. ગુરુ ભક્તોના હાથમાં ! અને ધર્મ ? ધરમ ખાતાનો વહીવટ કરતા હોય, એ ગાદી મળે, એટલે એ પણ હાથમાં. એમ થાય કે 'અમે પણ કાંઈક છીએ ! ચાર માણસ ભાવ પૂછે છે.' પછી ! ધરમના કાયદા પોતે ઘડે, બે અક્ષરનો જાણકાર હોય, દેવ-ગુરુ-ધર્મ હાથ ચઢે; પછી બાકી શું ? પણ ખબર નથી કે એ બધું ક્યાં સુધી ? જીવન પુરું થતાં શું ? માને દેવ-ગુરુ-ધર્મ હાથમાં, અને ભાઈ-સાહેબ દુર્ગતિના હાથમાં ! પછી સંસાર સમુદ્રનું તળિયું જ દેખે ને ? માટે જ્ઞાની કહે છે -

**'માયા કારમી રે, માયા મ કરો ચતુર સુજાણ'-**

**લક્ષ્મી વેશ્યા જેવી છે :-** આચાર્યશ્રી રાજાને સંસારમાં નિર્વેદનું કારણ કહે છે, 'ક્યાં નિર્વેદ થાય એવું નથી ? ઋદ્ધિ વીજળી જેવી છે ! ક્યારે જશે કહેવાય નહિ. વળી એ સતી નથી, પણ વેશ્યા જેવી છે ! સતી જાય નહિ. કદી પિયર જવું પડે તો પતિનું ભલું કરીને જાય. પતિની આજ્ઞાથી જાય. વેશ્યા તો લાત મારીને નીકળે. લક્ષ્મી તો ધર્મબુદ્ધિ તથા સમતા-સમાધિ લઈને જાય. ઋદ્ધિ-સિદ્ધિ પૈસા ને પોતાના માન્યા પછી બેઠો જરા, એનો વિચાર કરતો. એની પાસે નવકારવાળી મૂકો તો કહે 'મૂકોને હમણાં ! દાન વગેરે ધર્મની વાત કરો તો એ મોં બગાડે, આ કોણ કરાવે ? વેશ્યા જેવી લક્ષ્મી ! વળી એ એના કહેવાતા ધણીને એમને એમ ન મૂકે, પણ ચૂસી ચૂસીને મૂકે. એનું પુણ્ય નિચોવી લે ! ગુણ ભરખી

જાય ! પછી કુચા જેવો કરી ફેંકે ! માખીના વાઘ હોય છે, ધૂળ જેવો રંગ હોય એનો, એટલે માખીને ખબર ન પડે. એને ઊડતાં ન આવડે, પણ માખીને દેખે ત્યાં કૂદકો મારે. માખી સાવધ હોય તો ઊડી જાય, પણ સાવધ ન હોય તો પેલો વાઘ પોતાના બે ડંખથી એવો માખીને એના પગથી પકડે કે મનુષ્ય જેવો મનુષ્ય એને છોડાવી ન શકે. માખીને પૂર્ણ ચૂસીને પછી મરેલી મૂકે. માખીનું ખોખું એમજ દેખાય, એમાં જરાય ફેર ન જણાય; પણ મરી ગઈ હોય. આ જગત પણ જીવરૂપી માખીને મૂકશે ત્યારે ચૂસીને. શરીર તથા પાંચ ઈન્દ્રિયો, લક્ષ્મી અને લાડી આત્માનું મોટું પુણ્યધન અને ગુણ મુડી લૂંટી રહ્યા છે. એ વખતે એ લક્ષ્મી, કુટુંબ, વિષયો વગેરે સંસાર પર કંટાળો ન થાય ? પોતિકું ડહાપણ મૂકી દો ! સાવધ બની લક્ષ્મીને કહી દો કે 'તને કુભારજાને ઓળખું છું. તારી સહાયથી ઊજળાં કાર્ય કરીશ, કાળાં કામ નહિ કરું. જવું હોય તોય ભલે જજે અહીં કોઈ તારી કાણ-મોકાણ કરનાર નથી. જ્ઞાનીઓએ ચક્રવર્તીની રિદ્ધિને, અને ઈન્દ્રનાય સિંહાસનને અનિત્ય કહ્યાં છે, તો તું કોણ માત્ર ?' આવડશે કહેતા ? લક્ષ્મીના ઠગારા સ્વરૂપને સમજતા હો તો સવારે તિજોરીમાં લક્ષ્મી દેખાતાં આશ્ચર્ય ! કેવી રીતે ટકી ગઈ ?' આ આશ્ચર્ય થાય, બજારમાં નફો શી રીતે થયો ખોટ ન આવી એ આશ્ચર્ય થાય. આજ તો લક્ષ્મી જાય તો આશ્ચર્ય લાગે છે. કેમ ? કદીએ જવાની નહિ હોય માટે ? લક્ષ્મી જવાની છે એમ સમજી રાખો. જાય ત્યારે કહે એ હું ધારતો હતો તો આટલી રહી એ આશ્ચર્ય !' જે સ્ત્રી પરણીને રોજ કકળાટ કરે અને કહ્યા કરે કે 'હું ચાલી જઈશ, ચાલી જઈશ,' પછી એ કોક દિ જાય, એમાં આશ્ચર્ય શું ? પતિ કહે કે એ જવાની જ હતી, આટલું રહી એ આશ્ચર્ય છે. ત્યાં ડાહ્યો માણસ એમ કરે કે, 'એના જતાં પહેલાથી જ મને એ તૈયારી રાખવા દે; જાય તો રોવરાવીને ન જાય.'

**તો ય સંસાર પર કંટાળો ન આવે ? :** અભિમાની સ્ત્રી કરતાં લક્ષ્મીનું પરિણામ ભયંકર છે. અહીં તો રોવરાવે પણ આગળ ઉપર પણ ભયંકર રોવરાવે. ભય-રોગ-શોક, અનિષ્ટનો સંયોગ પ્રિયજન કે પ્રિય વસ્તુના વિયોગ-તે રૂપ અગ્નિથી સંસાર સળગતો છે. સ્વપ્ન કે નાટકના દેખાવ જેવો છે. તેના પર નિરાંત કે વિશ્વાસ રખાય ? ના, બિલકુલ નહિ ! કંટાળો આવે છે. કંટાળો એટલા માટે આવે કે ગરીબ માણસ જે ઘરમાં હોય તેથી કંટાળે છતાં, 'બીજું ઘર ન મળે, માટે નભાવો,' એમ નભાવે. પણ ખબર પડે કે ઝુંપડું છોડતાં મહેલ તૈયાર છે તો મહેલમાં કોણ ન આવે ? ઝુંપડા પર તોય કંટાળો ન આવે ને ? જ્ઞાની કહે છે, સંસાર જેવો દુઃખરૂપ છે, દુઃખથી ભરેલો છે, દુઃખની પ્રભાવનારૂપ છે. પતાસા



પ્રભાવનાના લઈને જાઓ તો પાછાં કામ લાગે ને ? અહીં સંસારને મૂકાય તો અનંતસુખનું શાશ્વત સ્થાન મોજુદ છે. રત્નત્રયીની સાધનાથી એ મળે તેમ છે. તોય સંસાર પર કંટાળો ન આવે ? માણસ જો વિચારે કે, 'હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જવાનો ? કર્તવ્ય શું ?' તો મનુષ્ય ભવના મહામૂલ્ય સમજી શુભ ચારિત્ર-તપમાં લાગી જાય તો જ નરકાદિનાં દુઃખ મટે. જ્યારે મોક્ષ અને એનો ઉપાય મોજુદ છે, તો સંસારની વેઠ શા સારું ?

**કાજી ક્યું દૂબળા ? ચૌદ રાજલોકનો ઉપાડો !** આચાર્યશ્રી કહે છે, કે રાજન્ ! એમ તું સમજી શકે છે કે સંસાર એજ વૈરાગ્યનું કારણ છે. છતાં પણ મારા સંસાર ત્યાગમાં તું તાત્કાલિક નિમિત્ત માત્ર જાણવા માગે છે, તો હું તારો પ્રશ્ન સમજી શકું છું. સાંભળ તું ધ્યાન દઈને. આજ ક્ષેત્રમાં ગંધાર દેશનો હું રહેવાસી. ગંધારપુર નગરનો રાજપુત્ર હતો. મારે સોમવસુ પુરોહિતનો વિભાવસુ નામે પુત્ર એક મિત્ર હતો. મારા તે દ્વિતીય હૃદય સમાન હતો. ગમે તે કારણ એને રોગ થયો, અને એ મૃત્યુ પામ્યો. જે મૃત્યુએ તો દેવો તથા ઈંદ્રો પર પણ વિજય મેળવ્યો છે, એને આ શા હિસાબમાં ? એના વિયોગરૂપી અગ્નિથી બળતા હૃદયવાળા મને ભારે ખેદ થયો. પછી શું થયું ! જોગાનુજોગ સંયમમાં રક્ત એવા ચાર સાધુ મહાત્મા વિહાર કરી ચોમાસું કરવા અર્થે પધાર્યા. નગરમાં નહિ પણ નગરની બહાર, મોટી પર્વતની ગુફામાં રહ્યા. મને એ વસ્તુ બહુ પસંદ છે એટલા માટે જ મારા માણસોએ મને એ વાત કરી. હું શીઘ્ર વંદન કરવા ગયો. જોયું તો ચારેય મહાત્મા સ્વાધ્યાય તથા જ્ઞાન ધ્યાનમાં લીન છે. હવે અનુભવ વિચારો : **આપણે પણ ચૌદ રાજલોકના મધ્યમાં છીએ, અને મહાત્માઓ પણ ચૌદ રાજલોકની મધ્યમાં છે. આપણે જાતને ભૂલી ચૌદ રાજલોકની ચિંતા કરીએ છીએ; એટલે કે જગતના કંઈ કંઈ પદાર્થોની તૃષ્ણા અને રાગદ્વેષ ભરી વિચારણાઓ કરીએ છીએ.** માત્ર આત્મચિંતાઓનો જ અભાવ ! અહાહા ! કેવી દુર્દશા ! સાડા ત્રણ હાથની કાયા બેયને; પણ એ મહાત્મા ચૌદરાજ લોકને ભૂલે કે, જ્યાં એ બેઠા છે, એ ધરતીનેય ભૂલે છે, એ ધરતી ખડબચડી છે કે લીસી, ઠંડી છે કે ઉની, કાળી છે કે ધોળી, એ કે બીજું બહારનું એમને કાંઈ જોવા-વિચારવાનું નહિ. બસ, તપત્યાગ અને જ્ઞાન, ધ્યાનમાં લીન છે. ત્યારે આપણને તો જગત આખાની ફિકર ! જગતની જંજાળ કરી મરીએ ! **જગતની જંજાળ ઓછી કરો તો આત્માની ચિંતા કરી શકાશે.**

**મુનિની અમૂલ્ય સલાહ ! તેય મૂલ્ય વિના ! :** વિજયસેન આચાર્ય રાજા ગુણસેનને કહે છે કે, "હર્ષિત વદને મેં એ ચાર મહર્ષિઓને વંદન કર્યા ! રોમાંચ અનુભવ્યો ! કરૂણાસાગર એવા એમણે મને ધર્મલાભની આશીષ દીધી. મેં પણ

એમને વિહારની સુખશાતા પૂછી. એમણે મને ધર્મપ્રેરક હિતશિક્ષા આપી. અહો ! કેવી અમૃત સમી એ ધર્મદેશનાં ! જાણે સાંભળ્યા જ કરીએ એમ થાય !" કાંઈ એનું મૂલ્ય આપવાનું ? કાંઈ જ નહિ. બેરિસ્ટરની બીજી રોગાદિ અંગે નહિ, પણ માત્ર કાયદાની સલાહ જો જોઈએ, તોય ભારે ફી પડે. આ મહાત્માઓની અમૂલ્ય સલાહ મફત મળે. બેરિસ્ટર કેસ જીતાડી આપે, કે ન ય આપે, તોય એની હજારોની કિંમત ચૂકવવી પડે. **આ મહાત્મા આપણા આત્માનો કેસ અવશ્ય જીતાડી આપે, છતાં એનાં કાંઈ જ દામ ન માગે !** વિચારજો આર્યદેશની પરોપકારિતા. વિચારીને જીવનમાં પરમાર્થ-પરોપકાર અપનાવજો. કેટલોક વખત મુનિમહારાજોનો સત્સંગ કરીને પછી હું નગરમાં આવ્યો, એ મહાત્માઓ ચાર મહિના રહ્યા. પણ ચોમાસાનો બધોય કાળ મહિના-મહિનાના ઉપવાસથી વિતાવે છે. એ જોઈને મને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું. એ સદ્‌ગુરુ એમનો ધર્મ અને એ ધર્મના પ્રરૂપક અરિહંત પ્રભુ એમના પર અપૂર્વ શ્રદ્ધા થઈ. પછી તો મારી શ્રદ્ધા વધતી ચાલી. રોજ સાધુ ભગવંતોની સેવા-શુશ્રૂષા કરતાં ચાર મહિના તો જોતજોતામાં વ્યતીત થઈ ગયા.

**સારું નિમિત્ત સરકી ગયા પછી શું કરી શકશો :** જો જો, સારું નિમિત્ત જીવનમાં કેટલું મહાન પરાવર્તન આણી દે છે ! **ઉપાદન આત્મા તો એનો એજ છે, પરંતુ આ નિમિત્ત મળવા પૂર્વે કાંઈ ઠેકાણું નહોતું. ત્યારે નિમિત્ત મળ્યા પછી અનુપમ ધર્મશ્રદ્ધા અને ધર્મોલ્લાસ પ્રાપ્ત થાય છે.** પછી એ ધર્મશ્રદ્ધા વધે જાય છે. **જેમ ઉપાદાન કારણ વિના કાર્ય ન સીઝે તેમ નિમિત્ત વિના પણ કાર્ય નથી સીઝતું,** એ ઠામઠામ દેખાય છે. જેમ પાણીમાંથી ઘડો બન્યો નથી જાણ્યો, તેમ માટી સો વર્ષ એમજ પડી રહે, તો એનો ઘડો થયો જાણ્યો છે ? ના. એ તો નિમિત્તભૂત કુંભાર આવે, ચાકે ચઢાવે તો ઘડો થાય છે. આ શું સૂચવે છે ? એજ **કે સારું નિમિત્ત મળ્યા પછી સારું કાર્ય કરવામાં વિલંબ કરો ના, નિમિત્ત સરકી ગયા પછી કાર્ય શું થઈ શકવાનું હતું ?** કોઈક માણસો 'સંઘ કાઢું સંઘ કાઢું,' એમ વિચાર કરતા રહી ગયા, અને હસ્તગત પૈસા વેપારમાં ગુમાવી નાખ્યા. લો, હવે કાઢો સંઘ ! એ તો નિમિત્તની હાજરીમાં શુભ કાર્ય સાધી લેવું જોઈએ. મહામુનિઓના મહાતપને જોઈને વિજયસેન રાજપુત્રનો આત્મા પીગળી ગયો. એમ થયું, કે "સ્વેચ્છાએ આવી કઠોર સાધના ? શા માટે ? એથીજ કે **પૂર્વે અનિચ્છાએ પરાધીનપણે તો આ જીવે હદપારનું વેઠ્યું છે, તેય એક બે વાર નહિ, અનંતવાર !** વર્તમાનમાંય કોઈ જીવોને અનિચ્છાએ કારમા દુઃખ વેઠવાં પડે છે. પણ **એ વેઠેલું બધું નિષ્ફળ,** ત્યારે ઈચ્છાપૂર્વક ત્યાગ-તપ અને સંયમના કષ્ટ સહવાનું બધું સફળ ! પણ તે મળે ક્યાંથી ? તે મળે તે કેટલા બધા મહાન લાભ માટે થાય ? વાહ ! જીવનને એ



ધન્ય કરી રહ્યા છે ! એ મહાન ભાગ્યવંતા છે ! અદ્‌ભુત આત્મપુરુષાર્થી છે ! સંસારના કાંઠે આવી ગયા છે ! ઈત્યાદિ વિચારણા અને મહાત્માઓ પાસેથી મળતી તત્ત્વ-સમજે એમના મિથ્યાત્વને હઠાવી સમ્યક્ત્વ રત્ન પ્રગટાવ્યું. શ્રદ્ધાનાં બીજ વાવ્યાં. વળી દિનપ્રતિદિનની ઉપાસનાએ એ શ્રદ્ધાને સિંચી-પોષીને મોટી કરી.

**સ્વાર્થરાગ-દૃષ્ટિરાગાદિ નહિ, પણ ગુણાનુરાગથી શ્રદ્ધા વધે :** સહેલાઈથી મળેલા મુનિસેવાના મહાજોગને વંદન-પર્યુપાસના વગેરે આરાધનાથી એમણે સાર્થક કરવા માંડ્યો. એમાં સદ્‌ગુરુ પર શુદ્ધગુણનો અનુરાગ થાય, સ્વાર્થનાં રાગ નહિ, દૃષ્ટિરાગ નહિ, સ્નેહરાગ નહિ, પણ શુદ્ધ ધર્મ-રાગના ઘરનો ગુણાનુરાગ થાય, તો પછી બાકી શું રહે ! **રોજ શ્રદ્ધા વધે, એ વધે તેમ તેમ આત્મા પરમાત્માની વધુ નિકટ આવે.** વિજયસેન આચાર્યશ્રી કહે છે, કે ચાર મહિના નીકળી ગયા, ચોમાસું ઊતર્યું, છેલ્લી રાત્રિ છે. મનને એમ થયું, કે 'રાત્રિના અંતે મહા તપસ્વી મુનિઓ તો જશે. ફરી દર્શન ક્યારે મળે ? **જીવ આજસુધી અનંતકાળ તો અંધારે અટવાયો હતો. એમાં આ મહાન પ્રકાશ મલી ગયો !** પણ તે હવે જાય છે, તો લાવ છેલ્લે છેલ્લે પેટ ભરીને મુનિ દર્શન કરી લઉં. એમ વિચારી રાત પૂરી નહોતી થઈ. છતાં અડધો પહોર અધૂરી રાતે ઉઠ્યો. ભગવંતના દર્શન નિમિત્તે નગર બહાર નીકળ્યો. થોડેક ગયો, ત્યાં તો એક મહાન આશ્ચર્ય જોયું !" જો જો આશ્ચર્ય બહુ જ સુંદર છે ! મહા મંગળકારી છે ! પણ એ જોવા મળે કોને ? ભાગ્યશાળીને. એથી એવું સુંદર નિમિત્ત પામીને જ પોતે સારી ધર્મ સાધના પામે. એમ તો એવાય હીનભાગી જીવ હોય છે કે જે સમવસરણ જેવા મહાન ચમત્કારિક મંગળ નિમિત્તને પામવા છતાં પણ નિષ્ફળ કરે છે. પણ જે સફળ કરી શકે એમ હોય છે, એવાનેય એવી **સારી સામગ્રી મહાન પુણ્યના ઉદયે મળે છે, અને તોજ ઉન્નતિ સાધી શકે છે.**

**દેવોનું આગમન :** વિજયસેન આચાર્ય મહારાજ કહે છે કે, "નગર બહાર નીકળી જોઉં છું ત્યાં નજીકમાં રહેલા ગાંધાર પર્વત ગાજી ઊઠ્યો છે. સાથે જ સુગંધીથી મઘમઘતો પવન વાવા લાગ્યો. પૃથ્વી હાલી ઊઠી ! ગગનાંગણ મહાન પ્રકાશથી ઝમગગાટ થઈ રહ્યું ! જય-જયારવનો ધ્વની વિસ્તરાઈ ગયો ! આવું અદ્‌ભુત રોમાંચક પ્રસન્ન વાતાવરણ જોઈ કોને હર્ષ ન થાય ? મારું તો દિલ હલી ઊઠ્યું આમેય ગુરુજીને વાંદવાનો હર્ષ તો હતો જ. એમાં હવે વૃદ્ધિ થવાથી હર્ષનો પાર રહ્યો નહિ. ઉત્સુકતા પણ ઊભરાઈ ઊઠી. મને થયું કે 'લાવ, કાંઈક અપૂર્વ છે, તો જલદી જલદી જાવું, વહેલો પહોંચી જાવું,' એમ કરી ત્વરાએ પગલાં ઉપાડ્યાં. જ્યાં ગન્ધારગિરિની ગુફા પાસે પહોંચ્યો, તો ત્યાં વળી શું જોયું ? જમીન

પરનો ઘાસ કચરો સાફ થઈ ગયો છે ! જમીન સપાટ બનાવી દેવાઈ છે ! એના પર સુગંધી પાણીનો છંટકાવ કરી દેવામાં આવ્યો છે ! પુષ્પોના ગુચ્છ પાથરી દેવાયા છે ! આકાશમાંથી દેવો ઊતરી આવ્યા છે ! એ દેવો ચારેય મહાત્માની સ્તુતિ કરે છે. 'અહો ! ભગવંત આપનું મનુષ્યપણું સફળ અને સુલબ્ધ થયું ! આપે રાગ-દ્વેષ-મોહ વગેરે આંતર વિકારોને ક્ષય પમાડી દીધા ! કર્મ શત્રુની સેનાનો આત્મા ઉપર અનાદિનો હલ્લો છતાં એને હવે કાયમ માટે તદ્દન હરાવી દીધાં ! આપ તો હવે સંસાર સમુદ્ર તરી ગયા ! શાશ્વત શિવ સુખની સિદ્ધિ આપે હાથ કરી લીધી !" હવે આટલામાંથી પદાર્થના ઝીણા પૃથક્કરણ કરો. ચરિત્ર પ્રસંગોમાંથી ખરું એ કરવાનું છે. એકલી કોરી કથાના શોખીન ન બનતા. જુઓ કથાનુયોગમાંથી તો ચરણ-કરણ અને દ્રવ્યાનુયોગ મળે છે, પણ ક્યારે ? બારિક વિસ્તૃત વિશ્લેષણથી.

## • વિચારણીય મુદ્દા •

(૧) **સાચો ભાગ્યોદય ધર્મ નિમિત્ત પામવામાં છે :** અહીં રાજકુમાર વિજયસેનનો ભાગ્યોદય જુઓ. દુનિયામાં અનેક પ્રકારના ભાગ્યોદય દેખવામાં આવે છે; પણ આ એ બધાને ટપી જાય એવો છે. જે ચાતુર્માસમાં સમ્યક્ત્વ, તેજ ચોમાસાના અંતે મહાન સંવેગ-વિરાગને જન્મ આપે એવો અલૌકિક પ્રસંગ જોવા મળે એ કેવી સુંદર ભવિતવ્યતા સહિતની પુણ્યાઈ ! જ્યાં મહર્ષિઓની ભક્તિમાં દેવો ઊલટી પડ્યા છે, ત્યાં પૃથ્વી, પવન અને પર્વત જાણે હર્ષોલ્લસિત થઈ જાય, એમાં શી નવાઈ ?

(૨) આ સૂચવે કે આમ **સ્વતંત્ર એવી કુદરત પણ ધર્મને પરતંત્ર બને છે !** કુદરતી મહાસ્થિર એવા ઈન્દ્રોના સિંહાસન પણ પ્રભુના કલ્યાણક આદિથી ધ્રૂજી ઊઠે છે ! નહિતર દુન્યવી કઈ વસ્તુ કે કયો પ્રસંગ એને સહેજ પણ કંપાવી શકે એમ છે ? એ તો એક મહાધર્મની એ તાકાત છે. **માટે જ ધર્મ પરજ આસ્થા સ્થાપો, સ્થિર કરો અને વધારો.** વિજયસેન ઠેઠ પહોંચતાં તો દેવોને ભક્તિરંગથી મહાત્માઓની સ્તુતિ કરતાં જૂવે છે. એ પહેલાં તો જમીન સાફસૂફ, સુગંધી જલથી સિંચિત અને પુષ્પોથી આચ્છાદિત થઈ ગઈ છે.

(૩) **મહાત્માઓ તો ત્યાગી છે, વિરાગી છે; પણ આ શોભા શું સૂચવે છે ? એ દેવાનો વિનય, દેવોનું ઔચિત્ય અને દેવોની ભક્તિને સૂચવે છે.** વિનય ભક્તિની ખામી હોય છે, ત્યારે આ પ્રશ્ન ઊઠે છે, કે 'દેવને કે મહારાજને તો જરૂર નથી, તો પછી આ ધાંધલ અને ખર્ચ શા માટે ? એના કરતાં જ્યાં જરૂર છે એવા દયા-દાનમાં ખર્ચોને ?'



(૪) **પરંતુ અંતરંગ ભક્તિ-બહુમાન સામાની જરૂરિયાતોનો વિચાર નથી લાવતું, પણ પોતાની ત્યાગવૃત્તિને જગાડે છે.** ઉપકારીને કેટલી જરૂરી છે, એમ નહિ પણ ઉપકારીના પૂજનમાં હું મારું શું સમર્પું ?' એમ ભાવ જગાડે છે. દા.ત. ઘરમાં વૃદ્ધ પિતા માત્ર શેતરંજી પર સૂવાની વૈરાગ્યવૃત્તિવાળા જ હોય, પણ સુપુત્રને એમ થયા કરે છે કે હું એમને સારા રેશમી ગાદલામાં સુવાડું; એવુંજ સુંદર કપડાં પહેરાવું...અને એ પ્રમાણે કરે એમાં શું અજુગતું છે ? ત્યાં પિતાને જરૂરી, ન જરૂરીનો પ્રશ્ન નથી રહેતો ! ને દેવો સહજ રીતે આજુબાજુનું વાતાવરણ મનોરમ કરી દે છે. ભક્તિ કરવા આવનારે એ કરવું જ જોઈએ. પછી ત્યાં એમ ન વિચારાય કે મંદિરમાં સામગ્રી નથી રહેતી,' ત્યાં તો તુરત પોતાના ખર્ચે સામગ્રી લાવી વાતાવરણ શુદ્ધ અને શોભિત કરવું જોઈએ.

(૫) **જે પરમાત્માની પૂજા-ભક્તિથી કરોડો-અબજોના પુણ્ય મળવાના છે, એમની ભક્તિ માટે અહીં એના પ્રમાણમાં થોડોય ખર્ચ નહિ ? કાંઈ ભોગ નહિ આપવાનો ?** કૃતજ્ઞ તો જરૂર ભોગ આપે. પાછો દેવોનો ભક્તિ વિવેક પણ એવો કે ગુફાની બહારની મોટી જમીન વ્યવસ્થિત રીતે સાફ, સુગંધિત અને ફૂલોથી સુશોભિત કરી છે. એમ નહિ કે 'મહાત્માની આસપાસની બબ્બે હાથ જગા બરાબર કરો, વધારેનું શું કામ છે ? અથવા જરા સાફ કરો, કે સહેજ પાણી છાંટો, બીજું શું કરવું છે ?'

(૬) **વિવેક ન હોય તો કૃપણતા અને અવ્યવસ્થિતતા આવી જાય,** તેમ પ્રભુના સ્નાત્ર મહોત્સવ, પૂજા મહોત્સવ ઊજવો છો ને ? ત્યાં મંદિરની બહાર ચારે બાજુ ૧૦-૧૦ હાથ પણ આવી સાફસુફી, સુગંધિત જળ-છંટકાવ, અને પુષ્પવેરણ કરવો કે નહિ ? જો નહિ, તો ભક્તિ હોવા છતાં વિવેક ઓછો છે એમ ગણાશે.

(૭) **ઓછા વિવેકથી ભક્તિનો વેગ ઓછો, અને ફલનાં ટકા ઓછા મળશે** ભલે આઠ દિવસનો ઓચ્છવ નહિ, પણ **બેજ દિવસની પૂજા ભણાવો; પણ આવા વિવેક સાથે ભણાવો તો તે તમને અને લોકને બાર મહિના અનુમોદનાનો લાભ આપ્યા કરશે.** આઠ દિવસ પ્રભાવના નહિ, પણ બેજ દિવસ પ્રભાવના; પણ તે કેવી ? હાથ જોડીને મોટા ખોબા ભરીને સંઘને અપાય અને ઉપરથી નમસ્કાર કરાય; સાથે 'આ તો અમારા પારસનાથ ભગવાનની પૂજા અંગે આનંદ લહાણી છે' એમ આજુબાજુના જૈનેતર રહેવાસીઓને પણ પહોંચાડાય, તેમજ ગરીબ-દીન દુઃખીને છૂટે હાથ વહેંચાય એવી પ્રભાવના ! એ એજ વખતે **સ્વપરનો મહાન**

**પવિત્ર ઉચ્ચ ભાવોલ્લાસ જગાડશે !** પાછળથી પણ અનેકવાર ભારે અનુમોદના કરાવશે ! આનાં મૂલ્ય સમજો છો ? કેવાં વિશાલ કર્મક્ષય અને પુણ્યાર્જન ? જૈનેતરો વાતો કરે, 'આજે શું છે ભાઈ !' આજે જૈનોના પારસનાથ ભગવાનની પૂજા છે, 'વાહ ! જૈનોના ભગવાન કેવા મહાન ! કે એમના જૈનો આવા ઉદાર ! વગેરે વગેરે આ શું થયું ? એ લોકોને ભવાંતરમાં બોધિ-જૈનધર્મ પ્રાપ્તિ સુલભ કરી આપી. આગળ દેવોની સ્તુતિ તપાસો.

(૮) **દેવોને પણ સ્તવવા યોગ્ય, પ્રશંસવા યોગ્ય હોય તો મહાત્માઓ છે. મહાત્માઓએ સાધેલ અંતરંગ રાગાદિ શત્રુઓ પર વિજય અને કર્મક્ષય એ ગાવા યોગ્ય છે. સંસારનો અંત ને, મોક્ષ-સિદ્ધિ ગાવા યોગ્ય છે,** દેવોનેય ગાવા યોગ્ય આ ! તમારે શું ? આજે તો દુનિયાનું જેને વધારે મળ્યું હોય છે, એને **વધારે મળ્યાના આનંદનો આફરો ચઢ્યો છે,** એટલે એને લગતા ગુણગાન કરે છે. ત્યારે ઓછાવાળો એના **મનોરથ અને ઓરતામાં સડી રહ્યો છે,** એટલેય એના જ ગુણ ગાય છે. ગુણ એના શું ગાવા'તા અથવા એ ધરાવનારના શું ગાવા'તા ? ગુણ ગાવા તો મહાત્માના ગાવા. તેય મન હોય તો એમ નહિ, પણ મહાત્માના ગુણ જરૂર ગાવા. એવી જ **શાબાશી માનવી તો રાગાદિ વિકારોની વૃદ્ધિમાં નહિ, પણ વિકારોના હ્રાસમાં. કર્મના બંધન વધવામાં ખૂશી નહિ, કર્મબંધનના નાશમાં ખૂશી.** કવિતા સંસારના વિસ્તારની પ્રશંસા કરનારી ગાવાની નહિ, પણ સંસારના સંકોચ અને ઉચ્છેદની પ્રશંસા કે કવિતા ગાવી. આવો રૂડો સંજોગ જોવાનો વિજયસેન રાજપુત્રને કેમ મળે છે ? 'કાલે ઉપકારી ગુરુદેવો જવાના છે, તો છેવટની ઉપાસના કરી લવું,' એમ કરી રાતના ઊઠીને જાય છે તો.

(૯) **એ સૂચવે છે કે સુકૃતની જે કોઈ તક મળે તેને ઝડપી લો, પરમાર્થ પ્રવૃત્તિની જે કોઈ ઘડી વધાવી શકાય, તેને વધાવી લો.** એવું કરતાં કરતાં સટોડિયાની જેમ કોક ઘડી એવી લાધી જશે કે જેમાં ઉત્તમ નિમિત્તના યોગે ઊંચી ભાવનાનો સોદો લાગી જશે, અને કેવળજ્ઞાન જેવા ઊંચા લાભનો નફો મળી જશે.

(૧૦) બીજી એ પણ વાત છે કે **રાજશાહી વૈભવમાં ઝીલતા વિજયસેન રાજકુમારને સત્સંગની આવી કકડીને ભૂખ લાગે,** એ સૂચવે છે કે ખરી રીતે એ **વૈભવોમાં સુખશાંતિ જેવું નથી. તોજ સુખશાંતિ માટે સત્સંગ શોધાય અને ખૂબ સેવાય.** ચાર ચાર મહિના સત્સંગ કરવા છતાં એનો સંતોષ વાળી દેવાનો નહિ કે, 'ચાલો બહુ સેવ્યા મહારાજને. હવે ક્યાં થોડા માટે દોડીએ ? ફરી વળી આવશે ત્યારે જોઇશું !'

(૧૧) **જ્યાંસુધી ચોર-લુંટારાના વનમાં ભટકીએ છીએ, ત્યાંસુધી સત્સંગ**



**સિપાઈ સાથે જોઈએ, સત્સંગનો સંતોષ રખાય જ નહિ.** આમાં ચૂકે, એને લૂંટાતા શી વાર ? ત્યારે મોહથી લૂંટાયેલાની કેવી દુર્દશા કર્મ કરે છે ? વિજયસેનના ઘેરથી રાત્રે નીકળી અહીં આવ્યા પછી દેવોની ભક્તિ સુધીમાં ઘણા મુદ્દા વિચાર્યા. એ ભૂલવા જેવા નથી. હવે જુઓ કે દેવતા શાથી ભક્તિ કરે છે.

**સર્વજ્ઞને ધ્યાન કરવાનું ન હોય-શ્રેષ્ઠ પુરુષાર્થ ને, શ્રેષ્ઠ સિદ્ધિ ! દર્શને દુઃખ હરંત :** ગુણસેન રાજાને વિજયસેન આચાર્ય મહારાજા કહે છે કે, "એ જોતાં મને લાગ્યું કે ખરે જ ! આ મહર્ષિઓને કેવળજ્ઞાન પ્રગટ થયું છે ! જન્મ-જરા મૃત્યુથી એ હવે મુકાયેલ છે ! એટલામાં તો કેવળજ્ઞાનના પ્રભાવથી રત્નમય સિંહાસન પર ચારેય મહાત્માઓને બિરાજમાન જોયા. (કેવળજ્ઞાનીની ભક્તિ કરવામાં દેવો શું કામ ન્યૂનતા રાખે ?) હવે તો મહર્ષિઓના ચિત્ત શાંત થઈ ગયા છે, ધ્યાન નથી કરતા, જરૂર નથી. **જેની ખાતર ધ્યાનની સાધના હતી, તે વસ્તુ જ વીતરાગતા અને કેવળજ્ઞાનિતા-પ્રાપ્ત થઈ,** આત્મસાત્ થઈ ગઈ. માટે જ શ્રી વીતરાગ તીર્થંકર પ્રભુની મૂર્તિની મુદ્રા ધ્યાનસ્થ નથી હોતી, પણ પ્રશાંત મધ્યસ્થ ભાવની હોય છે. મધ્યસ્થ એટલે ન રાગારૂઢ, ન દ્વેષારૂઢ; બંનેની વચ્ચે વીતરાગ-વીતદ્વેષ ભાવમાં. સ્થિત ધ્યાનસ્થ દશા એ તો સાધક અવસ્થા છે; જ્યારે આ તો સિદ્ધ થાય છે. હવે એમને સંસારનો વિસ્તાર સંકેલાઈ ગયો છે. કેવળજ્ઞાનના અપૂર્વ તેજવાળા મૂર્તિમાન ગુણરૂપ છે. જાણે ગુણોએ જ આ રૂપ ધારણ ન કર્યું હોય ! આ બધું જોતાં મને વિચાર થયો કે આમાં કોઈ શંકા નથી. નક્કી આ કેવળજ્ઞાની છે. માટે જ એમના રાગદ્વેષાદિ દોષો નાશ પામી ગયા છે; અને એ વીતરાગ સર્વજ્ઞ, તથા અનંતવીર્ય લબ્ધિમાન અને અનંતગુણસંપન્ન બનેલા છે ! પૂર્વેય એમની પાસેથી હું સમ્યક્ત્વ તો પામ્યો હતો; અને સમ્યક્ત્વનો આદર્શ તો કેવળજ્ઞાન પામવાનો તથા આત્માના અનંત ગુણ પ્રગટ કરવાનો છે. એજ વસ્તુ તુર્તજ મને સાક્ષાત્ અહીં જોવા મળી. તે પણ મારા અનંત ઉપકારી ગુરુદેવોમાં ! **કેવી એમના આત્માની મહાશ્રેષ્ઠ પુરુષાર્થી અવસ્થા ! કેવી એમની સર્વ શ્રેષ્ઠ સિદ્ધિ !** ત્યારે એવા એમના દુર્લભ દર્શન પામવા જોગ **કેવા મારા અહો ભાગ્ય !** એ વિચારમાં મને અપૂર્વ આનંદ થયો, "અહો ! હું આ શું જોઈ રહ્યો છું ! મને આ જોવા મળ્યું ? એમ કરી મારું હૃદય ભરાઈ આવ્યું ! મારી આંખમાં ઝળઝળિયાં ઊભરાઈ આવ્યાં ! આખા અંગે ઝણઝણાટી વ્યાપી ગઈ ! રોમાંચ ખડા થઈ ગયા ! કેવું અદ્ભુત આ દશ્ય ! દર્શને દુઃખ હરંત ! અત્યંત વિસ્મય ચકિત થઈ જવાથી મારાં નયન વિકસ્વર થઈ ગયાં, શ્વાસોશ્વાસ વેગમાં ચાલવા લાગ્યો, અંગોપાંગ ઊછળું ઊછળું થઈ રહ્યા !" જોજો આ કોઈ વિશિષ્ટ પ્રસંગે થતી ઉન્નતિની ભૂમિકા. આની આગળ રાજ્યસુખ શું ?

કુછ નહિ. તોજ આ આનંદ પ્રગટે અને વિકસે. સૂરિજી કહે છે, "તરત જ કેવળજ્ઞાની ભગવંતોની આગળ જમીન પર, હા ! મારા બે ઢીંચણ બે હાથ સ્થાપિત થઈ ગયા. કોઈક અત્યંત સુંદર અવર્ણનીય વિચિત્ર અવસ્થાને મેં અનુભવવા માંડી. એ તો અનુભવગમ્ય જ હતી. એનું વર્ણન શે થાય ? ત્યાં જ મેં ભૂમિ પર મસ્તક અડાડી સર્વજ્ઞ મહર્ષિઓને નમસ્કાર કર્યા પછી હું બે હાથ જોડી એઓશ્રીની આગળ બેઠો.

**જો વર્તમાનની શક્તિ-સામગ્રી છતાં પ્રમાદ, તો ભવાંતરે એનો દુકાળ :** રાજપુત્ર વિજયસેનનો આનંદ જૂવો. આત્માના પ્રદેશે પ્રદેશ આનંદથી લચબચ છે. એ વખતે કેવી મહાન કર્મનિર્જરા કરી હશે ! જગતમાં જીવને ઘણાય સંયોગ મળ્યા, અને ટળ્યા. નથી મળ્યો એક શુદ્ધ-બુદ્ધ અવસ્થામાં કેવળજ્ઞાની-વીતરાગ પ્રભુનો સંયોગ ! અત્યારે તમને એ મળે તો, શું લાગે છે ? ન્યાલ થઈ જાવો ને ? તો રાજકુમારને એ મળે ત્યાં આનંદની શી કમી રહે ? એમના આનંદને જોઈને આપણનેય એમ થાય કે **એની આગળ વર્તમાનમાં દેખાતા દુનિયાના આનંદ સાધનો જોઈ શું ખુશી થવું' તું ?** ખુશી તો એ મળે તો થઈએ. તો કહો કેમ એ સંયોગ મળતો નથી ? એજ કહેવાના કે તેવું ભાગ્ય નથી. પણ કદી એ વિચારો છો કે એવું ભાગ્ય શું આકાશમાંથી ઊતરી પડે છે ? એના માટે સારી કરણી જોઈએ ને ? પૂર્વે એ નથી કરી તેથી તેવું ભાગ્ય નથી સર્જાયું, હવે અહીં પણ એ કરણી નહિ થાય, અર્થાત્ **જો વર્તમાનમાં મળેલી મન-વચન-કાયાની શક્તિઓને વર્તમાનકાળે મળેલી ધર્મ સામગ્રીમાં ઉમદા રીતે નહિ યોજાય, તો ભવાંતરે શું ? એ શક્તિ સામગ્રીનો દુકાળ !** 'અમે કેવા હીનભાગી કે અમને કેવળી ભગવંતનો સંયોગ નથી મળ્યો' એ **અફસોસી સાચી ત્યારે ગણાય કે ભવિષ્યમાં એ મેળવવાની તમન્ના હોય, તાલાવેલી હોય, અને એ માટે ઉદ્યમ થાય.** સાચી તમન્ના હોય તો શું એના માટે પ્રયત્ન ન થાય ? જરૂર થાય. ત્યારે એ પ્રયત્ન શું ? પ્રયત્ન એ જ કે વર્તમાનમાં મળેલા દેવ-ગુરુ-ધર્મના સંયોગમાંથી સર્વશક્તિ ખરચી ઊંચામાં ઊંચો લાભ હાંસલ કરવો.

**વેપારી કેવા હોય ? નક્કી નફાનો વેપાર હાથમાં આવ્યા પછી બાકી ન રાખે :** ખૂબી જુઓ કે એ મહર્ષિઓએ ચાર માસમાં કેવી મહાન શક્તિઓનો ઉપયોગ સંયમ અને તપમાં કર્યો કે સઘળાંય જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો ! વેપારી કેવા હોય ? નિશ્ચિત નફાનો વેપાર હાથમાં આવ્યા પછી ઉદ્યમમાં બાકી રાખે ?





**મહર્ષિઓનો ધર્મ વેપાર : એમાંથી લેવા જેવો બોધ :** ત્યારે નક્કી નફાનો વેપાર હાથ લાગ્યો પછી, વેપારી વેપાર કરવા માટે દુઃખ-કષ્ટ વેઠવા તૈયાર જ હોય ને ? એનેય એ પાછું દુઃખ તરીકે ન માને, કેમ ખરું ને ? તેમ અહીં આ મહર્ષિઓને મન ધર્મ વેપાર કરવાની આ મોટી તક હતી એમાંય નફામાં પાછો કર્મક્ષયનો લાભ થવાનો તો ચોક્કસ જ હતો. પછી શું કામ બાકી રાખે ? વિચારજો આપણે શું કરવાનું છે, કેવા થવાનું છે ? મહર્ષિઓ જેવાને ? એમણે ચાતુર્માસમાં માસખમણના પારણે માસખમણની તો તપસ્યા જ આદરી દીધી ! ગુફામાં રહી જ્ઞાન-ધ્યાનમાં જે ઓતપ્રોત રહ્યા, જંગલમાં ભયોને દૂર વિસારી દીધા ! શું ઠંડી કે શું ગરમી, શું ચાંચડ કે શું મચ્છર, શું ભૂખ કે શું તરસ, સર્વ પરીસહોને એમણે પ્રસન્નચિત્તે સહ્યે રાખ્યા ! હેં, કહો તો ખરા કે શા માટે આ બધું સહવાનું ? શું સુખ નહોતું ગમતું ? સુખ કોને ન ગમે ? સુખ માટે તો સૌ કોઈના પ્રયત્ન હોય છે. પરંતુ આમને સાચું સુખ જોઈતું હતું. એના આજ ઉપાય સમજતા હતા ! તેથી એમાં જ મસ્ત હતા ! ઉચ્ચ માનવજીવન પામ્યા છો તો આવું કાંઈક જીવનમાં ઉતારો. **સંસારના નકલી સુખ અને ઠગારી સાહ્યબીના મોહ ઉતારી નાંખો. સંસારના તકલાદી ભભકા અને ફટાકિયા ચટકાથી દૂર ભાગો.** નિર્ધારપૂર્વક જીવનમાં ત્યાગ, તપસ્યા અને પરીસહ સહનના અભ્યાસ યોજો. 'આવા મહાત્મા આટલી ઊંચી આરાધના કરી શકે તો હું સામાન્ય ય ન કરું ? એમણે હતું એય ત્યજ્યું ! ત્યારે મારે છોડવાની વાત તો પછી, પણ **મને જે નથી મળ્યું, તેની લાલસા ને તેની પાછળના વલોપાત તો છોડું ? શ્રી જિનશાસન મળ્યા પછી એમને જાણે બધું જ મળી ગયું લાગે છે, તો મને પણ એવું કેમ ન લાગવું જોઈએ ? શું એમને જે જિનશાસન મળ્યું હતું તેજ જિનશાસન મને નથી મળ્યું ?** જો મળ્યું છે તો પછી શા માટે મારે ઓછું માનવું ? અરે ! ઉપરથી હું તો જિનશાસન પ્રાપ્ત થયાની રૂએ એવો તૈયાર રહીશ અને ઈચ્છીશ કે :

**(૧) અહીં મારી દુઃખની કસોટી ખુશીથી થઈ જાઓ, તેથી પ્રમાણપત્રક વહેલું મળે.**

**(૨) અહીં જ પાપ કર્મના ઉદય આવી જાઓ. જેથી સમાધિ હોવાથી કર્મબંધની નવી રામાયણ ન ઊભી થવા દવું;**

**(૩) અહીં ભલે વૈભવ-સગવડ ખૂબ ન મળો; એથી પ્રભુ પર પ્રેમ ટક્યો રહે.** શું આ ? ઈચ્છવા જેવું ને ? યાદ રહેશે ? લખી લ્યો. ચાલો આગળ !

મહર્ષિઓને કેવળજ્ઞાન થયાનું નક્કી જાણ્યું. હવે કહે છે કે,

**વિજયસેનના ત્રણ પ્રશ્ન :** કેવળજ્ઞાની ભગવંતોને જોઈ હું અવર્ણનીય અત્યંત શુભ અવસ્થાને પામ્યો ! હૈયે આનંદનો સાગર ઊછળ્યો ! આંખ અશ્રુજળથી છલકાઈ ઊઠી ! આ જોવાનું ક્યાં મળે ? વિકસિત નયને ધરણી પર ઢળી પંચાંગ નમસ્કાર કર્યો, તેઓની સમક્ષ નીચે બેઠો, દેવો અને માનવો પણ બેઠાં, ત્યાં કેવળજ્ઞાની ભગવંતે ધર્મકથાની વાણીનો અમૃત વરસાદ વરસાવ્યો, દેશના સાંભળતાં સાંભળતાં કેઈ દેવો, માનવો પોતપોતાના હૃદય ઇચ્છિત પ્રશ્નો પૂછે છે. ત્યારે મને પણ એમ થયું કે આ જ્ઞાની ભગવંતોને હું શું પૂછું ! એટલામાં હૃદયમાં શલ્યભૂત બનેલો મારો સ્વર્ગસ્થ મિત્ર વિભાવસુ મારા મનમાં ઉપસ્થિત થઈ ગયો, ત્યારે મને વિચાર આવ્યો કે 'હેં ત્યારે એ મારો મિત્ર મરીને ક્યાં ઉત્પન્ન થયો હશે ? લાવ ને, એજ હું પૂછી લઉં.' એમ વિચારી કેવલી ભગવંતને મેં પૂછ્યું, ''હે ભગવન્, આજથી કેટલાક કાળ પૂર્વે મારો મિત્ર વિભાવસુ કાળધર્મ પામ્યો છે, તો એ મરીને ક્યાં ઉત્પન્ન થયો ? અત્યારે કઈ અવસ્થા અનુભવે છે ? અને જો કે હું મોક્ષમાર્ગ સમજ્યો છું છતાં પણ આના વિયોગરૂપી અગ્નિથી મારા ચિત્તમાં પ્રગટેલો સંતાપ હજી કેમ શાંત થતો નથી ?'' જો જો વિવેક દૃષ્ટિ ! સમજે છે કે **મોક્ષમાર્ગને જાણ્યા પછી તો મનના અશુભ સંતાપો ઉપશમ પામી જવા જોઈએ, કેમકે અશુભ સંતાપનો વિષય સંસાર છે; અને સંસાર તો અસાર હોવાનું જાણી લીધું છે, તેથી અસારના શા સંતાપ કરવા ? એ સમજી લીધું છે.**

**કર્મનાં નાટક : માનવ મિત્ર કૂતરા તરીકે જન્મે છે :** મહાત્મા કેવળીજ્ઞાનીએ કહ્યું, ''આજ ગંધારપુર નગરમાં ઋષભદત્ત નામનો ધોબી છે. એને ત્યાં મધુપિંગા નામે કૂતરી છે, તારો મિત્ર મરીને એના ગર્ભમાં કૂતરા તરીકે ઉત્પન્ન થયો.'' આ પહેલા પ્રશ્નનો ઉત્તર. હવે બીજા પ્રશ્નના ઉત્તરમાં, વર્તમાન દશા કહે છે ''એ કૂતરા તરીકે જન્મ પામી ચૂક્યા પછી હાલમાં અતિ કઠણ દોરડાથી બંધાયેલો છે. ક્ષુધાથી એનું અંગ સુકાઈ ગયું છે, ધોબીને ધોવાના કુંડની બાજુમાં રહેલો છે, અને ગધેડાની પાસે એ કૂતરાને બાંધી રાખ્યો છે, તેથી ગધેડાની લાત વાગવાના ડરથી ગભરાયા કરે છે, આવી ભયંકર અવસ્થા એ અનુભવી રહ્યો છે.'' કેવળજ્ઞાનથી બધું પ્રત્યક્ષ દેખાય છે. ક્યારે પામીશું એ જ્ઞાન ? આપણું જ છે એ; છતાં **એ કેવળજ્ઞાન ઉપર કર્મની શિરજોરી હોવાથી આજે આપણે અજ્ઞાન બન્યા છીએ ! કર્મ તરફથી આ આપણું કેવું અપમાન ?**

**હવે ન ચાલે :** હવે ધારો કે કદાચ આ રાજપુત્ર અભિમાન કરે કે ''મારા મિત્રને ભૂખ્યો-ભૂખ્યો સાંકળે બાંધ્યો રાખે છે ?'' તો તે અભિમાન ચાલે ? ચાલવા



વખતે ચાલત. પણ ત્યારે ન જોયું ! હવે ચાલે ? ન ચાલે. હા, 'મારા પતિ-પુત્ર વગેરે દુર્ગતિમાં કેમ જાય ? ન જ જવા દઉં,' એમ હજી જીવતાં થાય તો ચાલે. કેમકે પછી તો ત્યાં ન જવા દેવાનો ઉપાય જીવતાં-જીવતાં જ યોજી દેવાય, એજ ચાલ્યું કહેવાય. પણ મરી ગયા પછી કાંઈ ચાલે ? અરે કર્મની કુટિલતાએ કેટલુંક તો જીવતાંય કશું ન ચાલે, દા.ત. હું રોગી ન થવા દઉં, વૃદ્ધ ન થવા દઉં,' એય શક્ય નથી. હજી શક્ય છે એક મહાન વસ્તુ, **'હું મારા સ્નેહીને દુર્ધ્યાન ન કરાવું, ન કરવા દઉં' !** દીકરો હાથમાં હોય તો કહી દેવાય, 'જો દુર્ધ્યાન ન કર ! પાંચ રૂપિયા વધારે ખરચ થાય તેનો વાંધો નહિ પણ દુર્ધ્યાન ન કરવું. **દુર્ધ્યાનથી દુર્ગતિ થાય છે, ભવમાં ભ્રમણ વધે છે.** ત્યારે શુભધ્યાનથી સદ્ગતિ થાય છે, કર્મક્ષય થાય છે. શુભધ્યાન રાખો, આપણા ઘરમાં દુર્ધ્યાન નહિ. પૈસાની બહુ ચિંતા નહિ. કંઈ નુકશાન થાય તેની પરવા નહિ, ઓછું મળે તેની પરવા છોડી, મનને બગડતું અટકાવો; અંતરમાં શુભ લાગણીઓ, શુભ વલણ ટકાવી રાખો.

**જૈનકુળ તો સદ્ગતિ અપાવનારું હોય, અને સદ્ગતિ દુર્ધ્યાનથી ન મળે. દુર્ધ્યાન એ દુર્ગતિમાં જવાનો ચાળો છે, આત્માને કાળો કરનારું કાજળ છે.**

**કર્મને કોઈ જીવ કષાયવનમાં ભૂલો પડેલો જડવો જોઈએ :** એવું કાંઈક શિખામણ દેવાનું કર્યું હોય પછી સ્નેહી માટે 'કર્મે કેમ એને કૂતરો બનાવ્યો ?' એમ હજી ફરિયાદ ઊભી કરાય. ખરી રીતે તો જીવને જાત માટે કહો કે **તું સાવધ નહિ રહે તો કર્મ તનેય દુર્ધ્યાનની સજા તરીકે દુર્ગતિમાં ઘસડી ક્યાંક બિલાડો બનાવી એજ કૂતરાની પાસે એવો મૂકશે, કે એજ કૂતરો તનેય ચાવે ખરો ! વિભાવસુ** કૂતરો થઈ ગયો ! કૂતરોય પાછો મહાદુર્દશામાં મૂકાયેલો ! **કર્મને ક્યાં શરમ છે ? ક્યાં એને વિચાર છે કે આ તો મહાન પંચેન્દ્રિય મનુષ્ય, એને કૂતરો કેમ બનાવાય ? કર્મને કોઈ કષાયવનમાં ભૂલો પડેલો જડવો જોઈએ.** જંગલમાં રાક્ષસી લૂંટારા હોય છે ને ? કેવા ? કોઈ ભૂલા પડેલા મળે તો બાર વગાડી નાખે. પ્રભુએ બતાવેલા ત્યાગ **વિરાગના માર્ગને મૂકી, રંગરાગ અને ભોગના ખોટા માર્ગે જીવ ભૂલો પડ્યો એટલીવાર ! પછી તો કર્મ લુંટારા ભયંકર જુલમ કરે છે.**

**મોહનું પરિણામ-એની જપમાળા :** આચાર્ય મહારાજ વાત આગળ ચલાવે છે,'' કે મારો જે ત્રીજો પ્રશ્ન. કે 'તત્ત્વ સમજવા છતાં એના વિરહથી મારું હૃદય કેમ બળ્યા કરે છે ?' એના ઉત્તરમાં શ્રી કેવળજ્ઞાની મહાત્મા મોહની એવી કુટિલતા બતાવે છે કે **એક વખત જ્યાં મોહ થયો, પછી એના વિરહમાં એની જાણે જપમાળા શરૂ થાય છે.** એના પર રાગ ઊછળે, વિચારણાના ધોધ વહે, જો કે પૂર્વ જન્મની અસલ વાત યાદ ન આવે ! કેવળજ્ઞાની કહે છે કે 'જો, પૂર્વ જન્મમાં કુસુમસાર

નામે તું શ્રેષ્ઠીપુત્ર હતો, અને એ શ્રીકાન્તા નામે તારી પત્ની હતી. પૂર્વભવના એ સ્નેહથી એ પછી આ ભવમાં તારો એ મિત્ર થયો. હવે એ થયો કૂતરો, પણ મોહના કારણે તારું હૃદય બળી રહ્યું છે.' કેવળજ્ઞાનીનો આ ખુલાસો સાંભળીને તમારા મનમાં શું થાય છે ? કૂતરો તો કૂતરો, પણ પાછો ધોબીનો ! એટલે ન ઘરનો કે ન ઘાટનો. સમજી રાખજો કે આ **સંસારમાં જીવ પણ ધોબીના કૂતરા જેવો છે. મૃત્યુ આવ્યે, ન અહીં સ્નેહી સંઘરે, ન ભવાંતરે સારું સ્થાન મળે !** એટલે ન ઘરનો કે ન ઘાટનો. ધોબણે ઘેરથી ભાતું મોકલ્યું હોય છે, તેથી સમજે છે કે કૂતરાને ધોબીએ ખાવા આપ્યું હશે. આપ્યું હશે કે નહિ, એ પૂછવાની વાત નહિ ! માની લેવાનું કે ઘાટ પર ખવડાવ્યું હશે. થયું ? હવે ઘાટ ઉપર ધોબી માને કે કૂતરો ઘેરથી ખાઈને આવ્યો હશે, એટલે પોતે બધું ખાઈ જાય છે, પણ કૂતરાને ખાવા આપે નહિ. તેય પાછો છૂટોય મૂકે નહિ કે જેથી બીજે ખાઈ આવે. કદાચ થોડો છૂટો મૂકે તોય ઘાટ પર એટલું વધારે કોની પાસે હોય તે કૂતરાને દાન કરે કે કૂતરા માટે વધારો મૂકે ? વિચારજો જીવને ભૂખે મારવો હોય તો, કર્મને બધું આવડે છે, સમર્થ છે. ! એ કેમ જાણે કીડી ન બનાવે, પણ આવો કૂતરો બનાવે કે જે ન ઘરનો ન ઘાટનો !

**કર્મ પરાધીનતામાં પડેલા જીવની દારુણ દશા :** એક તો એ કૂતરાના ભૂખે બેહાલ છે ! વળી ગળે રસી બાંધેલી છે. પાછો એની પાસે ગધેડો એવો ઊભો છે કે એના પગેથી કૂતરાના દુબળા શરીર પર ક્યારે લાત પડે એનો પત્તો નહિ ! ન મારે એ જુદી વાત. પણ કૂતરાને સતત ભય રહ્યા કરે; તેથી પણ સુકાય. વિજયસેન આચાર્યશ્રી કહે છે કે "તે સાંભળીને પહેલાં તો મને સંસાર પર કંટાળો આવવા સાથે ધર્મ પર આસ્થા, અને પ્રીતિ થઈ. કૂતરા પર પણ સ્નેહથી આકર્ષિત મનવાળા મેં કૂતરાને છોડાવવા માટે ઋષભદત્ત ધોબીના ઘેર મારા માણસો મોકલ્યા, અને કહ્યું કે "જાઓ, તે કૂતરાને જલદી છોડાવી, ખાનપાન કરાવી, એને લઈને અહીં જલદી આવો." હુકમ મુજબ મારા માણસો જઈને કરી આવ્યા અને કૂતરાને લઈને આવી ગયા. અહાહાહા ! કેવી મેં કૂતરાની દુર્દશા જોઈ છે ! બિચારાની રૂંવાટી પર કીડા ઉત્પન્ન થઈ ગયા છે. શરીર પરના એ કીડા શરીરને કોચી ખાય છે ! તેથી શરીર પર ક્ષત પડી ગયા છે. ભૂખ અંદરથી માંસ ખાય, અને કીડા બહારથી ચામડું ખાય !! કેવી કરૂણ દશા ! (અત્યારે તમારે તો બધું સારું છે ને ? એટલે જ પરલોકની ચિંતા નથી. છૂપા કર્મની ચિંતા નથી) શરીર બહુ જ ક્ષીણ થઈ ગયું છે, શ્વાસની ધમણ જોરમાં ચાલે છે તેથી જીભ હાલી રહી હોવાથી કૂતરો દયાપાત્ર દેખાય છે. એક માત્ર દાંતની પંક્તિ ઉજ્જવળ દીપી રહી છે. ધીમો ધીમો એ



કૂતરો મારી તરફ આવી નજીકમાં ઊભો રહ્યો. કઈ દશા ? જાણે એ દયા યાચે છે ! ચાલવાનીય તાકાત નથી ! ચામડીને કીડા કોચતા હોય ત્યાં કેમ દીનતા ન આવે ? ભૂખે મર્યા કરવાનું હોય ત્યાં ચાલવાની તાકાત ક્યાંથી હોય ? ધીમે ધીમે પગલાં ભરતો ભરતો આવ્યો છે. એવા એ દુઃખી કૂતરાને જોઈને મને મહાન સંવેગ થયો. મને થયું કે 'અહો કેવો ભયંકર છે આ સંસારવાસ ! **કર્મની પરાધીનતામાં પડેલા જીવની આ સંસારમાં કેવી દારુણ દશા છે ! જીવોની રાગની ચેષ્ટાઓનું સંસારમાં ખરેખર આવું જ ત્રાસદાયી પરિણામ આવીને ઊભું રહે છે ! અહો ? કેવી આ મોહમૂઢ દશા છે, અજ્ઞાનથી અંધદશા છે, કે પોતે જ પોતાની નુકશાનકારી વસ્તુ જીવ કર્યે જાય છે)**

**જગતનું જોવા સાંભળવામાં કેટકેટલી જોખમદારી છે ! :** ઉત્તમ જીવે આમાં સમજવા જેવું છે. સમજણ અહીં ન હોય તો એમ વિચાર આવે કે 'ધોબી ખાવા નથી આપતો ? કેવો નાલાયક એ !" અહીં જૂવો કે આવા વિચારમાં શો લાભ ? ધોબીનું અને કૂતરાનું તો થવું હશે તે થશે, પણ આમાં પોતાનો કષાય તો મજબુત થાય જ. **બીજાના દોષ જોવાની સતેજ વૃત્તિથી દ્વેષ ઝગમગે છે.** જગતનું જોવા-સાંભળવામાં કેટકેટલી જવાબદારી સમજવી પડે ! કારણ કે જ્યાં ત્યાં કોઈને કાંઈ જોવામાં કે સાંભળવામાં આવી તો જાય જ; અને **ત્યાં જો દ્વેષમાં કે રાગમાં તણાયા, તો માત્ર જોવા-સાંભળવાના અપરાધે અઢળક કર્મનો બંધ !** માટેજ કોઈ દશ્ય કે શ્રવણમાંથી તાત્ત્વિક વિચારણા કરવાનું શીખી લેવું જોઈએ, અને તે વિચારણાનો ખૂબ અભ્યાસ પાડવો પડશે. ભગવાન મહાવીરસ્વામી પર સંગમે ક્રૂરતા કરી તે સાંભળીને તમને શું થાય ? 'આ પાપી સંગમ કેવો અધમ ! કેવો હરામખોર ! દુષ્ટે પ્રભુને આવું કર્યું ? ચંડાળ !' આવુંજ કંઈકને ! આ તાત્ત્વિક વિચારણા નથી. વિચારણા તો એમ કરવી જોઈએ કે **'અહો ! પ્રભુએ છતે બળે આટઆટલું સહન કર્યું, એ કેવી એમની ધીરતા ! વાહ મારા પ્રભુ ! ધન્ય છે તમને !**

વિજયસેન રાજકુમાર કહે છે **કે સંસારને વિષે જીવો જે દ્વેષ-પ્રેમની રમતો** કરે છે, **એના ભયંકર વિપાકો જ્યારે આવીને ઊભા રહે છે ત્યારે સંસારમાં જીવને અશરણ-નિરાધારપણે રીબાવું પડે છે, એ અતિ ભયંકર થઈ પડે છે.** જ્યાં આ વિચારણા હું કરી રહ્યો છું, ત્યાં તો કૂતરાને માણસોથી ઠેઠ મારી સમીપમાં હાજર કરવામાં આવ્યો. તેઓએ કહ્યું 'દેવ ! આ તે કૂતરો.' ત્યારબાદ તે કૂતરો મને જોઈને પોતાની લાંબી પૂંછડી હલાવવા માંડ્યો. એની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં-ડોક ઊંચી કરીને દુઃખથી મોઢું હલાવી રહ્યો છે. કોઈક તેવા પ્રકારની અકથ્ય

વિલક્ષણ અવસ્થાને પામીને એ ચીસ પાડવા લાગ્યો.' જૂઓ કેવી પરાધીન દશા છે. **દોષો અને દુર્ગુણોથી દોરવાઈ દુષ્કૃત સેવતા માણસ જેવા માણસને વિચાર નહિ કે આ કાળી કાર્યવાહી કેટલા કાળ માટે ? ત્યારે શું ઢોર એ વિચારશે ?**

જ્યારે મેં કેવળી પ્રભુને પૂછ્યું- પ્રભુ ! શું આ ? અર્થાત્ કેમ આ મારા તરફ આમ આકર્ષાય છે ?

કેવળજ્ઞાની-એનો પૂર્વભવોના સ્નેહનો અભ્યાસ હજી ઊભો છે.

મેં પૂછ્યું-'તો શું એ મને ઓળખે છે ?'

જવાબ મળ્યો 'જાતિસ્મરણની જેમ વિશેષથી નહિ, પરંતુ સામાન્યથી.

**ईइसो चेव एस संसारसहावो त्ति जम्मणन्तर भवब्भत्था भावणा अणाभोगओ वि कंचि कालं अणुवत्तइ त्ति ।**

અર્થાત્ એવા જ પ્રકારનો આ સંસારનો સ્વભાવ છે કે જેથી **પૂર્વ જન્મોના ભવમાં જે ભાવનાનો અભ્યાસ કર્યો હોય છે, તે પછીના ભવોમાં અજાણતા પણ કેટલોક કાળ ચાલ્યા કરે છે.** પછી ભવોમાં ઈરાદો કરવો નથી પડતો, પણ ખ્યાલ વિના તે જીવની પુંઠે લાગે છે. આનો અર્થ એ થયો કે સારી કે નરસી, મનુષ્યભવે જેવી ભાવનાનો અભ્યાસ કર્યો, તેની આવૃત્તિ કેટલાક કાળ સુધી ચાલે છે. **સારી ભાવના કરવા ટકાવવાની મહેનત એક ભવની એના ઇનામમાં સારી ભાવનાની પરંપરા કેટલાય ભવ સુધી ! તેમ નરસી ભાવનાની ભૂલ એક ભવની. એની સજામાં અનેક ભવ સુધી નરસી ભાવના, નરસાં કૃત્ય અને નરસા દુઃખદ પરિણામ !**

**પછીથી થતી ભાવનાની આવૃત્તિ પર ચિંતન :** આ ખૂબ યાદ રાખવા જેવું છે, એથી માનવભવની કિંમત સમજાશે, **જીવ ખરાબ ભાવના કરતા ભડકશે, સારી ભાવનાને આત્મા શોધી શોધીને આદરશે.** મનને ઝટ એમ થશે કે 'અહો ! જો હું અહીં નરસી ભાવના કરું, તો એ દુર્ભાવનાની આવૃત્તિ પાછળથી પણ ચાલ્યા કરવાની ! તેય અજાણપણે, એટલે કે મારે ઇચ્છવી નહિ પડે, મહેનત નહિ કરવી પડે; તોય વગર ખ્યાલે, સહજભાવે દુર્ભાવનાઓ મારી પુંઠે પડશે !! પાછી ત્યાં **પરભવે બીજી કાંઈ ધર્મ-સમજ કે ધર્મોની ઓથ નહિ હોય એટલે, નરસી ભાવનામાંથી હું પાછો તો નહિ હઠું, પણ એનાથી ભયંકર દુષ્કૃત્યો કરતાંય નહિ અચકાઉં !** દુર્ભાવનાના પાયા ઉપર દુષ્કૃત્યના મહેલ ચણાશે, પછી મારી કેવી કારમી દશા !! તો એની મૂળભૂત નરસી ભાવના જ અહીં ન થવા દઉં તો ? તો શું ? અહીં **ખરાબ ભાવના ન કરવાથી કાંઈ દુન્યવી પણ નુકશાન નથી થવાનું; તેમ ખરાબ ભાવના કરવાથી કાંઈ સુધરી જવાનું નથી.** તો પછી ફોગટ શા સારું મન બગાડવું ? **મન બગાડવાથી** તો લાભ લાભને ઠેકાણે રહેવાનો, પણ **દુર્ભાવનાનો**



**અભ્યાસ મારા પલ્લે પડી જવાનો;** મને ભવાંતરોમાં પીડવાનો માટે એ કરુંજ નહિ ! ત્યારે સારી ભાવના અવશ્ય સેવું, વારેવારે સેવું, ખરાબ સંયોગમાં પણ ભાવના સારી રાખું.' એ ખાસ મન મજબુત કરીને કેળવવી પડે. તેથી એના સંસ્કાર આત્મામાં ઊંડા ઊતરવાના; અને પછી તો ઉપર કહેલા નિયમ મુજબ, આ સારી ભાવનાના અભ્યાસ ભવાંતરે આવૃત્ત થયા કરવાના ! આ ભવની સાવધાનીથી આવું જો નક્કી કરી શકાતું હોય તો એ કેટલું બધું સુંદર, મહા કલ્યાણકારી અને નિશ્ચિન્તકારી ! માટે **'ચાહી-ચાહીને, ખ્યાલ રાખી રાખીને, સારી ભાવનાઓ ખૂબ ખૂબ સેવું. એજ મારા દુઃખી આત્માનો ઉદ્ધાર કરશે. એ કરીશ તોજ પછી મળેલા દેવ-ગુરુ-ધર્મના સંયોગ સફળ કરવાની તાલાવેલી રહેશે;** તોજ માનવભવનો ઊંચો સદુપયોગ કરી મોક્ષ સુધી જઈ શકીશ. એ બધાનો આધાર દુર્ભાવનાનો ત્યાગ અને સારી ભાવનાના ખૂબ સેવન ઉપર છે. બાકી જો દુર્ભાવના માથે પડી ગઈ, તો દેવ-ગુરુ-ધર્મના સંયોગ મળ્યા છતાં એને આરાધવાને બદલે વિરાધવાનું મન થશે, એની મશ્કરી એની આશાતના, એની નિંદા અવહેલના કરવાનું મન થશે.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૪૮,તા.૫-૯-૧૯૫૩

**અમે ઉચ્ચ બ્રાહ્મણો, એ ધોબીઓ :** વિભાવસુએ કર્યો કુલ જાતિનો મદ, થયો કૂતરો ! આચાર્ય મહારાજ ગુણસેન રાજાને આગળ કહે છે કે, "પછી મેં જ્ઞાનીને પૂછ્યું-'પ્રભુ ! કયા કર્મના વિપાકે, કયા પાપે, આ વિભાવસુનો જીવ આવો કરુણ કૂતરો થયો ?

કેવળી મહર્ષિએ ખુલાસો કર્યો, 'જાતિમદથી ઉત્પન્ન થયેલ કર્મના વિપાકે.'

પાછું મેં પૂછ્યું, 'ભગવંત ! આણે કેવા પ્રકારનું અભિમાન કર્યું હતું ?'

સર્વજ્ઞ પ્રભુ કહે છે કે સાંભળ, અહીં આ નગરમાં જ પૂર્વ (વિભાવસુના) જન્મમાં એકવાર મદન ઉત્સવનો પ્રસંગ હતો. એ વખતે ભિન્ન ભિન્ન જાતિ ભાતિના લોકો જુદી જુદી જાતનાં કપડાં પહેરી મંડળીઓ રૂપે જઈ રહ્યા હતા એમાં આ તારો મિત્ર પણ અનેક પુરુષોના સમૂહથી પરિવરેલો હતો. ઘણા લોકોની પ્રશંસાનું પાત્ર એવી વસંતઋતુની ક્રીડાને એ અનુભવી રહ્યો હતો. એમાં નજીકમાં રહેલી એક ધોબીની ટોળી પણ ગાતી જતી જોઈ. એનો આગેવાન આ પુષ્પદત્ત ધોબી હતો, કે જેને ત્યાં વિભાવસુ કૂતરો થયેલ છે. વિભાવસુ પોતાની પાસેથી જતી તે ધોબીની ટોળીને જોઈને અજ્ઞાન દોષથી પોતાની જ્ઞાતિ અને કુલ વગેરેનો ગર્વ કરી કહે છે, 'કેમ આ નીચ લોકોની મંડળી ઠેઠ અમારી મંડળીની બાજુથી

પસાર થાય છે ? ભાન છે કે નહિ ? **અમે ઉચ્ચ બ્રાહ્મણ-આ ધોબીઓ !'** એમ કહી ધોબીઓની કદર્થના કરી.''

**ગર્વથી થતાં નુકશાનો :** જૂઓ અભિમાન કોણ કરાવે છે ?

અજ્ઞાનતાનો દોષ.

ખબર નથી કે (૧) ઊંચુ-નીચું કુલ કોણે આપ્યું ? (૨) પોતે પૂર્વે કેવા કેવા આથીય અધમ કુલો પામ્યો હતો ? (૩) આગળ પર આ ગર્વનું શું ભયંકર પરિણામ આવવાનું ? (૪) ધોબીની નીચ દશા કરતાં ખૂબજ અધમ નીચ દશાવાળા કૂતરાનો અવતાર આવશે તો કઈ સ્થિતિ ? (૫) અહીં કુલ મદથી શું લાભ ? (૬) કેટલીકવાર ગુણ-દોષ ક્યાં કુળ સાથે સંબંધ રાખે છે ? 'વગેરે ઘણી તાત્ત્વિક વસ્તુથી વિભાવસુ અજાણ છે. જો આમાંની થોડી પણ વસ્તુ બરાબર ખ્યાલમાં રખાય તો પછી માણસ શા સારું ગર્વ કરે ? **ગર્વ કરવાથી ગુણ આવતા નથી, ગર્વથી ગુણ શોભતા નથી, ગર્વથી તો લોક ઊલટું પાછળથી નિંદે છે, અરે ! ગર્વની આદતથી માણસ સારાં કામ બગાડી નાખે છે, ગુમાવી દે છે !**

**કર્મ નહિ છોડે :** ''ધોબીઓની ટોળીમાં પુષ્પદત્ત આગેવાન છે, એમ કરીને વિભાવસુએ એને પકડ્યો. એની ખૂબ કદર્થના કરી. એના શરીરના સર્વ અંગોપાંગને જકડીને કેદખાનામાં મોકલાવી દીધો. કેમ આમ ? પોતે રાજપુત્રનો મિત્ર હતો ને ? રાજ્યમાન્ય પુરોહિતનો પુત્ર હતો ને ? 'લાગવગ પહોંચાડી આ બદમાસને કેદમાં પહોંચાડું !' એમ ઘમંડ હતું. 'એ વિના હીનજાતિના લોકોને ભાન ન આવે. અમારા રસ્તામાં કેમ આવે ? પાછળના રસ્તે ચાલવું જોઈએ, હરોળમાં કેમ ?' આમ ઈર્ષ્યા હતી, સાથે નિર્દયતા હતી. ઈર્ષ્યા એ ભયાનક દોષ છે. 'મને મળ્યું એ બરાબર, પણ પેલાને કેમ મળ્યું ?' બે સરખા ભાઈ ટેણિયા, એમાંય જુઓ ! મા નથીને કદાચ કોઈકવાર એકને ખુશ કરવા કંઈ આપે, અને એ બીજા સામે ટીખળ કરે, ત્યાં જો માએ એ બીજાનેય આપ્યું તો પેલો પહેલો રોવા માંડશે, કજિયા કરશે, કહેશે, 'બસ કેમ એને આપ્યું ?' અલ્યા કેમ ? 'તને ખરું અને તારા ભાઈને નહિ ?' પણ ઈર્ષ્યા ચીજ જ એવી છે. જગતમાં જાણે ભાઈ કોણ ?

કેવળજ્ઞાની ફરમાવે છે કે 'વિભાવસુએ મોટા અભિમાનના માનસમાં પરભવનું આયુષ્ય બાંધ્યું ! મદનોત્સવ પૂર્ણ થયેથી નગરવાસીઓ વચમાં પડ્યા, અને પુષ્પદત્તને કેદમાંથી છોડાવ્યો. વિભાવસુ તે ભયંકર પરિણામવાળા બાંધેલા પરભવના આયુષ્ય કર્મના ઉદયે મરીને અહીં એજ પુષ્પદત્તને ત્યાં કૂતરો થયો !' વિચારો કર્મની શિક્ષા ! **એણે પુષ્પદત્ત સામે માથું ઊંચક્યું હતું, કર્મે હવે એને જ ત્યાં કૂતરો કર્યો ! સાંકળે બાંધ્યો ! માથું તો શું ઉંચકે ? ખાવાય ધોબીની મરજી**



**હોય તો મળે, એ ન આપે તો ન ચૂં કે ચાં થઈ શકે ! ભૂખે જ મરવાનું.**

**મનુષ્યપણામાં કદર્થના કરી ત્યાં પુષ્પદત્તનો તો બચાવ કરનારા હજીય નીકળ્યા. અહીં કૂતરાપણાના અવતારમાંથી આનો બચાવ કોણ કરે ? કેવળજ્ઞાનીએ ઓળખાવાથી ધોબીના સકંજામાંથી છોડાવ્યો એટલું જ, પણ નીચ ભવોમાંથી કોણ છોડાવે ?**

**હલકા ભવમાં પાપ કરવા સિવાય શું મળે ? હલકો ભવ કયો ? ધર્મ સામગ્રી જેમાં લુંટાઈ ગઈ છે તે :** ભગવાન સમરાદિત્ય કેવળી મહર્ષિના ચરિત્રમાં વિજયસેન આચાર્ય ગુણસેનને જે કહી રહ્યા છે, તે અધિકાર ચાલે છે. આચાર્ય મહારાજના કહેવાનો સાર એ આવ્યો કે વિભાવસુએ મનુષ્ય ભવમાં 'અમે શું ધોબી જોડે ચાલીએ ?' એવો જો મદ કર્યો, અને ધોબીને કનડી બેડીએ જકડી જેલમાં મોકલ્યો, તો એ પરભવનું ઘોર આયુષ્ય બાંધી, મરીને કૂતરો થયો, વિભાવસુની આ વાત સાંભળી વિજયસેન રાજપુત્રને કમકમાટી આવી ગઈ ! મનને એમ થયું કે **'અહો ! નિયાણું કેવું અલ્પસુખ દેનારું અને બહુ દુઃખમાં પરિણમનારું ! ધિક્કાર છે સંસારવાસને !!**

**જુઓ વિજયસેનનો** વિવેક એક કટૂ પ્રસંગ પરથી આખા સંસારનું માપ કાઢે છે. **સંસારમાં રહેવું એટલે આવા પ્રસંગ તો કોઈ ઊભા થાય જ છે પછી 'આ એકજ પ્રસંગ ખરાબ, બાકી બીજું બધું સંસારમાં સારું,' એવું કેમજ ચિંતવાય ? માટે જ સંસારવાસ એ તિરસ્કારવા યોગ્ય છે.** વિભાવસુને દંડ જૂઓ કે, કર્મે જાતિ તો હલકી આપી, પણ એની પાછળેય કેટલાં દુઃખ અને નવાં પાપ ! હલકા ભવમાં પાપ સિવાય બીજું શું કરે ? હલકો ભવ એટલે ધર્મસામગ્રી જેમાં લૂટાઈ ગઈ છે તે. એમાં ધર્મ ક્યાંથી લાવે ? તેથી પાપ કર્યે જવાનું મળે !

**જીવના માથે અનિષ્ટ લાદી આપનાર જાતિમદ છે : ત્યારે મનુષ્યજન્મ એ કેવીક અદ્ભુત કોટિની બક્ષીસ છે, એ ખબર છે ? આપણને એમાં (૧) પાપ છોડી ધર્મ સાધવાનું, (૨) દોષ મૂકી ગુણ ગ્રહવાનું. અને (૩) કર્મ બાંધવાનું ભૂલી કર્મક્ષય કરવાનું મળ્યું છે ! માનવના અવતારની રુએજ આ.** પેલાને બિચારાને કૂતરાનો અવતાર ! કઈ દશા ? ન ખાવાનું ઠેકાણું, ન રહેવાનું ઠેકાણું ! ન સ્વાધીનતા, ન સ્વતંત્રતા ! અંગપર કીડા કાટે ! કીડા બહાર મૂકવાનુંય કૌવત નહિ ! ગધેડો લાત મારે એની સતત્ બીક ! એટલે ? **કિંમતી મનનો ઉપયોગ એ ભયમાં ! આપણને એવા ભય નથી એટલું બધું પુણ્ય તપે છે. તેવા અવસરે તો મહામૂલા મનને જગદ્ગુરુ જિનેશ્વરદેવમાં જોડીએ.** અજ્ઞાન નિરાધાર કૂતરાનો અવતાર એટલે દયા ખાનાર કોઈ ન મળે ! જીવના માથે આ બધું અનિષ્ટ લાદી આપનાર

કોણ છે ? જાતિમદ ! એ કૂતરો પણ પાછો બીજે નહિ ! એજ ધોબીને ત્યાં ! કેમ જાણે, જેનો ગુનેગાર એના હાથેજ દંડ ! જો કે એક ભવે માર ખાનારોજ બીજે ભવે મારવા આવે, એવો નિયમ નથી, બીજોય આવે. પણ કર્મ વિચિત્ર છે, તેથી ક્યાંક આવુંય બને. પાછો દંડ **દેખીતા** ગુના જેટલો નહિ, વધારે ! **જીવ હલકી જાતિમાં જાય એટલે વધારે કદર્થના !** એ તો હજી પાશેરામાં પહેલી પૂણી છે. દુઃખના પ્રારંભે કૂતરાપણું છે, માટે જિંદગીભર પરાધીન ! કૂતરો છે, માટે ખાવા-રહેવાનું ઠેકાણું નહિ ! કૂતરો છે માટે શરીરની રક્ષાનું સાધન તો નહિ, પણ ઊલટું તકલીફની સામગ્રી ! પાછી આટલેથી વાત અટકવાની નહિ ! હજી તો બીજા દુઃખદાયી ભવો કરવાના છે. અભિમાન કરેલું ને ? **માણસ પુદ્ગલના સપાટે ચઢી ક્રોધ-માનમાં લપટાઈ જાય છે. પણ સુખ મળે તુચ્છ અને નજીવું !**

**ધન્ય છે મોક્ષને કે જ્યાં શરીર અને પાપસામગ્રી જ નથી :** વિભાવસુને મનના માનેલા આત્મસંતોષ વિના બીજું શું મળ્યું ? 'બરાબર બતાવી દઉં !' એજ ને ? બાકી પૈસા મળ્યા ? પેટ ભરાણું ? દુઃખ ટળ્યાં ? અમરપટો મળ્યો ? વાહવાહ થઈ ? ના, કશુંજ નહિ. પોતે માનેલો મનનો આત્મસંતોષ પરિણામે બહુ દુઃખરૂપ થયો. શાથી ? તો કે એ બિચારો સંસારનો કીડો હતો. સંસાર એવુંજ શિખવે છે અને એવુંજ કરાવે છે ! **ધિક્કાર છે આ સંસારવાસને કે જે જીવોને શરીર અને પાપસામગ્રી આપી જીવો પાસે પાપ કરાવે છે !** ધન્ય છે મોક્ષને કે જ્યાં આ ધાંધલ નથી !

સંસારમાં બેઠો જીવ શું વિચારશે ? એજ કે 'માન મરતબો, સગવડ, સંપત્તિ, સ્વતંત્રતા, એમ બધું સારું મને મળવું જોઈએ. નરસી કોઈ વાત મને ન મળવી જોઈએ.' જાણે આનો દાવો રાખશે ! દાવો સમજ્યાને ? હક, અધિકાર ! હક તે પોતાનો ખરો, બીજાનો નહિ ! વાહ કેવું માનસ ? પણ એ કદી ન બને. **કોઈને બધાં સારાંનો સોલ-રાઈટ સંસાર ન આપે ! જ્યાં સંસાર ત્યાં એકલું સારું કદી ન હોય.** સારું પણ હોય, નરસું પણ હોય. તેમ સારું પણ એકલા પોતાને જ કદી ન હોય, બીજાનેય હોય. માટે ઈર્ષ્યા ખોટી છે. દ્વેષ કરવો નકામો છે, એ આપણને જ નુકશાનકારી છે. અરે ! કેટલીક વાર તો માત્ર બીજાને જ સારું હોય છે; અને પોતાને ત્યાં ઘણું ખરાબ હોય છે ! **તો શું આવા સંસાર પર રાગ ધરવો !**

**તપાસો તો ખરા કે સંસાર આપણું શું ચાલવા દે છે ? શું માન રાખે છે ? શું માફ કરે છે ?** માન કંઈ નહિ, અને માફ પણ જરાય નહિ ! ગુનાની જોરદાર સજા ! સંસારની કુટિલતા તો જુઓ એ જરાક ભૂલમાંય જીવનાં ઠાઠાં



ભાંગી નાંખે ! પણ ભૂલ ન થવા દેવાનું ન આપે ! ગુનો રોકવામાં નહિ પણ સજા કરવામાં સાવધાન ! કેવો આ સંસાર ? આપણને ગુનો કરતાં એ ન રોકે ! જાણે 'કરવા દો જીવને ગુનો !' એમ કરી એ વખતે તો એ જાણે ઊંઘે! પણ સજા-શિક્ષા કરવામાં આ સંસાર બરાબર જાગતો ! પૂરો સાવધાન ! જાણે કેટલાય ભવના વૈર વાળે ! **કૂતરાને પીડવામાં સંસારે જાગતી પેરવીઓ રચી છે. જે પ્રતિક્ષણ પીડ્યા કરે છે.**

**જિજ્ઞાસાઓ કેવી ઊઠે છે, એના પર અંતરની પરીક્ષા :** રાજા ગુણસેનને વિજયસેન આચાર્ય મહારાજ કહી રહ્યા છે કે, "રાજપુત્ર તરીકે મને થયું કે 'અહો અભિમાનનું અંતે આ પરિણામ ?' પછી મેં સર્વજ્ઞ મહાત્માને પૂછ્યું, પ્રભુ ! (૧) અભિમાનના મૂળનું પરિણામ કેવું આવશે ? (૨) તે જીવ ભવ્ય કે અભવ્ય છે ? (૩) મોક્ષે જશે કે નહિ ? (૪) મોક્ષનું બીજ પામ્યો છે કે નહિ ?"

જ્ઞાની મળે તો શું પૂછાય ? અથવા કહો કે **જીવનમાં જાણવા લાયક હોય તો શું ?** સદા મુખ્ય જિજ્ઞાસા કેવી રહે ? 'પાપ ક્યારે છૂટશે ? ભવ ક્યારે મટશે ? મોક્ષ ક્યારે થશે ? સમકિત આવ્યું છે કે નહિ ?'...એવી જ બધીને ? કે 'પૈસા ક્યારે મળશે ? દુન્યવી વિષયના સુખ ક્યારે મળશે ? એમાં પ્રતિકૂલ ક્યારે ટળશે ? દુનિયામાં નામ કેમ કાઢી શકાય ?' આ જિજ્ઞાસા ? ના, એ તો ત્યાજ્ય છે. માટે જિજ્ઞાસાના પણ ધોરણો ફેરવો. જિજ્ઞાસા પછી જાણ્યાના અનુસારે આચરણ તો હજી દૂર છે, પહેલી જિજ્ઞાસા સુધારો. **જિજ્ઞાસાઓ કેવી કેવી ઊઠે છે, એના પર ઈષ્ટના માપ નીકળશે. જેને જે ઈષ્ટ તેના અંગેની જિજ્ઞાસા એને બહુ. શું ઈષ્ટ છે ? પૈસા કે પરમેશ્વર ? ધાંધલ કે ધર્મ ? શું ?**

**કષાયના કરુણ અંજામ :** જ્ઞાની ભગવંત કહે છે કે 'સાંભળ એનું પરિણામ. એ જીવ કૂતરાના ભવથી આયુષ્ય પૂર્ણ કરી નીકળી એજ પુષ્પદત્તની ઘોટઘટિકા નામની ગધેડીના ગર્ભમાં જશે. જન્મ પામશે પણ પુષ્પદત્ત ધોબીના મનને એ ગમશે નહિ. તેથી જ એ ગધેડો ક્લેશપૂર્વક શરીર નિર્વાહ કરશે. **જો જો કષાયના કરુણ અંજામ ! વિભાવસુએ પુષ્પદત્ત પર અણગમો કર્યો હતો થોડીવાર; તે હવે, એ પુષ્પદત્ત જીવનભર ગધેડાને અણગમતો કરે !** એવો કરુણ અંજામ આવી ઊભો કે ધોબી ખાવા પીવાની ય સંભાળ ન લે ! ખેર, છતાં ગધેડો ઉકરડેય ચરી ખાઈ શકે; પણ ધોબી એટલો છૂટોય ન રાખે ! શરીરને ભાડુંય પુરું કેમ દેવું ? મહાક્લેશ થશે ગધેડાને ! પાછું મજૂરી કામ કેવું ? પીઠપર મહાભાર ઉપાડ્યા કરવાનો ! એથી એ ગધેડો ખૂબ ખેદ અને ખૂબ ત્રાસ પામ્યા કરશે.

**કર્મોના પ્રકારની થોડી સમજ લો. કર્મના રૂપકો ધ્યાન રાખી ખોટા વિકલ્પોથી**

**બચી જવું જોઈએ. કર્મના દેવાની ચૂકવણી કરતાં જીવનું તેલ નીકળી જાય છે.** કેમકે એનું એક દુઃખ નહિ, એકવારજ નહિ. કર્મને જાણે દયાજ નહિ. વિચિત્ર છે કર્મના પ્રકારો ! જેને દૌર્ભાગ્ય કર્મ હોય એનાં પગલાં ન ગમે. કામ ગમે એવું ભારી એ કરી આપે, છતાં કદર તો દૂર રહી, પણ ઉપરથી એના પર અણગમો ! આ ખૂબી છે સંસારની ! કુટુંબમાં એવાય માણસ હોય છે, કે જે કાંઈજ કામ ન કરે, પણ એનાં પગલાં, એની હાજરી કુટુંબને ગમે ! એ સૌભાગ્ય નામકર્મના ઉદયનો પ્રતાપ છે. **એક જણ વૈતરું કરવામાંથી ઊંચો ન આવે; છતાં દૌર્ભાગ્ય નામકર્મના યોગે બીજાને એ અણગમતો બને ! બીજો શેઠાઈ કરે છતાં સૌભાગ્ય નામકર્મના ઉદયે એ સૌને ગમતો બને !** પરમાત્માની સેવા કરો, ગુરુની શુશ્રૂષા કરો, દાન કરો, છતાં બીજાને તમે ગમવા ન ગમવાની વાત નિરાળી છે. બીજાને ન ગમો ત્યાં સેવા, શુશ્રૂષા, સામાયિકનો વાંક નથી. એ પ્રતાપ દૌર્ભાગ્ય નામકર્મનો છે. આટલું જો યાદ રાખો તો ઘણીયવાર ઘણા વિકલ્પથી બચી જાઓ, દ્વેષથી બચો, શત્રુતાથી બચો. 'હું આટઆટલું કરું છતાં આમ ?' એ ફરિયાદ જ ખોટી છે. એવો હિસાબ ન રખાય. **દૌર્ભાગ્ય નામકર્મનો મેશનો ચાંદલો લઈને આવ્યા હોઈએ તો બીજાને અકારાજ લાગીએ ! સૌભાગ્ય નામકર્મ** જાગતું હોય ત્યાં માણસ કામ ન કરે તોય તે શેઠને ગમે; અને કામ કરનારા બીજા ન ગમે.

**એમ આદેય નામકર્મમાં** એવું છે કે એક માણસ યુક્તિબદ્ધ વાત કરે, સારી વાત કરે; તોય જો એનું આદેય નામકર્મ ઉદયમાં ન હોય, તો કોઈ એક વચન ઝીલે નહિ ત્યારે જો આદેય નામકર્મ ઉદયમાં હોય તો એની વિના યુક્તિની વાત પણ ઝીલાય.

**એવું યશ-અપયશ નામકર્મમાં !** એક માણસ પરમાર્થના કામ ઘણાં કરે, કાયાનો ભોગ આપે, પૈસા પણ ખરચે, છતાં જો યશ નામકર્મ ન હોય, કિન્તુ અપયશ નામકર્મ ઉદયમાં હોય તો એને જશ ન મળે, પણ અપયશ મળે ! અને એક માણસ કશુંય ન કરતો હોય, પોતાની સેવા બીજા પાસે કરાવે, ટાંપા બીજાને ખવરાવે, પૈસાય બીજાના ખરચાવે, છતાં એને જશનામકર્મ ઉદયમાં છે માટે, જશ એને મળે.

**આવાં વિચિત્ર કર્મના રૂપકો ધ્યાનમાં રાખી, ખોટા વિકલ્પોથી બચી જવું જોઈએ.** કોઈને આપણું ન ગમવા ઉપર બીજા સારાં કામો કરવાના મૂકી ન દેવાય, એ વિચારીને કે **'જશ નામકર્મ ન હોય તો જશ ન ય મળે એમાં શું ?' પણ જો છતી શક્તિએ સારાં કામ કરવા મૂકી દીધાં તો પછી સારાં કામ ભવાંતરમાંય નહિ મળે.** આપણે તો સારાં કામોથી આત્માની શુદ્ધિ કરવી. વર્તમાનના જશ-અપજશની



બહુ પરવા ન કરવી. સારા કામ કર્યે જવું. જશની લેશ ઝંખના વિના મોટાં મોટાં કામો મહાપુરુષોએ કર્યાં છે. કામને માથે નામ પણ નથી લખ્યું ! કેમકે જશ નહોતો લેવો. રાણકપુરના દેરામાં ૧૪૪૪ થાંભલા, ૮૪ ભોંયરા, ૮૪ મંડપ, છતાં શું બહાર બોર્ડ છે કે ધના પોરવાડે કરાવ્યું ? જશનો આધાર જશ નામકર્મ પર છે. સત્કાર્યથી નવાં પુણ્ય થાય, નવી કર્મ નિર્જરા થાય પણ જશનું નક્કી નહિ. લોક વાહવાહ કરતાં આત્મલાભ ક્યાં ઓછો છે ? આ જાણો તો આશ્વાસન રહે. મહાન સારા કામ માત્ર પ્રભુ વિશ્વાસથી ખૂબ થાય.

એવાંજ બે કર્મ છે. **સુસ્વર નામકર્મ અને દુઃસ્વર નામકર્મ.** એક જણ કઢેલાં દૂધ પીએ, સરસ ભોજન જમે, પણ એનો ગળાનો સૂર સારો ન હોય, કેમકે દુઃસ્વર નામકર્મ ઉદય ! બીજો તેલ મરચુંય ખાતો હોય, દૂધ પણ ન મળતું હોય, છતાં પણ સ્વર એવો હોય, કે ગાય ત્યારે લોકના મસ્તક ડોલાવે ! કેમકે સુસ્વર નામકર્મનો ઉદય ! એકનો સ્વર કોકિલ કંઠ જેવો બહુ મીઠો હોય, બીજાનો સ્વર કર્કશ ભેંસાસુર જેવો હોય. આ બધી કર્મની લીલા છે. **આમાં પાછું એક કર્મ સારું, તો બીજું કર્મ નરસું. એમ પણ બને ! દા.ત.** આમ સુસ્વર નામકર્મ હોય, અને આમ અનાદેય નામકર્મ હોય આ સૂચવે છે કે બધા સારાનો ઈજારો ન મળે.

**માણસાઈ ખીલવવાના હક અને તકને સમજો :** કેવળજ્ઞાની પ્રભુ આગળ વાત કરે છે કે, 'મહાન ભારથી એ દુઃખી ગધેડો એમ જલદી મરીને છૂટશે નહિ; પણ પોતાનું આયુષ્ય હશે ત્યાં સુધી જીવન ઢસેડી મજૂરી વેઠીને પછી મરશે. હવે છૂટકો ખરો ? ના રે ના ! ત્યાંથી પુષ્પદત્તની નજીક રહેલા માતૃદત્ત નામના ચંડાળની અનધિકા નામની સ્ત્રીની કુક્ષીમાં નપુંસકપણે જશે. કૂતરાથી ગણીએ તો આ ત્રીજો ભવ. ત્યાં પણ જન્મ પામીને કદરૂપું શરીર અને દૌર્ભાગ્ય નામકર્મના કલંકથી દૂષિત થશે'. ધ્યાનમાં રાખજો કે અભિમાન, અન્યને અન્યાય, ત્રાસ, તિરસ્કાર વગેરેનાં આ મહાકટુ ફળ છે ! ભવ મનુષ્યનો ખરો, પણ નપુંસકનો. ભોગનાંય શુ સુખ ? **કદરૂપો** એવો કે કૂતરાથીય ભૂંડી હાલતે બધે હડધૂત થાય ! **માણસ માણસાઈ ખીલવવાના હક અને તક અવગણી પશુની જેમ ઈર્ષ્યા, ઘમંડ, ક્રૂરતા, અન્યાય વગેરે પશુતાને આવકારે, તો ભવાંતરે કર્મથી ભયંકર રીબામણ પામે** એમાં શી નવાઈ ? કેવળજ્ઞાની ભગવાન આગળ કહે છે કે 'ત્યાં વિષયસંગને જાણ્યા વિના કેટલોક કાળ દુઃખિત જીવન જીવી એ સિંહના સપાટામાં આવશે, ત્યાં સિંહ એને ફાડી ખાશે ! અહો કેવી કરુણ દશા ! બિચારો સિંહનો શિકાર !' કેમ એમ કહો **પાપી જીવને ફરવાનું સ્થાન એવું જ મળે, કે એ અકાલ મૃત્યુ પામે !** એક વારના જાતિમદ પર શું શું ? અહીં નિર્દોષ છતાં કદર્થના, દૌર્ભાગ્ય કલંકનો

ચાંદલો, કેવો ? મેંશનો નહિ, જાણે ધીખતા લોખંડના અગ્નિના ડામનો ચાંદલો ! એકલું સુખ જ નહિ એમ નહિ, પણ અંતે સિંહના જડબામાં ચવાઈ મરવાનું ! ખૂબી જુઓ, મરીને ક્યાં ? એજ ચંડાળને ત્યાં ! કોઈ ક્ષત્રિય, વૈશ્ય, બ્રાહ્મણ નહિ ! કેમ ? **અભાગિયા માટે સારા કુળમાં જાણે જગા નથી !** જ્ઞાની કહે છે કે 'વિભાવસુનો જીવ એજ ચંડાલની ભાર્યાની કુક્ષીએ પુત્રીપણે અવતરશે. બાલ્યભાવમાં હશે ત્યારે જ એને સર્પ કરડશે ! આખા અંગે ઝેર વ્યાપી જશે. શરીર લીલું પડી જશે, નસો તણાઈ જશે, કોણ છે ત્યાં ઝેર ઉતારનાર ? કોઈ જ નહિ. **એ તો પુણ્યશાળીને ત્યાં કીમિયાગરની દોડાદોડ હોય.** આ બિચારી તો મરશે. હજી છૂટકો ? ના, કારણ કે ગુનો મહાન છે. તે આ રીતે :

**દોષને ચોળીને ચીકણું કરવાના ચાળા જવા દ્યો : મનુષ્ય જીવનમાં અનાદિકાલના દોષોને દબાવાની શક્તિઓ મળી છતાં, એ સમજીને પણ, દોષોને દાબવાને બદલે, દોષોમાં ન્યૂનતા ન રહે, એવા એના સરવાળા ગુણાકાર કર્યા,** અર્થાત્ **દોષોને જો ચોળી ચોળીને ચીકણા બનાવ્યા તો એથી દુષ્કર્મની લાંબી હારમાળા સર્જાય છે !** કણેકને ખૂબ ચોળવાથી ચીકણી થાય છે, ભાતને ખૂબ ચોળવાથી ચીકણા થાય છે; તેમ દોષને ખૂબ ચોળવાથી ચીકણા થાય છે.

**પૂછો** કે કણેક તો ઠીક, પણ દોષ ચોળીને ચીકણા શી રીતે ?

**ઉત્તર** આ છે : (૧) પહેલાં તો વાત એ કે જ્યાં દોષ સેવવાની જરૂર ન જ હોય, વિના દોષ સેવ્યે ચાલે તેમ હોય, છતાંય નવો દોષ પરાણે ઊભો કરે, જેમ વિભાવસુનો ધોબી પર ગુસ્સો અને રોફ. (૨) પાછું જેટલા પ્રમાણમાં એ દોષ સેવવાથી પતે તેમ હોય તેથીય વધારે સેવે (૩) વળી જેટલા સમયમાં એ સેવ્યે પતે તેમ હોય ત્યાં ન અટકતાં, સમય વધારી દે. (૪) ઉપરથી રાજી થઈ પાપની અનુમોદના કરે, 'ઠીક કર્યું' એમ માને ! આ બધું દોષોને ચોળીને ચીકણા કરવાનું થયું. ચીકણાં કર્મ કેમ બંધાય ? આમ ! પાપના અનુબંધ સીલબંધ કેમ થાય ? આમ ! વિભાવસુએ આટલી કરવાની શી જરૂર હતી ? અસલ તો અભિમાન અને તિરસ્કારની જરૂર જ નહોતી. ધોબીને જો શિખામણ આપવી હતી, તો કહેવું હતું કે 'પાછળ ચાલો, જરા વિવેક રાખો.'...વગેરે. પણ એના બદલે કર્કશ ભાષા, કદર્થના અને કેદબંધન સુધી આગળ વધ્યો ! **આ નકામા દોષ સેવવામાં હૃદય ઘણું કઠોર, અવિવેકી, અને નિર્દય બને છે.** પુણ્યાઈ અને શક્તિનો ઉપયોગ અધમ કોટિનો કર્યો, કમીના ન રાખી. પૈસા પહોંચતા હોય ત્યાં એમ થાય કે 'શું હું પગે ચાલું ? કેમ બ્રાન્ડ ન્યુ કમ્ફર્ટેબલ મોટર ન હોય ? એથી જ વટ રહે ! પગે ચાલનારા મુફલીસ હોય છે !' આવી આવી મલિન વિચારણાએ ચોળીને ચીકણું



કર્યું. એમ બોલ્યા કે માન્યાને બદલે એમને એમ મોટર વાપરી લે, તો ચીકણું ન થાય. જીભ સારી હોય, પચાવવાની તાકાત હોય, તો એમ થાય કે કેમ સારી ચીજ ન ખાઉં ! અજ્ઞાની ખાવામાં ન સમજે, 'બિચારા ભૂખના દુઃખિયારા આપણે તો હોંશભેર પેટ ભરવાના ! અચ્છું અચ્છું બધુંય ખાવાના !" આમ ચોળીને ચીકણાં આમ થાય. આમાં કારમું અજ્ઞાન વર્તે છે, પોતાને મળેલી દિવ્ય શક્તિઓને ધક્કે ચઢાવાયા છે, **દોષો જે રાચી માચીને સેવાય છે, તે ચોળીને ચીકણાં કરવાનું થાય છે. અન્યાય, ઉગ્રતા, ગૌરવ વગેરે પાપને ચીકણું કરે છે.**

**શક્તિનો સદુપયોગ કરવાનું વિચારો :** શરીર નિરોગી હોય તો, એકાસણાને બદલે ભલે ઉપવાસ થાય, વાંધો નહિ આવે,' એમ તપસ્યા કરવાની ખુમારી કેમ નથી આવતી ? ઊલટું આ તો થાય છે કે "શરીર નિરોગી છે તો સારું, અને ઘણું કેમ ન ખાઉં ?" પૈસા મળે એટલે 'પૈસા નહોતા ત્યારે રહેતા હતા ભાડાના ઘરમાં, હવે બંગલો કેમ ન બંધાવું' ? એમ થાય છે. 'સ્વતંત્ર જિનમંદિર સ્વતંત્ર પૌષધશાળા, સ્વતંત્ર ધર્મશાળા કેમ ન બંધાવું, જેથી મારા જ્ઞાતિલાઓ, ગામના સ્નેહીઓ સિદ્ધગિરિ આવે ત્યારે ભલે છૂટથી ઊતરે, મુનીમ હરકત ન કરે, આવું દિલમાં આવે છે ? ના ! દિલમાં ધર્મનું કાંઈ નથી આવતું, દુનિયાનું તમામ આવે છે ! એથી દોષ ચોળીને ચીકણાં થાય છે.

**સ્થાન પલટો : દબાવનારો દબાયેલો બને, દબાયેલો દબાવનારો બને : દોષને ચોળીને ચીકણા કરનારો શું કરે છે ? બીજા જીવો પરની દયા, બીજા જીવો પરનો પ્રેમ ગુમાવે છે.** ધોબી છે, એને કદી બહાર ફરવા નીકળવાનું મન ન થાય ? ધોબીનું જીવન એટલે ? ધોબી ઘાટે કેટલાંય કપડાં ધૂવે ત્યારે માંડ રોટલો મળે ! અસલ ધોબીની રોજી કેટલી ! ૧૦૦ કપડાં ધૂવે ત્યારે રૂપિયો બે રૂપિયા મળે ! પર્વ આવે, વાર તહેવાર આવે, ત્યારે સારા લોકો પાસેથી કાંક વળી મળે ! આવા ગરીબ ધોબી બિચારા કોકવાર ફરવા નીકળ્યા ત્યાં વિભાવસુએ અભિમાન, ગુસ્સો અને જુલમ કર્યો. ત્યાં તો પ્રેમ અને દયા કરવી જોઈએ પણ આ તો 'પોતે ઊંચા, એ નીચા,' એમ ખરાબ રીતભાત કરી.

**દોષ મર્યાદા બહાર સેવવાથી થાય એ, કે ખરાબની જગાએ સારું જાય અને સારાની જગાએ ખરાબ આવે છે !** બે વ્યક્તિનો, કે બે પુણ્યનો સ્થાન પલટો થઈ જાય. અર્થાત્ **દબાવનારો દબાયેલો બને, દબાયેલો દબાવનારો બને !** પણ પૈસા. બુદ્ધિ, બળ, જાત, આવડત, માન, મરતબો, આ બધાની મસ્તી અને ખુમારીમાં એ યાદ નથી રહેતું કેમ ? વિભાવસુએ જે ધોબીની કદર્થના કરી, એનાજ તરફથી કદર્થના એને હવે મળી ! એટલે કે જેને લાતો મારી, એનીજ ખાવા મળી ! માટે

ભૂલો ના, **કે જેના પર તિરસ્કાર દ્વેષ કરાશે તેના તરફથી તિરસ્કાર તથા દ્વેષ ખમવાનો વખત આવશે.** કોઈની હલકાઈ કરી, તો પછી કર્મ બરાબર એવી જગાએજ મૂકે કે પેલા કે બીજા તરફથી હલકાઈ થવાનું ઊભું થાય.

શાસ્ત્રમાં થાવર ચંડાળનો પ્રસંગ આવે છે. એમાં થાવર ચંડાળ જૈન ધર્મ પાળે છે. એને ઠગનારો એક કૃપણ શેઠ એનાજ છોકરા તરીકે થાય છે; અને ચંડાળ એજ શેઠના છોકરા તરીકે થાય છે, આ કિસ્સા પરથી શિખામણ લેવરાવવા માટે એક આચાર્ય મહારાજ એક શેઠના છોકરાને કેમ મોકલે છે તે જુઓ :

**વાસી ખાયે જાય છે; દુઃખી થઈશ ! :** એક શેઠ હતા. ખાધેપીધે સુખી હતા. એમને એક છોકરો હતો. શેઠના મરી ગયા પછી દુકાનનો કારભાર છોકરાના હાથમાં આવ્યો. છોકરો જુવાન છે. બહાર માન સારું છે, પાછો પૈસેટકે પહોંચે છે. દુકાન ચાલુ આવક આપે છે, એમાં એને હાથ વહીવટ આવ્યો. ત્યાં એની માતાને એમ થયું કે 'ખાવાપીવાનું દુઃખ નથી, બધી વાતે સુખ છે. પણ છોકરો જો આમાંજ ગુંથાઈ જશે, તો ધર્મ વિના રહી જશે. તેથી એને સાવધાન કરવો.' પણ જાણો છો ને છોકરા મોટા થયા પછી, કેટલીકવાર સીધું કહેવાથી તથા ઘણું કહેવાથી અસર ન થાય ? તેથી માએ ઉપાય શોધ્યો. શું કર્યું ? માર્મિક ઠંડા ટોણાથી ધર્મ પમાડવાનો વિચાર કર્યો. એ માટે જ્યારે એકવાર છોકરો જમવા બેઠો ત્યારે માએ ગરમાગરમ ટેસ્ટબંધ રસોઈ એના ભાણામાં પીરસી. પેલો છોકરો પણ ટેસથી જમવા માંડે છે. હવે વચ્ચે મા કહે છે,'બચ્ચા જો જે હોં ! **વાસી ખાયે જાય છે, તે દુઃખી થઈશ !**' પેલો કંઈ સમજ્યો નહિ.'ગરમાગરમ તાજું ભોજન છે, મા જાતે પીરસે છે, અને વાસી કહે છે ? હશે કાંઈ' એમ કરી ન બોલ્યો. બીજે દિવસે પણ માએ એજ રીતે ગરમ સ્વાદિષ્ટ તાજી રસોઈ જમવા બેસાડ્યો. અને વચ્ચે કહ્યું 'દીકરા જો જે ! વાસી ખાયે જાય છે, પણ દુઃખી થઈશ.' તોય છોકરો ન સમજ્યો. છતાં તેણે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. માતા રોજ આમ કહે, પણ આને સમજ પડે નહિ ! એક દિવસ એણે પૂછ્યું, 'મા ! આ તું શું કહે છે ? રોજ મારા ભાણામાં ઊની તાજી રસોઈ તું પીરસે છે, મીઠાઈ પણ મારા માટે તાજી બનાવી ખવડાવે છે, છતાં 'વાસી ખાયે જઈશ તો દુઃખી થઈશ' એમ કહે છે, એ શું ! વાસી શું ને દુઃખી થવાની વાત શી ?'

**સંસારી જીવની મગજની નોંધપોથીમાં દુઃખના કયા કયા હેતુઓ હોય છે ? :** છોકરાને શું લાગતું હશે, એજ ને કે મા હજી એમ કહેતી હોય તો વાત ઠીક છે કે **'વેપારમાં ધ્યાન નહિ રાખે તો દુઃખી થઈશ; તિજોરીએ તાળું નહિ મારે તો દુઃખી થઈશ; લેણાનું ધ્યાન નહિ રાખે તો** (ઉઘરાણી નહિ કરે) **દુઃખી



થઈશ !** પણ વાસી ખાયે દુઃખી થઈશ એ શું ?' આવું એને લાગે, અને તમને ? કહો ને એજ **દુઃખના માટે સંસારી જીવની મગજની નોંધપોથીમાં કયા કયા હેતુઓ હોય છે ? મોટું લિસ્ટ છે ને ? પણ શું આવે એમાં !**

ઊગીને ઊભો ન થયો હોય ત્યારથી, **'અમારું** કહ્યું **નહિ માને તો દુઃખી થઈશ** (માર ખાઈશ)' આતો સંસારમાં હજુ નવો છે. પછી જરા મોટો થાય એટલે **'નિશાળે નહિ જાય તો દુઃખી થઈશ** રખડ્યા કરીશ તો દુઃખી થઈશ,' નિશાળે જતો હોય તો **'બરોબર ભણીશ નહિ તો** અભણ રહી ખાશે શું ? **દુઃખી થઈશ,'** ભણતો હોય પરીક્ષા નજીક આવે, **'બરોબર વાંચીશ નહિ તો નપાસ થઈશ, દુઃખી થઈશ, ત્યારે વેપાર વખતે શું ? ઉપર કહ્યું તે. પ્રભુશાસનને પામેલા માટે ય દુઃખી થવાનાં આજ કારણો ?** આવું તો ચકલા-ચકલીયે કરે છે, શીખવે છે બચ્ચાંને, 'પાંખ હજી બરાબર નથી આવી, ચરવા ન જઈશ, નહિ તો દુઃખી થઈશ' જૈન તો એવું કાંઈક શિખવે કે,

**જો અહિંસા નહિ પાળે તો દુઃખી થઈશ,**

**ધર્મ નહિ કરે તો દુઃખી થઈશ.**

**જૈનની આંખ સામે પરલોકના મોટા મોટા દુઃખ તરવરતા હોય,** એની આગળ વર્તમાન દુઃખ વિસાતમાં ન લાગે. માટે જ પેલા દુઃખ ટાળી સ્વયં અને બીજાને જાગ્રત રાખે, અને દોષ નિવારણ તથા ધર્મસાધનામાં ઓતપ્રોત કરે. **વર્તમાન દુઃખ તો પૂર્વ પાપ કર્મના પ્રતાપે આવવાના હશે તો આવશે જ, ભણેલાનેય આવે છે. ભવિષ્યના દુઃખ રોકવા ધર્મ-ઉદ્યમની જરૂર છે.**

છોકરાએ માને પૂછ્યું, 'મા ! વાસી ખાયે જઈશ, તો દુઃખી થઈશ, એનો અર્થ શો ?'

મા કહે છે, 'અર્થ જાણવો છે તારે ? પણ તે હું નહિ કહું.'

'ત્યારે કોણ કહે ?'

'જા ! આચાર્ય મહારાજને પૂછ.'

શું કર્યું ? છોકરાને સંસારથી પરાઙ્મુખ કરી ધર્માભિમુખ બનાવવો છે ને ? એ માટે આચાર્ય મહારાજ પાસે મોકલાય તો એને જરૂરી સારું મળી જાય. માતાના કરતાં ગુરુ મહારાજ સારું પમાડે. ત્યાં મેળાપમાં કમીના ન રહે. આમ બતાવાય ? હા, **સંસારનો રાગ ઘટે, ધર્મનો રાગ લાવે તો ગુરુની દીશા બતાવાય ? ''મારા સંતાન દુર્ગતિ ન જાય ! આ ભવમાં એ એવું પામે કે એનાં ભવભ્રમણ અટકે ! અનાદિના મોહ ઘસાઈ ઓછા થાય. જોરદાર કર્મ ન વળગે'' આવી તાલાવેલી જાગે તો ધર્મની દીશા બતાવાય.** છોકરાને પણ તાલાવેલી લાગે છે.

**આચાર્યે હવાલો આપ્યો થાવર ચંડાળનો :** છોકરો ગયો માના કહેવાથી આચાર્ય મહારાજ પાસે. વંદન કર્યું. આચાર્યશ્રીએ ધર્મલાભ આપી આવવાનું પ્રયોજન પૂછ્યું. આણે કહ્યું, ''મારી મા રોજ મને જમતી વખતે કહ્યા કરતી કે 'દીકરા વાસી ખાયે જાય છે, તે દુઃખી થઈશ. મેં એનો અર્થ પૂછ્યો તો મને કહે કે 'જા આચાર્ય મહારાજ અર્થ કહેશે.' અર્થ જાણવા આપની પાસે હું આવ્યો છું, આપ અર્થ સમજાવો.''

આચાર્ય મહારાજે ઉત્તરમાં કહ્યું 'એ હું નહિ કહું.'

'ત્યારે ?'

'એનો અર્થ થાવર ચંડાળ કહેશે.'

'ક્યાં રહે છે ?'

'અમુક ગામ ?'

કેમ આમ ? આચાર્ય મહારાજ અર્થ તો જાણતા જ હતા; પરંતુ સમજે છે કે 'આને જો દૃષ્ટાન્ત રૂપે કોઈ બનેલો બનાવ જોવા મળે તો અર્થ બરાબર હૃદયે ચોંટી જાય.' તેથી એને થાવર ચંડાળ પાસે મોકલે છે. ત્યાં મૃત્યુ દ્વારા થાવર ચંડાલના અને શેઠના સ્થાન પલટાય છે. એ પ્રસંગ હમણા નહિ. પાપ ઉદય છતાં પુણ્યશાળી એટલે કે પુણ્ય કરનારો, એ કયા સારા સ્થાને જાય છે, અને પુણ્યથી પરવારેલો અહીંનું પુણ્ય ખાઈ જઈ નવા પાપ માત્ર ઉપાર્જી કેવા ખરાબ સ્થાને અવતરે છે એનું વર્ણન એમાં આવે છે. આપણે તો વાત એ છે કે પ્રસ્તુતમાં વિભાવસુનો સ્થાન પલટો થઈ ધોબીના દબાયેલા પશુ થવાનો, અને મજૂરી કરવા છતાં પાછા અણગમતા બનવાનો પ્રસંગ આવે છે. વિભાવસુનો જીવ કૂતરો-ગધેડો-ચંડાલ-નપુંસક વગેરે ભવોના ઝપાટે ચડશે. નપુંસકપણામાં સિંહથી ચવાશે. પાપ શાં ? પરિણામ શું ?

**સકામ નિર્જરા અને અકામ નિર્જરામાં કેટલો ફેર ?** સિંહના ડાચે ચવાશે તોય છૂટકો નહિ થાય ! આ અકામ નિર્જરા. શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જીવ દુશ્મન સિંહથી જીવતાં ફાડી ખવાયો, છતાં એમણે સકામ નિર્જરા કરી, તો ઊંચે દેવલોક, અને તીર્થંકરના ભવની નજીક ગયા. ખૂબી એ કે સકામ-અકામ નિર્જરામાં દુઃખ એક જાતનું, પણ એકમાં આત્માનું ઊંચાપણું હોય છે, ત્યારે બીજામાં અધમપણું ! **સકામમાં આત્મા હલકો થાય છે, અકામમાં આત્મા ભારે થાય છે.**

**સકામ નિર્જરા** એટલે નિર્જરાની કામનાવાળી કર્મ નિર્જરા અર્થાત્ કર્મ ખપાવવાના અવસરે એવી ઇચ્છા રહે કે 'આ હું કર્મના ઉદયે સહું, તે કર્મ ખપાવવા માટે દુઃખ વેઠીનેય કર્મ ભોગવી લઉં, જેથી કર્મ ખપી જાય.' આમ



દુષ્કર્મના વિપાક સહન કરે તે ખુશી થઈને, કેમકે એ કર્મ પોતેજ ઉપાર્જેલા છે, અને હવે ખપી જાય છે. બસ, આનો અર્થ એ છે કે કાંઈ પણ સહેવા-વેઠવાનું આવે ત્યાં કર્મ ખપશે, એમ કરી રાજી થાય. આ રાજીપાનું પરિણામ શું ? એજ કે કર્મના ઉદય તરફ રોષ નહિ; તેથી આત્મા શુદ્ધ અને હલકો થાય છે; આત્માને કેઈ પાપના નાશ અને પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન થાય છે.

**અકામ નિર્જરામાં** ઊલટું છે, ત્યાં કર્મ ખપાવવાનો કોઈ ખ્યાલ કે રાજીપો નથી. 'નિર્જરા' અકામ એટલે જ નિર્જરાની કામના નહિ એવી, તેથી પાપ કર્મના ઉદય સામે તિરસ્કાર છે. **સહવાનું આવે તે સહવું તો પડે,** કર્મના દબાણમાં ક્યાં જાય ? પણ રોઈ-રોઈને સહે છે. દુઃખ તો પેલોય સહે, અને આય સહે. આ કાંઈ **રોદણાં કર્યેથી દુઃખથી બચતો નથી. પણ રોદણાં, હાયવોય અને કષાયથી થોકબંધ નવાં પાપ ઉપાર્જે છે.** વિભાવસુનો જીવ નપુંસકપણે સિંહથી ચવાઇ મરશે. પરંતુ આત્મા કર્મથી ભારે અને મલિનનો મલિન રહેશે ! એટલે ચંડાળ નપુંસકપણામાંથી મરી ચંડાલકન્યાપણે જન્મશે, ત્યાં બાળપણે જ સર્પથી ડસાઈ મરશે. મરીને પાછી એજ પુષ્યદત્ત ધોબીની દાસીના નપુંસક પુત્રપણે જન્મશે. તે બિચારો જન્મથી જ આંધળો, ઠીંગુ અને કૂબડો હશે. દૌર્ભાગ્ય કર્મના ઉદયે આ નપુંસક સઘળા લોકોથી અપમાનિત અને હડધુત થશે ! અધૂરામાં પૂરો પાછો આંધળો અને પુણ્યનો અધૂરો, એટલે બિચારો એકવાર નગરદાહમાં ફસાશે. અગ્નિથી ઊભો સળગશે ! બળીને એના શરીરની રાખ થશે !''

**આંતર અંધાપો ટાળો :** વિચારો, કેવી બળી મરવાની કારમી પીડા ! માણસની હોશિયારી ક્યાં કામ લાગે ? આંધળો એટલે કરે શું ? એ તો બાહ્ય અંધતાનું રિઝલ્ટ ! પણ મોહથી અંધ બન્યા પછી તો પૂછવું જ શું ? **મનુષ્યભવમાં ચોળીને ચીકણાં કરેલા દોષો અનેક ભવમાં દુઃખ આપે છે ! તેય એમાંના એકેક ભવમાંય અનેકાનેક દુઃખ આપે છે ! ખાલી બાહ્ય આંખના અભાવે પણ જો આમ જીવતાં સળગી મરવું પડે, તો આંતર વૈરાગ્ય ચક્ષુના અભાવે મોહના અંધાપામાં ભવેભવ કારમા મોત આવે એમાં શી નવાઈ ?** પહેલું કામ આ કરો કે અંતરમાંથી મોહનો અંધાપો દૂર કરી તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યની ચક્ષુ ખોલો. આમાં ખર્ચ નથી, મહેનત નથી, કષ્ટ નથી, ભલે ગમે તે સ્થિતિમાં હોઈએ, પણ હૃદયની આ આંખ ખુલ્લી રાખી વસ્તુદર્શન યોગ્ય જ કરવાનું કરી શકીએ. આપણે ભૂલ કરીએ છીએ માટે ભૂલનો બચાવ નહિ કરવાનો, પણ ભૂલને ભૂલ માનવાની; **ભૂલને અને ભૂલ કરનાર આપણી જાતને તિરસ્કારવાની, ભૂલમાંથી થતા દુન્યવી લાભમાં શાબાશી નહિ માનવાની.** શું સમજ્યા ? કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક જાગતો જોઈએ.

"નગર દાહમાં બળી પાછો એ પછીના ભવે એજ દાસીની પુત્રી થશે. પુત્રી કેવી ? પીઠ સર્પી. એટલે ?" પગ એવા મળ્યા કે એથી ચાલી ન શકે. ચાલવાનું, હરવા-ફરવાનું, મન થાય ત્યારે પીઠ ચાલે, પીઠ ઘસડીને ચાલે. **જો જો કર્મનો મદ, જાણે જીવના ઉપર જુલ્મ વરસાવું ! અને જો જો જીવની દીનતા ! ભારે ગરીબડાપણું અને ગુલામી !** આવો ભવ હજી રાજાને ત્યાં થયો હોય તો પલંગમાં સૂતાં સૂતાં ખાવાય મળે ! આ ઘરમાં તો ખાવાનાય શા ભલીવાર ? ગમે તેવું ખાય, પછી કૂટાય, કોણ સંભાળ લે ? કેમકે કુટુંબને ઉપયોગી નહિ અને **દુનિયામાં ઉપયોગી ન થાય એના પર હેત કોણ વરસાવે ? કદાચ કોઈ વરસાવે, તોય હેત વરસે એવા આના પુણ્ય ક્યાં છે ?**

**પાપના ઉદયમાંય વિષયની ઘેલછા :** આ જીવ ચંચળ એવો કે ગમે તેવા પાપના ઉદયમાં પણ એની વિષયની ઘેલછા મટતી નથી ! **આંખનું તેજ જાય તોય નાટક જોવા જવાનું મન થાય !** દાંતે બોખો હોય તોય સ્વાદ કરવાનું મન થાય !

**ઘડપણમાં કાને બહેરાશ આવી હોય તોય બીજાની કંઈક વાતો ચાલતી હોય તે સાંભળવાનું ભારે મન ! ઝટ કાન ધરે ! બહેરો છતાં સ્વાર્થની વાત સાંભળીને ઝટ પકડે ! અને પરમાર્થની વાતમાં જાણે નહિ સાંભળી 'હેં એ ?** શું કહ્યું ?' કરીને વધારે બહેરાશ બતાવે ! આ છે સંસારની માયા ! **સંસારની માયા કેવી ? રહ્યા સહ્યા પૂર્વના પુણ્યનેય ચૂસી જનારી !** પુણ્યના ઉદયમાં તો હજીય સમજ્યા કે 'શું કરે ?' સામે બધું અનુકૂળ છે, તેથી ફસાય છે.' પણ આપણી વાત તો પાપના ઉદયની છે. ત્યાંય જીવ વિષયમાં ઘેલો !

**આંખનું તેજ ઘટ્યું એ પાપનો ઉદય છતાં વિષય ઘેલછાથી જોવાનું મન સતેજ !**

**દાંત જાય એ પણ પાપનો ઉદય; છતાં વિષય વૃદ્ધિથી રસના છૂટી !** કઠણ ખોરાકને પણ નરમ કરી ટેસ કરવા જોઈએ.

**પગ લથડે એય પાપનો ઉદય, પણ મોહાંધતાથી દુકાને જવાની લપ ન છોડે.** 'દુકાન તો મારે જ સાચવવાની, છોકરો બિનઅનુભવી છે, અથવા આજનો કાળ વિષમ છે. છોકરાય ઠગી બેસે !' **અલ્યા તારા છોકરા તને ઠગે ? અને એવાય સંસાર પર હજી હેત ? ઠીક ભલા ! ત્યારે ભવાંતરનો કાળ વિષમ નથી ? ત્યાં ન ઠગાવા કાંઈ કર્યું ?** ભાંગ્યા પગેય દુકાને ગાડી કરીને જાય. પાપના ઉદયમાંય જીવ ઘેલછા મૂકતો નથી. હજીય પાપ વધારે જાય છે !! બહેરો થાય છતાં જ્યાં ત્યાં કાન માંડે ! વહુઓ વગેરે ટીકા કરે કહે 'નવકારવાળી ગણો ને !' કદાચ મોંએ ન કહે, પણ પાછળ કહે.



બોખા દાંતે સ્વાદ કરવા માટે ચાવવા જાય ! કઠણ ચીજ એટલે એ ચીજ ઝટ પેઢામાં ખૂંચી જાય ! પણ કોને ફરિયાદ કરે ? બહું તો ઘરમાં ધમધમાટ કરે, કહે 'આવું કડક રંધાતું હશે ?' 'પણ એવું કડક ખાવાનું તમને કોણે કહ્યું' તું ? એ ચીજ તો સૌ કડક જ પસંદ કરે છે.' એમ ઘરવાળીનો ટોણો ઝટ પીરસાય ! આવું છતાં **જીવની મહાન નાદાનિયત છે કે પાપના ઉદયમાંય પુણ્ય વધારવાનું સૂઝતું નથી ! ત્યાગ આદરાતો નથી ! ભોગની લાલસા છૂટતી નથી !**

**જડની ગુલામી મટતી નથી ! 'પીઠસર્પી' વિષયની ઘેલછા પાપના ઉદયમાં જો કરવા જશે, ફરવા વગેરે નિમિત્તે તો ભૂંડા હાલે છુંદાઈ મરશે ! :** એ પીઠસર્પી છોકરી એકવાર રાજમાર્ગે જતી હશે. તે અરસામાં એક હાથી મદોન્મત્ત થઈને છૂટ્યો હશે. એ રાજમાર્ગ પર દોડ્યો આવશે; ત્યાં ભાગો ભાગો' થઈ રહ્યું હશે. લોકો ભાગે છે. ઠેકડા મારી આળીએ અટારીએ જ્યાં ત્યાં ચઢી જાય છે. પણ આ પીઠસર્પી ક્યાં જાય ? ત્યારે એને ઉંચકી પણ કોણ લે ? **કેટલાક ઉપદ્રવોમાં બળવાન અને શસ્ત્રધારીઓ પણ કશુંજ કરી શકતા નથી, એ કર્મની સર્વોપરિતા સૂચવે છે.** હાથીના પગતળે આ પીઠસર્પી દાસી પુત્રીનો છુંદો થઈ જશે. ખબર છે ને આ શાનું ફળ છે ? વિભાવસુની માનવભવની મદોન્મત્ત દ્વેષ લીલાનું. **મનુષ્ય જીવનમાં પોતાને મળેલી પુણ્ય શક્તિના સદુપયોગને બદલે જે દુરુપયોગ કરે, દુર્ગતિ એની પુંઠે પડી એને કરપીણ હૃદયફાટ દુઃખની દુર્દશાની ઘંટીમાં પીસ્યાજ કરે છે !** દુરુપયોગ અટકાવવા મન, વચન અને કાયા પર સખત ચોકી જોઈએ. એક વચન પ્રયોગ માટેય સમજી રાખવું પડે કે **ઓછું બોલ્યાનું તેવું નુકશાન નહિ થાય; પણ દીર્ઘવિચાર અને પુખ્ત વિચાર વિનાનું બોલેલું મહાન નુકશાન કરશે.** મનુષ્ય જીવનમાં મળી શક્તિ. પછી રોફ કરવો, બળ બતાવવું એ એનો દુરુપયોગ છે. બુદ્ધિ તીક્ષ્ણ હોય, જ્ઞાન ઘણું હોય, ઈન્દ્રિયો તેજસ્વી હોય, પાસે પૂરતો પૈસો હોય, ચારમાં છાપ પડતી હોય, મોટા માન આબરું હોય. **એ તમામ શક્તિના બેય ઉપયોગ થાય, સદુપયોગ પણ થાય, દુરુપયોગ પણ થાય.** પણ જો દુરુપયોગે જીવ ચડી ગયો તો દુર્ગતિ જ એની પુંઠે વળગે છે. **આજના દુઃખ એ પૂર્વની શક્તિઓના દુરુપયોગના જ પાપે !** એટલું યાદ રહેશે ? ખૂબી તો જુઓ કે એક બાજુ દુર્ગતિમાં પાપનો ઉદય ભારે. છતાં બીજી બાજુ કષાય અને વિષયની ઘેલછા જોરદાર ! ક્યાં મેળ મળે ? અર્થાત્ એથી તો પાપ ઓર વધે. ત્રાસ વધે. મોત વારંવાર થાય !! વિભાવસુનો જીવ ભૂંડી હાલતે છુંદાઈ મરશે.

**પાપના ઉદયમાં સારાને પણ કોણ બચાવી શકે ? :** આને કોણ બચાવે ? આ કાળે સારા સારા માણસને હુલ્લડમાં, પાકિસ્તાનમાં કપાઈ મરતાં નજરે દેખાવા

છતાં, એને બચાવનારા કોઈ ન મળ્યા ! તો આને કોણ બચાવે ? ભૂલશો નહિ કે **સારા સારાને પણ ભૂતકાળના ભૂલની શિક્ષા ચુકવવી પડે છે.** ત્રણ દિવસથી લાંઘણ કરનારને પણ તે પહેલાના કરેલા મહિનાના અનુચિત અકરાંતિયા ભોજનની ભૂલ નડે છે ને ? અને પેટ ચૂંકાય છે ને ? અનેક પીડા થાય છે ને ? પહેલાં એક શહેરમાં હુલ્લડબાજી ચાલી, ત્યારે એક સર્જન ડોક્ટરને ચીસાચીસ પાડતા ધોરી રસ્તા પર કપાઈ મરવાનું બન્યું. આજુબાજુ મકાનમાં સારી વસ્તિ હતી, પચાસ માણસ હેઠા ઊતરે તો પેલા ગુંડા ભાગી જાય; પણ કેમ જાણે ડૉક્ટરના કર્મ આમના દિલમાં ભયની દિવાલ ખડી કરી દીધી ! ડોક્ટરનું શરીર તંદુરસ્ત અને સુદઢ હતું. મુસલમાનો એના ઘરાક હતા, એટલે વિશ્વાસે વિઝિટે જવાનું કર્યું. પણ એ તો દગો હતો. ગુંડાઓ છરા લઈને તૂટી પડ્યા. પેલાએ બહુ કાલાવાલા કર્યા, પણ પૂર્વના કોઈ તેવા પાપનો ઉદય, તે પેલાઓએ જોતજોતામાં કતલ કરી નાખી; બધા જોતા રહી ગયા. આવું કાંક માત્ર સાંભળતાં પણ આપણને કંઈ કંઈ થઈ જાય છે, કેમ ખરું ને ? છતાં પણ કર્મ શું કરે છે, તે જોવાતું નથી ! કર્મે અનંતવાર આપણને આમ જ કપાવ્યા-છુંદાવ્યા છે.

**પુણ્યે બચાય, પુણ્ય ખસે, તો માળાના માળા ધસે :** જોતજોતમાં પીઠસર્પી છુંદાઈ ગઈ. **પાપનો ઉદય જોરદાર હોય ત્યારે સારા ગુણીયલનીય કોઈ દયા ન ખાય, તો આની કોણ ખાય !** સુખે સમાધે બેઠેલ હોય, પણ ત્યાં જ જો પુણ્યનો ટેકો ખસે તો કાં છાપરું તૂટી પડે, કાં ભીંત બેસી જાય ! આખા માળાના માળા બેસી જાય છે ને ? મડદાં ખોળી કાઢવા પડે છે ! કેમ એમ થયું ? ભીંત દોદરી હોય તોય પુણ્ય હોય ત્યાં સુધી ન પડે. ચાલનારાને રસ્તે ચાલતાં મોટર કેમ નથી અથડાતી ? આમ ફરીને કેમ જાય છે ? ચાલનારનું પુણ્ય હજી છે માટે. **તેથી પુણ્યના પ્રતાપ સમજી, પણ પગભર રાખો, બે રીતે : જુનું પુણ્ય બધું ખાઈ જવાની લાલસા છોડીને. તેમજ નવું પુણ્ય ઉપાર્જ્યે રાખીને.**

**ચોળીને ચીકણાં કરેલાં પાપ ક્યાં સુધી છેડો પકડે ? :** "એ પીઠસર્પી દાસી-પુત્રી ત્યાંથી મરીને એ જ ધોબી પુષ્પદત્તને ત્યાં પુત્રી તરીકે જન્મશે. મોટી થશે ત્યારે પુષ્પરક્ષિત નામના એક અત્યંત દરિદ્રની સાથે પરણાવાશે." શું સમજ્યા ? અતિદરિદ્ર ! એ ભારેકર્મી જીવને કોઈ બીજો કોઈ સારો લેનાર નહિ મળે. જ્યાં દેવા ગયા ત્યાં નકારો થશે. 'એવીને કોણ લે ?' એમ જ્યાં ત્યાં થશે. માટે જ અતિદરિદ્રને પરણાવશે ને ? **કર્મ બાંધતા પૂર્વે બહુ વિચાર કરવા જેવો છે. પ્રથમ જાતિમદ કર્યો હતો ને ? એમાંથી જન્મેલ નીચ ગોત્ર, અપજશ, દૌર્ભાગ્ય, કુરુપતા, દરિદ્રતા, અશાતા, ઈત્યાદિ બધાનો સરવાળો થશે !** એટલે પરિણામ ? હડધૂત



થવાનું. "ત્યાંય ગર્ભિણી થઈને પહેલીજ પ્રસૂતિ વખતે મહાવેદનાથી પીડાઈ મૃત્યુ પામશે." **હજી જાણે કર્મ શરાફના ચોપડે આ જીવના ખાતામાં ઉધાર પાસા સામે જમા પાસુ પુરું નથી ભરાયું,** તે ભરવા ત્યાંથી ફરી એજ માના ગર્ભમાં છોકરી થશે.' પાપનો ઉદય ઊભો રહ્યો છે. કેમકે પાપને ચોળીને ચીકણાં કરેલાં માટે, પાપની ભૂમિકા જોરદાર હોય, પાપ કરતાં આંચકો ન આવે પણ ઉલટ આવે ત્યારે ભારે અનુબંધ થાય, અર્થાત્ દુર્ભાગ્યની પાકી પરંપરા સર્જાય. **પાપ હોય કે પુણ્ય.** બેમાં એ કાયદો **કે એ કરતાં પહેલાં એને યોગ્ય પૂર્વ ભૂમિકા જોરદાર હોય, ક્રિયામાં લયલીનતા હોય, સેવનમાં ખૂબ રસ લીધો હોય, પાછળ એનો પશ્ચાત્તાપ નહિ પણ એની ભારે અનુમોદના કરી હોય, તો એના ફળ દઢ અને દીર્ઘકાળ સુધી નીપજે છે.** એ ન્યાયે પુણ્યની કરણીથી તો ભવાંતરમાં પાપ ભાગે. અને પુણ્ય ઉપર પુણ્ય ઊભરાય. એમ જ પાપમાં છે. પુણ્ય ભાગે, પાપ ઊભરાય. માણસ બે પૈસે પહોંચતો હોય, પાંચમાં પૂછાતો હોય, ધર્મની પરવા ન હોય એટલે પાપની પૂર્વ ભૂમિકા જોરદાર કરશે. અર્થાત્ પાપકાર્ય આચરવા પહેલાં એના સ્વાદિષ્ટ મનોરથ, યોજનાઓ વગેરે ઘડવાનો. પછી પાછાં પાપ આનંદથી કરશે. પાપ કર્યા પછીય પશ્ચાત્તાપ નહિ કરે, દુઃખ નહિ ધરે પણ ઊલટું જીવશે ત્યાં સુધી 'આ ઠીક થયું.' એવી અનુમોદના કરશે. એમ ચોળીને ચીકણાં કરેલાં પાપ અનેક ભવોમાં નડ્યાં કરશે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૩,તા.૨૬-૯-૧૯૫૩

**સારૂંય મારનારૂં થાય તો એમાં શું ખુશી ?** વિભાવસુને હવે આ આઠમો ભવ થશે. પુષ્પદત્ત ધોબીના છોકરા તરીકે હજુ તો એ બાળ ઉંમરમાં હશે, પણ પાપ જાણે પુખ્ત ઉંમરનું. તે એના પર ચઢી બેસશે ! એકવાર ગંધાર નદીના કિનારે રમી રહ્યો હશે ત્યાં પુષ્પદત્તના કોઈ દુશ્મનની નજરે એ પડશે ! જો જો કર્મની કઠનાઈ. ધોબીનો દીકરો હોવાથી આમ તો નદીના કુદરતી સૌંદર્યમાં ખેલવાનું મળે છે, પણ તેય પોતાના નાશ માટે ! સારૂંય મારનારૂં થાય, તો એમાં શું ખુશી થવું ? આ દુનિયાનું સારૂં એવું જ છે. જાણો છો ને ? તો એમાં ખુશી...શું ?કહોને નહિ.' નથી કહી શકતા ! કેવી દશા ! પેલો શત્રુ વિચારશે 'કોનો છોકરો ? આપણા દુશ્મન પુષ્પદત્તનો ? ઠીક દાવ મળ્યો !' એમ કરી છોકરાને ગળે એક પત્થરની શિલા બાંધી છોકરાને નાખશે તળાવમાં ! પછી શું ? શિલા સાથે છોકરો નીચે ! શિલા ઉપર આવે તો છોકરો ઉપર આવે ને ? પણ શિલા નીચે એટલે

છોકરો નીચે ! પાણી જશે મોંમાં. ગુણ...ગુણ...ગુણ... કરીને બિચારો મરશે !

**સદ્ગતિની રુએ કેવા શુભ તત્ત્વોના ઉચ્ચ અધિકાર :-** વિજયસેન આચાર્ય મહારાજ ગુણસેનને કહી રહ્યા છે. "કેવળી મહાત્માએ કહ્યું કે મિત્ર વિભાવસુએ ધોબી પર ઘોર કુલમદ કર્યો, તો એ મરીને ધોબીનો કૂતરો થયો, હવે મરીને એનો જ ગધેડો થશે, પછી મરીને ચંડાળને ત્યાં બે ભવ નપુંસક પુત્ર અને દીકરી તરીકે કરી, પાછો મૂળ ધોબીની દાસીને ત્યાં નપુંસક અને પુત્રી તરીકેના બે ભવ કરશે. મરી, એજ ધોબીને ત્યાં દીકરી થઈ દરિદ્રને પરણી પહેલી પ્રસૂતિએ જ તીવ્ર વેદનાએ મોત થશે. પાછો એજ ધોબીનો દીકરો થશે.પણ બાળપણે દુશ્મને ગળે શિલા બાંધી તળાવમાં ડૂબાડી મારશે" આ તમામ સાંભળી શું થાય છે ? જાણે આખા અંગે ઝણઝણાટી વ્યાપી જાય છે, કેમ ? હૃદય ખળભળે છે ! એમ થાય છે કે 'અહો ! **મનુષ્યજીવનમાં કરેલી ભૂલનું આવું ભયંકર પરિણામ ! એક પછી એક કેવા ભયંકર ભવ !** કેવું અકાળ મૃત્યું ! ત્યાં **ન તો કોઈ સદ્ગુરુનો યોગ કે ન કોઈ બચાવ મળે ! શાથી ? દુર્ગતિમાં ગયો માટે !** આપણે આજે **સારી ગતિમાં છીએ તેથી જ કેટકેટલા ઉચ્ચ શુભ તત્ત્વોના અધિકારી છીએ ! કદર છે એની ? મહત્ત્વ સમજો છો ?** તો એ શુભ તત્ત્વોનો જ ખપ કરવો જોઈએ; અશુભની લત મૂકી દેવી ઘટે.

**વિભાવસુનો અધિકાર પૂરો થાય છે :-** કેવળી ભગવાન કહે છે કે "વિભાવસુના મદનું આ પરિણામ છે. એ જીવ ભવ્ય છે. સિદ્ધિગતિગામી છે, માત્ર હજી સુધી એને મોક્ષ બીજ અર્થાત્ સમ્યક્ત્વ મળ્યું નથી " વિજયસેન આચાર્ય મહારાજ ગુણસેન રાજાને સંભાળાવી રહ્યા છે, "જ્ઞાની ભગવંતની એ વાણી સાંભળી મેં પૂછ્યું કે ભગવન્ ! પાણીમાં ડૂબી મરીને જીવ કયાં ઉત્પન્ન થશે ? કયારે સમકિત પામશે ? અને કયારે મોક્ષ લેશે ? ભગવંતે મને કહ્યું કે "સાંભળ, પાણીમાં ડૂબી મર્યા પછી એ જીવ વાણવ્યંતર દેવ થશે. એ ભવમાં એ આનંદ નામના તીર્થંકર દેવની પાસે જશે. એમની પાસે સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે." **આ કોની શાબાશી ? પુણ્ય સામગ્રી અને પુરુષાર્થની.** વ્યંતર થયો, તીર્થંકર ભગવાન મળ્યા, એમની પાસે જઈ શક્યો, -એ પૂણ્ય સામગ્રી છે. **તેથી જ સમકિતનો પુરુષાર્થ કરી શકશે. માટે જ મોક્ષ ન મળે ત્યાં સુધી સારી પુણ્ય સામગ્રી મળે એવું અવશ્ય કરવું જોઈએ.** હવે પુણ્ય સામગ્રી તો મળી, પણ પુરુષાર્થ ન કરે તો ? સામગ્રી નિષ્ફળ જાય; ફરી એવી સામગ્રી મળે નહિ ! કેમકે સદુપયોગ ન કરવાથી લાયકાત જાય. પુણ્ય યોગે સામગ્રી મળે. અને પુરુષાર્થ થાય તો જીવન સફળ થાય, માટે **મળેલી સામગ્રીમાંથી ઊંચામાં ઊંચો પુરુષાર્થ કરી લો.** એમાંય **માનસિક પુરુષાર્થ તો સસ્તો**



**છે; એને ઊંચામાં ઊંચો કેળવતા જાઓ, એના લાભ અપૂર્વ અને અદ્ભુત છે !**

કેવળજ્ઞાની પ્રભુ કહે છે કે 'વિભાવસુનો જીવ વાણવ્યંતર થઈને સમ્યક્ત્ય પામ્યા પછી પણ સંખ્યાતા ભવો ચારે ગતિમાં ભટકશે ! છેલ્લે ગંધાર દેશના રાજા થશે, ત્યાં અમરતેજ નામના આચાર્ય પાસે ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામી મુક્તિએ જશે" વિજયસેન આચાર્ય કહે છે કે 'રાજપુત્રપણે મેં કેવળજ્ઞાની મહાત્મા પાસેથી આ સાંભળ્યું. ત્યાં મારો સંવેગ વધી ગયો. ધર્મ શ્રદ્ધા વધી ગઈ. વધે જ ને ? મોહવશ  જીવની બનેલી કરુણ હાલતનો તાદશ ચિતાર સાંભળવા મળે તો કેમ ન વધે ? તમે ય સાંભળ્યું ને ? શું થયું પછી ? પુણ્યાઈની બલિહારી, પુરુષાર્થની આવશ્યકતા સમકિત પામ્યા પછી પણ ગુમાવી નાખ્યાથી પાછું ચારે ગતિમાં ભટકવું પડે, એવી એવી મોહની ભયાનકતા વગેરે જાણી ધર્મરંગ વધે જ. રાજપાટ ઉપરનો મારો ભરોસો છૂટી ગયો. સંસાર કારાગાર પરની આસ્થા ઊઠી ગઈ. સંસાર ભયંકર દેખાયો.સંસાર એટલે પાંચે ઈન્દ્રિયોની ખુશ ખુશાલી. ચાર કષાયો ચમકદાર. સંજ્ઞાની તથા વિષયોની બોલબાલા. આ સંસારની વાતોમાં મને કાંઈ ભલું તો ન દેખાયુ; પણ ભયંકરતા જણાઈ ! ઘેર આવી, યથોચિત કરી , માતાપિતાને સમજાવી, ઈન્દ્રરત્ન નામે ગણધર ભગવાન પાસે ચારિત્ર લીધું. આ મારા ચારિત્રનું વિશેષ નિમિત્ત છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૪-૫,તા.૧૦-૧૦-૧૯૫૩

**તમારે બધું જ બાકી છે ! :-** ભગવાન સમરાદિત્ય કેવળી મહર્ષિના ચરિત્રમાં એ જોયું કે એમનો જીવ પહેલા ભવમાં રાજા ગુણસેન. એને વિજયસેન આચાર્યે પોતાના વૈરાગ્યના વિશેષ નિમિત્ત તરીકે મિત્ર વિભાવસુના ભવોનું કરુણ બ્યાનનું વર્ણન કર્યું. હવે ગુણસેન કહે છે "ભગવંત ! આપ કૃતાર્થ થયા છો, આપના વૈરાગ્યનું કારણ બહુ સચોટ છે."

**કૃતાર્થ થયા એટલે ?**

**જીવનમાંથી સાધવા લાયક હતું તે સાધી લીધું,**

**મેળવવા લાયક મેળવી લીધું.**

**કરવા લાયક કરી લીધું.**

**ઈચ્છવા લાયક ઈચ્છી લીધું.**

હવે સાધવા લાયક, મેળવવા લાયક, કરવા લાયક, ઈચ્છવા લાયક, શું બાકી રહ્યું ? કાંઈ જ નહિ ? કોને ? એમને, ત્યારે આપણને ? કહોને બધું જ

બાકી છે.

**જેને તૃષ્ણા-મજૂરીનો સાચો કંટાળો આવે તેની જ દૃષ્ટિ ઊંચી આવે :-** શું ? હજી ઈચ્છવાનું, સાધવાનું, કરવાનું, મેળવવાનું ઘણું બાકી છે ! ક્યારે એનો અંત આવવાનો ? ક્યારે ઈચ્છવા-સાધવાનું પુરૂં થવાનું ? એય ખબર નથી, કેમ ? એનું કારણ એ છે કે,

પહેલું તો ઈચ્છા કરવાનો, સાધ્યા કરવાનો કંટાળો જ નથી, મનને એમ નથી થતું કે 'આ રોજ ઊઠીને ઘડી-ઘડી નવી-નવી ઈચ્છાઓ કર્યે જવાની લપ ક્યાં સુધી ?' આમ કંટાળો આવતો નથી.

બીજું એ ઈચ્છવા-સાધવાની ક્રિયાઓ સિવાય આત્મા પાસે મહાતૃપ્તિ, આંતરદૃષ્ટિ વીતરાગ ભાવે વસ્તુ-નિરીક્ષણ, સ્વસ્વરૂપરમણતા, અનૌપાધિક આનંદ વગેરે અતિશય સુંદરતાઓ છે, એનું ભાન નથી, ઉમળકો નથી.

**પૈસા હોય તો જે આનંદ, એ ઉપાધિવાળો આનંદ, સોપાધિક આનંદ કહેવાય.** સારૂં ખાવાથી આનંદ એ સોપાધિક આનંદ; શરીર સ્વસ્થ રહે તો આનંદ, એ સોપાધિક આનંદ. **દુનિયાનું કશું નહિ અને અનહદ આનંદ એ સ્વાભાવિક અનૌપાધિક આનંદ,** ત્યારે જો આની પડી નથી, તો દુન્યવી ઈચ્છવા-સાધવાનો અંત ક્યાંથી આવે ? અહો ! જીવની આ કેવી કરુણ દશા કે અનંત અનંત જન્મો આ કર્યા કર્યું. છતાં હજી એ જ તૃષ્ણા અને એજ મજૂરી !! તેથીજ દુઃખમય અનંત ભવ ! કંટાળો લાવશો આનો ? **જેને આ તૃષ્ણા-મજૂરીનો સાચો કંટાળો આવે તેને જ દૃષ્ટિ ઊંચી આવે, તોજ એ તૃષ્ણા-મજૂરીની લત મૂકવાનો વીર્યોલ્લાસ અને પુરુષાર્થ-પ્રયત્ન કરે.** એવું શુ ઈચ્છીએ કે જે ઈચ્છ્યા પછી ઈચ્છવાની વેઠ પૂરી થઈ જાય ? એવું શું સાધીએ કે જે સાધ્યા પછી સાધવાનું બધું જ પતી જાય ? એવી કઈ ચીજ કરીએ - મેળવીએ કે જે કર્યા-મેળવ્યા પછી કશુંજ કરવા-મેળવવાનું બાકી ન રહે ? આનો ખ્યાલ આવે તો એ તરફ ઉદ્યમ થાય. ગુણસેન રાજા વિજયસેન આચાર્ય મહારાજને કૃતાર્થ કહે છે; કેમકે આચાર્ય મહારાજે સંસાર ત્યજી સાધુમાર્ગ લીધો છે. એટલે હવે સંસારની કોઈપણ વસ્તુ ઈચ્છવાની સાધવાની બાકી રહેતી નથી. સમજપૂર્વક સાધુપણું હાથમાં છે એટલે મોક્ષ સાધવા સુધીની પ્રકિયા સધાઈ જવાની. માટે કહેવાય કે કૃતાર્થ થયા, કૃતકૃત્ય થયા.

**ગુણસેનના બે પ્રશ્નો :-** જ્ઞાની ભગવંતના કહેવાથી ગુણસેન ઘણી ઘણી વસ્તુઓ સમજી શક્યો, પણ મોક્ષ વગેરેની બીજી વાતો જે આવી તે ન સમજી શકવાથી પૂછે છે, "ભગવંત ! આપે જે એમ કહ્યું કે જો શાશ્વત સ્થાન મોજુદ હોય અને પરમ મુનિએ દર્શાવેલો તેનો નિશ્ચિત સાધક ઉપાય પણ મોજુદ હોય, તો



સત્‌પુરુષોએ તેને વિષેજ પ્રયત્ન કરવો ઉચિત છે, તો હે પ્રભુ ! **તે શાશ્વત સ્થાન કયું, અને તેનો સાધક ઉપાય કયો ?"**

**ચૌદરાજલોકના મથાળે એ પરમપદનું સ્થાન છે :-** વિજયસેન આચાર્ય મહારાજ કહે છે કે, "શાશ્વત સ્થાન તે કે જયાં જીવો આઠ પ્રકારના કર્મમળના કલંકથી અત્યંત મુક્ત થઈને રહે છે, જેમને હવે જન્મ નથી, જરા નથી, મૃત્યુ નથી. જે રોગ શોક વગેરે પીડાઓથી રહિત છે, ન આધિ, ન વ્યાધિ, ન ઉપાધિ, જીવો અનુપમ અનંત જ્ઞાન, દર્શન અને સુખના ભોક્તા છે. ભવિષ્યના અનંતા કાળ માટે એ સ્થાનમાં રહે છે, આવા શાશ્વત સ્થાનમાં સિદ્ધો બિરાજયા છે, એ શાશ્વત સ્થાન કોણે જોયું, કોણે બતાવ્યું ? તો કે સર્વ અતિશયોરૂપી રત્નોના મહાસાગર, ત્રણ લોકના બંધુ, દેવ અને દાનવોથી પૂજાયેલા એવા શ્રી સર્વજ્ઞ પ્રભુએ જોયું અને બતાવ્યું. ઊંચા ચૌદ રાજલોક-ક્ષેત્રના મથાળે મુગટ સમાન એ પરમપદનું સ્થાન છે.

**પુરુષાર્થ કરવો હોય તો આ કરો :-** આચાર્ય મહારાજે કરાવેલી શાશ્વત સ્થાનની ઓળખ વિચારો, ટૂંકમાં પણ એવી સુંદર સમજ આપી છે કે, એને મન પર લેતાં એમ થાય કે 'વાહ ! આવું સરસ સ્થાન મને ક્યારે મળે !' સંસારમાં કર્મની મહાગુલામી છે; એ શાશ્વત સ્થાન મોક્ષમાં લેશ પણ નહિ ! એટલે ? સંસારમાં કર્મ-વશતાએ ચારે ગતિ અને ચોરાસીલાખ યોનિમાં મોહની નિદ્રામાં પરિભ્રમણ; ત્યારે શાશ્વત સ્થાનમાં અપૂર્વ સ્થિરતા. જાગ્રતપણે ઠરી-ઠામ બેસવાનું. શરીર એટલે પુદ્‌ગલનો લોચો; તે ધારણ કરવા રૂપ જન્મ જ નહિ, તો પછી જરા-મૃત્યુ-રોગ-શોક વગેરે ત્યાં કશું જ નહિ. એવું એ પરમ અર્થાત્ શ્રેષ્ઠ સ્થાન. ત્રણે કાળના સર્વ પદાર્થો અને સર્વ બનાવોનું દર્શન કરવાનું, અને અનંત અવ્યાબાધ સુખમાં ઝીલવાનું. એનો અર્થ થયો કે **પુરુષાર્થ કરવો હોય તો કર્મ કલંકનો સર્વથા નાશ, અને જન્મની જંજાળના અંત માટે કરવો.**

**ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ :-** ગુણસેન રાજાએ શાશ્વત સ્થાન પામવાનો ઉપાય પૂછ્યો છે.એના ઉત્તરમાં આચાર્ય ભગવાન ફરમાવે છે કે,આ શાશ્વત સ્થાનનું સ્વરૂપ શ્રી વીતરાગ-સર્વજ્ઞ-તીર્થંકર ભગવાને બતાવ્યું છે. તેમ એમણે એ સિદ્ધ કરવાના ઉપાયમાં સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રને ફરમાવ્યા છે. એ ચારિત્ર બે પ્રકારે છે. એક પ્રકાર ગૃહસ્થધર્મ અને બીજો સાધુ ધર્મરૂપે વ્યવસ્થિત છે. અર્થાત્ પ્રતિજ્ઞા-પૂર્વકનું શુભ આચરણ, અને અશુભ ત્યાગ.એમાં ગૃહસ્થ વ્રતધર્મ સમ્યક્ત્વ સાથે બાર પ્રકારે છે. તે બાર આ :- પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત, અને ચાર શિક્ષાવ્રત, સાધુધર્મ દશ પ્રકારે છે, તે આ :- [૧]ક્ષમા, [૨]મૃદુતા, [૩]સરલતા,

[4]નિર્લોભતા, [5]તપ, [6]સંયમ, [7]સત્ય, [8]ભાવ-શૌચ (મનની પવિત્રતા), [9]પરિગ્રહ રહિતપણું અને [10]બ્રહ્મચર્ય.

**સમરાદિત્ય કેવળી ભગવાનના પહેલા ભવમાં એ ગુણસેન રાજા છે, એમને વિજયસેન આચાર્ય મહારાજ ધર્મ સમજાવે છે.**

મિત્ર વિભાવસુના ભવોનો અધિકાર જાણ્યા પછી શાશ્વત સ્થાન-મોક્ષના ઉપાયની ગુણસેને પૃચ્છા કરી, તેના ઉત્તરમાં અવધિજ્ઞાની અને દ્વાદશાંગીના પારગામી વિજયસેન આચાર્ય મહારાજ મુક્તિના ઉપાયભૂત ધર્મ ને સમજાવે છે. જો જો આ કોણ કહે છે ? એક વખતના રાજકુમાર, તે પછી દીક્ષા લઈ મહાજ્ઞાન સુધી પહોંચેલા. એમનું વચન ગુણસેનને તો આરપાર ઊતરી જવાનું છે. તમને ? આચાર્ય મહારાજ કહે છે કે,

"ધર્મ બે પ્રકારે છે; સાધુધર્મ અને ગૃહસ્થધર્મ. તે બંનેની મૂળવસ્તુ સમ્યક્ત્વ છે." અર્થાત્ સમ્યક્ત્વ મૂળ સલામત હોય તોજ એના ઉપર ગૃહસ્થ-ધર્મ કે સાધુધર્મનું વૃક્ષ સલામત રહે. મૂળ સડી જાય તો વૃક્ષ પણ સૂકાઈ જાય. આ મૂળ હોવાનું કારણ એ છે કે સમ્યક્ત્વ હૃદયની શુદ્ધિ રૂપ છે. શુદ્ધિ વિના રંગ ચઢે નહી, કપડું મેલું હોય તો એના પર સારામાં સારો પણ રંગ કયાંથી ચઢે ? અનાદિ કર્મ પરંપરાથી કર્મજાળથી વિંટાયેલા જીવને એ સમ્યક્ત્વ પામવું દુર્લભ છે. અર્થાત્ અનાદિકાળથી આત્માના માથે વિવિધ કર્મોની સત્તા એવી ચાલે આવે છે કે આ સમ્યક્ત્વ જેવી ઊંચી ચીજ, ઊંચી ગુણ-વસ્તુ પ્રાપ્ત કરવી બહુ મુશ્કેલ છે.

**પ્ર.- તે અનાદિના કર્મો કયા કયા ?**

ઉ.- તે કર્મ આઠ પ્રકારે છે :- [1]જ્ઞાનાવરણીય, [2]દર્શનાવરણીય, [3]વેદનીય, [4]મોહનીય, [5]આયુષ્ય [6]નામ, [7]ગોત્ર અને [8]અંતરાય કર્મ. અનુક્રમે તેનાં ફળ આ પ્રમાણે છે :- [1]અજ્ઞાન, [2]અદર્શન અને નિદ્રા, [3]શાતા-અશાતા, [4]મિથ્યાત્વ અને કષાય નોકષાય, [5]જન્મ-મરણ, [6]શરીર-ઈન્દ્રિય આદિ, [7]ઉચ્ચ નીચ કુલ અને [8]કૃપણતા-દરિદ્રતા-દુબર્લતા વગેરે.

**પ્ર.- આ કર્મના નિમિત્ત કોણ છે ?**

ઉ.- કર્મનાં છ કારણ છે. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. **મિથ્યાત્વ** એટલે અતત્ત્વની, કલ્પિત શાસ્ત્ર અને સિદ્ધાન્તોની રુચિ અને તત્ત્વની, સર્વજ્ઞકથિત સિદ્ધાન્તોની અરુચિ, **અજ્ઞાન** એટલે સમ્યક્ તત્ત્વોનું, જીવ-અજીવ, કર્મ જગત વગેરેનું અજ્ઞાન; અબૂઝપણું. સાચું જ્ઞાન જ નહિ. એટલે કર્મબંધનમાં ફસાય. અવિરતિ એટલે હિંસા-જૂઠ વગેરે પાપોના ત્યાગની પ્રતિજ્ઞા ન હોવી તે; પ્રતિજ્ઞા-પૂર્વક એ પાપોથી વિરામ ન પામવું તે. **પ્રમાદ** એટલે જીવનું



સ્વરૂપથી ચૂકવું. તે સંશય,ભ્રમ વગેરે રૂપ પણ છે અને મદ્ય, વિષયકષાપ વગેરે સ્વરૂપી પણ છે. કષાય તે રાગદ્વેષ. રાગમાં માયા અને લોભ આવે, તથા દ્વેષમાં ક્રોધ અને અભિમાન આવે. ઉપરાંત કષાયમાં હાસ્યાદિ તથા કામવાસના રૂપ નોકષાય પણ આવે. યોગમાં મન, વચન, કાયાની સઘળી પ્રવૃત્તિ આવે. આ છ નિમિત્તો કર્મબંધના કારણ છે. એ કર્મને આત્મામાં ટકવાના કાળને સ્થિતિ કહે છે.

**પ્ર.- કર્મની સ્થિતિ કેવા રૂપે છે ?**

ઉ.- આત્મામાં એક અધ્વસાયથી-શુભાશુભભાવથી સંગૃહિત થયેલ કર્મની બે પ્રકારની સ્થિતિ કહેલી છે; ઉત્કૃષ્ટ અને જઘન્ય. તેમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે તીવ્ર અશુભ પરિણામથી જન્મે છે. અશુભ પરિણામને સંકલેશ કહે છે. શુભ પરિણામને વિશુદ્ધિ કહે છે, નિયમ એવો છે કે કર્મ ગમે તેવું શુભ કે અશુભ બંધાતું હોય, પણ **સંકલેશે એની સ્થિતિ લાંબી બંધાય અને વિશુદ્ધિએ એ કર્મની સ્થિતિ ટૂંકી બંધાય.**

**પ્ર.- કર્મની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ બતાવો.**

ઉ.- આઠ કર્મમાં જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય અને અંતરાય, એ ચાર કર્મની ઉત્કૃષ્ટી ત્રીસ કોટાકોટિ સાગરોપમની સ્થિતિ બંધાય, મોહનીય કર્મની સિત્તેર કોટાકોટિ, નામ કર્મ અને ગોત્ર કર્મની વીસ કોટાકોટિ, તથા આયુષ્ય કર્મની તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય, આ આઠ કર્મોની વધારેમાં વધારે આટલી-આટલી સ્થિતિ બધાય.

ત્યારે જઘન્યમાં, તેવા પ્રકારના આત્મ-અધ્યવસાયે બાંધેલા વેદનીય કર્મની ઓછામાં ઓછી બાર મુહૂર્તની સ્થિતિ હોય છે. નામ-ગોત્ર કર્મની આઠ મુહૂર્ત, અને બાકીના પાંચ કર્મની અંતર્મુહૂર્ત જઘન્ય સ્થિતિ હોય છે.

આ કર્મો ઉત્કૃષ્ટી સ્થિતિવાળા હોય ત્યાં સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી

**પ્ર.- કર્મોની સ્થિતિ કેટલી અને કેવી રીતે ભેદાય ત્યારે સમકિત મળે ?**

ઉ.- જેમ કાષ્ઠને કોચીને કીડાથી કેટલીકવાર સહજભાવે અક્ષર કોતરાઈ જાય છે, જેમ નદીમાં પથરા અથડાઈ-કુટાઈ કોઈનાય પ્રયત્ન વિના લીસા ગોળાકાર થઈ જાય છે. તેમ આત્માના ઈરાદા-પૂર્વકના ખાસ પ્રયત્ન વિના સહજ ભાવે આત્મામાં કષાયની મંદતાએ શુભ પરિણામ જાગ્રત થાય છે. આને **યથાપ્રવૃત્તકરણ** કહે છે.એથી કર્મની ઉત્કૃષ્ટી સ્થિતિમાંથી ગમે તે રીતે એક કોટાકોટિ ઉપરની બધી સ્થિતિ ખપી જાય છે. તેથી હ્રાસ પામીને માત્ર એક કોટાકોટિ સાગરોપમ પ્રમાણની બની જાય છે. તેમાંય પછી સ્થિતિ થોડી ઓછી થાય છે; તેથી હવે કર્મોની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમની અંદર-અંદરની અર્થાત્ અંતઃકોડાકોડી સાગરની બની જાય

છે. પણ અહીં કર્મગ્રન્થિ-કર્મની ગાંઠ ભેદ્યા વિના આગળ જવાતું નથી, સમકિત પમાતું નથી.

**પ્ર.- કર્મગ્રન્થિ-કર્મની ગાંઠ શું છે ?**

ઉ.- કર્મની ગાંઠ એ મોહનીય કર્મની બનેલી છે; અને અત્યંત દુર્ભેદ્ય છે. અર્થાત્ તેને તોડવાનું કામ ઘણું જ મુશ્કેલીભર્યું છે, એ ગાંઠનું સ્વરૂપ નિબિડ રાગદ્વેષના પરિણામમય છે, અર્થાત્ આત્મામાં ઘન રાગદ્વેષનો પરિણામ એજ કર્મગ્રન્થિ અથવા એજ ગ્રન્થિ. જયાં સુધી એ અખંડ હોય ત્યાં સુધી સમકિતની શુદ્ધિ કયાંથી આવે ? એને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય સહાયક છે, એટલે શું સમજ્યા ? આજે તમારૂં તત્ત્વ સંબંધમાં અજ્ઞાન છે, નિદ્રાની લહેજત છે તથા વીર્યાંતરાય, કૃપણતા વગેરે દુર્ગુણો છે, તે અંદરની રાગદ્વેષની ગાંઠને સારી રીતે સહાય કરે છે, માટે તે ગાંઠ તોડવી બહુ મુશ્કેલ છે. કહ્યું છે કે, "કર્કશ અને અત્યંત મજબૂત તથા રૂઢ બની ગયેલી વાંસની ગૂઢ/ગાંઠની જેમ દુઃખે કરીને ભેદી શકાય, એવી કર્મથી ઉત્પન્ન થયેલી ગ્રંથિ એ જીવના ગાઢ રાગદ્વેષના પરિણામરૂપ છે. આ ગાંઠથી જીવને રાગદ્વેષ ખોટા લાગતા નથી, પણ ઊલટા કર્તવ્યરૂપ અને લાભકારી લાગે છે. એવી ગ્રન્થિનો પ્રદેશ પ્રાપ્ત થયેથી તેવા કેટલાક જીવો છે કે જે અપૂર્વ વીર્યોલ્લાસથી તે ગાંઠને ભેદી નાંખે છે, ત્યારે કેટલાય એવા જીવો છે કે જે તેને ભેદી શકતા નથી.

**પ્ર.**- ગ્રન્થિને ભેદવાનો વિધિ શો છે ?

ઉ.- પૂર્વે કહેલા યથાપ્રવૃત્તકરણના શુભપરિણામથી આગળ વધીને આત્માનું વીર્ય પ્રબળપણે સ્ફૂરાવીને અપૂર્વકરણના શુભ અધ્યવસાયને આત્મા જગાડે તો એ અપૂર્વકરણરૂપી મોગરવડે તે ગ્રંથિ ભેદાઈ જાય છે.

**પ્ર.**- ગ્રન્થિને ભેદ કર્યા પછી શું બને છે ?

ઉ.- ગ્રંથિનો ભેદ થવા સાથે આત્મામાં અધ્યવસાય વળી વધારે ઉજ્જવલ બને છે, તે અનિવૃત્તિકરણ કહેવાય છે. તેનાથી કર્મવનના બળી ગયેલા દાવાનળના એક ભાગની જેમ મિથ્યાત્વ કર્મના સતત ઉદયની વચમાનો અમુક ભાગ ખાલી કરી નાખવામાં આવે છે, અર્થાત્ તેટલા ભાગના કર્મ પુદ્‌ગલોને આ અનિવૃતિકરણ કાળમાં વહેલા ખેંચી લાવી, ભોગવી નાશ કરવામાં આવે છે. તેથી હવે તે ખાલી પડેલા કાળનો પહેલો સમય પ્રાપ્ત થાય છે, ત્યારે ત્યાં કોઈ મિથ્યાત્વકર્મ પુદ્‌ગલ ઉદયમાં આવવા માટે છે જ નહિ તેથી ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

**પ્ર.**- સમ્યક્ત્વ શું છે ? કેવું છે ?

ઉ.- સમ્યક્ત્વ એ આત્માના અત્યંત શુભ પરિણામ સ્વરૂપ છે. તેમાં



ઝળહળતી મોક્ષની રુચિ અને સર્વજ્ઞ અરિહંત ભગવાને ભાખેલા જ્ઞેય, હેય, ઉપાદેય તત્ત્વો ઉપર દૃઢ શ્રદ્ધા હોય છે. આ સમકિત મોક્ષ-સુખરૂપી ઝાડનું સચોટ બીજ છે, તેમાંથી અવશ્ય એ વૃક્ષ પેદા થાય છે. સમ્યક્ત્વ એ સંસારરૂપી કેદખાનામાંથી જીવને છોડાવવા માટે સમર્થ છે, તેમજ ચિંતામણિ રત્નને પણ લઘુતા પમાડનારૂં છે. કેમ કે ચિંતામણિ તો આપણે ચિંતવીએ તેવા ફળને આપી શકે છે,ત્યારે આપણે ચિંતવી જ ન શકીએ એવા અનંત શિવસુખને આ સમકિત આપી શકે છે. વળી આ સમ્યક્ત્વ અનાદિકાળથી ભવસાગરમાં ભટકતાં જીવને પૂર્વે કદી પ્રાપ્ત થયું નથી. એટલે આ એક અપૂર્વ નિધાન પ્રાપ્ત થયા બરાબર છે, એમાં આ પ્રથમ પ્રાપ્ત થયેલ **ઉપશમ-સમકિત**, તે દર્શન મોહનીય (મિથ્યાત્વ મોહનીય) કર્મના ઉપશમથી જન્મેલું હોય છે,એવું જ પ્રશસ્ત (શુભ) એટલે કે શુદ્ધ કરેલા સમ્યક્ત્વ મોહનીય કર્મના વેદનથી **ક્ષયોપશમ સમ્યક્ત્વ** પ્રગટે છે; તથા દર્શન-મોહનીયના સર્વથા ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટે છે.

**પ્ર.**- સમ્યક્ત્વ આપણા આત્મામાં જન્મ્યું છે કે કેમ તે જાણવાના ચિહ્ન છે ખરા ?

ઉ.- હા, સમ્યક્ત્વના પાંચ ચિહ્ન છે, તેને લિંગ કહેવાય છે, જો કે સમકિતના સડસઠ પ્રકારના વ્યવહારમાં તેને પાંચ 'લક્ષણ' કહ્યા છે, પણ અહીં તેને 'લિંગ' તરીકે ઓળખાવવામાં આવે છે તે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા-આસ્તિકય (શંકા કાંક્ષાદિ રહિત દૃઢ વિશ્વાસ ) સ્વરૂપે છે. સમ્યક્ત્વ પ્રગટવાની સાથે જ આત્મામાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન નામના બે સમ્યગ્જ્ઞાન પણ નીપજે છે. જો કે સમકિત નથી હોતું તો પણ મતિ અને શ્રુત હોય છે; છતાં તે વખતે અજ્ઞાન સ્વરૂપ કહેવાય છે, અર્થાત્ મિથ્યામતિ અને મિથ્યાશ્રુત અને મિથ્યાજ્ઞાન-સ્વરૂપ હોય છે.

આવું રૂડું સમ્યક્ત્વ પ્રાપ્ત થયેથી જીવ ઘણા કર્મ મળથી રહિત બને છે, પોતાના શુદ્ધ આત્મ સ્વરૂપની અવસ્થા (પર્યાય)ની નિકટ આવેલો બને છે; શુદ્ધ પ્રશમતા, મોક્ષપ્રીતિ, સંસારખેદ અને અનુકંપાથી અલંકૃત થાય છે; એને જિનવચન પર રુચિ પ્રગટ થાય છે. કહ્યુ છે કે સમ્યક્ત્વ કે જે આત્મ પરિણામરૂપ છે તે ઉપશમ અર્થાત્ પ્રશમ આદિ ઉપાયોએ કરીને ઓળખાય છે.

**પ્ર.**- પણ તે તો પોતાની અંદરમાં વર્તતા પ્રશમાદિથી પોતાનું સમ્યક્ત્વ માલુમ પડે; પરંતુ બીજામાં પ્રશમાદિ કેમ જણાય ? તે જો ન જણાય તો સમ્યક્ત્વ પણ શી રીતે જણાય ?

ઉ.- આનો ઉત્તર સરળ છે. બીજામાં બાહ્ય વિવિધ શુભ પ્રવૃતિઓ દ્વારા જાણી શકાય છે. હૃદયની અંદર પ્રશમાદિ ગુણો વિદ્યમાન હોય તો એને અનુરૂપ

બાહ્ય સારી પ્રવૃતિઓ થાય છે; તે દેખીને પ્રશમાદિનું અનુમાન કરી શકાય છે. અહીં જે પરિણામ જીવને જન્મે છે, તે શુભ છે. પૃથ્વીતલ પર કયાંય મેલ અને મિશ્રણથી રહિત કરેલું સુવર્ણ શું કયાંય કાળું હોઈ શકે ? કાળું હોય તો તે સાચું સોનું નહિ. છોકરા પરીક્ષા હોલમાં જતાં પહેલા પોતાની જાત તપાસી લે છે કે ‘મને આ આ...આ...બધું આવડે છે ને ? એમ આપણે તપાસી લેવું ઘટે કે આપણામાં આ પ્રશમાદિ ચિહ્નો છે ને ? એના પર સમ્યક્ત્વ નક્કી થશે. અને જો એમ ખબર પડે કે હજી એ ચિહ્નોનું ઠેકાણું નથી તો એ ચિહ્નો લાવવાની સચોટ મહેનત કરવી પડે; પ્રશમ-સંવેગ વગેરે કેળવવા પડે !

**પ્ર.**- પ્રશમનું સ્વરૂપ કેવું છે ?

**ઉ.**- પ્રશમ કહો કે ઉપશમ, એનો અર્થ છે કષાયોના ઉધમાતની શાંતિ, જે આજસુધી તીવ્ર કોટિના ક્રોધ-માનાદિ હતા, તે હવે શાંત પડી જાય. એ ઉપશમથી હવે કદાપિ અપરાધી ઉપર પણ ગુસ્સો ન કરે; અર્થાત્ અપરાધીનું અહિત થાઓ, અપરાધીનું સત્યાનાશ જાઓ એવા દ્વેષની લાગણી ન ધરે. અલબત કદાચ એની સામે બોલવા-ચાલવાનો પ્રસંગ પણ આવ્યો તોય એનું બૂરું ન ચિંતવે, ત્યારે પૂછો કે સંસારીને આ શી રીતે બની શકે ? એનો ઉત્તર એ છે કે કોઈએ પોતાનો ગુનો કર્યો, પરંતુ પોતે એમ વિચારે કે આ તો કર્મોનો સ્વભાવજ એવો છે, અથવા હાલમાં અશુભ કર્મનો ઉદય કાળવર્તે છે; તો કર્મને આધીન વસ્તુ બને એમાં બીજા પર શા ગુસ્સા કરવા’તા ? આપણા જ પૂર્વકૃત કર્મનો દોષ છે આમાં એમ મનવાળી ગુનેગાર ઉપર ગુસ્સો નથી કરતો, તે પ્રશમ છે.

**પ્ર.**- સંવેગ એટલે શું ?

**ઉ.**- સંવેગનો ભાવ મોક્ષ, અને એના કારણભૂત ધર્મની પ્રીતિ અને અભિલાષા છે. સંવેગ થકી આત્મા મોક્ષ સિવાય બીજું કોઈ ચાહતો કે ઈચ્છતો નથી. કેમ કે આ જગતમાં મનુષ્ય કે દેવતા, અરે ! રાજા કે ઈન્દ્રના સુખોને પણ એ દુઃખરૂપ ગણે છે, તો શું આ એને ભ્રમણા થઈ છે ? ના, સાચે-સાચ આ જગતમાં સાચું સુખ જ નથી. રાજા કે ઈન્દ્રોને પણ જે સુખ દેખાય છે તે નાશવંતુ છે, પરાધીન છે, ‘અધુરું છે, દુઃખ મિશ્રિત છે,’ દુઃખમાં પરિણમનારૂં છે, દુઃખની પરંપરા લાવનારૂં છે, હૃદયને કોરી ખાનારી અનેક બીજી-ત્રીજી ચિંતાઓથી વ્યાપ્ત છે. ઈત્યાદિ કારણોએ એ સુખ દુઃખરૂપ જ છે.માટે સમકિતી આત્મા એવા સાંસારિક સુખને તિરસ્કારી માત્ર સાચા સુખનાજ ધામભૂત એક મોક્ષનેજ ચાહે છે. એથી એના અંતરમાં સદા મોક્ષની લગની અને એના હેતભૂત ધર્મની લગની રમ્યા કરે છે; એનું નામ છે સંવેગ.



**પ્ર.**- નિર્વેદનો અર્થ કૃપા કરી કહેશો ?

**ઉ.**- નિર્વેદ એટલે ખેદ, કંટાળો. શાના ઉપર ? સંસાર ઉપર, સંસાર એટલે નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવના ભવો, તેના ઉપર કંટાળો તે નિર્વેદ. સમકિતી જીવ સંસારના ભવોની વિટંબણા સમજે છે. ભવો એ તો જીવને કર્મ નટરાજના હુકમથી ભજવવાના પ્લોટ છે, એમાં જીવની શી શાબાશી છે ? ઊલટી નાલેશી છે, સ્વસંપત્તિની લૂટ છે. નિજ ઘરમાં જવામાં પ્રતિબંધ-અટકાયત છે, ન કરવાના કામ કરવા પડે છે. કેદખાનામાં પુરાવાનું છે. આવા સંસાર પર સમકિતી જીવને ભારે અરુચિ ખેદ અને કંટાળો છે, એનું નામ ‘એને નિર્વેદ છે.’ જો કે આવા સંસાર પર આ ઉત્તમ જીવને મમત્વનું ઝેર ચઢતું નથી, છતાં હજી પોતે પરલોક સુધારનારો ચારિત્ર માર્ગ સાધી શકતો નથી. એની એને ભારે ચિંતા છે, તેથી સુખ સમૃદ્ધિની પુણ્યાઈવાળા સંસારમાં પણ સમકિતી જીવ દુઃખભર્યો રહે છે; રહેવામાં આનંદ નહીં પણ દુઃખ અનુભવે છે.

**પ્ર.**- અનુકંપા એટલે શું ?

**ઉ.**- અનુકંપાનો અર્થ દયા છે. દયા બે જાતની હોય છે, ૧.દ્રવ્યથી, અને ૨.ભાવથી. ભૂખે મરતાને રોટલો આપવો, તે દ્રવ્યદયા; ધર્મ રહિતને ધર્મ બતાવવો તે ભાવદયા. દ્રવ્યદયા એટલે તે કે જેમાં દ્રવ્યદુઃખ ટળે, ભાવ દયા તે કે જેનાથી ભાવદુઃખ ટળે. દુનિયાની પીડાઓ જેવી કે ભૂખ, તરસ, રોગ, નિર્ધનતા ઇત્યાદિ એ દ્રવ્યદુઃખ છે; ત્યારે ધર્મહીનતા, અશ્રદ્ધા, હિંસાદિ પાપસ્થાનકો, એ ભાવ દુઃખ છે. જીવ દ્રવ્ય દુઃખથી ખરેખરો દુઃખી નથી, કેમકે મનનું ધૈર્ય હોય તો મહાત્માઓ એવા દુઃખમાંય જરાય પીડાયા વિના વધુ પ્રસન્ન રહે છે; કેમકે એ પરીસહોથી થતો કર્મક્ષયનો લાભ એમને મન બહુ કીંમતી અને અત્યંત ઈષ્ટ છે. ત્યારે ધર્મહીનતા વગેરેજ ખરેખરા દુઃખ છે; એથી આત્મા બહુ પીડાય છે; નરકાદિ ગતિઓમાં અસહ્ય ત્રાસ સહન કરે છે. માટે જ તે ભાવદુઃખ છે.

જેમ (૧) પાપમાં સબડતા જીવો અને ધર્મશ્રદ્ધાહીન જીવો એ ભાવદુઃખી છે; તેમ (૨) ધર્મી પણ શ્રદ્ધામાં, વ્રતમાં, આચારમાં ઢીલા પડતા જીવો પણ ભાવદુઃખી છે, દ્રવ્યદુઃખી અને ભાવદુઃખી જીવસમૂહને આ ઘોર સંસારસાગરમાં પીડાતા જોઈને સમકિતી જીવનું હૃદય પીગળી જાય છે, એમના પ્રત્યે સમવેદી બને છે, હમદર્દી બતાવે છે; અને ‘પોતે દુઃખમાં જો આશ્વાસન ઝંખે છે, તો બીજા જીવો પણ જરૂર ઝંખે’ એમ વિચારી ભેદભાવ વિના એ જીવોની બંને પ્રકારની દયા, પોતાના સામર્થ્યને અનુસારે કરે છે. તેમ ભાવદયા માટે ધર્મનો ઉપદેશ-ધર્મની સલાહ, ધર્મની પ્રેરણા અપાય છે, તત્ત્વ સમજાવાય છે. પાપથી અટકાવાય છે;

શ્રદ્ધા-વ્રત-અને ધર્મ આચારમાં ઢીલા પડતાને સલાહસૂચના, યોગ્ય ધાકધમકી, સેવાશુશ્રૂષા વગેરે દ્વારા સ્થિર કરાય છે.

**પ્ર.**- આસ્તિક્ય કોને કહો છો ?

ઉ.- આસ્તિક્ય છે અસ્તિત્વની શ્રદ્ધા, અસ્તિત્વ એટલે શ્રી સર્વજ્ઞ જિનેશ્વરદેવોએ જે તત્ત્વો જેવા સ્વરૂપે કહ્યા તેજ તત્ત્વોનું તેવા જ સ્વરૂપે અસ્તિત્વ. એની દ્રઢ પ્રતીતિ, મજબૂત વિશ્વાસ. ટૂંકમાં જિનવચન પર એવી અગાધ પ્રીતિ કે જિનેશ્વરદેવોએ જે ભાખ્યું, તે સઘળાને સાચું અને શંકાવિનાનું માને, આત્માના શુભ પરિણામથી આ બને છે. અને એમાં કાંક્ષાદિ સ્ખલનાઓથી દૂર રહે છે, તેમ જિનવચનની રુચિના મોક્ષગામી પ્રવાહમાં ચાલ્યો જતો જીવ શંકા-કાંક્ષાદિક પ્રવાહોથી દૂર રહે છે. શંકા એટલે અમુક જિનવચન બરાબર હશે કે કેમ એવો વહેમ. કાંક્ષા એટલે મિથ્યામતના આડંબરથી, કે દેખીતા ગુણોથી વ્યામોહિત થઈ એના કાંક્ષી વાંછૂક-પ્રશંસક બનવું તે. **બીજા દોષોમાં :**- સમ્યક્ ક્રિયાના ફળમાં શંકાશીલતા, મહાત્માના મલિન વસ્ત્રાદિની જાુગુપ્સા, મિથ્યામતીઓની પ્રશંસા કે પરિચય, એ આવે.

આમ પ્રશમ, સંવેગ, નિર્વેદ,અનુકંપા અને આસ્તિક્ય (જિનવચન રુચિ)એ જે પાંચ લિંગ કહ્યા, તે આપણા દિલમાં રમતા હોય તો આપણને સમ્યક્ત્વનું અનુમાન થાય. આ પાંચ લિંગ દિલમાં રમતા હોવાનું એને અનુરૂપ બાહ્ય શુભ પ્રવૃતિથી કલ્પી શકાય છે. જો કે ક્યાંક માયા પણ હોઈ શકે છે, છતાં ગમે તેમ પણ શ્રી જિનેશ્વર ભગવંતોએ આવા શુભ આંતર પરિણામવાળાને સમ્યગ્દૃષ્ટિ જીવ કહ્યો છે; અને એ થોડા કાળમાં ભવસમુદ્રને ઓળંગી જાય છે.

ગુણસેન રાજાને શ્રી વિજયસેન આચાર્ય મહારાજે સમજાવેલું.

**દેશવિરતિ-ગૃહસ્થધર્મનું સ્વરૂપ**

માનવજીવનને ધન્ય બનાવવા માટે જીવે વિશેષે કરીને આત્મામાં ઉતારવા જેવી અતિ મનનીય વસ્તુઓ.

ધર્મના મહાન જિજ્ઞાસુ બનેલા રાજા ગુણસેનને આચાર્ય મહારાજ સમ્યક્ત્વનું સ્વરૂપ સમજાવી, હવે ગૃહસ્થધર્મનું એટલે કે દેશવિરતિનું સ્વરૂપ સમજાવે છે.એઓશ્રી ફરમાવે છે કે કર્મની પૂર્વે કહેલ અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથીય પલ્યોપમ પૃથક્ત્વ જેટલી સ્થિતિ ક્ષીણ થાય છે, ત્યારે પૂર્વ કરતાંય અધિક શુભ પરિણામ સ્વરૂપ વાસ્તવિક દેશ વિરતિના ભાવ પ્રગટ થાય છે. બાહ્યવ્રત-સ્વીકાર છતાં એ કેટલીકવાર અંદરમાં દેશવિરતિ પરિણામ વિરમવું, પાછા ફરવું તે-તે વિરમવાનું બે રીતેઃ- એક સર્વથા, અને બીજુ અંશે, સર્વથા પાપના ત્યાગને સર્વવિરતિ કહેવાય



છે, અને અંશે પાપના ત્યાગને દેશવિરતિ કહેવાય છે.

**સ્થૂલવ્રતના દાખલા :**- અંશે ત્યાગ કહો કે સ્થૂલપણે ત્યાગ કહો એક જ વસ્તુ છે. દા.ત હિંસાનો અંશે ત્યાગ અથવા સ્થૂલ હિંસાનો ત્યાગ-બે એકજ ચીજ છે. ગૃહસ્થ, પૃથ્વીકાય અપ્કાય વગેરે સ્થાવર જીવોની હિંસા ટાળી શકતો નથી, પણ કીડા-કીડી વગેરે-વગેરે હાલતા-ચાલતા ત્રસ જીવોની હિંસા છોડી શકે છે. તો એણે ત્રસની હિંસાનો ત્યાગ કર્યો તે અંશે હિંસાનો ત્યાગ કર્યો ગણાય અથવા સ્થૂલ હિંસાનો ત્યાગ કર્યો ગણાય, આ દેશવિરતિ છે એને સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ કહેવાય છે. એવી રીતે સ્થૂલ મૃપાવાદ વિરમણમાં સર્વથા નહિ પણ અંશે જાૂઠનો ત્યાગ કરવામાં આવે છે, એ પણ દેશવિરતિ છે. દેશવિરતિમાં એક અથવા અનેક વ્રતો હોઈ શકે છે. ત્રીજાું વ્રત સ્થૂલ અદત્તાદાન વિરમણ, એટલે ચોરીનો ત્યાગ. ચોથું પરદારગમણવિરમણ એટલે કે પરસ્ત્રીભોગનો ત્યાગ અથવા સ્વસ્ત્રી સંતોષ, પાંચમું અપરિમિત પરિગ્રહવિરમણ અર્થાત્ મર્યાદા રહિત જે પરિગ્રહ બુદ્ધિ તેનો ત્યાગ એટલે કે પરિગ્રહનું પરિમાણ-એ દેશવિરતિ છે.

આવા દેશવિરતિ પરિણામથી યુક્ત જીવ અણવ્રતોને અંગીકાર કરીને, હૃદયના ભાવને પતિત થવા દીધા વિના તેને પાળે છે. તેમાં જુદા-જુદા પ્રકારના અતિચારોને એ સેવતો નથી. અતિચાર એટલે વ્રતને મલિન કરનારી સ્ખલનાઓ, દોષો. વ્રતની પ્રતિજ્ઞા લેવા માત્રથી બસ નથી પણ પ્રતિજ્ઞા લીધા પછી એનું બરાબર પાલન થવું જોઈએ. પાલન પણ માત્ર બાહ્યથી નહિ, કિન્તુ હૃદયના વિરતિના પરિણામ અખંડ અક્ષત રાખીને થવું જોઈએ. તેમાં પણ સામાન્ય ગણાતી સ્ખલનાઓ ન થવા દેવી જોઈએ. આનો અર્થ એ થયો કે વ્રતની આરાધનાની ભૂમિકામાં પાંચ વસ્તુ છે.

૧. વ્રતની સમજ પૂર્વક હૃદયના 'આ પાપ હવે મને નજ ખપે' એવા સાચા ભાવથી પાપના ત્યાગની પ્રતિજ્ઞા કરવી.

૨. પ્રતિજ્ઞાનું અખંડ પાલન કર્યે જવું.

૩. સાથે સાથે હૃદયમાં વિરતિના પરિણામ ટકાવી રાખવા, 'મારે આ...આ...પાપનો ત્યાગજ છે. મને એ પાપ હવે ખપેજ નહિ' એવો ભાવ હૈયામાં અખંડિત રાખવો.

૪. જે જે સ્ખલનાઓ (દોષો) વ્રતનો સર્વથા ભંગ નથી કરતી, કિન્તુ વ્રતને દૂષણ લગાડી મલિન કરે છે, તેને અતિચાર કહેવામાં આવે છે. એવા અતિચારો પણ ન સેવાઈ જાય એની ખાસ સાવધાની રાખવી. નહિતર બહુ-બહુ અતિચાર સેવવા જતાં વ્રત સમૂળગું ભાંગી જવાની સ્થિતિ ઊભી થાય છે.

**-: અણવ્રતના ટાળવાયોગ્ય અતિચારો :-**

સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણ નામના અણુવ્રતમાં આ પાંચ અતિચાર છે :- વધ બંધ, છવિચ્છેદ, અતિભાર, ભાતપાણીનો વ્યુચ્છેદ.

**(૧)** વધ એટલે પ્રહાર. જીવોને ચાબુક વગેરેથી મારવા નહિ જોઈએ. એમ કરતાં કોકવાર એનું મૃત્યુ થઈ જાય. અથવા આપણા હૃદયમાંથી અહિંસાના ભાવ નાશ પામી જાય. આ બે વસ્તુ આગળ ઉપરના અતિચારોમાં પણ સમજવી. **(૨)** બંધ એટલે ગાઢ બંધનથી જીવોને બાંધી રાખવા નહિ. નહિતર કોકવાર અગ્નિ-સાપ વગેરેના ઉપદ્રવમાં એ જીવ બિચારો સ્વયં ત્યાંથી ભાગી શકશે નહિ. **(૩)** છવિચ્છેદ એટલે જીવો આપણી માલીકીના છે એ નિશાન રાખવા કે બીજા કોઈ કારણે એની ચામડીનો છેદ કે અગ્નિથી ડામ વગેરે કરવા નહિ. **(૪)** અતિભાર એટલે સરળતાથી ઊંચકી શકે એટલા પ્રમાણ કરતાં વધુ ભાર જીવો પર લાદવો નહીં. નહિતર અતિભારના યોગે કદાચિત્ એમાંથી કોઈ વસ્તુ પડવાથી જીવના અંગોપાંગ હણાય, અગર તો અતિભારના યોગે જીવ પોતેજ લડથડિયું ખાય તેથી ઈજા પામે, એવો સંભવ છે. **(૫)** ભાતપાણીનો વ્યુચ્છેદ (નિષેધ) એટલે જીવને એના સમયસર એનું ભોજન કે પાણી આપવાનું ન ભૂલવું જોઈએ. નહિતર ભૂખ કે તરસમાં એ અતિશય પીડા પામે, તેથી કદાચ એનુ મૃત્યુ પણ થઈ જાય.

**બીજા સ્થૂલ મૃષાવાદ વિરમણ** વ્રતના આ પાંચ અતિચાર છે- સહસાકથન, રહસ્યકથન, સ્વદારમંત્રભેદ, મૃષાઉપદેશ અને કૂટલેખ-સાક્ષી.

(૧) સહસાકથન જે બોલવું તે વિચારીને બોલવું, પણ સહસા અર્થાત્ વગર વિચાર્યે એકાએક ન બોલી નાખવું. નહિતર એમાં જૂઠ આવી જવાનો સંભવ છે. તેમજ સાચુ પણ આવે તોય અંતરમાંથી અસત્ય ન બોલવાની અપેક્ષા ચાલી જવાનો ભય છે. (૨) રહસ્યકથન-કોઈના છૂપાં રહસ્ય આપણે બીજા આગળ પ્રગટ ન કરવાં. (૩) સ્વદારમંત્રભેદ-સ્વસ્ત્રીની સાથેની ખાનગી મંત્રણાનો ભેદ ના કરવો. અર્થાત્ તે વાતચીત બહાર બીજાને ન કહેવી. આ બીજા અને ત્રીજા અતિચારની વસ્તુ સત્ય હોવા છતાં સામા જીવને દુઃખ થવાનો યાવત્ આપઘાત સુધી પહોંચી જવાને સંભવ છે. પોતાની ગુપ્ત વાત પ્રગટ થઈ ગઈ એમ માલુમ પડે તો કેટલાક જીવો પછી જગતને મોં શું બતાવવું, એ ભયથી આત્મઘાત કરે છે, ત્યારે વ્રતનું પાલન એવું ન જોઈએ કે જેથી તે કોઈ જીવનો ઘાત કરી નાખે, તેથી સાચી પણ એવી વાત બોલાય નહી. (૪) મૃષા ઉપદેશ - એટલે બીજાને જૂઠી સલાહ ન આપી શકાય.

**પ્ર.**- જુઠી સલાહ આપે એમાં તો નરદમ જુઠું બોલવાનો પ્રસંગ આવે, તેમાં તો વ્રતભંગજ થાય, અતિચાર શાનો ?



**ઉ.**- વાત સાચી છે, પરંતુ કેટલાક લોક એવા હોશિયાર હોય છે કે વચનમાં સીધું જૂઠું નહિ આવવા દે, કિન્તુ સામો જૂઠું સમજે એવી સફાઈથી બોલે છે. આમાં હૃદયમાં 'મારે જાુઠ વચન તો નજ બોલવુ" આ ભાવ જાગ્રત છે તેથી વ્રત ભંગ નથી થતો. પણ ઈરાદાપૂર્વક સામાને તે વચન જૂઠું પરિણમાવાય છે તેથી અતિચાર લાગે છે.

અથવા કેટલીક વાર દ્વિ-અર્થી વચનથી સામાને જૂઠું સમજાવાય છે અથવા સામાને જૂઠું બોલવાની સલાહ અપાય છે. દા.ત બાપ જ પુત્રને કહે 'જો મારે તો જૂઠું ન બોલવાની પ્રતિજ્ઞા છે. પણ તારે કાંઈ થોડીજ પ્રતિજ્ઞા છે.'-આ બધામાં અતિચાર લાગે. (૫) કૂટલેખ-સાક્ષી-એટલે 'મારે તો મોઢેથી જૂઠું ન બોલવાની પ્રતિજ્ઞા છે, પણ જૂઠું લખવા કરવાની પ્રતિજ્ઞા નથી' એમ માની જૂઠાં લેખ લખે; દા.ત કોઈના પાંચસો જમે આવ્યા, પણ ચોપડામાં ચારસો જમે કરે; પાછો અવસર આવ્યે મોઢે કાંઈ ન બોલે, ચોપડો બતાવી દે 'લ્યો આ ચોપડો.' એમાં પેલો બિચારો ચોપડો વાંચી એમાં લખ્યા પ્રમાણેજ હિસાબ કરી ચાલતો થાય. આ માને કે આપણે બોલવામાં જૂઠુ નથી લાવ્યા. આ અતિચાર છે. એવી રીતે પ્રોમિસરી નોટોમાં, ચેકમાં, કે બીજા ત્રીજા કોઈ લેખમાં જૂઠી વસ્તુ લખે તે અતિચાર, આની જેમ કોર્ટમાં અગર બીજે ખોટી સાક્ષી ભરે તેય અતિચાર, એમાંય કદાચ મોઢેથી જૂઠ ન બોલે. પણ એવા પ્રકારનું એવી સિફતથી બોલે, કે એવી મુદ્રા બતાવે, જેથી સામો જૂઠું સમજે. આ અતિચાર છે. એ ટાળવા પહેલેથી જ બરાબર સાવધાન રહેવું પડે.

**જૂઠ ત્યાગ પર દૃષ્ટાન્ત :-** એક શ્રાવક રસ્તાપરથી જઈ રહ્યો છે ત્યાં બે વાઘરીને સામસામી લડતાં જોયા. બે જણ બોલાબોલી કરતાં લાકડી ઉગામીને તૈયાર થઈ ગયા છે. એમાંનો એક સામા ઉપર ઘા કરે તે પહેલાજ પેલા શ્રાવક શેઠે ડહાપણથી આંખ મીંચી દીધી.

પેલા તો મારામારી પર ચઢી ગયા. પોલિસ આવી કચેરીએ લઈ ગયા. સાક્ષી તરીકે શ્રાવકનું નામ લખતા ગયા, કોર્ટમાં કેસ વખતે શ્રાવકને બોલાવી પૂછ્યું.

'બોલો, આમાં તમે શું જાણો છો ?'

શ્રાવક કહે છે 'હું એ રસ્તે આવતો હતો ત્યાં બે જણને બોલાબોલી કરતાં જોયા હતાં.'

'પછી ?'

'પછી તો બંને જણા લાકડી ઉગામી તૈયાર થઈ ગયા એટલું હું જાણું છું.'

હવે જુઓ કે અહીં બે વસ્તુ છે. એક તો પોતે જાણવા છતાં જો ફેરફાર બોલે તો વ્રત હણાય; અને જો સાચું બોલે, તો આ તો વાઘરીની જાત, તે જેની વિરુદ્ધમાં શ્રાવક બોલ્યો કે તે વાઘરી અથવા એના કુટુંબી પછી છૂપી રીતે શ્રાવકના બાર જ વગાડી નાખે, તેમજ આની સાક્ષી નિમિત્તે પેલાને સજા થાય એ જુદું, અને કોર્ટ સાચો કે જૂઠો ગમે તે ઉત્તર તો માગી રહી છે. તો શું કરવું ? ત્યારે જાુઓ કે શ્રાવક શું કહે છે.

શ્રાવક કહે છે 'આપની વાત સાચી કે હું તે રસ્તા પરજ હતો. પરંતુ વાત એમ છે કે અમે તો વાણિયાભાઈ, તે જયાં લાકડી ઉગામેલી જોઈ કે મારાથી તો ત્યાં આંખજ મીંચાઈ ગઈ, અને પછી આંખ ખોલું છું. ત્યાં તો સામસામી મારામારી ચાલતી દેખાઈ.' શ્રાવકને જતો કરવામાં આવ્યો.

જૂઠ બોલવાનો પ્રસંગ જ ન આવે એવી સાવધાની અગાઉથી રાખવી જોઈએ.

**૩. સ્થૂલ અદત્તાદાનવિરમણવ્રતના** પાંચ અતિચાર આ પ્રમાણે :- સ્તેનાહૃતગ્રહણ, તસ્કર પ્રયોગ, વિરુદ્ધરાજયાતિક્રમ, કૂટતુલકૂટમાન, અને તત્પ્રતિરૂપક વ્યવહાર.

૧. **સ્તેનાહૃતગ્રહણ :-** એટલે ચોરનું લાવેલું લેવું તે. એ દોષરૂપ છે. આપણે જાણતા ન હોઈએ કે આ ચોરી લાવેલું છે કે કેમ, તો પણ સામો જો ચોર છે તો તેનું ગમે તેવું લાવેલું પણ ન લેવું જોઈએ. નહિતર રાજય વગેરે તરફથી આપણે આફતમાં મૂકાવું પડે. તેમજ ચોરનું ચોરી લાવેલું લેવાનો ચડસ લાગવાથી અંતરમાંથી ચોરી પરની જાુગુપ્સા ચાલી જાય.

૨. **તસ્કરપ્રયોગ :-** એટલે ચોરીને બીજી-ત્રીજી રીતે સહાયક થવું તે. પછી એ ચોરને આપણા ઘરમાં મુકામ કરવાની સગવડ આપવા રૂપ હોય, કે એને ચોરી કરવાના સ્થાન બતાવવા રૂપ હોય, અથવા ચોરીની પ્રેરણા આપવા રૂપ કે ચોરીની કળા-વિદ્યા શિખવવા રૂપ હોય. અથવા ચોરી કરતાં પકડાઈ જવાય તો કેમ છૂટવું તે બતાવવા રૂપ કે એનો ચોરીનો માલ બારોબાર વેચવા કરવાની સગવડરૂપ હોય. આ બંધુ દોષરૂપ હોઈ ન આચરવું.

૩. **વિરુદ્ધરાજયાતિક્રમ :-** એટલે રાજયના કાયદા વિરુદ્ધ માલ મંગાવવો-મોકલવો તે. દાણ ભરવામાં ઘાલમેલ, ઈત્યાદિ આવે, તે ન આચરવું.

૪. **કૂટતુલમાન :-** એટલે ખોટાં તોલ માપા, તે ન રાખવાં, કે બીજા ખોટાં તોલમાપા લાવી તેનાથી વ્યવહાર ન કરવો. દા.ત. બે જાતની પાંચશેરી રાખી માલ ખરીદવામાં સવા પાંચશેરી વાપરે અને વેચવા વખતે પોણી પાંચશેરીથી જોખી આપે તે. એમ ત્રાજવા એવા રાખે કે એવી રીતે પકડે જેથી સામાને ઓછું અપાય



તે અતિચાર છે.

૫. **તત્પ્રતિરૂપક વ્યવહાર :-** એટલે સારા માલની નકલ, કે તેના જેવોજ દેખાતો, પણ હલકો માલ. એને સારા અસલ માલ તરીકે ન વેચવો, તેમજ સારા હલકાનું ભેળસેળ કરીનેય સારા તરીકે ન વેચવો.

ચોરી અને તેના પાંચે અતિચાર એવા દુર્ગુણ છે કે એ હૈયાને અપવિત્ર અને ધિટ્ઠું કરી દે છે. અપવિત્ર થયા પછી જીવ માત્ર આ જ પાપ કરી અટકશે એમ નહિ. કિન્તુ બીજું પણ પાપ કરતાં એને સંકોચ નહિ રહે. તેમ ધિટ્ઠાઈ આવવાથી, સેવાતા દોષ પ્રત્યે એને સૂગ પણ નહિ રહે. અને તેથી રાજીખુશીથી દોષો સેવાયે જશે.

૪. **મૈથુન વિરમણવ્રતના પાંચ અતિચાર :-** ઈત્વર પરિગૃહીતાગમન, અપરિગૃહીત-ગમન, અનંગક્રીડા, પરવિવાહકરણ અને કામભોગોનો તીવ્ર અભિલાષ.

૧. ઈત્વર પરિગૃહીતા એટલે થોડા કાળ માટે ભાડે રાખેલી સ્ત્રી, એની સાથે અનાચાર તે દોષરૂપ છે. અહીં પ્રશ્ન થશે કે આ વ્રત ભંગરૂપ કેમ નહિ ? ઉત્તર એ છે કે મનમાં એ સમજે છે કે 'ભાડાના કાળ દરમિયાન આ પરસ્ત્રી નથી. મેં આને મારી સ્ત્રી કરી લીધી છે'. છતાં એ અતિચાર તો જરૂર છે; કેમ કે લોક વ્યવહારાનુસાર પરણેલી તરીકે એ સ્વસ્ત્રી નથી.

૨. અપરિગૃહીતા એટલે ન પરણેલી સ્ત્રી, બાળકુમારિકા વગેરે તે પણ ત્યાજય છે.

૩. અનંગક્રીડા એટલે કામના અંગ ન ગણાય તેવા અવયવ સાથેની ચેષ્ટા.

૪. પરવિવાહકરણ એટલે બીજાની સગાઈ-વિવાહ-લગ્ન કરવા તે.

૫. કામ ભોગનો તીવ્ર અભિલાય એટલે સ્વસ્ત્રીમાં પણ ભોગની તીવ્ર ઈચ્છા.

આ બધા અતિચારો ત્યાજય છે. એ ન સેવવા જોઈએ. એથી વ્રતના ભાવ કલુષિત થાય છે.

**૫. પરિગ્રહપરિમાણ વ્રતના પાંચ અતિચાર :-**

૧. ક્ષેત્રવસ્તુ પ્રમાણાગતિક્રમ, ૨. હિરણ્યસુવર્ણ પ્રમાણાતિક્રમ, ૩. ધનધાન્ય પ્રમાણાતિક્રમ, ૪. દ્વિપદ-ચતુષ્પદ પ્રમાણાતિક્રમ, અને ૫. કુપ્ય પ્રમાણાતિક્રમ.

**૧. ક્ષેત્ર** એટલે ખેતર, જમીન, ખાણ વગેરે. વાસ્તુ એટલે મકાન વગેરે. **૨. હિરણ્યસુવર્ણથી** ચાંદી, સોનું, હીરા, માણેક, મોતી વગેરે સમજવાં, ચાહ્ય નગદ કે આભૂષણો, **૩. ધન** એટલે કે રોકડ નાણું, બેંક આદિમાં જમા, પ્રોમિસરી નોટ, શેરો, ફરનિચર તથા દુકાનનો માલ વગેરે. **ધાન્યથી** સર્વ પ્રકારના અનાજ. **૪.**

**દ્વિપદથી** નોકર, ચાકર, દાસી વગેરે. ચતુષ્પદ એટલે ઢોરઢાંખર. **૫. કુપ્ય** એટલે બીજી ધાતુઓ, લોખંડ, તાંબું, પિત્તળ, વગેરે વાસણ-તિજોરી આદિરૂપમાં. આ બધાનું વ્રતમાં જે પરિમાણ કર્યું હોય તેને ઓળંગી જાય તે અતિચાર. વ્રતભંગ એટલા માટે ન ગણાય કે સ્પષ્ટ રીતે ઉલ્લંઘન ન કર્યું હોય. પણ વધારો છોકરાના નામે કે સ્ત્રી આદિના નામે કરી કારભાર હકુમત વગેરે પોતાના હાથમાં રાખે. અને જરૂર પડ્યેથી પોતે એનો ઉપયોગ કરી લેતો હોય.

શ્રી વિજયસેન આચાર્ય મહારાજ ગુણસેન રાજાને વ્રતોના આ પ્રમાણે પાંચ-પાંચ અતિચાર બતાવીને ફરમાવે છે કે, એવી રીતે બીજા પણ આ જાતના અતિચારો સમજી લેવા. એ બધા અતિચારોને વ્રતધારી શ્રાવક બને ત્યાં સુધી આચરતો નથી; કેમ કે એક તો પોતાના અંતરમાં શુભ-પરિણામ, શુભ ભાવનાઓ, અને વિરતિ માર્ગની સુંદર પરિણતિ રમતી હોય છે. તેમજ બીજું એ સમજે છે કે એ અતિચારો અપાર સંસાર સમુદ્રમાં ભટકવામાં નિમિત્તભૂત છે. કેમકે જીવને મોહના દોષોને લીધેજ મહા કર્મબંધ થઈને આ દુઃખદ સંસારમાં રિબાવું પડે છે, અને એ મોહના દોષોને પોષનાર અતિચારો છે. એ અતિચારોનું સેવન જેમ-જેમ ઓછું થઈ જાય તેમ-તેમ આત્મા મોહના દોષોથી મુક્ત થતો આવે છે. માટે જ વ્રતધારીશ્રાવક અતિચારોને આચરતો નથી. તેમજ અણુવ્રતોને અનુકૂળ ઉત્તરગુણોને સ્વીકારે છે.

**પ્ર.**- અણુવ્રતો ઉપરાંત ઉત્તરગુણો કયા કયા છે ?

**ઉ.**- ઉત્તર ગુણોમાં ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો છે.

ત્રણ ગુણવ્રતોમાં ૧. દિક્પરિમાણ ગુણવ્રત ૨. ભોગોપભોગપરિમાણ ગુણવ્રત, અને ૩. અનર્થદંડવિરતિ ગુણવ્રત આવે છે.

ચાર શિક્ષા વ્રતોમાં ૧. સાવદ્યયોગ પરિવર્જન, નિરવદ્યયોગ પ્રતિસેવના (સામાયિક)રૂપ શિક્ષાવ્રત, ૨. દેશાવકાશિક શિક્ષાવ્રત. ૩. પોષધ શિક્ષાવ્રત અને ૪. અતિથિસંવિભાગ શિક્ષાવ્રત એ ચાર આવે છે. કુલ વ્રત ગણીએ તો બાર વ્રત થાય છે.

ગુણવ્રત અને શિક્ષાવ્રત અંગીકાર કર્યા પછી તે આત્મા શુભ પરિણામથી સદા યુક્ત બની ભાવથી અંતરમાંની વિરતિની પરિણિતિને ખંડિત થવા દીધા વિના બહારથી વ્રતને અર્થાત્ ઉત્તર ગુણોને બરાબર પાળે છે. તે વખતે તે તે વ્રતના અતિચારોને પણ ટાળે છે. કિન્તુ આચરતો નથી. વ્રતો અને અતિચારોનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૬. **દિક્પરિમાણ વ્રત :-** આમાં ઊર્ધ્વ, અધો અને તિર્યક્ અર્થાત્ ઉપરની, નીચેની અને તીર્છી ચારે દિશાઓમાં કેટલું વધુમાં વધુ જવું. તેનું પરિમાણ (મર્યાદા)



બાંધી તે ઉપરાંત તે તે દિશામાં જવાનું પચ્ચક્ખાણ કરાય છે. તેથી જ ત્યાગ કરેલી તે દિશાઓના ભાગો અંગેના કેટલાય પાપોથી બચી જવાય છે.

**વ્રતના પાંચ અતિચાર આ પ્રમાણે છે :-** (૧-૨-૩) **ઊર્ધ્વ, અધો અને તીર્છી** દિશાનું પ્રમાણ ઓળંગી જવું તે. આમાં મનમાં નાના મોટા માઈલ વગેરે કલ્પીને અતિચાર લગાડાય છે, તે ન કરવો જોઈએ. (૪) ક્ષેત્રવૃદ્ધિ-એમાં જરૂર પડ્યે એક બાજુની દિશાનું માપ વધારી લેવામાં આવે છે, અને મનમાં માની લેવામાં આવે છે કે આપણી કુલમર્યાદા બરાબર રહેવી જોઈએ. ત્યાં આ અતિચાર લાગે છે. **(૫) સ્મૃતિ-અંતર્ધાન** એટલે કે પોતે કઈ દિશામાં કેટલું પરિણામ રાખ્યું હતું તે ભૂલી જાય, તે પણ અતિચાર છે. તેથી વ્રતની મર્યાદા ઉપરાંત અધિક દૂર જવાનો સંભવ છે.

૭. **ભોગોપભોગ પરિમાણ વ્રત :-** આમાં પોતાને ભોગ અને ઉપભોગમાં લેવાની વસ્તુઓનું માપ નક્કી કરી, તે સિવાયની જગતભરની વસ્તુઓના ભોગ-ઉપભોગનો ત્યાગ કરવામાં આવે છે, ભોગની વસ્તુ તે ગણાય કે જેનો એક જ વાર ઉપયોગ થઈ શકે છે; દા.ત, ખાનપાનની વસ્તુ, ઉપભોગની વસ્તુ તે છે કે જેનો વારંવાર ઉપયોગ થઈ શકે છે; દા.ત વસ્ત્ર, વાહન, મકાન વગેરે, ભોગની મર્યાદામાં ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાયનો ત્યાગ આવે; તેમજ વાશી, બોળો, વિદળ, ચલિતરસ ત્યાગ કરાય છે. ધાન્ય, શાકભાજી, ફળ, મેવાની સંખ્યા કે વજન-પરિમાણ મર્યાદિત નક્કી કરી બાકીનો ત્યાગ કરાય છે. તેમ સચિત્ત, દ્રવ્ય, વિગઈઓનું માપ કરાય છે; ઉપભોગની મર્યાદામાં (બૂટ) પગરખાં, વાહન, વસ્ત્ર, ગંધ વગેરે દૈનિક કેટલા વાપરવા એનું ધોરણ નક્કી કરી લેવાય છે, આની સાથેસાથે ખરકર્મ-બળદના નાક વીંધવા વગેરે હૃદયને નિષ્ઠુર કરનાર કર્મનો, તથા પંદર કર્માદાનના ધંધાનો ત્યાગ કરવામાં આવે છે. કર્માદાન એટલે જેમાં બહુ પાપ હોવાથી ચીકણા અને બહુ સંખ્યક કર્મનો સંચય થાય છે તે.

**પાંચ અતિચારો આ પ્રમાણે :- (૧) સચિત્ત આહાર**- સચિત્ત એટલે કે સજીવ વસ્તુ-ભક્ષણના ત્યાગનો નિયમ છતાં 'રંધાયું માટે અચિત્ત' એમ સમજી સચિત્ત વાપરે તે. દા.ત., બી વાળું જામફળનું શાક. **(૨) સચિત્ત પ્રતિબદ્ધ આહાર**- બીજી સચિત્ત વસ્તુ સાથે સંબંધવાળી વસ્તુનો આહાર. દા.ત. કાપેલા ફળના જે ટૂકડામાં સાથે બીજ પડી રહ્યું હોય, તે. (૩) **અપક્વ ઔષધિ ભક્ષણ**- અપક્વ એટલે બિલકૂલ નહિ સીજાયેલ વનસ્પતિ, કઠોળ વગેરેનું ભક્ષણ, (૪) **દુઃપક્વ ઔષધિ ભક્ષણ**- દુઃપક્વ એટલે બરાબર અચિત્ત નહિ થયેલ, દા.ત કાકડીનું શાક. **(૫) તુચ્છ ઓષધિ ભક્ષણ**- તુચ્છ એટલે જેમાં ખાવાનું થોડું જ હોય અને ફેંકી

દેવાનું ઘણું હોય તે.

અતિચારો ટાળીને આ વ્રત પળાય તે બહુ લાભદાયી છે. કેમ કે આમાં અનેક પ્રકારનો દૈનિક ત્યાગ હોવાથી અંતરમાં આરાધનાનો ભાસ થાય છે. તેમજ ઈન્દ્રિયો અને મન કાબૂમાં આવે છે.

**પંદર કર્માદાન ત્યાજ્ય છે તે આ પ્રમાણે :- ૧. અંગારકર્મ**- ભઠ્ઠી કરવી પડે તેવો ધંધો. **૨. વનકર્મ**-વાડી, બગીચા, ખેતી, વનકાષ્ઠ વગેરેના ધંધા, જેની પાછળ મહા આરંભ ચાલે છે તે. **૩. શકટકર્મ**-ગાડા-સાઈકલમોટર વગેરેનો વ્યાપાર. **૪. ભાટકકર્મ**-પશુ વાહન વગેરે ભાડે દેવાના ધંધા. **૫. સ્ફોટક-કર્મ**- ખાણ ખોદાવવી, ભૂમિ ફોડાવવી વગેરેના ધંધા. **૬થી૧૦-દંત-લક્ખ-કેશ-રસ-વિષના વેપાર :-** દંત=હાથીદાંત વગેરે, લક્ખ=લાખ વગેરે; **કેશ**=વાળ દા.ત, ચમરી ગાયના વાળ; **રસ**= ઘી, તેલ વગેરે; **વિષ**=ઝેર, આ વસ્તુઓ પાછળ મોટી હિંસા છે માટે તેનો વેપાર ત્યાજય છે. **૧૧ યંત્રપીલણકર્મ**-ઘાંચી આદિના યંત્રમાં તલ પીલવા વગેરેના ધંધા, મિલ કારખાનાના ધંધા આમાં આવે. **૧૨ નિર્લાંછનકર્મ**-પશુને ખસી કરવા, નાક વીંધવા વગેરે ધંધા, **૧૩. દવાગ્નિદાન**-વન બળાવી કોલસા પાડવાના કે રહેઠાણ યોગ્ય જમીન કરવા વગેરેના ધંધા, **૧૪. અસતી પોષણ**-કૂતરા વગેરે પોષવા ઉછેરવાના વેપાર. વેશ્યાની દલાલી વગેરે. **૧૫. સર-દ્રહ-તલાવ શોષણ :-** સરોવર કૂવા વગેરે સુકાવી-પુરાવી નાખવાના ધંધા.

૮. **અનર્થદંડ-વિરતિગુણવ્રત :-** આ વ્રતમાં જીવન જીવવા માટે જે પાપપ્રવૃત્તિનું પ્રયોજન નથી તે આવે છે. અર્થ એટલે પ્રયોજન, જીવન જીવવા નિમિતે જે ભોગોપભોગ સેવાય છે, કે પરિગ્રહ રખાય છે, કે ચૂલા સળગાવવા વગેરે આરંભ સમારંભની ક્રિયા થાય છે, તેમાં જો કે આત્માને પાપ લાગે છે, તથા પાપના યોગે આત્મા કર્મથી દંડાય છે, છતાં તે દંડ અર્થવાળો દંડ, સપ્રયોજન દંડ છે. પણ જે ફોગટિયા મોજશોખ કે દુર્ધ્યાન વગેરે પાપો જીવન જીવવામાં જરૂરી નથી, તેનાંથી કર્મદંડ લાગે છે તે અનર્થદંડ છે. અર્થાત્ નિષ્પ્રયોજન દંડ છે. તેથી તે પાપોને પણ અનર્થદંડ કહેવામાં આવે છે. પાપભીરુ વ્રતધારી આત્મા, તેનો ત્યાગ કરી તેનાથી વિરામ પામે છે.

અનર્થદંડ પાપો ચાર પ્રકારે છે. **૧.** અપધ્યાનાચરિત :- દુર્ધ્યાન, શોક, કલ્પાંત વગેરે, **૨.** પ્રમાદાચરિત :- સીનેમા-નાટક પ્રેક્ષણ, નદીતળાવમાં સ્નાન, કે અધિક સ્નાન, મલ્લ યુદ્ધ-પશુયુદ્ધ વગેરેનું નીરીક્ષણ, શોખથી પશુ પંખી પાળવા, જુગટુ, શૃગારપ્રશંસા, વિકથા :- ભોજન-સ્ત્રી-રાજા-દેશની કથા વગેરે. **૩.** હિંસા-પ્રદાન :- પોતાના હિંસક સાધનો જેવા કે કોશ, કુહાડા, છરી, ધોકા, સાવરણી



વગેરે બીજાને આપવા તે. અને **૪.** પાપોપદેશ- બીજાને પાપક્રિયાની સલાહ, પ્રેરણા સૂચના આપવી, એની યોજના બતાવવી વગેરે.

આ આઠમા વ્રતના પાંચ અતિચારો :- (૧-૨) **કંદર્પ-કૌત્કુચ્ચ**-કર્મની ચેષ્ટાઓ કરવી, કામજનક વચનો ઉચ્ચારવા તે. (૩) **મૌખર્ય**-બહુ બોલબોલ કરવું, વાચાલ બનવું તે (૪) **સંયુક્તાધિકરણ** :- દાં.ત ઘંટીના બે પડ ભેગા કરીને તૈયાર રાખવા તે. અર્થાત્ અધિકરણ એટલે આરંભસમારંભનાં સાધન, એને એવા ભેગા મેળવી રાખે કે ઝટ કોઈ માંગવા આવે તો ના પાડી શકાય નહિ. (૫) **ઉપભોગ-પરિભોગાતિરેક-અધિક** પડતા ભોગ-ઉપભોગ સેવવા તે. આગળ વધીને અનર્થદંડમાં લઈ જાય માટે તે અતિચાર, આ પાંચે અતિચારો તજવા યોગ્ય છે.

૯. **સાવદ્યયોગ ત્યાગ - નિરવદ્યયોગ ગ્રહણવ્રત :-** આ નવમું વ્રત એટલે પહેલું શિક્ષાવ્રત, **સામયિકવ્રત** તરીકે પણ ઓળખાય છે. એમાં સંસારના કાર્યો જે સાવદ્ય કહ્યાં છે. અર્થાત્ પાપવ્યાપાર છે, તેનો ત્યાગ કરી, નિરવદ્ય અર્થાત્ નિષ્પાય વ્યાપારનો આદર કરાય છે. સાવદ્ય કાર્યોમાં સંસારનો કથલો આવે છે. નિરવદ્યમાં સ્વાધ્યાય, જપ, ધ્યાન વગેરે આવે છે. ઓછામાં ઓછું બે ઘડી માટે આ સામાયિક કરાય છે. એથી આત્મા ઘણા પાપથી બચે છે.પરમાત્મસ્વરૂપચિંતન અને સ્વાત્માનુ યથાર્થ ભાન કરી શકે છે. સારી ભાવનાઓ ભાવી શકે છે, તત્ત્વ અધ્યયન, ધ્યાન, કાઉસ્સગ્ગ, જાપ વગેરે કરી શકે છે. તેથી કર્મ ખપે છે, આત્મપ્રસન્નતા વધે છે, ફરી ફરી સાવદ્યયોગથી ખસી સામાયિકમાં બેસવાનું મન થાય છે.

આના પાંચ અતિચારમાં **(૧થી૩)**મન-વચન-કાયાની અશુભ પ્રવૃતિઓ અર્થાત્ અશુભ વિચારણા-ઉચ્ચારણ અને કાયિક હીલચાલ.(૪) સામાયિક લીધાનું કે કર્યાનું સ્મરણ ન રાખવું તે. **(૫)** સામાયિકમાં અસ્વસ્થ આકુલવ્યાકુલ થવું તે. આ પાંચે અતિચારો તજવા યોગ્ય છે.

૧૦. **દેશાવકાશિક શિક્ષાવ્રત :-** આ વ્રતમાં જીવનભર માટે લીધેલા છઠ્ઠા દિશાપરિમાણવ્રતની મર્યાદામાંથીય રોજને માટે પાછા સંક્ષેપ કરવાનું આવે. ઉપલક્ષણથી બીજા વ્રતોનો પણ સંક્ષેપ અહીં દિનભર માટે કરી શકાય.

આના પાંચ અતિચારમાં (૧-૨) આનાયન પ્રયોગ પ્રેષણ-અર્થાત્ મર્યાદિત ભૂમિની બહારથી વસ્તુ મંગાવવી, કે ત્યાં મોકલવી તે. (૩-૪) શબ્દાનુપાતિત્વ-રૂપાનુપાતિત્વ, એટલે કલ્પેલી મર્યાદા બહાર શબ્દ પહોંચાડવો, અગર રૂપ બતાવવું તે. (૫) બહારમાં પુદ્ગલ-પ્રક્ષેપઃ-મર્યાદિત ભૂમિ બહાર કાંકરો વગેરે નાખી સંકેત આપવો તે. આ અતિચારો ત્યાજય છે.

૧૧. **પૌષધ-શિક્ષાવ્રત :-** આ વ્રતમાં આહાર-શરીરસત્કાર બ્રહ્મચર્ય અને

અવ્યાપારનો પૌષધ કરવામાં આવે છે. અર્થાત્ **૧.** આહારનો સર્વથા કે અંશે ત્યાગ, **૨.** શરીરશોભા, સ્નાન વગેરેનો ત્યાગ, **૩.** બ્રહ્મચર્યનો સ્વીકાર, અને **૪.** સાંસરિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરી દિવસ, રાત્રિ કે અહોરાત્ર માટે સ્વાધ્યાય-ધ્યાન વગેરે નિરવદ્ય ધર્મ પ્રવૃતિમાંજ રહેવાનું હોય છે.

આના પાંચ અતિચારમાં **(૧)** અપ્રતિલેખિત-દુષ્પ્રતિલેખિત શય્યા-સંસ્તારક-આરોહણ :- અર્થાત્ બિલકુલ નહિ જોયેલ તપાસેલ કે ગમે તેમ જોયેલ તપાસેલ જમીન, સંથારા પર આરૂઢ થવું તે, આમાં જીવહિંસા થાય. **(૨)** એવું જ બીજા અતિચારમાં 'અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક-આરોહણ' અર્થાત્ પ્રમાર્જના કરેલ જ નહીં, કે બરાબર નહી કરેલ સ્થાન-સંથારાનો ઉપયોગ. જેવું આના માટે, તેવું (૩-૪) મળમૂત્રનો ત્યાગ કરવાની જમીન આદિ અંગે, જોવા-તપાસવા કે પ્રમાર્જવામાં બીન સાવધાની. અગર તે ક્રિયા બિલકુલ નહિ કરેલા, કે બરાબર નહિ કરેલ. **(૫)** પૌષવધવ્રતનું બરાબર પાલન નહિ તે. આ અતિચારો ત્યાગ કરવાના છે.

૧૨. **અતિથિસંવિભાગ શિક્ષા વ્રત :-** આ વ્રતમાં પોતાના આત્મ ઉપકારને અર્થે સંયમી મુનિરાજને (સાધુ-સાધ્વી) ને અન્નપાણી વગેરે એટલે આહાર પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધિ, પુસ્તક, વસતિ વગેરેના દાન આવે. દાન કરવાના આ દ્રવ્યો ન્યાયોપાર્જિત જોઈએ, અને ઉપરાંતમાં સાધુધર્મને કલ્પે તેવા જોઈએ. અર્થાત્ અચિત્ત અને નિર્દોષ જોઈએ નિર્દોષ એટલે એ બનાવવા, રાખવામાં સાધુનો કોઈ ઉદ્દેશ નહિ. તેવા બીજા પણ દોષો લાગેલા ન હોવા જોઈએ. વળી તે દાન, દેશ-કાલ-શ્રદ્ધા અને સત્કારના ક્રમવાળું અર્થાત્ ઔચિત્યવાળું જોઈએ. દાન, દેશને ઉચિત, યોગ્ય કાળે, હૃદયમાં ઊભરાતી શ્રદ્ધાથી અને ઊંચા સત્કાર બહુમાન સાથે દેવાવું જોઈએ. ઉત્કૃષ્ટ ભક્તિથી દાન કરવું જોઈએ, આ સુપાત્રદાન કહેવાય. એ માટેનું આ વ્રત લેવાય છે.

આ વ્રતમાં પાંચ અતિચાર આ પ્રમાણે છે :- **(૧)** સચિત્ત નિક્ષેપણ, અર્થાત્ વહોરાવવાની એટલે કે દાનમાં દેવાની વસ્તુ બીજી કોઈ સચિત્ત વસ્તુ ઉપર મૂકી દે. તેથી સાધુ હવે તે વસ્તુ વહોરી શકે નહિ. **(૨)** સચિત્ત પિધાન એટલે વહોરાવવાની વસ્તુ ઉપર કોઈ સચિત્ત વસ્તુ ઢાંકી દે તે. **(૩)** કાલાતિક્રમ એટલે સાધુનો વહોરાવવાનો સમય વિતાવી દે, અર્થાત્ તે સમય દરમિયાન વિનંતિ ન કરે; કે ઘરમાંથી આઘોપાછો થઈ જાય. **(૪)** પરવ્યપદેશ એટલે વસ્તુ ન વહોરાવવાની બુદ્ધિએ એ પોતાની છતાં પારકી છે એમ કહે. **(૫)** માત્સર્ય એટલે કોઈની ઈર્ષ્યાથી દાન દે, એના કરતાં હું સારૂં દાન કરું એ બુદ્ધિથી દાન દે.



ત્રણે ગુણવ્રત અને ચારે શિક્ષાવ્રતના બતાવેલા અતિચાર અને એવા બીજા અતિચારને વ્રતધારી શ્રાવક આચરતો નથી; અને લીધેલા વ્રતનું અખંડ અને સુંદર સુંદર પાલન કરે છે. આ દેશવિરતિ ધર્મની વાત થઈ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૬,તા.૧૭-૧૦-૧૯૫૩

# સર્વ વિરતિ-સાધુધર્મ

**'જીવો જીવસ્ય જીવનમ્' એટલે શું ? :-** પરમકૃપાળુ અવધિજ્ઞાની ચૌદપૂર્વી આચાર્ય ભગવાન શ્રી વિજયસેન મહારાજ સંવેગ-રંગમાં ઝીલતા રાજા ગુણસેનને દેશવિરતિધર્મની વાત કર્યા પછી હવે સર્વવિરતિધર્મની વાત સમજાવે છે. કોણ છે આ ગુણસેન ? આગળ ઉપર થનાર શ્રી સમરાદિત્ય કેવળી ભગવાનનો જીવ. એને ધર્મ પમાડે છે વિજયસેન આચાર્ય મહારાજ. ત્યારે એમને ધર્મ કોણે પમાડ્યો ? ગુફામાં કેવળજ્ઞાની બનેલા ગુરુવરે. એક પામેલો જીવ બીજા જીવને ધર્મજીવન આપે છે, એનો અર્થ એ કે **'જીવો જીવસ્ય જીવનમ્ ।'** જીવન એટલે ભક્ષણ નહિ 'એક જીવ બીજા જીવનું ભક્ષણ કરે' એવો એનો અર્થ નથી. અર્થ એ છે કે **એક જીવ બીજા જીવને ધર્મજીવનમાં ઉપકારી થાય.** અહીં આચાર્યદેવ કહે છે.

**સર્વવિરતિ માટે કેટલી સ્થિતિ ઘટવી જોઈએ :-**

પૂર્વે કહ્યા મુજબ અતિચારો ટાળવા પૂર્વક અણુવ્રતો, ગુણવ્રતો અને શિક્ષાવ્રતોનું પાલન કરતાં કરતાં શ્રાવકપણાના પર્યાય વધારે ત્યારે, આમ શ્રાવકપણું પામવા માટે પૂર્વે પલ્યોપમ-પૃથક્ત્વ જેટલી સ્થિતિ તો કર્મસ્થિતિના અંતઃકોડાકોડી સાગરોપમમાંથી ઘટાડી હતી. તે હવે બાકીમાંથી પણ અધિકતર શુભ આત્મ-પરિણતિથી તેજ જન્મમાં કે અનેક જન્મોમાં સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટાડવાથી સર્વવિરતિ સાધુધર્મ પ્રાપ્ત થાય છે.

**દેશવિરતિમાં** અણુવ્રતો એટલે કે નાના રૂપમાં વ્રતો હોય છે; પાપનો ત્યાગ સૂક્ષ્મરૂપે નહિ પણ સ્થૂલરૂપે થાય છે; તેથી એને સ્થૂલપ્રાણાતિપાતવિરમણ વગેરે કહેવામાં આવે છે.

ત્યારે **સર્વવિરતિમાં** મહાવ્રતો હોય છે, તેમાં પાપનો ત્યાગ સૂક્ષ્મ રીતે કરવામાં આવે છે. દા.ત. સર્વતઃ પ્રાણાતિપાત-વિરમણ; અર્થાત્ મન-વચન-કાયાએ

કરણ-કરાવણ-અનુમોદન રૂપ પ્રાણાતિપાતનું વિરમણ, ઈત્યાદિ. આ સર્વવિરતિના પાલનમાં શું શું કરવાનું હોય છે તેનું વર્ણન આગળ ગુણસેન રાજાની ભાવનામાં આવવાનું છે. અહીં તો આચાર્ય ભગવાને દસ પ્રકારનો યતિધર્મ બતાવ્યો છે.

**-: ૧૦ પ્રકારે યતિધર્મ :-**

ક્ષમા-મૃદુતા-ઋજુતા-મુક્તિ-તપ-સંયમ-સત્ય-શૌચ-આકિંચન્ય અને બ્રહ્મચર્ય, આ દસ ધર્મ યતિધર્મમાં આવે છે.

**મુનિનું નામ ક્ષમાશ્રમણ કેમ ? તપઃશ્રમણ વગેરે કેમ નહિ ?** -અહીં ક્ષમા ગુણને પહેલો મૂકયો છે, માટે જ મુનિને ક્ષમાશ્રમણ કહેવાય છે. **ક્ષમાયુક્ત શ્રમણ, ક્ષમાપ્રધાન શ્રમણ, અથવા ક્ષમાથી ક્ષમે- આત્માને કસે, તે ક્ષમાશ્રમણ** -અહીં પ્રશ્ન થાય કે શું ક્ષમા સિવાય બીજા ગુણો શ્રમણમાં નથી ? છે જ, તો તે હિસાબે મૃદુતાશ્રમણ કેમ ન કહ્યું.

**૧. ક્ષમા**

આનો ઉત્તરજ એ છે કે બધા ગુણોમાં ક્ષમાનો પ્રથમ નંબર છે, ક્ષમા અતિ આવશ્યક છે, ક્ષમા બહાર જણાઈ આવે છે, વગેરે કારણોએ એ ગુણ લઈ ક્ષમાશ્રમણ કહ્યું. ચારિત્ર માટે ક્ષમા બહુ જરુરી છે, એ વાત **'ક્રોધે ક્રોડપૂરવ તણું સંયમ ફળ જાય'** એ વચનથી બરાબર સમજાય છે. ક્ષમાના નાશથી બીજા ગુણોને નાશ પામતા વાર નથી લાગતી. એનું એક કારણ એ છે કે **ક્ષમાના નાશથી અર્થાત્ ક્રોધના ઉદયથી પછીના ભવજ એવા મલે છે કે જેમાં બીજાય ગુણો ન રહેવા પામે.** દા.ત સાધુના ભવે ક્રોધ કર્યાથી પછી ચંડકોશિક તાપસમાં કે નાગમાં મૃદુતા, તપ, સંયમ વગેરે ગુણો ક્યાં રહેવા પામ્યા હતા ? ક્ષમા તો ગુણોની માતા છે, ગુણોની સરદાર છે. કર્મના વિપાકને સમજનારને ક્ષમા રાખવી કઠિન નથી. આપણું વાકું જો આપણા કર્મજ કરે છે તો પછી બીજા પર શા સારુ ગુસ્સો કરવો ? ક્ષમા જ રાખવી. વળી ગુસ્સો કરવાથી નવીન કર્મબંધ થાય છે, આત્મ-સત્ત્વ હણાય છે. વૈર વધે છે, નુકસાની પાછી વળતી નથી, લોહી તપી ઊઠે છે એમ ઘણા અનર્થ હોવાથી ક્રોધને ત્યજી ક્ષમા ધરવી.

**૨ મૃદુતા**

**ગર્વત્યાગ માટેની છ વિચારણા :-** બીજા યતિધર્મ મૃદુતામાં માનનો ત્યાગ અને વિનય-નમ્રતાનું પાલન કરવાનું હોય છે. આ માટે વિચારવું કે,

(૧) પૂર્વ પુરુષસિંહો આગળ આપણે જ્ઞાનમાં-તપસ્યામાં-ચારિત્રમાં-વિદ્યામંત્ર-શક્તિમાં કોણમાત્ર છીએ કે ગુમાન કરીએ

(૨) ત્યારે એવી આપણામા કઈ મોટી યોગ્યતા આવી ગઈ છે ? કે



(૩) આપણી કઈ દોષરહિત સ્થિતિ બની છે કે જેથી માનનો દાવો રાખીએ ?

(૪) તેમજ ગર્વ કરવાથી કયો આત્મગુણ પોષાય કે વધે છે ?

(૫) અભિમાનથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પૈકી કોનો પર્યાય વધે છે કે પુષ્ટ થાય છે ? કોઈનો નહિ.

(૬) કર્મ ખપાવવા હતા તેથી આપણા પ્યારા પ્રભુએ અનંતબળ છતાં સંગમ-ગોવાળિયા આગળ ક્યાં જરાય ગુમાન દાખવ્યું હતું ? ઊલટું મૌનપણે એના ત્રાસ સહ્યા હતા.

ઈત્યાદિ વિચારી ગર્વ અકડાશ ત્યજી બહુજ નમ્ર અને મૃદુ બનવાની જરૂર છે. મૃદુતામાં હૃદય કોમળ હોવાથી અનેક ગુણો આવે છે, ગુરુ આદિ પાસેથી વિદ્યા વગેરે મળે છે. સૌનો પ્રેમ જીતાય છે. **'વિનય વેરીને વશ કરે છે.'** નવો કર્મબંધ થતો નથી. પાછળથી પસ્તાવું પડતું નથી; વગેરે લાભો પણ અનેક છે.

**૩. ઋજુતા**

ત્રીજા યતિધર્મ **'ઋજુતા'** માં માયા-કપટનો ત્યાગ અને હૃદયની સરળતા આવે. અહીં વિચારવું જરૂરી છે કે,

(૧) પ્રચંડ અને દાવપેચથી હૈયું બગડે છે. આત્માના સુસંસ્કાર બગડે છે, તેથી ભવિષ્ય બગડે છે.

(૨) પૂર્વ જન્મોમાં સેવેલી માયાનું ફળ ગરોળી, બિલાડી વગેરેના જીવનમાં દેખાય છે. એનું આખું જીવન શુ? છળ-પ્રપંચથી અંધારામાં કે ઓથે છૂપાઈ રહી શિકારને ઝંખ્યા કરે, અને અવસર આવે શિકારને જાનથી મારે, એજ ને ? લગભગ ચોવીસે કલાક એજ લેશ્યા. વિચારો પાપકર્મના કેવા થોકના થોક ઉપાર્જાતા હશે. આ માયાથી એનું ભાવી ભંયકર છે.

(૩) અહીં કેટલો કાળ જીવવું છે ? ભાવી અસંખ્યકાળની અપેક્ષાએ બહુ થોડો ને ? એવા અતિ થોડા કાળમાં માયા સેવી શા માટે ભાવી અસંખ્યકાળ બગાડવો ?

(૪) માયાથી લોકનો વિશ્વાસ ગુમાવવો પડે છે, હૈયામાં શલ્ય રહે છે, બહુ કાળ ચિંતા તથા દુર્ધ્યાનમાં જાય છે, અને હલકા તિર્યંચ વગેરેના અવતાર અને ત્યાં ઘોરપાપ સેવવાનું નક્કી થાય છે.

(૫) માયા કરવાથી કંઈક દુન્યવી લાભ મળ્યો એમ લાગતાં એ માયા પર કર્તવ્યની મહોર છાપ અને સારાપણાનો સિક્કો લગાડી મિથ્યાત્વના ખાડામાં ગબડી પડાય છે.

(૬) માયાને તો સંસારની માતા કહી છે.

ઈત્યાદિ અનેક અનર્થો માયાના જાણી તેનો સત્વર સદાને માટે ત્યાગ કરી સરળતા-ભદ્રકતા-ઋજુતાનો જ સ્વભાવ બનાવી દેવો જોઈએ. **માયા તજવાથી અને સરળ હૃદયીપણે રહેવાથી,**

**સાચી દેવગુરુની ભક્તિ, ઉપકારીની કૃતજ્ઞતા, પરમાર્થવૃત્તિ વગેરે ઉમદા ગુણો ખીલે છે. સરળતાથી અનુપમ આત્મશાંતિનો અહીંજ અનુભવ થાય છે.**

### ૪. મુક્તિ

યતિધર્મમાં ચોથી છે મુક્તિ. મુક્તિ એટલે લોભથી મુક્તિ, તૃષ્ણાથી મુક્તિ. મુક્તિ જે મોક્ષને કહેવાય છે. તે આ (ઈચ્છા-તૃષ્ણા-મમતાથી) મુક્તિ મળ્યા પછી દૂર નથી. અરે ? એટલું જ નહિ પણ એ **મોક્ષરૂપી મુક્તિનો સ્વાદ, લોભ-મુક્તિ કરવાથી, જાણે અહીં જ અનુભવાય છે.** આજે કેટલાક માણસો એમજ પૂછે છે કે 'મોક્ષમાં શુ સુખ? તે પ્રશ્નનું કારણ એ છે કે એ લોકોને તૃષ્ણા-મમતા-લોભ એટલા બધા વળગેલા છે, કે તેઓ એનેજ જીવન માને છે, એમાંથી જયાં-સુધી મુક્તિ એટલે કે છૂટકારો ન લે, ત્યાંસુધી મોક્ષસુખની એ કલ્પના નહિ કરી શકે. એવા બહુ તૃષ્ણાવાળાના મનમાંજ તે નહિ ઉતરે કે મોક્ષમાં અનંતસુખ છે. **જેમ ખરજવાના દર્દીને 'નહિ ખણવાના આરોગ્યમાં સુખ છે,' એ સમજાતું નથી, જેમ તાવવાળી જીભે સારી વસ્તુનો સ્વાદ સમજાતો નથી; તેમ લોભમાં રક્ત માનવીને મોક્ષનું સુખ સમજાતું નથી.** વાત પણ સાચી છે કે જયાં સુધી અતિલોભ તૃષ્ણા અતે મમતા રૂપ ખરજવું કે તાવ હોય ત્યાં સુધી મોક્ષરૂપી આરોગ્યનો સુખાસ્વાદ શે સમજાય ?

માટે જ, નિર્લોભતા-નિસ્પૃહતા, કેળવવાની જરૂર છે, તૃષ્ણા-નાશ, મમતા-ત્યાગ સિદ્ધ કરવાની જરૂર છે. એ કેળવાય, એ સિદ્ધ થાય એટલે તો પછી એવો આંતરસુખનો અનુભવ થશે કે જગત કુછ વિસાતમાં નહિ લાગે. **'निस्पृहस्य तृणं जगत्'** એને એમ થશે કે જો થોડીઘણી પણ જગતના પદાર્થોની આકાંક્ષા મૂકી તો એ તૃષ્ણાના કાપથી કલેજે અદ્‌ભુત ઠંડકનો અનુભવ થાય છે, અપૂર્વ શાંતિ ચિત્ત ભૂમિમાં પથરાઈ જાય છે, અને હૈયું આત્માનંદથી ઉભરાઈ જાય છે, તો પછી જગતનું બધુંય મુકાઈ જાય તો કેવી અનંત શાંતિ, અનંત આનંદ, અને અનંત ઠંડક અનુભવવા મળે !!

જયાં મોક્ષમાં શરીર જ નથી તેથી જ શરીરના ધર્મો ઓછામાં ઓછી રીતે બજાવવા જેટલી પણ ઈચ્છા કે ફિકરનું નામ નિશાન નથી. ત્યાં અનુપમ સુખ હોય એમાં નવાઈ નથી. **ઈચ્છામાં, લોભમાં, ને મમતામાં તો પાર વિનાના દુઃખ છે. કારણ કે,**



(૧) એને સંતોષવાની સળગતી ચિંતાઓના મહાસંતાપ છે.

(૨) એના ઉદ્યમમાં અઢળક વેઠ છે.

(૩) એક ઈચ્છા તુપ્ત થઈ ન થઈ ને પાછી બીજી ઈચ્છા આવીને ઊભીજ રહે છે. ખાવાની ઈચ્છા થઈ એને મહામજુરી કરી સંતોષી, તો હવે ખાધું એટલે ફરવાની કે આરામ લેવાની ઈચ્છા થઈ. **આમ ઈચ્છાના રવાડે ચઢવામાં ઈચ્છાઓની સાયકલ ચાલ્યા કરે છે,** એ પૂરવામાં કેટકેટલી ચિંતા, હાડમારી, પરિશ્રમ વગેરે ઉઠાવવા પડે છે, એ તો અનુભવોજ છો ને ?

(૪) એમાં કયાંક અપમાન તિરસ્કાર, ટોણાં પણ વરસે છે ને ?

(૫) ત્યારે નિરાશ થઈ 'આના કરતાં તો એના વિના ચલાવ્યું હોત તો સારું' એવું કેટલીકવાર ખેદ પશ્ચાત્તાપ વગેરે થયું છે ને ?

કેમ આ બધું ? કહો કે ઈચ્છાના પાપે, લોભના વાંકે. હજી આગળ વધો.

(૬) લોભથી ભાઈ-ભાઈમાં ઝઘડા અને મા-બાપથીય જુદાઈ થાય છે તેમ.

(૭) ધર્મમાં અખાડા ગુરુથી ડરી-ડરીને છેટા ભાગવાનું, એવું એવુંય બને ખરું ને ?

(૮) તૃષ્ણાને વશ પડી કાળાં કામ, છેતરપીંડી, પાપધંધા, ઉપકારીનો દ્રોહ, ગુણીઉપર દ્વેષ-એવું એવું પણ બને કે નહિ ?

લોભવશ **કનકરથ** રાજા પોતાના જન્મતા પુત્રના અંગ-છેદ કરાવતો; જેથી એ રાજ્યગાદીને લાયક ન રહે. **ચૂલણીમાતાએ** પોતાના જ પુત્ર બ્રહ્મદત્તને લાખના ઘરમાં રાખી ઘર સળગાવ્યું. **કોણિકે** ઉપકારી પિતા શ્રેણિકને કેદમાં પૂરી ફટકા મરાવ્યા. **વિનયરત્ને** ધર્મી ગુણીયલ અને પૌષધમાં રહેલા ઉદાયી રાજાનું ખૂન કર્યું, લોભ-તૃષ્ણા-મમતા શું શું અકાર્ય નથી કરાવતા ? કહો કે બધું જ કરાવે છે. એથી ભયંકર પાપો થાય છે, અને સર્વ ગુણો નાશ પામે છે. **'પાપનો બાપ લોભ છે.'**

(૯) **सर्वगुण-विनाशको लोभः** એમ પ્રશમરતિમાં ઉમાસ્વાતિ મહારાજ કહે છે.

(૧૦) લોભમાં પૂર્વના મહામૂલા પુણ્ય ઘસાઈ જાય છે.

(૧૧) લોભ-મમતાના પાપોથી ભયંકર કર્મબંધ અને અનેક દુર્ગતિના ભવોમાં ભટકવાનું થાય છે.

માટે તો પૂર્વ પુણ્યનો નાશ, ગુણનાશ, પાપબંધ, અને અનેક દુર્ગતિના ભવોમાં ભટકવાનું થાય છે.

માટે તો પૂર્ણ પુણ્યનો નાશ, ગુણનાશ, પાપબંધ, અને બીજા ચિંતા-ત્રાસ-નકામી વેઠ વગેરેના દુઃખોથી બચવા ઈચ્છનાર મુનિએ બધાના મૂળભૂત લોભથી પાછાં ફરી

નિર્લોભ, નિરીચ્છ, નિસ્પૃહ બનવાનું છે. એથી આત્માનંદ ઉપરાંત જગતના સન્માન મળે છે **'ન માગે દોડતું આવે'** મોટા સમ્રાટ રાજાના પૂજ્ય બનાય છે. આ લોભમુકિત ખૂબ અનુભવવી. **'જોઈએ' માં જેટલો કાપ, તેટલું નક્કર સુખ.**

### ૫. તપ

યતિધર્મમાં પાંચમો ધર્મ છે તપ. તપ એ તો સાધુનું આભૂષણ છે. **મહાવ્રતો એ સાધુનું નિર્મળ શરીર. પરંતુ એના પર શોભાકારી અલંકાર તરીકે તપ છે.** 'તપ' વિશાલ અર્થમાં, છ બાહ્ય અને છ આભ્યન્તર-એમ બાર પ્રકારે છે. **બાહ્યમાં** ૧. ખાવાના ટંકના ત્યાગ ૨. ભૂખ છતાં થોડા કોળિયાનો ત્યાગ, ૩. ખાવાની કેટલીક વસ્તુના ત્યાગ, ૪. રસના ત્યાગ, ૫. કાયાને કષ્ટી, અને ૬. અંગોપાંગનું સંગોપન આવે, બને તેટલી કાયાની કે અવયવોની હીલચાલ ઓછી કરવાની.

**આભ્યન્તર તપમાં :-** ૧ પ્રગટ કે છૂપા ગુનાની ગુરુ આગળ ઈકરારપૂર્વક ગુરુ પાસેથી પ્રાયશ્ચિત્તનું ગ્રહણ અને સેવન, ૨. વિનય, ૩. વૈયાવચ્ચ, ૪. સ્વાધ્યાય ૫. ધ્યાન અને ૬. કાયોત્સર્ગ-એ આવે. આ બધોય તપ ખાસ સેવવા યોગ્ય છે.

**તપના લાભ :- ૧.** તપ ચીકણાં કર્મને પણ તપાવી નાશ પમાડી દે છે, **૨.** તપથી મન ખૂબજ કાબુમાં આવે છે. **૩.** ઈન્દ્રિય શાંત થાય છે, **૪.** આત્મા ભવિષ્ય માટે આશ્વાસન અનુભવે છે. **૫.** તપથી અનેક વિદ્યાશકિત અને લબ્ધિઓ પ્રગટ થાય છે. **૬.** અનાદિની આહારાદિ સંજ્ઞાઓ તપથી તૂટે છે. તપથી કુસંસ્કારો વિચ્છેદ પામે છે. **૭.** તપથી મહાવિઘ્નો પણ શમી જાય છે; તેથી તપ એ શ્રેષ્ઠ મંગળ છે. નવકાર મહામંત્ર જે પ્રથમ મંગળ છે, તે પણ તપમય છે.

શ્રી તીર્થંકરદેવ જેવા પણ જે તેજ ભવે પોતે નક્કી મુક્તિ પામવાનું જાણે છે, તેઓશ્રી પણ ચારિત્ર લઈને ઘોર તપ આદરે છે. એમની પાછળ મહામુનિઓ મેઘકુમાર, શાલિભદ્ર, ધનાજી, કાકંદીનો ધન્નો વગેરે મહાસુકોમળ છતાં ગજબનો તપ આદરી કાયાને સુક્કી ભુખ્ખી અને લુખ્ખી કરી દે છે, હાડપિંજર જેવી કરી દે છે. કેમ જાણે એમજ સમજી બેઠા હશે કે **'આ માનવની મહાપુણ્યે ખરીદેલી કાયા તપરૂપી કોલુમાં પીલવાથીજ પાપક્ષય અને પુણ્યના મધુર રસ આપે; માટે લોહીના છેલ્લા બુંદ અને માંસના છેલ્લા કણ સુધી કાયામાંથી તપદ્વારા કસ ખેંચવો જોઈએ.** તપદ્વારા મહાન પુણ્યાનુબંધી પુણ્ય અને કર્મક્ષયનો કસ ખેંચવામાં કાયાનું જેટલું માંસ-લોહી બાકી રહી જશે તે તો અગ્નિમાં જશે. માંસ-લોહી એવું શા માટે વેડફી નાખવું ? ફરી ફરીને આવી કાયા કયાં મળશે ? એ હજીય મળે પણ તપદ્વારા એને કસવા-ઘસવાની કરામત શિખવનારું શ્રી જિનેશ્વર દેવનું શાસન ફરી-ફરીને



કયાં મળશે ?

લોચ વગેરે કાયકલેશ છે. વગેરેમાં બાવીસ પરીસહ અને મારણાન્તિક સુધીના ઉપસર્ગ આવે. એ તથા અંગોપાંગનું સંગોપન આ બે દ્વારા તો આત્મા અકલ્પ્ય લાભ પામે છે. એમાં સાથે વિનયાદિ, અને શાસ્ત્રનું ચોવીસે કલાક પારાયણ. -એ તો જીવને જગત ભૂલાવી દે છે. ત્યારે શુભધ્યાન એ અપૂર્વ છે.

**૧. અહીં જન્મીને શ્રાવિકામાતાની કુક્ષી અજવાળવી હોય, ૨. શ્રી મહાવીર પ્રભુનું શાસન પામ્યા તે સાર્થક કરવું હોય, અને ૩. ભાવી અનંતકાળને ઉજ્જવળ કરવો હોય, તો બીજી આળપંપાળ શું કરવી હતી ? એક માત્ર મહાકલ્યાણ તપની પૂંઠે લાગી જવું જોઈએ.**

### ૬. સંયમ

છઠ્ઠા યતિધર્મ-સંયમમાં જીવવિરાધનાથી બચવાનો તીવ્ર ઉપયોગ આવે છે. શાસ્ત્રમાં પ્રેક્ષાસંયમ, ઉપેક્ષાસંયમ વગેરે કહ્યાં છે. મુનિને કોઈપણ વસ્તુ ઉપયોગમાં લેતા પહેલા ખૂબ સારી રીતે સૂર્યના પ્રકાશમાં જોવાની-તપાસવાની હોય છે; ને મૃદુ ઊનના રજોહરણથી પ્રમાર્જવાની હોય છે. 'કોઈ જીવ બિચારો અહીં ભૂલો તો નથી પડ્યો ને ?' એ જાણે પડિલેહણામાં, ઈર્યાસમિતિમાં, આદાનભંડ-નિક્ષેપ કે પારિષ્ઠાપનિકામાં જોવું પડે. **આ જોવાનું પ્રમાદદોષ પર સંયમ કેળવવાથી થાય. માટે આને સંયમ કહેવાય.**

**''જીવે અનેક ભવોમાં બીજી-ત્રીજી ઘણી-ઘણી કાળજીઓ કરી છે, પણ એનું ફળ શું ? સંસાર-ભ્રમણ ! ત્યારે આ કાળજી, આ સંયમનું ફળ ? સદ્‌ગતિ અને મોક્ષ. પણ તે આચરવાનું તો પછી, કિન્તુ પળે પળે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ હિંસાથી બચવાની કાળજી અને સંયમ જાણવા-સમજવા પણ બીજે કયાં મળે ? અનંતજ્ઞાની અરિહંત દેવોએ સ્વયં આરાધેલું અને જગતને ભાખેલું એ સંયમ મને મહાપુણ્યે સમજવા મળ્યું, તો એને હું જરૂર આરાધી લઉં''- આવી ધગશ રહેવી જોઈએ; અને સાથે સંયમનો ઉગ્ર પુરૂષાર્થ જોઈએ; સંયમમાં ઈન્દ્રિયસંયમ, મનઃસંયમ, વગેરે પણ કેળવવાના છે.**

### ૭. સત્ય

યતિધર્મમાં સાતમો ધર્મ સત્યનો છે.સત્ય એ આમ પ્રસિદ્ધ ગુણ છે, પરંતુ સાધુ જે સત્ય આદરે છે, તે સૂક્ષ્મ કોટિનું છે. એમાં માનસિક પણ અસત્ય ત્યાજ્ય હોય છે. તેમજ અસત્ય બોલે એમાં સંમતિ, રાજીપો કે ભાગલાગો રાખવાનું પણ ત્યાજ્ય છે. ક્રોધાદિ કે ભયથી કે હાસ્યાદિથી, ગમે તે હેતુએ પણ જૂઠ બોલવાનું મુનિને બંધ છે.

ત્યારે સાચું પણ વચન સાવદ્ય હોય તો તેય બોલવાનું બંધ છે. દા.ત. મેતારજ મુનિએ 'ક્રૌંચ પક્ષી જવલા ચણી ગયો છે.' એ સત્ય પણ વચન સોનીને ન કહ્યું. કેમ કે પક્ષીને કદાચ સોની હણે તો ? તેમજ એ પણ વાત છે કે સોનીના જવલાની વાત સાવદ્ય છે, મુનિ સાંસારિક વાતમાં પડે નહિ. આમ મેતારજ મુનિએ કાંઈ ન બોલતાં મૌન રાખ્યું. ત્યારે અપ્રિય પણ સાચું ન બોલી શકાય. દા.ત કાણાને કાણો, આંધળાને આંધળો ન કહેવાય. આવી રીતની મર્યાદાઓ સાચવીને મુનિ સત્યને વળગી રહે છે. જીવનભર સત્યને છોડતાં નથી.

**સત્ય** (૧) એ એક મહાન ગુણ છે. (૨) જીભનો અલંકાર છે. (૩) પ્રતિષ્ઠાનો હેતુ છે. (૪) પાપથી બચાવનાર છે. (૫) સત્યવાદીનો સૌ વિશ્વાસ કરે છે.

**જૂઠના નુકસાન :-** અસત્ય બોલવાથી (૧) લોકનો વિશ્વાસ ગુમાવાય છે; પછી (૨) અવસરે સાચું બોલેલું પણ 'વાઘ આવ્યો રે વાઘ' ની જેમ અસત્યમાં ખપે છે. (૩) અસત્યથી મન બગડે છે. (૪) પાછળથી પશ્ચાત્તાપ થાય છે; અને (૫) કેટલીક વાર એક અસત્યનો બચાવ કરવા માણસ બીજા અનેક અસત્ય બોલવા માંડે છે; અથવા બોલવાનો પ્રસંગ કદાચ ન આવે તોય મનમાં ગોઠવી રાખે છે ! (૬) અસત્યથી ઘણાં માઠાં કર્મ બંધાય છે, જેનો ફળરૂપે ભવાંતરમાં જીભ જ નથી મળતી અથવા સડેલી મળે છે, કે તોતડા-બોબડાપણું મળે છે. તે સિવાય બીજા નરક સુધીના ભયંકર દુઃખો મળે છે. વસુરાજા અસત્યથી નરકમાં ગયો.

(૭) આ જીવે **આજ સુધી પૂર્વના બહુ ભવોમાં અસત્યની મહાકુટેવો પાડી છે, તેથી તો સ્વાર્થ ઊભો થતાં અસત્ય બોલવાનું મન થઈ જાય છે; એ કુટેવ જો અહીં તાજી થઈ તો આગળ પરિણામ ખતરનાક છે, આ ભવની ભૂલના ગુણાકાર થાય છે,** માટે અહીં તો અસત્યને સ્વપ્નમાંથી પણ દૂર કરવું જોઈએ. સત્યની ગમે તે કષ્ટમાં પણ, સચોટ ટેવ પાડવી જોઈએ. એકવાર હિંમત કેળવી સત્ય સાચવતા થઈ ગયા પછી તો સત્યનો સ્વભાવ થઈ જાય છે. અહીંના બીજા-ત્રીજા કષ્ટ કે આફતની જે કિંમત નથી તે અસત્યના અસંખ્ય કાળ સુધીના ભયંકર કટુ-ફલની છે. માટે **ભલે કષ્ટ આવો, પણ સત્ય ન જાઓ.** ભલે આફત આવો, પણ અસત્ય નજ ખપે; આ નિર્ધાર જોઈએ.

### ૮. શૌચ

આઠમો યતિધર્મ શૌચ છે. શૌચ એટલે પવિત્રતા. અહીં માનસિક પવિત્રતા. આત્મિક પવિત્રતા લેવાની છે, મુનિ સાવદ્ય યોગ માત્રના ત્યાગી છે, એટલે કે ઝીણામાં ઝીણી હિંસા-જુઠ વગેરેના સર્વાંશે ત્યાગી છે, તેથી એજ એમની મહાન



સાચી પવિત્રતા છે; તેથી શારીરિક કે વસ્ત્રાદિ સંબધી ઉજ્જવલતાની એમની આગળ કાંઈ કિંમત નથી. તેમ એમને એની કાંઈ જરૂર નથી.

ઈતર શાસ્ત્રમાં પણ કહ્યું છે કે,

अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यं चतुर्थकम् । पञ्चमन्तु जलस्नानं (प्रोक्तमस्ति महर्षिभिः) ।

અર્થાત્ પહેલાં અહિંસા-સત્ય-અચૌર્ય-અને બ્રહ્મચર્ય એ ચાર ઉત્તમ સ્નાન કહ્યાં. તે ન હોય તો છેવટે પાંચમું નીચી કોટિનું જલસ્નાન કહ્યું છે.

**શૌચના લાભ :-** મુનિ (૧) મન પવિત્ર રાખવાથી ઘણી સારી તત્ત્વ વિચારણા કરી શકે છે, અને (૨) તેને હૃદયસ્પર્શી બનાવી શકે છે. (૩) પવિત્ર મનમાંજ પરમાત્માનો વાસ રહે છે, એટલે કે પરમાત્માનું ધ્યાન સચોટ અને સતત જાગતું રહે છે. (૪) પવિત્ર મનવાળાને પોતાનો આત્મા બહુ ફોરો-હલકો ફૂલ જેવો લાગે છે. (૫) મૈત્રી આદિ ઉચ્ચ ભાવનાઓ ભાવવી સહેલી પડે છે, (૬) મહાપુરુષોના ઉપદેશ સારી રીતે ઝીલાય છે; (૭) સારુંય જીવન પવિત્ર અને ઊજળું બને છે; (૮) મોહની ગાંઠો તૂટી જાય છે, અવસર મળતાં કેવળજ્ઞાન લેવામાં વાર નથી લાગતી ! સાધ્વી ચંદનવાળાના શિષ્યા મૃગાવતીજી પવિત્ર મનવાળા હતા તો, સમવસરણેથી સહેજ મોડા આવ્યા બદલ મળેલા ગુરુણીના સહેજ ઠપકા ઉપર કેવળજ્ઞાન લીધું, ને મેલું મન હોય તો ?

**ત્યારે અપવિત્ર મનના તો અપરંપાર નુકશાન છે.**

**૧.** તંદુલિયો મચ્છ અપવિત્ર મનથી અહીં પામતો કશું નથી, છતાં મરીને નરકે જાય છે, કહે છે ને કે **'મન સાધ્યું તેણે સઘળું રે સાધ્યું,'** પ્રસન્નચંદ્ર ઋષિએ મન બગાડ્યું તો સાતમી નરકના દળિયાં ભેગા કર્યા. **૨.** સારા સંયોગમાં પણ મન જો અપવિત્ર, તો લાભને બદલે નુકશાન વહોરાય છે; ત્યારે **૩.** બગડેલા મનવાળાનો ખરાબ સંયોગમાં તો ડૂચો નીકળી જાય છે.

**શૌચના ઉપાય : ઉપાય પહેલો :-** મન પવિત્ર રાખવા માટે શ્રદ્ધા-સંવેગથી યુક્ત તત્ત્વજ્ઞાન, અર્થાત્ જ્ઞેય-હેય-ઉપાદેયનું સચોટ ભાન બહુ સહાયક નીવડે છે. કેમ કે એમાંથી દરેક દુન્યવી પ્રસંગના આગળ પાછળના સાચા રહસ્ય જાણવા મળે છે, તેથી પછી એના પર મન બગાડવાનું રહેતું નથી. મન કેમ બગડે છે ? પૂર્વના શુભાશુભ કર્મને આપણે જોતા નથી. તેમ વર્તમાન પ્રવૃત્તિ કે પ્રસંગથી ભવિષ્યમાં કેવા પાપ કે પુણ્ય ઊભા થવાના છે તેનો વિચાર નથી કરતા, તેથી મન બગડે છે. આ જરા ઊંડા ઊતરીને વિચારશો એટલે ઝટ સમજાશે.

પવિત્ર મનનો **બીજો ઉપાય** એ છે કે મનમાં સદા તીર્થંકરદેવો વગેરેના

ચરિત્ર પ્રસંગો રમતા રાખવા જોઈએ, સાથે એના હેતુ, એના ફળ, એ વગેરે ખ્યાલમાં રહેવું જોઈએ.

**ત્રીજો ઉપાય** એ છે કે આત્માના અસલી શુદ્ધ સ્વરૂપનો ખૂબ ખૂબ વિચાર કેળવી એ સ્વરૂપ પર ખૂબ રાગ અને મમત્વ કેળવવું, તેથી કર્મલિપ્ત આત્માની કોઈપણ દુન્યવી સુખનીય દશાની કિંમત ન લાગવાથી, તેના અંગે મન જે બગડતું હતું તે નહિ બગડે. આવા તો કેટલાય ઉપાય વિચારવા, પરંતુ અહીં એટલો અવસર નથી. છતાં આ ત્રણ મહારથી છે, જબરજસ્ત છે, માટે તેનો ખૂબ અભ્યાસ કરવો, અને મન પવિત્ર રાખ્યે જવું.

## ૯. અકિંચન્ય

નવમો યતિધર્મ આકિંચન્ય એટલે કે અપરિગ્રહનો છે. ધર્મ-ઉપકરણ સિવાય પાસે કાંઈપણ ન રાખે તે અકિંચન; અને ન રાખવાપણું તે આકિંચન્ય પરિગ્રહરહિતપણું.

૧. **પરિગ્રહ એ આત્માને માટે ભારરૂપ છે; તે ભાર જેટલો વધારે, તેટલો જીવ વધુ નીચે દુર્ગતિમાં જાય છે.** માટે કહ્યું છે કે મહાપરિગ્રહી નરકે જાય છે. સંસાર નું મૂળ આરંભ-સમારંભ છે, અને એનું મૂળ પરિગ્રહ છે, કેમકે પરિગ્રહ એટલે કે સામ્રગી હોય તો આરંભના પાપ થાય છે; સામગ્રી જ ન હોય તો શું કરે ?

માટે જગતનું મોટું પાપ પરિગ્રહ છે. જેને મુદ્દલ પાપ નથી જોઈતું, એણે પરિગ્રહનો ગ્રહ છોડ્યેજ છુટકો.

૨. પરિગ્રહ એ એક જાતનો મહાગ્રહ છે. જેમ શનિ-રાહુ વગેરે ગ્રહોની દશા માણસને ભારે પીડે છે, તેમ આ પરિગ્રહની દશા પણ જીવને ભારે પીડે છે, હવે કહો કે જે એમ કહેતા હશે કે 'ઘરમા રહીને ધર્મ ક્યાં નથી થતો ?' તે શું સમજીને કહેતા હશે ? શું તે સમજતા હશે કે **ઘરમાં એટલે પરિગ્રહમાં શું મોટો ધર્મ ન થઈ શકે ?**

૩. **પરિગ્રહ ભયંકર ચીજ છે,** હૃદયનો કબજો એવો કરે છે કે પછી એ હૃદયમાં બીજું સારું સૂઝતું નથી, વૈરાગ્ય ટકતો કે ખીલતો નથી.

૪. પરિગ્રહ સાચવવાની રામાયણ તો વળી એવી છે કે એમાં કેટલીક વાર **સંરક્ષણાનુબંધી** રૌદ્રધ્યાન આવી જાય છે, અને રૌદ્રધ્યાન એ નરકનો દરવાજો છે. પછી ભલે આ પરિગ્રહ નાનો હોય કે મોટો. મમ્મણશેઠ પરિગ્રહના પાપે સાતમી નરકે ગયો.

૫. **પરિગ્રહ એ બલા છે. 'આવ બલા પકડ ગલા'** એમ એકવાર સંઘર્યા



પછી એ છૂટવી કે છોડવી મુશ્કેલ પડે છે.

૬. **પરિગ્રહ એ જીવને દુર્ગતિ સાથે લગ્ન કરાવી આપનાર ગોર છે.** માટે મુનિને એ પહિગ્રહથી બચાવી લેતા ભોજનની વસ્તુમાં પણ **'કુક્ષિશંબલ'** કહ્યા. અર્થાત્ મુનિ પાસે ખાવાનું ભાતુ કેટલું ? તો કે કુક્ષિમાં છે એટલું. બાકી સંગ્રહખાતામાં કાંઈ ન મળે. રાતી પાઈનીય મૂડી ન મળે.

૭. **પરિગ્રહ એ પિશાચ છે,** ધીમે ધીમે એ પોતાનું સ્વરૂપ વધારી મૂકે છે તેથી કલ્યાણકામી આત્માએ પહેલેથીજ ચેતી અલ્પ આરંભ પરિગ્રહનું જીવનસૂત્ર રાખવું જોઈએ. મુનિ તો પરિગ્રહ માત્રથી દૂર રહે છે. એ જોવું કે કયા મોટા મોટા દેવતાઈ પરિગ્રહ પણ જીવની સાથે કાયમ રહે છે ? તો વિનાશી પર શા મમત્વ ?

## ૧૦.બ્રહ્મચર્ય

દશમો યતિધર્મ બ્રહ્મચર્ય છે. **બહ્મચર્ય એ તો સર્વ વ્રતોમાં દીવો છે;** એ હોય તો બીજા વ્રતો ઊજળાં-પ્રકાશિત રહે છે, બ્રહ્મચર્ય વ્રત-વ્રતોમાં મુગટ સમાન છે. ઈન્દ્રો સભામાં બેસતાં પહેલાં વિરતિધરને પ્રણામ કરે છે, વિરતિધરમાંથી બ્રહ્મચર્ય ચાલ્યું ગયું તો કાંઈ ઈન્દ્રો નમે કરે નહિ.

**બ્રહ્મચર્યના લાભ.** અગણિત છે. એનાથી શરીરના રાજા સમાન વીર્યનું સંરક્ષણ થાય છે, જે પછી ઈન્દ્રિયોને વધુ તેજસ્વી અને દીર્ઘકાળ સુધી સશક્ત રાખે છે, મોંની કાન્તિ વધે છે. ખોટી વાસનાઓ નથી થતી, તેથી મન પવિત્ર રહી શકે છે. તેમ સ્વસ્થ રહી શકે છે, એવા સ્વસ્થ મનમાં સારી-સારી તત્ત્વ વિચારણાઓ સ્ફૂરે છે. પવિત્ર મહાવ્રતની ભાવનાઓ જાગ્રત રહે છે. બ્રહ્મચારીનું ધાર્યું સફળ થાય છે; કીર્તી વધે છે, ગુણ વધે છે, પુણ્ય વધે છે, દેવગુરુ પર ભક્તિરાગ વધે છે, કેમકે કામરાગના પાત્ર પરથી રાગ ઊઠી જાય છે.

**અબ્રહ્મચારીને નુકશાન :-** સહેજે કામપાત્રનું ખેંચાણ રહે છે, એટલા પ્રમાણમાં દેવગુરુની ભક્તિમાં વાંધો પડે છે. ધ્યાનમાં સ્ખલના પડે છે. એટલે અબ્રહ્મચારીને વીર્ય હણાય છે, ઈન્દ્રિયો નબળી પડે છે, ઓજસ હ્રાસ પામે છે, ગુલામવૃત્તિ હૃદયમાં ઘર કરે છે. હિંસાદિરૂપ પાપો કરતાં અબ્રહ્મનું પાપ એટલા માટે ભયંકર છે કે હજી કારણવશાત્ રાગ વિના પણ હિંસાદિ થઈ જાય; પરંતુ અબ્રહ્મ તો રાગ વિના બનતું જ નથી. એક વખતના અબ્રહ્મ સેવનમાં બે થી નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિયનો અને બીજા કેટલાય સંમૂર્છિમ જીવોનો નાશ થવાનું શાસ્ર કહે છે.

**બ્રહ્મચર્યનો ઉપાયઃ**-વિચારવું તો એ જોઈએ છે કે જેમ પરિગ્રહ તેમ અબ્રહ્મ સેવવામાં શું આજ સુધીના અનંત ભવોમાં બાકી રાખ્યું છે ? એકજ દેવાવતાના ભવમાં કરોડો ગમે દેવીઓના ભોગ થાય છે, કેમકે દેવીનું આયુષ્ય દેવની અપેક્ષાએ

બહુ થોડું હોય છે. તે દેવીઓ પાછી કાળી-કુબડી નહિ. પણ સદા યૌવન વયની ગોરી-ગુલાબી રૂપસુંદરી. એવા દેવના ભવ અનંત થઈ ગયા. તો કેટલી દેવીઓનો ભોગ થયો ? અનંતી ક્રોડો. તો હવે તૃપ્તિ થઈ ? આટલા બધા અબ્રહ્મથી જે તૃપ્તિ ન થઈ તે અહીંના તુચ્છ અબ્રહ્મથી થશે ? ના, તૃપ્તિ નહિ, પણ અતૃપ્તિ વધશે.ભલેને ઘડપણ ઘસાઈ જવાથી ઢીલા પડાય છે, છતાં એના કુસંસ્કાર ગાઢ મજબૂત થવાના. માટે જ જ્ઞાની ગુરુ ફરમાવે છે કે બ્રહ્મચર્યનું જ શરણ લો. જીવનભરના બ્રહ્મચારી બની સ્વપરને મંગળરૂપ બનો.

**બ્રહ્મચર્યના પાલન માટે ખાસ નવવાડનું પાલન** કરવાનું ફરમાવ્યુ છે. દા.ત. પુરુષ માટે ૧. સ્ત્રીવાળી વસતિ, ૨. સ્ત્રીની કથા, ૩. સ્ત્રીનું આસન સેવવાની મનાઈ છે. તેમ ૪. સ્ત્રીનાં અંગોપાંગ નીરખાય નહિ, ૫ ભીંતના આંતરે થતા સ્ત્રી-પુરૂષના આલાપ પણ સંભળાય નહિ. ૬. પૂર્વે કરેલી ક્રીડાઓનું મુદ્દલ સ્મરણ ન થાય ૭. પ્રણીત એટલે ઘી, દૂધ, વગેરેથી લચબચતો આહાર, અને ૮. ખૂબ આહાર વપરાય નહિ. ૯ શરીરે શોભા-વિભૂષા થાય નહિ.

જંબૂસ્વામી, સ્થૂલભદ્રસ્વામી, સુદર્શન શેઠ, વિજય શેઠ-વિજયા શેઠાણી વગેરેના દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે. એમણે કેવા સંયોગોમાં બ્રહ્મચર્ય સાચવ્યું એ વિચારી બ્રહ્મચર્યના નિરંતર અભ્યાસી બનો.

## ઉપસંહાર

આ દશ પ્રકારનો યતિધર્મ પોતાનામાં ઘણું સમાવે છે. ક્ષમાદિ ચાર ગુણોમાં ચારે કષાયનો નિગ્રહ આવે છે. તપમાં આખો તપાચાર અને સાથે જ્ઞાન-દર્શનાચાર ગણી શકાય. સંયમમાં સમિતિગુપ્તિઓ એટલે કે ચારિત્રાચાર અને પહેલું મહાવ્રત આવે છે. સત્યમાં બીજું અને શૌચમાં પવિત્ર મનમાં ત્રીજું, તથા બ્રહ્મચર્ય અને આકિંચન્યમાં ચોથું-પાચમું મહાવ્રત આવે છે, આમ પાંચે મહાવ્રત, પંચાચાર, સમિતિ-ગુપ્તિ, ચાર કષાયનો નિગ્રહ, ઈન્દ્રિયસંયમ, આ બધું દસ યતિધર્મમાં સમાયેલું ગણાવી શકાય. એવા મહાન યતિધર્મને ન પામેલા પામો. અને પામેલા વિકસિત કરો. આવો સુંદર યતિધર્મ માનવભવ કરતાં કયા સારા ભવમાં પામી શકવાના ?

શ્રી વિજયસેન આચાર્ય ભગવંત આગળ ફરમાવતાં કહે છે કે જેમ દેશવિરતિ વખતની કર્મસ્થિતિમાં સંખ્યાતા સાગરોપમ પ્રમાણ સ્થિતિ ઓછી થવાથી સર્વવિરતિ-ભાવ પ્રાપ્ત થયો; તેમ એમાંથી પણ બીજા સંખ્યાતા સાગરોપમ સ્થિતિ ઓછી થયેથી ઉપશમ શ્રેણિ પ્રાપ્ત થાય, એમાંથીય પાછી વળી બીજા સંખ્યાતા સાગરોપમ સ્થિતિ ઓછી થાય ત્યારે ક્ષપક શ્રેણિ મળે. ઉપશમ શ્રેણિ એટલે મોહનીય કર્મનો સર્વથા ઉપશમ કરવાની નિસરણી; અને ક્ષપક શ્રેણિની સમાપ્તિ થાય ત્યારે સર્વઘાતી



કર્મો નાશ પામી ગયા હોવાથી શાશ્વતું અનંત વસ્તુને જોનારૂં કેવળજ્ઞાન કેવળદર્શન પ્રગટ થાય છે. તે પછી તેજ ભવમાં બાકીના અઘાતી કર્મ ભોગવી લઈ આત્મા સર્વ કર્મ રહિત બની મોક્ષ પામે છે, શાશ્વતા સિદ્ધ-શિલાના સ્થાનમાં જઈ રહે છે, સિદ્ધ-બુદ્ધ-મુક્ત-નિરંજન-નિરાકાર-અનંતજ્ઞાન અનંતસુખના ભોક્તા થાય છે.

**ગુણસેન રાજાને પ્રતિબોધઃ**-અવધિજ્ઞાની ચૌદપૂર્વી મહામુનિ આચાર્ય ભગવાન શ્રી વિજયસેન ગુરુ મહારાજના મુખેથી રાજા ગુણસેને અદ્‌ભુત ધર્મદેશના અને તત્ત્વ વર્ણન સાંભળ્યું, એટલામાં તો એને આત્મામાં સુંદર શુભ પરિણામ ઉત્પન્ન થયો. એણે દાવાનળની માફક કઠોર કર્મરૂપી ઈંધણ બાળીને સાફ કરી નાખ્યા. તેથી અંદરખાને તો એને ભાવથી સમ્યક્ત્વ-અણુવ્રતો-ગુણવ્રતો અને શિક્ષાવ્રતોનું ગુણસ્થાનક પ્રગટી ગયું. બહારથી પણ ગુરુમહારાજની વાણી કેવા મનોરમ શબ્દોમાં વધાવી લે છે તે જૂઓ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨,અંક-૧૪,તા.૧૪-૧૨-૧૯૫૩

**એક જ દેશનામાં ગુણસેનરાજાએ બાર વ્રતોની કરેલી માગણી :-** ગુણસેન કહે છે, **"અહો ભગવંત ! આપનો ઉત્તમ ઉપદેશ મને સાંભળવા મળ્યો ! ધન્ય ભાગ્ય ! કેવો એ ઉપદેશ ! પાપ-મળને નાશ કરનારો ! પ્રશમાદિગુણોને જન્માવનારો ! રાગાદિ વિષનોં ઘાતક !"** વિચારો કે ધર્મ દેશનાને રાજા શું માને છે.! પાપના મળ ધોનારી ! છે જગતમાં બીજું કોઈ એવું ? પાપ ધોયા વિના અહીંથી ગયેલાની ભવાંતરે કેવી દુર્દશા ? ત્યારે ધર્મ દેશના વિના ચિત્તના પરમ આનંદસ્વરૂપ પ્રશમસુખ કોણ દેખાડે ? તેમજ આ જીવને રીબાવી મારનાર રાગાદિને કોણ મારે ? ધર્મદેશના. **કેવો એ ઉપદેશ ? અનાદિકાળથી જીવને જકડી રાખનારા સંસારરૂપ કારાગ્રહથી છોડાવનારો !**

રાજા કહે છે, "ધન્ય હું, કે મને આજે એ દિવ્ય દેશના સાંભળવા મળી ! હવે મારી આપને નમ્ર વિનંતિ છે કે મારા યોગ્ય કર્તવ્ય ફરમાવો. પણ હા, વિનંતિ કરવાની ક્યાં રહી ? આપે ફરમાવવાનું તો ફરમાવી જ દીધું છે, હવે તો મારે મારા આત્માની તુલના કરવાની છે, પ્રભુ ! હાલ સર્વવિરતિનું મારું ગજું નથી, તો ગૃહસ્થધર્મના સારભૂત બાર વ્રતો મને આપો."

**ગુણસેન રાજા જન્મના જૈન નહિ, જૈન ધર્મના મુદ્દલ પરિચયમાં નહિ, પાછા લાખો પૂર્વ સુધી રાજપાટ અને ભોગવિલાસ કરનારા, એવા એ પહેલી જ ધર્મદેશનામાં સમજે છે કે 'ચારિત્ર જ મારે લેવું જોઈએ,' અને તેથી જ કહે છે કે**

'લેવા યોગ્ય દીક્ષા છતાં, હું નિર્બળ છું,' કેવું શ્રવણ ! કેવું ગ્રહણ ! કેવો વિવેક ! **એટલું તમે નક્કીય કર્યું છે ? એમણે કર્યું માટે તો એમણે એક જ દેશનામાં શ્રાવકના બાર વ્રતરૂપ ધર્મનો સ્વીકાર કરી લીધો !** શું ? સમજાય છે તમને ? બાર વ્રતની ટીપ કરતાં તમારે કેટલા વ્યાખ્યાન અને કેટલા વર્ષ જોઈશે ? પછી એમાંય સંકોચ કરતા કેટલા ? અને બધું સંકોચી ચારિત્ર લેતાં ? ગુણસેને તો **જગતનો સાર સમજી લીધો. શું પકડવાનું (ઉપાદેય) શું, છોડવાનું (હેય), તે સચોટ સમજી લીધું !** સમજ હૃદયસ્પર્શી કરી લીધી ! મનોવેધી બનાવી દીધી ! વિવેક આવી ગયો ! **વિવેક આવે એટલે અસાર મૂકતા અને સાર પકડતાં વાર ન લાગે.**

**સંસાર-દાવાનળમાંથી સારભૂત ધર્મરત્નની પેટી લઈ લો :-** અંધારામાં હોઈએ, ખબર પડી કે ઘરને આગ લાગી, ઊઠીને તરત નાઠા. નાસતાં નાસતાં પેટી હાથમાં લઈ તો લીધી, પણ પેટી રત્નની બદલે બીજી આવી ગઈ. અંધારે તો ખબર ન પડી, પણ બહાર પ્રકાશમાં જાતે અથવા કોઈ ઉપકારી મળ્યો તેથી ખબર પડી કે આ પેટી રત્નની ન હોય, ત્યારે તો એ મૂકી પડતી. ઝડપથી પાછા જઈ રતનની પેટી લઈ અવાય ને ? કે એમાં વિચાર કરવા બેસાય ? વર્ષો મહિના કે દિવસો નહિ પણ કલાકો ય એમાં ગુમાવાય ? ના, ગુમાવો તો એ આગમાં સાફ ને તમે મૂર્ખ ! **તો અહીં પણ સંસાર સળગી ઉઠ્યો છે, એમાં આ જીવન-ઘર નાશ પામવાનું છે, ત્યાં જીવનમાં સારભૂત જે વ્રતો છે, ધર્મની સાધના છે, એ છે રત્નોની પેટી. એ મેળવી લેવા વિલંબ ન કરાય.** આપણે જ્યાં સમજ્યા, કે ઝટ આત્માની એ લેવાની તૈયારી હોય ! બીજી બધી ગણતરી પડતી મૂકી આજે જ વ્રતો લઈ લેવાની તૈયારી જોઈએ. મોટા ચક્રવર્તી અને રાજા મહારાજાઓએ તો મહાવ્રતો-ચારિત્રને સમજતા જ દિવસમાં લઈ લીધા છે ! માટે આ વાત નકામી કે વધુ પડતી કરીને કાઢી ન નાખતા, વધારે પડતી માનશો તો તેટલી હજી તમારા દિલમાં ધર્મપ્રીતિ અને સંસાર ભીતિની ખામી ગણાશે. **જે આત્માને સંસારના મનગમતા કાર્યો, બની શકે તો, આજને આજ કરવાની ઊતાવળ છે, અને ધર્મના સુંદર કાર્યો કરી લેવાની ઉતાવળ નથી, એને સંસારની ભીતી નથી, અને ધર્મની તેવી પ્રીતિ નથી, એમ કહી શકાય.**

**કાળ, ધર્મ, અને જગતનો ભરોસો કરો નહિ :-**

**(૧) કાળનો શો ભરોસો ? આજના પાંચ પચીસ વર્ષના કાળે તો ધર્મસંસ્કૃતિના પાયા હચમચાવી મૂક્યા છે. ક્યાં હજારો વર્ષની મજબુત ધર્મ-ઈમારત, અને ક્યાં અતિ અલ્પકાળે કરેલી એની હચમચ સ્થિતિ ! શો ભરોસો કાળનો ?**

**(૨) ત્યારે કર્મનો શો ભરોસો ? ૩૦-૩૦ વર્ષ પ્રભુ ઘરમાં રહ્યા ત્યાં કાંઈ**



**નહિ, અને ચારિત્રમાં નીકળ્યા કે કર્મે જુલ્મ વરસાવ્યા !**

**(૩) તો જગતનો શો ભરોસો ? સારા પવિત્ર સુદર્શન શેઠ અને સીતાજીના અવર્ણવાદ જગત કરવા લાગ્યું !**

**ગુણસેન રાજા સમ્યક્ત્વ સહિત દેશવિરતિ-ધર્મ લે છે :-** ગુરુએ ગુણસેનને અભિનંદન આપતાં કહ્યું, "તારા જેવા ઉત્તમ જીવ માટે આજ યોગ્ય છે." સદ્‌ગુરુની પણ પ્રશંસા મળે, પણ ક્યારે ? પુરુષાર્થ ધર્મમાં ઉલ્લસે ત્યારે. **ગુરુએ ગુણસેનને વિધિપૂર્વક સમ્યક્ત્વ સહિત અણુવ્રતો આપ્યા, સાથે બહુ પ્રકારે હિતશિક્ષા પણ આપી.**

**ગુણસેન રાજાની અનુમોદના :-** ગુણસેન પોતાની જાતને ધન્ય માનતો, દિવ્ય-જીવનના પલટા સાથે પોતે મહેલમાં પાછો આવ્યો. એને શું થતું હશે હૃદયમાં ? એ જ કે "કેવા અનુપમ ગુરુ મળ્યા ! આ જીવનમાંય લાખો પૂર્વ ગયા છતાં હું અબુઝ હતો. મારી શી ગુંજાયશ કે આવું સ્વતઃ સમજી મેળવી શકું ? પરમ કૃપા ગુરુદેવની કે તત્ત્વની પીછાણ કરાવવાની મહાન કૃપા એમણે કરી ! **વિભાવસુના ભવોની કેવી ભયંકર વાત ! સંસારની વિકટતાનું કેવું સુંદર ભાન કરાવ્યું ! વ્રતો કેવાં સમજાવ્યાં ! આવું બીજે ક્યાં સાંભળવા મળે ! આ પ્રકાશથી હું કેટલો બધો પાપથી બચી શકવાનો !"**

**સાધનામાં શિથિલતાનું એક કારણ તેવી ધગશ અને લગનીનો અભાવ છે :-** રાજાને રંગ લાગ્યો, કેવો ? ચોળ મજીઠ જેવો. હવે તો જાણે એક જ લેશ્યા છે ધર્મની; તે ઘરે જઈને ભોજનાદિ કરી સાંજ પડી કે પાછો ઉદ્યાને આવે છે. દેરાસરમાં દેવાધિદેવનાં દર્શન વંદન કરી ગુરુમહારાજ પાસે આવી વંદન કરી બેસે છે, **દિલમાં ધગશ જાગ્યા પછી, મનને લગની લાગ્યા પછી શું કઠીન છે ?** શું શિખવાડવું પડે ? આ **આપણે સાધનામાં શિથિલ હોઈએ તો તેમાં એક ખામી તો, ધગશ અને લગની નથી, તે છે. જરાક ડહાપણ વાપરી જગતની બાળધૂલી ક્રીડા જેવી પ્રવૃત્તિઓ મૂકી ધર્મસાધનાની આતશ અંતરમાં પ્રજ્વલિત કરી દઈએ, પછી તો ધર્મસાધનાની મશીનરીનું કામ ચાલશે ધમધોકાર !** ગુણસેન રાજા ગુરુની આગળ મહાન સ્વસ્થતા અને લાભકાંક્ષાએ બેઠો છે. તેથી જ કરુણાસાગર ગુરુ આ પાત્ર જીવને યોગ્ય આત્મહિતશિક્ષા આપે છે. એ સાંભળતાં રાજાનું તો દિલડું ડોલે છે; લાગે છે કે **આ બધું ઉત્તમોત્તમ શ્રવણ લાખો પૂર્વના કાળમાં ન મળ્યું એ કેવું કમનસીબ !** ક્યાં એ લાખો પૂર્વની ભોગની કચરાપટ્ટી રમત ! અને ક્યાં આ ધર્મશ્રવણ, ગુરુઉપાસના અને ધર્મસાધનાની સર્વોચ્ચ કાર્યવાહી ! કેટલોક વખત ગુરુમહારાજની સેવા કરી નગરમાં પાછો ફરે છે.

**ધર્મ પરિણમ્યો એટલે ચિંતન વલણ અને લાગણીઓ ધર્મમય થઈ ગઈ :** વ્રત પાળે છે ચોકસાઈથી. ગુરુમહારાજ માસકલ્પ રહ્યા છે, રોજ એમની ધર્મવાણી સાંભળે છે; એને હૃદયમાં ઉતારે છે. રોજ બે વખત ગુરુનાં દર્શન, ઉપાસના અને વાણીના શ્રવણે એના સુખનો અનુભવ કરતાં કરતાં એક માસ તો ઝટપટ વીતી ગયો ! રાજાને ધર્મ પરિણામ પામ્યો; અર્થાત્ રાજાનું ચિંતન, રાજાનું વલણ, રાજાની લાગણીઓ, ધર્મમય થઈ ગયા ! માસ કલ્પે પૂરો થતાં વિજયસેન આચાર્ય મહારાજે ત્યાંથી બીજે વિહાર કર્યો.

ગુરુએ વિહાર કર્યાને કેટલાક દિવસો વીતી ગયા પછી એક દિવસની વાત છે. ગુણસેન રાજા એક વખત મહેલમાં બેઠા છે. ત્યાં એમણે એકાએક કોઈ શબની પાછળ હાહારવભર્યા કરુણ ધ્વનિને સાંભળ્યો, જાણે આ એ મૃત્યુ રાજાની પ્રયાણ નોબત ન હોય ! સંસારરાક્ષસનું અટ્ટહાસ્ય ન હોય ! જીવલોકનું પ્રમાદ-આચરણ ન હોય ! એટલે ? મૃત્યુરાજા જીવને પકડીને ઉપાડી જાય છે; એની નોબતના આ જાણે ધ્વનિ છે. એમ સંસાર રાક્ષસ મૃત્યુરૂપે જીવનો કોળીયો કરીને જીવલોકની વિશ્વાસમાં રહેવાની મૂર્ખાઈ સામે અટ્ટહાસ્ય કરે છે; એનો આ ધ્વનિ છે. એમ જીવ પ્રમાદમાં રહ્યો હોય, તોજ મૃત્યુ ઉપાડી જાય ને ?

**મૃત્યુનું ઘમંડ :-** મૃત્યુ સમ્રાટની વિજયભેરી બજી રહી છે ! સવારી આગળ નિશાન ડંકો હોય ને ? "હું આવો જગત પરનો વિજેતા છું. ગમે તેવાને જગતમાંથી ઉપાડી જવાની મારી શક્તિ છે. ગમે તેવો શક્તિવાળો દેવ હશે, પણ એની શક્તિ મારા જેવી નહિ. એવા દેવનેય હું ઉઠાવનારો છું ! મને વશ કરનાર કોઈ નહિ, સિવાય કે સિદ્ધ ભગવાન ! ત્યાં હું લાચાર ! ત્યાં મારું ન ચાલે ! બાકી ચાર ગતિમાં કોઈ એવું પ્રાણી નથી કે જેના પર મારી સત્તા ન ચાલે ! ખુદ તીર્થંકર ઉપર પણ એકવાર તો મારું ચાલે, સિદ્ધપુરીમાં ગયા પછી ત્યાં મારું ન ચાલે." **આવા મૃત્યુના વિજયથી પરાજિત થયેલા આપણે શાની ખુમારીમાં અક્કડ થઈ ફરીએ ?**

**મૃત્યુનો અંત કે મૃત્યુથી અંત આપણો ? :-** સમસ્ત ચેતન જગતનો વારંવાર અંત લાવનાર જે મૃત્યુ, એવા મૃત્યુનોય અંત લાવનાર સિદ્ધ ભગવાન છે ! સિદ્ધ થયા એટલે પરમપૂર્ણ થયા ! જીવન સફલ કરતાં આવડવું જોઈએ. એ આવડત ન હોય તો એજ જીવનમાંથી એક મૃત્યુમાંથી અનેક મૃત્યુ ઊભાં કરાય છે, અને આવડત હોય તો એ જ જીવનમાંથી એક મૃત્યુએ પતાવાઈ, આત્માને અજ અવિનાશી બનાવી શકાય છે. **આપણે શું કરીએ છીએ ? મૃત્યુનો અંત ? કે મૃત્યુથી આપણો જ અંત ?**



ત્યારે સંસારરૂપી રાક્ષસ અટ્ટહાસ્ય કરી રહ્યો હોય ત્યાં જીવને કેટલું લજવાવનું હોય છે ! ભલભલા ચમરબંધીનેય સંસાર હસે છે. **'મૂર્ખ ! સહેજ મેલ કે, કચરામાં સુગ કરનાર તું ભુંડ કે વિષ્ઠાનો કીડો થઈશ, ત્યાં શું કરવાનો ? જરાક ભૂખ ન સહનાર, અને દહાડે ને રાતે ચગરનાર તું નરક ગતિમાં ભૂખ શે મિટાડીશ ?' જરાક કોઈના કર્કશ શબ્દ પર નારાજ થનારો તું તિર્યંચના ભવમાં ભયંકર લાત અપમાન શે વેઠીશ ?** આવું આવું તો સંસાર પિશાચના અટ્ટહાસ્ય પાછળ કેટલુંય વિચારી શકાય ને ? એ જો વિચારો તો અહી એ પિશાચના સામનારૂપે પોતાના આત્માના કેટલાય દોષો ઓળખી એને દૂર હઠાવવા ઝઝુમાય.

પાછું રાજા જુએ છે કે મૃત્યુને પરવશ એવા એ શબને ઉપાડી લઈ જાય છે. આસપાસ રોકકળ અને આક્રંદ કરનારા સગાંવહાલાં ફરી વરેલા છે. સગાંવહાલા કરી કરીને શું કરે ? આજ ને કે ખૂબ રોઈ નાખવું. પણ તમને એકલા અટુલા જતા કરવા ? એની પાછળ તમે મરી ફીટો ! અને ધર્મ જે પરલોકથી ઠેઠ સાથે આવી સુખ આપે, એ ધર્મથી અહીં આઘા ભાગો, રખેને ધર્મમાં શરીર કે ધન ખરચવું પડશે ! કેમ ? વાહ તમારી અક્કલ !

**ધર્મ-ધ્યાનમાં શું આવે :-** ગુણસેન રાજાની બુદ્ધિ, એ જોઈને, પરમ સંવેગથી ભાવિત બને છે ! એની ધર્મ ભાવનાનો વેગ ઓર વધે છે ! એને મોક્ષ માટે ઉતાવળ થાય છે ! **તમારે મોક્ષે જવાની ઉતાવળ છે ? ઉતાવળ હોં ? ઈચ્છાનો પ્રશ્ન નથી, ઉતાવળનો પ્રશ્ન છે. ઉતાવળ છે મોક્ષની ? ઉતાવળ થાય તો જીવન ફરી જાય.** રાજા જીવલોકને ઈન્દ્રજાળ સરખો સમજી ધર્મધ્યાનની દિશામાં આગળ વધે છે; અને પાપમળને એ ધર્મ ધ્યાનરૂપી જળથી ધોઈ નાખે છે. જિનેશ્વરદેવની આજ્ઞાની સર્વ શ્રેષ્ઠતા, રાગાદિદોષોના કારમા નુકશાન કર્મના ભયંકર વૈર, ચૌદરાજલોકના વિચિત્ર સંસ્થાન અને ઘટનાઓ, -આવું આવું ધર્મધ્યાનના વિષયમાં આવે.

**બહારના દશ્યથી રાજાની પોતાના ઉપર વિચારણા :-** રાજા માટે આ કેવી વાત ! જીવનમાં પહેલવહેલી એક વખતની દેશનામાં જ શ્રાવકના બાર વ્રતોનો સ્વીકાર ! એક જ માસ ગુરુની પર્યુપાસના કરી છે; હજી ઉપર થોડા દિવસ જ વીત્યા છે; ત્યાં માત્ર કોઈનું મડદું જોતાં પરમ સંવેગ રંગના તરંગમાં ઝીલી ધર્મધ્યાનમાં ચઢે છે ! આ કેવીક તાત્ત્વિક સમજ ? કઈ જાગૃતિ ! કેવી ગુરુવચન પર પ્રીતિ ! કેવું ધર્મ પરિણમન ! હવે જુઓ કે આ એક દશ્ય પર રાજાને ચિંતા જાગે છે, **"ત્યારે અમે પણ આજ પ્રમાણે મરણ-સ્વભાવવાળા જ છીએ, અહો ! જ્યારે જીવલોક આવા કરુણ અંતવાળો છે, તો પછી ધન્ય છે તેઓને, કે જેમણે ત્રણ લોકને**

બંધુભૂત, અચિંત્ય ફળદાયી, ચિંતામણી સમાન એવા સર્વજ્ઞ પરમર્ષિ પ્રભુએ ભાખેલા ધર્મ ઉપર ભારે પ્રેમ, અને શ્રદ્ધા કરી છે ! અને તેમ કરીને જે ઘરવાસ ત્યજી અનગારપણાના, ત્યાગી સાધુપણાના માર્ગે સંચરે છે.''

**પ્રભુ વચનના પ્રેમની રુએ શું કરવાનું ?** જગતના વૈભવ કે જગતના સ્નેહી સંબંધી અને સેવાકારીઓ ઉપર પ્રેમ અને શ્રદ્ધા કર્યેથી શું ? તે તો તકલાદી છે, અંતે મૂર્ખ બનાવનાર છે, ભવવર્ધક છે. પ્રેમ અને શ્રદ્ધા કરીએ તો વિશ્વમિત્ર વિશ્વેશ્વરના વચન ઉપર. તે વચન વિશ્વાસ કરીનેય બેસી નહિ રહેવાનું, પરંતુ એ **પ્રભુવચન તો, 'સંસારવાસ કેવો દગાખોર છે' તેના સ્વરૂપને સમજાવનાર છે, ચારિત્રના મહા કલ્યાણ માર્ગને દર્શાવનાર છે; તેથી તેવા વચનના પ્રેમની રુએ ઘર સંસાર છોડી ચારિત્ર લેવાનું.**

## મુનિપણાનું સ્વરૂપ

**સાધુતાનું સ્વરૂપ રાજા ચિંતવે છે :-** મહાશ્રાવક ગુણસેન રાજા ચારિત્ર સ્વીકારનારને હૃદયના ધન્યવાદ દેતા વિચારે છે કે, 'ધન્ય છે તેમને કે જે ચારિત્ર સ્વીકારી, ગૃહસ્થ ધર્મમાં અણુવ્રતો પાળતા હતા તે હવે ગૃહસ્થપણાના ત્યાગથી,

**'ઘરવાસ છોડી મહાવ્રતો અંગીકાર કરી સૂક્ષ્મમાં સૂક્ષ્મ પાપોય સર્વથા છોડે છે ! અને તેથી જ જીવહિંસા, મૃષાવાદ, અદત્તાદાન. મૈથુન અને પરિગ્રહથી સર્વથા વિરામ પામે છે !'**

**વળી જે મુનિરાજે મોક્ષની સાધનામાં ઉપયોગ પુરતું જ શરીર ટકાવવા માટે બેતાલીસ એષણાના દોષોથી રહિત શુદ્ધ આહાર લાવીને તેમાંય ઈષ્ટ-ઈષ્ટનો સંયોગ કરવારૂપ સંયોજના દોષ...વગેરે પાંચ દોષને ટાળી યોગ્ય કાળે તે આહાર બહુ પરિમિતપણે વાપરે છે !**

**'વળી જે મુનિરાજો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ યુક્ત છે, તેમજ લેશ પણ અતિચાર વિના મહાવ્રતોનું પાલન કરવા માટે પાંચ મહાવ્રતની ઈર્યા સમિતિ વગેરે પચીસ ભાવનાઓને ખૂબ જાગ્રત રાખી સદા એ ભાવનાઓથી સજ્જ અને સંપન્ન રહે છે !'**

**'વળી જે સાધુ મહર્ષિઓ અનશન, ઉનોદરિકા, વગેરે બાહ્યતપ, તથા પ્રાયશ્ચિત્ત, વિનય, વગેરે આભ્યંતરતપ, એવા તપ ગુણની જે મુખ્યતાવાળા છે. અર્થાત્ જીવનમાં આ બાહ્ય અભ્યંતરતપ ગુણને જેમણે મુખ્ય કર્યા છે !' એટલે નિરંતર બાહ્યથી ઉપવાસ કાયાકષ્ટ આદિ તપસ્યામાં, અને અભ્યંતર રીતે પ્રાયશ્ચિત્ત, વિનય, જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય, કાયોત્સર્ગમાં જ રક્ત રહે છે !**

**'મહાત્માઓ જ સાચા પરાક્રમરૂપે એક માસ વગેરે પ્રતિજ્ઞા (કઠોર પ્રતિજ્ઞાવાળી**



**અમુક સાધના) ને ધારણ કરે છે; તેમજ જુદી જુદી જાતના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાથી અભિગ્રહો, નિયમો કરવામાં જે આનંદિત રહે છે ! જે સ્નાનના સદા ત્યાગી, અને માથાના કેશનો લોચ કરનારા હોય છે !'**

**'ઉપરાંત જે ક્ષમાશ્રમણો ભોજનમાં નરસું મળ્યું કે ઓછું મળ્યું તેના પર સમભાવે નિર્વાહ કરનારા હોય છે, અર્થાત્ જેમને સરસ પર રાગ નથી, નિરસ પર નારાજી નથી. જે પોતાના શરીરની શોભા-શુશ્રૂષા કરતા નથી. તેમજ ઘાસ કે રત્નો, માટી કે સોનું, તેને સમાન ગણવાની નિસ્પૃહતા, નિસ્તૃષ્ણતા સુધી જે પહોંચેલા છે !**

**બહુ શું કહેવું ? ૧૮૦૦૦ શીલાંગને શુદ્ધપણે જે સાચવનારા છે. જે પંડિત પુરુષોએ પ્રશંસેલા અનુપમ પ્રશમ સુખમાં ઝીલનારા હોય છે !'**

**'તે પણ જે એક સ્થાને બેસી રહીને નહિ, પણ અનેક ગામો, નગર, શહેર, કસ્બા, સ્થલમાર્ગો વગેરેથી વ્યાપ્ત પૃથ્વીતલ ઉપર વિહાર કરે છે !'**

**મિથ્યાત્વ-અવિરતિ વગેરે કાદવના માર્ગમાં ખુંચેલા ભવ્ય પ્રાણીઓરૂપી કમળોને સદ્ધર્મની દેશનારૂપી સૂર્યના ઉદયથી જે પ્રતિબોધિત કરે છે !**

**'પછી મહાતપસ્યાના આરાધનથી કેળવેલા શરીરવાળા જે મુનિવરો શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલા સંલેખના અને અંતિમ પાદોપગમન વગેરે અનશનના માર્ગે આયુષ્યપૂર્ણ કરી આ વિનશ્વર દેહનો ત્યાગ કરે છે ! તે મહાત્માઓને ધન્ય છે !'**

**હું પણ હવે આજ વિધિથી બાકીનું આયુષ્ય પૂર્ણ કરી દેહને ત્યજીશ.**

**આયુષ્ય અતિદીર્ઘ, અને પ્રતિબોધ અતિ અલ્પકાળમાં :-** રાજાની આ ભાવનામાં આખો સાધુપણાનો ખ્યાલ છે. જોવાનું એ છે કે એ ક્ષેત્રના **લાખો પૂર્વે જેવા દીર્ઘ કાળની અપેક્ષાએ ઘણા ટૂંકામાં ટૂંકા માસ દોઢેક માસ જેવા અતિ અલ્પકાળમાં રાજાએ કેટલું સુંદર ભાન મેળવી લીધું છે !**

**ભવચક્રમાં અનંતા પુદ્ગલ પરાવર્તથી ભમતા જીવને શું એવું દિવ્ય કર્તવ્ય હોય કે જે પેલા અનંત પરિભ્રમણનો શીઘ્ર અંત લાવે. અને જીવને અનંત સુખનો શાશ્વત ભોગી બનાવે ?**

એના અદ્‌ભુત પ્રકાશથી રાજાનું હૃદય એવું ઉજ્જવલિત થઈ ગયેલું છે કે શ્રી જિનવચન ઉપરનો ઉછળતો પ્રેમ અને શ્રદ્ધા થવાથી માંડીને આખી મુનિચર્યા ઉપરાંત ઠેઠ અંતિમ પાદપોગમન જેવા અનશન સુધીની આરાધનાનો એ ખ્યાલ કરી લે છે. શું આવ્યું એમાં ? **ભારે પ્રતિકૂળતા ભરી કઠોર, અતિકઠોર સાધના એજ મુનિપણું, પણ નહિ કે અનુકૂળતાની ફુલની સુંવાળી શય્યામાં પોઢી રહેવાનું !**

**સાધુતાનો સંક્ષેપમાં ખ્યાલ :-** મહાવ્રતો ઉપરાંત ભિક્ષા લેવાની મધુકરી

વૃત્તિથી; તેય સહેજ કાચા દાણા કે પાણીનો સંઘટ્ટો હોય એવીય વસ્તુ લેવાનો ત્યાગ કરીને; પાછું લાવીનેય રાગ-દ્વેષ ન થાય, પ્રશંસા નિંદા ન વિચારાય એવી રીતે વાપરવાનું. હાલતાં ને ચાલતાં વિશિષ્ટ નિયમો-પ્રતિજ્ઞાઓ કરવાની; -દા.ત. ગોચરીમાં **દ્રવ્યથી** સુકા અડદ બાકળા મળશે તો જ લઈશ, **ક્ષેત્રથી** સામેથી ઉંબરામાં બેસી વહોરાવશે તો લઈશ, **કાળથી** ભિક્ષાકાળ વીત્યે મળશે તો લઈશ, **ભાવથી** માથે મુંડી પગે બેડીબદ્ધ, રાજકુમારી અને તેય રોતી વહોરાવશે તો લઈશ' -વગેરે અભિગ્રહો ધારવાના...વળી

[1]અનશન-ઉપવાસાદિ, [2]ઉનોદરિકા, [3]વાપરવાની વસ્તુનો સંકોચ-સંક્ષેપ, [4]રસનો ત્યાગ, [5]લોચ વગેરે કાયક્લેશ તથા પરીસહ ઉપસર્ગના કાયકષ્ટ, અને [6]અંગોપાંગનું સંગોપન, **-એ બાહ્ય તપ.** [1]ગુરુ સમક્ષ બાળભાવે પોતાના અપરાધોનું પ્રકાશન કરી પ્રાયશ્ચિત્ત-ગ્રહણ, [2]વિનય, [3]વૈયાવચ્ચ સેવા ચાકરી, [4]સ્વાધ્યાય-જ્ઞાન રમણતા, [5]ધ્યાન, [6]કાયોત્સર્ગ-**એ આભ્યન્તર તપ.-આ બારનું રોજીંદુ જીવન !**

હીરાના ઢેર કે માટીના ઢગ-બંને તરફ સમવૃત્તિ ! એક કિંમતી નહિ, બીજું તુચ્છકારવા યોગ્ય નહિ ! એમ કરતાં છેવટે તપસ્યાથી ખૂબ કસેલા અર્થાત્ અત્યંત કૃશ અને સુક્કુ લુખ્ખું શરીર બની ગયેલ છતાં સહન કરવામાં ખૂબ ધીર એવા એ શરીરને હવે સુકા વૃક્ષની જેમ જમીન પર વોસરાવી દેવાનું, તે મરણ સુધી એ હવે સ્વેચ્છાએ ન હાલે કે ન ચાલે. પવન ઝપાટો ઊંચકીને એ શરીરને એવું નાખે કે માથું નીચે ને પગ ઊંચે, તો એમ જ પડી **રહેવાનું** -આવા પાદપોગમન અનશનથી જીવનનો અંતકાળ પસાર કરવાનો.

જિનવચનના પારાથી પોતાના આત્માને રસિત કર્યો છે જેણે, એવા આ ગુણસેન રાજા આવી કઠોર ચર્યાના સાધક સાધુ મહર્ષિને ધન્યવાદ આપીને બેસી નથી રહેતા, પણ પોતે એ સાધના કરવાની મહાન ઉમેદ-ઉત્કંઠા કરે છે, કઈ ઉંમરે ? ઉત્કંઠા તેય પોલી નહિ, પણ એવા માનસિક નિર્ધારવાળી કે **"હું ય આ વિધિથી દેહત્યાગ કરીશ."** શા માટે આવી ધગશ આવી ગઈ ? એનું કારણ એમની વિચારણામાં જ જુઓ. એ વિચાર કરે છે કે,

## -: શ્રાવકને ભાવવા યોગ્ય ભાવના :-

**"લાખો ભવોએ પણ મળવા દુર્લભ એવા ધર્મસારથિ શ્રી વિજયસેન આચાર્ય ભગવાન મને મળી ગયા ! એ કૃપાળુ ગુરુ સકલ લોકાલોકના તત્ત્વપ્રકાશ સૂર્ય સમાન, શાશ્વત સુખનું જ એક મહાદાન કરનાર કલ્પવૃક્ષ જેવા, સમસ્ત ત્રણેય લોકના વાંછિત પૂરવા માટે ઉપમાતીત ચિંતામણિ રત્ન સમાન, વિકટ એવા સંસાર**



**સમુદ્રમાંથી પાર ઉતારવા જહાજ સમાન. જીવોના ધર્મરથને દોરનારા સારથિ સમાન છે. એવા ગુરુ મળી ગયા પછી હવે એ લોકાલોકના તત્ત્વપ્રકાશ, શાશ્વત સુખ અને ભવપાર પામવામાં હું વિલંબ શા માટે કરું ? હવે તો હું કાયર નહિ પણ ધીર પુરુષોએ આચરેલા મહાન પ્રવ્રજ્યા-માર્ગને, દીક્ષા-માર્ગને, એમની પાસે અંગીકાર કરીશ. જેથી મારા આત્મામાંનું આખુંય કર્મવન એ ચારિત્રરૂપી દાવાનળમાં બળીને ભસ્મ થઈ જાય."**

રાજાની આ કેવી ઉત્તમ ભાવના ! ગુરુ પ્રત્યે કેવો સદ્ભાવ ! **જ્યાં સુધી એ રીતે સદ્ગુરુને હૈયે વસાવાય નહિ, ત્યાંસુધી સાચી દિશા સુઝે નહિ, જગતના શરણ મૂકીને જગદ્ગુરુના શરણ લેવાય નહિ.** ગુરુ એટલે શું ચીજ સમજો છો ? ગુરુ એ ચિંતામણિ, કલ્પવૃક્ષ, સૂર્ય અને ઝાઝ છે. રાજાને એ બરાબર ખ્યાલમાં છે એટલે એવા **ગુરુ આગળ એને આખુંય જગત તુચ્છ અને ત્યાજ્ય લાગે છે.** સંસારત્યાગ અને દીક્ષાગ્રહણનો ઊંચો ખ્યાલ અને એની અભિલાષા માત્ર કેટલા કાળમાં ? તમને તો બહુ નાના એવાય જીવનમાંય વરસો વ્યાખ્યાન સાંભળવા સમજવામાં જાય, છતાં ન સાધુપણું એવું સમજાય કે ન એવું ઈચ્છાય, અને સંયમ એવું બહુ ન લાગી આવે કે જેથી હવે દુનિયામાં બીજું ગમે જ નહિ !

"હજી ધર્મ સમજવા માટે આપણને ક્યાં બહુ સમય વીત્યો છે ? એ તો ધીરે ધીરે સમજાય અને ધીરે ધીરે આચરાય, એકદમ લાડવો કાંઈ થોડો જ ખવાય છે ?" કેમ આવું જ લાગે ને ? રાજાના લાખો પૂર્વના એટલે કે અબજોઅબજ વર્ષના આયુષ્યમાં માત્ર દોઢેક માસના અતિ અલ્પ કાળમાં સમજ અને આચરણ આવી ગયા ! એ કેમ બન્યું ? પૂર્વ ભવે સાધના કરીને આવ્યાનું શાસ્ત્ર અહીં બતાવ્યું નથી, એ તો ગુરુ પાસેથી મળેલ ધર્મદેશનાની કિંમત સમજ્યા ! એ દેશનાને એમના હૃદયમાં ફાલી ફૂલી ઉઠવાને એક શબનું દશ્ય જ એમને બસ થઈ ગયું. તમે આજ સુધીમાં મરેલાના શબ અને મરનાર પાછળના આક્રંદ કોઈવાર જોયેલા ખરા ?

**રાજા ગુણસેનનો નિર્ધાર :-** મહાશ્રાવક ગુણસેન રાજાએ મડદું અને સ્નેહીઓના વ્યર્થ આક્રંદ જોઈને વધુ વૈરાગ્યવાસિત બની, જે આત્માઓએ આવા અથિર સંસારનો ત્યાગ કરી ચારિત્ર માર્ગ લીધો છે, તેમના ગુણગાન ગાય છે. વળી તેમની વિકટ સાધુચર્યાના યાવત્ અંતિમ અનશન વિધિએ કરાતા દેહત્યાગના ગુણગાન ગાયા છે; સાથે એ નક્કી કરે છે કે **"હું પણ આ વિધિથી દેહનો ત્યાગ કરીશ. કેમકે જ્યારે મને વિજયસેન આચાર્ય ભગવંત જેવા ગુરુ તરીકે મળ્યા છે, પછી મારે શા માટે ઊંચી સાધુતામાં વિલંબ કરવો ?** એ આચાર્ય ભગવંત તો લાખો ભવોએ પણ મળવા દુર્લભ છે; એ સકલલોકને પ્રકાશ કરવામાં સૂર્ય સમાન છે; શાશ્વસુખનું દાન

કરવામાં એ કલ્પવૃક્ષ સમાન વિકટ સંસારસાગર તરી જવા નાવ સમાન છે, ધર્મના એ સારથિ છે. એવા ગુરુ મને જો પ્રાપ્ત થયેલા છે, તો એઓશ્રી પાસે ધીર પુરુષોએ આચરેલી અને કર્મવનને બાળી મૂકવામાં દાવાનળ સમી ભાગવતી દીક્ષાને હું ગ્રહણ કરીશ.''

**રાજાના નિર્ણય ઉપર વિચારણા :-** રાજાની આ વિચારણામાં 'હું ય આ વિધિથી દેહત્યાગ કરીશ,' -એવો પહેલોજ નિર્ણય ખૂબ વિચારવા જેવો છે. કેટલી બધી ઊંચી અભિલાષા ! પાદપોગમન અનશન કરવા સુધીનો કેવો સુંદર મનોરથ ! તમે મનોરથો કરો છો ને ? કયાં ? આ અનશનના ? કહેવાના કે ''અરે સાહેબ ! એ તો બહુ ભારે વાત !'' ઠીક, એની નજીક લઈ જાય એવીય વસ્તુના મનોરથ થાય છે ખરા ? નજીક એટલે સમજ્યા ? એવા અનશનની નજીક તો ચારિત્ર લઈ જાય, તો ચારિત્રના મનોરથ થયા કરે છે ? **આચાર્યશ્રીએ રાજાના અંતરમાં પ્રગટાવેલું ધર્મ તેજ ખૂબ જ ખીલી ઊઠયું છે ! રાજાની દૃષ્ટિ કાયા અને સાંસારિક જીવન પરથી ખસી વિશુદ્ધ આત્મા અને મુક્ત જીવન પર જામી પડી છે ! રાજાનું આત્મબળ મહાશત્રુ એવા કર્મની જંજીરો તોડવા થનમન થઈ રહ્યું છે !**

**ગુરુ કેવા અદ્‌ભુત મળ્યા ! :-** આ બધી સ્થિતિમાં ઉપકારક તરીકે મળેલા એવા ધર્મગુરુ વિજયસેન આચાર્ય ભગવંતને તો એ સમજે છે કે **લાખો ભવોએ પણ આ ગુરુ ક્યાં મળે ?** મહાન રાજસંપત્તિ વગેરેના એ સ્વેચ્છાએ યૌવનવયમાં ત્યાગી ! મહાભીષ્મ વ્રતધારી ! અનેકાનેક ગુણસંપન્ન ! દેવોનેય પૂજ્ય મુનિ મહાત્મા ! પાછા ત્રીજા પરમેષ્ઠીપદે બિરાજમાન આચાર્ય ભગવાન ! એ વળી ચૌદપૂર્વ અને દ્વાદશાંગીના પારગામી ! ઉપરથી અવધિજ્ઞાની ! કહો આ મળવા સહેલા છે ! આચાર્યદેવ સકલલોકના પ્રકાશ સૂર્ય છે. આજના વિજ્ઞાન શું પ્રકાશ કરી શકે ? જડ પદાર્થોના ચમત્કારે તમારા હૈયા ખોટા અંજાઈ ગયા છે, એટલે એમ થાય છે કે 'ઓહો ! કેવા ટેલિફોન ! કેવા રેડિયો ! કેવા એરોપ્લેન ! ભાઈ, આજનું વિજ્ઞાન તો બહુ જબરું !' પરંતુ આ અંજામણને બદલે જો આત્માના આકર્ષણ લાગે, તો આચાર્યદેવની મહાન પ્રકાશક્તા કેવી છે, તે સમજાય. રાજા આચાર્યદેવને શાશ્વત સુખના દાતાર કલ્પવૃક્ષ તરીકે ઓળખે છે. કલ્પવૃક્ષ અચૂકપણે મોક્ષફળ પમાડે છે. વાત પણ સાચી છે. એ સ્વયં એવા ઉચ્ચ માર્ગે સંચર્યા છે કે બીજાને એવી ઉચ્ચ બક્ષીસ કરી શકે છે; એના પ્રતાપે મોક્ષ મળે એ સહજ છે. વળી સૂરિજી મહારાજ અનુપમ ચિંતામણિ રત્ન છે. અચિંત્ય એવા મોક્ષ સામ્રાજ્યને આપનાર માટે **અનુપમ**. તે પણ કોઈ એકાદિ વ્યક્તિ માટે નહિ, પણ આખાય ત્રણ લોકના જીવો માટે ચિંતામણિ છે. આપણે ક્યારે આવા અનુપમ ચિંતામણિ થાશું ? બલિહારી છે



આવા નિષ્પક્ષપાત જગદ્દુદ્ધારક ગુરુદેવોની ! **એમના પાસે રાજા આવો કે રંક, એમની તો એક સરખી ઉપકારની નદી વહે !** આનું નામ **વિશ્વદૃષ્ટિ** છે. આવા ઉપકારીઓથી જ જગત સોભાગી છે, શોભાશીલ છે ! આચાર્ય ભગવાનનો ઉપકાર પણ કાંઈ સામાન્ય કોટિનો નથી, કિન્તુ **અનાદિ અનંતકાળથી ચાલી આવતા ભીષણ ભવસાગરથી પાર ઉતારવાનો છે !** એક તો જગતમાં નિઃસ્વાર્થે ઉપકાર કરનારા સાત્ત્વિક જીવ જ ઓછા છે, એમાં વળી નિઃસ્વાર્થ પણે આવા સર્વ શ્રેષ્ઠ ઉપકાર કરનારા તો મળે જ ક્યાં ? આ સંસાર તો છેદન-ભેદન, તાડના-તર્જના, ભૂખ-તરસ, અપમાન-તિરસ્કાર, રોગ-શોક, જન્મ-મરણ, વગેરે પીડાઓથી કકળતો છે ! અનંતકાળથી એ ચાલ્યો આવે છે, હજી મીટ્યો નથી. આચાર્ય ભગવાને એ મીટાવી દે છે. કેવી રીતે ? પોતે વહાણરૂપ બની જીવોને મહાન આલંબન આપીને; પોતે ધર્મસારથિ બનીને. જેમ માર્ગના અજાણ એવા ઘોડાને અને અચેતન એવા રથને સારથિ માર્ગે દોરી ઈષ્ટ સ્થાને પહોંચાડી દે છે; તેમ મોક્ષમાર્ગના અજાણ એવા ભવ્ય જીવોના ધર્મરથને મોક્ષમાર્ગે દોરી મોક્ષે પહોંચાડી દે છે. કેવા સરસ ગુરુ ! પ્રશંસા કરીએ, ગુણગાઈએ, તો એમના; વારંવાર સ્મરણ કરીએ તો એમના; અરે ! ચરણ પકડીએ તો એમના, અને જીવન સમર્પીએ તો એમને ! શું ? યાદ રહશે ? રાજાએ ગુરુદેવની આવી સ્તુતિ કરી, ગુરુજીને કેમ ભૂલાય ? ગુરુજી યાદ પણ આવે તે સામાન્યરૂપે નહિ, મહાવિશિષ્ટ રૂપે ! એનું નામ સાચું સેવકપણું ! સાચી કૃતજ્ઞતા સાચી ગુણપ્રીતિ !

**મંત્રીઓનો ભવ્ય ઉત્તર :-** મહાશ્રાવક ગુણસેન રાજા નક્કી કરે છે કે, ''આરાધવાનું આ, સાધવાનું આ. સંસાર પાછળ જીવન પુરું એટલે કે ખતમ કરવાનું ન હોય. હવે સંસારનો મારે જરાય ખપ નથી. ગુરુમહારાજ પાસે ચારિત્ર લઈશ. એના વડે કર્મોને બાળી સાફ કરી નાખીશ.'' આમ વિચારી સુબુદ્ધિ વગેરે મંત્રીઓને બોલાવ્યા. બોલાવીને પોતાનો અભિપ્રાય તેમને જણાવ્યો. તેથી તે પ્રસંગથી જ જિનવચનના સારને સમજી મંત્રીઓએ આ પ્રમાણે કહ્યું. મંત્રીઓ બુદ્ધિનિધાન હતા. મહાદુર્ગમ એવા જિનવચનના સારને સમજી ગયા. સહેલું નથી હોં. રાજાએ કેવા સુંદર સ્વરૂપમાં પોતાની અતિગંભીર સારભરી વિચારણા કહીને મંત્રીઓને કેવા વિચારતા કર્યા હશે ! મંત્રીઓ કહે છે, **''મહારાજ ! આપની વિચારણા મહાપુરુષોના સ્વભાવને શોભે તેવી જ છે. પ્રબળ પવનના વેગ વખતે, કમલપત્ર પર રહેલા પાણીના ટીંપામાં પડતા ચંદ્રના પ્રતિબિંબના જેવો ચંચળ આ જીવલોક છે !''** જુઓ અહીં ચંચળતા એ પાણીના ટીંપા જેવી ન કહી. પણ એમાં પડતા પ્રતિબિંબ જેવી કહી. કેમકે હજી પાણી તો કદાચ થોડીવારેય સ્થિર રહે ખરું, પણ

પવનથી પત્તું ઊંચું નીચું થાય ત્યાં પ્રતિબિંબ સ્થિર કેવી રીતે રહી શકે ? મંત્રીઓ કહે છે કે, **“આ સંસારની માયા એવી અસ્થિર છે, તેથી ભવ્યજીવોને આપે કહ્યું એજ કર્તવ્ય છે. તો સુખેથી આપની ઈચ્છા મુજબ કરો.** અમારી ખાતર વિલંબ ન કરો. મમતા ન કરો.” વિચારો, મંત્રીઓ કેવા સમજુ ? મહાન વસ્તુ સામે આવી ખડી હોય, ત્યાં સુયોગ્ય વિચારણા અને વાણી ન હોય તો એ રોબ્બડપણું અને મૂઢપણું ? કે બીજું કાંઈ ? **થવાનું તે થવાનુંજ છે, આપણા હુકમ મુજબ એક પાંદડુંય ફરવાનું નથી તો પછી સુંદર વિચાર વાણીમાંથીય જઈએ એવા મૂઢ બનાય ?** સંસારની ચંચળતાનું અજબ દૃષ્ટાન્ત આપ્યું છે; એથી તમે સંસારના વિશ્વાસે હવે એક મિનિટ પણ નહિ રહો ને ? મંત્રીઓ માને છે કે **જે જીવ ભવ્ય હોય તેનું કર્તવ્ય એવા અસ્થિર સંસારનો ત્યાગ જ છે** તેથી રાજાને તો સત્વર રજા આપી દે છે. કેવા કલ્યાણમિત્રો એ ! પાછું વિલંબ કરવાનીય ના કહે છે.

**પ્ર.**- એટલે શું રાજાને ઘરમાંથી જલદી કાઢી મૂકવાના છે ?

**ઉ.**- ના, રાજા તો ન્યાયપ્રિયતા, સેવકજન-વાત્સલ્ય, વગેરે ગુણોથી એટલા બધા પ્રિય છે કે કોઈ એમને છોડે નહિ ! પરંતુ રાજાએ મડદું જોવા પર કરેલી ઉત્તમ વિચારણા મંત્રીઓને જે કહી છે, તે સાંભળતાં હૈયું હચમચી ઉઠે એવું છે ! પછી હૈયું હોય તો આડું અવળું કેમ જ બોલી શકાય ? વિવેકી બનેલા તે મંત્રીઓ રજા આપતાં કહે છે કે, **“કોઈના સ્નેહીપણાને ધારણ કરીને કોણ તેને બળતા ઘરમાંથી નીકળતાં રોકે ?”** ઘર સળગતું હોય, પણ પોતાને પક્ષાઘાત થયો હોય, કે પોતાના પગ ભાંગી ગયા હોય, તેથી પોતે બહાર જઈ શકે તેમ ન હોય, પણ બીજા કોઈ હોલમાંથી બીજો કુટુંબી બહાર નીકળી જવા તૈયાર હોય, તો એને ના પડાય ? એને રોકાય ? ઝાલી રખાય ? ના, તેવી રીતે **આ સંસાર પણ સર્વ પ્રકારના દુઃખરૂપી જ્વાળાઓથી સળગી ઉઠયો છે. એમાંથી આપનો આ બહાર નીકળી જવાનો વ્યવસાય અમને બહુ ગમ્યો. બુદ્ધિના વૈભવથી પણ અમે આપના મરણને રોકવા સમર્થ નથી, તો સંસારમાં અમે આપને શી રીતે રોકી શકીએ ?”**

**જિનવાણીના ઊંચા મૂલ્ય :-** નગરમાં જો એક આચાર્ય મહારાજ પધાર્યા, અને એક માસ સુધી ધર્મદેશના સંભળાવી. તો મંત્રીઓ જે જન્મે જૈન નહિ હોય, એમનેય વિવેક કેવો આવી ગયો ! કહોને, એવા કે કેટલાય જન્મના જૈનનેય કદાચ ન આવે ! કેટલાક કહું છું હોં, બધા નહિ. તમે શેમાં ? શ્રી હરિભદ્રસૂરિ મહારાજ ગૃહસ્થપણે બ્રાહ્મણ પુરોહિત હતા; ઘણી વિદ્યાઓમાં પારંગત હતા; જૈનશાસન પામ્યા પછી આગમ પામ્યા, આચારાંગાદિક ભણ્યા ! પછી શું લાગ્યું એમને ? **‘આ પાંચમા આરામાં આ જિનાગમ ન હોત તો અનાથ એવા અમારું જગતમાં થાત**



**શું ? મોહને પડકારવાના, ડારવાના, દુર કરવાના ઉપાય શ્રી જૈનશાસ્ત્રોમાં વર્ણવ્યા છે ! ભવોભવનાં બંધનો કાપવાના ઉપાય આમાં છે ! કેવળજ્ઞાન પામવાના, અને મુક્તિ મેળવવાના ઉપાય આમાં છે. જન્મથી માંડી રોગ, શોક, ત્રાસ વગેરે મૃત્યુ સુધીના ભયંકર દુઃખો ફેડવાના ઉપાય આમાં છે.’** જન્મે જૈન નહોતા એમને ય જૈન આગમ મળ્યા તો વિવેક સુંદર આવી ગયો. શાથી ? **પુણ્યોદયે મળેલી બુદ્ધિશક્તિનો યોગ્ય ઉપયોગ થાય તો વિવેક આવી જ જાય.** તમારે તો શક્તિને સાંસારિક બાબતોમાં બાળી નાખવી હોય, ત્યાં શું થાય ? આપણને વસ્તુનું મૂલ્ય નથી, માટે જ આપણી મન. વચન, કાયાની શક્તિઓથી એના મહાન લાભ નથી ઉઠાવતા. નાની શી હિસાબની ડાયરી સચવાય, એ રખડતી ન હોય; પણ પાંચ પ્રતિક્રમણની કે ધર્મની ચોપડી રખડતી હોય એવું બને છે ને ?

“દિવ્ય-દર્શન”-“અગ્રલેખામૃત” વર્ષ-૨,અંક-૧૭,તા.૯-૧-૧૯૫૪

**પ્ર.**- ડાયરીમાં તો પેટની વાત ખરી ને ?

**ઉ.**- પણ એય છે ધર્મથી, એ ન ભૂલશો. વાત એ છે કે જૈન દર્શનની વાતો હૃદયમાં સ્પર્શી જાય તો એ તરત વિવેક લાવી દે છે. મંત્રીઓ વિવેકી બની ગયા છે. રાજાને કહે છે કે, **“અમે જો આપના મરણને રોકવા સમર્થ નથી તો પછી આ સળગતા સંસારની લાહ્યમાંથી નીકળતા આપને કેમ જ રોકીએ ?”**

મંત્રીઓના વચન સાંભળી રાજા ખુશ થયો. જવાબમાં કહે છે “ખરેખર તેમજ છે. તમારા સિવાય બીજો કોણ મારો હિતૈષી છે ?” એ પ્રમાણે રાજા અભિનંદન આપી પછી તૈયારી કરે છે. તૈયારીમાં બીજું નહિ, હર્ષિતવદને ઘોષણા પૂર્વક મહાદાન અપાવે છે; પોતાની આંતર ભક્તિ અને બાહ્ય વૈભવને છાજતો અષ્ટાહ્નિકા મહોત્સવ દેરાસરોને વિષે કરાવે છે.

**દાન અને પ્રભુભક્તિ એ તો શુભકાર્યના મંગળ છે. ઠામઠામ એ જોઈએ :-** ચારિત્ર લેવું છે, એ એક મહાન શુભ કાર્ય છે. શુભકાર્ય એ આજુબાજુના પ્રફુલ્લિત વાતાવરણમાં થાય તો શોભી ઊઠે. મહાદાન એ પ્રભુભક્તિનો ઠાઠમાઠવાળો ઉત્સવ છે, અને તે વાતાવરણ પ્રફુલ્લિત કરી દે છે. આપણે ત્યાં ધર્મપ્રસંગોમાં ઠામઠામ મહાદાનની ક્રિયા છે. શાસનની પ્રભાવના માટે મહાદાન છે. સૌ અર્થીને એ અપાય. અર્થીને એમ થાય કે ‘શું છે ?’ ત્યાં જાણે કે રાજા દીક્ષા લે છે, પછી દીક્ષા પ્રત્યે એ ઝૂકે ! કોઈને દીક્ષા પ્રત્યે ઝૂકતા કરો, એ કેવો મહાન લાભ ? ભગવાન પાર્શ્વનાથની પૂજા હોય, અને એ નિમિત્તે જૈનેતરોને પણ બહાર ગોળના પડીકાં

વહેંચાતાં હોય તો લોક પૂછે કે 'શું છે ?'

'પારસનાથ પ્રભુની પૂજા !'

પારસનાથનું નામ બળાત્કારે આમ મોંમા ખોસાય. જૈનેતર આમ તો પ્રભુનું નામ ન લે, પણ ગોળનું પીડકું મળે એટલે લે. પણ જો પૂજા કરાવનારો 'અમારી પૂજા છે, અમે રાખી છે.' આવું બોલે તો શું પમાડે ? 'પારસનાથની પૂજા.' એમ બોલે તો પમાડે. વિચારવું જોઈએ કે **"પ્રભુને છોડીને મારું નામ જ કેમ યાદ કરાય ? એમાં તો પાઈ પાઈનો અહર્નિશ મંત્ર જપનારો હું માનવ કીડો, માનના ડુંગર નીચે આખો ને આખો છુંદાઈ રહ્યો છું."** માન મહીધરેથી નીચે પટકાઈ પડું તો ભૂક્કા નીકળી જાય." પ્રભુનું નામ ગાવાથી પોતાના હૃદયની નિર્મળતા સાથે બીજાને પણ પવિત્ર થવાનો અવસર મળે છે. અહીં રાજાએ સ્નેહીવર્ગને પણ ધન વગેરેથી સન્માન્યાં. નગરવાસીઓનાં પણ બહુમાન કર્યાં. પછી પોતાના મોટા પુત્ર ચંદ્રસેનને રાજ્ય ભળાવ્યું.

**ઘરમાં જ ભાવદીક્ષા :-** રાજા સાંસારિક ઉપાધિથી અળગા થયા, એટલામાં સાંજ પડી ગઈ, ચારિત્ર લેવા જવાનું હવે તો સવારે જ બને. પણ વચમાં આડી રાત નકામી કાં ગાળવી ? વિશ્વાસે શા માટે રહેવું ? એ માટે, એ જો કે વિચારે છે કે 'અહીંથી સવારે જ્યાં ગુરુજી ભગવંત વિજયસેન આચાર્યદેવ હશે, ત્યાં જઈશ;' પરંતુ એ પૂર્વે ભાવથી ચારિત્ર સ્વીકારી લે છે. અર્થાત્ સ્વયં આત્મસાક્ષીએ અંતરથી સંસાર ત્યજી, દીક્ષા અંગીકાર કરી લે છે; સાવદ્યનો ત્યાગ, મહાવ્રતોની પ્રતિજ્ઞા કરી લે છે. એટલું જ નહિ પણ મહેલના એક એકાંત ભાગમાં ભાવમુનિ બનેલા એ ગુણસેન મહાત્મા સર્વરાત્રિકી પ્રતિમા સ્વીકારે છે. પ્રતિમા એટલે આખી રાત કાયોત્સર્ગમાં રહેવાનો ઘોર અભિગ્રહ ધારણ કર્યો. પછી એમાંથી મરણાન્ત કષ્ટ આવે તોય ચસકવાનું નહિ. રાજાને ધર્મ કરવાનો કેટલો બધો, કેટલો લાંબો કે કેટલો ઊંચો અભ્યાસ છે, કહો તો ખરા ? ખાસ નહિ ને ? માત્ર એક મહિનાના ગુરુના પરિચયમાં કેવો પ્રબળ વીર્યોલ્લાસ ! વિચારવા જેવું છે.

અહીં વિચારવાનું આ છે :- આપણે જાણીએ છીએ કે ગુણસેન રાજાને લાખો પૂર્વ એટલે કે અબજો અબજ વરસ રાજ્ય સંભાળવામાં અને ભોગવિલાસમાં ગયેલા છે. છેવટ છેવટે અગ્નિશર્મા તાપસ મળે છે, તો તેની પ્રારંભે તો અનુમોદના થવા છતાં, પ્રાંતે તેનો ગુસ્સો જાણી રાજાનું મન ખાટું થઈ જાય છે. તેથી તાપસધર્મની પણ અસર જીવનમાં લેવાનું ક્યાં રહ્યું છે ? આવી સ્થિતિના રાજા ગુણસેન જૈનાચાર્યના એક જ માસના કેવા ચમત્કારિક પરિચય અને વાણીશ્રવણને પામ્યા કે એમાંથી ઝળકતું સમકિત અને શ્રાવકપણું જીવનમાં જીવતું કરી દીધું ! આ કર્યાને હજુ



મહિનાઓય નથી વીત્યા ત્યાં તો ચારિત્રની ભાવના કરી, ચારિત્ર લેવાની તૈયારી કરી ! અને સવારે ગુરુ પાસે જઈ લેવાની. અગાઉની સાંજના જ આત્મસાક્ષીએ ચારિત્ર સ્વીકારી લીધું ! **સમ્યક્ત્વનો રંગ જ એવો છે કે જીવને હવે સંસારનો જરાય પક્ષપાતી ન રહેવા દે.** જાળમાં ફસેલા પશુપંખીની જેમ એ રાહ જ જોતો હોય કે, 'ક્યાં જરાક છટકબારુ મળે અને ભાગી છૂટું ?' ટુંકમાં કહો કે **સમકિતી જીવ સંસારનો સગો મટી, મોક્ષનો સગો થઈ જાય છે.** રાજાએ એથી જ સાધુપણું લઈ લીધું. માનવજીવનની પ્રત્યેક ક્ષણની કિંમત છે, તો શા માટે એનો લાભ ન લઈ લેવો ? આ વસ્તુ જો ધ્યાનમાં રહે તો, કદાચ કોઈ સંયોગમાં ચારિત્ર ન લઈ શકાય તો પણ, ગૃહસ્થપણામાં દાન, દયા, દેહદમન, ઈન્દ્રિયનિગ્રહ, પરોપકાર, સહિષ્ણુતા, ક્ષમા-નમ્રતા-સંતોષ, વગેરે ઘણા ઘણા ગુણો ખીલવ્યા વિના રહેવાય નહિ.

**સાધનાનો વધતો જતો પુરુષાર્થ કેમ બને ? :-** રાજા ચારિત્ર સ્વીકારી લેવાનું મહા પરાક્રમ ઉપરાંત પાછા આખી રાત્રિ પ્રતિજ્ઞાપૂર્વક કાઉસ્સગ્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેવાનો ઊંચો પુરુષાર્થ કરે છે. સાધનાની કેવી લગની ! સંસારનું કેવું વિસ્મરણ ! કાયાની કેવી ઉપેક્ષા ! જો જો એ **ઊંચો પુરુષાર્થ તો હજીય એથી બહુ બહું ઊંચે જનાર છે. પણ તે તોજ શક્ય બને છે કે જો મૂળમાં સારી રીતે શ્રી જિનાજ્ઞાને જ આરાધી લેવાની ભારે તમન્ના છે.** આવી એમની પ્રથમ ભવની સાધના એમને ઊંચે ચઢાવી નવમાં મનુષ્યભવે કેવળજ્ઞાન અપાવે છે. કેવળજ્ઞાન સસ્તું નથી. રેઢું પડ્યું નથી, પ્રભુ મહાવીરદેવનેય કેવળજ્ઞાન લેતાં પહેલાં કેટકેટલું સહવું પડ્યું છે ! **કાયાની સુંવાળાશ, મનની સુકોમળતા, હૃદયની કાયરતા, દુનિયાની કિંમત-એ વગેરે દૂર કરીએ તો સાધનામાં કૂદકે ભૂસકે વધાય.**

**અગ્નિશર્માનું શું થયું ? :-** ભગવાન સમરાદિત્ય કેવલી પહેલા ભવમાં ગુણસેન રાજા છે. એ ચારિત્ર લેવાની તૈયારી કરી, રાત્રે અભિગ્રહ ધારણ કરી પોતે કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા છે. હવે અહિ અગ્નિશર્મા વૈરી બની કેવી રીતે આવે છે તે જુઓ.

લાખો પૂર્વનાં માસખમણ થતાં ત્રણ પારણાં ચૂકાયા પછી ભાન ભૂલી ગુસ્સે થયેલ અગ્નિશર્મા અનશન નિયાણું કરી મરીને ભવનપતિમાં વિદ્યુતકુમાર દેવ, દોઢ પલ્યોપમના આયુષ્યવાળો થયો છે. ત્યાં ઉત્પન્ન થઈને એણે વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું કે મેં શું હોમ, યજ્ઞ, દાન વગેરે ધર્મ કર્યો કે જેથી હું આ સ્થાને આવ્યો ? જોયું તો પોતાનો મહા તાપસ તરીકે અગ્નિશર્માનો ભવ દેખાયો. એમાં બાળપણે ઠેકડી કરનારા રાજા ગુણસેને પોતાના પારણાં ચૂકાવ્યા, તેથી એને ભવોભવ મારવાનું

નિયાણું કરી મરીને ત્યાંથી અહીં આવ્યો; એ જોયું. હવે એ વૈરી ગુણસેન ક્યાં છે ? એ જોતાં એ મહાત્મા ગુણસેનને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં રાજમહેલના એકાંત ભાગમાં કાઉસ્સગ્ગમાં રહેલા દેખે છે. દેખીને દાંત કચકચાવે છે, "પાપાત્મા ! શું સમજતો હતો એ ? તાપસોને, દુબળાઓને, અનાથોને ગમે તેમ રમાડવા, સતાવવાના ? હવે એને હું રમાડું ! દુષ્ટને જીવતો ન છોડું !" દેવે પૂર્વ જીવનમાં ભવોભવ મારવા માટેના નિયાણાની વાસના દઢ કરી છે; એ વાસના દેવભવમાં સાથે આવી છે. એક દૃષ્ટિએ દેવપણામાં વૈભવ અને સાહ્યબી એવા છે કે કશી લપછપ ન કરે તો પણ દેવતાઈ સુખ સારી રીતે ભોગવી શકે. પણ એ વૈરની લપ નથી છૂટતી. મનુષ્ય જીવનમાં બીજ નાખ્યું હતું ને ? **મનુષ્ય જીવનમાં નાખેલું ખરાબ બીજ ભયંકર.** ભવ સારો મળે તોયે પોતે ભવને ખરાબ કરે ! જાણે ભવને હરાવે ! નહિતર તો દેવભવમાં પ્રભુભક્તિ, મહાત્માઓના સન્માન વગેરે સારું કરી શકે. પણ અહીં તો વૈરનું બીજ નખાયું એટલે ભવની કોઈ કિમત નહિ. હવે શી રીતે એમ થાય કે 'જવા દે હવે. એણે ગમે તે કર્યું. આપણે શું ? આપણે તો દેવલોકમાં આવ્યા છીએ ને ?' અહીં તો પાકું નિયાણું, એથી એમ મન ન વાળી શકે.

**કર્તવ્ય સમજો :-** જો જો હોં કે **અબજો અબજ વર્ષોના માસખમણ પણ કષાય આગળ હારી ગયા ! ત્યારે તમારો છ કાયાના કૂટાનો અને પરિગ્રહાદિ કથલાનો સંસાર તમને જીતાડી આપશે ?** ક્ષમા-મૃદુતાદિગુણથી વિભુષિત માનવ બનવાને બદલે **ક્રોધપશુ, માનપશુ, માયાપશુ કે લોભપશુ બનવાની જરૂર નથી.** કોઈએ એ ભલે આપણને ચીડવ્યા; પણ આપણે એના ચીડવ્યા પર પશુ શા માટે બનવું ? અને શા સારું મહામૂલો ભવ બગાડવો ? આપણી પાસે મહાકિંમતી હીરો હોય, એને કોઈના ચીડવ્યા પર કે દુનિયાના બગડવા ઉપર થોડો જ તોડી નાખીએ છીએ ? એમ કોઈ આપણને ચીડવે, કે આત્માની પર એવી **જગતની વસ્તુ બગડે તેથી આપણે આપણા હીરા જેવા આત્માને શા માટે બગાડવો ? મનુષ્યભવમાં જગતના અજ્ઞાન જીવ કે જડ પદાર્થને લીધે આપણે કોઈ કષાય કે વિષયની લાગણી હૃદયમાં ઊંડી ઉતારવી, એ મહા ભૂંડું છે. એ લાગણીને વૈરી તરીકે દેખવાને બદલે વહાલી કરવી એ જીવનને ધૂળધાણી કરી ધર્મ વૈરીને ઊભા કરવાનું કાર્ય છે.** અગ્નિશર્મા કર્મવૈરીને ઊભા કરી શો સાર કાઢે છે તે જો જો. ત્યારે મહાત્મા ગુણસેન કેવી સરસ ક્ષમાને ઝીલી આત્માને કેટલા બધા ઉન્નત બનાવે છે, એય જો જો. અત્યારે તો અગ્નિશર્મા ભવનપતિનિકાયમાં દેવ થયો.

**સભામાંથી :-** કષાયી અગ્નિશર્મા દેવ કેમ થયો ?



અજ્ઞાન કષ્ટ અને તપસ્યાથી દેવનું આયુષ્ય બંધાવા હિસાબે છેલ્લે કાંક કુણાશ આવેલી હશે તેથી દેવગતિમાં ગયો. ક્રૂર પરિણામથી તો દેવલોક નક્કી ન મળે. એ પરિણામ તો ક્ષાયિક સમક્તિવાળાને ય નીચે નરકમાં પટકે, તો વગર ક્ષાયિકવાળાની શી વાત ? અગ્નિશર્માને મરતી વખતે ભૂખના દરદને લીધે કે ગમે તેમ, પણ જરા ક્રૂર પરિણામ સહેજ મંદ થયા હોય, જો કે પશ્ચાત્તાપ રૂપે નહિ, તો પણ મૂર્છન થવા જેવું થયું હોય એ સંભવિત છે. રહસ્ય જ્ઞાની જાણે. જીવ પોતાના હૃદયમાં સંખ્યાબંધ લાગણીઓને બેસાડે છે અને ઉઠાડે છે. એના મેળ અને એના મૂળ ક્યાં એ કળવું મુશ્કેલ છે. અશુભ લાગણીઓની જાળને તોડવા માટે ગુરુ મહારાજ ધર્મનો કીમીઓ બતાવે છે.

**મહાત્મા ગુણસેન ઉપર અગ્નિમય રેતીનો વરસાદ :-** કર્મની ખૂબી જુઓ કે જ્યારે ગુણસેન મહાત્મા કાઉસ્સગ્ગની પ્રતિજ્ઞાથી બદ્ધ છે, ત્યારે જ અગ્નિશર્માનો જીવ જે વિદ્યુતકુમાર દેવ, તે ત્યાં આવ્યો, અને ભયંકર ગુસ્સામાં ધમધમતા એણે મૂઢ બની આ મહાત્મા ઉપર નરકની અગ્નિની સળગતી જ્વાળા જેવી અતિ ઘોર બળતી રેતીની વૃષ્ટિ કરી ! કેવી રીતે ? રેતી માત્ર ભાડભુંજાની સોપારી શેકે તેવી બળતી નહિ, કિન્તુ નરકની અગ્નિજ્વાળા જેવી ! ત્યાંની ગરમીની પીડા એવી કે ત્યાંના જીવને અહીં ખેરના ધીખતા અંગારાની શય્યામાં સુવાડ્યો હોય તો એને ઠંડક લાગવાથી સારી ઊંઘ આવી જાય. એટલે એ નરકની લાહ્ય કેવી ? અકલ્પ્ય. એવી લાહ્ય ભરી રેતી શરીર ઉપર પડે તો કેવું દહન, કેવું શેકાવાનું; અને હાડકા ફટફટ ફૂટવાનું કેવું નીપજે ? એવી રેતીની વૃષ્ટિમાં ગુણસેન મહાત્મા કાઉસ્સગ્ગમાં છે. એક કણીઓ પણ એવી રેતીનો પડે ને તોય ભડકે સળગાવી મારે ! અહીં કણીઓ નથી નાખ્યો, એવી અગ્નિની ઝાળ ભરી રેતીનો ઢગલો વર્ષાવ્યો છે. તેય નાખીને ઉઠાવી લેવાનો નહિ, પણ શરીર પર ચોંટ્યો રહી બાળ્યા જ કરે એવો છે. એથી ભર અગ્નિ વચ્ચે પાપડ શેકાય તેમ એ શેકાઈ રહ્યા છે. પાપડ આરપાર શેકાઈ જાય છે. એવી અહીં સ્થિતિ છે. જાણે ભડકે સળગી રહ્યા છે. એમને એ ખબર નથી કે 'આ કોણ કરે છે,' તેમ શોધવા જાણવાની પંચાતમાંય નથી તો સ્વયં પડતા, કે નથી બીજા પાસે તપાસ કરાવતા ! એ તો કેમ જાણે પ્રતિજ્ઞા-પાલનરૂપી વહાણગમન અખંડ રાખી ભવસાગર પાર ઉતરી જવું છે. તે કાઉસ્સગ્ગ તે કાઉસ્સગ્ગ, બીજી વાત નહિ. આજની રાત તો આમજ; બીજો વિચાર નહિ. કેમકે પ્રતિજ્ઞા છે સવાર સુધી કાઉસ્સગ્ગમાં રહેવાની. સવાર થાય પછી ગુરુ પાસે જવાનું છે. એમણે એ બળતી સ્થિતિમાં અનાકૂળતા (આકૂલતારહિતપણું) અને ગજબ કોટિનું સત્વ ધારણ કર્યું છે. વળી જિનપ્રણીત ધર્મને વિષે એ ભાવિત મનવાળા

બનેલા છે. ત્રણેય વસ્તુ આપણા વર્તમાન જીવનમાં ખાસ કરીને જરૂરી છે.

**અનાકૂળતા - સત્ત્વ - જિનધર્મભાવિતમતિ, એ સુયોગ્ય વિચારણા અને મહાત્માપણું પ્રાપ્ત કરવાના ઉપાયની ત્રિપુટી છે :-** આજે આપણે દુઃખી છીએ એમ લાગે છે. પણ તે દુઃખ આ ગુણસેન મહાત્મા ઉપરના ભયંકર બળવાના દુઃખ આગળ કેટલું ? નહિવત્ ને ? છતાં વિચારો કે તે અનાકૂળતાદિ ત્રણ ગુણો છે, આપણી પાસે ? નથી. જો એ હોય તો આપણી આખી સ્થિતિ ફરી જાય. **એ ત્રણ ગુણથી તો આપણે દુઃખથી રીબાતા જગતની વચ્ચે મહાસુખી હોઈએ.** અનાકૂળતા, સત્ત્વ અને જિનધર્મથી ભાવિતમતિ ત્રણેય મહાદુઃખના પ્રસંગને અપૂર્વ કલ્યાણ-પ્રસંગ બનાવવા, તેમ અપૂર્વ આત્મનિર્મળતા કરવા માટેના અદ્ભૂત ઉપાયો છે. એ ત્રિપુટી ન હોવાથી તો કેટલીકવાર નાના દુઃખ મોટા મોટા લાગે છે. તેથી કાયરતા વધે છે.

**અનાકૂલતા :-** અનાકૂલતા એટલે આકુળવ્યાકુલ ન થવું તે. **માણસ આકુલવ્યાકુલ બને છે ત્યારે પહેલાં તો આવી પડેલ આપત્તિને સબળ ઠરાવી, એની આગળ પોતાની નિર્બળતા પુરવાર કરે છે.** દા.ત. મરગલા આગળ સિંહને કાંઈજ આકુળતા નથી, પણ મરગલું સિંહને જોવાની તો વાત નહિ, પણ સિંહનો નાદ સાંભળતાં આકુલવ્યાકુલ થાય છે. કેમ વારું ? કહો, સિંહની આગળ પોતાને નિર્બળ સમજે છે. આપણે પણ અનંત બળી આત્મા કહેવાવા છતાં આપત્તિ આગળ જાતને દુબળી સમજીએ છીએ, તેથી આકુલ વ્યાકુલ થઈએ છીએ. પછી **'શું કરું ? ક્યાં જાઉં ? કેમ છૂટું ? મારું શું થશે ?'** ઇત્યાદિ વલોપાત ચાલે છે. ત્યાં એટલો વિચાર નથી કે 'અલ્યા ! વલોપાતથી વિઘ્ન ટળશે ?' ત્યારે કેટલીકવાર એવું બને છે કે વિઘ્ન એમજ ટળી જવાનું હોય, પણ આ ભાઈ તે પહેલાં તો વલોપાતથી એવી દોડાદોડ કરી મૂકશે કે (૧) કાં તો અંતે મૂર્ખ ઠરશે ! અથવા (૨) વિઘ્નને સીલપેક-મજબૂત કરશે ! કે (૩) કોઈ નવીજ આપત્તિ ઊભી કરશે ! ઘડીભર માનો કે આપત્તિ એમ નથી જવાની; તો પણ તે નિવારવાના ચોક્કસ ઉપાયો શાંતપણે યોજાય એ એક કાર્યકર વસ્તુ ગણાય; પરંતુ એના બદલે આકુલતાવ્યાકુલતા કરાય; તો તે શો લાભ કરે ? કશોજ નહિ. ઊલટું એમાં તો **ચિત્ત વિહ્વલ થવાથી ચોક્કસ ઉપાયોની વિચારણા કરવાને બદલે કેટલીયવાર ભળતાજ ઉપાયોની વિચારણા થઈ જાય છે; તેથી પરિણામે વધુ નુકશાની નીપજે છે;** અને 'અરે ! આ ઉતાવળમાં મેં શું કરી નાખ્યું ?' એમ ભયંકર પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આવીને ઊભો રહે છે. ત્યારે વ્યાકુલતામાં દુર્ધ્યાન કે અશુભ વિચારણાના યોગે પાપ કમાઈ થાય એ જુદી. ગંભીરતાનો પણ નાશ થાય છે.



ખરી રીતે આપત્તિ વખતે વધુ સ્વસ્થ, વધુ સાવધાન, વધુ શાંત, અને પરિણામ દ્રષ્ટા બની જવું જોઈએ. નજરે ચઢતા કોઈ ઉપાયમાંથી લાભ કે અનુકૂળતા કેટલી નીપજશે, એ વિચારવા કરતાં વધુ તો એ વિચારવું ઘટે છે કે એમાંથી પ્રતિકૂળતા કે નુકશાન નીપજવા કેટલા સંભવિત છે. આકુલતા-વ્યાકુલતા આ વિચારવું ભૂલાવી દે છે, અને થોડા લાભ પર દૃષ્ટિ નખાવી આંધળીયા કરાવે છે. પરિણામે પડો ખાડામાં. દા.ત. ન્યુમોનીયા તાવમાં ક્વિનાઈનનું ઇંજેક્શન, એટલે સનેપાતની મહાનુકશાનીનું સર્જન. બીજું આકુલતામાં સરળ અને સુલભ, એટલે કે ઓછી મહેનત-ઓછા ખર્ચવાળા અને જલદી હાથ લાગે એવા ઉપાય પર નજર જાય છે. અને એ આદરવામાં ઊલટું કાર્ય બગડી જાય છે. ત્યારે ખરું જોતાં તો ત્યાં કઠિન ઉપાયોની જરૂર હોય છે, અને તે મુશ્કેલીપૂર્વક ઊભા કરવા જોઈએ છે. તો કેટલીકવાર એવું પણ બને છે **કે આકુલતામાં ઊલટું વધું ખર્ચાળ ઉપાયનું સાહસ થાય છે.** જેમકે, માણસ સામાન્ય બિમારીમાં આકૂળ થઈ જઈ તરત લોભીયા ડૉક્ટર પાસે પહોંચીને લાંબી બિમારી અને વધુ ખર્ચામાં ઉતરે છે. એના બદલે આકુલ થયા વિના બે લાંઘણ ખેંચી કાઢી હોત તો ટૂંકે અને વગર ખર્ચે પતત. ગુણસેન મહાત્મા જરાય આકૂલવ્યાકૂલ નથી બનતા. એથી એમને વધુ તો શું, પણ જરાય બગડવાનું નથી.

**આકુળતા રોકવાના ઉપાય :-**

આ અનાકુલતા-આકુલતાનો અભાવ એક મહાન ગુણ છે. એને કેળવવાની બહુ જરૂર છે. એ માટે કરવાનું એટલું જ છે કે પહેલાં તો જાણે આપણે સિંહની જેમ આપણી સ્થિરતામાં મસ્ત પડ્યા છીએ એમ રહેવાનું. 'થવા દો જે થાય તે, જોઈએ છીએ' એમ ચિત્ત શાંત રાખવાનું. તે પછી શાંતપણેજ ઉપસ્થિત થયેલ પ્રસંગના પૂર્વકારણો, એનું વર્તમાન બળ, સાધ્યતા-અસાધ્યતા અને ઉપાયો વિચારવાના. એમાં ઉપાયોની વધુ ખર્ચાળતા છે ? કે ખુદ આપત્તિની વધુ ખર્ચાળતા છે ? તેય આપત્તિ વેઠીજ લેવામાં કોઈ વિશિષ્ટ લાભ છે કે નહિ ? ન હોય તો આપત્તિને દૂર કરવામાં ખાસ શા લાભ છે ? ઇત્યાદિ બધું સ્વસ્થ અને વિચારક મનથી વિચારવાનું. તેમ કર્મ અને ભવિતવ્યતા પર વિશ્વાસ રાખી મક્કમ હૃદયે આવતા કાળને વધાવવાનો નિર્ણય રાખવાનો.

**સત્ત્વ :-**

હવે એમ આકુલવ્યાકુલ તો ન થયા, અને યોગ્ય ઉપાયો કરવા છતાં આપત્તિ ન ટળી, તો પછી આપત્તિમાં વલણ કેવું રાખવાનું, એ પ્રશ્ન ઊભો થાય છે. અહીં ઘણીવાર એવું બને છે કે એમ તો ચોક્કસ સમજી લીધું હોય કે આમાં કાંઈ ફેરફાર

થાય એમ નથી, માટે આપત્તિને નભાવેજ છુટકો છે, છતાંય આપત્તિના કાળમાં જીવ સત્ત્વ નથી કેળવતો, સત્ત્વ એટલે ધીરતા નથી રાખતો, એટલે પછી દીનતા, ઓશીયાળાપણું, રોદણાં, હાયવોય, નિરાશા, ભય, નિસાસા, કાયરતા વગેરે દોષોનો ભોગ બને છે. આજે તમે જુઓ કે એવા કેટલા નીકળે કે જેને તમે પૂછ્યું હોય કે 'ભાઈ ! કેમ ચાલે છે ?' તો એના ઉત્તરમાં કહે કે 'બહુ મજાનું, બધું સરસ ચાલે છે. કાળ ઘણો સારો' ? આવું કહેનાર કેટલા કેટલા નીકળે ? સેંકડે પચાસ ? પચીસ ? પાંચ ? અરે ! એક ટકોય નીકળે ખરા ? કે જે ને તે એમ કહેનારા નીકળે કે 'શું કેમ ચાલે છે ? આ મરી ગયા જેવા છીએ. જોતા નથી કેટલી સીતમ મોંઘવારી ! આવકના ઠેકાણાં નહિ ! ભયંકર હાડમારીનો કાળ ! પાછા કુટુંબી વાંકા ! આજના અનાજ, ઘી, તેલ વગેરે એવા, એટલે આરોગ્યના ઠેકાણા નહિ...' વગેરે વગેરે રોદણાં રોવાં સિવાય બીજું શું સાંભળવા મળે ? શું છે આ ? સત્ત્વહીનતા. સત્ત્વવાળો તો કસોટીનો કાળ સમજી અગ્નિમાં નાખેલા સોનાની જેમ આપત્તિમાં વધુ તેજસ્વી, ધીરહૃદયવાળો અને નિશ્ચિન્ત જેવો રહે છે.

**સત્ત્વના ઉપાય :-**

એ સમજે છે કે 'ધણી મર્યેથી રાંડીરાંડની જેમ વલોપાત શું કામના ? (૧) રોવાથી થોડું જ સુધરી જવાનું છે ? અને (૨) સુખ ભોગવતા આવડે તેમ દુઃખ-અગવડ વેઠતાં ન આવડે તો માનવતા શી ? (૩) દુઃખ વેઠવામાં તો ઊલટું પાપના કચરા આત્મામાંથી સાફ થાય છે. (૪) કુટુંબીઓને, દુનિયાને આપણા સત્ત્વથી સારો ધડો આપીએ છીએ. (૫) સત્ત્વ ગુમાવી દીન બનવામાં નાલેશી આવે છે, બીજાની ગુલામી કરવી પડે છે. (૬) સત્ત્વમાં ગુલામી નથી કરવી પડતી; ખોટી આશાની લાળ નથી પાડવી પડતી, (૭) ગમે તેટલા ઊંચા નીચા થઈએ પણ કર્મ અને ભાવિભાવ ક્યાં છોડે એમ છે ? (૮) સંસારની દરેક સ્થિતિ સ્થિર રહેવાની જ નહોતી, પણ આ ખોટી રીતે માની લીધું કે મારું બધું કાયમ આમજ ચાલશે, તેથી આજે એમાં ફેરફાર થતાં મુંઝવણ થાય છે. માટે પેલો ખોટો ખ્યાલ કાઢી નાખું; અને આ આપત્તિદશા માટે પણ માનું કે આય કાયમી નથી ચાલવાની. (૯) સત્ત્વથી સુવર્ણની જેમ શુદ્ધ થવાય છે. (૧૦) દુન્યવી આપત્તિમાં આત્માનું કશું નથી બગડતું; તો ધીર કેમ ન રહેવું ? વગેરે વગેરે વિચારસણાથી સત્ત્વ કેળવી-જાળવી શકાય. મહર્ષિ ગુણસેન અત્યારે મહાન સત્ત્વથી અલંકૃત છે; જરાય અધીરતા, દીનતા કે ભય નથી સેવતા.

**જિનપ્રણીત ધર્મમાં ભાવિતમતિ :-**

આ ગુણ તો મહાન લાભદાયી ગુણ છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ એનું



સમર્થન કરે છે. એ અનાદિ-ભ્રમિત આત્માનું ગજબ પરાવર્તન સૂચવે છે. તત્ત્વ સામેના અનાદિના ભ્રમ ટળે, આહારાદિ સંજ્ઞાના રાહ પલટાય, જડના અને જગતના પક્ષપાતીને બદલે આત્માના અને જિનના પક્ષપાતી બનાય તો આત્મામાં પરાવર્તન થયું ગણાય. એ બધું થવા માટે આપણી મતિને જિનવચનથી જિનોક્ત ધર્મફરમાનોથી આરપાર વાસિત કરવાની જરૂર છે. મહાત્મા ગુણસેને એ પણ સુંદર કર્યું છે.

**'ભાવિતમનવાળા' એટલે શું** તે આગળ કહ્યું હતું. રસાયણ તથા ભસ્મોને વનસ્પતિ વગેરેના રસના પુટ દે છે, ભાવના આપે છે; અર્થાત્ બંનેને એકમેક કરે છે. તે પછી એમ જુદું ન પાડી શકાય કે 'આટલો ભાગ ભસ્મનો, આટલો પુટનો.' અહીં પણ એવાજ સ્વરૂપે મનને શ્રી જિનેશ્વર દેવોએ ભાખેલા ધર્મ સાથે એકમેક કરવું, તે મનને ભાવિત કરવું કહેવાય. ગુણસેને જિનેશ્વરદેવે કહેલા ધર્મમાં ચિત્તને એવું પરિણત કર્યું છે. અર્થાત્ ધર્મ અને ચિત્તનું મિશ્રણ એવું કે 'આટલો ચિત્તનો ભાગ અને આટલો ધર્મનો ભાગ' એવું પરખી ન શકાય. કહો કે ચિત્ત પુદ્ગલરૂપ ન રહ્યું, પણ ધર્મરૂપ બની ગયું. શું સમજ્યા ? પહેલાનું સંસારવ્યવહારરૂપ ચિત્ત હવે તદ્દન ધર્મમય બની ગયું. હેં ? તે આવું ભાવિત કેટલા કાળમાં કર્યું ? લાખો પૂર્વે તો રાજ્ય કર્યું છે. તે પછી માત્ર એક મહિનાનો સદ્ગુરુનો યોગ મળ્યો એટલામાંજ ને ? હવે એટલામાં ઊંચે ચઢ્યા ? સમતાભાવથી અગ્નિમય રેતીથી ભડકે સળગે છે !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૧૮,તા.૧૬-૧-૧૯૫૪

શ્રી હરીભદ્રસૂરિજી મહારાજ એમની એ પીડામાં અનાકુલતાદિ ત્રણ ગુણનું વર્ણન કરતાં એ મહાત્માની ધર્મભાવના આપણને બહુ ગજબનાક અસર કરે એવી એક ગાથામાં વર્ણવવા પૂર્વક ભાવનાનું વર્ણન માત્ર છ ગાથામાં કરે છે, ખરેજ! કંઠસ્થ કરી લેવા જેવી એ ગાથા છે. વારંવાર આત્માને મહાન સમતા-સમાધિ આપે એવી એ સાતેય ગાથા છે. તે આ રહીઃ-

१. **तीए य डज्झमाणो अणाउलं गरुयसत्तसंपन्नो ।**
**चिन्तेह भाबियमणो धम्मेम्मि जिणप्पणियम्मि ॥**

२. **सारीर-माणसेहिं दुकखेहि अभिद्रुयम्मि संसारे ।**
**सुलहमिणं जं दुक्खं दुलह सद्धम्मपडिवत्ती ॥**

३. **धन्नोऽहं जेण मए अणोरपारम्मि भवसमुद्दम्मि ।**

भवसयसहस्स दुलहं लद्धं सद्धम्मरयणमिणं ॥

४. एयस्स पभावेण पालिज्जन्तस्स सइ पयेत्तणं ।
जम्मन्तरम्मि जीवा पावन्ति न दुक्खखदोगच्चं ॥

५. ता एसो च्चिय सफलो मज्झमणायरण दोसपरिहीणो ।
सद्धम्मला भगरुओ जम्मो नाइम्मि संसारे ॥

६. विलिहइ य मज्झ हिययम्मि जो कओ तस्स अग्गिसम्मस्स ।
परिभक्कोवुप्पाओ, तवइ अकज्जं कयं पच्छा ॥

७. एणिहं पुण पडिवन्नो मेत्तिं सव्वेसु चेव जीवेसु ।
जिणवयणाओ अहयं विसेसओ अग्गिसम्मम्मि ॥

**મહાત્મા ગુણસેનની અંતિમ ઉપસર્ગ-કાળે અપૂર્વ સાત્વિક ભાવનાઓ.**

**૧. તે નરકાવાસની અગ્નિ જેવી જળતી રેતીથી બળતા એવા ગુણસેન મહાત્મા આકુલવ્યાકુલ થયા વિના.મહાન સત્વને ધારણ કરતા અને શ્રી જિનેશ્વર દેવથી ભાષિત ધર્મ વિષે ભાવિત કરેલા મનવાળા બની વિચારે છેઃ-**

**૨. શારીરિક અને માનસિક દુઃખોના આક્રમણવાળા આ સંસારમાં સુલભ છે જે દુઃખ છે. બાકી સદ્ધર્મની પ્રાપ્તિ તો દુલર્ભ છે.**

**૩. ધન્ય છે મને કે આ અપાર ભવસાગરમાં લાખો ભવે દુર્લભ એવું સદ્ધર્મરત્ન મને મળ્યું ?**

**૪. સદા પ્રયત્ન વડે પળાતા આ સદ્ધર્મના પ્રભાવથી જીવો ભવાંતરને વિષે દુઃખ-દુર્ગતિ નથી પામતા.**

**૫. તેથી અનાદિ સંસારમાં અનુચિત આચરણરૂપી દોષથી રહિત એવો આજ મારો જન્મ સદ્ધર્મની પ્રાપ્તિથી મહાન બનેલો છે.**

**૬. માત્ર તે અગ્નિશર્માની મેં (બાળપણમાં)જે મશ્કરી કરી અને (પાછલી વયમાં) જે ક્રોધ ઉપજાવ્યો તે મારા હૃદયમાં ખૂંચે છે, એટલા એ કરેલા અકાર્યનો મને પ્રશ્વાત્તાપ થાય છે.**

**૭. પણ હવે શ્રી જિનવચનને અનુસારે સર્વેય જીવો પ્રત્યે હું મૈત્રીભાવને સ્વીકારું છું, અને વિશેષ કરીને તે અગ્નિશર્મા ઉપર હું મૈત્રીભાવને ધારણ કરૂં છું.**

કોઈપણ આપત્તિકાળે, જીવની મૂંઝવણના કાળે અને ખાસ કરીને મૃત્યુકાળે જીવને મહાન સમાધિ રાખવા માટે આ વિચારણા બહુ ઉપયોગી છે. જીવના પ્રત્યે (૧) **સંસારનું નિર્ગુણી સ્વરૂપ** અને (૨) **શ્રી જિનધર્મની અનંત ઉપકારકતા**, તથા (૩) **મૈત્રીભાવનો મહામંત્ર** આમાં સરસ રીતે વિચારાયા છે.



**સંસારમાં દુઃખ અને દોષ નવી ચીજ નથી :-** આ સંસારમાં શારીરિક અને માનસિક દુઃખ-ઉપદ્રવ તો સદા છે. કહો કે શરીર અને મન એ દુઃખના કારણ છે, સંસાર એવા ઉપદ્રવથી ભરેલો છે. **સંસારમાં ઉપદ્રવ દુર્લભ નથી, સુલભ છે. દુર્લભ છે માત્ર સાચું સુખ, અને એનો હેતુભૂત ધર્મ**. ભલે શરીર સારું મલ્યું; પણ એ તો અંતે સંસારનું જ ને ? એટલે જ દોષ અને દુઃખનું ઘર છે. પછી ત્યાં વારંવાર કષાયના તથા દુઃખના હલ્લા આવે, એમાં નવાઈ નહિ. સંસારે દુઃખ અને દોષ એ નવી ચીજ નથી; નવી છે સદ્ધર્મની અને સાચા સુખની પ્રાપ્તિ, આ જો બરાબર ખ્યાલમાં રહે તો એક તો 'ભાઈ ! સંસારમાં છીએ માટે દુઃખ તો હોય જ,' એમ કરી દુઃખમાં મન વળાય, તેમ બીજું, **સંસાર છે માટે દોષનો હલ્લો સહજ, જોરદાર અને હાલતાં ચાલતાં આવવાનો**. તેથી આપણે બહુ સાવધ રહેવું ઘટે, અને સંસારમાં સામા પુરે જવું ઘટે, દોષનું આગમન સહજ, જોરદાર, અને હાલતાં ચાલતાં; એટલે (૧) ગુણ લાવવા હોય તો ખાસ ઈરાદો અને પ્રયત્ન કરવો પડે છે, દોષ એ વિના સહેજે આવે છે. (૨) ગુણ એકાદ લાવવાની મોટી મહેનત પડે છે, ત્યારે દોષો મહેનત વિના જોરદાર ઢગલાબંધ ઉતરી આવે છે. (૩) ગુણ મેળવવાનું કયારેક થાય છે, દોષ હાલતા ચાલતાં અર્થાત્ વારંવાર અને ઝટ મેળવાય-કેળવાય છે. એથી જ મહા તકેદારી રાખી દોષોને દૂર ફેંકવાના છે.

**ધર્મની હૂંફ-કદાર-વિશ્વાસ કયારે જાગે ! :-** રાજર્ષિ ગુણસેન વિચારે છે કે ''હું ભાગ્યશાળી કે આ અપાર સંસાર વિષે, લાખો ભવે પણ દુર્લભ એવું ચિંતામણિ રત્નથીય ચઢીયાતું ધર્મ-રત્ન મને મલી ગયું. એવો ધર્મ મળે,અને એનું સદા પ્રયત્ન-પૂર્વક પાલન કરાય, તો જીવો જન્માન્તરને વિષે કદી દુઃખ-દૌર્ગત્ય પામતા નથી. માટે અનાદિ સંસારમાં મારો આ જન્મ સફલ છે, જે સદ્ધર્મની પ્રાપ્તિથી મહાન બન્યો છે, અને કોઈપણ જાતના અનુચિત આચરણ-પાપ આચરણથી રહિત છે.'' આજ ભવ સફલ છે અર્થાત્ અત્યાર સુધીના દેવોના અને મનુષ્યોના ભવો નિષ્ફલ ! કેવું ઉત્તમ હૃદય ! ધર્મને એ એક કિંમતી રત્ન સમજે છે, એથી દુન્યવી રત્ન પ્રત્યે જેમ એના પ્રેમીને બીજા બધા કરતાં ભારે આકર્ષણ હોય છે, તેવું રાજાને ધર્મરત્ન માટે છે. લાખો ભવો વીતવા છતાંય આ ધર્મરત્ન મળવું મુશ્કેલ, એ અત્યારે મળ્યું છે, એ બદલ રાજાને હર્ષનો પાર નથી. ધર્મરત્ન મળ્યાની એમને ભારે હુંફ છે, ભારે કદર છે; એવો અટલ વિશ્વાસ છે કે ધર્મરત્નથી અવશ્ય સંસારના અનંત દુઃખ અને પરાભવનો અંત આવે છે. ધર્મરત્નથીજ એ અંત આવે છે. ધર્મની આવી હુંફ-કદર-વિશ્વાસ તોજ ઊભો થાય કે એની આગળ રાજપાટ વગેરે વિસાતમાં તો ન લાગે, પણ ઊલટું દુઃખ-પરાભવનાજ કારણ લાગે. પછી એ હૂંફ, એ કદર, એ

વિશ્વાસના લીધે ધર્મ સાધનાનો રંગ ઝળહળતો અને આત્મવ્યાપી થઈ જાય. ઉચ્ચધર્મમાં ઓતપ્રોતતા એવી આવે કે ઉપસર્ગ એ સત્કાર સન્માન જેવા લાગે. આમની એવીજ ઉચ્ચદશા છે. તેથી ધર્મની પ્રાપ્તિથી અને અનુચિત આચરણના રહિત પણાથી ગૌરવિત બનેલા પોતાના જીવનને સફલ માને છે. જીવન કેવું પસાર કર્યું હશે, ત્યારે માની શકે છે કે મારું જીવન અનુચિત આચરણ વિનાનું છે. જીવનમાં અનુચિત આચરી બેસનારને પછી જીંદગી સુધી ડંખિત હૃદય રહે છે. માટે જીવનમાં એવા ડંખ ન આવવા દેવા માટે સળંગ ઉચિત વર્તાવ જરૂરી છે. વિચારો કે અયોગ્ય આચરવામાં શા મોટા આત્મિક લાભ મળે છે ? માત્ર કાયાની ખાતર કે કાયાની સાથેજ સંબંધ ધરાવતી વસ્તુ કે વ્યકિત ખાતર માણસ ઉચિત ભૂલે છે. પણ એણે સમજવું જોઈએ **કે કાયા નાશવંત છે, ધર્મ અમર છે; કાયા દુઃખ દેનારી છે; ધર્મ સુખ દેનાર છે. ધર્મને વિસારીને કાયા જીવને ભવનો પાર ન પમાડે, ભવમાં ભટકાવે છે. ધર્મ પોતે જીવને લઈ, ટેકો કરીને જીવને પૈલે પાર પહોંચાડે. એ ધર્મ તો આત્મિક વસ્તુ છે. એના માટે ઉચિત વર્તન અખંડપણે જાળવવું જોઈએ.**

**ગુણસેનનું આત્મ નિરિક્ષણ :-** અહીં એક પ્રશ્ન રહે છે કે શું ગુણસેને બાળપણમાં અગ્નિશર્માની મશ્કરીનું અનુચિત આચરણ નહોતું કર્યું ?

એનો ઉત્તર એમનીજ વિચારણમાંથી મળી રહે છે. મહાત્મા ગુણસેન વિચારે છે, 'મને ખેદ એક વાતનો થાય છે. અગ્નિશર્મા તાપસનો મેં જે પરાભવ અર્થાત્ બાળપણામાં મશ્કરી કરી હતી. અને એને છેવટની સ્થિતિએ ગુસ્સો કરાવ્યો હતો, બસ, હૃદયમાં તે સાલે છે.' ખૂબી તો જુઓ, કે જે વખતે અગ્નિશર્મા ઉપરથી એમને ધીખતી રેતી વરસાવી સળગાવી રહ્યો છે, એજ વખતે મહાત્મા ગુણસેન એને દુભાવવા માટે પ્રશ્ચાત્તાપ ધારણ કરે છે ! ભલે પોતાને ખબર નથી કે આ કોણ સળગાવી રહ્યું છે; પણ ખબર હોત તો પણ ધર્મ ભાવિતમતિમાં વિચારણા તો આજ રહેત. આ ઉપરથી જાણવા મળે છે કે **જેમ કુદરતમાં સૌ પોતપોતાનું કામ બજાવે છે,-અગ્નિ બાળે છે, પણ પાણી ઠારે છે**; ડુંગળી દુર્ગંધ આપે છે, પણ કસ્તુરી સુગંધ આપે છે; **-તેમ અહીં પણ દુર્જન દુષ્કૃત આચરે છે, છતાં સજ્જન શિષ્ટતા અને સાધુતા દાખવે છે** ! ગુણસેનમાં એ વિશિષ્ટતા સાધુતા બાળપણથી છે, અપવાદ રૂપે માત્ર મશ્કરી-કૌતકવૃત્તિ છોડીને, ત્યારે એમનું બાકીનું જીવન કેવું ઊંચુ હશે ? ગુણસેન એટલે ગુણોની સેના છે જેનામાં એ-એમણે પૂર્વે મશ્કરી કરી, અને વર્તમાનમાં ક્રોધનું કારણ આપ્યું, પ્રમાદ કર્યો તે માફ. બસ પોતાના જીવનમાં આ વિના બીજું કોઈ અકાર્ય નથી જણાતું, એનો ખેદ કરવા જેવું નથી દેખાતું. તેમ એ મશ્કરી અને ક્રોધ કર્યાનું પોતાને ખૂબ પીડે છે. **માણસની દૃષ્ટિ નિર્મળ થયા**



**પછી જે પ્રસંગમાં બીજા મુંઝાય, એના એજ પ્રસંગને પામીને એ વધુ ઉદારતા અને વધુ મૃદુતા કેળવી વધુ સમતાભાવની ખીલવટ કરે છે**. મહાત્મા ગુણસેન હવે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરે છે, અને જિનવચનના ફરમાનને શિરે ચઢાવી વિશેષ કરીને અગ્નિશર્મા પર મૈત્રીભાવ સ્વીકારે છે.મૈત્રીભાવ એટલે મિત્રપણાની લાગણી, એમાં દુશ્મનનું ભલું થાઓ એ હાર્દિક ભાવના.ભલે કદાચ આપણા મનમાં દુશ્મન મહા નાલાયક લાગતો હોય, ક્ષમાપાત્ર નજ જણાતો હોય, આપણું એણે નિકંદન કાઢ્યું હોય, તો પણ **જો આપણે આપણા માથે શ્રી જિનવચનનું બંધન સ્વીકાર્યું હોય, અને એ બંધન અનંત પુણ્યે મળવાનું સમજતા હોઈએ, તો એ જિંનાજ્ઞાની રુએ પણ પેલા દુશ્મનને ક્ષમા આપવીજ જોઈએ.** મહર્ષિ ગુણસેન આ સમજે છે તેથી કહે છે કે જિનવચનના હિસાબે વિશેષે કરીને અગ્નિશર્માને માટે મૈત્રીભાવ ધરવોજ જોઈએ.

આપણા **મૈત્રીભાવમાં આપણે સહેવું પડે તે મહાલાભ માટે** :-ગુણસેન મૈત્રીભાવથી તો એક દૃષ્ટિએ જાણે અગ્નિશર્માને વૈર વાળવા માટે આ સગવડ કરી આપે છે ! કેમ કે પોતે વિશ્વાસે રહેશે, એટલે ભવિષ્યમાં એના તરફથી વધારે વિટંબણા પામવાનું થવાનું, પોતે મૈત્રી ધારણ કરે, વૈર ન રાખે, સામનો ન કરતાં ઊલટું પ્રેમ દાખવે, એટલે જ જાણે પેલાને વૈરવાળવાની વધારે ફાવટ આવશે ! પણ,

**એ સહેવામાં મહાત્મા ગુણસેનને કાંઈ ખોટું નથી. કારણ સ્પષ્ટ છેઃ-**

(૧) જો પોતાનાં-પાપકર્મ ઊભા હશે તો છૂટકો ક્યાં છે ? ઊલટું હવે તો તે ખતમ થશે; અને

(૨) જો પુણ્ય મોજુદ છે તો ત્યાં સુધી વાળ વાંકો થનાર નથી.પછી વૈર કે દ્વેષની ઉતાવળ શા માટે કરવી ?

(૩) મહાકિંમતી મૈત્રીભાવની તક શા માટે ગુમાવવી ?

(૪) મૈત્રીભાવ બહુજ કિંમતી છે. કેમ કે આત્માના અનેક દોષોનો,પાપના રાહનો, અને દોષોની પરંપરાને ચલાવનારા વૈરભાવનો એ અંત લાવે છે.

(૫) તેથી હવે દોષો પોષાતા નથી, તેથી દુર્ગતિ થતી નથી.

(૬) **મૈત્રી ભાવમાં હૃદય ફોરૂં, મન પ્રસન્ન, અને આત્મા પવિત્ર રહે છે,** હૈયા પર જાણે કાંઈ ભારજ નહિ, અને મન સદા ખુશ રહે છે. કોઈને દુશ્મન દેખવાનોજ નહિ, કોઈનુંય બૂરું કલ્પનામાં પણ લાવવાનું નહિ. જેમ સ્નેહાળ પુત્રનું સારુંજ ઈચ્છીએ તેમ સદા સૌનું સારુંજ ઈચ્છવાનું, પછી મન બગાડવાનો પ્રશ્નજ નહિ. મન ખુશ રહ્યા કરશે. કોઈ સ્થિતિમાં આત્માને કલુષિત થવાનો પ્રસંગ નથી,

તેથી એ પવિત્ર રહેવાનો.

(૭) કોઈપણ ધર્મના ફિરસ્તા વૈરભાવનું પ્રતિપાદન નથી કરતા; સૌ મૈત્રીભાવનું સમર્થન કરે છે. માટે એજ આદરણીય છે.

(૮) મૈત્રીભાવથી આત્મા કોમળ અને ભાવુક રહે છે, તેથી દાનદિધર્મના ઘાટ અને રંગ એમાં ઉતરી શકે છે.

(૯) મૈત્રી-ભાવવાળાને 'આણે મારું આ બગાડ્યું હતું, અને પેલાએ મારું અમુક ખરાબ કર્યું હતું, તો વળી ત્રીજાએ મારું આવું વાટ્યું હતું...' આવી આવી દુર્ધ્યાનની પાપ વહી નથી તો રાખવી પડતી, કે નથી વાંચવી પડતી એથીજ

(૧૦) મૈત્રીભાવવાળાને પરમાત્મ-ગુણો, તત્ત્વો, સિદ્ધાન્તો વગેરે ચિંતવવા સારો સમય મળે છે.

(૧૧) ક્રમે કરીને મૈત્રીભાવની પરાકાષ્ઠા વીતરાગદશા સુધી પહોંચાડી, પરમપદ-શ્રેષ્ઠ તત્ત્વ જે મોક્ષ, તેને પમાડે છે.

એથી મૈત્રીભાવ જે અહીં સુલભ છે, સરસ છે, તેને વધાવી લેવામાં સંકોચ શાનો ? **મહાત્મા ગુણસેન મનથી શીતળ છે, છતાં શરીર એમનું સળગી રહ્યું છે.** રક્ષણ માટે બૂમ મારે તો વાર નથી બચવામાં ! સામગ્રી મોજુદ છે. ગણત્રી વિનાના રક્ષક આવે તેમ છે. પોતાની પણ તાકાત છે દોડવાની. પરંતુ ન બૂમ, ન રક્ષકની અપેક્ષા, ન સ્વયં દોટ. એક માત્ર પ્રતિકૂલ, ભયંકર પ્રતિકૂલ ઉપસર્ગ સહન કર્યે જાય છે. કાઉસ્સગ્ગમાં રહેવાની પ્રતિજ્ઞા છે, અને **સત્પ્રતિજ્ઞાનું પાલન એજ ધર્મ, એજ કમાઈ, એજ આત્મ જીવન છે**. પછી ભલે ત્યાં કાયાનું મૃત્યુ થાય, શી ચિંતા કરવાની ?

**ઉદયની ચાવી : 'હવે સારા બનો' :-** અગ્નિશર્માના પાપી હૃદયમાં વૈરભાવનો ધખતો દાવાનળ છે. એણે જીવનભરમાં માસખમણના પારણે માસખમણથી તાપસપણું લાખો પૂર્વ પાળ્યું ! પછી કેવો બન્યો ? અને ગુણસેને લાખો પૂર્વ રાજપાટ, સત્તા, ભોગવિલાસમાં ગાળ્યા. પણ પછી સદ્‌ગુરુના માત્ર એક મહિનાના પરિચયમાં એ કેવા બની ગયા ?

**આજ સુધી તમે કેવા હતા તે પ્રશ્ન નથી, હવે કેવા બનવાની ઈચ્છા છે, કેવા બનવાની તૈયારી છે, અને આજથી જ કેવા બનવાને અનુકૂળ પુરુષાર્થ આદરો છો, એ પ્રશ્ન છે.**

આ ઉદયની ચાવી છે. ડાહ્યા માણસનું લક્ષણ એ છે કે ભૂતકાળના બગાડી ગયેલાને રોયા કરવું નહિ. અરે ! યાદેય ન કરવું; પણ વર્તમાનને જ તેજસ્વી બનાવી દેવું. ભૂલ થઈ અનંતી તે થઈ ગઈ. હવે રોઈને શું કરવાનું ? હવે તો



હાથમાં છે તે સુધારવું. હાથમાં છે આપણી વર્તમાન હાલત. તેને ઉત્તમ બનાવી દેવી, માણસ આ કરવાનું જ ભૂલે છે. **ખરી રીતે જૈનશાસન અનિત્યાદિ બાર ભાવના, આજ્ઞા-વિચયાદિ ધર્મધ્યાન, નવપદ-નવતત્ત્વના ચિંતન, પાપના પ્રશ્ચાત્તાપ, અનુપમ આગમવાતો -વગેરે કરવાનું એવું બતાવે છે, કે એમાં ગમે ત્યારે ચિત્ત પરોવીએ એટલે મહાન સંવર અને નિર્જરા માર્ગની આરાધના પણ એવી સુંદર બતાવે છે કે એમાં ગમે ત્યારે ઓતપ્રોત થઈ શકાય છે. ત્યારે કાયિક આરાધના પણ અનેકાનેક પ્રકારની એવી બતાવી છે કે એમાં પણ ગમે તે વખતે આત્માને જોડી શકીએ. પૂર્વે** આપણે ગમે તેવા હતા પણ વર્તમાનમાં સરળભાવે એ માનસિક-વાચિક-કાયિક આરાધનાના, આરાધક બનવું હોય તો બની શકીએ છીએ; અને આત્માનો ઘણો ઊંચો ઉદય સાધી શકીએ છીએ.

ખબર છે ને, **ઝાંઝરીયા મુનિ**નો સ્વયંઘાતક રાજા ત્યાંજ રાજાપણાના વેષમાં કેવળજ્ઞાની બન્યો શી રીતે ? હજી હમણાં તો ભયંકર ગુસ્સામાં આવી તલવારથી મહામુનિનું પવિત્ર શરીર કાપી નાખ્યું છે, એને ત્યાં તરત જ એ મૃત કલેવર આગળ કેવળજ્ઞાન થાય છે, એ રાણીના યાર નહોતા, એ તો સાચા મુનિમહર્ષિ હતા.' ત્યાં પોતે હવે મનથી ઘોર પશ્ચાત્તાપ અને શુભભાવનામાં ચઢ્યા, કાયાથી મુનિદેહના પગે પડી પડી ચોધાર આંસુએ રડી રહ્યા છે, વાણીથી સ્વદુષ્કૃત્યની ભારોભાર નિંદા અને મહર્ષિના ગુણગાન કરે છે. -શું આ બધું ? **વર્તમાનમાં સારા એટલે કે આત્મનિંદક, ઉચ્ચચિંતક, ક્ષમાપ્રાર્થક, મુનિના અનુમોદક;** -વગેરે બનવાનું કર્યું; તો પરિણામ કેવું સરસ ? માત્ર ક્ષણ પૂર્વેના ભયંકર દુષ્કૃત્યજ નહિ પણ જન્મોજન્મના પાપ બધાંજ રદ બાતલ થયાં; અને કેવળજ્ઞાન પામ્યા ! તો શા માટે બીજો વલોપાત કરવો ? વર્તમાન ક્ષણના ઉત્તમ બની જવું, અને પછીની દરેક ક્ષણે ઉત્તમ બન્યા રહેવું. ઝાંઝરીયા મુનિના ઘાતક રાજાની જેમ ખંધક મુનિની ચામડી ઉતરાવનાર રાજા પણ કેવળજ્ઞાન પામ્યા. ત્યારે દઢપ્રહારી અર્જુનમાલી, ચિલાતીપુત્ર વગેરેએ શું કર્યું ? વર્તમાન સુધાર્યું. 'હવે મારે રાગ-દ્રેષના ગુલામ નથી રહેવું, આ નિર્ધારથી અડગ સમતામાં ચઢ્યા.

ગુણસેન મૈત્રીભાવમાં રમે છે. 'જીવનમાં આવો અવસર ફરી ક્યાં મળે ? હવે વૈરી કોણ ? ગઈ કાલે મારા પર મહાગુસ્સે થનારો પણ વૈરી નહિ. અરે ! 'એણે મારું સહેજ પ્રતિકુલ કર્યું,' એવું લેશમાત્ર મનમાં લાવવાનું નહિ. હવે તો 'એ તો મારો મિત્ર **ખામેમિ સવ્વજીવે** સર્વ જીવોને ખમાવું છું. વિશેષ કરીને તે અગ્નિશર્માને ખમાવું છું. કેમ કે મને જિનવચન મલ્યું છે.' **ક્ષત્રિય રાજવીપણાનો મુગટ મલ્યા પછી યુદ્ધમાં જરાય પાછી પાની ન કરાય; તેમ જિનવચનનો તાજ**

**પહેર્યા પછી આંતર શત્રુ સામેના યુદ્ધમાં ક્ષમા, સમતા અને મૈત્રીભાવમાં પાછી પાની ન કરાય,**

**ધર્મની ઉત્પત્તિ ઉપશમ રસમાંથી છે :-** મહાત્મા ગુણસેન પોતાને થયેલ **જિનવચનની પ્રાપ્તિની કેવી ઊંચી જવાબદારી સમજે છે ! એવી જવાબદારીની સમજ ઉપર એમના આત્માનું સત્ત્વ ખીલી ઉઠે છે, ઉપસર્ગ સહવાનું જોમ પ્રગટે છે !** પછી ઉચ્ચ આરાધના માટે આત્મા એકદમ સજ્જ બને છે. મહાત્મા ગુણસેનમાં એથીજ અતિ અલ્પકાળમાં ઉપરામ રસનો ધોધ વહે છે. શ્રી સર્વજ્ઞકથિત ધર્મનું એક વિશેષણ છે. '**ઉપશમમાંથી જન્મેલ**'. અર્થાત્ ચારિત્ર ધર્મ ઉપશમમાંથી જન્મ્યો હોવો જોઈએ. ઉપશમમાં શું આવે ? ઉપશમમાં કષાયોની શાંતિ આવે. ધર્મમાં એ સારભૂત છે. મહાવ્રતનું પાલન કિંમતી ખરૂં, પણ મૂળમાં ઉપશમ રસ જોઈએ. ઉપશમ એ મૂળ છે. એમાંથી ધર્મનો કંદ તૈયાર થાય છે. ઉપશમ એ બોરિંગ છે; એમાંથી ધર્મનો ઝરો વહે છે. હૈયામાં થોડો પણ ઉપશમ ન હોય તો પૂજા એ પૂજા ન રહે; સામાયિક એ સામાયિક ન બને; દાન એ દાનનું કાર્ય ન કરે. અંધારે ઝાડ પર હાથ માર્યો. આંબો સમજી ફલ લીધું, મોંમાં નાખ્યું, તુરૂં લાગ્યું, તો મનાય કે 'આ આંબો નહિ,' તેમ જ્યાં ધર્મનો દેખાવ મોટો હોય પણ ઉપશમ ન હોય તો માનવું પડે કે આ કેવળી-પ્રણીત ધર્મ નહિ હોય. **'केवलिपन्नतो धम्मो उवसमपभवो'** કેવળી-પ્રણીત ધર્મ ઉપશમમાંથી વહે છે. પછી જે જે ધર્મના અંગો સાધતા જાય ત્યાં ત્યાં ઉપશમની અસર પથરાતીજ જાય. ગોટલો વાવો, ઝાડ ઉગે, ડાળ પાંખળા નીકળે, બધે કેરીની અસર વ્યાપતીજ જાય તેથીજ છેવટે એ આંબાના ઝાડને મધુરૂં કેરીનું ફલ આવે છે. લીંબડે તો લીંબોળી આવેલી જોવા મળે. આપણી દરેક ચર્યામાં આ મુખ્ય **જોતા જવાનું છે કે આત્મામાં ક્રોધના ઉકળાટ, માનના ધમધમાટ, માયાના વલોપાત, લોભના તરંગ, અને કામ-હાસ્ય-શોકાદિની અસ્વસ્થતા વગેરે શાંત થતા આવે છે ને ?**

**ધર્મ એટલે લૌકિક ધોરણ મૂકી લોકોત્તર ધોરણે ચાલવાનું :-** ગુણસેન રાજા કાઉસ્સગ્ગમાં છે, અગ્નિએ બળી ઉઠવાના ઘોર ઉપસર્ગમાં છે. પણ પ્રસન્ન છે. ગુસ્સો તો નથી પણ ઊલટું મૈત્રીભાવનું ચિંતન છે. હવે પૂર્વના લૌકિક ધોરણ નથી ક્યાં એ ? 'થાય તેવા થઈએ...' વગેરે. હવે એ ધોરણ ફરી ગયા. હવે તો મહા ક્ષમાના લોકોત્તર ધોરણ થઈ ગયા કેવા એ ? માથાવાઢ દુશ્મનને ઉપકારી માનીએ એવા. કેમ ? **ધર્મી થયા પછી ધોરણ ફરવા જોઈએ**. દુનિયામાં પણ માણસ શ્રીમંત થાય, પગભર થાય, એટલે એના ધોરણ બદલાય છે. 'હવે તો ખાવાની સીસ્ટમ આવી રીતે.' એટલે ? કહોને ટેબલ ખુરશી પર. તેમ 'અમુક જ ખવાય. બોલવામાં



આ આ પદ્ધતિએ અમુક અમુક જ બોલાય...' વગેરે વગેરે. વિવિધ ક્ષેત્રમાં આગળ વધતાં આજે રંગઢંગ ફરી જાય છે. શ્રીમંત થાય એટલે હવે ગરીબ સાધર્મી સાથે જેમ તેમ હળાયમળાય નહીં, હવે તો સારા સુખીની કંપની જોઈએ, કલબ સોસાયટી જોઈએ. પૂર્વકાલના હિસાબ જુદા હતા. ત્યાં પરમાર્થના દ્વારો ઉઘડી જતા, સંઘભક્તિ અને શાસન પ્રભાવનાના કોઈ કાર્યો હાથ ધરાતા. ઉદારતાનો પ્રવાહ પૂર જોસમાં વહેતો થઈ જતો. 'શ્રીમંત થાય પછી કૃપણતા ન ચાલે, લોભ ન કરાય, એકલા પેટ ન ભરાય, સ્વાર્થી, ઘમંડી અને વિષયાંધ ન બનાય.' એવું બધું બનવારૂપે ધોરણ ફરી જવા જોઈએ. એવું જ ધર્મી બન્યા પછી ધોરણ ફરી જવા જોઈએ.

અગ્નિશર્માએ મહાત્માની પાછળ ગુસ્સો કર્યો. ગુણસેન મહાત્માએ જૈનધર્મ, શ્રાવકધર્મ અને સાધુધર્મ ભાવથી સ્વીકાર્યો, પછી એમને ગુસ્સો ખપતો નથી. સમજ્યાને ? ખપતો નથી ! શું ? ધોરણ ગયું. **ધર્મકાર્યમાં ગુસ્સો ન કરાય. ધર્મને અને ગુસ્સાને મેળ નથી. દુધને અને મીઠાને મેળ નથી, દુધ-ખાંડને મેળ છે. ખાંડને બદલે મીઠું લાવે તો કહેવાય છે કે 'નાખ દાળમા.' મિથ્યા ધર્મમાં ભલે એવું બધું હોય; સમ્યગ્-ધર્મમાં એ ન ચાલે. એટલે નક્કી કે 'ગુસ્સો નજ કરાય. વૈર નજ બંધાય. સામો ભલે સત્તરસો ભૂલો કરી નાખે, પણ આપણે દ્રેષ અને વૈર નહિ તે નહિ જ. એને બદલે ક્ષમા અને મિત્રતાજ કેળવવાના. પૂર્વના કદાચ દ્વેષ વૈર હોય તોય તે ભૂસી નાખવાના'** આવી ઉચ્ચ સમજ કરવાનું કદાચ અનંતકાળે અહીં મળ્યું હશે. આવા સંયોગ છતાં, આ ન સમજે તે ભગવાનના શાસનનું રહસ્ય પામ્યો નથી. ત્યારે આવી મહાન કલ્યાણ સમજના સંયોગ ફરી કયારે મળવાના હતા ? 'દ્વેષ-વૈર કરવાજ જોઈએ. એવું કરીએ તોજ જીવાય. એમાં કાંઈ વાંધો નહિ;' -આવી ઘેલી સમજ તો વાઘ વરૂનેય મળી છે. એક વાર ક્ષમા અને મિત્રભાવ કેળવો, આપત્તિમાં મહાધીરતાનો ખપ કરો, પછી જુઓ કે એથી આત્માનું ઓજસ કેવું ખીલી ઉઠે છે!

અહીં વૈરી દેવને ગુણસેન મહાત્માના હાર્દિક ઉંચા ભાવનો કાંઈ ખ્યાલ નથી. કદાચ જાણે તોય દંભ માને. વળી એ જોવાની એને પુરસદેય ન હોય ? કેમ કે થોડું જ આ કસોટી કરવા આવ્યો છે ? એને તો એમને મારીજ નાખવા છે. એથી એટલું જ જુએ છે કે 'એરીબાઈ રીબાઈ મર્યા કે નહિ.' દ્વેષીલાને તો સજ્જનનો ચહેરો જોઈને ગુસ્સોજ થાય, પ્રેમ ન ઉભરાય.

વીતરાગને ત્યાંજ વિરાગ-ક્ષમાદિ મળે : ગુણસેન મહાત્મા પહેલા દેવલોકે :-

ક્ષમા અને મૈત્રી ભાવના વીતરાગ-પ્રભુના શાસન સિવાય પમાય કયાં ? જેની નિશાળે ભણ્યા, માસ્તરો પાસે અંગ્રેજી ભાષા ભણાય તે કેવી ? એના ઉચ્ચાર ગામડીયા સ્ટાઈલના હોય, યુરોપીઅન સ્ટાઈલના નહિ. એમ મિથ્યા માર્ગમાં ધર્મનું

નામ તો લેવાય છે, **પણ એના ઈશ્વર પણ અવસરે ગુસ્સો-લડાઈ પ્રેમ-વિનોદ વગેરે-કરતા હોય છે, તેથી ત્યાં સાચા ધર્મના ઢંગ શીખવાના કયાંથી મળે ? ત્યાં તો એ ઈશ્વરના જેવું શીખવા મળે.** સત્ય ધર્મ શ્રી વીતરાગ પ્રભુનો, ત્યાં સાચી ક્ષમા-મૈત્રીભાવ શીખવા મળે. મહાત્મા ગુણસેન મૈત્રીભાવમાં રમી રહેલ છે; એમને કોઈ ગુસ્સો નથી. પણ પરિણામ ? શાસ્ત્રકાર કહે છે કે શુભ ભાવમાં રમતા એવા એ, એ અગ્નિકષ્ટમાં બળને સાફ થઈ ગયા ! એમના પ્રાણનો નાશ થઈ ગયો ! સવાર ન થઈ, ગુરુ પાસે લેવા જવાનું ચારિત્ર રહ્યું. રાતમાં ખપી જવાયું.સમાધિ મૃત્યુ પામી વૈમાનિક પહેલા દેવલોકે દેવ થયા. વિચારજો અહીં પેલા દુષ્ટ દેવને આવવાનો અવસર હોત તો આવત એ ચોક્કસ, પણ ત્યાં ગુણસેનમાં આવી મહા પ્રતિજ્ઞાની અને સ્વયંસ્વીકૃત ચારિત્રભાવની ભવ્ય આરાધના ન હોત તો ? **માટે જ કહો કે ધર્મ કરવામાં ક્ષણવાર પણ વિલંબ કરવા જેવો નથી.** લાખો પૂર્વ માસ-ખમણનો સતત તપ કરનારો એ માત્ર દોઢ પલ્યોપમના આયુષ્યવાળો ભવનપતિ નિકાયમાં દેવ થયો. તેય ગુસ્સામાં આગળ વધવ માટે ! જયારે સમ્યગ્માર્ગ પામેલા રાજા-ગુણસેન એક મહિનાના સદ્ધર્મના આ એક જ પ્રસંગમાં આ રીતે સમાધિથી કાળધર્મપામી ચોથી વૈમાનિક નિકાયના સુધર્મ નામના પહેલા દેવ-લોકે ચંદ્રકાન નામના વિમાનમાં એક સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

(ગુણસેન રાજા વિજયીસેન આચાર્ય ભગવંત પાસે જઈ ચારિત્ર લેવા તૈયાર થયા હતા. પણ લઈ શકયા નથી. આડી રાત તેની શી વાત ? મનથી સંસાર ત્યજી રાત્રે પ્રતિજ્ઞા સાથે કાઉસગ્ગ-ધ્યાને રહ્યા. એમાં પેલો અગ્નિશર્મા તાપસનો જીવ દેવ થઈ આવ્યો. અને એણે અગ્નિ ધીખતી રેતી વર્ષાવી. મહાત્મા ગુણસેન કાળ કરી, પહેલા દેવલોકે ચંદ્રાનન વિમાનમાં એક સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.)

**દેવની ઉત્પત્તિ-દેવ ત્રિદશ કેમ ? દેવને મૃત્યુ માં દુઃખ શાનું :-** દેવની વિમાનમાં ઉત્પત્તિ શી રીતે ? ગર્ભથી ? ના, ત્યારે શું ગર્ભ વિના કીડાની જેમ ? ના. ગર્ભ જ પણ નહિ, ને સંમૂર્છિમ પણ નહિ. એ તો ઉપપતાજન્મથી ઉત્પત્તિ, એટલે ? જેમ આકાશમાં કંઈ ન હોય અને એકાએક ઈન્દ્ર ધનુષ્ય પ્રગટે તે રીતે, ત્યાંની ત્યાંની સંપૂર્ણ દેવતાઈ કાયા આખીય ક્ષણવારમાં નિર્મળ દિવ્ય. શય્યામાં એકાએક દેવતાઈ વસ્ત્ર નીચે ઉત્પન્ન થાય. દેવલોકમાં એક સૂક્ષ્મ બિન્દુથી માંડીને તે સ્વર્ગના હિસાબની પૂર્ણ કાયા માત્ર અંતર્મુહૂર્તમાં જ તૈયાર થઈ જાય છે. આવા જન્મને ઉપપાત જન્મ કહે છે.

અહીંથી મરીને ગયે બે ઘડી પુરી થઈ નથી એટલામાં તો સાત હાથની કાયા



અખંડ તૈયાર ! દેવગતિ, દેવ આયુષ્યનો ઉદય થાય એટલે સાથે વૈક્રિય શરીર નામકર્મ ઉદયમાં આવે. તેથી ઝડપભેર વૈક્રિય પુદ્ગલોથી સંપૂર્ણ દૈવીકાયા એકદમજ તૈયાર ! માટે દેવને ચાર અવસ્થામાંથી ત્રણ અવસ્યા નહિ, બાલ અવસ્થા નહિ, કુમાર અવસ્થા નહિ, અને વૃદ્ધાવસ્થા ય નહિ, માત્ર ત્રીજી અવસ્થા. તેથી દેવ ત્રિદશ કહેવાય છે.

દેવને જન્મવાનાં, બાળપણે પડવા આખડવાના, વૃદ્ધાવસ્થાના, રોગવ્યાધિના વગેરે દુઃખ નહિ જોવાના. મૃત્યુ પામવાનું તેમાંય મનુષ્ય ભવ જેવું દુઃખ નહિ. છતાં દેવને મૃત્યુનું જે દુઃખ થાય છે તે તો મૂર્ચ્છા અને બિનઆવડતને લીધે થાય છે 'અરે આ બધું મૂકીને મારે જવું પડશે ?' એ જોયું નથી જતું, એનું દુઃખ છે, શોક અરતિનું દુઃખ છે.

**ઉત્પન્ન થતાં શું શું બને ? :-** દેવોના જન્મ સમયે ત્યાં અપ્સરાઓ મનોહર ગીત થાય છે. ભમરાઓથી ગુંજરાવ કરાતા પુષ્પોની વૃષ્ટિ કરે છે. દેવતાઓને ભારે આશ્ચર્ય અને આતુરતા કરાવે એવા દિવ્ય અંગમરોડ, અને બીજી નૃત્યોની ખૂબીઓ સાથે ત્યાં જુદી જુદી જાતની મનોહર ત્રિસ્વરી વીણાઓ વાગી રહી હોય છે. 'સકલ ભુવનમાં અત્યંત દુર્લભ એવા દેવતાઈ જન્મને અમારા વિમાનમાં આ ભાગ્યવંત જીવ પામ્યો છે.' એના હર્ષમાં એ દેવનો જન્મ થતાંજ કૈકં દેવો મોટો સિંહનાદ કરે છે. 'ત્રણ ભુવનમાં દુઃખભર્યા નરક-તિર્યચ મનુષ્યના અવતારમાં ન પડતાં અહીં દેવલોકમાં આવો દિવ્ય સુખનો ભવ મેળવ્યો ! ધન્ય એને !' એમ દેવોને થાય છે. ત્યાં જન્મ પામતા નવા દેવને પણ કલ્પનામાં ન આવે થાય છે. ત્યાં જન્મ પામતા નવા દેવને પણ કલ્પનામાં ન આવે એવા અત્યંત મનોરમ દિવ્ય સંગીત, સ્પર્શ, રસરૂપ, અને ગંધનો ઈન્દ્રિયને અનુભવ થાય છે. આ સ્વાદ આવે છે. એ અનુભવ કેવા ? મનુષ્ય લોકમાં દેખાય નહિ, અને મનુષ્યનસ કલ્પનામાં આવે નહિ એવા ! એથી એ દેવને આનંદનુ પૂર ઉછળે છે. જન્મીને તરત જ ત્યાં એ શય્યાનું દેવતાઈ વસ્ત્ર બાજુએ મૂકી ઉભો થાય છે. તે વખતે અત્યંત પ્રકાશક દિવ્ય શરીરને ધારણ કરતો એ જાણે સાક્ષાત્ શરદ ઋતુનો ચંદ્ર પ્રગટતો ન હોય, એવો શોભે છે. તેથી અત્યંત હર્ષિત એવી સુંદર દેવાંગનાઓ મધુર વચનોથી ત્યાં 'જય જય જય નંદા હે પુત્ર ! હે આનંદ દાતા ! તું જય પામ, વિજયપામ, ચિરંજીવ રહે' એમ સ્તુતિ કરે છે. આમ જય જય શબ્દોનો કોલાહલ મચે છે સ્વર્ગલોકના આ શાશ્વતા ભાવો છે. પુણ્યના ફળરૂપે એ સદા એમજ બને છે. **ગર્ભની ગોંધામણ, રીબામણ, લજવામણ, કચામણ વગેરે કશું જ એને નહિ** ! કેવા એ પુણ્યોદય ! પણ ધ્યાન રાખજો કે **(૧) ધર્મ વિના એ ન મળે. માટે ધર્મ જ ખૂબ** કરો. તેમ (૨) એવા

અદભૂત પુણ્યોદય પણ અંતે નાશ પામે છે; એથી એય અસાર છે, માટે એમાં જરાયં મુંઝાવા જેવું નથી એટલે બેય સમજથી ધર્મ જ આરાધવા જેવો છે.

**પ્ર.:-** ત્યારે પૂછોને કે પુણ્ય તો ધર્મે આપ્યું છે, પછી એને ભોગવવામાં શો વાંધો ?

**ઉ.:-** આનો ખુલાસો સરળ છે.તમે જાણો છો કે દેશનેતાને લોક પર્સ (નાણાં થેલી ) ભેટ આપે છે. પણ એ નેતા એને શું કરે છે ? એ પાછી એને લોકકલ્યાણ ના માર્ગે સોંપી દે છે. ત્યા જો એમ ન કરતાં સ્વયં એનો ભોગવટો કરી અમનચમન ઉડાવે. તો એ પોતાની કિંમત લોકમાં ઘટાડી દે છે. બસ, એવું અહી ધર્મે આપેલી પુણ્યની પર્સને ધર્મના હીતમાં સોંપી દેવામાં, ધર્મ ખાતે ખર્ચવામાં ડહાપણ છે. વાસ્તવિક રીતે જો સમજો તો જણાશે કે જેમ કોઈ ઉદાર માણસે કોઈને અમુક મુડી આપી મુંબઈ મોકલ્યો; હવે જો એ મુડીથી પેલો મુંબઈમાં રહી અમનચમન કરે, તો અંતે પાયમાલજ થાય ને ! પણ તેમ ન કરતાં એ મુડીથી વેપાર કરે, તો પછીથી લેણદારને શાહજોગ મુડી પાછીય આપી શકે, અને પોતાની નવી મુડી ઉભીય કરી શકે. તેમ અહીં ઉદાર ધર્મે પુણ્યની મુડી આપી તમને અહીં મોકલ્યા. હવે જો એ ખાઈ જાઓ, તો અંતે પરલોકમાં નિરાધાર અને પાયમાલ થવું પડે. **એના બદલે એ પુણ્યથી નવી પુણ્યાઈ મુડી કમાવાનો વેપાર કરો**; -કયો એ વેપાર ? ધર્મરૂપી વેપાર, જો તે ધર્મ કરો, -**તો ભવાંતરે મહાન સુખ આબાદી મળે** ! માટેજ શાસ્ત્રે પુણ્ય એ કર્મબંધરૂપ હોવા છતાં, પુણ્યાનુબંધી પુણ્યના ગુણ ગાયા, અને એને કર્તવ્ય કહ્યું. કેમ કે એ એવું પુણ્ય છે કે જેનો ઉદય થતાં આત્માને ધર્મભાવનાઓ સ્ફુરે છે, પૂર્વે સ્ફુરી હોય તો તે વધે છે, અને પછી એ મળેલ પુણ્યનો ઉપયોગ એવો કરે છે. કે જેથી નવી પુણ્યાઈ ઉપાર્જી, પાછો એના ઉદયથી ઉચ્ચ માનવભવ વગેરે ઉત્તમ સામગ્રી એવી પામે છે કે એના બળે સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ સાધી શકે છે. તો **ઉજ્જવળ પુણ્ય ઉપાર્જવાનું નિત્ય કર્તવ્ય બનવો.**

**દેવકરણી :-** મૂળ વાત શી ચાલે છે ? સ્વર્ગના જન્મની નવા જન્મેલા દેવને અચિંત્ય મનોહરતાવાળી દિવ્ય અનુકુળતા જોતાં અનેરૂં આશ્ચર્ય થાય છે ! ત્યાં બીજા દેવો ઓળખાણ આપે છે, 'તમે અમુક દેવલોકમાં, અમુક વિમાનમાં આવ્યા પણ 'કયા પુણ્યથી આ બન્યું ? એ જોવા પૂર્વભવ ઉપર વિભંગ કે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે. ગુણસેનના દેવ જીવે જોયું કે 'ગુણસેન તરીકેના ગયા ભાવમાં લાખો પૂર્વો વીતેલા પણ કાંઈ ધર્મ નહિ કરેલા. છેલ્લે સદ્ગુરુ શ્રી વિજયસેન આચાર્ય ભગવંતના એક માસના સત્સંગમાં સમ્યક્ત્વ સહિત વ્રત ધર્મના સ્વીકાર-પાલનમાં, તથા છેલ્લી રાત્રે પ્રતિમાએ કાઉસ્સગ્ગ ધ્યાનમાં મૈત્રીભાવે રહી અતિ



અલ્પ કાળ ઉપસર્ગ સહીને મૃત્યુ પામી અહીં સ્વર્ગમાં આવ્યો. અહો ! ધર્મનો આ કેવે મહાન પ્રભાવ !"

**દેવલોકમાં શું શું દુર્લભ ? :-** દેવ પછી શાશ્વત જિનની પ્રતિમા પૂજવા જાય છે. દેવને ત્યાં વ્યાખ્યાન કોણ સંભળાવે ? ત્યાં સામાયિક ન હોય. ત્યારે દેવ ત્યાં દાન કોઈને કરે ? કોઈ દુઃખી કે કોઈ સાધુ ત્યાં ન મળે. તો ત્યાં થોડાય શીલીની પ્રતિજ્ઞા ખરી ? ના, એય ત્યાં નહિ. ત્યાં ત્યારે તપ કેટલો હોય ? ત્યાં નવકારશી જેટલો ય તપ ન હોય. એ બધું અહીં. શું સમજયા ? દેવને જે દુર્લભ છે તે તમારે બહુ સુલભ છે. પાછું એ ભવોદ્ધારક છે. તો એમાંજ લાગી જાઓ. સ્વર્ગમાં તો જિનમંદિર હોય. શ્રી ઋષભ-ચંદ્રાનન-વારિષેણ-વર્ધમાનસ્વામી, એ ચાર શાશ્વત જિનની પ્રતિમા હોય, દેવ ત્યાં જાય, મંદિરમાં ખૂબ પ્રેમથી પ્રભુ ભક્તિ કરે તે પછી જ્ઞાનની સાધનાનેય ન ભૂલે ! માત્ર ભગવાનની ભક્તિ કરીને ન અટકે. જ્ઞાનભક્તિ માટે દેવલોકમાં પુસ્તક વાંચે, જયાં દેવતાઓ તથા દેવીઓ ખડે પગે સેવામાં રહી દિવ્યગીતનૃત્ય નાટક બતાવવા તૈયાર હોય, વિનંતિ કરતા હોય, ત્યાં પણ પહેલી પૂર્વ ધર્મસ્મૃતિ, તથા પ્રભુભક્તિ અને પુસ્તક વાંચનરૂપી ધર્મ સાધના દેવતાઈ સંસારના રંગરાગ નહિ ! તમને એવું તે શું મળ્યું છે કે એના રંગરાગમાં ધર્મ ભૂલો છે ? ગુણસેનના જીવે દેવે એ મુજબ પૂર્વભવનો ધર્મ કૃતજ્ઞ બુદ્ધિએ યાદ કરી શાશ્વત પ્રતિમાનું પૂજન કર્યું; પુસ્તક વાંચ્યું; અને પછી એ દિવ્ય ગીતનૃત્યાદિના આનંદને અનુભવે છે. છલકાતા સૌંદર્યવાળી દિવ્ય નાજુક અને અતિ સુકોમળ કાયાને ધરનારી દેવાંગનાઓ, એવી કે જેનો નમુનો માનવલોકમાં જોવા ન મળે...એની સાથે પાંચે ઈન્દ્રિયના રમણીય, વિષયોના ઉપભોગ એ કરે છે. એ દિવ્ય દશ્યો, દિવ્ય સ્પર્શ, દિવ્ય સંગીત, દિવ્યનાટકો વગેરેમાં અસંખ્ય વર્ષોનો કાળ કયાં પસાર થાય છે. એની દેવને ખબર નથી પડતી. પણ સમક્તિદષ્ટિ દેવ એમાં અંતરાત્માથી જાગ્રત રહી અવસરે અવસરે પ્રભુભક્તિ કરતા રહે છે, વિરાગ ભાવનામાં રમ્યા કરે છે.

**-: પહેલા ભવમાં ગુણસેન-અગ્નિશર્માનો અધિકાર સમાપ્ત :-**

❖ ❖ ❖

# “શ્રી સમરાઈચ્ચ કહા. ભવ - ૨”

**(સિંહ અને આનંદ)**

**નિર્બળ આત્માએ આંતરશત્રુ સામે વધુ સાવધ રહેવું ઘટે :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજી મહારાજને, સાધુજીવનને અંગીકાર કર્યા પછી પણ, અર્થાત્ આત્મામાંથી ઘણે અંશે કષાયોની લાગણીઓને દબાવી મહાન શાન્તિનું-ક્ષમાનું જીવન અંગીકાર કર્યા પછી પણ, પોતાના ભાણેજ શિષ્યનો બૌદ્ધોના હાથે નાશ થવાના નિમિત્તે મહાગુસ્સો ચઢી આવ્યો ! સંયમજીવનની ઉચ્ચ સ્થિતિએ ચઢેલા એવા એમને પણ જો એવું નિમિત્ત મલ્યું તો એમને ય મહાન ગુસ્સો ચઢી ગયો, ત્યારે વિચારો કે એમાં નિમિત્તોની બળવત્તા કેવી ? અને કષાયોની ખંધાઈ કેટલી ? એવા તત્ત્વજ્ઞાની મહાત્મા પર પણ હલ્લો કરે, ત્યારે આપણે તો કેટલીય બધી એની સામે સાવધાની રાખવી ઘટે ? **અવસરે બળવાનનેય દબાવી જાય એવા દુશ્મન સામે નિર્બળે તો એટલું બધું સાવધ રહેવું ઘટે કે બધા જ શક્ય પ્રયત્નો અજમાવી દુશ્મનને ઊઠવાની તક જ ન આપવી.**

**ખંધા કષાયો :-** માણસ ખંધો શાથી કહેવાય છે ? ખંધો એટલે પાકટ ! ઘરમાં એક વખત પેઠો કે નીકળે જ નહિ તે ખંધો. તે રીતે કષાયોની કેટલી બધી ખંધાઈ, કે સાધુપણાની ઉચ્ચ કક્ષાએ પહોંચવા છતાં, મહાનશાસ્ત્રોનું અધ્યયન અને નિર્માણ કરવા છતાં અને પંચપરમેષ્ઠિના ત્રીજા પદે-આચાર્યપદે પહોંચવા છતાં કષાયની ખંધાઈ એવી, કે એમને પણ ગળચીમાંથી ઝાલે ! એક સામાન્ય દંડુકિયો દુશ્મન હોય તો પણ આપણે એનાથી બહુ સાવધાની રાખીએ છીએ, કેમકે જો જરાકે ગાફેલ બન્યા કે દંડુકી લગાવી જાય તેવો ભય છે; **ત્યારે અહીંયાં આ કષાય એ દંડુકિયો દુશ્મન નથી, પણ ગળાવાઢ દુશ્મન છે ! પાછો એક વખતનો દુશ્મન નહિ, ભવોભવનો છે ! તો તેનો ભય કેટલો ? જરાક ક્રોધ કરો, લોભના લટ્ટુ બનો, કે મદ-માયામાં લપટાઓ, બસ ! તમારા પર એ ચઢી બેસી તમને દુર્ગતિમાં રોળી નાખવા તૈયાર છે ! ઉપરાંત ઊંચામાં ઊંચી સ્થિતિએ જાઓ, તોય એ કષાય દુશ્મનો તમને આક્રમવા તૈયાર છે ! માટે તે ખંધા છે તેથી તેનો તો મહાભય જોઈએ.**

**ફોજદારીથી ઓછું બળ છતાં આપણે મવાલીથી બચવા મથીએ છીએ :-**



એવા એ ખંધા કષાયોનો આચાર્ય મહારાજ પર હલ્લો આવે, તો આપણે શું વિસાતમાં છીએ ? કોઈ વિસાતમાં નથી. પરંતુ એનો અર્થ એ નથી કે “ભાઈ, થયું. આપણે એની આગળ કોઈ વિસાતમાં નહિ, તો હવે એને પગે લાગીને રહીશું !...” કેમ ખરું કે નહિ ? જે મવાલી માણસ મોટમોટા ફોજદારને ગજવામાં રાખે, એની આગળ આપણે શું વિસાતમાં ? કંઈ નહિ; -એનો અર્થ એ થોડોક જ છે કે “થયું, ભાઈ ! આપણે કોઈ વિસાતમાં નહિ, માટે હવે એને પગે પડતા જઈએ ? એને શરણે જઈએ ? એનો માર ખાઈએ ?” ‘તારે જેટલા દંડા લગાવવા હોય તેટલા લગાવ,’ એમ કહીએ એને ? કે એનાથી ઊલટું મવાલીના ભયમાં પણ ફોજદાર તો રોન મારતો હોય, પરંતુ આપણે તો એ લુચ્ચાથી દૂર સુરક્ષિત ઘરમાં જ બેસી રહીએ ? બીજાને પણ ‘હમણાં ગુંડાઓનો ભય છે...’ બેસી રહો ઘરમાં... એ લુચ્ચા મહાખૂની એ ગુંડાઓ...” આ કહીએ ને ? કેમ ? બળવાન માણસ પોતાના બચાવ માટે ઓછી સામગ્રી રાખે તો નિર્બળ પોતાના બચાવ માટે વધુ સામગ્રી રાખે છે. પરંતુ ‘નિર્બળ છીએ માટે મરો !’ એમ કોઈ કરતું નથી.

**કષાયોને શરણે ? કે એની સામે ? :-** તેવી રીતે, આ જોદ્ધા જેવા કષાયો સામે આપણે, મહાપુરુષો કરતાંય વધારે બચાવ કરવો જોઈએ ? કે વધારે ખુલ્લાપાટ થઈને તેના શરણે જઈએ ? જો બચાવ કરવો જોઈએ, -એમ કહેતા હો તો બતાવો કે ક્રોધાદિને, ઈર્ષ્યા-વેરઝેરને, ચાડી-ચૂગલીને અભ્યાખ્યાન વગેરેને અટકાવવા અને એના પડછાયાથી દૂર રહેવા કેટલી તૈયારીઓ રાખી છે ? કે ઊલટું નિર્ભય થઈ; એને વળગો છો ? સામે બચાવ કર્યો તો ત્યારે કહેવાય કે મનમાં એવા નિર્ધાર થઈ ગયા હોય, “કષાયો વાતવાતમાં ઠસ્સો લગાવી દેશે, માટે એની વાટે પગલાં ન માંડું.” **ગુસ્સાના** સ્થાનમાં જ ન જાઉં. **અભિમાનના** એંધાણ દેખાય ત્યાં સંચાર માત્ર ન કરું. **માયા-લોભની** લાલચો દેખાતી હોય ત્યાંથી મોં જ ફેરવી નાંખું...” રાખી છે આ તૈયારીઓ ? ના ! કેમકે આચાર્ય મહારાજ જેવા આચાર્ય મહારાજનું ન ચાલ્યું, તો અમારું શું ગજું ! અમે તો ભાઈઓને ખભે લઈને ફરીએ ! કેમ ? એટલે ખરી રીતે કષાયનો ભય નથી. તેનું મુખ્ય કારણ એ છે, કે હજુ આપણે તેને ખંધા દુશ્મનો માન્યા નથી. એની ભયંકરતા અને પીછો પકડવાની કટ્ટરતાપિછાની નથી ! એનાથી નીકળતું જીવનું નિકંદન ખ્યાલમાં નથી ! એટલે બેફિકર થઈને ફરીએ છીએ. નહિતર તો પેલા મવાલી ગુંડાની જેમ એના પડછાયાથી દૂર ભાગતા હોઈએ, પરમાત્મમંદિર અને ઉપાશ્રય જેવા નિર્ભય સ્થાનમાં નિરાંતે બેસતા હોઈએ. બીજાને પણ અરે ! કમમાં કમ કુટુંબને તો જરૂર ચેતવીએ કે આ કષાયોથી દૂર રહેજો.

**ભયના અનુભવના લૌકિક દાખલા :-** જ્ઞાનીઓ તો કહે છે પણ આપણું

હૃદય શું કહે છે કે આ ક્રોધ એ પઠાણી દુશ્મન છે ? એના ફળરૂપે નરકનું કાતિલ દુઃખ જાણે સાક્ષાત્ નજર આગળ તરવરી રહ્યું છે ? ના, કંઈ નહિ ! પણ જો દૂધમાં સાકરને બદલે ભૂલથી મીઠું પડી જતું લાગે તો ભય લાગી જાય છે ! દવાની બાટલીનો બુચ ખોલી દવા પીવા લીધી; હજુ ગ્લાસમાં કાઢી નથી, અને ત્યાં બાટલી પર લાગેલા લેબલ પર દેખાયું કે 'Poison ! ઝેર !'ત્યાં ચોંકો છો ! 'અરેરેરે... મેં આ પીવા ક્યાં લઈ લીધું ? એમ વિચારી રૂવાંડાં ખડાં થઈ જાય છે. ત્યાં સીડી ઉપરથી ઊતરતાં એકાદ પગથિયું ચૂકાતું લાગ્યું ત્યાં તો 'ઓહો...હો...' થઈ જાય છે. તેવું ક્રોધ, મદ, માયા વગેરે થઈ જતાં 'ઓહો...'નો અફસોસીભર્યો થણકારો થાય છે ? ગાય રસ્તામાં દોડતી આવે છે, આપણે ખબર વિના નીચું જોઈને ચાલી જતા હોઈએ, અને જ્યાં ઊંચી નજર જાય કે 'આ ફલાંગ મારતી આવે છે...'એમ દોડતી ગાય દેખાઈ, તો ત્યાં 'એ...હે...'કરી તરત જ દોડી-કૂદીને બાજુએ થઈ જઈ "હાશ ! બચી ગયો... ઘેરથી નવકાર ગણીને નિકળ્યો હતો તે સારું થયું." એમ થાય છે. તો ભયના આ બધા જે ચમકારા હૃદયમાં થાય છે; **ખાંડને બદલે મીઠું, પગથિયા વિનાનું પગલું, ઝેરી શીશી પરનું લેબલ, સામે આવતી ગાય...એ નજરમાં આવતાં જ કંપ થાય છે, તેમ એ બધા કરતાં અનંતગુણ ભયંકર આંતર દુશ્મનો સામે આવતાં કે કલ્પનામાં આવતાં કોઈ ચોંકામણ ?** કોઈ થડકાર ? કોઈ ભીતિ-ભડક થાય ખરી ? ના, કંઈ નહિ. તો શું લૌકિક નુકસાનની શ્રદ્ધા ખરી, અને આત્મિક નુકસાનની નહિ ? એના બોધક જિનવચન પર વિશ્વાસ નહિ ?

**જૈન એટલે કષાયોરૂપી પરદેશી શાસકો સામે ઝંડો ઊંચકનાર :-** ત્યારે જિનશાસનના અર્થની તમને ખબર છે ? "અમે જૈન છીએ, જૈનશાસનને માનનારા છીએ..." એમ કહો છો, તો જિન એટલે શું ? કષાયોને જેમણે જીત્યા તે જિન; અને જૈન એટલે ? એનો ઝંડો લઈને ફરનારો ! તે જૈન. શું સમજ્યા ? **કષાયોરૂપી પરદેશી શાસકોને ભગાડવા માટે ઝંડો લઈને ફરે તે જૈન !** તેની આંખો કષાયની સામે કેવી હોય ? વાંચો છો ને છાપામાં... હમણાં તૈયાર થઈ ગયા છે ઝંડા લઈને, દીવ, દમણ ને ગોવા પર ! જેમને ભગાડવા છે તેમની સામે આમની આંખ, હૈયું અને મન-વચન-કાયા કેવા ? કહો ને લાલચોળ ! પાવરવાળા ! ખૂનસવાળા ! "બસ, બદમાસોને ભારતની બહાર ધકેલી નાખીએ." શા માટે ભાઈ ! આટલું બધું ? કહે છે એ માટે કે એ પરદેશીઓએ અમારો ખોડો કાઢી નાખ્યો છે, સેંકડો વર્ષોથી અમને કચરી નાખ્યા છે.' **તો પછી શું કષાયો પરદેશીઓ નથી ? એણે શું આત્માના ભયંકર સત્યાનાશ નથી સર્જ્યાં ? પણ સમજો કે દુશ્મન**



**એવા કષાયોની સહાયથી બુડથલ આત્મા પોતે જ પોતાનું નિકંદન કાઢે છે,** એવા એ ભયંકર કષાયોને રોકવા માટે, ઊઠતાં જ દાબવા માટે, સદાને માટે કાઢી મૂકવા માટે સબળ ને મહાન પુરુષાર્થ જોઈશે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૧૩,તા.૪-૧૨-૧૯૫૪

**કષાયનું નિવારણ કરે તેવો ધર્મ ન સાધવાથી કેવી કંગાળ દશા ! :-** જીવનમાં સાધના કરવી એટલે શું કરવું ? એ જ, કષાયોની અનંતકાલથી ચાલી આવતી કુટેવ સામે કિલ્લેબંધી કરવી. એનો અર્થ આ છે, કે આપણે કોઈ ધર્મ કર્યો, તો જોવાનું કે 'મને કષાયની કુટેવ સામે કિલ્લેબંધી સહેજ પણ આ ધર્મે કરી આપી ? જો ના, તો એ ધર્મ બરોબર સાધ્યો ન કહેવાય. ઉપધાન-ઊજમણાં ઊજવો કે સંઘ કાઢો, જે કાંઈ ધર્મપ્રવૃત્તિ કરો તેમાં આ કિલ્લેબંધી ઊભી થવી જોઈએ. સંઘ કાઢ્યો, ને લાખ રૂપિયા ખર્ચી કાઢ્યા, તો પૈસા પર મૂર્ચ્છાની કુટેવ મોળી પડી ? "સારું થયું, જે આમ આ પાપ પૈસા પાપને પોષવામાં જાત, બિચારા ષટ્કાયજીવોનો વધ કરવામાં જાત, પોતાના આત્માને રાગદ્વેષ, કલહ, મદમાયા કરાવવામાં જાત, તે સારું થયું, દેવ-ગુરુ અને સંઘ-સાધર્મીની સેવામાં જઈ લેખે લાગ્યું !" આ પ્રમાણે થાય તો કષાય સામે કિલ્લેબંધી કરી. આવા સંસ્કારો ખૂબ ભેગા થતાં એક દિવસ એવો આવશે કે ખર્ચવાની ઉદારતા તો જુદી, પણ મૂળમાં પૈસા લેવા જતાં જ પગ નહિ ઊપડે ! આજે તો ખર્ચવામાં પગ નથી ઊપડતા ! એ વિચારવું જરૂરી છે, કે "હું શું આ જીવનમાં પૈસાની કિંમત આંકી એ લેવા જમા કરું ? પૈસા તો સાપના ભારા છે !" થાય છે આવો ચમકારો ? કેમ નહિ ? કષાયનું નિવારણ કરે તેવો ધર્મ સાધ્યો નથી માટે. આત્મા કંગાળ દશામાં હજી પણ સબડી રહ્યો છે. દુન્યવી સ્વાર્થ સાધવા સેંકડો હજારો રૂપિયા ખર્ચી નાખવા તૈયારી ખરી અને પોતાના જ આત્માના મહાકલ્યાણ સાધવાની દાનની વાત આવે ત્યાં 'હાય ! ખર્ચ !' એમ થાય એ શું ? પાછું કદાચ જીવ પૈસા તો ખર્ચશે છતાં પણ મોંમાંથી પાછી લાળ પાડે છે કે "આટલા મેં ખર્ચ્યાં, તો એનાથી ડબલ કે ત્રબલ ક્યારે મળશે ?" 'દંડા મળશે, હા !' જ્યાં-ત્યાં સોદાની જ વાત ? અરે એવું કેમ નથી વિચારતો કે જે પ્રભુની કૃપાએ તને ઊંચો માનવદેહ અને શક્તિઓ આપી છે એની કિંમત ચૂકવવામાં ય આ ઓછું છે; પછી નવાની શી વાત ? ત્યાં કષાયને રોકવાનું સ્થાન ક્યાં રહ્યું ? 'આટલો ધર્મ કરું ને આટલા પૈસા મળે,'-આ લોભ આવ્યો ! 'આટલું ભણી લઉં એટલે વિદ્વતા-ચાલાકી આવે' આ માયા આવી ! 'આટલો તપ કરું કે તપસ્વી

ગણાવું,' આ માન આવ્યું ! આ શું કર્યું ? કષાયને રોકવાને બદલે ખંધા બનાવ્યા.

**પ્રશસ્ત-અપ્રશસ્ત કષાયોની હદ :-** પરમ શાસન પ્રભાવક પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જેવાને પણ કષાયોએ કચડવા માંડ્યા. બૌદ્ધોની સામે પૂજ્ય આચાર્ય ભગવંત ગુસ્સે ભરાયા, 'આવી જાઓ વાદ કરવા માટે; જે હારે તે કડકડતા તેલના કઢાયામાં કૂદી પડે...' તેલમાં કૂદી પડવાનું એટલે શું ? ભજિયાં અને પૂરીની જેમ તળાઈને મરવાનું ! અથવા બીજા કહે છે બૌદ્ધોને ભયંકર સજા કરવાનો નિર્ધાર કર્યો. ત્યાં ગુરુ મહારાજને ખબર પડી ગઈ, કે આ મહાન ગીતાર્થ, અને શાસનનો સુયોગ્ય પ્રભાવક આત્મા હમણાં ક્રોધનો ભોગ બન્યો છે. ભલે ક્રોધ સાધુના નાશ અંગે છે, પણ અપ્રશસ્ત છે. "તો શું ગુસ્સો ન કરવો ? પ્રાણ પ્યારા અને મહાન વિદ્વાન શિષ્ય સાધુઓને કોઈ મારી નાખે તો જોઈને બેસી રહેવું ?" ના, જોઈ ન રહેવું; સાધુનો પૂરો બચાવ કરવાનો, પણ એ મરી ગયા પછી શાનો બચાવ ? જીવતો હોય અને કોઈ મારવા આવે તો ઊભા થઈ રક્ષણ કરવા જવાનું. એ વખતે વિચાર નહિ કરવાનો કે 'મારું શું થશે...' ત્યાં તો એ વિચારવાનું કે "આ ખોળિયું દેવગુરુ ને ધર્મની રક્ષા માટે છે, એ રક્ષામાં જરૂર પડ્યે પ્રાણના બલિદાન આપી દેવાના..." પણ આ શિષ્ય તો મરી ગયો છે, હવે ગુસ્સો ? એટલે એ અપ્રશસ્ત ગુસ્સો રોકવા ગુરુમહારાજે ત્રણ શ્લોક લખી એક ચિઠ્ઠી હરિભદ્રસૂરિજી મહારાજ પર મોકલી. તે ચિઠ્ઠીમાં સમરાદિત્યકેવળી ભગવાનના નવ ભવો અને એમના દુશ્મનના નવ ભવોની વાત હતી. **એકની ઉત્તરોત્તર ક્ષમાવૃદ્ધિનો દિવ્ય ઈતિહાસ ને બીજાની ક્રોધપુષ્ટિનો કરુણ હિસાબ એમાં હતો.**

**ઉપયોગ વિનાનું જ્ઞાન શું કરે ? :-** તો શું હરિભદ્રસૂરિજી મહારાજ એ નવ ભવ નહોતા જાણતા ? જાણતા હોય, એમની અજાણમાં ન હોય. એ મહાનગીતાર્થ, મહાન શાસ્ત્રવેત્તા હતા. પરંતુ બધું હમણાં તો એમનું એમ સ્ટોકમાં પડ્યું હતું ! એના પર ઉપયોગ નહોતો. ઉપયોગ વિનાનું જ્ઞાન શું કરે ? એ સ્ટોકમાંથી ગુરુમહારાજે ઊંચકીને સામે ધર્યું, ત્યાં આંખ ખૂલી ગઈ !!! "આહા ! લાખો પૂર્વના માસખમણી તપસી અગ્નિશર્માએ અંતકાળે જો ગુસ્સો કર્યો તો પછીથી એ ભયંકર દુષ્કૃત્યો કરનારો અને મહાત્માનો ઘાત કરી કરી નરક જનારો બન્યો ! ત્યારે મહાત્મા ગુણસેન તો ઉત્તરોત્તર દેવલોક અને ઉચ્ચ માનવના ભવો કરી કરી નવ ભવના અંતે સમરાદિત્ય કેવળી મહર્ષિ બની મોક્ષે ગયા ! પેલો એ પછી અનંત સંસાર ભટકનારો બન્યો !" **ધ્યાન રાખજો રાજાનો ગુનો હતો કે નહિ, તે પ્રશ્ન અહીં નથી. કષાયો કહે છે "તેં સામાના ગુને પણ અમારી દોસ્તી કરી, તો આવ, તને સંસારમાં રઝળાવીએ !** અને દોસ્તી જો છોડી તો તને અહીંથી છોડીને કહીએ કે જા ઉપર..."



**આજનો કાળ આંતરશત્રુના વિકાસ પ્રેરે છે કે વિનાશ ? :-** તમારા સંસારમાં માપ કાઢજો કે આ આંતરદુશ્મનોની દોસ્તી કરવાના સંયોગો તમારી આસપાસ કેટલા ? તિજોરીમાં પાંચ હજારને બદલે પચાસ હજાર હોય તો મમતાની વધારે બાથ ભીડાવે ? કે મમતા ઓછી કરાવે ? રાગની ગાઢ દોસ્તી કરાવે, કે વૈરાગ્યની ? ત્યારે અભિમાનની દોસ્તી ઓછી કરાવે, કે વૈરાગ્યની ? ત્યારે અભિમાનની દોસ્તી ઓછી કરાવે કે વધારે ? દુનિયાના બધા સંયોગો શું આપે છે ? એમાં વળી આગળ વધીને આજના કાળની કેળવણી શું આપે છે ? દુનિયાના સંયોગો અને કેળવણી મોહની મસ્તી અને કષાયોની દોસ્તી આપે છે. પૂર્વે તો વ્યવહારિક જ્ઞાન પણ થોડુંક અમૃત છાંટણાવાળું હતું, આજે તો બધુંયે વિષમય બની ગયું... કોઈ ઠેકાણે, કોઈ ચોપડીના પાને, કોઈ ખૂણેય એમ નથી લખ્યું કે **'આ આંતરદુશ્મનોની મસ્તી અને દોસ્તી નહિ કરતા, નહિતર અનંતાભવેય ઠેકાણું નહિ પડે...'** ત્યારે આજની બધી સોસાયટીઓ, કલબો અને રીતરિવાજો શું આપે છે ? જીવન પદ્ધતિઓ શું આપે છે ? ખાનપાનની પદ્ધતિઓ શું આપે છે ? વધુ વિષયમસ્તી અને કષાયની દોસ્તી કે તેનાથી છૂટાછેડા ? હરિભદ્રસૂરિજી મહારાજ ગુરુમહારાજની ચિઠ્ઠી વાંચી ચમક્યા, "અહો ! આ કષાય સાથે દોસ્તી બાંધીને હું મહામૂલા સંયમને સળગાવી રહ્યો છું; હું જ મારા આત્માની ઘોર ખોદી રહ્યો છું..." વિચારણામાં ને વિચારણામાં ક્રોધની આગ ઉપર ઉપશમ જળના ધોધ વહેવા માંડ્યા. એવા ધોધ કે એના પ્રતાપે ખૂબજ ઉપશાન્ત બની, શ્રી સમરાદિત્ય કેવળી ભગવાનનું ચરિત્ર લખ્યું. હૃદયમાં ઊભરાતા પેલા ઉપશમના ધોધમાંથી આ ચરિત્ર આલેખનનો પ્રવાહ નીકળ્યો; તેથી ચરિત્રમાં ઉપશમનો સંવેગ-વૈરાગ્યનો, ઔચિત્યનો, મૈત્રી આદિ શુભ ભાવનાઓનો જાણે મહાસાગર ઊછળી રહ્યો છે !

**શ્રી સમરાદિત્ય ચરિત્ર સાંભળતાં શું કરવાનું ? :-** આચાર્ય મહારાજ જેવાને પણ પગ નીચે કચડે તેવા રૌદ્ર-ભયાનક કષાયોની શાન્તિ કરાવનાર જે સમરાદિત્ય કેવળી ભગવાનનું જીવન, તે કેટલું ઊચ્ચ કોટિનું હશે ? તેમાં પહેલા ભવની વિચારણા પૂરી થઈ. હવે બીજા ભવની વિચારણા શરૂ થાય છે. પરંતુ તેમાં એટલું ન ભૂલાય કે આપણી પ્રત્યેક સાધના કષાયની કુટેવો સામે કિલ્લેબંધી કરનારી બને, તે સાર આમાંથી લેવાનો છે, દા.ત. નવકારવાળી ગણીને ઉઠ્યા, કે થવું જોઈએ, **"કંઈક પણ કષાયને, આ અરિહંતાદિના સ્મરણરૂપી સાધનાથી, ધક્કો લગાવ્યો ?** એટલુંય થયું કે 'પ્રભુ વીતરાગના સેવક એવા મારે શું કષાય ખપે ?" જો હા, તો એ સાધના ધર્મની થઈ, આ **નવેય ભવની વિચારણામાંથી આપણા અંતરાત્મામાં મૂળ નાખીને પડેલી મહામલિનવૃત્તિઓ અને નાના-મોટા કષાયોને ખોદી ખોદીને**

**ઊખેડી નાખવાના છે.** જેમ જેમ વિચારણા થાય તેમ તેમ કષાયની ભેખડો અને ધરતીના ખોદકામ ચાલુ રાખજો. કેમ ? સારી નહેર થશે તો એમાં ક્ષમાદિના જલ વહેશે. ગંગાના પાણી છૂટ્યા હોય પણ ખોદકામ ચાલુ ન હોય તો પાણી સપાટ ભૂમિ પરથી ચાલ્યા જ જાય ને ? તેમ જો તમે કષાયોનું ખોદકામ નહિ કરો તો કથા એમની એમ વહી જશે. માટે ખોદકામ ચાલુ રાખજો.

## • બીજા ભવમાં પિતા-પુત્ર •

**ગુણસેન-અગ્નિશર્મા એ હવે પિતા-પુત્ર સિંહ અને આનંદ :-** બીજા ભવની શરૂઆતમાં પૂ. આચાર્ય ભગવંત ફરમાવે છે, કે સમરાદિત્ય કેવળીનો અગ્નિશર્માના જીવ સાથે બીજો ભવ પિતાપુત્ર સિંહ અને આનંદનો; જેમાં ગુણસેન રાજા હવે રાજપુત્ર સિંહકુમાર થાય છે, અને અગ્નિશર્માનો જીવ પાછળથી એ સિંહરાજાનો પુત્ર આનંદ નામે થાય છે.

**જયપુર નગરે :-** એનો અધિકાર વર્ણવતાં શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે આ જંબૂદ્વીપમાં, અપર મહાવિદેહમાં જયપુર નામનું એક નગર છે. કેવું છે એ નગર ? અપરિમિત ગુણોના ખજાનારૂપ છે, એક-બે ગુણ નહિ, પરંતુ ગણી ન શકાય તેટલા ગુણ ! માટે જ તે સ્વર્ગપુરીનું અનુકરણ કરનારું છે ! અનેક બાગ-બગીચાથી ભરપૂર છે અને પૃથ્વીના તિલક સમાન તે શોભી રહ્યું છે. ઉત્તમ જીવના સ્વાગત ઊંચા નગર અને શોભિતા જડ પદાર્થોય કરે છે.

**પ્રશંસનીય સ્ત્રીવર્ગ :-** એ નગરમાં જે નરનારીઓ વસે છે, તેમાં નારીવર્ગ કેવો છે ? ઉજ્જવલ વસ્ત્રવાળો, કળામાં વિચક્ષણ અને લજ્જાળુ ગુણવાળો ! ઉદ્‌ભટ વસ્ત્ર નહિ. ઉજ્જવલ મર્યાદાસંરક્ષક વેશ જૂદો, અને ઉદ્‌ભટ વેશ જૂદો ! **શરીરનાં અંગોપાંગને ગણિકાની જેમ લોકને બતાવવાના ચાળા હોય તે ઉદ્‌ભટ, અને ઢાંકવાના હોય તે ઉજ્જવલ.** કળામાં વિચક્ષણ છે, બુડથલ નહિ. પરંતુ કળાઓ જાણે તેટલું જ. આચરવાનું તો પોતાની મર્યાદામાં રહીને. નૃત્યની કળા આવડે પણ ઉપયોગ કરવાનો નહિ ! સુશીલ સ્ત્રીઓ બહુ એકાંતમાં પતિની કે ભગવાનની આગળ નૃત્ય કરતી, એ જુદી વાત. બાકી જાહેર ચોગાનમાં કોઈ પણ પર-પુરુષ સામે આવવાની વાત નહિ. આવી હતી પૂર્વની કળા વિચક્ષણતા ! પરંતુ આજની વિચક્ષણતા જુદી છે ! આજે તો જલસા યોજાય, ત્યાં ગમે તેવું માણસ હાલીમવાલી, સજ્જન ને દુર્જન બધું ભેગું થાય ! ત્યાં નૃત્યની કળા બતાવવાનું બને છે ! કોણ બતાવે ? જૈન છોકરીઓ બતાવે હા, તે નાની નહિ, મોટમોટી ૧૫-૧૭ વર્ષની ! **આ યુગ ધોળો કે કાળો ? કાજળિયો યુગ કહેવાય કે સફેદ ? પોષણ**



**પવિત્રતાનાં કે પાપનાં ?**

**લજ્જાળુપણાના ગુણમાં સહનશીલતા, ઉદારતા અને ગંભીરતાના પોષણ :-** જયપુર નગરની સ્ત્રીઓ લજ્જાળુ હતી. આ એક ગુણ એવો મહાન છે, કે જેમાં બીજા ઘણા ગુણો સમાઈ જાય. **લજ્જાળુપણાને યોગે આત્મા સહનશીલ હોય, ઉદાર હોય, ને ગંભીર હોય.** માત્ર એક જ લજ્જાળુતા ! એમાં આટલા ગુણ હોય ? હા, (૧) કુળની લાજ છે, વડેરાની લાજ છે, આબરૂની લાજ છે, બુદ્ધિમત્તાની શરમ છે, એના યોગે કંઈ પણ અયોગ્ય આચરણ કરતાં શરમ આવે. મનને થાય કે 'આપણાથી આકળા-ઉતાવળા ન થવાય... આપણે ઢેઢ-ભંગીના કુળના નથી, કે વાતવાતમાં ઊછળી પડીએ.' એમ કરી સહનશીલ બને. (૨) આ રીતે ઉદારતા પણ એવી જ કે 'અમારું કુળ ખાનદાન ! ત્યાં સામો જો માગે છે, તો 'લઈ જાઓ...' કરવાનું. લજ્જાળુને પ્રસંગ કે મોકો મળવો જોઈએ, બસ ઉદારતા જ રેલાવાની. તમને એ વિચાર આવે ને કે "અહીંયાં આ ઉદારતા નહિ કરીએ તો ક્યાં કરશું ? આચાર્ય ભગવંત મારા નગરમાં ક્યાં વારેવારે પધારવાના છે ? આટલું મોટું મુનિમંડળ ! અને એમના દર્શનાર્થે-વંદનાર્થે આવતા સાધર્મિકોનો લાભ મને ક્યાં મલવાનો ?...લાવ, મોકો છે, તો લાભ હું ઊઠાવું !" ઉદારતા હોય તો આ જરૂર થાય. લજ્જાળુતા ઉદારતાને પોષનાર છે. (૩) ગંભીરતા પણ કુળ અને ધર્મની લાજથી, દેવ ને ગુરુની લાજથી પોષાય છે. એના યોગે જીવન ગંભીર બની જાય છે, "આપણે કુળવાન, સજ્જન, અને ધર્મી ગણાઈએ, માટે બીજાનું હલકું જાણ્યું હોય, તે કોઈનીય આગળ બકાય નહિ...!" મોટામાં મોટી લજ્જા હોય એટલે આત્મામાં પાપભીરુતા આવે. "આપણાથી જૂઠું ન બોલાય..." કેમ ભાઈ ! "આપણે એટલે ફલાણા આચાર્ય મહારાજના ભક્ત, શિષ્ય ! માટે અસત્ય ભાષણ ન કરાય. કરીએ તો આચાર્ય મહારાજને પણ લોક નિંદે. મારા જેવા અધમનું ગુરુપણું એમનામાં ક્યાંથી સંગત થાય ? તેથી ભાઈ, આપણાથી આવાં ખરાબ કામ ન થાય." ગુરુની લાજ પાપથી પાછા હઠાવે છે. કેવી એ સ્ત્રીઓ હશે, કે નગરને જે મહા ઉજ્જવલ બનાવી રહી છે ! ત્યારે શું સ્ત્રીઓ જ લાયક હતી, ને પુરુષોમાં માલ નહોતો ? એવું નહોતું. પુણ્ય સ્થળમાં સારાને સારાનો સંયોગ મળે. અહીં પુરુષોય સારા હતા. પણ જુઓ કે ગ્રંથકાર મહર્ષિ કેવા શબ્દોમાં વર્ણવે છે.

**પ્રજાના ગુણમય પાંચ દોષો :-**

પુરુષો તો બધા **નપુંસક હતા ! આંધળા હતા ! મુંગા હતા ! અને એમના હાથ બહુ સંકુચિત !** ત્યારે પાછા એ **લંપટ** પણ હતા ! આ સારાપણું કે ખરાબપણું ? ઉપરથી તો પાંચ દોષ બતાવ્યા. પરંતુ તેનું રહસ્ય જાણો છો ? નપુંસક તો હતા, પરંતુ પરસ્ત્રી માટે નપુંસક હતા. આંધળા હતા પણ પારકાના છિદ્ર જોવા માટે ! મુંગા હતા પણ બીજાની નિંદા કરવા માટે ! હાથ ટૂંકા હતા, પરંતુ બીજાનું લેવા માટે. ત્યારે લંપટ શામાં હતા ? પરોપકાર કરવામાં !

કેવું એ નગર સોભાગી ! કે ત્યાંના લોક (૧) પૂર્ણ સદાચારી ! (૨) કેવળ બીજાના ગુણ તરફ જ દૃષ્ટિ રાખનારા. (૩) બીજાના ગુણનું જ ગાણું ગાનારા ! (૪) વળી ત્યાં અનીતિ અન્યાયનું નામ-નિશાન નહિ ! (૫) ઊલટું પરોપકારમાં આસકત બનેલા. જેમ ખાવાનો લંપટ વારેવારે જીભ લપકાવ્યા કરે, કામનો લંપટ જેમ વેશ્યાના ઘર જ શોધ્યા કરે, આંખો ભટકાવ્યા કરે તેમ આ લોકો પરોપકારના લંપટ એટલે શોધ્યા જ કરે કે ક્યાં પરોપકાર કરવાનો મલે !

કેવું પુણ્યવંતુ જયપુર નગર ! જયપુર નગરવાસી પુરુષવર્ગની પાંચ ખાસિયતો બહુ નોંધપાત્ર છે. એમ ન સમજતા કે આ તો લેખકની કલ્પના છે, કે મનઃસૃષ્ટિ છે. આજે પણ તમે સાંભળ્યું હોય તો જાપાનના એક પ્રદેશમાં સમસ્ત પ્રજા દયાળુ, સત્યવાદી, નીતિમાન વગેરે અદ્ભુત ગુણોવાળી હોવાનું બહાર આવ્યું છે. અને એ તો એવું છે કે મૂળથી જો મોટાઓએ, વડિલોએ સંસ્કૃતિ ટકાવી રાખી તો પછી આશ્રિત વર્ગમાં એનો વારસો સહેજે ઊતરે છે. ખરી રીતે જોતાં એ પણ વસ્તુ છે કે **જો પરસ્ત્રી, પરછિદ્ર, પરદોષ અને પરધન તરફ પ્રજાની ઈન્દ્રિયો નિષ્ક્રિય ન હોય, બંધ ન હોય અને પરોપકારમાં દેવાળું હોય, તો અનર્થનો પાર ન રહે !** આજે જે કોર્ટો ઘણી વધી જવા છતાંય ફરિયાદોથી ઊભરાઈ ઊઠે છે, તેનું શું કારણ છે ? આ જ, કે લોકોને અનાચાર, ઈર્ષ્યા, નિંદા, અનીતિ અને સ્વાર્થાંધતાના પાપની સૂગ જ નથી રહી. નહિતર વિચારો કે આ જયપુર નગરવાસી લોકના પાંચ તો શું પણ એકેક ગુણમાંય કેટલો બધો લાભ છે, અને એકેક દોષમાં કેટલુંય નુકસાન છે !!

**પરસ્ત્રી :-** (૧) માણસ પરસ્ત્રી માટે નપુંસક જેવા હોય તો વેશ્યા જેવી સ્ત્રીઓને શહેરમાં સ્થાન જ ન હોય. ત્યારે, (૨) સારી સ્ત્રીઓને શીલ સામે કોઈ જાતનો ભય નહિ. તેમ (૩) એની પ્રજા પણ વર્ણસંકર નહિ, અશુદ્ધ નહિ, પણ



સુવિશુદ્ધ હોય. પુરુષોને પણ એ પાપ નહિ, એટલે (૪) ભવિષ્યમાં ઘોર નરકની અગ્નિ ધીખતી પૂતળિયો ભેટવાની નહિ; અને (૫) વર્તમાનમાં પરસ્ત્રી સામે જોવાનીય વાત નહિ, તેથી હૃદયમાં એ નિમિત્તના ખોટા વિકારો અને દુષ્ટ ભાવનાઓ તથા વર્તાવમાં અનેક દોષો પણ જાગવાના નહિ. જીવનમાં કેટલાય દોષો આવા પરસ્ત્રી નિરીક્ષણ જેવા પાપમાંથી જન્મે છે. પછી તેથી બહાર ચઢીયાતું રૂપ જોઈ આવ્યો, એટલે સ્વસ્ત્રી ગમતી નથી. તેથી કલેશ-કંકાસ ઊભા થાય છે. પરસ્ત્રી લંપટતાના લીધે એના પર સારા માણસો વિશ્વાસ કરતા નથી. સમાજમાં એ ચેપ વધવાથી અનેક અનર્થો, અને પાયમાલી સર્જાવા સાથે ધર્મધ્વંસ થાય છે. પરસ્ત્રી-ત્યાગી નગરમાં આવો કોઈ અનર્થ નહિ; પણ ઊલટું અનેક લાભો મળે છે.

**પરછિદ્ર :-** ત્યારે, લોકમાં પારકાના દોષ જોવાની વૃત્તિ જ નહિ, એ પણ (૧) પરસ્પરના મહાન અનુરાગને પોષે છે. (૨) કુટુંબોમાંય કલેશ થવાનું એક કારણ આ છે કે કુટુંબીજનો પોતાના સગાનાંય દોષ જોયા ન જોયા કરવા તૈયાર નથી. પછી એ બહાર તો કેમ જ સખણા રહે ? ત્યારે બીજાના દોષ જોયા પછી શું હૈયામાં સ્વસ્થતા રહી શકે ? ના રે ના, એ તો (૩) એવી ઊથલ-પાથલ મચે છે કે એના પર જાતનો ગર્વ, પરપ્રત્યે દ્વેષ, એમાંથી કલેશ, કલહ અને વૈર, એમાં અવસર આવ્યે ધનનાશ વગેરે કેટલુંય જન્મે છે ! તો પરદોષ તરફ અંધાપો હોય ત્યાં, વિચારો કે, આમાંનું કશું નહિ અને ઉપરથી કેટલા બધા લાભ !

**પરનિંદા :-** આ પાપ પણ ભયંકર છે. પારકાના છિદ્ર માત્ર જાતે જોવામાં ફક્ત પોતાને જ નુકશાન; પણ નિંદા કરવાથી તો (i) બીજાઓ પણ એ જાણતા થવાથી, સમાજમાં દ્વેષ, ઈર્ષ્યા, કલહ વગેરે અનર્થોની વ્યાપકતા બને છે. વળી નિંદામાં (ii) જૂઠનો હિસાબ નથી રહેતો. ત્યારે નિંદા કરવા-સાંભળવામાં (૩) આત્મામાં ક્ષુદ્રતા દોષ પોષાય છે, જે બહુ ભયંકર છે. નિંદા ન કરનારામાં આવા કોઈ નુકશાન નહિ; પણ ઊલટું (૧) હૃદયમાં ઉદારતા, કોમળતા અને લઘુતા રહે છે. (૨) ગુણાનુરાગ સારો કેળવી શકાય છે. (૩) નિંદાનો સમય બચવાથી પરમાત્મધ્યાન વગેરે શુભ પ્રવૃત્તિ માટે અવકાશ મળે છે. (૪) પરસ્પરના પ્રેમ ટકી રહે છે. (૫) પાપ ન બંધાતાં, (૬) ઉચ્ચગોત્ર, યશ જેવા પુણ્યના લાભ થાય છે. (૭) નિંદાના અભાવે આગળ-પાછળની વિચારણા ખરાબ બનતી નથી.

**ચોરી :-** બીજાની વસ્તુની તફડંચી કરવી એ તો વળી ઓર ભયંકર છે. એમાં (૧) વિશ્વાસ ગુમાવાય છે. (૨) હૃદયમાં વિચારણા હલકી કોટીની ચાલે છે. (૩) કલેશટંટા પણ જન્મે છે. (૪) માયાચાર ખૂબ સેવાય છે. (૫) હૃદય તુચ્છ બને છે. (૬) ગુણો ગુમાવાય છે, ત્યારે પરધન લેવામાં સંકુચિત હાથવાળા અર્થાત્

ચોરી-અનીતિ-અન્યાયની પડખે ન ચઢનારા જીવોની બલિહારી છે. એવી પ્રજામાં વિશ્વાસ, ઉત્તમ વિચારણા, સરલતા, શાંતિ, ઉદારતાદિ રહે છે. બહુ કાયદા અને કોર્ટના તોફાનો નથી હોતા. હૃદયમાં પવિત્રતા સારી જળવાય છે. વ્યવહાર ઉજળો હોય છે.

**સ્વાર્થાંધતા :- આ દોષ તો માણસને અંતરથી પશુ બતાવે છે.** એને તો માત્ર પોતાનું જ જોવાનું, એટલે બીજા મરો કે જીવો, એની પરવા એને નહિ ! અવસરે ઉપકારીનો ય દ્રોહ કરવા સુધી પહોંચાડનારો આ દોષ છે. ત્યાં જો સ્વશક્તિ-સ્વસંપત્તિના પરલાભાર્થે સદુપયોગની વાત નહિ, તો પ્રસંગ આવે પોતાની સહાયમાં બીજા ય કોણ ઊભા રહેવાના ? આથી ઊલટું પરોપકારમાં (૧) હૃદયની વિશાલતા રહે છે; (૨) બીજાનું ભલું કરવાની પ્રવૃત્તિ સારી રહેવાથી પ્રેમ વધે છે, (૩) પોતાની આપત્તિના પ્રસંગે બીજા સહાયક મળે છે. (૪) સમાજમાં ગરીબી નડતી નથી. (૫-૭) જીવનમાં ઉન્નતિ, ઉમદા વિચારો, અને ઉદાર ગુણો પોષાય છે. (૮) જડ સંપત્તિના અંજામણ નથી રહેતા. ઇત્યાદિ ઇત્યાદિ અનેક લાભો મળે છે.

કહો ત્યારે જયપુરના લોકો કેવા આબાદ અને સુખી હશે ! આવું જયપુર નગર કેવો જાણે સ્વર્ગમાંથી ખરેલો ટૂકડો !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૧૫,તા.૧૮-૧૨-૧૯૫૪

**રાજા પુરુષદત્ત અને રાણી શ્રીકાન્તાના પુત્ર પણે :-** તે નગરમાં પુરુષદત્ત નામે રાજા પણ એવો જ ગુણિયલ અને પરાક્રમી હતો. તો એની શ્રીકાન્તા નામે પટ્ટરાણી પણ કાંઈ ઊતરે એવી નહોતી. એ ય એવી જ ગુણોની ખાણ સમી હતી. એની કુક્ષીને વિષે ગુણસેન રાજાનો જીવ કે જે પહેલા દેવલોકમાં ચન્દ્રાનન વિમાનમાં ઉત્પન્ન થયો હતો, એ ત્યાંથી ચ્યવીને અવતર્યો. એ અવસરે રાણીને એક સુંદર સ્વપ્ન આવ્યું. એમાં એક સફેદ સિંહ જોયો. કેવો ? કે જેની કેસરા છે સોનેરી વર્ણની, સ્વયં દેખાય છે મોટો રૂના ગાભલા જેવો; પૂંછડું સહેજ વળેલું છે; છાતી વિશાળ અને કટી ટૂંકી છે; પ્રશાંત અને સર્વાંગી સુંદર છે ! એવા સિંહને આકાશમાંથી ઊતરી પોતાના મોં વાટે થઈ કુક્ષીમાં પેસી ગયેલો જોયો. ૧૪ સ્વપ્નમાંનું એક સ્વપ્ન આ હતું; કે જેના પ્રભાવે આવેલો જીવ મંડલિક રાજા થાય. ઉત્તમ પુરુષના આગમનનું સૂચન પુણ્ય આ રીતે કરે છે; પણ પોતાને જ માણસ મોકલવાની જરૂર નથી રહેતી. ત્યારે શોભા પણ એમાં જ છે ને ? માટે જ કર્તવ્ય એક રહે છે, પુણ્ય પુષ્ટ રાખો. ધ્યાનમાં રાખજો કે આ પુણ્ય એટલે આત્માના બંધન નહિ,



પણ મુક્તિસાધનાની સામગ્રી.

રાણીએ જાગીને આવેલ સ્વપ્નની વાત પતિને કરી. પતિ કહે છે કે "અહો ! ધન્ય છે તમને ! સકલ રાજાઓ પર સામ્રાજ્ય ભોગવે તેવો પરાક્રમી પુત્ર તમને જન્મશે." રાણીને હવે સ્વપ્ન મુજબના સુંદર સુંદર દોહદ થવા લાગ્યા. આ દોહદ જન્મવામાં જો જો કે, રાણીની પોતાની કંઈ વિશેષતા નથી; પરંતુ ગર્ભમાં આવનાર જીવની વિશેષતા છે. પુણ્યશાળીના પગલાં બીજાઓને પણ શોભા-સમૃદ્ધિ આપે છે. ધનાજી કુટુંબ માટે એવા પુણ્યશાળી હતા. તો સાથે પોતે પણ એવા જ ઉદાર અને ત્યાગી હતા. જીવતત્ત્વ હોવાની આ મહાન સાબિતિ છે. જડમાં ક્યાં ભેદ પડવાનો હતો કે એક પુણ્યશાળી, ને બીજા નહિ; એક મોટા મનનું અને મળેલું સ્વેચ્છાએ બીજાને આપી દેનારું. આવો ભેદ જડમાં ક્યાં જડે ? એ તો ચેતનની વિશેષતાઓ છે. એમાં મોટા મનવાળા અને નિઃસ્પૃહી-નિઃસ્વાર્થી આત્મા જગતમાં હીરા જેવા ઝળકે છે. હવે જુઓ રાણીને કેવા દોહદ થવા લાગ્યા ? એવા એવા રાણીને કોડ થવા લાગ્યા કે "જગતના સર્વ જીવોને અભયદાન આપી દઉં ! શા માટે કોઈ કોઈને મારે ? વળી દીન-દુઃખિયાને સારી સંપત્તિ આપી દઉં ! બિચારાને શા માટે ભીખ માગવી પડે ? શા માટે જીવોને ઓશિયાળા બનવું પડે ? જાઓ લઈ જાઓ ! જે જોઈએ તે લઈ જાઓ..."

**ધર્મીના દોહદ :-** દોહદ એટલે ઉમળકા. 'આમ કરવું જોઈએ,' એમ નહિ. પણ "હું આમ કરું" એ દોહદ છે. "હું જગતના દુઃખિયાઓને સંપત્તિના ઢેર આપી દઉં ! સાધુજનોને એમની સંયમસાધના માટે વસ્ત્ર-પાત્ર વગેરે આપું ! સર્વ મંદિરોમાં ભવ્ય પૂજાઓ રચાવું." ગર્ભમાં આવેલો જીવ કેવો ઊંચો, કે જેના આવવાનાં એંધાણ આ રીતે રજૂ થાય છે ! ધર્માત્માના આગમનસૂચક દોહદો ધર્મપરાક્રમના હોય. આ દોહદો તેણીએ રાજાને કહ્યા. રાજાને એ સાંભળીને હર્ષનો પાર નથી. કેમકે પોતે ગુણીયલ છે એ આપણે જોઈ ગયા છીએ. ગુણીયલને આવા પરોપકાર અભયદાન, ધર્મોપકરણદાન, અનુકંપા, ને દેવભક્તિ જેવા ગુણોના પ્રગટીકરણ પર અનહદ આનંદ થાય એ સહજ છે. તો જ સ્વયં અંશે પણ ગુણિયલપણું સાચું છે. અનાદિના રાહ પલટ્યા વિના આ વસ્તુ બનવી અશક્ય છે. અનાદિનો રાહ તો ખાનપાન ને રંગરાગ, સુખ-સગવડ અને યશકીર્તિના જ આકર્ષણ રખાવે છે.

અહીં તો રાજા તુર્ત દોહદો પૂરે છે. દીન-અનાથ જનોને રાણીએ છૂટે હાથે ધન-ધાન્યાદિ વહેંચવા જ માંડ્યું. જીવોને અભયદાનનું મહાસત્ર ઊજવ્યું. યતિપુરુષોને ધર્મસામગ્રીનું દાન કરી ખૂબ ભક્તિ કરવા માંડી. મંદિરોમાં દેવ પૂજાના ઉત્સવ કર્યા. લોકમાં આનંદનો પાર ન રહ્યો. ત્યાં ગર્ભને બરાબર નવ મહિના અને સાડા

સાત દિવસ પૂરા થયા. એવો પ્રશસ્ત મુહૂર્ત યોગ આવી લાગ્યો કે આ શ્રીકાન્તાએ પુત્રરત્નને જન્મ આપ્યો. એને હર્ષનો પાર નથી. દાસીએ રાજાને એની શુભ વધામણી આપી. તો અતિ આનંદિત થયેલા રાજાએ દાસીને મોટું ઈનામ આપી ખુશ કરી. બીજી બાજુ પુત્રજન્મનો મહોત્સવ શરૂ કરાવ્યો. કેદીઓને છોડી દીધા. રાજમાર્ગો અને ગલીએ-ગલીઓ શણગારાઈ. નગરજનોને પણ આ મહોત્સવમાં ભાગ લેતા કરી દીધા.

**નામ સિંહકુમાર : યુવાનીના ઉધમાત :-** મહિનો વીત્યો. બાળકનું નામ સ્વપ્નને અનુસારે 'સિંહકુમાર' રાખવામાં આવ્યું. કેવું સરસ નામ ! નામ પણ અવસરે પ્રેરણા આપે છે. આગળ ઉપર જણાશે કે એ કેવું સિંહ જેવું પરાક્રમ કરે છે ! પુણ્ય સાથે આવ્યું છે; રાજકુળમાં જન્મ છે; અને તે પણ ઊંચા રાજકુળમાં ! ત્યાં સુખ-સામગ્રીનું પૂછવાનું જ શું ? એની વચમાં બાલ્યકાળ જોતજોતામાં વ્યતીત થઈ ગયો. ઉંમરમાં આવતાં એ વિદ્યાકળામાં નિપુણ બન્યો. યુવાવસ્થાના ઉંબરે આવી ઊભો. એક વખત પોતે વસંતઋતુના સમયે બહાર ફરવા નીકળ્યો છે. તે ઉદ્યાનમાં આવી પહોંચે છે. વસંતકાળ એટલે કેમ જાણે કામદેવે પોતાના બાણો તૈયાર ન કરી રાખ્યાં હોય, કે જે આવે તેને વીંધવાની જ વાત ! હરિયાળી વનરાજી, સૃષ્ટિનું મનોહર સૌન્દર્ય અને માદક હવામાન લોકના શાંતહૃદયને વીંધી રહ્યું છે. કામની પ્રબળ વ્યાકુળતા જાગ્રત કરે છે. એવા અવસરે કામને વશ ન થાય એ આત્માઓને ધન્ય છે. સિંહકુમારને તેવી સ્થિતિએ પહોંચવાની વાર છે. તો પણ જૂઓ કે તેવા સંયોગનું નિમિત્ત કેવી વિહ્વલતા કરે છે ! ત્યાં પુરુષદત્ત રાજાના એક લક્ષ્મીકાન્ત નામના સામંત રાજાની કુસુમાવલિ નામે કન્યા પણ ઉદ્યાનમાં આવેલી છે. આ પણ ગુણિયલ કુમારી છે, મર્યાદાબદ્ધ છે. તેથી આમ તો એની ઈન્દ્રિયો અને મન પણ ઉચ્છ્રંખલ નથી. છતાં સંયોગ એને પણ અસર કરે છે, એમાં વળી ઉંમર ઉંમરનું કામ કર્યે જાય છે. કાળ કાળનું કામ કરે છે. એક બાજુ યુવાની છે. બીજી બાજુ વસંત ઋતુ છે ! તેમાં સ્ત્રી અને પુરુષનો સંયોગ થતાં માણસની ભાવનામાં કેવું પરાવર્તન થઈ જાય છે.





**કામદેવનું એકચક્રી સામ્રાજ્ય, તે છતાં આર્યદેશની ઉચ્ચ મર્યાદાઓનાં સુંદર પાલન.**

**કામદેવનું સામ્રાજ્ય :-** વસંતઋતુ એટલે પૂછવાનું જ શું ? એ પણ પાછી પુણ્ય ક્ષેત્રમાં ! કાંઈ બાકી રહે ? ચારેકોર એવી વનરાજી ખીલી ઊઠી છે કે જાણે કામદેવ લોકોને રતિ દેખાડીને કુદરતના સૌન્દર્ય તરફ ખેંચી વિવિધ રંગના રમણીય પુષ્પોરૂપી બાણોથી હૃદયો વીંધી રહ્યો છે. વાત સાચી છે, રતિપરવશ લોકો એ ફૂલોના દર્શનથી રાગમાં વધુ વ્યાકુલ થાય છે. એના વિજય પર જાણે કોયલો જયજયરવનો કોલાહલ મચાવી રહી છે ! ત્યારે સ્નેહીના વિરહાગ્નિથી બળતા પથિકોમાંથી જાણે નીકળેલા કાળા ધૂમાડા ભ્રમરાનું રૂપ કરીને આંબાના વૃક્ષોની આસપાસ વીંટળાઈ રહ્યા છે ! પ્રવાસીને સ્નેહીઓની સ્મૃતિ તાજી થાય છે, તેથી સંતાપથી પીડાય છે. તો બીજી બાજુ લાલ કેસુડાના ફુલોથી દિશામંડલ જાણે સળગી ઊઠ્યું લાગે છે, કેમ વારું ? તો કે પરદેશ ગયેલા પતિઓ પાછા ન ફર્યા હોવાથી પત્નીઓની જાણે એ ચિતાઓ સળગી રહી છે. કેવી સંગત અને સરસ કવિકલ્પના ! જગતની પરાધીનતા જુઓ. જડ વસંત ઉત્તમ ચેતન માનવને ભારે વિહ્વલ કરે છે ! એમાં વળી ઉદ્યાન-બગીચા-તરુણ-તરુણીઓના ચિત્તમાં ઊછળતા તરંગોના ઉલ્લાસ જગાવી રહ્યા છે. સુગંધિત પવન મઘમઘાયમાન પ્રસરી રહ્યો છે; અને લતાઓના માથે કુસુમોના ભારને હલાવી-હલાવીને લતાઓને ભાંગી રહ્યો છે ! ભ્રમરોની મંડળીઓ મદોન્મત્ત બનીને ગુંજારવમાં જાણે વસંતઋતુ અને ઉદ્યાનની શોભાના ગીત ગાઈ રહી છે ! શું છે આ બધું ? કામદેવનું એક છત્રી સામ્રાજ્ય ! એમાં ભલભલા આત્માઓ એને શરણે પડી જાય. જગત પર અનાદિ કાળથી આ ચાલ્યા કરે છે એટલે સંસારસ્રોત અસ્ખલિતપણે વહ્યા કરે એમાં શી નવાઈ ? નવાઈ તો એ છે કે જ્યાં કોયલો જેવા અજ્ઞાન જીવો ઉલ્લાસમાં આવી જાય અને કલબલાટ કરી મૂકે એ તો ઠીક, પણ સજ્ઞાન એવા માનવો, પણ સમાનપણે ઉલ્લાસ ઉછરંગમાં ચઢે છે ! શું આ આશ્ચર્યકારક નથી ?

**પ્ર.**- ત્યારે શું માનવોએ સૃષ્ટિસૌન્દર્યના આનંદ ન માણવા ?

**ઉ.**- તો તમે જ કહો કે એ આનંદ અને ઉદાસીનતા, બંનેમાંથી સદ્ગુણ કયો ? બંનેમાં જ્ઞાનવૃદ્ધતા ક્યાં ? બંનેમાંથી શામાં આત્માનું ઓજસ, ગાંભીર્ય, તત્ત્વચિંતકતા વગેરે ગણાય ? કહેવું જ પડશે કે ઉદાસીનતા જ સદ્ગુણ છે; ઉદાસીનતામાં જ્ઞાનીપણું છે, ઓજસ વગેરે છે, તત્ત્વદૃષ્ટિ છે. આનંદ તો ક્ષણિક

છે, ઊચ્ચ વિચારણાનો અવરોધક છે, રાગ-દ્વેષનો પોષક-વર્ધક છે, ને જડદષ્ટિ-મોહદૃષ્ટિમાં જીવને ડૂબાવી, આત્મદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિને ભૂલાવનારો છે. પુદ્ગલની ગમે તેવી ખીલવટ દેખાય છતાં એનું નિરીક્ષણ માત્ર સ્વરૂપ-દૃષ્ટિ-એ કરવામાં હર્ષના ઉછરંગમાં તણાયા વિના માત્ર તટસ્થ દૃષ્ટિએ કરવામાં, ઉદાસીનભાવે કરવામાં સાચું આત્મસત્ત્વ છે, આધ્યાત્મિકતા છે. મૂઢતા નહીં પણ તત્ત્વવેત્તાપણું છે.

હવે જુઓ કે આ ઋતુ, આ ઉદ્યાન વગેરે મોહક સામગ્રીઓ સિંહકુમારને શી અસર કરે છે.

**સિંહકુમાર ઉદ્યાનમાં કુસુમાવલીને જુએ છે :-** વસંત ઋતુની મોજ માણવા સિંહરાજકુમાર ક્રીડાસુંદર નામના ઉદ્યાનમાં આવે છે. સાથે અનેક યુવાનો પરિવરેલા છે. તેમ નોકર-ચાકરો, વાહનો વગેરેનો ઠાઠ પણ કુમારના પુણ્યની જાણે ઘોષણા કરી રહ્યો છે. ઉદ્યાનમાં કુમાર વિવિધ ક્રીડાઓમાં મસ્ત છે. એવામાં ત્યાં નિકટમાં સખીથી પરિવરેલી એક રાજકુમારી જોઈ. રાજકુમારીનું નામ કુસુમાવલી હતું. એ પણ યુવાવસ્થામાં આવી ચૂકી હતી; વળી એ સિંહકુમારના મામાની જ પુત્રી હતી. મામા લક્ષ્મીકાન્ત પુરુષદત્ત રાજાના સામંત રાજા હતા. સુઘડ અને નાજુક અંગોપાંગથી શોભતી એ રાજકુમારી લાવણ્ય અને રૂપથી ભરીભરી હતી ! પૂર બહારમાં ખીલેલા યૌવનની જાણે મૂર્તિ હતી. શરીર સુકોમળ અને પુષ્ટ હતું. જાણે ખુદ ઉદ્યાનદેવી જ આ માનવ સ્ત્રીનું રૂપ લઈ ન આવી હોય તેમ લાગતું હતું. એને જોઈને શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે, અનંત ભવોમાં સેવેલા રાગદ્વેષના લીધે, કુમારે એના તરફ અભિલાષાવાળી દૃષ્ટિ નાખી.

**વિજાતીયના દર્શનનો પ્રભાવ :-** દર્શનનો શું પ્રભાવ છે ! કે સિંહકુમાર એક જ વારના રાજકુમારીના દર્શનથી એના તરફ આકર્ષાઈ ગયો ! જે રાગદ્વેષનો અનંત ભવોથી અભ્યાસ કરેલો છે તેને નિમિત્ત મળતાં ઊછળી પડવામાં વાર નહિ. એમાં વળી યૌવન એટલે તો કામરાગની વૃષ્ટિનું ચોમાસું ! યૌવન અને નિમિત્તે રાજકુમારને રાજકુમારીનો અભિલાષી બનાવી દીધો. જેવી રીતે કુમારની દૃષ્ટિમાં કુમારી આવી ગઈ તેવી જ રીતે કુમારીની દૃષ્ટિમાં કુમાર પણ આવી ગયો ! પરંતુ લજ્જા ! એટલે કુમારી કુમારની સામે ઊભી રહી શકી નહિ. આર્ય દેશની આ મર્યાદા છે, એટલે રાજકુમારી ધીરે ધીરે પાછા પગલે પાછી હઠવા માંડી. પરંતુ તેના મનમાં તો થઈ ગયું કે "શું ઉદ્યાનની રમણીયતાથી આ ખુદ મહારાજ કામદેવ તો આવીને ક્રીડા ને આનંદ નહિ માણતા હોય !" અર્થાત્ એના મનમાં પણ કુમાર પ્રત્યે આકર્ષણ જામી પડ્યું. રાજકુમારના અનુપમ સૌંદર્ય પર કુસુમાવલી મુગ્ધ બની ગઈ. વિજાતીયના આકર્ષણ જબરા હોય છે, વિજાતીય સમજો છો ને ? સ્ત્રી માટે



પુરુષ અને પુરુષ માટે સ્ત્રી એ વિજાતીય કહેવાય. સુંદર પણ પુરુષને જોઈને પુરુષ નહિ આકર્ષાય. ત્યારે સ્ત્રી સુંદર તો શું પણ સામાન્ય પુરુષને જોઈને ય આકર્ષાશે. એવું સ્ત્રીને જોતાં પુરુષને આકર્ષણ થાય છે.

**શાબાશી ક્યાં ? :-** આવી વાત બનવામાં કોઈ આશ્ચર્ય નથી; અને એમાં જીવની કોઈ શાબાશીય નથી. કેમકે આ બનવામાં અનંતકાળનો કામરાગનો અભ્યાસ એજ કારણ છે. આથી સૂચિત થાય છે, કે પૂર્વના રાગદ્વેષ જેમાં કારણભૂત છે, એવી ક્રીડા-ચેષ્ટામાં જીવની કોઈ શાબાશી, પરાક્રમ, બુદ્ધિમત્તા, પ્રયત્નશીલતા કે આશ્ચર્યકારિતા નથી, તેમ એથી કોઈ આત્મિક ઉદય નથી, કોઈ જીવનની સફલતા નથી. વિચારવું ઘટે છે કે જો વસ્તુસ્થિતિ આમ જ છે, તો પછી એની પાછળ શા માટે સારુંય જીવન ચાલ્યું જાય છે ? જગતના પદાર્થ સામે આવી ગયા તો એની વિચારણા મનમાં ચાલી પડે છે. એને અનુસારે કોઈ પ્રકારના મનોરથ અને યોજનાઓ ઘડાય છે ! તો આ બધું ક્યાં સુધી ચાલતું રહેશે એ એક વિચારણીય વસ્તુ છે ! જે એવા અનાદિના આકર્ષણ જીવને વિહ્વલ અને પરાધીન બનાવે છે, એમાં સત્ત્વનો વિકાસ નથી થતો. **સત્ત્વનો વિકાસ વિજાતીયના આકર્ષણને ઓછા કરવામાં છે; એમાં શાબાશી છે.** એ કરવા માટે બે વસ્તુ મુખ્યપણે જરૂરી છે. એક તો વિચારસરણીમાં બને ત્યાંસુધી વિજાતીયને આવવા દેવા નહિ. બીજું, વિજાતીય સાથે દૃષ્ટિના પણ સંપર્ક બને એવા પ્રસંગમાં, એવા નિમિત્તમાં મુકાવું નહિ.

**આલંબન મુજબની ભાવના :-** સિંહકુમાર અને કુસુમાવલી બંને છે તો મર્યાદાશીલ અને સુશીલ. જ્યાં સુધી એક બીજાની સામે નહોતાં આવ્યાં, ત્યાં સુધી તો પોતપોતાની વિચારણામાં હતાં, પરંતુ સામે આવી જવાથી મોહ ઉત્પન્ન થઈ ગયો, શું જોયું બંનેએ ? એકબીજાનો આત્મા કે શરીર ? કહેતા નહિ કે 'આત્મા તો અદૃશ્ય છે.' કેમકે સામામાં ગુણસંપન્નતા, આર્યમાનવતાદિ દેખાય તે પણ આત્મદર્શન છે. હમણાં આમણે તો શરીર એટલે કે માટીનું પૂતળું જોયું એની અસર શું થઈ ? માનસિક વિચારણા એ જ દિશામાં શરૂ થઈ ગઈ ! જેના પરિણામે હૃદયમાં આકર્ષણ, સ્નેહ અને રાગ ઊછળવા લાગ્યો. આસક્તિ થવા લાગી ! કેમ એમ ? દર્શનનું આલંબન એવું છે. એટલા માટે તો **જગતમાં જે જે જડપદાર્થ આત્મામાં દુર્ભાવનાઓ અને મલીન વૃત્તિઓ પેદા કરે છે, તેને દૂર ત્યજીને, જે પદાર્થ સુંદર ભાવનાઓ અને સરસ વૃત્તિઓને ઉત્તેજીત કરે છે, એના સંસર્ગમાં ભવભીરુ આત્મા લાગ્યા રહે છે. કેમકે સુંદર ભાવના ટકાવવા માટે આલંબન પણ તેવું જ સુંદર જોઈએ.** જેવું આલંબન જીવને મળશે તેવી ભાવનાઓ થવાની. વ્યવહારમાં પણ શું છે ? આજ, રસ્તામાં તમે ચાલ્યા જતા હો, વચ્ચે જે જે બજાર

આવશે, ત્યાં જો ધ્યાન ગયું તો પ્રાયઃ તેવા વિચારો મનમાં આવવાના, જો કોઈ બીજા વિચારમાં મન મશગૂલ નહિ હોય તો કાપડનો બજાર આવ્યો તો એનો વિચાર, મીઠાઈનો બજાર આવ્યો તો એનો વિચાર, ઝવેરીનો બજાર આવ્યો તો તેના વિચાર ! જેવું આલંબન આંખ સામે આવે એવી વિચારણા મનમાં ચાલે છે.

**દાસીની સલાહ :-** અહીં કુસુમાવલી કુલવતી અને વિશેષ કરીને સ્ત્રીજાતિ છે, તેથી લજ્જાથી ઝટપટ પાછી હઠે છે. તો એની પ્રિયંકરા નામની દાસી પૂછે છે "કેમ સ્વામિની ! પાછાં હઠો છો ? શું તમે આ રાજકુમારને નથી ઓળખતાં ? એ તો આપણી ફોઈના પુત્ર સિંહકુમાર નામે છે. આપ તો એ કુમારના પહેલાં અહીંયાં આવ્યા છો, અને એ તો પછીથી આવ્યા છે. તો પાછળથી આવનાર એ આપણા મહેમાન થાય છે. તેથી આપે તો એમનું સ્વાગત કરવું જોઈએ ! એના બદલે જો આપ ખસી જશો તો આપની બેશરમ ગણાશે..." દાસી કેટલી ચતુર છે ? પોતાની માલિકણને વિનય અને મર્યાદાનો ખ્યાલ કરાવે છે ! પરિચારક આવા જોઈએ. તો શું કુમારી વિનયની અજાણ છે ? ના, પરંતુ **પોતાની સુશીલતાની ખૂબ કાળજી પરપુરુષના માર્ગમાંથી ખસેડી દે છે ! પોતાની લજ્જાશીલતા સામોસામ ઊભા રહેવાની ધિઠ્ઠાઈ નથી કરવા દેતી.** છતાં રાગ-પરવશતાને લીધે દૃષ્ટિ તો કુમાર પર જ છે ! અનાદિની પરવશતાથી જે વાત ચિત્તમાં આવી ગઈ, એ કેમ છૂટી શકે ? પરમાત્માના મંદિરમાંથી બહાર નીકળ્યા, પછી પરમાત્માની પ્રતિમાને યાદ કરવી હોય કે "પ્રભુની મુખમુદ્રા કેવી હતી ? કેવું લાવણ્ય હતું ? કેવી ચક્ષુઓ હતી..."તો એ યાદ કરવા માટે પરિશ્રમ કરવો પડે છે. સહજભાવે તો એની રટણા મનમાં ચાલતી નથી, પરંતુ જગતના પદાર્થોનું રૂપ-લાવણ્ય એકજ વાર બરોબર જોઈ લીધા પછી યાદ કરવું પડતું નથી ! કેમકે અનાદિના રાગાભ્યાસથી હૃદયમાં એ જકડાઈ જાય છે. માટે જ હવે સામા પૂરે જઈ દેવગુરુને હૈયે એવા વસાવવાના છે.

**કુમારનો સત્કાર :-** કુસુમાવલી પોતાની દાસીનાં આવાં શાણાં વચનો સાંભળી ઊભી રહી ગઈ; અને દાસીને પૂછે છે, "બોલ પ્રિયંકરા ! અહીંયાં મારે શું કરવું જોઈએ ? તું આમાં હોશિયાર છે તો તું જ કહે."

દાસી કહે છે, "સજ્જનના સંબંધને પોષનારું ઉચિત સ્વાગત કરવું જોઈએ. એ માટે કુમારશ્રીને આપના સ્વહસ્તે અવસરોચિત તંબોલ અને ફૂલની માળા આપો."

"એ તો હું નહિ કરી શકું !" કુસુમાવલી જવાબ વાળે છે. "મને તો લજ્જા આવે છે... માટે તું જ મારા તરફથી એ કરી દે." મર્યાદાનો પ્રભાવ કેવો છે ! બંને કુમાર અને કુમારિકા છે. બંનેનો મામા-ફોઈના સંતાનનો સંબંધ પણ છે.



પરંતુ કુમારીને કુમારની સાથે વાત કરવામાં પણ સંકોચ થાય છે. થાય જ. ધિઠ્ઠપણે સામસામે આ અવસ્થામાં ઊભા રહેવું કે વાતો કરવી એ નીચા કુળના ખેલ ! આજે એ ઊચ્ચ મર્યાદાઓના પુનરુદ્ધાર કરવા જેવા છે; સંરક્ષણ કરવા જરૂરી છે.

**બોલવાની કળા :-** દાસીને રાજકુમારીએ આગળ કરી. એટલામાં કુમાર પણ ત્યાં આવી પહોંચે છે. દાસી આગળ આવીને કહે છે,

"રતિથી વિરહિત એવા કામદેવનું હું સ્વાગત કરું છું. અહીંયાં મહાનુભાવ ! બિરાજો."

સંસારની ઘટના તરીકે આજ જોવામાં આવશે. દાસીની દૃષ્ટિ અત્યારે વિલાસ તરફ છે, તેથી એને બીજું સંબોધન માલુમ ન પડ્યું કે "મોટા ગુણવાન, ધર્મપ્રેમી..." આવાં વિશેષણ ન મલ્યાં. પરંતુ કહે છે "રતિ રહિત કામદેવ...!" કુમારને દાસીનાં ચતુર વચન સાંભળી ખુશી થાય છે; અને પોતે ય ચતુરાઈમાં ક્યાં જાય એમ છે ? દાસીને ચતુરાઈથી કહે છે "આજ સુધી તો હું રતિથી રહિત હતો, પરંતુ હવે નથી !" એનો કહેવાનો ભાવ એ છે કે રતિ એટલે આનંદ. "તો રાજકન્યાને જોઈ મને આનંદ થાય છે માટે રતિ મારી પાસે જ છે." તેમજ, એ પણ ભાવ છે કે "મને તું કામદેવ ગણે છે, તો આ રાજકન્યા ક્યાં ઊતરે એવી છે ? એ, રૂપે રતિ છે."

આ ભાવ કુમાર સ્પષ્ટ શબ્દોમાં કહેતો નથી. ત્યારે એમ કહેવા કરતાં ટૂંકમાં ગૂઢ શબ્દોમાં કહેવું ઉચિત પણ છે. એ ગૂઢ શબ્દોમાં ભાવ કેવો વિવેકભર્યો સૂચવ્યો ! પોતાની પ્રશંસા સામો કરે છે, તો પોતે અન્યની વિશેષતા વખાણે છે. અસ્તુ. કુમાર એની વિનંતિથી નીચે બેસે છે. દાસી લાવીને સોનાના પાત્રમાં તંબોલ ધરે છે, કુમાર તે સ્વીકારી લે છે. કુસુમાવલીને અને કુમારને કેટલો આનંદ હશે ! પણ આમાં શું નવું છે ? નવીન વયમાં આવેલા સુખી સ્થિતિવાળા કુમાર કુમારિકાને મન આવા પ્રસંગ અદ્‌ભુત આહ્લાદ અને રાગની ઉર્મિઓ ઉછાળનારા હોય છે એમાં નવાઈ નથી. નવાઈ તો, પરમાત્માનું શાસન પામીને અંતરાત્મામાં સંવેગ-વૈરાગ્યની છોળો ઊછળે એમાં છે. સુબુદ્ધ આત્મા જગતના દૃષ્ટાન્તથી એવી પ્રશસ્ત આનંદ, લાગણીઓ અને શુભ વલણોને અંતરાત્મામાં વ્યાપી દે છે. અર્થાત્ જગતના પ્રસંગોમાં જો મોહમય આનંદ, મોહમય લાગણીઓ અને મોહમય તરંગમાં ખેંચાઈએ છીએ તો દેવગુરુધર્મના પ્રશસ્ત આનંદ, લાગણીઓ, તરંગો વગેરેમાં કેમ ન ખેંચાવું જોઈએ ?

અહીં પ્રસંગ એવો બને છે કે કુમારિકા દાસી દ્વારા કુમારના મુખેથી મનગમતો મોહગર્ભિત હાસ્યવિનોદ સાંભળવા ગમે તેટલી ઉત્સુક હોય, પણ કહે છે ને કે

વિધિ વાંકો છે, તે કુસુમાવલીને બોલાવવા કંચુકી આવી ચઢે છે, એય કુમારી-કુમારને રાગથી અર્ધદૃષ્ટિથી જોતી દેખે છે. એને મનમાં થાય છે કે 'કુમાર-કુમારી કામદેવ-રતિના જાણે અવતાર લાગે છે. હવે જો વિધિ અનુકૂળ થાય તો આ તો રતિને કામદેવ આવી મળ્યો છે.' સુયોગ્યની કદર કોને ન થાય ? પ્રગટપણે કુમારીને એ કહે છે, "માતાજી કહેવરાવે છે કે ક્રીડા કરતાં તમને સમય ઘણો થયો માટે તમારા સુકોમળ શરીરને પરિશ્રમ ન પહોંચે માટે હવે જલદી પાછા આવી જાઓ." જુઓ કેવું વિઘ્ન ! વિધિ કેમ જાણે કેટલીય વાર માણસને ચેલેન્જ કરે છે, પડકાર કરે છે કે 'તારું ધાર્યું નહિ થાય.' આ વસ્તુ ખૂબજ સૂચક છે. આત્મકલ્યાણના કાર્ય ધર્મના કાર્ય ખોરંભે મૂકતા પહેલાં વિચારવા જેવું છે કે એમાં જે લાંબી મુદત નાખી એમાં વિધિ વચમાં વિઘ્ન ઊભું કરીને એ ધાર્યું આત્મહિત નહિ સાધવા દે તો પોષાશે ?

કંચુકીએ તો સંદેશ આપ્યો, પણ કુસુમાવલીએ શું કરવું ? કુમારના રૂપમાં એ એવી આકર્ષાઈ ગઈ છે કે ત્યાંથી ખસવાનું મન થાય એવું નથી. બીજી બાજુ માતા બીજા કોઈ ખાસ કારણે તો બોલાવતી નથી, તો શું કરવું ? તાબડતોબ જવું કે થોડુંક રોકાઈને પછી જવું ? ધ્યાન રાખજો, આવા નજીવા દેખાતા પ્રસંગમાં માણસનું નૂર પરખાય છે, માણસનું મૂલ્ય સમજાય છે. અંતરાત્મામાં સ્વતંત્રપણે મનગમતી પ્રવૃત્તિ કરવાની વૃત્તિ મુખ્ય છે, કે વડિલની આજ્ઞાપ્રધાનતા છે, એ આવા પ્રસંગમાં ખ્યાલ આવે છે. કુસુમાવલીને આકર્ષણ એટલું બધું કે હવે એને જો આ કુમાર સાથે વિવાહ સંબંધ ન થાય તો ચેન નથી પડવાનું. એ આગળ જણાશે. આવા આકર્ષણ અને રાગના ઉછાળાની સફલતા કરવાના રમ્ય પ્રસંગે માતા કહેવરાવે છે 'હવે થાકી જશો, તેથી ઘરે આવી જાઓ.' ત્યાં શું કરવું ? શું જરાક પણ અહીં ન થોભવું ? માતાને શું ન કહી શકાય કે "બગીચામાં મન જરા સારું આનંદમાં હતું તેથી આપનો સંદેશો મળ્યો છતાં નીકળવાનું દિલ ન થયું. આપનો આશય તો થાક ન લાગે એવો હતો ને ? પણ મનને તો ઊલટું વધારે ને વધારે પ્રફુલ્લિતતા થતી હતી." અથવા શું એમ ન કહેવાય કે "ત્યાં ફોઈના પુત્ર સિંહકુમાર આવેલા; તેથી એકદમ આવી જવામાં એમની અવગણના જેવું થતું હતું. તેથી જરા વધારે રોકાઈ" આવા કાંઈ લોચા વળાય કે નહિ ? કહો ને કે એવું તો સહેજે બને ! પણ ના, એ તમારા વર્તમાન બગડેલા યુગમાં. પૂર્વના સુવિકસિત યુગમાં નહિ. પૂર્વના લોકોને મન વડિલની આજ્ઞાપ્રધાનતા અને સરળ ઉત્તરની બહુ કિંમત હતી. તેથી એમના આત્મનૂર ઝળકતાં હતાં. પૂર્વે પાપના ભય હતા. એટલે તુચ્છ લાલચ-લંપટતામાં આજ્ઞાભંગ, માયાચાર વગેરે સેવવું પસંદ જ નહોતું. તેથી કુસુમાવલી



તરતજ કંચુકી સાથે 'જેવી માતાજીની આજ્ઞા' એમ કહીને જવા માંડે છે. ત્યાં કુમાર પણ રોકાવાનું જરાય કહેતો નથી. કેમકે એ પણ એજ યુગનો નરરત્ન છે ને ? બાકી એનેય કુમારીનું આકર્ષણ ઓછું નથી જાગ્યું. છતાં સામાના વડીલની આજ્ઞા સામે સહેજ પણ ઊંધું શિક્ષણ કે આગ્રહ કરવાની વાત નહિ; અરે ! મનમાં ઈચ્છવાનું ય નહિ કે એ આજ્ઞા વિરુદ્ધ વર્તે. આ સંસ્કૃતિના વારસા તો ગયા, પણ નવેસરથી ય આજે આ શિખવવાનું છે ખરું ? જીવનને દિવ્ય બનાવે એવી એ સંસ્કૃતિની જરૂર નથી કેમ ? નવી કેળવણી એટલે શાની ? જડતા-જડલીનતા વધારે એની કે ચૈતન્ય પ્રકાશાવે એની ? શાના આ યુગને આગળ વધેલા કે વિકસેલા યુગ તરીકે લઈને ફરો છો ?

**કુસુમાવલીના દીલમાં આગ :-** કુસુમાવલી ઘરે પહોંચી તો ખરી, પણ એના ચિત્તમાં કામરાગની આગ ભભકી ઊઠી છે; તેથી માતાને પ્રણામ કરીને તરત હાથીદાંતના છજા પર ચઢી ગઈ. જુઓ ચિત્ત અસ્વસ્થ છે છતાં મર્યાદા કેવી ? માતાએ બોલાવી છે તો આવીને માતાને પ્રણામ કરવાના. આવી આવી મર્યાદાઓ ઉભયના પ્રેમ વધારે છે, તેથી મોટા નાનાની વધુ કાળજી કરતા બને છે, અને નાનડિયા મોટાની કીર્તિ વધારે છે. હવે અહીં કુમારીના દીલમાં તો કુમારની જપમાળા ચાલી પડી છે. એ રૂપ, એ લાવણ્ય, એ ચતુરાઈ કેમ વીસર્યા જાય ? એનો વિયોગ થવાથી એ દીર્ઘ નિસાસા મૂકતી પલંગ પર બેસે છે. સામે રહેલ સખીજનને સન્માન-પૂર્વક વિસર્જન કરે છે. આ આંતર્દુઃખ એવું છે કે બીજાઓની સમક્ષમાં દેખાડવું અનુચિત લાગે છે; અને રોક્યું રોકી શકાય એવું નથી. હવે એ શય્યામાં સૂઈને શાંતિ અનુભવવા ઈચ્છે છે, પણ શાંતિ ક્યાંથી થાય ? કુમારના સ્મરણે કોમળ હૃદયનો કબજો લીધો છે, અને કામના બાણે મન વીંધી નાખ્યું છે ! એટલે પોતાના ચાલુ કર્તવ્યો મૂકી લાંબા નિસાસા મૂકે છે. રોજના વિનોદના કાર્યો જેવા કે ચિત્રકર્મ, વિલેપન, નાસ્તાપાણી, મહેલમજા, પોપટને શિક્ષણ, ચંડોલ-રાજહંસને રમાડવા, વાવડીસ્નાન, પત્રકોતરણી, દડાની રમત, નવ નવા શણગાર આભૂષણ વગેરે બધું છોડી દીધું છે. ક્ષણમાં શરીર નિશ્ચેષ્ટ બને છે તો ક્ષણમાં મુખકમલ બબડવા માંડે છે. મહાન ચિન્તાના સાગરમાં ડૂબી ગઈ.

**આજસુધીમાં જાણે કશું જોયું-ભોગવ્યું નથી ! :-** કામ પરવશતા અને રાગવ્યાપિતાની કેવી સ્થિતિ ! કહે છે ને કે એ તો કામના બાણ જેને વાગ્યા હોય તે જાણે. અરે પણ એમાં શું વાગવાનું છે ? કામની અસર ક્યાં નવી છે ? **આ જીવે અનંતાકાળ કામની રમત કરી છે, છતાં કેમ જાણે કશું જોયું-ભોગવ્યું જ નથી એવી દશા નવ-નવો જન્મ કરી મૂકે છે ! અરે ! એક જન્મમાંય નવનવાં કામપાત્ર**

**એવા હાલ સર્જે છે. માટે જ જન્મરૂપી સંસાર અને વિષયનાં સાધનને જ્ઞાનીઓ મહાભયંકર કહે છે; આદરણીય નહિ પણ ત્યાજ્ય કહે છે; આત્માને સ્વસ્થ અને સુખી નહિ, પણ અસ્વસ્થ અને દુઃખી બનાવનારા કહે છે.** એમાંય બીજી વાતે મહાસબળ આત્માને પણ કામસાધન મહા નિર્બળ બનાવે છે. માટે જ એવા વિષયનાં અને કામનાં સાધનનાં દર્શન પણ ખોટાં ! એનાથીય દૂર રહેવું જોઈએ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૧૭,તા.૧-૧-૧૯૫૫

જાણો છો ને સિંહની ગુફા આગળ નીડરપણે ચોમાસું વીતાવનાર મુનિની કોશા વેશ્યા આગળ દશા ? સ્થૂલભદ્રજીની ચેષ્ટા કરવાનું એમને મન થયું. ગર્વ આવ્યો કે વેશ્યાને ત્યાં માલમલીદા ખાતાં ચોમાસું પસાર કરવું એમાં શી મોટી વાત હતી ? શું સ્થૂલભદ્ર એમાં દુષ્કર દુષ્કરકારક ? હું ય ત્યાં જાઉં. ગુરુ પાસે આજ્ઞા માગી રહ્યા છે, પરંતુ ગુરુમહારાજ જાણે છે કે એ માટે તો કેવળ સ્થૂલભદ્ર જ યોગ્ય છે; એટલે ગુરુમહારાજ રજા કેમ આપે ? સિંહગુફાવાસી મુનિ તો રજા વિના ઊપડ્યા કોશા વેશ્યાને ત્યાં. સ્થૂલભદ્રજી જ્યારે કોશાને ત્યાં હતા ત્યારે કોશા પૂર્વની લાડ લડાવેલી હતી; પાછી એ હવે સ્થૂલભદ્રજીની સામે અનેક પ્રકારના શૃંગાર સજીને અપ્સરા જેવી થઈને આવતી; વળી પ્રેમ અને વિવિધ હાવભાવને દર્શાવતી. કામના કાલાવાલા અને રુદન રીસામણાં કરતી. પરંતુ જ્યાં આ સિંહગુફાવાસી મુનિ ગયા ત્યાં તો કોઈ શૃંગાર સજ્યા નથી, કે કોઈ પ્રેમ, હાવભાવ, કે આકર્ષણ બતાવતી નથી. એમ જ બેઠેલી છે, છતાં સબળા મુનિ કેવા નબળા થાય છે, તે જુઓ. ત્યાં આ મુનિ જઈને કહે છે, "હું તારે ત્યાં ચાતુર્માસ કરવા ઈચ્છું છું; તો વસતિ આપ."

કોશા હવે શ્રાવિકા બની ગઈ છે. તેથી સાધુની ભક્તા છે. પરંતુ એને એમ એમ થાય છે કે "બહારમાં હું વેશ્યા ગણાઉં, તેમ હું એકલી સ્ત્રી; તો મારા ઘરમાં સાધુ શાના રહેવા આવે ? છતાં ગઈ વખતે સ્થૂલભદ્રજીની પછી તરત જ આ આવ્યા છે, તેથી લાગે છે કે એમનું અનુકરણ કરવા આવ્યા હોય. પણ સ્થૂલભદ્ર તે સ્થૂલભદ્ર." એમ વિચારી બહુ આદર કર્યા વિના જગા આપી. મુનિને કોશાનો કોઈ વિશેષ આદર ન મલ્યો. પરંતુ યૌવનવંતી રૂપાળી કોશાનું માત્ર રૂપજ જોઈને મુનિ ચલાયમાન થઈ ગયા. મકાનમાં તો ગયા, પણ ચેન પડતું નથી. "હમણાં તો શૃંગાર નથી છતાં આટલું રૂપ-લાવણ્ય છે, તો શૃંગાર જ્યારે રચતી હશે ત્યારે તો કેવું યે લાવણ્ય હશે." એમ અનેક વિકલ્પમાં મુનિ ચઢી ગયા, કેમ વારું ? કહો



બીજી રીતે સબળા પણ આત્માને કામનાં સાધન નબળા બનાવી દે છે. મુનિ સ્થિર બેસી ન શક્યા; ઊઠીને સ્વયં કોશાની પાસે આવ્યા. બીલકુલ લજ્જા છોડી દીધી. કુળની, ધર્મની, કે ગુરુની કોઈ લજ્જાનો ખ્યાલ ન કર્યો, અને બોલવા લાગ્યા :-

"કેમ આમ એકલાં બેઠાં છો ?... હું તમારી સાથે ભોગ ચા...હું છું !" મુનિના આ બોલ સાંભળી શ્રાવિકા વેશ્યાને દુઃખ થવા લાગ્યું. "વેશ મુનિનો ! અને બોલ કેટલા ગંદા ? કેટલા બિભત્સ ?" પરંતુ કોશાએ વિચાર્યું કે "જો હમણાં શિખામણ દઈશ કે એમની માગણીનો સીધો ઈન્કાર કરી તડકારી દઈશ તો એમના હૃદયમાં જે કામનો ઉન્માદ જાગ્યો છે, તે શાંત નહિ પડે. એ તો કાંક એવું કરવું જોઈએ કે એ મૂળમાંથી પાપવિચારો ઉખેડી નાખે." એટલે કહે છે કે, "શું આ શરીર મફતમાં ખુલ્લું જ થોડું પડ્યું છે ? અમે તો વેશ્યા ! ભોગનાં મૂલ્ય લઈએ. આ તો બજાર છે ! બજાર ! બજારમાં તો માલ લેવા, મહારાજ ! પૈસા જોઈએ..." હવે શું થાય ? મુનિ દીનતા કરવા માંડ્યા. "તું જાણે છે, કે અમે સાધુ... પૈસા ક્યાંથી લાવીએ ?" કોણ કરાવે છે આ દીનતા ? કામ. સિંહની ગુફા આગળ ઉપવાસ કરીને ચોમાસું વીતાવવાનું બળ અહીં જાણે કુછ વિસાતમાં નથી. કામનાં આક્રમણ એવા ભૂંડા છે.

**કુસંસ્કારો શિકારી કૂતરા જેવા :-** કુસુમાવલી પણ કામના દાહમાં બળવા લાગી છે. એ તો વિચારવા લાગી કે "કોણ એવી ભાગ્યશાળી કન્યા હશે કે એના આ કામદેવ જેવા રૂપવાન પતિ હશે ?" આંતરદાહનું કોઈ સારું પરિણામ નથી હોતું; અને એના પર માનવનો કોઈ અંકુશ પણ નથી રહી શકતો. જનમ જનમથી જે કુસંસ્કારો લઈને આવ્યા છીએ, તે કુંભકર્ણની નિદ્રા જેવા નથી, પણ કૂતરાની નિંદરડી જેવા છે ! જરાક તમે જોરથી જમીન પર પગ લગાવો કે એથી કૂતરો જાગી જવાનો ! એને ઊઠાડવા લાકડી-બાકડી, લગાવવાની જરૂર નહિ. એમાં પણ શિકારી કૂતરા તો જબરા ચાલાક અને ચપળ ! પાછા નીડર અને શિકારી ! જરાક નિમિત્ત મલી જવું જોઈએ, જાગી જતાં અને ઊછળતાં વાર નહિ. તેમ આ કુસંસ્કારો શિકારી કૂતરા જેવા છે, એને સહેજ બહારનું નિમિત્ત મલતાં જાગતાં, ઊછળતાં, અને આક્રમણ કરતાં વાર નહિ ! મોટી દાન-શીલ કે તપની ભાવનાઓ જગાવી હોય, પરંતુ જરાક દુનિયાનું આડુ-અવળું કાંઈ નિમિત્ત મલ્યું, તો જીવના બાર વાગ્યા સમજો. બધું પલટાઈ જાય છે ! દ્વેષના, ઈર્ષ્યાના, રાગના, મોહના ઈત્યાદિક અનેક કુસંસ્કારો અંદર આત્મામાં તો ભર્યા પડ્યા છે. માત્ર સામાન્ય સૂતા છે. પણ એને નિમિત્ત મેળવી આપો, બસ તુર્તજ જાગી ઊઠવાના ! સિંહગુફાવાસીને એક સુંદર રૂપનું નિમિત્ત મલતાં અંદરના કામરાગનો કુસંસ્કાર ઝટ જાગી ગયો ! કહે

છે દીનતાથી,

'અમે તો સાધુ, પૈસા ન રાખીએ પાસે...'

"તો હું થોડીક જ સાધુ છું ? મારે તો પૈસા જોઈએ ! વેશ્યાએ જડબાતોડ જવાબ આપ્યો.

ત્યાં શું કહી ન દેવાય કે 'ભૂલ્યો હું ! તું પૈસાના ખપવાળી, તો હું સંયમના ખપવાળો. તું તારામાં સત્તાવાળી, તો હું મારામાં.' પણ કામના હાર્યા ક્યાંથી કહી શકે ? આ તો કહે છે,

'પરંતુ પૈસા ક્યાંથી લાવું ?'

"જાઓ, નેપાળદેશમાં, ત્યાંનો રાજા સાધુ-સંતોને મફત રત્નકંબળનું દાન આપે છે. તે તમે માગશો તો તમને ય આપશે."

શું દેખાડ્યું ? ચોમાસાના ભરવરસાદમાં પાટલીપુત્રથી નેપાળ દેશમાં જવાનું. એમ કહેતાં ય સમજી જાય છે ? 'હાય ! આ ભોગ તો મોંઘા છે ! તો એના કરતાં મારું સસ્તુ ચારિત્ર શું ખોટું ? જેમાં ન કોઈની ચપરાશી કરવાની, કે ન વિહ્વલ થવાનું.' આવું કાંઈ મુનિને થયું નહિ. એ તો ઊપડ્યા નેપાળ દેશમાં ! લાવ્યા કાંબળ ! રસ્તામાં કેઈ ઉપાય એને રક્ષવા કર્યા હશે ને ? **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः**- વિવેક એટલે સન્માર્ગનો વિચાર. એક વખત સન્માર્ગથી ભ્રષ્ટ થયો આત્મા, કે હવે સો પ્રકારે પતન થઈ જતાં વાર નહિ. વટલેલી બ્રાહ્મણી..! તો જો પતન ન કરવું હોય, તો એક વાર પણ પતન ન કરો; કોઈ એકાદાય સદ્આચરણથી પણ ભ્રષ્ટ ન થાઓ એમ જ્ઞાની કહે છે. મુનિનું કેટલું પતન ! કેટલો વિનિપાત ! ગુરુ મહારાજની આજ્ઞાનો ભંગ ! કામની ભાવના ! તેમાંથી દીનતા પ્રગટી ! ચોમાસામાં નેપાળનો પ્રવાસ, કેટલી જીવ વિરાધના ! તે પણ પૈસા માટે ! બીજી ય કેટલી વિરાધના ! કામની આગમાં મહાઉન્નત સાધુ અવસ્થા બાળી મૂકી. વેશ્યા પૈસા માગે છે તેથી 'પૈસા છોડી દઈ સાધુ થયા... તેનો શોક !' એ પણ પાપ ! પછી પૈસા લાવવા માટે લોભનું ને પરિગ્રહ-બુદ્ધિનું પાપ ચોંટ્યું ! સમજી રાખો કે અંદરમાં મોહનું એકપણ શલ્ય ઘાલ્યું પછીથી આત્માનું રક્ષણ કરવું મુશ્કેલ છે. કામપાત્રના માત્ર દર્શન વિષ પીધાં તોય બાર વાગી જવાના.

આ તો વિષય સાધનની ભયંકરતા ક્યાં સુધી પહોંચે છે, એની વાત થઈ. પણ આપણો પ્રસંગ કાંઈ અનાચારનો નથી. છતાં કુમારના દર્શનથી જાગેલો રાગ કેવી વિહ્વલતા કરે છે તે વાત છે. અહીંયાં કુસુમાવલીને દાહ લાગ્યો છે. કુમારની ઝંખનામાં ઝૂરી રહી છે. ત્યાં ધાવમાતા એની અસ્વસ્થતા જોઈ દુઃખી થાય છે. પોતાની પુત્રી મદનલેખાને કહે છે કે "જો આ તારી સખી કુસુમાવલી બગીચામાંથી



શ્રમિત થઈને આવી છે. તો તું કપૂરના બીડા બાંધી ભીનો પંખો લઈને જા એની પાસે." એ ગઈ એ રીતે, ત્યાં રાજપુત્રીને ભારે ચિંતામગ્ન જુએ છે. આજ તો એ બોલતી નથી, તેથી એના મગજની શૂન્યતા જાણીને પૂછે છે "સ્વામિની ! કેમ આમ ખિન્ન ? શું દેવગુરુની પૂજા ન થઈ ? શું તારાથી સખીઓનું સન્માન થઈ શક્યું નહિ ? શું યાચકોને દાન ન દેવાયું ?" દુઃખનું કારણ પણ કેવું પૂછે છે ? સ્વાગત-સત્કાર નથી મલ્યા, ખાવાપીવા નથી મલ્યું, તેનું દુઃખ નથી તે દુઃખ ગુરુની-દેવની પૂજા કરવા નથી મલી, દાન દેવા નથી મળ્યું, એનું લાગે છે. કેવાંક એ કુળાચાર હશે ! જીવનમાં આદર્શ શાના હશે કે જ્યાં દુઃખ પરમાર્થ ન કર્યાના લાગે ? જવાબ ન મળ્યો. તેથી આગળ પૂછે છે 'શું વડીલ જન સંતુષ્ટ નથી ? એનાં દુઃખ મોટાં લાગે છે !' વળી પૂછે છે, "શું પરિવાર તારો અવિનયી છે ? તારું કંઈ અપમાન કર્યું છે ? અથવા શું સખીજન અનુરાગી નથી ? શું થયું છે એ તો કહે; જો અકથનીય ન હોય તો તારા મોઢેથી મને જે હોય તે કહે."

કુસુમાવલી કહે છે, "પ્રિય સખીને શું કંઈ અકથનીય હોઈ શકે ?"

'તો બોલ.'

"દેખ, હું બગીચામાં ગઈ હતી ! આજે ફૂલ ભેગાં કરી રહી હતી, તેમાં બહુ શ્રમ લાગી ગયો છે ! તેથી સૂઈ રહી છું." સખી ગમે તેવી પ્રિય, છતાં આ સાચું કહી દેવા કુલીનની જીભ એકદમ કેમ ઊપડે ?

મદનલેખા કહે છે, "બસ, એટલું જ ? તો આ તંબોલ લઈ લે, અને હું પંખો વીંઝી રહું છું."

"આ અવસ્થામાં એ શું કરશે ? ચાલ નીચે બાગમાં કેળના ઘરમાં."

ગયા બાગમાં ! ત્યાં સુંદર પાથરણા પર એને સુવાડી વાતો કરતી પંખો ઢાળે છે. છતાં પાણીની બહાર કાઢેલી માછલીની જેમ કુસુમાવલી તડફડી રહી છે ! શાથી ? હૃદયમાં શલ્ય સમાન કુમારને યાદ કરી રહી છે. ત્યાં સખી પૂછે છે "અલી ! એ તો કહે, કે તને આટલું બધું શું થઈ રહ્યું છે ! હું પૂછું છું કે તેં જે વાત કરી તે તો ઠીક છે, પરંતુ જ્યાં તું ગઈ હતી ત્યાં કંઈ આશ્ચર્ય-બાશ્ચર્ય જોયું હતું ?"

"શું આશ્ચર્યનું પૂછે છે ! આજ તો ત્યાં મેં રતિવિરહિત કામદેવ સમાન સિંહકુમાર રાજપુત્રને જોયા !"

'કેવો હતો એ ?' એના ઉત્તરમાં કુમારના અંગ-પ્રત્યંગની સુંદરતાનું રોચક વર્ણન કરી બતાવ્યું. બધાનો સારાંશ એ બતાવી દીધો કે "એ કોઈ અનુપમ વ્યક્તિ હતી ! વધુ શું કહું ? એ રૂપનુંય રૂપ હતું ! લાવણ્યનુંય લાવણ્ય હતું ! સૌંદર્યનું

પણ સૌંદર્ય હતું ! મનોરથનો પણ મનોરથ હતો ! તેવા એ સિંહકુમારને મેં જોયો હતો.'' કુમારે કુસુમાવલીનું હૃદય કેટલું પકડી લીધું છે ! જ્ઞાનીઓ કહે છે કે **જો ભવ્ય આત્માઓ પરમાત્માને પોતાના હૈયામાં આટલા પકડી લે તો એમનું કામ નીકળી જાય.**

**મર્યાદા પાલનમાં સુખ કે મર્યાદાભંગમાં સુખ ? :-** કુસુમાવલીને કુમારના રૂપ લાવણ્યના દર્શને કરેલા અજબ આકર્ષણે કવિવર્ણન કરાવ્યું. અર્થાત્ આજસુધીમાં રાજકુમારને કદી પણ કુસુમાવલીએ નહિ જોયો હોય, ત્યારે જ આ પ્રમાણે કહી રહી છે, અને તો સુશીલતાની મર્યાદાનું પાલન કેટલું બધું હશે ? કોણ છે એ ? આમ તો ફોઈનો પુત્ર છે. પણ એ કાળમાં કુમાર-કુમારિકાને જ્યાં-ત્યાં ભટકવાનું નહોતું. બંને એક જ નગરમાં છે, છતાં એક બીજાને મળવાનો મોકો નથી મળ્યો. તો શું એવી કડક મર્યાદામાં એમને દુઃખ હતું ? ને આજે મર્યાદા છોડી દીધી તો લોકો શું સુખી છે ? ''આ શું બધાં બંધન ? જાતિ-કોમનાં રૂઢીવાદનાં બંધન ! ફગાવી દો બંધન !...એમ હવે તો આઝાદી મળી !...''એમ કરી જેમણે બંધન ફગાવી દીધાં તે શું બધા સુખી થઈ ગયા ! આજના ભવાડા, સ્નેહભંગ, સ્વચ્છંદતા, કલેશ-ટંટા વગેરે કેટલું બધું ? વધારે સુખ ક્યારે હતું ? આજે છે, કે તે વખતે ?

**માનવી એટલે અંદરની શ્રેષ્ઠતા કરનારો :-** આજની સંસ્કાર વિહોણી મર્યાદા રહિતતા કેટલી હદ સુધી પહોંચી છે ? આખો જીવન વ્યવહાર નિર્મર્યાદિત બનાવી દીધો ! તેનાથી સુખનો કેવો નાશ થઈ ગયો ! અને દુષ્ટવૃત્તિઓથી નાની પ્રજાના પણ દીલ કેવાં જલી રહ્યાં છે ! તે આપણને પ્રત્યક્ષ દેખાય છે. રાગ, વિલાસ, મોહ, સત્તા, રંગરાગ અને ફેશનની વાસનાઓમાં જ સારો દિવસ પસાર ! મનમાં કોઈ પરમાત્માનું કે ગુરુનું સ્મરણ કરવાની વાત સરખી નહિ ! આમાં આત્માની મહત્તા છે કે લઘુતા ? ગુણવિકાસની દશા છે કે દોષમાં પતનની દશા છે ? આજે તો કોઈ સ્વપ્નમાં નથી આવતું કે હું માનવી છું, તો બહારની શ્રેષ્ઠતા તો મલી ગઈ, પણ હવે આંતરિક શ્રેષ્ઠતા ક્યારે લાવીશ ? ના, આનો કોઈ વિચારજ નહિ, કેમકે મર્યાદાનો લોપ કરી દીધો. પછી એમાં સુધરેલા પશુ જેવા અર્થાત્ વ્યવસ્થિત યોજના બદ્ધ-કળાબદ્ધ વિષય-વિલાસની રમતો રમાય એમાં શી નવાઈ ? જુઓ આજના છાપા વગેરે; તો એમાં ક્યાંય શીલ ને તપની, અધ્યાત્મ અને પરલોકની વાતો જડે ?

સિંહકુમાર અને કુસુમાવલીનું મિલન આટલા વર્ષે પ્રથમવાર થાય છે, તે તેમની સંસ્કારી મર્યાદાનું પાલન બતાવે છે. સિંહકુમારના એક વારના જ દર્શનથી કુસુમાવલીને એનું આકર્ષણ એવું જાગી ગયું છે કે પોતાની સખી આગળ કુમારનું



મોટું મોટું વર્ણન કરી ગઈ. તે સાંભળી તેની સખીને પણ લાગ્યું કે ''વાહ ! એ રાજકુમાર તો આ મારી સખીને જ યોગ્ય છે ! રાજકુમારીએ જે અનુરાગ એમના પ્રત્યે કર્યો છે, તે યોગ્ય સ્થાને કર્યો છે;... અને કમલાકર વિના લક્ષ્મી બીજે શાની રમે ?'' મનમાં ખુશ થતી, સખી કુસુમાવલીને કહે છે ''જો આજ હું રાજમહેલમાં મહારાણીજીને મૂકવા ગઈ હતી, ત્યાં સુબુદ્ધિમંત્રી મહારાજની સાથે કંઈક મંત્રણા કરી રહ્યા હતા. એ મંત્રણા એટલી સુંદર હતી કે જો એ વાત બની આવે તો રતિને કામદેવનો યોગ થવાથી **सर्वं सुंदरं भविष्यति !** બધું સરસ બની જશે !'' સખી કેવી ઉસ્તાદ છે ? ગોળગોળ કહે છે. પણ કુસુમાવલીને તો એવા વિષયમાં ભારે રસ છે. તેથી,

''શું હતી એ મંત્રણા ?'' એમ કુસુમાવલીએ ઉત્સુકતાથી પૂછ્યું.

પેલી જવાબમાં કહે છે ''સુબુદ્ધિમંત્રીએ મહારાજને કહ્યું કે જુઓ, પુરુષદત્ત મહારાજ પોતાના પુત્ર સિંહકુમાર માટે કુસુમાવલીની માગણી કરવામાં ભારે આગ્રહ સેવે છે. મને એમણે ભારપૂર્વક કહ્યું છે કે 'તમારે એવો પ્રયત્ન કરવો કે જેથી ચોક્કસપણે સુયોગ્ય અને સમાન ગુણવાળી કુસુમાવલી સિંહકુમારની સાથે લગ્ન સંબંધથી જોડાઈ જાય, અને મહારાજા ! સિંહકુમાર સિવાય કુસુમાવલી માટે બીજું યોગ્ય પણ કોણ છે ?...' સખી આ સંભળાવી રહી છે, ત્યાં કુસુમાવલીની શું હાલત થવા લાગી હશે ? હર્ષ અને લજ્જા ઉભયથી મિશ્રિત કોઈ જુદી જ અવસ્થા અનુભવી રહી છે. પરંતુ બહારથી ક્રોધ દેખાડીને કહે છે, 'અરે ! અસંબદ્ધ પ્રલાપ કરનારી ! તું આ શું બોલે છે ? જૂઠી વાતનો બકવાટ કરે છે ?'

મદનલેખા જવાબ વાળે છે ''સ્વામિની આમાં અઘટતું શું છે ? શું માનવસરોવરના હંસને રાજહંસી યોગ્ય નથી ? હું સાચું જ કહું છું. સુબુદ્ધિમંત્રીએ જ્યારે ઉપર પ્રમાણે મહારાજને કહ્યું, ત્યારે પિતાજીએ પણ કહ્યું કે 'મહારાજ તો મારા પ્રાણના પણ અધિકારી છે. તેથી એમને જે વાત ગમે તે વાત મને પણ પ્રિય જ છે !' ત્યારે મંત્રીજીએ પણ એ વાત ઝીલી લીધી.''

# સિંહકુમાર કુસુમાવલીના ઘરે

**વિવેકીના બે કર્તવ્ય :-** આનો શું અર્થ ? એજ ને કે કુસુમાવલીના મનને ગમતું થવાનું. ત્યાં એના હૈયામાં આનંદના સાગર ઊછળે એમાં નવાઈ હોય ? આની પાછળ મુખ્ય પણે પુણ્ય કામ કરી રહ્યું છે, એ ન ભૂલશો. સિંહકુમાર પણ પુણ્ય લઈને આવેલ છે એટલે એને આવી સુયોગ્ય કન્યા પોતાના દિલમાં ધરે છે, અને વડિલો વિવાહની વિચારણા એની સાથે કરાવવાની કરી રહ્યા છે. જગતમાં પુણ્ય વિના સારું બની આવતું નથી. માણસના એકલા ધારવા ઉપર કશું થતું નથી; પાછળ પુણ્યની સહાય જોઈએ છે. આ તો પૂર્વનું પુણ્ય પહોંચતું નથી, ને લાંબાની પાછળ દોડવું છે. પરિણામ શું આવે ? કહેવત છે ને કે 'લાંબાની પાછળ ટૂંકો જાય, તે મરે નહિ તો માંદો થાય.' કેમ માંદો ? પૂર્વનું પુણ્ય ન હોવાથી મળ્યું તો નહિ, પણ દોડધામ કરવામાં નવું પુણ્ય ઉપાર્જવાનું ય ગુમાવ્યું, તેથી પરભવમાં આથીય વધુ ખરાબ દુર્દશા ! માટે જ **વિવેકીનાં બે કાર્ય છે; એક તો દુનિયામાં પોતાનું કપાળ માપીને પગલું ભરવું; અને બીજું એ કે નવા પુણ્યની કમાણીનું વ્યસન બનાવી દેવું.**

**કુસુમાવલીના ઘરે સિંહકુમાર :-** સખીના શબ્દે કુસુમાવલી આનંદના સાગરમાં ઝીલી રહી હતી; ત્યાં ચંદ્રના ઉદય થવા સમાન વળી એક નવા સમાચાર એને સાંપડે છે. પલ્લવિકા નામની ઉદ્યાનપાલિકા આવીને એને કહે છે, ''સ્વામિની માતાજી ફરમાવે છે કે 'હવે તમે ઉપર હાંથીદાતની અટારીએ પધારો, કેમકે પિતાજીનો હુકમ છે કે મહારાજના પુત્ર સિંહકુમાર પધારવાના હોઈ આજે મહેલનો બગીચો વિશેષે કરીને શોભાયમાન કરવાનો છે.' કુસુમાવલીને આ બીજા સમાચારે દૂધમાં સાકર ભળવા જેવું થયું, હર્ષ વધી ગયો. તરત જ 'જેવી માતાજીની આજ્ઞા;' એમ કહીને ગઈ ઉપર. ઉદ્યાન વિશેષ દીપતું કરવામાં આવ્યું. સિંહકુમારને મનમાં કુસુમાવલીના દર્શનની ઉત્સુકતા તો હતી જ, એમાં વળી લક્ષ્મીકાન્ત રાજાએ આમંત્રણભેર એને પોતાના આંગણે તેડ્યો. ભોજનવિધિ ખૂબ ઠાઠથી અને સન્માનપૂર્વક થઈ. પછી તે મહેલના ઉદ્યાનમાં ઊતર્યો.

**ભાવતું હતું ને વૈદે કહ્યું : કુમાર કુમારીના ગૃહે :-** સખીના મોઢેંથી કુસુમાવલીએ સાંભળ્યું કે પોતાનો વિવાહ સિંહકુમારની સાથે થવાની વાતચીત



ચાલી રહી છે. આનાથી એને મોહના દુઃખમાં મોટું આશ્વાસન મલ્યું. એમાં વળી પોતાના પિતા લક્ષ્મીકાન્તે સિંહકુમારને પોતાના મહેલમાં બોલાવ્યો, અને સારી સરભરા કરીને રાખ્યો ત્યારે તો કુસુમાવલીને કુમારના દર્શનાદિનો વધુ પરિચય મલશે એ બદલ હૃદયમાં ખૂબ જ આનંદ છવાયો, બંનેને ભાવતું હતું ને વૈદે કહ્યું !

આ ઉપરથી એ વસ્તુ સૂચિત થાય છે, કે પ્રાણીને જે વસ્તુની આશા, કે આતુરતા હોય છે, એ વસ્તુ પ્રાપ્ત થવાની માત્ર સંભાવના દેખાતાં જ આનંદ થાય છે, અને તો એને એના ઉપાય સેવવામાં ભારે રસ હોય છે. આ પરથી સમજી લ્યો કે મોક્ષાર્થી જીવે મોક્ષના ઉપાયભૂત દેવગુરુ અને ધર્મની સેવા કેવા ભારે રસથી અને કેવા વિવેકી ઢંગથી કરવી જોઈએ. શું જીવને ધર્મપ્રાપ્તિ થાય એ માટે શાસ્ત્રકારોએ અને સદ્‌ગુરુઓએ સમજાવવું પડે કે ''દેવગુરુ અને ધર્મ પર શ્રદ્ધા, રુચિ વધારો, અને ભક્તિ-ઉપાસના આ-આ રીતે ખૂબ ઊછળતા આનંદથી કરો ? પરમાત્માનાં દર્શન કરતાં કરતાં રોમાંચ ખડાં થઈ જવાં જોઈએ, સ્તુતિ પણ ગદ્‌ગદ કંઠે ભાવવાહી રીતે કરવી જોઈએ...'' આ વિધિ બતાવવાની શાસ્ત્રકારોને શી જરૂર ? ધારો કે આપણી સામે એવી કોઈ મહાન વ્યક્તિ આવી ગઈ, કે જે વ્યક્તિથી આપણને આ દુનિયાનો મહાન લાભ મળવાવાળો છે, તો એને દેખતાં જ રોમાંચ ખડા થાય કે નહિ ? અરે ! સંસારની તુચ્છ અને મામુલી સંપત્તિ કોઈએ આપી હોય, તેને પણ જોતાં રૂવાંડાં ખડાં થઈ જાય છે, તો અહીંયાં તો દેવગુરુ અનંત સુખના દાન કરનાર છે; એમના દર્શન-પૂજનાદિમાં કેમ રૂવાંડાં ખડાં નહિ ? શરીરમાં કોઈ રોમાંચ-ઝનઝનાટી કે લાગણીનું સંવેદન કેમ નહિ ? એમ નથી કે શું કરીએ ભાઈ ! શાસ્ત્ર ભણ્યા નથી... વિધિ જાણતા નથી... આ તો ઈષ્ટ કેટલું છે એની પરીક્ષા છે. દુનિયાની વાતમાં તો પૂરા અનુભવી છો. હા, એટલું છે કે દુન્યવી વાતો અમારું જે ભલું નહિ કરે એવું ભવિષ્યના અનંત કાળનું અનંત સુખ પમાડવાનું ભલું દેવ-ગુરુ-ધર્મ કરશે એવી મુદ્દામ પહેલાં વસ્તુની સ્થૂલ પણ ઓળખ જોઈએ, કિંમત સમજવી જોઈએ, અને વસ્તુની ગરજ જોઈએ. નહિતર બધી વિધિ શાસ્ત્રોના પાનામાં રહી જશે ! આત્મહિતની પ્રવૃત્તિમાં ઝણઝણાટી અને રસ કેમ ન થાય ! છોકરા પર પ્રેમ છે, અને છોકરો પડ્યો માંદો. તો એની સેવામાં સવારથી લાગી જવાય છે ! ''ચાલો ભાઈ, એને માટે આ ઉપચાર કરો, આ કરો, દવા બરાબર આપો...'' કેમ આમ ? શું આ બધી વિધિ નિશાળમાં શીખીને આવ્યા છો ? ના, પુત્ર પર મારાપણું રાખ્યું છે ! તો પછી ભગવાન પર કયાપણું રાખ્યું છે ? પારકાપણું ને ? પૂજારીને ઓર્ડર આપી દીધો છે કેમ ? 'જેમ તને ઠીક લાગે તેમ કરજે ઘસડ-પૂસડ ! ધાતુના પ્રતિમાજીને પૂજારી તારે માથેથી પકડી બીજી

બાજુ ઠબાક-ઠબાક ફેરવવા હોય તો પણ વાંધો નહિ ! અને વાળાકુંચીના શસ્ત્રથી ઘસવા હોય કે જેમાં ૨૫-૫૦ વર્ષે ધાતુબિંબના મુખ પરના આંખ, નાક, મોં ઘસાઈને સાફ થઈ જાય તોય અમારે તેમાં વાંધો નથી ! બસ, તું તારે બધું તૈયાર રાખજે, અમે આવીશું ને ટીલી કરી દઈશું !' જે પરમાત્મા બધાથી મહાન ઉપકારી છે, તેમના વિષે આવી સ્થિતિ ? આ મનુષ્ય જીવન આજ રીતે આશાતનામાં પસાર કરશો તો ભગવાનની પૂજા કરવા છતાં ભવભ્રમણ ઊભાં રહેશે ! ખરી રીતે પૂજાનો અર્થ પણ ક્યાં ધ્યાનમાં છે ? પૂજા એટલે તો આપણું કાંઈક ભક્તિમાં સમર્પણ થાય તે. કરો છો ને ? પૂજાનાં દ્રવ્ય ઘેરથી લઈ જાઓ છો ને ? હું દૂધ પીઉં, હું શાક ફળ મિઠાઈ ખાઉં તો તે પહેલાં પ્રભુને પૂજવા દૂધ કેમ ન લઈ જાવું ? હું શાક, ફલ, મિઠાઈ કેમ ન લઈ જાઉં ? આ તો દહેરાના દૂધ કેસરે સસ્તી પખાળ ટીલી ઠીક રાખી છે ! જેને ન પહોંચતું હોય એની જુદી વાત. પહોંચે એને ઉપેક્ષા કેમ થાય ? અસ્તુ.

કુમારને ભોજન કરાવી નીચે બગીચામાં લઈ જવામાં આવ્યો. ત્યાં મનોહર વિવિધવૃક્ષો જોયા પછી માધવી મંડપમાં કુમાર બેસે છે. એટલે અવસર જોઈને સખી કુસુમાવલીને કહે છે, "જુઓ સ્વામિની ! મહાપ્રભાવી આત્મા સાથે પૂર્વના બાંધેલા સંબંધ તાજા થાય છે. તે ઉચિત સંભાષણ, પુષ્પ તંબોલદાન વગેરેથી પ્રગટ કરાય છે. તો કુમારના કુશલ પૂછાવવાપૂર્વક અવસરોચિત તંબોલ-પુષ્પ મોકલ; અને સાથે કંઈક આશ્ચર્યકારી કળા કહી મોકલો."

"શી કળા ?"

"આ કુમાર ચિત્રકળાના શોખીન છે; માટે એક સરસ ચિત્ર બનાવીને મોકલ !"

"એમ ? તો કોનું ચિત્ર બનાવું ?" કુમારી સુજ્ઞ છતાં લજ્જાળુ હોવાથી સખીનાં મોંઢે બોલાવવા પૂછે છે, કેવી સરસ મર્યાદાબદ્ધતા !

સખી કહે છે, "વાહ રે વાહ ! મને મૂર્ખી બનાવે છે ? તું તો જાણે કંઈ સમજતી જ નહિ હોય ! ઠીક, તું પૂછે છે, તો કહું છું, કે એવું ચિત્ર બનાવ કે જેમાં એક સરોવર છે; તેમાં એક હંસી છે; તેનો હંસ હજુ એને મલ્યો નથી તેથી એના દર્શનની ઉત્સુકતામાં બિચારી ઝૂરી રહી છે...!" રાજકુમારી કળા નિપુણ છે; પણ ઉછાછળી નથી. તેથી જરા હસીને રમત રૂપે ચિત્ર તુરત બનાવી દીધું. અર્થાત્ એમાં બહુ રસ ન દેખાડ્યો. શું અંદર રસ નથી ? અંદર તો છલોછલ ભર્યો છે, પરંતુ એવા એ પ્રેમના બાહ્ય દેખાવ બીજાની જાણમાં કરવામાં કુલીન જનોને સંકોચ થાય છે. એનું નામ ગંભીરતા છે. નહિતર તો ઉદ્ભટતા કહેવાય.



**ઉસ્તાદ સખી :-** કુમારીએ ચિત્ર દોરી નાખ્યું. સખી ઉસ્તાદ છે. એણે ચિત્રની ઉપર બે શ્લોક લખ્યા. એમાં કહેવાનો આશય એ છે, કે "જેને અભિનવ પ્રેમ જાગ્રત થઈ ગયો છે, તેથી જે પોતાના પ્રિયતમને મળવાનો ઉત્કંઠિત છે, પણ પ્રિય ન મળવાથી મુખકાન્તિ જેની મ્લાન બની છે તેને રચવા માટે કમળના કિસલય તૈયાર છતાં આ ઉત્કંઠામાં જે કમળ લેવામાં નિરુત્સાહ છે, દક્ષિણનો પવન કમળના જૂથને નચાવી રહ્યો છતાં એ તરફ જે રાજહંસી દૃષ્ટિ નાખતી નથી, એવી એ ઉત્તમ રાજહંસી પ્રિયતમના સંગમ માટે કેમ તપતી ન હોય ?" દુન્યવી બાબતમાં હૈયાના ભાવ ખોલવામાં જીવો ક્યાં હોશિયાર નથી ? રાજકુમારીનું મર્યાદાશીલ જીવન, પોતાની જવાબદારી સમજવાવાળું જીવન,-એ કહે છે કે કોઈ અનુચિત વર્તાવ ન થવો જોઈએ; તેથી ચિત્ર લઈને જાતે કુમાર પાસે નથી જતી. આનું નામ માનવતા છે, પશુને તો હૃદયના કામવાસનાના ખેલ બીજાના દેખતાં પ્રગટ કરવામાં આંચકો જ નહિ.

**સખી રાજકુમાર પાસે :-** સખી હવે બધું ભેટણું અને ચિત્ર લઈને ઊપડી રાજકુમાર પાસે. કુમારે પરિવાર પાસેથી એને રાજકુમારીની પ્રિયસખી તરીકે ઓળખી એનું આદરપૂર્વક સ્વાગત કર્યું. એટલે મદનલેખા પણ તરત કુમારના ચરણે પ્રણામ કરે છે. હવે જુઓ બોલવાનો વિવેક !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૨૧,તા.૨૯-૧-૧૯૫૫

**ચરિત્રો તો મોટી કોલેજ છે :-** બોલવાનો વિવેક ન હોય તો કાં કુમારને અપમાનકારી કે અપ્રીતિજનક કાંઈક બોલી નાખે, અગર પોતાની સખીનું હલકું દેખાય એવું કંઈક ભરડી મારે. પણ આ તો ચકોર અને વિવેકી છે. આપણા ચરિત્રગ્રન્થો ઠામઠામ આવા વિવેક બહુ શિખવે છે. ચરિત્રનું વાંચન, શ્રવણ અને અભ્યાસ કરતાં આવડવો જોઈએ. તો આજે જે મહાન ગૌરવભરી સંસ્કૃતિ ભૂંસાઈ રહી છે, આજે જે આત્મગુણો ખીલવવાનાં શિક્ષણ વીસરાઈ ગયાં છે; બીજી પણ કેટલીય વ્યવહારુ ઔચિત્યની જે બાબતો ઠેઠ બી.એ.(B.A.), એમ.એ.(M.A.),ના કલાસ સુધી ક્યાંય ભણાવવામાં નથી આવતી, એવી પવિત્ર સંસ્કૃતિની, આત્મગુણોની, વિવેકની તથા સ્થળે સ્થળના અને પ્રસંગે-પ્રસંગના ઉચિત વાણી-વર્તાવની અપૂર્વ વાતો ચરિત્ર ગ્રન્થોમાંથી સારા પ્રમાણમાં શિખવા મળે છે. પણ તમારે ક્યાં એનો ખપ છે ? નહિતર તો રોજ રાત્રે કુટુંબને ભેગું કરી ચરિત્ર ગ્રન્થો વાંચતા ન હોત ? હવે કહેજો કે આજના ધાંધલિયા યુગમાં ફુરસદ ક્યાં છે ? પણ

સાથે વિચારજો કે તો શું ધાંધલિયા યુગથી પિશાચી કર્મો સામે, પરલોક સામે, બચાવ મળશે ને ? ત્યારે શું ધાંધલથી અહીં પણ જીવન સારું સુખી અને પરસ્પરના સ્નેહ સદ્ભાવવાળું જીવો છો એમ ? સંસ્કૃતિ, આત્મગુણો વગેરે વિના સુખશાંતિ હોય નહિ. એ બધું શિખવાડનાર ચરિત્રગ્રંથો છે. ચરિત્રોમાં તો વ્યવહારની કળાઓ પણ આવે છે, જે જાણનારો માણસ ઠગાય નહિ, અને જશ લઈને આવે. બાકી તો તે કાળના સુંદર રિવાજનો પરિચય, સંવેગ-વૈરાગ્યની પ્રેરણાઓ વગેરે ઘણું ઘણું મળે છે. ચરિત્રો તો મોટી કોલેજ છે. માત્ર ચરિત્રોનો અભ્યાસ કરવો જોઈએ.

**મદનલેખાના વિવેકી બોલ :-** સખી મદનલેખા કુમારને વિવેકથી કહે છે, "મહારાજના ચિરંજીવી ! આપ ચિત્રના પ્રેમી છો તેથી ચિત્રની રાગિણી એવી રાજપુત્રી કુસુમાવલીએ મને ચિત્ર સાથે આપના કુશળ પૂછવા અર્થે મોકલી છે. તેમજ પોતાના જ હાથે પ્રેમપૂર્વક રોપેલ તાજી ઊગેલી પ્રિયંગુમંજરી, તથા નાગરવેલના તાજા પાનનું કિંમતી તંબોલ અને કંકોલીના નવાં ફળ,-આ બધું ઈષ્ટ-વિશિષ્ટને અપાય, સ્નેહીને અને ખાસ મોટા માણસોને ધરાય, અને આપ યોગ્ય છો એમ કહીને-મારી સ્વામિનીએ આપને આ મોકલ્યું છે. એમાં આ ચિત્રમાં બતાવેલી રાજહંસી બિચારી આપનું દર્શનસુખ પામો." એમ કહીને કુમારને બધું ભેટ કર્યું. કુમારે એ સહર્ષ સ્વીકારી, મંજરી કાને ચઢાવી, તંબોળ મોંમાં મૂક્યું. હૃદયને ઈષ્ટ વ્યક્તિના આ ભેટણાં છે તેથી એને ખૂબ જ આનંદ થાય છે; અને ચિત્રમાંની રાજહંસીને નિહાળે છે; તથા ગાથા વાંચે છે.

**કુમાર પર અસર : પ્રભુનો સંદેશ કેટલા હર્ષથી ઝીલીએ ? :-** પ્રિયાના હાથનું તંબોળ ચાવતાં કુમારનું મોં વિકસ્વર બન્યું છે. સાથે ગાથા વાંચી કામનો વિકાર પણ જાગ્યો છે તેથી હવે જે જવાબ આપે છે તેના શબ્દોમાં મોહનો આવેગ અને મધુરતા સ્ફુરાયમાન છે. **અંતરના સ્નેહીની સામાન્ય પણ ભેટ આકર્ષક બને છે.** જાણો છો ને પરદેશ ગયેલા દીકરાનો કાગળ માતા કેટલા હર્ષથી અને કેટલી વાર વાંચે છે ? **નવી પરણેલી પત્નીને પિયરમાં મળેલો પતિનો પ્રેમ-સંદેશ કેટલો રોમાંચક બને છે ? આપણે પણ જો આ વિકરાળ વિશ્વમાં વિશ્વોદ્ધારક પરમકૃપાળુ પરમાત્માને પરમ સ્નેહી માનતા હોઈએ, આપણા હૈયે એમને એવું સ્થાન આપ્યું હોય, તો શાસ્ત્રમાંના એમના સંદેશને કેવી ઉત્કટ આતુરતાથી, કેવા અપૂર્વ આકર્ષણથી, અને કેટલા મહાન હર્ષથી ઝીલીએ ?** ધ્યાન રાખજો, આ તો સહજ વસ્તુ છે. એમ બનવું જ જોઈએ; નહિતર અંતરના સ્નેહમાં જ ખામી સમજવી.

**ઉત્તરમાં કુમારની ગુણગ્રાહિતા :-** કુમાર કહે છે, "અહો ! ચિત્રની કેવી સુંદર કુશળતા ! પરંતુ આ ઉપર ગાથા કેમ લખી છે ? ખરેખર, ચિત્ર દેખતાં જ



અવસ્થાનો બરાબર ભાવ જણાઈ આવે છે. તો ગાથા તો પુનરુક્તિ કરી રહી છે."

"મહારાજ પુત્ર ! એ ગાથા રાજકુમારીએ નથી લખી. એ તો ચિત્રનો ભાવ જોઈને મેં લખી છે,"-સખી બોલી. કેમ વારૂ ? સ્વામિની ઉપર આવેલા દોષને ટાળવા. સેવકો એનું નામ કે સેવ્યને જરાય કલંક ન લાગવા દે. સેવ્યનું જરાય હલકું ન દેખાવા દે.

જ્યારે કુમાર કહે છે, "એમ ? પહેલું લખેલું જોઈને સ્નેહી સ્વજને અવસ્થાનું અનુકરણ કરવું ઉચિત છે." કુમારે સખીનો કેવો બચાવ કર્યો !

**હંસવૃત્તિ-કાકવૃત્તિ :-** કેટલાકમાં આ કળા નથી હોતી એટલે બચાવ કરે છે કે 'આપણે એવું સારું લગાડવાનું શીખ્યા નથી !' પરંતુ બિચારા સમજતા નથી, કે આ તો સજ્જનતાસૂચક મધુર અને ઉચિત વ્યવહાર છે, જે લોકપ્રિયતા ગુણ માટે જરૂરી છે. નહિતર જો સામામાં ખામી જ જોવાની હોય તો આપણા હૃદયમાં બીજાના માટે માન શું ? ખરી રીતે **ભૂલમાં પણ બીજાનો બચાવ કરવામાં તો બીજાની પ્રવૃત્તિમાં ગુણ ક્યાં છે, તે શોધી કાઢવાની હંસવૃત્તિ છે. જ્યારે દોષ જ જોવાની વૃત્તિ તો કાકવૃત્તિ ગણાય. એ તો કહો કે આપણા હૃદયની વિશાલતા ક્યારે ગણાય ? એમાં બીજાનું થોડું પણ સારું સમાય તો, કે ન સમાય તો, ? કોઈનું પણ સારું તત્ત્વ આપણા દિલમાં સ્થાન પામે તો હંસવૃત્તિ લેખાય, વિશાલતા ગણાય.** નહિતર તો આપણને પૂર્વના પુણ્યે જરા બુદ્ધિની ચાલાકી મળી હોય તેથી, કે એથીય આગળ વધીને હૈયામાં ઈર્ષ્યા-મત્સરની આગ સળગી રહી હોય તેથી, **જો બીજાના જીવનમાં કે કાર્યોમાં ખામીઓ શી છે તે જ શોધ્યા કરીએ, અને તેનાં જ દર્શન-ભાષણ કર્યા કરીએ, તો તો એ હૃદયની ક્ષુદ્રતા જ ગણાશે. કાકવૃત્તિ જ લેખાશે.** કુમારે મદનલેખાનો એ ગુણ શોધ્યો કે સ્વજન-સ્નેહી તરીકે સખીના ભાવનું અનુકરણ કરવું ઉચિત જ છે, તેથી સખીના ચિત્રના ભાવને મળતી જ ગાથા લખી એમાં પુનરુક્તિ દોષ નથી, પણ સ્નેહનું દૃઢીકરણ કર્યું છે.

**કેટલું કર્યું એની કિંમત નથી કેવું કર્યું એ મહત્ત્વનું છે : કુમારની ચતુર ભેટ :-** કુસુમાવલીએ તો ચિત્ર મોકલીને પોતાનો પ્રેમ અને ચતુરાઈ દેખાડી, પણ સિંહકુમારને ય પોતાનો અધિક પ્રેમ તથા કળા દેખાડવી છે; તેથી એણે ય પાન કાતરવાની એક કાતર માગી લીધી; અને એનાથી નાગરવેલના પાનમાં ઉત્તમ રાજહંસનું ચિત્ર કોતરી કાઢ્યું. રાજહંસ પણ કેવો ? કુસુમાવલીએ મોકલેલ ઝૂરતી રાજહંસીની કષ્ટમય દશાનું અનુકરણ કરતો, અર્થાત્ દુઃખથી ઝૂરી રહેલો ! કળામાં ક્યાં એ ઊતરે એવો છે ? અને કળાકારને અમુક જાતના રંગો અને ચિત્રના તેવા ઊંચા કાગળ પીંછી વગેરે હોય તો જ કળા દાખવી શકે એવું થોડું જ છે ?

**કળાબાજ તો રસ્તા પર પડેલા એક પાંદડામાં ય કળાની કારીગરી ઉતારી શકે છે.** માટે તો કહેવત છે ને કે **'ઠોઠ નિશાળિયાને વતરણાં ઘણાં.'** પૂર્વના કાળે પુસ્તક સામગ્રી ઓછી હતી ત્યારે જ્ઞાન ઘણું હતું; કેમકે થોડી સામગ્રીમાં અંતરાત્મામાં પિંજણ ઘણું થતું હતું. આજે સામગ્રી વધી ત્યારે જ્ઞાન ? શું પૂછવાનું હતું ? કહોને ઘટી ગયું. જ્ઞાન લાયબ્રેરીઓમાં પુસ્તકોમાં રહ્યું. જરૂર પડે ત્યારે રીફર (Refer) કરવાનું. પૂર્વે તો ગ્રન્થોના ગ્રન્થો મોંઢે ! કંઠસ્થ ! કળા કે જ્ઞાન એમ જ ખીલે છે. માટે જ કહેવાય છે કે 'It doesn't matter how much you do; it is worthwhile how you do it.' તમે કેટલું કર્યું એની કિંમત નથી. કિંમત તમે કેવું કર્યું, કેવી રીતે કર્યું એની છે. મહેમાનને દસ ચીજ જમાડો પણ અપમાનભરી રીતે કે ઢંગધડા વિના, તો એની કિંમત નહિ, ત્યારે પાંચ ચીજ ઢંગથી જમાડો તો ઘણી કિંમત ગણાશે, એવી રીતે ઘણું ખાધાની જે કિંમત નથી, તે કિંમત સારી રીતે ચાવીને અને વિવેકથી ખાધાની કિંમત છે, સામાયિક-નવકારવાળી ઘણાં આરાધો પરંતુ જો વેઠિયા વેઠની જેમ, અને ચિત્ત બહાર ભટકતું રાખીને, તો એની મામુલી કિંમત. ત્યારે થોડું પણ આદરથી, વિધિથી અને એમાં જ સ્થિર ચિત્ત પરોવીને કરો એની મોટી કિંમત છે, એવું જ જ્ઞાનમાં અને કળામાં છે. ઘણું વાંચી કાઢવા કરતાં થોડું પણ, ખૂબ સમજી-વિચારીને, વાંચવાની અને હૃદયસ્થ કરવાની મોટી કિંમત છે. એમાંથી જ્ઞાનાવરણનો જે ક્ષયોપશમ થાય છે, અસાધારણ જ્ઞાનની જે શક્તિ ખીલે છે, વિચારણા શક્તિની જે ખીલવણી થાય છે, એ એવા કિંમતી હોય છે કે એનાથી વસ્તુતત્ત્વનું જ્ઞાન સચોટ અને ઊંડું થાય છે, સ્થિર ટક્યું રહે છે, તેમજ નવા જ્ઞાનની શક્તિ એમાંથી ખીલી ઊઠે છે. એથી પછી તો ઈસારોજ બસ છે. આગળનું જ્ઞાન બહુ સરળતાથી વ્યાપકરૂપે અને સંગીન કોટિનું પ્રાપ્ત થાય છે. આનો એ અર્થ નથી કે ઘણું ન વાંચવું કે ઘણું ન ભણવું. અર્થ એટલો જ છે કે ભણેલું-વાંચેલું એમને એમ પડી ન જવા દેવું, પણ ગ્રહણ કરવા તરફ લક્ષ રાખવું. **માત્ર જાડી બુદ્ધિએ ન વાંચતાં સૂક્ષ્મ મતિથી તર્ક-યુક્તિ-હેતુ વગેરેના ઉપયોગ સાથે વાંચવું. ટૂંકમાં કહેવાનો સાર એ છે કે સારું કામ સંગીન રીતે અને સહૃદયતાથી કરવું.** એનો જ એ મહિમા સમજો કે માત્ર થાળી ખીરના દાનમાં આભીરપુત્ર મહાપુણ્યશાળી **શાલિભદ્ર** બની મહાત્યાગનું પરાક્રમ કરી શક્યો. માત્ર પાંચ કોડીના ફૂલની પૂજામાં અઢાર દેશના માલિક બનીને રાજા **કુમારપાળે** પરમ આર્હત્પણું ખીલવ્યું અને મહાન શાસન પ્રભાવના કરી. 'ઉપશમ-વિવેક-સંવર'ના માત્ર ત્રણ પદ સાંભળ્યા ઉપર ખૂની લૂંટારા **ચિલાતીપુત્રે** મહાબોધ મેળવી મહાત્મા સાધુપણું કેળવી ઘોર ઉપસર્ગ સહ્યો. કેવો ? આખુંય શરીર કીડાઓથી આરપાર વીંધાઈ જતાં



એની કારમી વેદનાઓ અઢી દિવસ સુધી ખૂબ જ સમભાવે સહવાનો !! વાત એક જ છે, સારું કરો પણ તે દિલ દઈને કરો, ઢંગસર કરો.

**આપઘાતમાં મૂર્ખાઈ :-** સિંહકુમારે રસ્તાના પાંદડા પર કળા તો કરી દેખાડી, પણ પાછો પ્રેમ દેખાડવા પાંદડા પર એક ગાથા લખી. એમાં ભાવ એ બતાવ્યો કે આ વિરહથી વિધુર રાજહંસ સમજે છે કે **"મરી જવાથી કાંઈ પ્રિયાની પ્રાપ્તિ નહિ થાય, તેથી જ મહામુશ્કેલીએ (પ્રિયા મિલનની આશામાં) પોતાના પ્રાણ ટકાવી રહ્યો છે."** અર્થાત્ રાજહંસી તો પ્રિયવિરહની દુઃખમાં માત્ર ઝૂરી રહી છે, ખાતી-પીતી નથી, પરંતુ દુઃખી રાજહંસ તો જીવી જ શકે એમ નથી, એ તો આપઘાત કરવા જ ઈચ્છે છે, તૈયાર પણ છે, કિન્તુ એક વાત જાણે છે કે એય મરવાનું શા માટે કરવું ? શું એથી પ્રિયા મળે ? ના, ઊલટું નિશ્ચિતપણે પ્રિયા ન મળે. તેથી જ જાણે મરવાના રૂપે જીવી રહ્યો છે. એમાં ડહાપણ છે ને ? આવેશમાં આપઘાત કરી નાખવો સહેલો છે, પરંતુ પછી શું ? એથી કાંઈ કાર્ય સિદ્ધ થાય ? એથી બગડેલું સુધરે ? કેટલાક કહે છે કે 'પણ પછી આપણે જોવું ય નહિ, ને રોવું ય નહિ.' પરંતુ આ એમની અજ્ઞાનદશા અને અવિવેક છે. કેમકે દુર્ધ્યાનમાં મર્યા પછી દુર્ગતિમાં જવાનું. અને ત્યાં દુઃખની ભયંકરતા કેવી ? રોવાનું શું, મહા રોવાનું કરાવે એવી ભયંકરતા ! બે નુકશાન, એક તો અહીંનું કાર્ય સિધ્યું નહિ અને પરલોકમાં મહાત્રાસ ! અહીં માનો કે કોઈ કાર્ય બગડી ગયું, જગતમાં કોઈ અપકીર્તિ થઈ, છતાં જો જીવતા હોઈશું તો કંઈક પણ સારું કરવાનો અવકાશ રહેશે, એથી પેલા બગડેલાની નુકશાની અને આબરૂ પાછી વાળવા સંભવ છે; અગર એથીય વધુ સારું કાર્ય થશે, પાછી વધુ યશ-કીર્તિ સંગ્રહીત થશે. ત્યારે મર્યામાં તો અપકીર્તિ હંમેશ માટે એમ જ ઊભી રહી. માનવજીવનના મહામૂલ્ય સમજવા જોઈએ. આત્મહત્યા વગેરે સાહસ કરવામાં મહામૂર્ખાઈ છે. **ખરી રીતે કાર્ય બગડવાથી અંતરમાં થતા અસહ્ય પશ્ચાત્તાપનો પ્રતિકાર એ છે કે હવે વધુ સારા થવા માટે, ને વધુ સારું કાર્ય કરવા માટે ખૂબ જ ઉત્સાહ અને જોમ વધારવા.** આમ આત્મહત્યા કરવાથી જેમ અહીંનું બધું ગુમાવવાનું થાય છે, એમ જીવીને સમસ્ત સંસારનો ત્યાગ કરવાનું બળ અને ઉદ્યમ કેળવવાનું શક્ય રહે છે.

**બડાઈ કે આશ્વાસન ? :-** કુમારે આ વિવેક દાખવી બતાવ્યો કે રાજહંસને આત્મઘાત પછી પ્રિયા ન મળે, માટે એ જીવતો રહેશે તો ક્યારેય પણ એ મળવાનો સંભવ છે, એ વિચારથી જીવી રહ્યો છે, બાકી એમ જીવવામાં પણ એના દિવસો પ્રિયાના વિરહ દુઃખની આગમાં મહામુશ્કેલીએ પસાર થઈ રહ્યો છે. કુમારે કેવો પ્રેમ દેખાડ્યો ! કુમારી પણ સમજી જાય કે મારા કરતાં તો એ વધારે ઝૂરે છે. એમ

સમજાવવામાં પણ, ધ્યાન રાખજો કે, પોતાની બડાઈ ગાવાનો કે વધુ ડહાપણ દેખાડવાનો ઉદ્દેશ નહિ, કિન્તુ સામાને આશ્વાસન આપવાનો ઉદ્દેશ જણાય છે. **સુજ્ઞ અને સહૃદય આત્માઓ જ્યાં ત્યાં અને જ્યારે ત્યારે શાબાશીના ભૂખ્યા નથી હોતા; સામાને સુખી કરવાના ઈચ્છુ હોય છે.** કેમકે એ શાબાશીને તુચ્છ ગણે છે. શાબાશીમાં કોઈ મોટી સિદ્ધિ નથી માનતા. પરોપકારમાં મહા સિદ્ધિ માને છે. એટલે જ સુજ્ઞ પુરુષો જે કાંઈ સારું કાર્ય કરે છે તેનો બીજાઓ સારામાં સારો લાભ કેમ ઉઠાવે એ જોનારા હોય છે. માટે જ પૂર્વે જમણ કરનારાઓ ભજિયા-કજિયા અને આડંબરી પકવાન્ન જમાડવા કરતાં નક્કર ઘી-દૂધનો માલ જમાડવાનું પસંદ કરતા. શાબાશી વધુ ક્યાં મળે ? કહો ને તીખા ટેસ-મસાલામાં. પણ એવી ખોટી શાબાશીના એ ભૂખ્યા નહિ. એ તો વિચારતા કે આપણા પૈસાના પૈસા જાય અને લોક બિચારું કંઈક શક્તિ પામવાને બદલે માંદુ પડે એવું શા માટે કરવું ?

**શાબાશી લેવાની ભૂખ બહુ ભૂંડી છે. :-** સારામાં સારા કાર્યને કે ઊંચામાં ઊંચી સાધન સામગ્રીને એ બગાડીને વેડફાઈ નખાવે છે; અને સાથે જરૂર પડ્યે દંભ પણ ખેલાવે છે. વિચાર તો એ કરવો જોઈએ કે આ શાબાશી તો જાપાનિસ રમકડા જેવી અતિ તકલેદી છે, અને પાછી તુચ્છ છે. એ મેળવીને શો દિ' વળ્યો ? શાબાશીની ભૂખ ઓછી થાય અને પરોપકારની ભૂખ વધે તો જ (૧) અહીં મળેલી નાની કે મોટી **સામગ્રીનો સુંદર સદુપયોગ** દ્વારા સફલતા કરવાનું બની આવે. (૨) શાબાશી તરફ બેકાળજી રહે તો **આત્માના ગુણો મેળવવા**-ખીલવવા તરફ કાળજી જાગે અને એ માટે જ ઉદ્યમ થાય. (૩) દુનિયાની શાબાશીની કોડીની કિંમત મનમાં વસે તો જ એવી શાબાશી પાછળ કરાતા **કાળાં કામોથી બચાય** કે એની પૂંઠે ખર્ચાતી **અઢળક લક્ષ્મી, અઢળક શરીરશક્તિ,** અઢળક પુણ્યાઈ અને અમૂલ્ય **સમય વેડફાઈ જતા અટકાવાય.** એની પાછળ હૃદયમાં **મલિન વૃત્તિઓ ભરવાનું અટકાવાય.**

**કુમારની કદરદાની :-** કુમારનો ઉદ્દેશ કુમારી આગળ શાબાશી લેવાનો નહિ, પણ એના સંતપ્ત હૃદયને આશ્વાસન આપવાનો છે. કોમળ હૃદયના આત્માને સામાના દુઃખ જોઈને હૈયે મથામણ થાય છે, એટલું જ નહિ પણ એ દુઃખને દૂર કરવા શક્ય પુરુષાર્થ પણ એ સહેજે કરે છે, નહિતર પોતાનો માલ પોતાની પાસે, અને સામા ઉપર એકલી હમદર્દી ચિંતવવી, એનો શો બહુ અર્થ છે ? એમાં કાંઈ હૈયે કુણાશ નથી આવતી. કુમાર કોમળ છે તેમ કદરદાન પણ છે. કુમારીનો કિંમતી સંદેશો લાવનારી સખીને પોતે પોતાના ગળામાંથી મોંઘી મોતીની માળા કાઢીને ભેટ આપી.



**વહાલી કરેલી લક્ષ્મી પરભવેય ક્યાંથી જપવા દે ? :-** મુખ્ય વસ્તુની મોટી કિંમત સમજાયા પછી, હૃદયમાં કૃતજ્ઞતા હોય તો આ સહેજે બને છે. ઘણી ઝંખનાઓ પછી જન્મેલા પુત્રની જન્મ વધામણી લાવનારને મોટું ઈનામ આપવાનું બને છે ને ? પૂર્વે મંત્રી વસ્તુપાલ જેવા મહાશ્રાવકો ગુરુઆગમન, મંદિર નિર્માણ, વગેરે વધામણી ઉપર મોટ-મોટાં ઈનામ આપતા. અરે ! દેવ કે ગુરુના કોઈ માત્ર ગુણ ગાતો આવે એનેય લક્ષ્મીથી નવરાવી દેતા. તીર્થંકર દેવના આગમનની વધામણી સાંભળી રાજા-મહારાજાઓ લાખો કરોડોના ઈનામ આપતા. શું રહસ્ય છે આ બધા પાછળ ? એજ કે **મુખ્ય વસ્તુ કે દેવ-ગુરુની પોતાને મન ઘણી મોટી કિંમત છે. એટલી મોટી કિંમત કે એમની આગળ લક્ષ્મી કિંમત વિનાની લાગે છે. ત્યારે આત્મા ઊંચોય તો જ આવી શકે ને ? પૈસાને કિંમતી ગણ્યા કરે, લક્ષ્મીને વધુ વહાલી કર્યા કરે, એને અહીં તો શું, પણ પરભવેય લક્ષ્મી કેમ જપવા દે ? અર્થાત્ ક્યાંથી દેવ-ગુરુ-ધર્મમાં ઠરવા દે ?**

**ત્રિપુટી માટે ત્રિપુટી કાઢો :- જિનમાં ઠરવું હોય તો સંપત્તિ પરિવારરૂપ જગતને કિંમતી ન ગણો; ગુરુમાં ઠરવું હોય તો પોતાના ગૌરવને તુચ્છ ગણો. ધર્મમાં સ્થિર થવું હોય તો દુન્યવી ધાંધલને કિંમત વિનાની ને અસાર સમજો.**

**કુમારનો સંદેશ :-** કુમારે પોતાની માળા અને રાજહંસનું પત્તું આપતાં જરા મોં મલકાવીને કહ્યું કે તમે કુસુમાવલીને આ પ્રમાણે કહેજો કે 'અમને ચિત્ર ઉપર દૃઢ પ્રેમ છે; અને તમે તે સમજી ગયા છો. તેમ અમને પણ તમારી ચિત્રકુશળતા પસંદ પડી છે. તો વળી ફરીથી આજ પ્રમાણે ચિત્રપ્રેમીજનને પોતાની ચિત્રચતુરાઈની વિશેષતાથી આનંદિત કરશો.' કેવી કદર ! કેવો વિવેક ! કુમારીના ચિત્રની કદર કરી; ને ફરી ચિત્ર મોકલવાનો વિવેક દાખવ્યો. પાછી કહેવા કહેવાનીય ખૂબી છે. 'ચિત્ર મોકલતા રહેજો' એમ કહેવું એ કંઈક ઓર્ડર જેવું છે, હુકમરૂપ છે, એમાં અભિમાન દેખાય છે. ત્યારે ચિત્રથી આનંદિત કરતા રહેશો એમ કહેવામાં વિનય-નમ્રતા અને વિવેક જણાય છે. વળી એ પણ વિવેક બતાવ્યો કે ગાથામાં હંસની અવસ્થા બતાવી, પણ શબ્દથી પોતાનો રાગ કે ઝૂરવાની દશા ન કહી. 'અમને તમારા પર ઘણો રાગ છે. તમારા વિના અમેય ઝૂરીએ છીએ' ઈત્યાદિ ટાયલાં કુમારે ન દેખાડ્યા. વિવેક એનું નામ છે કે અંતરના ભાવ યોગ્ય રીતમાં યોગ્ય શબ્દોમાં ગૂંથી લેવાય, પણ સ્પષ્ટ નાનકડા શબ્દોમાં કહેવાય નહિ. ત્યારે વળી કુમારે ચિત્ર મોકલવાનું કહ્યું પણ દર્શન દેજો એમ ન કહેવરાવ્યું ! આવી બધી મર્યાદાઓ, વિનય અને વિવેક આજે કોણ ભણાવશે ? એવા વિવેકમાં ડહાપણ પણ છે. કેમકે નથી ને સામી વ્યક્તિ પોકળ નીકળી અને અહીંથી પ્રેમ તોડી બીજે કર્યો,

અગર તો સંદેશો લઈ જનારે બીજાની આગળ વાત મૂકી, તો પણ વિવેકી સંદેશ મોકલનારને બનવાનું થતું નથી; હલકા પડવાનું થતું નથી.

**આદેશને શબ્દથીય સ્વીકારવો જોઈએ :-** હવે ગ્રન્થકાર મહર્ષિ આગળ ફરમાવે છે કે રાજકુમારને સખી ચિત્ર લઈને વિનયથી કહે છે કે 'જેવી મહારાજના ચિરંજીવીની આજ્ઞા.' એમ કહીને કુમારને પ્રણામ કરી ત્યાંથી એ કુમારી પાસે જાય છે. અહીં એ જુઓ કે વિનય-મર્યાદા કેવી ! **સામાના આદેશને આપણે મનમાં ગમે તેટલો ઝીલ્યો હોય, છતાં એ મર્યાદાની રૂએ શબ્દથી કહી બતાવવું જોઈએ કે 'જેવી આપની આજ્ઞા !'** સાધુનેય ગુરુનો આદેશ 'તહત્તિ' કહીને સ્વીકારવાનો હોય છે. નહિતર ભલે કદાચ પોતે આદેશ મુજબ કાર્ય કરી આવવાનો હોય, પણ તહત્તિ ન કહે તો નમ્ર નહિ ગણાય. સામાને શી ખબર પડે કે આ કાર્ય કરી આવશે ! એ તો એમને કહી બતાવ્યું હોય કે 'ભલે જેવી આપની આજ્ઞા.' તો જ એ નિશ્ચિત રહી શકે.

**ઘરમાં દેવતા નીચે ઊતરે :-** જે ઘરોમાં બચ્ચાને નાનપણથી આવી ઝીણી-ઝીણી બાબતો પણ ખૂબ ધ્યાનપૂર્વક શિખવવામાં આવે છે; એ ઘરના વ્યવહાર જુઓ તો જાણે દેવતા નીચે ઊતર્યા જેવું લાગે. દેવતા નીચે ઊતર્યા એટલે ? એ કુટુંબીઓ ઉમદા દેવ જેવા હોય. નાના બચ્ચાય દેવ ! બચ્ચાને શું ? એને તો જેમ શિખવો તેમ શીખે, જેમ વાળો તેમ વળે. માત્ર આપણે પોતે પણ અમલની કાળજી રાખવી ઘટે. પછી પોતાની પ્રત્યે નાનાની વિનંતિ હોય તો એનેય શબ્દથી કહેવાય કે 'ભલે જેવી તારી ઇચ્છા' ! અગર 'ભલે, જોઈશું' **અન્યોન્ય પ્રત્યે આ અને બીજા મહાવિવેક અને સૌજન્યભર્યા વ્યવહારોના બચપણથી શિક્ષણ આપ્યા હોય તો તો આગળ ઉપર દેવ-ગુરુ-ધર્મ તરફ સુંદર રીતે ઢળવાનું ય સુલભ કરી આપે છે.** તેથી એ કુટુંબોમાં કલેશ નહિ કંકાશ નહિ, અશાંતિ નહિ ! એવા એવા સારા વ્યવહારોમાં તો કેટલીય બાબતો આવે છે ! દા.ત. જરાક પણ કષ્ટમાં બીજાને આશ્વાસન આપવાનો વ્યવહાર; તે પણ શબ્દથી અને અમલથી. એવી રીતે બીજાના ગુણની પ્રશંસા કરવાનો વ્યવહાર. એના દોષ ખમી ખાવાનો અને ઢાંકવાનો વ્યવહાર. કદીય એની નિંદા ચાડી-ચુગલી વગેરે નહિ કરવાનો વ્યવહાર. નાનો છોકરો મોટા છોકરાની નિંદા કરતો આવે, તો ઝટ મા એને દબાવે કે 'નિંદા કરે છે ? ના કરાય. એથી મોં ગંધાય, પાપ લાગે !'

**ભલભલાને વશ કરવાનો મંત્ર :-** કુમારીની સખી 'જેવી આપની આજ્ઞા' નો શિષ્ટ વ્યવહાર કરવા સાથે કુમારને પ્રણામ કરીને નીકળી. આ પ્રણામ એ પણ એક ઉત્તમ વ્યવહાર છે. નાનો બહાર જાય ત્યારે વડિલને નમીને જો જાય તો એ



વડીલની અદબથી ઉન્નતિ કરવાનું કરી શકે છે. ઘરની આબરૂ વધે છે. વડિલના દિલમાંય પ્રેમ વધે છે. ત્યારે પૂછોને કે વડીલ શું માનના ભૂખ્યા છે ? એનો ઉત્તર એ છે કે ના, એમાં માનાકાંક્ષાનો સવાલ નથી પણ વડીલને હર્ષ એ થાય છે કે 'અહો ! આ નાની પ્રજા વિનય-મર્યાદાનું જો ઠીક પાલન કરે છે, તો આગળ સારી વધી શકશે; એથી એ ભવિષ્યમાં સારી સુખી થશે.' કેમકે **વિનય તો જીવતું જાગતું વશીકરણ છે. વિનય એ ભલભલાને વશ કરવાનો કળિકાળનો એક જાગતો મંત્ર છે.** મોટા થયેથી બધે વિનયથી વર્તે તો માણસ આવકાર પામે, સહાય પામે, યશ પામે છે. ઉદ્ધત તો બિચારો જ્યાં ત્યાં ફિટકાર પામવાનો. કદાચ શબ્દથી નહિ તો દિલથી 'હટ હટ' થવાનો. વડિલ પ્રત્યેના વિનયમાં ઉંમરનો કે હોદ્દાનો સવાલ નથી. બાપ બે ચોપડી જ ભણ્યા હોય, અને દીકરો બેરિસ્ટર થયો હોય તો પણ એણે બાપનો વિનય ઠેઠ સુધી જાળવવાનો, તોજ પોતાના છોકરા પણ પોતાનો વિનય શીખશે અને પાળશે, તેમ પોતાને બાપનો પણ પ્રેમ અને આશીર્વાદ મળશે. જાણો છો ને પેલા વકિલની દુર્દશા ?

**વકિલનું દૃષ્ટાન્ત :-** એક બાપે જાતે કષ્ટ વેઠી-વેઠીને પુત્રને ઠેઠ વકિલાત સુધી ભણાવ્યો. પણ શિક્ષણ આજનું ને ? તે એમાં વિનય શાનો શીખવા મળે ? દીકરો વકીલ તો થયો; પણ સાથે અભિમાની થયો. વિચારે છે કે મારા બાપ બિચારા ત્રણ ચોપડી ભણેલા અને હું એટલે એલ એલ.બી. ? શું ? એ એલ એલ.બી. કે છોલેલ બી ? બીને છોલી નાખો એટલે થઈ રહ્યું; સારો પાક કરવાની લાયકાત ગઈ એમાંથી ! ડાંગરનો પાક ચોખા વાવવાથી થાય કે વગર છોલેલી ડાંગર વાવવાથી ? એમ **ગર્વિષ્ઠ અને સ્વાર્થાંધ બનેલા ભણેલા પણ માણસો સારું સર્જન કરવા માટે નાલાયક બને છે.** નહિતર વિદ્યા તો આશીર્વાદ છે, પરંતુ આવાને પનારે પડેલી વિદ્યા શ્રાપરૂપ બને છે. છોકરો ગમે તે માને પણ બાપ ડાહ્યો માણસ છે, તે પ્રેમથી એની ઓફિસનું કેટલુંક કામકાજ પોતે સંભાળી લઈને એને રાહત આપે છે, તેમ ગુમાસ્તાના ખર્ચમાં બચાવ કરાવે છે. દીકરો ત્યારે, અભિમાનીની જેમ સ્વાર્થસાધુ છે, એટલે એને શું ? એણે ક્યાં કહેવું છે કે 'બાપુજી ! આપ તકલીફ ન લો, આપ હવે વિશ્રાન્તિ ભોગવો. બધું થઈ રહશે ?' એક વાર બન્યું એવું કે બાપ ઓફિસમાં છે ત્યાં આ વકિલને કોઈ યુરોપિયન મળવા આવ્યો. એને બિચારાને શી ખબર, કે આ બુઢ્ઢો આનો બાપ છે ? તે એણે તો વાત પર વાત નીકળતાં મિત્રભાવે પૂછ્યું કે.

"Why have you engaged such a wavering old man as a servant ?" અર્થાત્ 'શા માટે તમે આવા ધ્રુજતા બુઢ્ઢાને નોકર તરીકે રાખ્યો છે ?

શું બીજા જુવાન ચપળ નોકર નથી મળતા ?'

આપણો વકિલ એમ સમજે છે કે બાપ ક્યાં એવું ખાસ અંગ્રેજી જાણે છે; અથવા બાપ એના કામમાં છે તે ક્યાં આ સાંભળે છે ? તેથી જવાબમાં કહે છે,

"He is well Serving !" અર્થાત્ એ નોકરી સારી બજાવે છે, તેથી રાખ્યો છે.

જોયું ? આ તે દિકરો કે દિ' ફરેલો ? બાપ તો સાંભળીને સજ્જડ થઈ ગયો. 'જીવનભર કષ્ટ વેઠીને દિકરાને આગળ વધાર્યો, એનો આ બદલો ?' એમ વિચારતાં એને એવો તો ગુસ્સો ચઢ્યો કે દિકરા તરફ એ ગાજી ઉઠ્યો.

'You my wife's insect ! don't you feel ashmed to call your father a servant ?' અર્થાત્ 'અરે મારી પત્નીના કીડા ! બાપને નોકર કહેતાં તને શરમ નથી આવતી ?'

વકિલને તો ભોંય ભારે થઈ પડી. મોં એવું કાળું પડી ગયું કે પેલા યુરોપિયન ની સામે કે બાપની સામે શું ઊંચું રાખી શકે ? આ મારા પિતા છે એમ યુરોપિયનને ન કહેવામાં એણે જશ લેવાનું માન્યું તો ભારે દુર્દશા થઈ. આજના ભારતવાસીઓના મનમાં આ એક ભયંકર ભૂત પેઠું છે કે યુરોપિયનો, અમેરિકનો વગેરે, એ બધા મોટા માણસો ! એમની રીતભાત, કેળવણી, સંસ્કૃતિ-બધું ઊંચું અને અનુકરણીય ! એમ માનીને પછી એ બધાને કેળવનારી મૂળ મહાસંસ્કૃતિ જે આર્ય સંસ્કૃતિ એને હલકી ગણવા મંડ્યા ! પશ્ચિમનું બધું સારું સમજવા લાગ્યા. પશ્ચિમના માણસોની આગળ જશ લેવાની ભૂખ લાગી. 'અરે ! ભલા માણસ એ તો જો કે એના જશમાં દિ' શો વળ્યો ? શું એ હજારો લાખોની સંખ્યામાં તમારો ધર્મ, તમારી સંસ્કૃતિ માનતા થયા ? તમારા આચાર પાળતા થયા ? કે ઊલટું આ બહાને ખ્રિસ્તી ધર્મને વધુ વેગવંત બનાવનાર થયા ? પરદેશી બ્રિટિશ અમલ કરતાં આજે ઘરના રાજ્યમાં ખ્રિસ્તીઓના મિશનો લગભગ બમણા થઈ ગયા. ખ્રિસ્તીઓની સંખ્યા પણ વધી ગઈ. આ વેગ કેટલો આવ્યો ? કહો એક કારણ આ, કે પશ્ચિમનું બધું આપણા કરતાં સારું અને ઊંચું છે એવો ભ્રાન્તિભર્યો ખ્યાલ જગતના મગજ પર પોષાયો. પરંતુ એમાં ભારત અધઃપતનના માર્ગે જઈ રહ્યું છે. ડાહ્યા માણસે એવા મોહ છોડી દેવા જોઈએ. વકિલે યુરોપિયનને સારું લગાડવા એના જવાબમાં બાપને નોકર તરીકે કબૂલ રાખ્યો તો બિચારાની દુર્દશા થઈ.'





**કુસુમાવલીનું વશીકરણ :-** વકિલે જો વિનય સાચવ્યો હોત તો યુરોપિયનને કહી શક્ત કે "આ તો મારા પિતાજી છે. એ એટલા બધા ભલા છે કે હજી પણ મારી ખૂબ ચિંતા રાખે છે." વગેરે કહીને યુરોપિયનને પિતા તરફ બહુમાનવાળો કરી શક્ત. પણ આધુનિક શિક્ષણમાં આ વિનય લાવે ક્યાંથી ? મદનલેખા સખીએ નીકળતી વખતે પણ વિનયથી કુમારને પ્રણામ કર્યા; અને નીકળીને પહોંચી રાજપુત્રી કુસુમાવલી પાસે. પહેલાં તો એને બધી હકીકત કહી, અને પછી રાજહંસની કળાવાળું પાન આપીને કુમારનો સંદેશો કહ્યો. રાજકુમારીને હવે આનંદનું પૂછવું જ શું ? કુસુમાવલીએ સંદેશો સાંભળ્યો; પાનમાં કોરી કાઢેલ ઝૂરતો રાજહંસ જોયો; અને ઉપર વળી ગાથા વાંચી. એથી એણે કોઈ અવર્ણનીય આનંદ અનુભવ્યો. પ્રિયતમની આ ભેટ, આ સંદેશો, અને આ દિલ, એ ત્રણેએ એના હૃદય સાગરને વલોવી નાખ્યો. શું બહુ માલ હતો એમાં ? પણ કહો કે જેને જેના પર રાગ, એને એની વસ્તુ ડોલાવી નાખે. પરમાત્મા પર અનન્ય રાગ ભક્તને પરમાત્માની મૂર્તિ જોતાં ડોલાવી નાંખે છે. રાજકન્યાને એમ થયું કે "અહો ! હું તો સમજતી હતી કે હું જ એકલી પ્રેમમાં ઝૂરી રહી છું. પણ આ તો એ વધારે ઝૂરી રહ્યાનું સૂચવે છે. પાછા એ કેવા ઉત્તમ કળાકાર ! કેવા કદરદાન ! **ખરેખર ! મહાન પુરુષોના દિલ મહાન હોય છે.** આ મારા મહદ્ ભાગ્યની નિશાની છે." કુમારીનું હૃદય કુમાર તરફ ખૂબજ આકર્ષાઈ ગયું. હવે તો જબરું વશીકરણ થઈ ગયું; તેથી રાજકુમારની પાસે રોજ વિદ્યાધરી, ચક્રવાકી, ભમરી વગેરેના ચિત્રો દોરી-દોરીને મોકલે છે; અને કુમાર પણ સામા ચિત્ર મોકલે છે. એમ કરીને પ્રેમની વૃદ્ધિ કરી રહ્યા છે.

**મર્યાદાના ઉલ્લંઘન : સહશિક્ષણ : સહવિહરણ :-** અહીં પણ બંનેની મર્યાદાબદ્ધતા ખાસ ધ્યાનમાં રાખવાની છે. પરસ્પરને ચિત્રો મોકલે છે, પણ કદી મળવાનું નથી કર્યું. આજના સહશિક્ષણ અને સહવિહરણમાં ક્યાં છે આ મર્યાદાબદ્ધતા ? તો શું આજની વિપરીત પદ્ધતિના નુકસાન અજાણ્યા છે ? જૈનની છોકરી ખ્રિસ્તીને પરણી ગઈ ને ? વ્યભિચારના પાપ વધી ગયા ને ? કહે છે ને કે કેટલાય કોલિજીયન યુવક-યુવતીઓ સંતતિ નિયમનના સાધનો વાપરે છે ? શા માટે ભાઈ ? શું સંતતિનું પ્રમાણ ન વધારવા કે વ્યભિચાર છૂપાવવા ? સેવાનો આશ્રમ કેમ સંકેલી લેવો પડ્યો ? કેટલીક છોકરીના લગ્નો માબાપને કેમ એકદમ ઉતાવળથી લેવા પડે છે ? જાતીયવૃત્તિ કેમ નાનપણથી જાગવા માંડી ?... આ

બધાના શા ઉત્તર આપશો ? શું આ બધું તમને પસંદ છે ? આમાં ઉન્નતિ માનો છો ? આ દિવ્યતા છે કે પશુતા ? જરા થોભો, વિચારો, આંધળિયા ન કરો. જગત ગાંડું થયું છે, તમે તો આર્ય છો, જૈન છો તો એની પૂંઠે ઘેલા ન થાઓ, કલ્યાણકારી મર્યાદાઓના પુનઃરુદ્ધાર કરો. એમાં જ આત્માનાં તેજ વધશે, મર્યાદાભંગમાં તો આત્માનાં નૂર હણાઈ જાય છે. નાની પ્રજાને ભલે ન ગમે, પણ આર્ય વડીલોની ફરજ છે કે એમણે એને ઠેઠ બાલપણથી મર્યાદબદ્ધ અને શિસ્તબદ્ધ રાખવી. તો જ ભારતનું ભાવી ઊજળું બનશે.

**સગપણ : લગ્નના આદર્શા શા ? :-** કુમાર-કુમારિકા પરસ્પરને ચિત્રો મોકલે છે પણ મળવા કરવાનું નથી કરતા. એ એમની મર્યાદબદ્ધતા છે. કેટલાક દિવસ વિત્યા પછી રાજા પુરુષદત્તની મોંઘી માગણીને અનુરૂપ રીતે લક્ષ્મીકાન્ત રાજાએ પોતાની કન્યા કુસુમાવલી સિંહકુમારને વેરે આપી. એના સમાચાર પ્રિયંકરા દાસીએ કુસુમાવલીને આપતાં એના અવયવોમાં પ્રસરેલી આનંદની ઝણઝણાટીથી અત્યંત રોમાંચ વિકસ્વર થઈ ગયા, અને હૃદયમાં નરરત્નનો જીવનસંબંધ મળવા પર મહાન આનંદ છવાઈ ગયો. આવા સગાઈના સંબંધમાં પણ એ સમજવાનું છે કે ઉત્તમ આત્માઓ કામસુખને મુખ્ય ઉદ્દેશ ન બનાવતાં, એ મનોરથ સેવે છે કે "ચાલો, ઉત્તમની સાથે સંબંધ બંધાતા આપણે સદ્ગુણ અને સુકૃત પામીશું. સાથે સુયોગ્ય આત્માની સેવા કરવાનું, એમની આજ્ઞાબદ્ધ રહેવાનું અને એમની સાથે માનવ જીવનના મહાન કાર્યો બજાવવાના દુર્લભ અને કિંમતી લાભ પામી શકીશું." આવા મુખ્ય ઉદ્દેશના હિસાબે સગાઈ-સંબંધનો આનંદ હોય છે. તેથી એ જીવનમાં એ પ્રમાણે અમલ કરી શકે છે. નહિતર તો રંગરાગ અને ભોગના મુખ્ય ઉદ્દેશના હિસાબે તો કેવળ એમાં જ મસ્ત થઈ જાય. **સગપણ-લગ્નના આદર્શના પ્રભાવે જ પશુસંબંધ કરતાં માનવસંબંધ વિશેષતાવાળા બને છે.**

**લગ્ન :-** અહીં બંનેના સગપણ થયા પછી તો બંને રાજાએ મોટાં વધામણાં ઊજવ્યાં; એમ, અર્થીજનોને સારું દાન, વાંજિત્રોના નાદ અને લોકના મનને અતિશય આનંદ પ્રવર્ત્યો. લગ્નનું મુહૂર્ત લેવામાં આવ્યું; અને દિવસ નજીક આવતાં એના માટે ઉત્સવ મંડાયા. એમાં પણ અર્થીજનોને ખૂબ દાન આપવામાં આવ્યું. **સુખી માણસોના આનંદ-ઉત્સવ દુઃખીને પણ આનંદ ઉપજાવનારા બને છે.** એજ સુખીના સાચા પુણ્યની વિશેષતા છે. બલિહારી છે. નહિતર પોતે અને પોતાના સ્નેહી-સ્વજનોએ મજા ઉડાવી એમાં શી મોટી બહાદુરી કરી ?

**ઉદારતા કેળવવા શું કરવું ? :- ખરી રીતે, (૧) માણસે, પોતાની જો દુઃખમય સ્થિતિ હોય તો પોતે કેવી દુર્દશામાં હોય અને સુખીઓના સુખની લૂંટ**



**વખતે કેવી આશા ધરતો હોય, એનો વિચાર કરવો જોઈએ.**

**(૨) વળી, દુઃખીના હૃદય ઠાર્યાથી એ જે હૈયાના આશીર્વાદ વરસાવે છે, દુવા દે છે, એની ભારે સારી અસર પડે છે એ બાબતની પાકી શ્રદ્ધા જોઈએ.**

**(૩) તેમજ દુન્યવી કાયદાથી ભલે પોતાના ધનમાલ ઉપર ગરીબ માણસોના હક-અધિકાર ન હોય. પરંતુ આધ્યાત્મિકતાની રૂએ ગરીબોનો પણ ખાસ હક છે એવી સચોટ માન્યતા જોઈએ.**

**(૪) 'ધન દીધાથી વધે છે, ખાધાથી નહિ,' એ વસ્તુ પણ આંખ સામે તરવરતી રહેવી જોઈએ.**

**(૫) લક્ષ્મીના ત્રણ પરિણામ :- દાન, ભોગ અને નાશ,-એમાં શ્રેષ્ઠ દાન છે, ભોગ નહિ, એ બરાબર સમજી રાખી મોક્ષાર્થી જીવ શ્રેષ્ઠ માર્ગ કદી ન ચૂકે, એ ધ્યાનમાં રહેવું જોઈએ.**

**(૬) દુનિયામાં કે ઈતિહાસમાં પણ નામના ભોગીની નહિ પણ દાનીની થાય છે, ત્યાગીની થાય છે એ જરાય ભૂલવા જેવું નથી.**

**(૭) ભોગમાં પુદ્ગલ પુષ્ટ થાય છે, દાનમાં આત્મા. આ વિવેકનો દીવો પણ સદા હૈયામાં પ્રકાશ પાથરતો રહેવો જોઈએ.**

આવા-આવા મુદ્દાઓ વિચારીએ તો દાન કરવું કાંઈ કઠિન નથી. એટલું જ નહિ પણ વાત-વાતમાં દાન પહેલું, એવું વ્યસન લાગી જાય છે. ઉદારતા કેળવવા માટે એ મુદ્દા ખૂબ જ મન પર લેવાના છે. લેનારામાં કદાચ તેવી લાયકાત ન પણ હોય, કિન્તુ

**(૮) સાફ દિલે દેનારાનું હૃદય તો ગુણના માર્ગે દોડી રહ્યું છે, શુભ ભાવનાના ઉદ્યાનમાં રમી રહ્યું છે, જ્ઞાનીઓની કલ્યાણ આજ્ઞાનું પાલન બજાવી રહ્યું છે, વિનશ્વર લક્ષ્મીમાંથી અવિનાશીની સાધના કરી રહ્યું છે-વગેરે વગેરે ન ભૂલશો.**

કુસુમાવલીને એક નરરત્નની પ્રાપ્તિ થઈ. તેથી તે ખૂબ આનંદિત છે. લગ્ન નક્કી થયા; અને બંને પક્ષ તરફથી લગ્નોત્સવ પણ મંડાયા. કુસુમાવલીને જે અલંકારાદિથી શણગારવામાં આવી, તેનાથી તો તેનું સૌન્દર્ય ખૂબ જ વધી ગયું ! જાણે સ્વર્ગમાંથી અપ્સરા ઊતરી આવી ! ગ્રન્થકારે એનું વિસ્તૃત વર્ણન કર્યું છે. લોકો સિંહકુમારને ધન્યવાદ આપતા હતા, કે "જુઓ ભાઈ, સિંહકુમાર કેવો ભાગ્યશાળી કે એવી અપ્સરા જેવી રાજકુમારી સાથે એનાં લગ્ન થાય છે !" સિંહકુમારે પણ સારા અલંકાર વગેરે સજેલા છે એટલે એની પણ પ્રશંસા થાય છે કે "આવા કુમારને પતિ તરીકે મેળવવામાં કન્યા કેવી પુણ્યવંતી !" લગ્નવિધિમાં ચાર ફેરામાં કન્યાના બાપે સોનું, ઝવેરાત વગેરેની ભારે પહેરામણી કરી.

**પ્ર.-** અહીં પ્રશ્ન થશે કે આવા વૈરાગ્યભર્યા ચરિત્રમાં કુસુમાવલીના અંગપ્રત્યંગના શણગારનું વર્ણન કેમ ?

**ઉ.-** આનો ઉત્તર એ છે કે જીવો એને બહુ કિંમતી ગણે છે તેથી એના દ્વારા ધર્મનો મહિમા ગાવો છે. સિંહકુમાર રાજા ગુણસેન તરીકે પૂર્વભવમાં, માત્ર એક જન્મમાં, તે પણ જીવનનો જ્યાં લાખો વર્ષોનો કાળ રાજ્યપાટના વૈભવવિલાસ અને ખટપટમાં ગયો, અને અંતનો બહુ થોડોક જ કાળ ધર્મસાધનામાં ગયો; પરંતુ એટલા નાના શા કાળમાં એમણે પોતાના આત્માને એવો ધર્મમય બનાવી દીધો ! કે ત્યાંથી કાળ કરીને દેવલોકમાં ! અને ત્યાંથી ચ્યવીને અહીં રાજકુળમાં રાજકુમારપણે જન્મ્યા ! ત્યાં વળી આવી કુસુમાવલી જેવી પત્ની મલી ! આ શું સૂચવે છે ? **જગતમાં સારી મનાતી ચીજ કોને મલે છે, તે બતાવે છે. જગતનું સારું, ધર્મની જેમણે સેવા કરી છે, તેમને મલે છે; નહિ કે સંસારની સેવા કરનારને અથવા ધર્મના શેઠ થનારને !** એટલું સમજી રાખો કે જાતે જેટલી ધર્મસાધના કરશો, જાતના તન-મન-ધનને ઘસારો આપીને કરશો, તેટલો લાભ તમને મળશે; અને જેટલી આશાતના કરશો ધર્મની, તેનો પાપપોટલો પણ તમારે ઘેર જ આવવાનો છે. ધર્મના, દેવના કે ગુરુના શેઠ બનવામાં આશાતના નથી તો બીજું શું છે ? **ધર્મના જે સેવક બનીને તેની સેવા કરે છે એને જ મહાન પુણ્ય ભંડારનો સુંદર કોટિનો લાભ મળે છે.** આ સૂચવવું છે ગ્રન્થકારને, તેથી શણગાર વગેરેનું વર્ણન કર્યું. તેમ એ પણ એક મુદ્દો છે કે આ મહાગ્રન્થ હોવાથી એમાં અનેક પ્રકારના વર્ણન આવી શકે છે. મહા ગ્રન્થકારોની ખૂબી એટલી હોય છે કે ભલે ક્યાંક વૈભવવિલાસના વર્ણન મૂક્યા હોય, પરંતુ એના ઉપર સંસારની અસારતાનાં, વૈરાગ્યનાં અને ધર્મમહિમાના એવાં વર્ણન કરી દે છે કે એથી પેલાની અસર ભૂંસાઈ જઈ ઉપરથી વધુ ધર્મરંગ વધે છે.

સિંહકુમાર અને કુસુમાવલીને લગ્ન પછી લાખો વર્ષનો કાળ સંસારસુખમાં વીતે છે. એ મહાવિદેહ ક્ષેત્ર છે એટલે આયુષ્ય મોટા છે; તેથી એક જ જીવનમાં આવા દીર્ઘકાળ વીતે એ સ્વાભાવિક છે. અહીં હવે એક મહત્ત્વની ઘટના બને છે; એમાં સિંહકુમારના કેવાં તેજ પ્રગટ થાય છે એ જોવાનું છે.

**આત્મતેજ ઝળકાવવા હૃદયવેધી ધર્મસાધના જોઈએ :-** એટલું જો જો કે હજી તો માત્ર પૂર્વના એક જ ભવમાં ધર્મ પ્રારંભ્યાની વાત ગ્રન્થકારે કરી છે. **એક ભવની પણ હૃદયવેધી ધર્મસાધનાએ તો જાણે મોહની સામે મોરચા એવા માંડ્યા કે પછી જરા નિમિત્ત મળતાં આત્મા ઊંચે ચઢ્યો સમજો; આત્માનાં તેજ ઝળહળ્યાં સમજો.**



**ઉદ્યાનમાં મુનિ : આત્મપ્રગતિ અને પરોપકારનું મૂળ :-** એક વાર એવું બન્યું કે સિંહકુમાર નાગદેવ નામના ઉદ્યાનમાં ઘોડેસવારી ખેલવા ગયેલ છે; ત્યાં ધર્મઘોષ નામના આચાર્ય મહારાજ પધારેલા છે અને બહુ પ્રાસુક જગા પર ઊતરેલા છે, તેમને જુએ છે. **જૈન મુનિ એટલે પહેલી જીવરક્ષા અને જીવનપવિત્રતા સંભાળનારા.** ઝીણા પણ જીવજંતુને સહેજ કિલામણાય ન થાય એની, તેમજ મુકામ સંબંધી બીજા દોષ ન લાગે એની પૂરી કાળજી કરનારા હોય છે. **અહિંસા અને દોષરહિતતાથી પહેલાં પોતાના જીવનને વ્યવસ્થિત કરે છે. તો જ પછી એ પોતાની આગળની આત્મપ્રગતિ અને પરનો ઉપકાર કરી શકે છે.**

**આચાર્ય ભગવંતના આશ્ચર્યકારી ગુણો :-** આચાર્ય મહારાજ બુઢ્ઢા નથી, યુવાન છે. યૌવન પણ પ્રારંભનું છે. એવી નાની ઉંમરમાં જુઓ કે કેવા મહાન ગુણો ખીલવી કેવા ઉચ્ચ કોટિના પરોપકાર સાધક એ બન્યા છે ! ગુણ-સંપન્નતાના યોગે એમણે અનેક આત્માઓને ભવપંજરમાંથી છોડાવી સાધુપણામાં આણવાનો મહાન ઉપકાર કર્યો છે ! તે અહીં એમના અનેક મુનિઓના પરિવાર પરથી દેખાઈ આવે છે. ત્યારે ગુણ સંપન્નતામાં તો પૂછવું જ શું ? ઉંમર યૌવનના ઉધમાતની છતાં આચાર્ય ભગવાન મહાપ્રશાંત છે, જાણે પ્રશાન્ત મહાસાગર જોઈ લ્યો ! ઉંમર યૌવનના ધખ-ધખારા અને ઘમંડની છતાં એ મહાક્ષમા અને મહામૃદુતા-નમ્રતાનો ભંડાર છે ! ઉંમર તો પ્રચંડ કામદેવના ઉત્સવની છતાં નિર્મળ બ્રહ્મચર્યના માનસરોવરે ઝીલી રહ્યા છે ! એવા બીજા પણ સરલતા, નિસ્પૃહતા, તપ, સંયમ, સત્ય અને શૌચ (પવિત્ર મન), અપરિગ્રહ મળીને દશ પ્રકારના યતિધર્મના ગુણના એ ખજાના છે ! વળી એમનું અતિશય રૂપવાનપણું જાણે કહી રહ્યું છે કે એ કોઈ ઊંચા કુળ અને ઊંચી પુણ્યાઈમાંથી મુનિપણામાં આવેલા છે ! અહીં આવ્યા પછી પણ એશઆરામી નહિ કિન્તુ શાસ્ત્રસ્વાધ્યાયના એવા મહાપરિશ્રમ ખેડ્યા છે કે એ સંપૂર્ણ દ્વાદશાંગીના જ્ઞાતા બનેલા છે ! દ્વાદશાંગી એટલે શું ? સમજો છો ને ? એમાં માત્ર છેલ્લા બારમા દૃષ્ટિવાદ અંગમાં જ ચૌદેય પૂર્વો સમાઈ જાય છે.

**કેળવાયેલા કે કરમાયેલા ? :-** મહાભાગ્યશાળીને જ આવા ગુણનિધિ ગુરુમહારાજનો સમાગમ મળે. સિંહકુમારના મહાભાગ્ય ખુલ્યા છે. એટલે આ આચાર્ય ભગવાનના દર્શન પામે છે. એમને જોતાં જ એમના પ્રત્યે એને અતીવ બહુમાન જાગે છે ! એ કાળના રાજકુમારો કાંઈ કળા-વિદ્યા ભણ્યા હશે કે નહિ ? કે ભોઠ હશે ? ના ભોઠ નહિ, મહાસુબુદ્ધ, ભણેલા અને કળામાં નિષ્ણાત ! છતાં એમને ત્યાગી સંતો પ્રત્યે હૈયામાં ઘણું બહુમાન ઊભરાય છે ! ત્યારે આજના જેને તમે કેળવાયેલા ગણો છો એને ત્યાગી મુનિઓ તરફ સૂગ ચડે છે ! ઘૃણા ઉપજે છે !

એવા એ કેળવાયેલા ગણાય કે કરમાયેલા ? કરમાયેલા સમજો છો ને ? સવારનું તોડી લાવેલું ફૂલ સાંજે કે બીજી સવારે કરમાયેલું હોય છે; એવા. માણસને વિચાર નહિ આવતો હોય કે માનવતા અને જીવનનો વિકાસ દુષ્કર એવા ત્યાગના પુરુષાર્થમાં કે સુકર એવા રંગરાગના ખેલમાં ? આત્માની લગનીમાં કે જડના આકર્ષણમાં ? પવિત્રતા અને ઉચ્ચતા શામાં ? લક્ષ્મી-વિષયો વગેરેની અનાદિની જાળમાં જકડાયા રહેવામાં કે જાળ તોડીને સાચા સ્વતંત્ર થવામાં ?

**આચાર્યશ્રીના દર્શને ઉત્તમ વિચારણા :-** સિંહકુમારનો **સંસ્કાર-વારસો** જુદો છે; એ માનવતાના વિકાસવાળો છે, દૃષ્ટિની નિર્મળતા અને તેજસ્વિતાવાળો છે; તેથી આચાર્ય ભગવાન પ્રત્યે એ અત્યંત બહુમાનવાળો બની એમ વિચારે છે કે,

**"અહો ! કેવા આ મહાપુરુષ ! આમને ધન્ય છે કે જે સંસારથી વિરક્ત દશાવાળા બન્યા છે ! સકલ-સંગનો ત્યાગ કરી આ પ્રમાણે જે શ્રેષ્ઠ પરોપકારમાં રક્ત રહે છે ! તો લાવ એમની પાસે જઈને પૂછું કે કામદેવની લીલાના સમયમાં રહેલા આ આપને સંસારથી વિરક્ત થવાનું શું કારણ મળ્યું ? શું સંસાર એના વાસ્તવ સ્વરૂપમાં દુઃખથી જ ભરેલો છે ?"**

**સુખની ચાવી ત્યાગ-વિરાગ-પરોપકારમાં :-** સિંહકુમારની આ ઉમદા વિચારણા છે. વૈરાગ્ય, ત્યાગ અને શ્રેષ્ઠ પરોપકારનિષ્ઠાના એ ગુણ ગાય છે, એ ગુણસંપન્ન ધર્માચાર્યને ધન્યવાદ આપે છે. ધન્યવાદ ક્યારે અપાય ? એ વસ્તુ પ્રાપ્ત કરવા યોગ્ય ને સારભૂત હોય ત્યારે. **મહાવૈભવમાં જન્મેલા, ઊછરેલા અને હજીની ઘડી સુધી મહાલનારા રાજકુમારને મન ત્યાગ, વૈરાગ્ય અને પરોપકાર કેવા અગત્યના લાગ્યા હશે કે સહજભાવે એના પ્રત્યે નમ્ર બની આકર્ષાઈ-હરખાઈ જાય છે !** આજ તો વૈભવમાં પડેલાના નસકોરાં ફૂલી જાય છે ! પછી ત્યાગી-વિરાગી તરફ આકર્ષાવા-ઝૂકવાની વાતે ય શી ? વૈભવના કેફ એવા ચઢે છે કે જગતને આશીર્વાદ-ભૂત એવા ત્યાગ, વૈરાગ્ય અને પરોપકારના મહામૂલ્ય સમજવા એની પાસે જાગ્રતિ જ નથી. કહો તો ખરા કે જગતને આશીર્વાદભૂત શું થાય ? આપણો રાગ કે વૈરાગ્ય ? ત્યાગ કે ભોગ ? પરોપકારરક્તતા કે સ્વાર્થાંધતા ? આજે મહાયુદ્ધમાં જોયું નહિ કે રાગ, ભોગ, અને સ્વાર્થ-નિષ્ઠાએ જગત પર કેવા ઘોર શ્રાપ વરસાવ્યા ? હજી પણ યુદ્ધોત્તર કાલમાં એ કૂડી રમત ઊભી રહીને કેવા વિનાશ સર્જી રહી છે એ ક્યાં અજાણ્યું છે ? **ત્યાગ-વૈરાગ્ય-પરોપકાર એ જ સુખની ચાવી છે. માટે જ... જોજો, જે વ્યક્તિમાં, જે કુટુંબમાં, જે સમાજમાં કે જે ગામ-દેશમાં અંશે અંશે પણ ત્યાગ, વૈરાગ્ય અને પરોપકારરક્તતા નહિ, તે સુખી, સંપીલા અને આબાદ હોઈ શકે નહિ.** આઝાદી તો આવી પણ આબાદી નથી આવી, એવી બૂમ શા માટે પાડે



છે ? આઝાદી તો **બીજા** પાસેથી પડાવવાની હતી, પરંતુ ત્યાગ, વૈરાગ્ય અને પરોપકાર તો **જાતમાં** ઊભા કરવાના છે, અને તે પાલવતું નથી; પછી આબાદીને પગઠામ ક્યાંથી મળે ? ત્યાગ, પરોપકાર વગેરેનો મૂળભૂત ગુણ વૈરાગ્ય છે; એને આજના જડવિકાસી યુગે દેશવટો દીધો છે; તેથી એની ઉપર રચી શકાનારા સત્ય, નીતિ, પ્રમાણિકતા, બન્ધુભાવ, અલ્પ પરિગ્રહ વગેરે ગુણોનો દુષ્કાળ વર્તી રહ્યો છે; અને અસત્ય, અનીતિ, લાંચ-રુશ્વત, વૈર-વિરોધ, સંગ્રહખોરી વગેરેની લાયો વરસે છે. આપણે એમાંથી બચવાનું છે. તો પહેલાં નંબરમાં તો, ભલે દુનિયા રાગ-ભોગ વગેરે તરફ આકર્ષાય અને એના ગુણ ગાય; પણ આપણે ત્યાગ-વૈરાગ્યાદિના જ ગુણ ગાઓ; ત્યાગી-વિરાગીના અનુમોદના અને સન્માન કરો; ત્યાગ, વિરાગ, પરોપકારમાં ઉદ્યમી બનો.

**સાચા સભાન-સક્રિય-શ્રેષ્ઠ ઉપકારી :-** સિંહકુમાર વિવેકી છે, વસ્તુસ્વરૂપ બરાબર સમજી શકે છે. મહાત્મા યુવાવસ્થાના હજી પહેલા ગાળામાં છે. રૂપવાન દેખાય છે, તેથી તે પ્રમાણે પુણ્યાઈવાળા હોવા જોઈએ. એ અવસ્થા અને એ પુણ્યાઈમાં વિષયવિલાસ ચાલતા હોય કે વૈરાગ્યના રંગ હોય ? અરે ! વિના પુણ્યે પણ ચીંથરેહાલ યુવાન ભિખારીય વાસનાથી ભરેલા હોય છે, ત્યાં સામગ્રીની અનુકૂલતામાં શું પૂછવાનું ! કહોને કે કામ-ક્રીડાની મસ્તીની મોશમ હોય, ત્યાં એને બદલે સાધુપણું લેવું એટલે તો એ સંસારના સુખો ઉપર કેટલોય વૈરાગ્ય ઝળહળી ઉઠ્યો હોય ! સંસાર ઉપર કેટલોય અવિશ્વાસ અને તિરસ્કાર છૂટ્યો હોય ? એમાં જ આત્માની બેભાન નહિ પણ સાચી સભાન અવસ્થા છે, પુરુષાર્થીપણું, સક્રિયપણું છે. ભોગ-વિલાસમાં તો બેભાનદશા, ને પુરુષાર્થ હીનતા છે. એથી જ સિંહકુમાર મુનિ પ્રત્યે આકર્ષાઈ ગયો છે. બીજી વસ્તુ એ પણ જોઈ કે વૈરાગ્ય દંભનો કે શબ્દનો નથી, પણ અમલી છે. મુનિ સર્વસંગના ત્યાગી બન્યા છે. વૈરાગ્ય તો જ સફલ થાય ને ? જ્યાંથી દિલ ઊઠી ગયું એવા એ સંગને શું વળગી રહેવું ? કાળનો કે કર્મનો શો ભરોસો ? ત્રીજી વસ્તુ કુમારને એ લાગી કે બીજા પણ ભવ્ય જીવોને કુટિલ સંસારની માયાજાળમાંથી છોડાવી પવિત્ર-તારક શાસ્ત્રો ભણાવી સમ્યગ્જ્ઞાન દેવાનો પરોપકાર કરવો એ શ્રેષ્ઠ પરોપકાર છે. એનાથી હિત-અહિતનું ભાન થાય છે, તો સાચો આત્મહિતકર પુરુષાર્થ થાય છે. એનાથી જ જીવોનો આ અપાર સંસારથી ઉદ્ધાર થાય છે. ભવનાં ભ્રમણ મીટે છે. ત્યારે જગતના સુખ આપવાના ઉપકારમાં સંસાર ઊભો જ રહે છે. જડસામગ્રી અને જડશિક્ષણ આપવાના ઉપકારમાં તો જીવો એ લઈને મોહમૂઢ બને છે. એમાં ભવભ્રમણ ક્યાંથી અટકે ? એ નહિ તો અનંતસુખ ક્યાંથી મળે ? જ્ઞાનદાન અને ધર્મદાન એ જ સાચો ઉપકાર

છે. કુમારને મુનિ સાચા સભાન, સત્પુરુષાર્થી અને શ્રેષ્ઠ ઉપકારી લાગે છે. એમના પ્રત્યે સુંદર આકર્ષણ થાય છે.

**ત્યાગીને મહાન તરીકે ઓળખવાની લાયકાતમાં શું આવે ? :-** સુયોગ્ય આત્માને દેખી સજ્જનને બહુમાન સહેજે જાગે. એમાંય ત્યાગી વિરાગીને અને આત્મોપકાર કરનારને જોઈને વધુ આકર્ષણ થાય એમાં પૂછવાનું શું ? પરંતુ એટલું ધ્યાનમાં રાખવાનું છે કે એ ક્યારે બને ? ત્યાગીને મહાન તરીકે ઓળખવા માટે પોતાનામાં શી યોગ્યતા જોઈએ ? **સંસાર પર પોતાનો ગળાડૂબ આંધળો રાગ હોય તો ત્યાગની એ મહત્તા નહિ સમજાય,** ત્યાગી સાધુ મહારાજ ઉપર પ્રેમ નહિ જાગે. એ તો **પોતાને પણ સંસાર વિશેષતાવાળો ન દેખાતો હોય, કામભોગની રમત સુંદર ન લાગતી હોય તો જ ત્યાગીને જોતાં એમ થાય કે 'અહો ! ધન્ય છે આ મહાપુરુષને** કે જેમણે જગતમાં જે વસ્તુ ભારે કઠીન અને સુંદર છે તેવી ત્યાગ-વિરાગની વસ્તુને જીવનમાં અપનાવી છે ! એ જ સાચા દુષ્કરકારી વીર પુરુષ છે ! કામભોગની વૃત્તિ પર વિજય મેળવવો એ ઘણો દુષ્કર અને બહાદુરીની વાત છે.' સિંહકુમાર પોતે સંસારમાં અંધપણે ડૂબેલ નથી તેથી ત્યાગી મુનિને મહાન તરીકે ઓળખી શકે છે, અને એમના પરોપકારને પિછાણી શકે છે. હવે એ તત્ત્વગવેષણામાં આગળ વધવા ધારે છે તેથી પ્રશ્ન કરશે. પણ એટલું સમજજો કે **પ્રશ્ન કરવા પૂર્વે એના હૃદયમાં કેટલો પ્રકાશ ભર્યો છે !** તો જ તત્ત્વજિજ્ઞાસા થાય છે. એ અદ્ભુત ગુણ છે. અતત્ત્વની જિજ્ઞાસામાં તો જીવ વધુ વિહ્વલતા અને મોહમૂઢતા તરફ ઘસડાય છે. ત્યારે જિજ્ઞાસા વિના તત્ત્વ મળે એની કદર રહેતી નથી. માટે **સાંભળવા પહેલાં જિજ્ઞાસા અવશ્ય જોઈએ; અને તે તત્ત્વની જોઈએ.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૨૩,તા.૧૨-૨-૧૯૫૫

**કુમારનો ગુરુવિનય :-** કુમાર તત્ત્વજિજ્ઞાસાથી હવે મુનિ પાસે આવે છે. પહેલા તો મુનિને જોતાં સિંહકુમાર ઘોડા પરથી દૂરથી જ નીચે ઊતરી ગયો; અને આવીને ગુરુ મહારાજના ચરણોમાં નમસ્કાર કર્યા. ગુરુમહારાજે એને ધર્મલાભની આશિષથી નવાજ્યો. કુમારે પછી સર્વ સાધુઓને વંદના કરી; અને ગુરુ મહારાજના ચરણ આગળ બેઠો. ગ્રન્થકાર કહે છે કે ચરણ કેવા છે ? સ્વભાવથી સુંદર ! કેમકે એ મુક્તિના અનંત સૌંદર્યને અપાવનાર છે. સમજજો જગતમાં વસ્તુ-વસ્તુનાં મૂલ્યની તરતમતા. નહિ સમજો તો છેવટે કાળના પ્રવાહમાં તણાઈ જવાનું છે.

**કુમાર હવે શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજને સંવેગરસથી નીતરતો પ્રશ્ન કરે**



**છે :-** "ભગવંત ! સકલ ગુણ અને સંપત્તિના ઘર સમા આપને આ નિર્વેદ શાથી આવી ગયો ? આપનું રૂપ અને આપની અવસ્થા કહી રહી છે, કે આપની પાસે મોટી સંપત્તિ હોવી જોઈએ. તો એ છોડીને આપે આ અકાલે સાધુપણું કેમ લઈ લીધું ? આ તો આપની પ્રથમ યુવાવસ્થા છે ! એમાં સાધુપણું ?"

**આચાર્ય મહારાજ કુમારના પ્રશ્નોના જવાબ કરે છે; (૧) મૃત્યુ અકાળે આવે કે નહિ ? :-** "ભો, મહાશ્રાવક, શું પૂછી રહ્યો છે, 'અકાલે સાધુપણું ?' અરે ભલા ભાઈ ! સાધુપણાને માટે આ અયોગ્ય કાળ છે જ નહિ. હું તને પૂછું છું કે, જે મૃત્યુએ સારા સુર-અસુર પર વિજય પ્રાપ્ત કર્યો છે, જે મૃત્યુ માનવના સકલ મનોરથોરૂપી પર્વતનો પણ પળવારમાં ભાંગીને ભૂકો કરી નાખવા વજ્ર સમાન છે, જે મૃત્યુ સારામાં સારા પ્રિયજનોને વિયોગ કરાવવામાં જે હેતુભૂત છે, તે મૃત્યુ શું અકાલે નથી આવી શકતું ? શું એ કોઈ નિયત દિવસે કે અમુક ઘડીએ જ આવે છે ? ના, કોઈ નિયમ નથી. મૃત્યુ કોઈ પણ કાળે આક્રમણ કરી શકે છે. માટે એને જો કોઈ અકાળ નથી એટલે કે ગમે ત્યારે એ આવે, તો તેવા મૃત્યુથી આપણે હતપ્રહત થઈ ઊપડી જઈએ તે પૂર્વે શું સાધુપણું ઝટ ન લેવું ? તેના માટે અકાળ શું ? મૃત્યુ માટે અકાળ નહિ, અને એકાંત શુભ સાધુપણા માટે અકાળ ? અનંત મૃત્યુને મિટાવનારા સાધુપણા માટે જો કાળ-અકાળની મથામણમાં પડીએ તો સાધુપણું ક્યારે લેવાય ? મૃત્યુ તો વગર નોટિસે ગમે ત્યારે આવીને ઊભું રહે. ત્યાં મનની મનમાં રહી જાય અને સંયમજીવન વિના અસંયમમાં જ જીવન મરણ પૂરા કરીને જતાં તો દીર્ઘ દુર્ગતિ થાય."

**(૨) ધર્મ શા માટે કરવાનો ? :-** બીજું, ધર્મ સારો છે, એ માટે કરવાનોને ? તો પછી હું તને પૂછું છું કે "જો તે ધર્મ સારો છે માટે છેવટે કરવાનો, પછીથી કરવાનો, તો તે પહેલો કરવામાં શું અયોગ્ય છે ? સારી વસ્તુ તો પહેલેથી જ કરવાની હોય. કોઈ દેવાદાર વ્યક્તિ લાખ રૂપિયા પહેલેથી જ આપવા તૈયાર હોય તો લેણદાર ત્યારે જ લઈ લેશે કે લેવાની ના કહીને વર્ષો પછી જિંદગીના છેડે લેવા કહેશે ? બીજો દાખલો જુઓ, કે તમારા શરીરમાં જૂનો રોગ છે. તેને તમે ખરાબ માની રહ્યા છો, ત્યાં કોઈ વૈદ્ય કહે કે "મારી દવા લ્યો, તો તમારા રોગને આજને આજ કાઢું બહાર !" બીજો વૈદ્ય કહે કે "મારી દવા છ મહિના ખાવી પડશે. પછી રોગ જશે..." તો બે વૈદ્યમાંથી કયો વૈદ્ય ને કઈ દવા તમે પસંદ કરો ? તેવી જ રીતે ભાવરોગને કાઢનારા ધન્વંતરી સમા તીર્થંકર ભગવાન કહે કે 'ભવરોગને કાઢવા સંયમનું ઔષધ આઠ વર્ષની ઉંમરે લઈ લ્યો. માત્ર આ એક જ જન્મ જો તેનું બરાબર આસેવન કરશો અને જો પથ્યસેવન કુપથ્યત્યાગની બરાબર સાચવણી

રાખશો તો રોગ ગયો સમજો !' તો હવે તું જ બોલ કે શું પ્રથમ ઉંમરમાં આ ચારિત્રનું ગ્રહણ કરવું અયોગ્ય છે ?"

મુનિના વચન સાંભળી સિંહકુમાર કહે છે કે "ભગવંત ! અયોગ્ય તો નથી. પણ તેવો વૈરાગ્ય નિમિત્ત વિના નથી થતો. અર્થાત્ ચારિત્ર પહેલાં ગ્રહણ કરવું ઉચિત તો છે જ, પરંતુ તે માટે ઉત્કટ વૈરાગ્ય થવો જોઈએ. સંસારના સુખ આકરાં લાગવા જોઈએ. તે માટે કોઈ પ્રબળ નિમિત્ત મળવું જોઈએ. હા, નિમિત્ત તેવું મળે તો કદાચ વૈરાગ્ય થઈ જાય. તેથી સિંહકુમાર પૂછે છે કે આપને એવું વૈરાગ્ય કરાવનારું કારણ શું મળ્યું ?"

ગુરુ કહે છે "કારણ પૂછે છે ? **સંસાર એ જ નિર્વેદનું-વૈરાગ્યનું કારણ છે. સંસારની દરેક વાત કે વસ્તુ વૈરાગ્ય કરાવી શકે છે. વિવેકીને, જાગેલાને સંસારની કોઈ પણ ચીજ રાગ કરાવી શકતી નથી.** એટલે મારા વૈરાગ્યમાં આમ તો સંસાર જ નિમિત્ત છે, પરંતુ વિશેષ નિમિત્ત તરીકે અવધિજ્ઞાની મુનિએ કરેલું પોતાના ચરિત્રનું કથન છે."

સિંહકુમાર ભારે જિજ્ઞાસુ થઈને પૂછે છે "ભગવંત ! કેવું એ ચરિત્ર છે ?"

અહીં મુનિનું કથન બરાબર ધ્યાનમાં રાખવા જેવું છે. મુનિએ ત્રણ મહત્ત્વની વાત કહી.

**(૧) મૃત્યુ અકાળે એટલે કે ગમે ત્યારે આવે છે, અને દેવ-દાનવ બધાનો કોળિયો કરી જાય છે. તો ધર્મ માટે અમુક યોગ્ય કાળ અને અમુક અયોગ્ય કાળ એ કેમ બને ?**

**(૨) જીવનના છેવટના સમયે પણ ધર્મ જો સારો છે, માટે કરવાનો તો તો શરૂઆતમાં જ એ કરવો શું ઉચિત નથી ? છે જ.**

**(૩) વૈરાગ્ય થવા માટે ખુદ સંસાર જ નિમિત્તભૂત છે. સંસારની વિચિત્ર ઘટનાઓ અને સંસારના વિનશ્વર અંગો જ વૈરાગ્ય કરાવે એવાં છે.**

**સારી ગૃહસ્થાઈ માટે પણ આ ત્રણ બાબતોનો વિચાર જરૂરી છે :-** નવે નવા આવેલા સિંહકુમારની આગળ પણ વસ્તુસ્થિતિ કહ્યા વિના ચાલતું નથી; અને ખરી વાત એવી છે કે જો ચારિત્રનું જોમ ન જાગ્યું, તો પણ ગૃહસ્થ જીવન આદર્શ બની શકશે. ધર્મના મૌલિક ગુણો અને વિશેષ ગુણો ધર્મવાસિત સારા આચાર વિચારો અને ધાર્મિક અનુષ્ઠાનો જીવનમાં સારા ખીલશે. જીવન ધર્મમય, ગુણમય અને સંસ્કારી બનાવવા માટે ઉપરની ત્રણેય વાતોની શ્રદ્ધામય વિચારણા બહુ જરૂરી છે, ઉપયોગી છે.

હવે મુનિ વૈરાગ્યના વિશેષ કારણ તરીકે અવધિજ્ઞાની મુનિએ કહેલા જે



પોતાના ચરિત્રનું શ્રવણ કરેલું તે બતાવે છે. તો જે ચરિત્રના શ્રવણ માત્રે એમનામાં એકદમ જ વૈરાગ્ય વધારી દીધો હશે તે ચરિત્ર કેટલું બધું રોચક અને વૈરાગ્ય ઝરતું હશે ! એવા ચરિત્રને કહેતાં પહેલાં ધર્મઘોષ મુનિ પોતાનું જન્મસ્થાન વગેરે બતાવી કેવા સંયોગમાં એ ચરિત્ર સાંભળવા પામ્યા તે પહેલું બતાવે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૨૪,તા.૧૯-૨-૧૯૫૫

**ચરિત્રમાંથી શું લો છો ? :-** સિંહકુમારને સાંભળવા મળે છે કે ધર્મઘોષ આચાર્ય મહારાજ જ્યારે ગૃહસ્થ વાસમાં હતા ત્યારે એમના નગરમાં અવધિજ્ઞાની મુનિ પધારેલા. ત્યાં એમણે પોતાના રોમાંચક ભવ બતલાવ્યા અને એ સાંભળીને ધર્મઘોષનો વૈરાગ્ય ઉત્કટ કોટિનો થઈ ગયો.

કહો, સમરાદિત્ય ચરિત્ર કે જેમાં ઠામઠામ વૈરાગ્ય વર્ષી દૃષ્ટાન્તો આવે છે એ કેવુંક રોચક ! પહેલા ભવમાં વિજયસેન આચાર્યના મિત્રનું દૃષ્ટાન્ત સાંભળી લીધું ને ? વિજયસેને એ સાંભળીને એવો શ્રાવકધર્મ લીધો કે એમાં આગળ વધી ટૂંક સમયમાં જ ઘરમાં ભાવસાધુ બનીને અગ્નિશર્મા દેવ તરફથી ધીખતી અગ્નિમય રેતીવર્ષાનો ઘોર ઉપસર્ગ સહર્ષ સહ્યો. ત્યારે હવે પૂછો તમારા જીવને કે એણે શું કર્યું એ સાંભળીને ?' કહોને કે અમે સાંભળીને ચારિત્રની ભાવના રાખીએ છીએ. સાચી વાત છે આ ? ઠીક, પણ જલદીથી સંસાર નથી છોડવો એમ તો મનમાં નથી રાખ્યું ને ? ચારિત્રની અને મોક્ષની ઉતાવળ ખરી કે નહિ ? સાચી ભાવના તેને કહેવાય કે ભાવના થયા પછી ભલે સંસાર કેટલા વખતમાં છૂટે તે નિયમ નહિ. પણ સંસાર લુખ્ખો, રસ વિનાનો અને કંટાળાભર્યો બની જાય. સંસારની કોઈ વાત પર દિલ ન ચોંટે, ઊલટું તિરસ્કાર છૂટે. દેવતાઈ સંસારના સુખનું વર્ણન સાંભળે તોય એ સુખના મનોરથ નહિ, પણ એ દેવતા પર દયા આવે, અને પોતાના માટે હૃદયમાં ફફડાટ હોય કે હાય ! જો હું એમાં નથી ને ફસાયો તો મારી શી દશા ? સોનાના પણ પાંજરામાં ફસાયેલું પંખી કેવું ફફડતું હોય ! એને એ ફફડાટ થાય ને કે 'આ પારધી પાંજરાની બારી ખોલીને અંદર તાજા ફળની ચીર નાખવા તો આવ્યો છે, પણ પાંખ તો નહિ ખેંચી નાખે ?' એવો ફફડાટ થાય ને એને ? સંસાર મૂકવા કદાચ અસમર્થ હો, પણ જો સંસારના કેદખાના પર ફફડાટ થાય તો ઉત્તમ પુરુષના ચરિત્ર સાંભળવાનું સફળ થશે.

**રાગના ચશ્મા ઉતારીને સંસાર જુઓ :-** ધર્મઘોષ આચાર્ય મહારાજ પહેલા પોતાનો અધિકાર બતાવતા કહે છે કે મહાવિદેહ ક્ષેત્રની આજ વિજયમાં એક

રાજપુર નામે શહેર છે. ત્યાં અરિમર્દન નામે રાજા છે. હું પણ રાજપુર નિવાસી હતો અને **સંસારનું તેવા પ્રકારનું અસાર સ્વરૂપ જોઈને સંસાર પ્રત્યે મારું મન વિરક્ત રહેતું.** આચાર્ય મહારાજના આ પોતાની જાતના વર્ણન ઉપરથી એ જુઓ કે **સંસારને એના અસલી સ્વરૂપમાં આપણે જો જોવો હોય, જો જોવા ધારીએ તો જોઈ શકાય. માત્ર રાગના, સ્વાર્થાંધતાના, તૃષ્ણાના, અને મમતાના ચશ્મા ઉતારી નાખી એને જોવો જોઈએ.** 'સ્ત્રી, દુકાન, ઘર, કુટુંબ વગેરે મારા નથી, એમની પાસેથી મારે કોઈ સ્વાર્થ નથી, એમની મારે ઈચ્છા નથી, એમનો મને રાગ કે પક્ષપાત નથી. હવે જોવા દે મને, કે એ કેવા છે;'-એમ જો દર્શન કરાય તો એ દર્શન એ બધાનું પોત પ્રકાશે. દા.ત. 'મારી સ્ત્રી વ્હાલ દેખાડે છે છતાં પોતાના સ્વાર્થની, પોતાની જાતની, સગવડની, મારા તરફથી માનની, કદરની, અને રાગની ઠીક ઠીક ગરજ રાખે છે;'- એ દેખાય કે નહિ ? માત્ર બુદ્ધિ દોડાવવાની જરૂર છે.

**બુદ્ધિનો શું ઉપયોગ :-** માનવ થઈને બહુ ઊંચી બુદ્ધિ મળી છે, તો તેનો ઉપયોગ વસ્તુના અજ્ઞાન દર્શનમાં કે સજ્ઞાન દર્શનમાં ? **અજ્ઞાન દર્શન તો કીડા-મંકોડા કે પશુ-પંખીના ભવથી ઘણા કરી લીધા; પણ માનવ ભવમાં વીતરાગ ભગવંતને પ્રાપ્ત કરીને ય પાછું તેજ અજ્ઞાન દર્શન ?** કે આ સ્થિતિમાં તો સજ્ઞાન દર્શન જ કરવું ઘટે ? જો માનવભવનું ફળ સજ્ઞાન દર્શન કરવામાં છે તો સંસારના નગ્ન સ્વરૂપની, આંતરિક સ્વરૂપની જાણ કરવી પડશે. સંસાર બહારથી જે દેખાય છે તે "મુખમેં રામ બગલમેં છૂરી" જેવો છે, ઝાંઝવાના નીર જેવો છે, સંધ્યાના રંગ જેવો છે.

સંસાર સ્થિર સુખ અને પાકો પૂર્ણ વિશ્વાસ દેવાવાળો છે કે નહિ ? પત્ની, પુત્ર, ઘર, સંપત્તિ, મિત્રમંડળ આ બધું સંસાર છે. જોવામાં શું આવે છે કે 'પત્ની, પુત્ર, મિત્ર, પ્યાર કરે છે, તેનાથી સગવડ મળે છે.' પણ આ બહારથી, અંદરથી શું ? **એ સંસારી સંબંધીઓ પ્યાર કરે છે તે સ્વાર્થથી કે સ્વભાવથી ?** છોકરો પ્રેમથી "બાપુજી, બાપુજી" કરતો દેખાય છે તે સ્વાર્થથી કે સ્વભાવથી ?

**પ્ર.**- બંનેથી ન હોય ?

**ઉ.**- બંનેથી એટલે સ્વાર્થથી અને સ્વભાવથી, આ બે સાથે રહે ? પહેલાં એ કહો કે **'સ્વભાવથી'** એટલે શું સમજ્યા ? એનો અર્થ એ છે કે ત્યાં કોઈ સ્વાર્થની વાત જ નહિ. સહજ ભાવે પ્રીતિ. ચંદન સ્વભાવથી શીતલ અને સુગંધદાયી છે. તો તમે એને લસોટો કે બાળો, તોય એ સ્વભાવ જ દેખાડશે. અહીં **એવું છે ? ના, અહીં તો** આપણા તરફથી એમનું વારંવાર અપમાન થતાં, ગુસ્સો થતાં, અનેકવાર નુકસાન થતાં એમનો પ્યાર ઘવાય છે. તો સ્વભાવથી ક્યાં રહ્યો ?



સાકર કડવી મીઠી બંને સાથે હોય ? લીમડો કડવોય હોય અને સાથે એ જ પાછો મીઠો હોય ? ના. તેમ અહીં પ્રેમ જો સ્વભાવથી છે, તો સ્વાર્થથી નથી; અને જો સ્વાર્થથી છે, તો સ્વભાવથી નથી. દેખાય છે એવું કે સ્નેહીને મનગમતું કરતા રહો **ત્યાં સુધી** એ સ્નેહ કરશે. એની ઈચ્છા વિરુદ્ધ વર્તો એટલે ખલાસ ! એનો સ્નેહ તૂટતા વાર નહિ. આવી સ્વાર્થરસિક દુનિયામાં પ્યાર શું ? બે શબ્દમાં પત્ની કે પુત્રના દોષ પાડોશી સમક્ષ બતાવો, પછી જુઓ કે સ્નેહ કેટલો અખંડ ? એ સ્વભાવથી કે સ્વાર્થ પૂરતો ? **તમે ગમતો માલ આપો તો સ્નેહરૂપી નાણાં મળે નહિતર સોદા બંધ !** ધર્મઘોષ પોતે સંસારના આવા સ્વરૂપને જાણીને જ વિરાગમાં રમતા હતા. સંસારમાં સોદાના ખેલ વિવેકીને ચમકાવી મૂકે છે. એના પર એક દૃષ્ટાન્ત જુઓ.

## સંસારના સોદા પર ધર્મદાસ અને સુંદરીનું દૃષ્ટાન્ત

**ચતુર પત્ની :-** એક નગરમાં એક વણિકનો પુત્ર હતો. નામ એનું ધર્મદાસ. છોકરો મોટો થયો. લક્ષ્મીના બળે બીજા એક વણિકની સુંદરી નામની કન્યા સાથે પરણાવ્યો. થોડા વખતમાં માબાપ મરી પરવાર્યા. છોકરો હવે નાની ઉંમરમાં ઘરનો માલિક બન્યો. પત્ની સુંદરી બહુ ચકોર હતી, હવે એણે જોયું કે 'આમના માથે કોઈ મોટું નથી. ગમે ત્યાં હરશે-ફરશે. એમાં નથી ને કોઈ બીજી વધુ રૂપાળી કન્યા નજરમાં આવી તો એને મારા માથે લાવી બેસાડશે. માટે હું પતિને એવા વશ કરી લઉં કે ક્યાંય હરેફરે નહિ.' વશ કરવા શું કરવાનું ? કામણ-ટૂમણ ? ના રે ના, એ તો મૂરખી કરે. તેથી એણે તો સેવા અને પ્રેમથી વશ કરવાનું કર્યું. એમાં, પતિને એટલી બધી સુખ લીલા અને અને સાહ્યબીમાં એ મસ્ત રાખતી, તેમ સેવામાં પતિ બહાર જાય ત્યારે એને કપડા પહેરાવવાથી માંડીને બહારથી આવે ત્યારે પતિના પગ ધોઈ પાણી માથે અડાડવું, પગ-માથું દાબવા વગેરે અનેક પ્રકારની એવી સેવા ઉઠાવતી કે હવે તો પતિ એના સિવાય બીજાને દેખે જ નહિ. શું કારણ ? વિનય વૈરીને વશ કરે. આ કલિકાલમાં પણ સેવા એ મહાન વશીકરણ છે, સેવા એ મહાન મંત્ર છે. પણ તે નિઃસ્વાર્થ જોઈએ. આમાં સ્વાર્થ છે, પતિ બહાર બીજે ક્યાંય લોભાઈ ન જાય, અને માત્ર પોતાને જુએ એવો આશય છે.

**પ્ર.**- આમાં શું ખોટું છે ? પતિ દુરાચારના માર્ગે જતો અટકે ને ?

**ઉ.**- વાત સાચી છે. દુરાચારના માર્ગે જતો અટકે, તે સારું જ છે. પરંતુ એ જુઓ કે બાઈનો એ આશય છે કે સ્વાર્થનો ? સ્વાર્થનો હશે તો કદાચ દુરાચાર અટકશે, પણ બીજી મહાનુકસાની લાવશે. પોતાના કરતા બીજી સવાયી સ્ત્રી પર

ખેંચાઈ ન જાય, અને પોતાને જ સારી રીતે જુએ. પોતાનામાં જ લુબ્ધ થઈને રહે એવું જો એને કરવું હોય તો એનું શું પરિણામ ? એજ કે પોતાના તરફ એવું આકર્ષણ કરવું કે પતિ માત્ર બીજી સ્ત્રી તરફ ન ખેંચાય, એમ નહિ પણ દેવ-ગુરુ-ધર્મ સામું પણ ન જુએ; અને ખરેખર પરિણામ અહીં એ જ આવ્યું. ધર્મદાસ નામથી જ ધર્મદાસ રહ્યો. પણ વસ્તુ સ્થિતિએ સુંદરીદાસ બન્યો. દેવને ભૂલ્યો, ગુરુને ભૂલ્યો, ધર્મને ભૂલ્યો, ધર્મી મિત્રનેય ભૂલ્યો. છતાં પત્ની એમાં કાંઈ અજુગતું નથી જોતી. એ તો ઊલટું ખૂશી છે કે એની એ પ્રીતિ અને સેવા ઝીલવામાં પતિ બધું ભૂલ્યો; માત્ર ઘરથી દુકાન ને દુકાનથી ઘર. ધર્મ નહિ; ધ્યાન નહિ; કાંઈ નહિ. કેમ ?

**મનગમતામાં લંપટતા એ હૃદયને વિચારહીન બનાવે છે :-** મનગમતું મળે પછી બીજો વિચાર કરવાનું શું કામ ? કહો જો, આવક પહોંચતી હોય, મજા ઊડતી હોય, તો સાધર્મીનો વિચાર આવે ? ક્યાંય મહેમાન થઈ જમવા ગયા. સામેથી લાડુ ખવરાવે છે, તો શું પૂછો ખરા "વેપાર કેવો ચાલે છે ? ખર્ચા કેવા છે ?" એ ભલે ભીડમાં હોય, આપણે એના લાડુ જમો ? કદાચ અગાઉથી ખબર પડી કે સ્થિતિ બરોબર નથી, તો કહો ખરા કે "લાડુ નહિ, રોટલી લાવો. હું તો ઘરનો માણસ છું. તમે ઉદાર છો પણ તે ઉદારતા મહેમાન સાથે કરવાની. મને મહેમાન સમજતા નહિ. કુટુંબી જ સમજો. અમારા કુટુંબીમાં અમે કેવો વ્યવહાર ચલાવીએ છીએ ?" કોણ વિચારે આ ? સ્વાર્થી ન હોય તે, વિષયાંધ ન હોય તે. બાકી તો મનગમતું મળે ત્યાં વિચાર કોને કરવો છે ?

શેઠના છોકરાને વિચાર નહોતો, કેમકે વિષયાંધ બન્યો હતો. પણ એને એક ધર્મી મિત્ર હતો. એને ચિંતા થઈ કે 'આમ કેમ ? આ મિત્ર પહેલાં તો બહુ મોટી ધર્મની ને જનકલ્યાણની વાતો કરતો હતો ! હવે તો ક્યાંય દેખાતો ય નથી !' એક વાર રસ્તામાં એને એ ભેટી પડ્યો. પૂછે છે,

"કેમ કાંઈ દેખાતા નથી ?"

"લ્યો, પૂછે છે, કેમ દેખાતો નથી ! કેમ જાણે નવરા બેઠા." ધર્મદાસ શ્રીમંતાઈના તાવમાં બકવાદ કરવા લાગ્યા. શ્રીમંતાઈનો તાવ સનેપાત જેવો હોય છે. ભાન વિનાનું બકાવે. કહે છે "તારી સાથે વાત કરવાનો ય સમય નથી."

પેલો પૂછે છે. "પણ એવું તે શું છે ?"

આ ગર્વથી કહે છે "શું છે તે તને શી ખબર પડે ? તું અમારા મોટા ઘરની વાત શું જાણે ?"

"હા, ભાઈ ! અમે ગરીબ એટલે અડબંગ; ગરીબ એટલે બુદ્ધુ. એને શી



ખબર પડે ?"

પેલો જરા ખચકાયો. "કહે છે, આવું શું બોલે છે, દોસ્ત ? આ તો મારે જવાબદારીઓ કેટલી, એ તું સમજી શકે છે."

"પણ તે શું મોટા શહેનશાહ જેટલી ? શહેનશાહો પણ અનેકવિધ જવાબદારીઓ છતાં દેવભક્તિ, ગુરુસેવા અને ધર્મસાધના નિત્ય કરતા હતા. ઠીક, એ બધું તો ખરું, પણ એ તો કહે કે પત્ની કેમ છે ? સંસાર સુખશાંતિથી ચાલે છે ને ? તું મારો મિત્ર છે, તું સુખી, તો હું રાજી."

"એ જ પૂછે છે ? તો હું તને શું કહું ? સારા શહેરમાં એવી પત્ની કોઈને નહિ મળી હોય, એવી છે એ. મહા સહિષ્ણુ, ઉદાર, પ્રેમાળ, અત્યંત સેવાભાવી અને મહાવિનય સંપન્ન છે. પછી સંસારમાં સુખશાન્તિનું પૂછવું જ શું ?" મિત્ર વિચારે છે કે, 'બસ, નાડી હાથમાં આવી ગઈ ! આથી જ ભાઈસાહેબ એ રાણી સાહેબમાંથી ઊંચા નહિ આવતા હોય ?' પેલાને કહે છે,

"ઓહો ! એમ ? તો મને કોઈ દિ' આમંત્રણ પણ નથી દેતો ? હાહા, હું તો ગરીબ ઘરનો અને તમે તો મોટા ઘરના ! અમે તમારા શા હિસાબમાં ?..."એમ થોડીઘણી વાત કરવા લાગ્યો ત્યાં કહે છે, "ભાઈ, એક વિચાર આવે છે, જો તને ખરાબ ન લાગે તો..."

"નહિ નહિ, એમાં શું ખરાબ લાગે ?"

"અરે ભાઈ ! લાગી જાય..."

"ઠીક, પૂછી લે, શું પૂછે છે ?"

"તેં એ શું વિચાર્યું છે કે પત્નીનો પ્રેમ સાચો છે કે જૂઠો ?"

"અરે, એ શું પૂછે છે ? પાગલ થઈ ગયો છે કે છે શું ?"

"નહિ નહિ, એ તો જાણવા માટે જ પૂછું છું, કે એનો પ્રેમ કેવો છે ?"

"અરે યાર, મહાસતી જેવો ! એમાં પૂછવાનું શું ?"

**સતીત્વ એટલે ? :-** મિત્ર કહે છે, "મહાસતી એટલે તું એને સીતા જ સમજે છે ને ? જાણે છે સીતાનું સતીત્વ ? રામે સીતાને જંગલમાં મૂકાવી, પણ એકેય શબ્દ રામ વિરુદ્ધનો સીતા બોલતી નથી. સ્થિતિ કેવી છે ? મહારાણી હોવા છતાં અત્યારે કોઈ માણસ સાથે નહિ ! ભાતાનો ડાબડોય નહિ હોં ! જ્યાં જંગલી પશુઓ ભમતા હોય એવા વિકરાળ વનમાં સીતાને એમને એમ એકલી અટૂલી મૂકીને સેનાપતિ ચાલ્યો ગયો. **આવી સ્થિતિમાંય રામને ફિટકાર દેવાને બદલે સીતાએ માત્ર પોતાના દેવને અને પોતાના પૂર્વકૃત પાપવાળા પાપી આત્માને ફિટકાર આપ્યો !** કેવું ગજબનાક સતીત્વ ! ત્યાં ફરવા નિકળેલો રાજા 'હું તમારો ધર્મનો

ભાઈ છું' એમ કહી પોતાના રાજમહેલમાં લઈ જાય છે, ત્યાં પણ રામની વિરુદ્ધ કાંઈ વાત સીતા કરતા નથી. જન્મ પામેલા પુત્રો લવણ અને અંકુશ પણ મોટા થયે સમજ્યા કે માતાને પિતાએ કાઢી મૂક્યાં છે, ત્યારે **સીતાની ગંભીરતા કેવી ! પતિની બદબોઈ કે જાતની બડાઈની વાત સરખી નહિ.** બોલ, તું તારી પત્નીને આવી મહાસતી સમજે છે ? એ એવી હોય તો તો હું બહુ ખુશી છું, પણ ન હોય તો તું ભ્રમમાં નથી ને ? જો જે એનો પ્રેમ સ્વાર્થનો છે કે સ્વભાવનો ?''

''અરે ! આ શું પૂછે છે ? જરાય સ્વાર્થી નથી એ. એ તો સાક્ષાત્ ગુણની મૂર્તિ છે !''

**સ્વપ્ન અને જીવનમાં ફરક :-** ''જો ભાઈ આ જગતમાં ડગલું વિચાર કરીને ભરવા જેવું છે. તું એ જો કે તેં તરણતારણ ધર્મને કોની ખાતર વિસાર્યો ? જરાક તું એની પરીક્ષા કર. જીવન સ્વપ્ન સમાન છે. સ્વપ્નમાં સોનાના મહેલના સાતમા માળે રતનના હિંડોળે હીંચ્યા, પણ સ્વપ્ન પૂરું થયે શું ? **સ્વપ્નમાં આંખ ખુલ્યા પછી મીડું; તો જીવનમાં આંખ બંધ થયા પછી પણ મીડું જ ને ?** જીવનમાં આંખ ખુલ્લી છે ત્યાં સુધી જ ધર્મસાધના શક્ય છે; અને એજ તારણહાર છે, પત્ની નહિ. તારી પત્ની પ્રેમ સ્વભાવથી કરતી હશે. બાકી મને તો લાગે છે કે હવે તો તારે ત્યાં કોઈ મોટું ન રહ્યું એટલે સ્ત્રીયારાજ્ય સ્થપાયું છે. રાણી સાહેબે તને પૂરો વશ કર્યો જણાય છે. ખેર ! તમારા બેનો પ્રેમ બન્યો રહે એમાં મારે કાંઈ કહેવાનું નથી. **પરંતુ એમાં તું દેવ-ગુરુ-ધર્મને ભૂલે એવી પરવશતા ખતરનાક છે. માટે એક કામ કર તું એના પર એવો એક પ્રસંગ ઊભો કર કે જેમાં પરીક્ષાય થશે અને છેવટે એ ધર્મ પામે. તો એ તનેય ધર્મમાં પ્રેરશે.''**

મિત્રના હૃદયવેધી શબ્દોએ ધર્મદાસને વિચાર કરતો કરી મૂક્યો. એણે જોયું કે 'મિત્રની સલાહમાં ઈર્ષ્યા નહોતી, સ્ત્રી પર તિરસ્કાર નહોતો, પ્રેમની નિંદા નહોતી. હતું માત્ર એક દેવ-ગુરુ-ધર્મ ન ભૂલવાનું સૂચન, તો હવે મારે શી પરીક્ષા, શો પ્રસંગ સૂચવે છે તે પણ જાણી લેવો જોઈએ.' મિત્રની હિતસલાહ હવે વધુ સાંભળવા આકર્ષાયો. પણ તે ક્યારે ? મિત્રે જરાય આવેશમાં આવ્યા વગર એની પરિસ્થિતિ સમજીને શુદ્ધ હિતની શક્ય સલાહ મૃદુભાવે આપી તો. લાખ રૂપિયાની વાત પણ અનુચિત શબ્દોમાં અને અનુચિત ભાવથી કહેવાય તો રાખની તુલ્ય બને. માટે જીવનમાં આ એક અતિ આવશ્યક કેળવણી છે કે **બોલતાં શીખો. મોંમાંથી ઉદ્ગાર કાઢતાં પહેલાં વિચાર કરો. ઉદ્ગાર એવા કાઢો કે જે સામાને આવર્જક હોય, આકર્ષક હોય, અસરકારક હોય.** જો જો પછી એના અપરંપાર લાભ. વેણ નકામું ન જવું જોઈએ, કે સામો તમારો વિરુદ્ધ બને એવું ન જોઈએ.



ધર્મદાસ મિત્રને પૂછે છે ''બોલ ભાઈ ! શું પ્રસંગ યોજું ?''

મિત્રે એને કાનમાં કાંઈક સમજાવી દીધું. ત્યાંથી એ ઘેર આવ્યો. સ્ત્રીએ એને મોડું થવાનું કારણ પૂછ્યું; કેમકે ભારે ચબરાક છે ને ? પણ પેલાએ વાત ટાળી દીધી. કેટલાક દિવસ બાદ એક વાર વહેલી સવારે એ ઊઠીને કહે છે 'આજે કોર્ટનું કામ છે તેથી વકિલને વહેલો જ પકડવો પડશે. વળી ક્યાંક એ બીજા કાર્યમાં ગુંથાઈ જાય કે બહાર નીકળી જાય તો ?' સ્ત્રી પૂછે છે,

''પણ તે તમારે એમ જ જવું છે ?'' ''તું હમણાં કાંઈ બોલીશ ના. બને તો હું થોડી વારમાં વચમાં આવી જઉં છું. પણ જો જે તું રાહ જોઈને બેસી ન રહેતી. તું તારે ખાઈ લેજે.''

''અરે એ શું બોલ્યા ? તમને મૂકીને ? તમે ભૂખ્યા રહો અને હું હોજરું ભરું ?''

''પણ હું તને કહું છું ને ?''

''તમે કહો છો એ તમારી ઉદારતા છે. પરંતુ અમારો સતીઓનો ધર્મ જૂદો. આ તો તમો થોડી વારમાં આવવાના છો, પણ નથીને આખો દિવસ પણ લાગી જાય તો ય શું થઈ ગયું ? ક્યાં અમે એમાં સુકાઈ જવાના હતા ?''

''ભલે ભલે, તારી રુચિ મુજબ કરજે.''

એમ કહીને ધર્મદાસ ઘરમાંથી નીકળી ગયો. સુંદરી અહીંયાં નાસ્તાપાણી તૈયાર કરીને રાહ જોતી બેઠી છે કે હમણાં પતિ આવશે. પણ પેલો તો દેખાતો જ નથી. તેથી ઊઠીને બારીએ જાય છે. ક્યાંય સુધી ઊભી-ઊભી રાહ જુએ છે. એને ય ભૂખ લાગી છે. એટલે પાછી આવીને કોચ પર બેસે છે, આડી પડે છે. વળી ઊઠીને બારીએ જોવા જાય છે કે આવતાં દેખાય છે ? પણ અહીં તો પારખું કરવું છે ને ? તે શાનો દેખાય ? નાસ્તો ઠરી જાય છે, પરંતુ સુંદરી ખાતીપીતી નથી. કેમ ખવાય ? પણ મન વિકલ્પોમાં ચઢે છે 'આ મેં બહુ ચોળી-ચોળીને ચીકણું કર્યું. એ તો કહેતા હતા કે તું તારે જમી લે જે. મેં ના પાડી. હવે શું થાય ? હશે. હવે રસોઈ બનાવવી છે. નાસ્તો ભોજન બધું ભેગું થશે' એમ કરી એણે રસોઈ બનાવી.

છતાં અહીં પતિના દર્શન દુર્લભ છે ! તે પાછી કોચ પરથી બારીએ અને બારીએથી કોચ પર. એમાં બપોર થઈ ગઈ, પાછલો પહોર આવ્યો; ને સુંદરીની ભૂખ વધી પડી, અસહ્ય થઈ ગઈ. વિચારે છે ''શું કરું ? જમી લઉં ? પણ ના. જો જમી લઉં અને એ આવીને કહે કે બેસ જમવા સાથે, તો એ વખતે શું કરું ? જો એ જાણે કે આણે તો મને મૂકીને જમી લીધું છે, તો એમને એમ થાય ને કે

જોયું આનું સતીપણું, એકાદ દિવસ પણ સહાયું નહિ ! સગવડ-પંથી જ લાગે છે. માટે આજ તો નહિ જમું, સહન કરીશ. ભલે જરા મોડું થાય, પણ એ આવશે ત્યારે મને આખા દિવસની ભૂખી રહેલી જોશે. એ જાણીને મારા પ્રત્યે એ ખૂબ લાગણીમાં આવી જશે ! મને મહા સમર્પિત સમજશે, અને વશીકરણમાં કંઈક અધૂરું હશે તો પૂરું થશે. મારા પર પૂર્ણ આકર્ષાયેલા બની મને જ પોતાના પ્રાણ સમજશે. રાત ને દિ' મારી જ રટણા કરતા રહેશે. આ હા હા બસ ! પછી તો પૂછવાનું જ શું ? સવાર પડી, ને એમની આજ્ઞા મારે શી માગવાની ? એ મારી આજ્ઞા માગશે, વાતવાતમાં મારી સલાહ એ લેશે... અહાહા ! કેવી સરસ મઝા ! જીવન ઉન્નત બનશે. બીજી બાઈડીઓને શું આવડે છે ? પતિ આમ વશ કરાય."

ચઢી શેખચ્ચલીના વિચારમાં, યાવત્ પોતાની જાતને મહારાણીપદે સ્થાપી પતિને એક ખરીદેલા ગુલામ અને ચાટુ કરવાની સ્થિતિમાં કલ્પતાં એને હૈયે આંચકો ન લાગ્યો. કેટલી બધી એની સ્વાર્થાંધ વિચારસરણી ! 'પતિ ભૂખ્યા થયા હશે, એમને તકલીફ બહુ;' એ સંબંધનો કોઈ વિચાર નહિ ! માત્ર વિચાર પોતાનો. 'હું ભૂખી. હું એમની નજરમાં શાબાશી લેનારી બનું.' ભૂખ અસહ્ય થઈ ત્યારે જમી લેવાનો વિચાર આવ્યો. પણ માત્ર એમાં પોતાની માનહાનિ થવાનું લાગ્યું. જો કે એય પોતાની કલ્પના માત્ર હતી, તોય તેથી ભૂખ વેઠવાનું રાખ્યું. પણ 'પતિ ભૂખ સહન કરવાના છે કે નહિ ? તો હું કેમ ન સહન કરું ?' એ કાંઈ વિચાર એને ન આવ્યો, પછીથી પણ પતિ પોતાને ભૂખી રહેલી જોશે તેથી ખૂબ મમતાળુ અને આધીન બનશે, એની સુખદ કલ્પનામાં એને હૈયે આનંદ આનંદ ઊછળ્યો. થાય શું ? માત્ર પોતાની વિશેષતાની ચાહના. પતિ એવા આકર્ષાયેલા બને, બન્યા રહે કે પોતે પતિની આજ્ઞાંકિત નહિ, પણ પતિ પોતાના આજ્ઞાંકિત થઈ જાય એવા મનોરથ ઘડ્યા; એવા મનોરથ જાણે સિદ્ધ થતા દેખ્યા. એથી જ એ ખુશી ખુશી થઈ. જીવનને સફલ થતું માન્યું. બીજી સ્ત્રીઓને આવી આવડત ન આવડી માટે એમને ગમાર ગણી. 'ધણી પોતાને આધીન ન થાય, પોતાનો ગુલામ ન બને તો શું કામનું ?' આ એની જીવનકરણી !





**જેવા આદર્શ તેવી વિચારધારા :-** માનવ જેવા ઊચ્ચ ભવમાં આ વિચારસરણી ? પણ એનું કારણ હતું. તે એ કે એનો આદર્શ પોતાના પતિને ઐચ્છિક ગુલામ બનાવવાનો હતો. માનસશાસ્ત્રનો આ નિયમ છે કે હૈયામાં ઊંડે ઊંડે જે આદર્શ, જે મુરાદ, જે ધોરણ ઘડી રાખ્યું હોય, એને અનુસરીને વિચારધારા ચાલે. માટે જ **શુભ વિચારધારાનો જ જેને ખપ છે એણે મલિન આદર્શો; ને મલિન માનસિક ધોરણો દૂર કરી નાખી એના સ્થાને હૈયામાં ઊંચા શુભ આદર્શો, શુભ આશયો અને ધોરણો ધરી રાખવા જોઈએ.** જેમકે પ્રસ્તુતમાં બાઈએ પોતે પતિની પૂર્ણ આજ્ઞાંકિત અને એકાંત સેવાકારી બની રહે, પોતાનો સ્વાર્થ ભૂલીને માત્ર પતિના સુખને વધારવાનું જ લક્ષ રાખે; પોતે પતિની ગુલામડી બનીને રહે એવો આદર્શ રાખ્યો હોત તો તો એ યુક્તિ યુક્ત ગણાય; અને તો ઉપરની વિચારણા એને અનુસરીને સારી આવત. મનને એવું કંઈક થાત કે, 'એમાં શું ? એય ભૂખ્યા હશે ને ? અને કદાચ એમણે બહાર ખાઈ પણ લીધું હોય તો ય એ માલિક છે, સ્વામી છે, સ્વામીમાં અને સેવિકામાં ફરક જોઈએ જ. હું તો એમની સેવા કરનારી. મારે તો પતિવ્રતા ધર્મ બજાવવાનો.-' આવી કોઈ વિચારણા આવી હોત તો પાછળથી જે અનર્થ બને છે, તે ન બનત. પરંતુ અહીં તો હૈયામાં આદર્શ જ ખોટો, ત્યાં શું થાય ? ખેર ! આગળ જુઓ.

**ધર્મદાસ ઠેઠ સાંજે મોડો આવ્યો :-** સૂર્યાસ્ત થઈ ગયો છે. સંધ્યા જવા માંડી છે, ત્યાં ઘણી તપશ્યાને અંતે (!) સુંદરીને આવતા પતિના દર્શન થયા ! એટલે પગમાં જોર આવ્યું. કેમ વારૂં ? ખાવા ભેગી થશે એટલું જ નહિ, પણ ખરું તો પોતાની શાબાશી દેખાડવાનો ને પતિને પરવશ બનાવવાનો અવસર મળશે માટે.

**જેવી દૃષ્ટિ તેવી કાર્યની અસર :-** ઊઠીને પતિને સામે લેવા ગઈ. ઘરમાં લાવી એના કપડાં ઉતારે છે; કોચ પર બેસાડી પગ ધોવે છે; 'બહુ થાકી ગયા હશો ભૂખ પણ પીડતી હશે' એમ કહી પગ અને માથું દાબે છે. રોજ તો ધર્મદાસને આથી ગલગલિયાં થતાં; પણ આજે તો દૃષ્ટિ જરા ફરી છે, પરખ કરવાની છે, તેથી બહુ ઉમળકો નથી. **કાર્ય એનું એ હોય, પણ આપણી દૃષ્ટિ કેવી છે, તે પ્રમાણે કાર્યની અસર લઈએ છીએ.** એવું બને છે ને કે કોઈના ઉપર આપણને રીસ હોય, અને એણે આપણા માટે કાર્ય સુંદર પણ કર્યું; છતાં આપણને અસર સારી નહિ થાય ? દૃષ્ટિ ફેરવીએ, સ્નેહની રાખીએ, તો નુકશાનીના કાર્યની પણ અસર સારી રહેવાની.

**સુંદરીનો ચાળો :-** સુંદરી હવે કહે છે "અહો ! આજે ખૂબ મોડું થયું. ભૂખ્યા ને તપસ્યા એવા તે કેવા અગત્યના કામમાં અટવાઈ ગયા ? તમારું શરીર કેવું સુકોમળ ! દિવસમાં મારી સાથે દસવાર તો જમનારા, અને આજે આખો દિવસ સાવ ભૂખ્યા ! આમ શરીર શી રીતે ચાલે ? ઘેર ગયું એવું કામ ને બામ ! શરીર છે તો બધું છું કે શરીર ગુમાવી ને ? તમે એ બધું કષ્ટ મારી ખાતર કરો છો એ હું સમજું છું. પણ હુંય કેવી કે સ્વામીનાથને ત્રાસ અપાવનારી !..."એમ બોલતાં-બોલતાં તો એ રડવા લાગી. તે પણ ધ્રુસકે ધ્રુસકે ! સાચું કે બનાવટી ? લાગણી કે જાળ ? પણ ધર્મદાસ હમણાં ભોળવાય એવો નથી. જો કે આમાં એ સાચું-ખોટું કલ્પી શકતો નથી; તેથી અંતિમ પરીક્ષા ઉપર આધાર રાખે છે.

એ કહે છે "પણ રડે શા સારું ? તુંય ક્યાં સુકોમળ નથી ? મારા કરતાં વધુ કોમળ છે. તને મેં આજે ભૂખી રાખી. તને તો વધારે કષ્ટ પડ્યું."

"મને તો કંઈએ ઘા પડતા નથી. આ બીજું તો કાંઈ નહિ, પણ તમને જરા પણ તકલીફ પડે ત્યાં મારા તો પ્રાણ ચાલ્યા જતા લાગે છે. પછી રડવું કેમ ન આવે ? એમ થાય છે કે તમારી તકલીફ જોવા પહેલા મારું મૃત્યુ કેમ નથી થતું ?"

"એવું શું બોલે છે ? લે ઊઠ, હવે તુંય ભૂખી હશે, જમી લઈએ."

"બળ્યું મારું જમવાનું. મને શું ઘા પડી જવાના છે. હા, તમને ઝટ જમાડી દઉં. જુઓને આ તમારું મોં, આજે કેટલું કરમાઈ ગયું છે ! લ્યો ઊઠો, રસોઈ તૈયાર છે."

"શું બનાવ્યું છે ? આજે તો શીરો, પૂરી, વડાનું જમણ જમવું છે."

"એમ ! ધન્ય ભાગ્ય મારા ! આજે ભોજનની આપે જ પસંદગી કરી ! રોજ આ દાસીને ફરમાવતા હો તો કેવું સારું ! હંમેશા મને મુંઝવણ થાય કે એમને શું અનુકૂળ બનાવું ? બહુ સારું, હમણાં ઝટપટ બનાવી દઉં છું. ત્યાં સુધી તમે જરા આરામ કરો." એમ કહી સુંદરી ગઈ રસોઈ કરવા.

**પતિને ભ્રમ :-** ધર્મદાસ દિવાનખાનામાં જઈને સૂતો. મનમાં એમ થાય છે કે "શું એનો વિનય ! કેવો એનો પ્રેમ ! આનામાં કયા ગુણની કમી છે ? આ મિત્ર કહેતો હતો પણ અહીં તો જૂદું દેખાય છે, આમાં શું સમજવું ? મિત્ર બિચારો ભોળો લાગે છે. શાસ્ત્રોની વાતોને સર્વાંશે માની લે છે. શાસ્ત્રે કહ્યું છે કે નારી પ્રપંચની પુતળી અને સંસારના સંબંધીઓ બધા જ મતલબીઆ છે, સ્વાર્થી છે; તેથી મિત્રે બધે જ એવું માની લીધું. અહીં તો આ મારો પત્નીમાં જરાય વાંધો નથી દેખાતો. એક પણ અવગુણ નથી. આમાં ક્યાં એનો સ્વાર્થ કે પ્રપંચ દેખાય છે ? એ તો બિચારી એકલી મારી જ ફિકર કરે છે. ભૂખી ને તરસી મારી મજૂરી



કરે છે. જુઓ આ ભૂખી ને ભૂખી ફરી રસોઈ કરવા બેઠી..." આમ વિચારતરંગમાં છે ત્યાં અવાજ આવ્યો 'પધારો, રસોઈ થઈ ગઈ છે.'

વિચારે છે 'હવે શું કરવું ? હજી મિત્રે કહેલી પરીક્ષા પૂરી નથી થઈ. પણ આમાં પરીક્ષા કરવા જેવું શું છે ? નકામી મિત્રની ઘેલછાભરી વાતો છે. એમાં ક્યાં કૂચે મરવું ? ઊઠીને જમી લેવા દે.'

**સચ્ચાઈનું એક પારખું :-** પણ પાછું મનમાં થાય છે કે 'હા, એક વાત મિત્રની યાદ આવે છે કે અહીં ધર્મની કોઈ લેશ પણ વાત નથી દેખાતી. ત્યારે કાયિક પ્રેમ અને દેહધર્મ તો પશુપંખી ય બજાવે છે. અમે રાત્રિભોજન નહિ કરનારા આ બાઈના સામ્રાજ્યમાં તો સવારના ઉઠ્યા ત્યારથી રાતના સૂઈએ ત્યાં સુધી ઘંટી ઉઘાડી. કલાકે કલાકે મોંમાં આ ને તે, આચડ-કૂચડ આરોગે જવાનું. ન કોઈ વ્રત ન પચ્ચક્ખાણ ! ન તિથિ, ન પર્વ ! એમ ધર્મની ગંધ ન હોવાથી સંશય પડે છે. ત્યારે પરીક્ષાનો પ્રસંગ તો પૂરો ભજવી લેવા દે. જોઉં છું શું થાય છે,

-એમ વિચારી એ મૌન પડ્યો રહ્યો. ઉત્તર ન આવ્યો, તેથી પત્નીએ ફરી અવાજ આપ્યો. તોય એ ન બોલ્યો. એટલે સુંદરી ઊઠીને ત્યાં આવી. જોઈને કહે છે "અહો ! ઊંઘી ગયા લાગે છે, કેટલા બધા થાકેલા ! લાવ જગાડું" બૂમ મારે છે પણ આ ઊઠતો નથી. તેથી પેલી આને ઢંઢોળે છે, તો આ તો ઢંઢોળતાં જેમ એ ઊંચકે તેમ એ ઊંચકાઈ પડ્યો રહે છે. જેમ ફેરવે તેમ ફરે છે. પણ જરાય બોલતો નથી, હાલતો નથી.

**શું પતિ મરી ગયા :-** બાઈને ફાળ પડી કે 'આ શું ? ઊંઘ કાંઈ આવી ન હોય. હાથ ઊંચો કરીને મૂક્યો તો નીચે પછડાય છે, એક વાર બે વાર પાંચ વાર એમ જ. વળી એમ પગ, એમ માથું ઊંચકી મૂકી દેતાં પટકાય છે. ત્યારે શું આ મરી તો નહિ ગયા હોય ? લાવ, શ્વાસ જોવા દે.' "એમ કરી શ્વાસ જોવા નાકે આંગળી ધરે છે. પણ પેલોય પક્કો છે. પ્રાણાયમનો અભ્યાસ કરી લીધો છે તેથી શ્વાસ સારી રીતે રોકી રાખે છે, આ બિચારી આમ તો ગામડાનું માણસ તેને નાડી અને શ્વાસ બંધ દેખી કલ્પી લે છે કે 'જરૂર આ મરી ગયા.' પતિ મરવાના વિચારથી એને ધ્રાસકો પડે છે ! મોંઢેથી બોલી ઊઠે છે કે

**કામણની કલ્પના :-** "અરે ! આ એકાએક શું થઈ ગયું ? આમ તો એમને નખમાંય રોગ નહોતો. ત્યારે કેમ બન્યું આ ? હા, હા, મને સમજાણું; અમારા બંનેનું સુખ અને પ્રેમ બીજાને ઈર્ષ્યા કરાવે એવાં હતાં. એમાં કોઈ દુષ્ટ સ્ત્રીને સહન ન થવાથી જરૂર એણે આમના ઉપર કામણ કર્યું હશે. ને ભલે એમણે સવારે કોર્ટનું કામ કહ્યું, પણ કોઈ લુચ્ચીએ એમને પોતાના ઘેર ખેંચી ફસાવી કંઈક

ખવરાવી-પીવરાવી દીધું લાગે છે. કેવી પાપિણી એ ?..." એમ બોલતી ચઢી જૂઠા વિચારમાં. પોતાનું જ મન બગડેલું છે તેથી બહાર બીજાના ઉપર એવી બગડેલી કલ્પના કરી લે છે. પતિ બીજી પત્ની કરીને વધુ સુખી થાય એ એને ખટકે છે. એટલે ? કહો, **પોતાને જ ઈર્ષ્યા છે, તેથી બીજામાં ઈર્ષ્યાની કલ્પના કરી લે છે. મનની છૂપી ગડમથલો અંદરથી તેવી-તેવી દુનિયા સર્જે છે.** અહીં કાંઈ કામણ-બામણ નથી. મૃત્યુ નથી. છતાં **શંકાશીલ અને સ્વાર્થાંધ મન કલ્પનાઓ ભયંકર કરે છે.** માટે જ આ ઉપરથી પોતાની સ્થિતિ માપી લેવા જેવી છે. પહેલાં નંબરમાં મનનું સંશોધન કરવાની જરૂર છે. કહ્યું છે,

**'उचितमाचरणं शुभमिच्छतां, मनसः खलु शोधनम्'**- શુભ આચરણ કરવા ઈચ્છતા હોય તેણે પહેલાં તો મનનું સંશોધન, મનની શુદ્ધિ કરવી જોઈએ. **પોતાના મનના બિગાડાથી તો કેટકેટલાય સદ્‌વિચારના સ્થાનો પર દુર્વિચાર કરાય છે ! ગુણને દોષરૂપ જોવાય છે ! સુખને દુઃખમાં ફેરવી નંખાય છે !** એ નુકશાનોથી બચવા, બહાર ગમે તેમ બન્યું હોય, બનનાર હોય, કે બનતું હોય પણ પોતાનું મન સ્વચ્છ રાખવું.

સુંદરીનું મન પહેલેથી જ સ્વાર્થરસિકતામાં એટલું બધું બગડેલું છે કે એ માત્ર કોઈએ કામણ-ટૂમણ કર્યાનો વિચાર કરીને બેસી નથી રહેતી પણ આગળ વધે છે. એમાં વળી એને મન આ માનેલો પતિમૃત્યુનો પ્રસંગ એટલો બધો ભયંકર લાગ્યો છે કે હવે દિલમાં બળાપો ઘણો ઉગ્ર થવા માંડ્યો છે અને એ બળાપાને સ્ત્રી-સ્વભાવ મુજબ એકલી એકલી પણ મુખેથી બોલવા લાગે છે. એ કહે છે કે

**સુંદરીનો સ્વાર્થ બળાપો : બાપ ગધેડો ! પતિ કરમ ફૂટલો :-** "હાય હાય ! આ શું થઈ ગયું ? હું ધારતી હતી કે પતિ ધરમ-ધરમ બહુ કરતા તે મેં ભૂલાવી દીધું. અને હવે તે રંગરાગમાં સારી રીતે મને વશ બની ગયા છે એટલે મારું બધું કહ્યું કરશે. અને હું મહારાણી બની દેવતાઈ લીલા ભોગવીશ એમાં આ શી મોંકાણ વળી ગઈ ? અરેરે ! મારું તો બધું જ લૂંટાઈ ગયું. મને હવે સંસાર-સુખ ક્યાં જોવાનું ? મારે તો હવે જુવાન જોડલાઓને આનંદ-મગ્ન જોઈને બળવાનું રહેશે. ઊંચા કુળમાં જન્મેલા અમારાથી હવે બીજું શું થાય ? ક્યાં હવે એક વાર પણ ભોગસુખ જોવા મળે ? આ મારા કરતાં તો ચકલા-ચકલી ભાગ્યશાળી કે નિરાંતે આનંદ કરતાં બેઠા છે. હાયહાય ! આ મારો બાપ તે કેવો **ગધેડો** કે એટલી અક્કલ ન રહી કે લાવ પહેલાં આમની જનમકુંડલી બરાબર જોવરાવું. એ જોવરાવ્યું નહિ ને એકદમ ઉતાવળ કરીને આવા ટૂંકા આયુષ્યવાળા કરમ ફૂટલા સાથે ઘર મંડાવ્યું ? આના કરતાં કોઈ દીર્ઘાયુષી સાથે સંબંધ બાંધ્યો હોત તો કેવું સારું



થાત ?"

**પતિ સજડ :-** સુંદરીનો બળાપો વધી ગયો. એમાં કંઈનું કંઈ બોલવા ને બકવા મંડી. ધર્મદાસ પડ્યો-પડ્યો સાંભળે છે. સાંભળતાં એ તો થીજી જ ગયો. એને એમ થાય છે કે 'અહો ! આ તે પત્ની કે વેશ્યા ! આ મારા પર અસીમ વહાલ દેખાડનારી પોતાનો સ્વાર્થઘવાતાં મને કરમ ફૂટલો કહે છે ! અને માત્ર પોતાનાં વિષય સુખને જ રૂએ છે ! ખરેખર શ્રાવક મિત્રની ખરેખરી નજર અને મારા પર લાગણી કે મને આ પરીક્ષા બતાવી ! હજુ જોઉં છું કે આ શું બકે છે.' સુંદરીએ વળી ચલાવ્યું;

**પતિના મડદા પર શીરાપૂરી :-** "હે ભગવાન ! આ તે તેં શો જુલ્મ કર્યો ? તને મારી જરાય દયા ન આવી ? શાનો તને બધા જગત-દયાળુ કહે છે ? તું તો ક્રૂર છે. હવે મારે કમાવનાર કોણ અને મનમાની મારી સેવા કરનાર કોણ ? હવે આ રાત પડી ગઈ છે, કાણિયા-મોંકાણિયા આવશે અને આખી રાત ધમાલ ચાલશે તે ઠેઠ સવારે આ મડદું બાળવા લઈ જશે ત્યાં-સુધી એમાં મારે લોકને દેખાડવા ખાતર પણ રોકકળ કરવી પડશે; માથાં ને કપાળ કૂટવા પડશે, છાતી પીટ્યે રાખવી પડશે. અત્યારે મારામાં જોર ક્યાં છે ? આખો દિવસ આ અભાગિયાને સારું લગાડવાના લોભમાં મેં ખાધું નથી. ભૂખમાં ને ભૂખમાં અડધી થઈ ગઈ છું. તે કેમ કરીને કૂટાશે-પીટાશે ? ત્યારે આવા સારાં શીરાપૂરી વડાં ક્યાં; તે ય શું ફેંકી દેવાના ? ના, ના એ તો બન્યું તે બન્યું. એમાં કાંઈ ફરક પડવાનો નથી. હવે તો પેટ ભરીને ખાઈ લઉં; તિજોરી તાળાં સંભાળી લઉં, પછી પોક મૂકીને લોકને ભેગાં કરું..."

**મિલકત-મૂડીનો આનંદ :-** એમ બબડીને સુંદરી ઊઠી અને રસોડામાં જઈ બરાબર પલાંઠી મારીને શીરોપૂરી વડાં જમી ! જમીને બહાર આવી ! કબાટ તિજોરી સંભાળી લે છે. એમાં સારા સારા નાણાં ઝવેરાત દરદાગીના જોઈને બબડે છે "ખેર ! એ મર્યા પણ મારા માટે મિલકત મૂડી સારી રહી છે. આટલું સચવાય તોય ઘણું. પણ હા, મૂડીને એકલીને શું કરવાની ? ઉપાડવાની ? હવે દિલના મેલાપ ક્યાં કરવાના ?" એમ બબડતી આવી ધર્મદાસ પાસે અને ઘૂમટો તાણી મોટી પોક મૂકીને આક્રંદ કરવા માંડ્યું.

**સુંદરીની પોક :-** "ઓ મારા બાપ રે !...આ હું જીવતી મરી રે... આ મારું કપાળ ફૂટી ગયું રે... ઓ મારી મા રે... આ હું કપાઈ મરી રે... અરેરે મારું પેટ ફૂટ્યું રે... ઓ મારા ભગવાન રે... તેં તો મને આ જીવતી બાળી રે... હેંહેં... હેંહેં... હેંહેં..."

**લોક અને સુંદરી :-** પોક સાંભળીને લોક એકદમ ભેગું થઈ ગયું. પૂછે છે "શું થયું; શું થયું ?"

"શું કપાળ પૂછો છો ? આ જુઓને કોઈ રાંડે આમને કામણ કર્યું કે શું થયું, આ મરી ગયા. મારું નસીબ ફૂટી ગયું. આ મને જહન્નમમાં ઉતારી. ઓ મારી મા રે... હાય હાય ! આ મરતા ગયા ને મને મારતા ગયા. હવે મને ય કેમ મોત નથી આવતું ?"

લોકો સમજ્યાં કે પતિ એનો મરી ગયો છે; તેની આ પોક છે. એને સમજાવે છે.

"બેન ! થયું તે થયું. હવે શોક કર્યે શું વળે ? ભગવાનને ગમ્યું તે ખરું."

સુંદરી ભભૂકે છે 'શું રાખ ભગવાનને ગમ્યું ? ભગવાને ય કેવો હરામી તે કોઈ ડોસલા ન મળ્યાં તે અહીં ધાડ લાવ્યો અને આ મને જીવતી મારી નાખી ?' વળી કોઈ ડાહ્યો કહેનાર નીકળ્યો;

"બેન ! ભગવાન તો કશું કરતા નથી. પણ ભાગ્ય આગળ કોઈનું કંઈ ચાલે છે ? હવે તો શાંતિ પકડો. અને લાવો ખાંપણ-બાંપણ, કરીએ ઠાઠડી, પણ પહેલાં આમને નીચે ઉતારવા પડશે."

**ધર્મદાસના પગની થાંભલે આંટી :-** એમ કરી બે જણા ધર્મદાસને ઉપાડવા જાય છે. પણ ત્યાં એક મુશ્કેલી થઈ. ધર્મદાસ સૂતો હતો તે વચમાં રહેલા થાંભલાને બે પગની આંટી મારીને સૂતેલો. એટલે પગ છૂટ્યા નહિ. પેલા જરા જોર કરે છે, પણ આ ય લક્ક બાજ છે; પગની આંટી પર જોર રાખે છે, તેથી પગ છૂટતા નથી. એટલે એ મસાણિયા બાઈને કહે છે, "બેન ! કરવતી હોય તો લાવો. તો આ થાંભલો કાપી નાખીએ અને આમને ઉપાડી લીએ." ત્યારે બાઈને મનમાં ફફડાટ થયો. એ પેલાને નજીકમાં બોલાવી કાનમાં કહે છે

**પગ કાપી નાખવાની સુંદરીની સલાહ :-** "તમારામાં તે અક્કલ છે ? આ હું વિધવા થઈ. હવે મને કોણ કમાવી દેનાર રહ્યું તે તમે આ રત્નનો થાંભલો કાપી નાખો છો ? એ તો હવે, આમેય મરી ગયા છે; અને એમના મડદાને તો બાળી મૂકવાનું છે, પછી શું કરવું તે તમે એટલું ય સમજતા નથી ?"

મસાણિયો બોલ્યો. "હા હા, ખરી વાત તમારી. અમે સમજી ગયા, સમજી ગયા. લાવો પગજ કાપી નાખીએ."

**ધર્મદાસ ઊઠે છે :-** ધર્મદાસને મરેલો જાણી એની નજીક જ આ વાત થઈ, તેથી એના સાંભળવામાં આવી. એ સાંભળીને તો સજડ થઈ ગયો. એને એમ થયું કે "આ હું શું સાંભળું છું ? આવી સ્ત્રીને હું મહાસતી સીતા ગણતો હતો ? ખેર !



પણ હવે જો પગ પર કરવત મૂકે તો મર્યા સમજો. હવે મિત્રે કહેલી પરીક્ષાવિધિ પણ પૂરી થઈ છે, તેથી હવે ઊઠું." એમ વિચારી બાઈએ આપેલી કરવતી જ્યાં પેલા પગ પર મૂકવા આવ્યા કે ધર્મદાસ સડાક ઉઠ્યો. એથી કંઈક લોક ભડક્યા તેથી અને કંઈક સમજ્યા કે આ તો ધણી-ધણીઆણીએ આપણી મશ્કરી કરવાનો ઘાટ ઘડ્યો એમાં પગ પર કરવત મૂકવા સુધી આપણે પહોંચી મૂર્ખા બન્યા; તેથી શરમાઈ ગયા; એટલે ત્યાંથી ઝટપટ ઊઠીને નીચે ઊતરી ચાલતા થઈ ગયા.

**ધર્મદાસ સુંદરીની જડતી લે છે :-** પણ સુંદરી ક્યાં જાય ? હવે ધર્મદાસ એને ઊધડી લે છે, "કેમ ? શું આ ? આ તમારો પ્રેમ અને આ તમારું સતીપણું ? કોઈએ કામણ કર્યું ? કે તમે જ કર્યું ? હું મર્યો માટે હું કપાળ-ફૂટલો અભાગિયો, અને તમે જીવતા માટે આખા કપાળના ? બાપે બીજો સારો ધણી ન કર્યો માટે બાપ ગધેડો ? અને હું ખરાબ ? ત્યારે તમારે તો માત્ર વિષયસુખ જોઈતા હતા, ચામડાની રમત ખપતી હતી તે તમારા કરતાં તમે ચકલા-ચકલી સારા માન્યા ? અને તમને આ બધું દુઃખ ભગવાને દીધું ? તે ભગવાનનેય હરામી કહેતાં તમને આંચકો ન આવ્યો ? આમ તો તમે મને કહેતા હતા કે 'તમને જરા તકલીફ થાય ત્યાં મારા તો પ્રાણ જવા જેવું થાય, અને એ જોવા પહેલાં મારું મોત કેમ નથી થતું ?' તો પછી મારા મડદા ઉપર આ શીરા-પૂરી, વડાં ગળે કેમ ઊતર્યા ? અહીં તો મને સામાન્ય તકલીફ નહિ પણ આખું મૃત્યુ થઈ ગયું, તોય તમને જરાય તકલીફ પણ ન થઈ ? તે શીરો ભાવ્યો ! પૂરી ગમી ! વડાં ટેસથી ખાધાં ! ઉપર પાછાં તિજોરી-તાળાં સંભાળી મિલક્ત મૂડી બદલ ખુશી થયા ! ધન્ય તમારા જનમને ! આમાં ક્યાંય ધરમ યાદ આવ્યો ? શાનો યાદ આવે ? તમે તો મનેય ધર્મ ભૂલાવી દીધો ? અને હું ધર્મ ભૂલી પાપમાં મસ્ત બન્યો એથી તમે રાજી થયા ! તો પછી તમારે જાતે શાનો ધરમ યાદ કરવાનો હોય ? વળી લોકોને જે કહેવા નીકળ્યા કે 'મારું કપાળ ફૂટી ગયું, મરનાર મને મારતા ગયા...' તે ય કેટલું જૂઠું ? કપાળ તમારું ફૂટી ગયું કે મારું ? તમે તો જીવતા બેઠા હતા તે હવે સમજીને મોહ દૂર કરીને ધર્મ કરીને ભવ સુધારી શકત, પુણ્યવંતા બની શક્ત ! કપાળ તો મારું ફૂટેલું ગણાય, કે હું તમારી મોહમદિરા પી, તમારા વિષય કીચડમાં ભૂંડની જેમ મહાલ્યો, ધર્મ ભૂલ્યો, અને એકલાં પાપ કર્યા; તે ખરેખર હાલ મર્યો હોત તો મરીને ક્યાંય દુર્ગતિમાં ગયો હોત ! પાછું બાકી રહ્યું હતું તે મારા અત્યંત પ્રેમી કહેવરાવનારા તમે થાંભલાને બદલે મારા જ પગ પર કરવતી મૂકાવવાનું કર્યું ? ક્યાં છે આમાં પ્રેમનો છાંટો સરખોય ? દંભ તે કેટલો બધો ? ભલું થજો કે સૂઝાડનારે સાચી બુદ્ધિ સૂઝાડી ને આ તમારી બધી દંભલીલા જોવા મળી, કોનાં

પેટનાં તમે ? તમારી તે કઈ જાત ને કઈ ભાત ?..."

સુંદરી સજ્જડ થઈ ગઈ છે. આજ બધું પોકળ પોતે જ અજાણમાં ખુલ્લું કરી દીધું છે. પતિ હવે એનો શબ્દે શબ્દ જોખીને પાછો આપે છે. તેથી પોતાની ભયંકર ભૂલ સમજી ઊઠીને પતિના પગમાં પડે છે; ચોધાર આંસુએ રડે છે. પોતાનું કપટ કબૂલે છે; હવે કહે તેમ વર્તવા તૈયારી બતાવે છે.

અંતે ધર્મદાસ એને ધર્મ સમજાવે છે. ગુરુ મહારાજના ઉપદેશના સંપર્કમાં લઈ જાય છે. ચારિત્રજીવનની તૈયારી માટે ઊચ્ચ શ્રાવકના વ્રત નિયમો લઈને પાળે છે. દેવભક્તિ, ગુરુભક્તિ, ધર્મની અનેક ક્રિયાઓ, ત્યાગ તપસ્યા, જ્ઞાન ધ્યાનમાં લીન બને છે. બ્રહ્મચર્ય પાળે છે, અને અવસર આવતાં બંનેય બળિયા બની ચારિત્ર માર્ગે સંચરી આત્મકલ્યાણ સાધે છે. શ્રાવક મિત્ર પણ એમનું જ દૃષ્ટાન્ત લઈ સંસારને અસાર-અસ્થિર સમજી સાધુ બને છે. સ્વપરના મહાન ઉપકારને કરી સદ્ગતિ પામે છે ત્રણેય જણે જીવનને એમ ધન્ય બનાવ્યું.

સંસાર આવો છે, એ ઉપલક નજરવાળાને અનુભવ પછી સમજાય છે, ત્યારે ધર્મઘોષ જેવા સૂક્ષ્મદર્શી આત્મા પહેલેથી જ એને તેવો ઓળખી લે છે. તેથી એ સંસાર પ્રત્યે વિરાગી દશામાં વિહરે છે. એમાં એક વાર શું બને છે તે હવે જુઓ.

ધર્મઘોષ આચાર્ય મહારાજ કહે છે કે "હું રાજપુરમાં સંસારથી વિરક્તદશામાં રહેતો હતો. કેમકે સંસારનું કોઈ સ્વરૂપ સારવાળું દેખાતું ન હતું. અંદર-બહારનું રૂપ જુદુ હતું ! બહારથી વહાલ, અને અંદરથી વિશ્વાસઘાત ! લક્ષ્મી-ઘર-દુકાન-કુટુંબ બધા જ એક દિ' ધોખો આપશે એ ખબર છે ? જેને આ બધું વિશ્વાસઘાતી હોવાનો પત્તો લાગી ગયો, તે નિરાંતે બેસી ન શકે."

રાજપુરમાં એક દિવસ એક **અમરગુપ્ત** નામે મહાન આચાર્ય ભગવંત પધાર્યા. એમને અવધિજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. સાથે ઘણા સાધુઓ હતા. લોકમાં વાત ફેલાઈ ગઈ કે "અહો, આચાર્ય ભગવંત મહાન તપસ્વી છે ! જેમણે પાપના સર્વ રસ્તા બંધ કરી દીધા છે. જેથી પાપનો પ્રવેશ જ ન થઈ શકે ! વળી સાથે એ નિર્મળ અવધિજ્ઞાનને ધરનારા અને દેશનાની મહાન લબ્ધિવાળા છે."

**દેશનાની લબ્ધિ અને નંદિષેણ મુનિ :-** દેશનાની આવડત જુદી અને દેશનાની લબ્ધિ જુદી. નંદિષેણ મુનિ પાસે દેશનાની લબ્ધિ હતી. મરિચિ પાસે દેશનાની લબ્ધિ હતી. કેઈ લોકોને પ્રતિબોધીને મોકલતા હતા ભગવાનની પાસે. ખૂબી કેવી, કે પોતે કંઈ દશામાં ? મરિચિ હતા ચારિત્રભ્રષ્ટ અને નંદિષેણ મુનિ વેશ મૂકી બન્યા હતા વેશ્યા-પ્રેમી ! પરંતુ વેશ્યાના ઘરમાં બેસી રોજ દસ-દસ માણસોને ઉપદેશ



આપીને બોધ પમાડતા. પછી જ ભોજન કરતા. બોધ ઉપાશ્રયમાં નહિ ! દુરાચારિણીના ઘરમાં રહીને બોધ ! તેય આપવાનો કોને ? દુરાચારીને ! વેશ્યાને ભોગવવા આવનારને ! વ્યાખ્યાન સાંભળવા આવનારને નહિ હોં ! ખ્યાલમાં આવે છે કાંઈ ? કેવી હશે એ દેશનાની લબ્ધિ ? શું કહેતા હશે એ દેશનામાં ? કહેવાની શૈલી નહિ આવડે આપણને. પણ કહેતા હશે કંઈક એવું કે :- "જન્મ પામ્યા ત્યારથી મૃત્યુની ફાંસી તૈયાર છે. ખબર છે ? અસંખ્ય દેવોનો સ્વામી હો કે રસ્તાનો રખડતો ભિખારી હો; મૃત્યુની ફાંસી બંને માટે તૈયાર છે ! સરકારની ફાંસી અને આ ફાંસીમાં ફરક એટલો કે સરકાર જાહેર કરે દા.ત. ઓગસ્ટની ૧૩ મી તારીખની સવારે ફાંસી અપાશે !"ત્યારે આ ફાંસીમાં તો ખબર નથી, કે ક્યારે મૃત્યુ છે. મૃત્યુ હોવાની ખબર છતાં માની લીધું છે કે મૃત્યુની ફાંસી માટે આપણે બહુ મોટી મુદત છે. તેથી મજા કરી લો ! માટે તો સાલગીરીમાં કંસાર-લાડુ અને દૂધપાક પુરી જમાય છે. ત્યાં એ ખબર છે, કે નવી સાલગીરી એટલે મૃત્યુની નજીક થયા ? ભૂલો નહિ કે માનવ જીવનનું સુવર્ણ રસસમાન આયુષ્ય ક્ષણે-ક્ષણે ઢળી રહ્યું છે. જાણો છો સુવર્ણ રસને ?

**સુવર્ણરસ પર શ્રીપાલનો પ્રસંગ :-** ગુફામાં સાધકો સુવર્ણરસની સિદ્ધિ કરી રહ્યા હતા, વનસ્પતિઓ વગેરે હાજર હતું, પણ રસ નહોતો બનતો. એવામાં ત્યાં પરોપકારી શ્રીપાલ આવી પહોંચે છે. સાધકે જોયું કે આ કોઈ વ્યક્તિ ભારી તેજસ્વી દેખાય છે. જોઈને ખુશ થઈ ગયા. એ શ્રીપાલને આવકારે છે. શ્રીપાલ કહે છે,

"કેમ શી મુંઝવણમાં છો ?"

"આ સુવર્ણરસ બનતો નથી."

"કેમ ન બને ? બનાવો મારી સામે."

બનાવ્યો. ઉત્તમ આત્માની મંત્રતુલ્ય દૃષ્ટિથી રસસિદ્ધિ થઈ ગઈ ! સાધક ખુશ થઈ ગયા. શ્રીપાલને એ કહે છે,

"લઈ જાઓ આ સુવર્ણરસ. આપને લઈ જ જવો પડશે. એના એકેક ટીપામાંથી ઢગલો સોનું બનશે."

શ્રીપાલ કહે છે "ના રે ભાઈ ! મારે શું કરવો છે ? મારે જરૂર નથી. એ વેઠ વળી સાથે ક્યાં સંભાળું ? લક્ષ્મી તો દેશાટનની મજા લૂંટવામાં રુકાવટ કરવાવાળી છે."

શું શ્રીપાલનું હૃદય છે ! **જ્યાં લોભ નથી, લાલસા નથી, એ હૃદય ખૂબ ફોરું, ખૂબ હલકું ફૂલ જેવું !** દગાબાજ ધવલે વહાણમાં ખીલા વિનાના ગોખમાં

ચઢાવ્યા, ને શ્રીપાલકુમાર પડ્યા સમુદ્રમાં ! પણ ત્યાં શું ? **"નમો અરિહંતાણં."** "ઓ બાપરે મરી ગયો" નહિ. તો પણે મત્સ્ય તૈયાર છે ઝીલવા. શ્રીપાલ એની પીઠ પર બેઠા અને થાણા બંદરના કાંઠે ઊતર્યા. કેવો સેવક મત્સ્ય ! આ તો નકામા આપણે લોભથી ભારે થઈએ છીએ. પુણ્ય એની મેળે યથાયોગ્ય કરી દે છે. આજે આપણે કહીએ છીએ ખરા કે "નવપદ ચમત્કારિક કહેવાય છે, પણ કાંઈ ફળ મળતું નથી. ત્યારે શ્રીપાલને કેમ મળતું હતું ?" પણ એ નથી વિચારતા કે **નવપદ પ્રત્યે શ્રીપાલ જેવું હૃદય બનાવ્યું છે ?**

આપણી વાત છે સુવર્ણરસની. શ્રીપાલે સુવર્ણરસ ન લીધો. પણ માનો કે તમે જ ત્યાં હો અને તમને પેલાંએ સુવર્ણરસની તુંબડી ભરી આપી; પણ કમભાગ્યે તુંબડી સહેજ ફૂટેલી નીકળી. સુવર્ણરસના ટીંપા ઘરે જતાં વચમાં ઢળી રહ્યા છે, તો કેવી લાગણી પેદા થાય હૃદયમાં ? "ક્યારે ઝટ જાઉં ને લોટો બદલી નાખું. હાય હાય ! આતો ટીપું નહિ પણ ઢગલે ઢગલા સોનું ઢળી રહ્યું છે !" એમ થાય ને ?

અરે સુવર્ણરસ શું ? દૂધનો લોટો પણ કાણો હોય તો ઘરે પહોંચી લોટો બદલી નાખવા કેટલી ઉતાવળ થાય ? કેટલી હાયવોય ને ચિંતા થાય ? તો ઢળી જતાં સુવર્ણરસના ટીપાનું પૂછવું જ શું ? તો પ્રશ્ન એ છે કે **માનવ જીવનના અતિ મોંઘેરા આયુષ્યરૂપી સુવર્ણરસમાંથી મિનિટ મિનિટ કે સેંકડ-સેંકડરૂપી ટીપાં ઢળી રહ્યા છે તે બદલ કેટલી હાયવોય, ચિંતા અને ઉતાવળ છે ?**

અહીં કદાચ પાંચ મિનિટ વ્યાખ્યાન બંધ રહે તો શું કરો તમે ? ઈધર-ઉધરના ગપ્પા ને ! એમાં ઘોંઘાટ એવો કરી મૂકો કે જાણે શેર બજારના સોદા, કે ઝટપટથી એક ચિત્તથી નવકાર ગણવા માંડો ? ખબર છે ને એક પણ નવકાર ગણવાનું કેવું મહાન ફળ છે ? એવા એ ધર્મકાર્યમાં ખર્ચેલી આયુષ્યની એક મિનિટ સુવર્ણરસના બિંદુની જેમ દેવતાઈ સુખના વિપુલ પુણ્ય પેદા કરી આપે છે. કમઠના બળતાં લાકડામાંથી નીકળેલા સાપે ફક્ત મરતાં મરતાં નવકારમાં ચિત્ત લગાવ્યું તો એ મરીને ધરણેન્દ્ર થયો ! સાધુ મુખેથી સમડીએ મરતાં મરતાં નવકાર સાંભળતા એમાં મન જોડ્યું તો રાજકુમારી થઈ !

સુવર્ણરસથી કેઈ ગુણી કિંમત માનવભવના આયુની એકેક ક્ષણ છે. એના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સદુપયોગથી સદ્‌ગતિના મહાસુખરૂપી સુવર્ણ સર્જાય છે. રસ્તે ચાલતાં રેતીની ગાડી જોઈ. તેમાંથી રેતી ઢળી રહી છે, તો પણ હૃદયમાં થાય છે કે 'અરે કાણી ગાડી ! રેતી ફોગટ ઢળી રહી છે !' તો રેતી ઢળી રહ્યાનું ય દુઃખ થાય છે, પણ સુવર્ણરસથી ય અતિ ઊંચી કિંમતવાળું આયુ ઢળી રહ્યું છે, તેની



જરાય ફીકર નથી ?

વિચાર આવે કે "અગીયારથી પાંચ વાગ્યા લગી સામાયિક, નવકારવાળી-સ્વાધ્યાય કર્યો હોત તો અપરંપાર લાભ થાત, પણ બજારમાં તેટલો આયુષ્યનો સમય બગાડ્યો, પૈસા મળ્યા નહિ, ને પાપ માથે ચઢ્યું; ઘીનો ડબ્બો કોઈ લાડુ વગેરે બનાવવાના કામમાં તો નહિ આવ્યો પણ ઘરમાં કાંઈક સળગી રહ્યું હતું એમાં ઢળીને પડ્યું. ત્યાં ઘીનો નાશ થયો અને આગ વધી ! એમ આપણા આયુનો ઉપયોગ પાપસ્થાનોને પોષવામાં કર્યો; ત્યાં આયુષ્યનો નાશ થયો અને પાપ વધ્યું."

નંદિષેણમુનિ વેશ્યાના ઘરમાં બેઠા પણ એવું જ કાંઈક બતાવતા લોકોને કે; "કાં હોમો છો આ માનવ આયુષ્યના સુવર્ણરસને અગ્નિમાં ? સ્વપ્ન જેવું આયુષ્ય છે. જોતજોતામાં પૂરું થઈ જશે. સ્વપ્ન અને આયુષ્ય બેય ઈન્દ્રજાળ. ફરક માત્ર એટલો કે સ્વપ્નમાં આંખ ખૂલ્યા પછી કાંઈ નહિ, ને જીવનમાં આંખ બંધ થયા પછી કાંઈ નહિ. ત્યારે હજી આંખ ખુલ્લી છે, ને આયુષ્ય બાકી છે, ત્યાં સુધી માનવ આયુષ્યના સુવર્ણરસથી મહાચારિત્ર સાધના કરી પુણ્ય સુવર્ણ બનાવી લ્યો; આત્મશુદ્ધિનું સુવર્ણ સાધી લ્યો." નંદિષેણની આવી કોક ધર્મપ્રેરણા પામી વેશ્યાના ઘરે આવેલા કામાંધ માણસો પ્રતિબોધ પામી જતાં. એવી લબ્ધિ હતી એમની દેશનાની.

એમ અહીં પણ અમરગુપ્ત આચાર્ય મહારાજ મહાન અવધિજ્ઞાનના ધારક તો હતા જ, ઉપરાંત યથાસ્થિત ધર્મદેશનાની લબ્ધિવાળા હતા. એમનો યોગ મળવામાં ત્યાંના નગરનિવાસી ધર્મઘોષના કેવા મહાન પુણ્યોદયની જાગૃતિ ! સાચું પુણ્ય આ છે કે જેના પ્રભાવે આત્મામાં પૂર્વના પુણ્ય ખૂટે નહિ, અને નવાં પુણ્યના મોટા ભંડાર ભરાય.

મહાજ્ઞાની પધાર્યા એટલે તો શું રાજા અને શું પ્રજા, સૌ દર્શન, વંદન અને ઉપદેશ-શ્રવણ માટે આવે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૨૬,તા.૫-૩-૧૯૫૫

ત્યાં રાજાએ પૂછ્યું,

**અવધિજ્ઞાની મહર્ષિને રાજાનો પ્રશ્ન :-** "હે ભગવંત ! આપશ્રીને ભૂત, ભવિષ્ય અને વર્તમાન પદાર્થોનું પ્રત્યક્ષ કરનારું અવધિજ્ઞાન પ્રગટ થયું છે. તો મારા પર અનુગ્રહ કરીને આપ આપનું ચરિત્ર સંભળાવો. આપશ્રીએ ક્યારે અને કેવી રીતે શાશ્વત શિવસુખરૂપી વૃક્ષનું જ એક બીજ સમાન સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું ?

ક્યારે દેશવિરતિ પ્રાપ્ત કરી ? યાવત્ અહીં કે બીજા ભવોમાં આપે ક્યારે અને કેવી રીતે સાધુપણું પ્રાપ્ત કર્યું ?"

**જડવાદી પાપ જિજ્ઞાસાની પોકળતા શાથી ? :-** પૂર્વના રાજા મહારાજા જેવાઓની જિજ્ઞાસાઓ જોવા જેવી છે. અવધિજ્ઞાની મુનિ હાજરાહજૂર છે, તો લાવો કંઈક પ્રજાની આર્થિક ઉન્નતિ, સામાજિક ઉન્નતિ વગેરેના ઉપાય પૂછી લઈએ. ભવિષ્ય પૂછી લઈએ. આવી કોઈ **જડવાદી પાપ જિજ્ઞાસા નહિ, કિન્તુ ચૈતન્યવંતી ધર્મજિજ્ઞાસા ઊઠે છે !** માનવ જીવનના મહાદીર્ઘ દૃષ્ટિવાળા વિવેકી લક્ષ્ય એ સમજીને શા ધોરણ નક્કી કરતા હશે કે જેથી આવી જિજ્ઞાસા ઊઠે ? એજ ને કે,

(૧) વર્તમાન જીવનની ખાનપાનાદિ તથા રંગરાગની વસ્તુ તો ચાલ્યા જ કરવાની છે, એ કાંઈ નવી શીખવાની નથી. અનાદિની એ કાર્યવાહી તો ચાલુ જ છે.

(૨) વળી એની અનુકૂળતા-પ્રતિકૂળતા પણ આપણા પૂર્વના સુકૃત-દુષ્કૃતના આધારે રહેવાની.

(૩) ત્રીજી વાત એ કે પૂર્વના પુણ્યથી કદાચ સારી અનુકૂળતા મળી જાય, તો પણ એના પર પરલોકના સુધારા-બિગાડાનો આધાર નથી. એનો આધાર તો સારી દુન્યવી સગવડ કે અગવડને બદલે આપણા **માનસિક ચિંતન, હાર્દિક વલણ** અને **આત્મિક પરિણતિ** ઉપર છે. **એ મન-હૃદય-આત્માની જો સ્થિતિ શુભ, તો પરલોકનો સુધારો; અને જો પરિસ્થિતિ ખરાબ, તો ભવાન્તરનો બિગાડો.** એટલે કે,

(૪) **ભોગના સાધન મળવામાં પૂર્વ કર્મનું જોર; તથા ભોગવવામાં એની એ અનાદિ અનંતકાળની પશુરમત.**

**ત્યારે પરલોકના સુધારાનો આધાર તો પાછો આપણા મન-હૃદય-આત્માની શુભ ભાવના-વલણ-પરિણતિ ઉપર જ છે.** તો પછી એ જડ સુખના સાધનોની કે જડ સુખની શી બહુ ચિંતા કરવી ? એમાં તો આત્માને મફત ટીચાવાનું રહે. એના કરતાં પરલોકહિતકારી શુભ ભાવનાઓ, શુભ વલણ અને શુભ પરિણતિ કેમ ઘડાય, કેમ ટકાવાય, અને કેમ અધિકાધિક ઉજ્જવલ કરાય, એના માર્ગ કાં ન શોધવા ? એમાં વળી ઘેર બેઠે એવા કોઈ મહાજ્ઞાની મળી જાય તો પછી એ જ વસ્તુ કાં ન પૂછી લેવી ? પાછું ત્યાં મહાજ્ઞાનીના પોતાના અનુભવેલા અનુભવ જાણવા મળે, એ તો મહાન પ્રેરણાદાયી વસ્તુ ! મહાન ધર્મશ્રદ્ધા કરાવનાર પ્રબળ નિમિત્ત ગણાય ! તેથી અહીં અરિમર્દન રાજા અવધિજ્ઞાની મુનિનું પોતાનું જ અનેક ભવોનું ચરિત્ર પૂછે છે. ક્યારે સમકિત મળ્યું, શ્રાવકપણું મળ્યું, સાધુપણું મળ્યું,



વળી એ બધું કેવી રીતે મળ્યું, ઇત્યાદિના પ્રશ્ન પૂછી લે છે.

**યોગ્યની પાસે યોગ્ય મંગાય :-** ચક્રવર્તી પાસેથી કોઈ અદ્ભુત સંપત્તિ વૈભવ માગી લીધા તો તો ચક્રવર્તીની કદર કરી ગણાય; પણ ફાસફૂસિયા ચાર ચીંથરા અને દસ-પાંચ રૂપીયા માગ્યા, તો એમાં શું માગ્યું ગણાય ? એ તો એની મજાક કરવા જેવું થાય, અને પોતાને અપૂર્વ લાભથી વંચિત રહેવાનું થાય.-આ પણ વસ્તુ ખૂબ વિચારવા જેવી છે, કે **કોની પાસેથી શી આશા રાખવી ?** ક્યાં શું માંગવું ? અરિમર્દન રાજા અહીં અવધિજ્ઞાની મહર્ષિ પાસેથી એવું માગી લે છે, કે જેમાંથી સાંભળનારા મલિન આત્માના આખાને આખા પરાવર્તન થઈ જાય ! અનંતકાળના અંધકાર ઉલેચાઈ જાય ! ભાવી અનંતકાળ ઉજ્જવળ કરવાના નિર્મળ પ્રકાશ, પ્રેરણા, અને પુરુષાર્થ પ્રાપ્ત થઈ જાય !

## • શ્રી અવધિજ્ઞાની મહર્ષિનું ચરિત્ર •

રાજાના પ્રશ્નના ઉત્તરમાં હવે અવધિજ્ઞાની મહર્ષિ શ્રી અમરગુપ્ત આચાર્ય મહારાજ પોતાનું ચરિત્ર કહે છે,

"રાજન્ ! સાંભળ આજ વિશ્વમાં એક ચંપાવાસ નામે નગર છે. ત્યાં પૂર્વકાળને વિષે સુધનુ નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તેની ધનશ્રી નામની પત્ની હતી. એની હું **સોમા** નામની પુત્રી થઈ. વખતને જતાં શી વાર ? જોતજોતામાં તો હું યુવાવસ્થાને પામી ગઈ. તેથી મને તે જ નગરના રહેવાસી નંદ નામના સાર્થવાહના પુત્ર રુદ્રદેવની સાથે પરણાવવામાં આવી."

**'અમે અનેક' અને 'હું એકલો' :- સંસારની આ સહજ વસ્તુ છે કે 'ઉંમરમાં આવો એટલે એકત્વની ભાવનાની નજીક જવાને બદલે અનેકત્વની ભાવનાના વિસ્તાર તરફ આગળ** વધો.' સંસારમાં જન્મીને માત્ર એટલું હતું કે **'અમે અનેક'** એટલે કે 'અમેમાં મારા પિતાજી, મારી બા, મારા ભાઈઓ, મારી બેનો' એટલું હતું. પણ એમાં તો અવસર આવ્યે માતપિતા ચાલી જવાના હતા, બેનો પરણી જવાની હતી, અને ભાઈઓ પોતાની પત્ની વગેરે કુટુંબને ઊભા કરી લેવાના હતા. એટલે પોતે ને જાતે એકલા પડી પોતાને કેવળ આત્મચિંતન કરવાનો મોકો હતો; એકત્વની ભાવનાને ઠીક ઠીક આત્મસાત્ કરવાનો અવકાશ હતો. પરંતુ અહીં તો એ મોકો આવવા દેતાં પહેલાં જ યુવાનીનો અવસર જે આવે છે, તે **'અમે અનેક'**ની ભાવના દૃઢ રહે એવો વિસ્તાર કરી આપે છે; 'જુઓ તમે લગ્ન, કરો, બાપ બનો; એટલે હવે એમ અનેકમાં મારી પત્ની, મારા પુત્ર, મારી પુત્રવધૂઓ, મારી પુત્રીઓ, મારા જમાઈ, મારા પૌત્રો...' એમ અનેકપણાનો વિસ્તાર કરો.' -આવું

આ સંસાર કહે છે. પાછું એ બધા નાનડિયા એટલે એ પત્ની, પુત્રો, પુત્રવધૂઓ, પોતરાં એની સાથેની અનેકત્વની ભાવના જીવનભર માટે દૃઢ કરી આપે છે. આ સંસારમાં વાસ્તવિક રીતે જ્યારે જીવનું એકત્વ છે, **એકલો** જન્મે, **એકલો** કર્મની પીડાઓ ભોગવે, **એકલો** માંદો પડે, અનેકની ખાતર **એકલો** પાપ કર્મોના થોક ઉપાર્જે, અંતે **એકલો** મરે, **એકલો** ક્યાંય અગમ-અગોચર પ્રદેશમાં અર્થાત્ સંસારની અટવીમાં **સરનામું ન જડે** એવા સ્થાને પહોંચી જાય, અને ત્યાંથી પણ **એકલો** અનેક ભવોમાં ભટકે; આવું બધું જ્યારે જીવનું એકત્વ છે, ત્યારે અનેકત્વના જીવનભરના ખ્યાલમાં અટવાઈ જવું, એ શું અજ્ઞાનતા નથી ? પાછું **એ બધું વારંવાર એકલા જન્મવાનું-મરવાનું રઝળવાનું જે અનેકત્વની ભાવનાથી ઊભું થાય છે, કપાળે ચોંટે છે, તે અનેકત્વની ભાવના તારક કહેવાય કે મારક ?** મિત્ર કહેવાય કે શત્રુ કહેવાય ? અહીં પ્રશ્ન થવાનો કે

**પ્ર.**- પરંતુ એમ અનેક થયા પછી ધર્મસાધનાની અનુકૂળતા થાય છે ને ? અને 'અમે અનેક'ના કુંડાળામાં આવેલાને પણ ધર્મ પમાડાય એય શું લાભ નથી ?

**ઉ.**- આમાં બે વાત છે.

(૧) એટલું તપાસો કે જાતે ધર્મ સાધવાની મોટી અનુકૂળતા અને અન્યને ધર્મ પમાડવાનું, આ બે ખરેખર સારી રીતે ક્યાં થાય છે ? અનેકત્વની ભાવનામાં **'અમે અનેક'**માં થાય છે કે 'હું એકલો'માં ? **ધર્મ** સાધવા-સધાવવામાં તમે આગળ પડતા છો કે સાધુ મહાત્માઓ ? સાધુઓએ અનેકત્વનો ખ્યાલ છોડી દીધો છે. ઇન્દ્રિયો સહિત શરીરને પણ તદ્દન પરાયું અને ધોખાભર્યું એ ગણે છે. દેવ-ગુરુને પોતાના કર્યા છે તેમાંય અન્તતો ગત્વા (છેવટ જઈને) તો પોતાના શુદ્ધસ્વરૂપી આત્માને દેવ તરીકે અને પોતાના પ્રેરક જીવને જ ગુરુ તરીકે સમજે છે. આમ વસ્તુગત્યા એકલા બનીને એકત્વની ભાવના દૃઢ કરી જાતે મહાધર્મ સાધે છે, અને અનેકાનેક ભવ્ય જીવોને **ધર્મ પમાડે છે,** ધર્મમાં **આગળ વધારે છે,** યાવત્ પોતાના જેવા એકાકી બનવામાં અને **એકત્વની ભાવના દૃઢ કરવામાં એવા ચઢાવી દે છે,** કે જેથી એ પાછા **મહાધર્મની પરંપરા આગળ ચાલુ રાખે. હવે કહો, તમારા 'અમે અનેક'ના પોલાદી ચોકઠામાં આ બધું શક્ય છે ?** જો ના, તો પછી લગ્ન અને સંસાર વગેરે ધર્મ સાધવા-સધાવવાની અનુકૂળતા માટે નહિ ને ?

(૨) બીજી વસ્તુ એ તપાસો કે (i) સાંસારિક અનેકત્વના કુંડાળાને પામ્યા-વધાર્યા પછી **મુખ્યતા કોની** રહે છે ? **વિશેષ કાર્ય કોનું** ચાલે છે ? **શું ધર્મ સાધવા-સધાવવાની** મુખ્યતા અને બહુપણું ? **કે શું વિષય-ક્રીડાઓ ખેલવા-ખેલાવવાની મુખ્યતા અને વિશેષપણું ?** (ii) શું પહેલું કાર્ય એના સાધન સંપાદનનું કે ધર્મના સાધન-



સંપાદનનું ? (iii) ઘણો સમય શામાં જાય ? (iv) **'અમે અનેક'**ના જીવનમાં શું વધારે ચાલે છે, કષાયો, અવિવેક અને આશ્રવો ? કે ઉપશમ-વિવેક-અને સંવર ? (v) જોર શાનું રહે છે; કુવિકલ્પો, કુલેશ્યાઓ અને દુર્ધ્યાનનું ? કે સુવિકલ્પો, સુલેશ્યાઓ અને શુભધ્યાનનું ? કાઢ્યું છે માપ, કાઢ્યું છે કોઈ વાર ? કે એમજ માની લીધું છે કે... 'અમે અનેક'ના વિસ્તારથી જીવનમાં ધર્મ સાધવા-સધાવવાનું વધે છે ? લગ્ન અને સંસાર શું એ માટે છે ? અલબત એમાં તમે વધુ ધર્મ સાધો-સધાવો એ ખુશી થવા જેવું છે; પરંતુ પહેલાં હૃદયને તપાસજો કે આપણે રોજના ચોવીસ કલાકમાં મોટા ભાગે શું કરી રહ્યા છીએ ? ત્રાસ છૂટશે ત્રાસ. જો ખરું વિચારશો તો દેખાશે કે આપણે તે જન્મ-મરણ-વ્યાધિસહન-પરલોકગમન-ભવભવભ્રમણ વગેરેમાં આપણા જ આત્માના એકલા અટૂલા અને નિરાધારપણાને લંબાવી રહ્યા છીએ કે ટૂંકાવી ? બાકી એટલું જરૂર છે કે આ બધું લક્ષમાં રાખીને પછી જ્યાંસુધી એકત્વને અનુરૂપ અમલમાં ન અવાય અર્થાત્ સાધુ ન બનાય ત્યાંસુધી પણ ગૃહસ્થ જીવનમાં તમારા 'અમે અનેક'ના કુંડાળામાં આવેલા આત્માઓ પ્રત્યે ધર્મવાત્સલ્ય કેળવાય; એને ધર્મ માર્ગે ચઢાવાય, એમ કરવાનું ભૂલવા જેવું નથી. વેપારાદિમાં જાતે અસત્ય-અનીતિ વગેરે પાપો આચરવાનું તદ્દન બંધ કરવું ઘટે. જેથી આપણા બચાવ સાથે એ અનેકને પણ એ પાપની અનુમોદનાના ભારમાંથી બચાવાય. અર્થાત્ પોતાની તો શું પણ એ બધાની ખાતર પણ અસત્ય અને અનીતિ, મહારંભ અને મહાપરિગ્રહ, લાલસા અને મમતા વગેરે પાપો કરવા જેવા નથી. **જ્યાં મોટું સામ્રાજ્ય જીવના એકત્વનું છે, ત્યાં ક્ષણિક અનેકત્વમાં તણાયા ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા, અભિમાન, અસત્ય, અન્યાય, વગેરે દુષ્કૃત કોણ કરે ?**

**સોમાનો ભાગ્યોદય :-** અમરગુપ્ત આચાર્ય મહારાજ કહે છે કે "મારા સોમાના ભવમાં રુદ્રદેવ સાથે લગ્ન થયા, અને અમે વિષયસુખ અનુભવતા કાળ પસાર કરીએ છીએ. એમાં એક વાર એવું બન્યું કે હું મારા સાસરેથી પિયર જતી હતી ત્યાં ભાગ્યોદયે ચંપાવાસ નગરમાં જ પધારેલા શ્રી બાલચન્દ્રાગણિની નામે સાધ્વી મહારાજને મેં રસ્તે જતાં જોયા. અહો ! કેવા હતા એ ? **પોતાના કલ્પ મુજબ વિચરનારા-વિહાર કરનારા, તપથી ઓગાળી નાખેલી કાયાવાળા** અને સિદ્ધ કરેલા શ્રુત **જ્ઞાન રૂપી રત્નને** ધરનારા એ જાણે **સાક્ષાત્ મૂર્તિમાન શાસનદેવતા ન હોય !"**

**માનવભવમાં ત્રણ વસ્તુ મોટી :- જીવનચર્યા, મનનું ઘડતર અને સમજક્ષેત્ર.** એ સારા ય હોય અને ખરાબ પણ બને. જો એકલી આહાર-નિદ્રા-વિષય-પરિગ્રહની વાતો ચલાવી, તો ચર્યા તેવી પશુસાધારણ-પશુસમાન રહેવાની; મનનું ઘડતર

કુસંસ્કારોથી ઠીક-ઠીક વાસિત થવાનુ; અને સમજક્ષેત્ર અજ્ઞાન-મિથ્યાજ્ઞાનનું અર્થાત્ જડપદાર્થોની સમજનું વિસ્તરવાનું. ક્યાંય આધ્યાત્મિક ચર્યા-ઘડતર-જ્ઞાનવૃદ્ધિને અવકાશ નહિ. એ તો જીવોના **સામાન્ય જીવન કરતાં પોતે પોતાનું જીવન ઊંચું બનાવે અને એકલું ખાન-પાન, રંગરાગ, વગેરે મઝા ઉડાવવાનું નહિ પરંતુ ઈન્દ્રિયસંયમ, સાદાઈ અને ત્યાગ શીખે; ધન એકલું ભેગું કરવાનું નહિ પણ દાનમાં દેવાનું ને પરમાર્થમાં ખર્ચવાનું શીખે. એકલી એશઆરામી અને સગવડ-પંથ નહિ પણ આત્મજાગૃતિ, ધર્મસાધનાનો પુરુષાર્થ, સહિષ્ણુતા, પ્રતિકૂળ સહન કરવાની વૃત્તિ તથા તત્ત્વજ્ઞાન અને સારી સારી ભાવનાઓ કેળવવાનું શીખે એવું કાંઈક જીવનમાં રાખ્યું હોય તો જીવન પૂર્વના કરતાં ઉચ્ચ બને તો જ, સારી જીવનચર્યા, મનનું સારું ઘડતર અને સમજક્ષેત્ર ઊંચું આવે.** સાધ્વીજી મહારાજે તો જીવનને ખૂબ ઊંચે લીધું હતું. એમની જીવનચર્યા જિનાજ્ઞાએ ફરમાવેલા સંયમ માર્ગે ચાલી રહી હતી ! અનેક પ્રકારના તપો આચરીને મનનુંય સુંદર ઘડતર કર્યું હતું, ને હજીય કરી રહ્યા હતા ! તેમજ મહાન શાસ્ત્રજ્ઞાન મેળવીને તત્ત્વ સમજનું ક્ષેત્ર સારું વિસ્તાર્યું હતું ! માનવભવની ત્રણ મહાન વસ્તુ પ્રાપ્ત કરી હતી.

**જિન વચનનો મહિમા :-** અનંતજ્ઞાની અને અનંત-ઉપકારી શ્રી જિનેશ્વરદેવોના પ્રકાશેલા ધર્મમાર્ગ સિવાય **જીવનચર્યા સારી** બને ક્યાંથી ? જિનોક્ત અનેક પ્રકારના બાહ્ય આભ્યન્તર તપો તપ્યા વિના અનાદિના **દુષ્ટ મનના સુંદર ઘડતર** થાય ક્યાંથી ? શ્રી સર્વજ્ઞપ્રભુના શાસ્ત્રે ઉપદેશેલા તત્ત્વના વિસ્તૃત જ્ઞાન વિના **સમજક્ષેત્ર વસ્તુ-સ્વરૂપના પરમાર્થને, રહસ્યને અવગાહનારું બને** ક્યાંથી ? આ બહુ ધ્યાનમાં રાખી લેવાની ત્રણેય વસ્તુ છે. **નિજના આત્માને અનાદિના અજ્ઞાનતામય ભૂતાવળમાંથી ઉદ્ધરી ઊંચે પ્રકાશના, પવિત્રતાના અને પાવન પુરુષાર્થના પંથે ચઢાવવો હોય તેણે આ ત્રણેય** ઉપર ધ્યાન આપવું પડશે. એ માટે જિનવચનની ઉપાસનામાં લાગી જવું જોઈશે.

**સાધ્વીજીના દર્શને સોમા પર અસર :-** સોમાને એવા ગુણસંપન્ન સાધ્વીજીના દર્શન મળ્યા કે જેમનામાં ત્રણેય શુભનો સુંદર યોગ હતો. સોમા પિયરે જઈ રહી હતી, સ્ત્રીને પિયરનો રાગ સારો હોય છે. એવા રાગથી જતી એવી પણ એ, જુઓ કે, સાધ્વીજીને દેખતાં કેવો અનુભવ કરે છે ! શ્રી અવધિજ્ઞાની મહર્ષિ પોતે કહે છે કે "મને (સોમાને) સાધ્વીજીના દર્શન થતા હૃદયમાં આનંદ ઊછળ્યો ! મારી આંખો વિકસ્વર બની ! પાપ તો દૂર જ ભાગી ગયું ! શરીરના ગાત્રો ઉચ્છ્વાસ લેવા મંડ્યા; અને ધર્મચિત્ત સ્ફૂરાયમાન બની ગયું !"

**પરમાત્માના દર્શન નિષ્ફળ જવાનાં ત્રણ કારણ :-** મહાન આત્માના દર્શન



હૃદયથી કરવામાં આવે એનું આ પરિણામ આવીને ઊભું રહે છે કે હૈયામાં આનંદ ઊછળવા માંડે છે; અને એ આનંદની પાછળ આંખ, હૃદય અને મન ઉપર ચમત્કારિક અસર થાય છે. ત્યારે કેટલીક વાર મહાન પુરુષના દર્શન થતાં પણ આપણને ખાસ આનંદ ઊપજ્યો, કે આંખ, મન અને હૈયું પ્રભાવિત બન્યું એવો અનુભવ જો આપણને નથી કરતા ત્યારે ત્યાં માનવું પડે કે 'ઠીક ભાઈ ! દર્શન તો કર્યા, પણ **અંતર આપણું (૧) કાં શૂન્ય હતું, (૨) કાં બીજી ગડમથલમાં હતું, (૩) કાં સામાની મહત્તાનું ભાન વિનાનું હતુ; તેથી ન આનંદ, ન સારી અસર.**' ખુદ પરમાત્માના પણ દર્શન આ ત્રણ કારણે નિષ્ફળ જાય છે. ત્યારે એ કેટલી બધી અફસોસમય સ્થિતિ ગણાય કે માંડમાંડ મેળવેલા ઉત્તમ માનવભવમાં પરમ પુણ્યના યોગે લાધેલા પરમાત્માના દર્શન કે જેની પાછળ એટલી બધી પુણ્યાઈ તો ખર્ચી છે જ, ઉપરાંત એ દર્શન આત્માને ભવિષ્ય માટે પાછા મહાન લાભોના પાયા નાખી આપે છે; એ એમ જ એળે જાય ! મંદિરમાં માત્ર ધક્કા થયા એટલું જ ને ? કેમ આમ ? શું પ્રભુ પ્રત્યે હૃદયમાં પ્રેમ નથી ? શું નાસ્તિક છીએ ? શું જૈનેતર પૂજારી જેવા છીએ ? ના, એવું તો કાંઈ નહિ. પરંતુ શૂન્યતા, કે બીજો રસ કે અજ્ઞાન દશા છે.

**ચિત્તની શૂન્યતા ટાળવા શું કરવું ? :- દહેરાસરમાં ગયા તો ખરા, કિન્તુ શૂન્ય મગજે. જાણે કશું અહીંથી લેવાનું નથી !** પાયખાનાની દુર્ગંધિથી ત્રાસી રસ્તા પર ક્યાંય અત્તરવાળાની દુકાન આગળ જઈ ઊભા, તો ત્યાં તો સુગંધ લેવાની છે, તેથી ઝટ બરાબર મગજ પરોવી નાકથી સુગંધનો શેરડો ખેંચાય છે, ખુશી-ખુશી થવાય છે, અહીં એવા મગજની ખાસ પરોવણી કરીને દુનિયાની પાપમય પ્રવૃત્તિ દુર્ગંધથી ખસીને સુગંધીદાર પ્રભુદર્શનનો શેરડો આંખને ખેંચવાની જરૂર નથી લાગતી, એનો અનુભવ નથી થતો ! ક્રિયામાંથી કશું લેવા-કમાવાનું નથી એટલે ચિત્ત સુસ્ત છે. શૂન્ય મગજની આ પંચાતી છે. તેથી શુભ ક્રિયામાં **ચિત્તની શૂન્યતા ટાળવા એમાંથી સારું ફળ લેવાનો પૂરો ખ્યાલ જાગ્રત રહેવો જોઈએ.**

**બીજી ગડમથલ રોકવા શું કરવું ? :-** ત્યારે, બીજા મુફલીસ કાર્યમાં ગુંથાયેલા ચિત્તની પણ એવી રાંક દશા હોય છે કે એ રાંકડા ચિત્તને, આ પ્રભુદર્શન જેવા ઉત્તમ કાર્યના ફળની ગતાગમ નથી; વસ્તુનો એ વિવેક નથી કરી શકતો કે શામાંથી મહાન લાભ નીપજવાનો અને શેમાંથી હલકો ? અનંત-અનંત કાળથી આ સંસારનું એનું એ ખાનપાન, લક્ષ્મી વ્યવહારનું પિંજણ કરતા તો આવ્યા છીએ. તે વળી અહીં શું નવું હતું ? નથી કર્યા એવા સાચા પરમાત્માના સાચા દર્શન તેની અહીં સોનેરી તક મળેલી ગુમાવીએ, અને મન પેલા કચરાના વધુ વધુ પરિચયથી

હજીય વધારે ને વધારે બગાડ્યે જઈએ ? આમ **બીજી ત્રીજી ગડમથલની અનાદિરૂઢતા વિચારીએ, એમાં તો આત્માની ગમારિતા છે; એમ ચિંતવીએ, તો એને રોકી શકાય.**

**અજ્ઞાનદશા ટાળવા શું કરવું ? :-** ત્યારે ત્રીજું કારણ 'પરમાત્માની કે એમના દર્શનની મહત્તાની પિછાણ નહિ;' -એટલે પ્રભુનાં મહામૂલાદર્શન નિષ્ફળ જાય એ પણ માનવ જેવા ઉચ્ચ પ્રાણીને મળેલી ઉચ્ચ શક્તિઓના હિસાબે ઓછું શરમભર્યું નથી. લાજવાનને તો એમ થવું જોઈએ કે ગમે તેવી દુનિયાની લપ માથે હોય કે ગમે તેવા બાહ્ય માનમર્તબા અને ભોગવૈભવ મળ્યા હોય, પણ પ્રભુના દર્શનની ક્રિયા આગળ એની શી મહત્તા હતી ? કુછ નહિ. એ તો બધા અંતે વિનાશી, અસાર, ને જીવને કેવળ દુઃખની ખીણમાં ધકેલનારા ! જ્યારે મારા નાથનાં દર્શન તો મને તારનાર છે, મારા અંતરને અજવાળનાર છે, આમ દર્શનનું ગૌરવ ઊભું કર્યા પછી જુએ કે દર્શન કેવાં સરસ થાય છે ! એની પાછળ સોમાની જેમ ચમત્કાર થવાનો. આંખમાં વિકસ્વરતા, મનમાં ધર્મનો ઊછળતો ઉલ્લાસ, શરીરના ગાત્રોમાં રોમાંચ, અને હૃદયમાંથી પાપવૃત્તિનો નાશ, વગેરે સહેજે ઊભું થવાનું.

**વિનય-વિવેકનું સ્વરૂપ :-** જૈનેતર સોમાએ હજી તો સાધ્વીજીનાં દર્શન માત્ર કર્યા છે. એમાં તો એનું ધર્મચિત્ત ઉલ્લસિત બન્યું. હવે કેમ જ શાંત રહી જોયું ન જોયું કરી શકે ? તરત જ એણે વિનયપૂર્વક હાથની અંજલિ જોડી સાધ્વીજી મહારાજને બહુમાન સાથે વંદના-નમસ્કાર કર્યા. જો જો, જૈન નથી એ, છતાં સાધુ પુરુષના દર્શન અતિ આનંદ અને નમસ્કાર એ આર્ય દેશમાં સહજ વસ્તુ છે. એમાંય નજીકમાં જેનો ભાગ્યોદય થવાનો છે એને તો વળી બીજાં સત્તર કામ પડતાં મૂકી આ બહુ ગમે. ગમે છે ને તમને ? તો માનજો કે ભાગ્યોદય નિકટ છે. એની વંદનાની પાછળ સાધ્વીજીએ પોતાના આચાર અનુસાર સકલ સુખને પકવવામાં બીજ તુલ્ય 'ધર્મલાભ'નો આશીર્વાદ આપ્યો. સાધુસાધ્વી પાસે એ જ એક મહાન બક્ષિસ છે. તમે સાધુને આવકારો કે તુચ્છકારો, એને ગોચરી વહોરાવો કે ન વહોરાવો, એ મહાત્મા તો એક માત્ર ધર્મલાભની આશીષ આપવા તૈયાર છે, શ્રી જિનેશ્વર ભગવંતોએ કેવી સુંદર સાધુચર્યા યોજી છે ! ત્યારે એની કલ્યાણ-અસર પણ જુઓ. સોમાને ગુરુણીજી મહારાજ પ્રત્યે ખૂબજ સ્નેહ અને સદ્ભાવ ઉત્પન્ન થયો. એણે પોતાના દિલમાં સાધ્વીજીને મહાન માનવંતુ અને અજબ આસ્થાનું સ્થાન દીધું. ધર્મજિજ્ઞાસા હવે સારી જાગી. પણ એમ કાંઈ રસ્તા વચ્ચે ઊભા રાખીને ધર્મ પૂછાય ? ના; તેથી એણે એમનો ઉતારો ક્યાં છે તે પૂછ્યું; જેથી પોતે



અવસર લઈને એમની પાસે જઈ વિનય પ્રાર્થના-પૂર્વક ધર્મની સમજુતી લઈ શકે. આ વિવેક છે કે ગુરુપાસેથી કંઈક લેવું હોય તો તે એમની સગવડે લેવાય, આપણી સગવડે અને એમની અગવડે નહિ. ત્યારે બીજી બાજુ સાધ્વીજીની શિષ્યાઓનો વિનય જુઓ કે સ્થાનનું ઠેકાણું પોતે કહી બતાવે છે.

**જેનું કાર્ય જે કરે :-** 'કોનું કયું સ્થાન અને કેટલો કાર્યભાર,'-એનો વિચાર જોઈએ. એવા કેટલાય લોકો આવે છે કે જેને સામાન્ય નવકારથી વગેરેનું પચ્ચક્ખાણ જોઈતું હશે તોય તે ખુદ આચાર્ય ભગવંત પાસે માગશે, ત્યારે પાસે બેઠેલા કોક સાધુઓ પણ એટલો વિવેક નહિ સમજે કે પચ્ચક્ખાણ આપણે આપી દઈએ. સમજવું જોઈએ કે જેનું કામ જે કરે. ગચ્છનાયકનું કાર્ય ઊંચું છે. ત્યાં 'આચાર્ય મહારાજ પાસે જ પચ્ચક્ખાણ લેવું, બીજા સાધુ પાસે નહિ,' એવો જો આગ્રહ સેવાય તો વિનય-મર્યાદા ક્યાં ? અને વિવેક ક્યાં રહેશે ? સમજવાની જરૂર છે કે આચાર્ય ભગવંત શાસનની કે શાસ્ત્રની ગહન વાત વિચારણામાં હોય ત્યાં એમની પાસે બીજે પણ સધાય એવી સામાન્ય બાબત લાવવી, અને એમને એમાં રોકવા, એ બહુ અજુગતું છે. નવકારશી કે એકાશનાદિ એ કાંઈ બહુ મોટું બ્રહ્મચર્યનું કે પાખમણ-માસખમણનું પચ્ચક્ખાણ નથી. એટલે એ તો બીજા સાધુ પાસેથી લઈ શકાય. અહીં સોમાને આગ્રહ નથી તેમ બીજી સાધ્વીઓ વિવેકવાળી છે. તેથી એમણે જ સોમાને પોતાનો ઉતારો કહ્યો.

**ધર્મ એટલે શું :-** સોમા ખુશી થઈ નમીને ઘેર ગઈ; પણ સાથે ઈંતેજારી લેતી ગઈ; -કેવું જીવન હશે સાધ્વીજીનું ? કેમ એમણે સંસાર છોડી દીધો હશે ? તેથી શો લાભ થતો હશે ?' પછી એને ઘરમાંથી જરા ફુરસદ મળી કે તરત પહોંચી સાધ્વીજીની પાસે. નમન કરીને વિનયપૂર્વક ધર્મનું સ્વરૂપ પૂછ્યું. સાધ્વીજીએ વીતરાગ દેશિત ધર્મનો ઉપદેશ આપ્યો. ધર્મ એવો કે જે ધર્મ આપણા આત્મામાં આવી જાય તો કર્મના ઝુંડના ઝુંડ સાફ થઈ જાય ! કર્મ વનને બાળી નાખવા માટે ધર્મ અગ્નિ સમાન છે. ઈન્દ્રના વજ્રથી પર્વત ભેદાઈ જાય તેમ સર્વજ્ઞકથિત ધર્મની સાધનાથી કર્મ કિલ્લા તૂટી પડે. ધર્મસાધના એ તો મોક્ષફલને આપનાર કલ્પવૃક્ષ તૈયાર થાય છે.

**સોમાને સમ્યક્ત્વ :-** સાધ્વીજીના શ્રીમુખેથી સોમાને જિનવાણી સાંભળતાં આંતરિક હૃદયમંથન થયું. એનાં કઠીન કર્મ તૂટ્યા. જિનધર્મ પર શ્રદ્ધા થઈ. સંસાર કારાગૃહ છે તે માલુમ પડ્યું. ત્યાં મિથ્યાત્વ-અંધકાર ટળીને નિર્મળ સમ્યગ્દર્શનનો ઉજાસ થયો. કેટલી દેશનાઓમાં આ ? એણે કેટલા આંટા લગાવ્યા ઉપાશ્રયમાં ? તમે ? આ એક દેશનામાં શ્રદ્ધા પામી. એને સંસાર એ કારાગૃહ લાગ્યો. જન્મે જૈન

નહિ છતાં પહેલી હિતવાણી સાંભળતાં મિથ્યાત્વનો નાશ ! સમ્યક્ત્વની પ્રાપ્તિ ! સંસાર પ્રત્યે રગેરગમાં અરુચિ ! **જેને હિતવાણી સાચેસાચ ગમી, જેને જિનવાણીની કદર થઈ, એ કોઈ ભયંકર બંધન, કે ભયંકર અંતરાય હોય તો જ એને અમલમાં ન ઉતારે. બાકી તો ઉતાર્યા વિના કેમ રહી શકે ?** જો જિનવાણીને અમલમાં ઉતારવા સામે કોઈ તેવા જુલ્મ કે પ્રતિબંધ નથી, તો પછી એનો અમલ ન કરવામાં અને માત્ર સાંભળ્યે જ જવામાં સાંભળ્યે જ જવામાં તો જિનવાણીની કદર જ નથી એમ ગણાય; એના પર જ્વલંત પ્રેમ નથી એવું કહેવાય. **સોમા એક જ ધર્મશ્રવણના પ્રસંગમાં ધર્મને આત્મસાત્ કરવા ખડી થઈ જાય છે !**

**આત્મામાં એક પણ દોષ નહિ તે દેવ. જીવનમાં એક પણ પાપ નહિ તે ગુરુ :-** અવધિજ્ઞાની મહર્ષિ અમરગુપ્ત આચાર્ય મહારાજનું ચરિત્ર શરૂ થાય છે, એમાં એ પહેલા ભવમાં સોમા નામની ગૃહસ્થની પુત્રી થયા; ને રુદ્રદેવની સાથે લગ્નસંબંધથી જોડાયા. એમને બાલચંદ્ર ગુરુણી મહારાજના સમાગમથી જૈનધર્મની જાણ થઈ, સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થઈ. સમ્યક્ત્વ એટલે શું ? એવી સચોટ હાર્દિક શ્રદ્ધા કે 'જગતમાં અઢાર દૂષણોથી રહિત જેમનો આત્મા છે, તેજ મારા દેવાધિદેવ પરમાત્મા છે. જીવનમાં સંસારના સર્વ પાપોના ત્યાગ કરવાવાળા એજ મારા ગુરુમહારાજ છે. અને વળી ત્યાગવિરાગમૂલક દાન-શીલ-તપ-ભાવરૂપ ધર્મ તેજ સાચો ધર્મ છે.' આ દેવગુરુધર્મ એ અમુક જ વ્યક્તિ છે એવું નથી પણ એ વસ્તુતઃ ગુણરૂપ છે. તેથી એવી ગુણસંપન્ન અનેક વ્યક્તિ હોઈ શકે છે. કોઈ વ્યક્તિ અઢારમાંથી એક પણ દૂષણ જો ધરતી હોય તો એ દેવ નહિ. સંસારનું એક પણ પાપ જેના જીવનમાં હોય, એ ગુરુ તરીકે માનવા લાયક નહિ. એટલે જોવાનું એ કે અમારી સામે જે દેવ તરીકે આવે એમનામાં ૧૮ દૂષણમાંનું કોઈ પણ દૂષણ તો નથી ને ? ગુરુ તરીકે સામે આવે એમનામાં કોઈ પણ પ્રકારનું સંસારનું પાપ તો નથી ને ? એમ, ધર્મ તરીકે કહેવાતામાં ત્યાગ, વિરાગ, અહિંસા, વિરતિ, તપ વગેરે સલામત છે ને ? કંઈ ગોટાળો નથી ને ? બસ દેવગુરુધર્મના આ આ ગુણ છે. આ ગુણ ધરનારી વ્યક્તિ અમારા માટે શુદ્ધ દેવગુરુધર્મ તરીકે માનનીય-પૂજનીય છે. કેમકે અમે પણ એવા બનવા ચાહીએ છીએ. 'અમે પણ એવા ધર્મને આરાધી એવા ગુરુના ગુણવાળા બની ઠેઠ એવા દેવની પરમોચ્ચ ગુણની અવસ્થા સુધી પહોંચી જઈએ.' આવો આદર્શ અમે રાખીએ છીએ. તેમજ એ દેવગુરુના ગુણ ખરેખર દુર્લભ અને મહાકિંમતી છે. માટે પણ એ દેવગુરુ એકાંતે માન્ય-પૂજ્ય છે.

**વસ્તુ સારી તો બધાને કેમ ન ગમે ? :-**

**પ્ર.**- આમાં પક્ષપાતની વાત તો છે નહીં. ગુણની જ વાત છે. તો પછી



આખી દુનિયા કેમ નથી સ્વીકારતી ?

ઉ.- સારી વસ્તુ પર પ્રેમ જાગવા માટે પણ લાયકાત જોઈએ છે. ચીજ સારી છે, માટે બધાને ગમવી જ જોઈએ એવો નિયમ નથી. સારી પણ શિખામણ બધાને ગમવાનો ક્યાં નિયમ છે ? તાવ આવ્યો હોય તો મજેના લાડવા, પકવાનની તરફ પણ મોઢું બગડે છે ને ? શું ચીજ ખોટી છે ? કડવી છે ? ના, પણ અંદર તાવ છે. તેથી નથી ગમતી; ત્યાં શું થાય ? સાકર ગમે તેટલી સારી, પણ કહે છે ને કે ગધેડાને સાકર સારી નથી લાગતી; ત્યાં સાકરની શી ખામી ? ઊંચી વિદ્યાના ગ્રન્થો બહુ સારા છે, પણ પરાણે બાળપોથી ભણનાર રમતિયાળ બાળકોને એના તરફ રુચિ નથી એમાં વિદ્યાનો કે ગ્રન્થનો શો દોષ ? એમ સુદેવગુરુધર્મના જે ગુણો છે, એમના ઉચ્ચ કોટિના પવિત્ર સ્વરૂપના જે સુંદર લક્ષણો છે, એ બહુ ઊંચા છતાં એમના ઉપર મિથ્યાત્વના તાવવાળા લોકની રુચિ નથી થતી; પ્રીતિભક્તિવાળું મન બનતું નથી. તો સ્પષ્ટ છે કે એમાં વસ્તુનો દોષ નથી. પણ મિથ્યાત્વી આત્માનો જ દોષ છે. મિથ્યાત્વ, કદાગ્રહ, વ્યુદ્ગ્રહ, મૂઢતા વગેરે દોષોનો એ પ્રભાવ છે કે તત્ત્વ રુચવા ન દે; સારું ગમવા ન દે.

**સમ્યક્ત્વની જાદુઈ અસર :-** રુદ્રદેવને મિથ્યાત્વનો તાવ છે. રંગરાગનો ઉન્માદ છે. તેથી દેવગુરુ-ધર્મની ગમે તેટલી સારી વાત પણ એને જરાય ગમતી નથી; ઊલટું એને ગમતી કરનારી સોમા ઉપર દ્વેષ થવાનો છે. ત્યારે સોમાને મિથ્યાત્વનો તાવ નાબુદ થઈ ગયો; સમ્યક્ત્વનું મહા-આરોગ્ય પ્રાપ્ત થયું. શ્રી જિનેશ્વરદેવે ભાખેલો ધર્મ એને ભાવ્યો, રુચ્યો; એના રોમરોમમાં પરિણમ્યો. એનું પહેલું ચિહ્ન શું ? એ જ કે સંસારરૂપી કેદખાના પરથી એનું ચિત્ત ઊઠી ગયું. સંસારની કોઈ પ્રવૃત્તિ, કોઈ તત્ત્વ, કે કોઈ પદાર્થમાં એને સાર રૂપતા દેખાતી નથી. એમાં એને અસારતા, તુચ્છતા, અને આત્મવંચના ભાસે છે. અલબત હજી એણે સાંસારિક જીવન ત્યજી દીધું નથી; પરંતુ 'સ્વરૂપે જ્ઞાનસ્વભાવી આત્માને જડની આ ગુલામી શી ? જડની આ પલેવણ અને આ સાસર વાસરની વેઠ શી ? એમ એના દિલને દુઃખ થાય છે. એ બહિરાત્મા મટી અંતરાત્મા બની. એટલે એની નજર સામે પોતાની જાત તરીકે કાયા નહિ, પણ આત્મા તરવરે છે.'

**આત્માનું સાચું સ્વરૂપ કેવું ? :-** અનંતસુખમય, ને અનંતજ્ઞાનમય; પણ હમણાં તો આત્મા સંસારના મહાદુઃખમાં શેકાય છે ને, અજ્ઞાનમાં અથડાય છે. આપણા માથા પાછળ શું છે, એ પણ આપણને દેખાતું નથી. જરાક જોવું હોય તો આંખ પાસે ભીખ માગવી પડે છે. આ છે અનંતજ્ઞાન સ્વરૂપી આત્માની કફોડી હાલત ! ત્યારે આત્માનું સ્વરૂપ અનંતસુખમય છતાં વર્તમાન દુર્દશા કેવી ? સુખના

એક બિંદુ માટે ભારે કષ્ટ ! જુઓ તો ખરા એક ભજિયાં ખાવાં છે, તેની પાછળ કેટલી જહેમત ! ૩ કલાક તેલ કાઢે ! દાળ લાવ્યા. એને વળી સાફ કરો. એનો પીસાવી લોટ કર્યો. વળી એમાં મસાલો પાણી નાખી બેસણ તૈયાર કર્યું. ચૂલો પેટાવ્યો. તેલ કકડાવ્યું. ડપકા તેલમાં નાંખ્યા. તૈયાર થઈ બહાર કાઢવા ત્યારે ભજિયાં ! બોલો કેટલી મહેનત ? હવે એને જીભ પર રાખ્યું-ત્યાં માત્ર અડધી મિનિટ સુખ, પછી પાછું એજ ભજિયાનું સુખ ગયું. કેમકે હવે એ મોંમા લોટ જેવું થઈ ગયું. હવે એને જલદી નીચે ઉતારી દેવાય છે; નહિતર મોંમા ખરાબ લાગે છે. અડધી મિનિટ થઈ ન થઈ પાછી નવા ભજિયાં, નવાં કેરી ટૂકડા, નવા લાડુના સુખની બળતરા ઊભી જ છે. મહેનત કેટલી કરી ? કલાકોની, પૈસા કમાવવા દિવસોની. છતાં સુખ એક કલાક પણ નહીં. એટલું બધું કરવા છતાં જીવનના અંતે આત્માના હાથમાં શું ?

**સોમાનો લુક્ખો સંસાર** :- સોમાને આત્માની ઓળખ પડવાથી સંસારની ઓળખ પડી. સંસાર આત્માના સાચા સુખનો લોપક છે, એટલે સંસાર આત્મા માટે મહેલ નહીં, જેલ છે. સંસાર શાહુકાર નહિ, લુંટારો છે. સંસાર આત્માનું આરોગ્ય નહિ, રોગ છે. એવી સાચી ઓળખ થવાથી એ સંસાર હવે અકારો લાગે છે. ઝેર જેવો લાગે છે. હવે તો મોક્ષજ ગમે છે. અને મોક્ષ દેવરાવનાર માત્ર સુદેવ-ગુરુ-ધર્મ જ છે. માટે ઘરબાર, પૈસાટકા કે કુટુંબપરિવાર પરથી રાગ ઊઠીને હવે રાગ **સુદેવાદિ** ઉપર જામી પડ્યો. **સોમા** સાધ્વીજી પાસેથી ઘરે ગઈ, પણ હવે દિલ ફરી ગયું છે. ખાવાપીવાનું એણે છોડી દીધું નથી. પરંતુ હવે અહીં ક્યાંય રસ નથી, જડની રમત ગમતી નથી. સંસારના કાર્યો કરે છે ખરી, પરંતુ ખાનપાનમાં, ભોગસુખમાં, ક્યાંય દિલ નથી. ઉત્સાહ નથી. જીવન વૈરાગ્યમય બની ગયું છે. ચેનચાળા છોડી દીધા છે. સંસાર એનો લુક્ખો થઈ ગયો છે. પતિ જુએ છે કે 'આને શું થઈ ગયું ? આ પહેલાં જે મોહની વાતચીતમાં મજા લેતી હતી, એનામાં હવે એમાંનું કંઈ દેખાતું નથી ! જાતેય ઉદાસ, અને મનેય ઉદાસ કરી રહી છે...' શું થયું પતિને ? ધ્યાન રાખજો. એ સંસાર સ્નેહી છે, ધર્મસ્નેહી નહિ, તેથી ખેદ કરવામાં એને સોમાની દયા નથી, પણ પોતાને હવે ફાવતું નથી આવતું. પોતાના મોહચેષ્ટાના સુખ લુંટાઈ ગયા લાગે છે. સોમા પોતાની સાથે હાવભાવ અને લટકા કરીને બોલતી નથી. એને જે જોઈતું હતું, એ હવે એમ કરતી નથી. તેથી એ હવે સોમા પર દ્વેષીલો થઈ ગયો. હવે એને એ અકારી લાગવા માંડી. પરંતુ પાછાં સુખ તો એની પાસેથી લૂંટવા છે, તે એમને એમ એને પડતી મૂકે કેમ પાલવે ? તેથી સોમાને એ પૂછવા લાગ્યો કે,



"હમણાં હમણાં કેમ તું બદલાઈ છે ? લગ્નથી માંડીને આજ સુધી ભોગવિલાસમાં મજા લૂંટતી હતી, મનેય આનંદ દેતી હતી, તે એ બધું હવે કેમ ભૂલી ગઈ ? તને શું થઈ ગયું છે ?"

સોમાએ ખુલાસો કર્યો કે, "કશું ખરાબ થયું નથી. માત્ર આત્માની અને ધર્મની સમજ આવી છે. એટલે હવે એ અજ્ઞાનચાળા ગમતા નથી. ઠીક નથી લાગતા."

રુદ્રદેવ આ સાંભળી કબૂલી શકે ? એ તો ધર્મના નામથી ધૂઆંપૂઆં થઈ ગયો. ઉકળી ઊઠ્યો. "કોણે તારામાં આ ભૂત ઘાલ્યું ? ધર્મે તો ફોગટ ભોગસુખમાં અંતરાય કરી દીધો. ધર્મે તને આ શિખવાડ્યું ? છોડી દે, છોડી દે એને. મૂર્ખ ન થા. મજા કર. આનંદ કર. વિષયસુખની મળેલી સામગ્રીને વેડફી ન નાખ." બહુ ખાઉધરાને ભયંકર રોગ થયા હોય ત્યાં વૈદે આપેલી કડક ચરી (પરેજી) એને મિજબાન પાર્ટીમાં વિઘ્નરૂપ લાગે છે, દ્વેષ્ય બને છે, તેવી રીતે મોહ અને અજ્ઞાનમાં ફસેલા આત્માને ધર્મ **વિઘ્નસ્વરૂપ** ભાસે છે. **ધર્મ ઉપર** દ્વેષ થાય છે. કેમકે એને મન પેલા ગમાર રોગીની જેમ ખાવું, પીવું, રંગરાગ ખેલવા, એમાં જ જીવનની શાબાશી દેખાય છે. એને બિચારાને એ ખબર નથી કે 'સારું સારું ખાઈ-પી તો લીધું. ભોગવી લીધું. સૂઈ લીધું; પણ એની લપમાં પાપો કર્યે ગયાથી અને કુવાસનાઓ દઢ બનાવ્યાથી પરિણામમાં આત્મા પર કેટકેટલું અને કેટલો કાળ વીતશે ? કેટલું દુઃખ આવશે ? દુર્ગતિના ભવોમાં કેટલી ભારે દુર્દશા થશે ?' આની ક્યાં ખબર છે ? વર્તમાનમાં જે અનેક પ્રકારે દુઃખ, ઉપાધિ, અને અણગમતી ઢગલો વાતો અનુભવાય છે તે શાથી ? કહો, પૂર્વના ધર્મહીન જીવનથી. અહીં જે ઇન્દ્રિયાસક્તિ અને કષાયલાગણીઓ સહજ જેવી છે તે શાથી ? કહેવું જોઈશે કે પૂર્વના તેવા ભવોભવના અભ્યાસથી તો અહીં પણ ઇન્દ્રિય-વિષયોનો જે આનંદ કરાઈ રહ્યો છે. રાગ-દ્વેષ-મદ-માયા સેવાઈ રહ્યા છે, તેના ભાવી પરિણામમાં કઈ દુર્દશા આત્મા પર નહિ ઝીકે ? આપણી આંખે જ જોઈએ છીએ કે કીડાઓ-પશુવર્ગ કેટકેટલો દુર્દશા ગ્રસ્ત અને દુઃખી છે ? શાથી ? પૂર્વે ધર્મની ઉપેક્ષા કરેલી માટે; સંસાર લીલામાં મગ્ન થઈ પાપ ખૂબ કરેલા તેથી. નહિતર આવી કફોડી અવસ્થા કેમ થાય ?

**સોમાનો વિવેકી ઉત્તર :-** રુદ્રદેવની વિષયસુખોમાં વિઘ્ન કરનારા ધર્મને ત્યજી દેવાની સલાહના જવાબરૂપે સોમા કહે છે કે 'જવા દો વિષય-સુખોને. એમાં શું માલ છે ? જીવન અતિ ચંચળ છે; એમાં વળી વિષયોની ભૂલ-ભૂલામણીમાં ભૂલા પડી જવું, વિષયોની માયાજાળમાં ફસાયેલા રહેવું, એનું પરિણામ સમજો છો? અતિ ભયંકર વિપાક છે એના. નાદાન મનને અહીં મઝા તો લાગે, પણ ભવાંતરે જીવના ડૂચા નીકળી જાય છે. એવી ભોગવિલાસની ગુલામીને તો અહીં જ મૂકી દેવા જેવી છે.'

સોમાની કેવી સરસ વિવેકભરી અને માનવતાને છાજતી વાણી છે ! જરા નિર્મલદૃષ્ટિએ જોઈએ તો દેખાય કે જડ **પદાર્થોની માયા અને એના મીઠાં લાગતા સુખોજ જીવનને નરવસ (Nervous શક્તિહીન) અને પરવશ બનાવે છે; અનેક પ્રકારની અતાત્ત્વિક અને તામસી વિચારણામાં રચ્યો-પચ્યો રાખે છે.** રુદ્રદેવને આ ક્યાં જોવું છે ? એને તો આ ભ્રમણા લાગે છે. રુદ્રદેવ કહે છે કે "ધર્મનું ધતીંગ આ **ક્યાંથી ઘાલ્યું ?** ખરેખર તું ઠગાઈ ગઈ છે. તને કોણે આ ધર્મનું પૂછડું પકડાવી દીધું ? જે વિષય-સુખ આંખ સામે છે, પ્રત્યક્ષ અનુભવાય છે, એને છોડીને જે આંખની સામે નહીં એવા ઉપર શ્રદ્ધા ન કર. એમાં આનંદ ન માન. સંસારના સુખ તો અનુભવસિદ્ધ છે. ધર્મના ફળ કોણે જોયાં ?"

શું કહે છે ? પરલોક છે, એની શી ખબર ? વળી ત્યાં અહીંના ધર્મનું ફળ મળશે એની શી ખાતરી ? હમણાં તો ખાવાથી પ્રત્યક્ષ આનંદ થાય છે, કિન્તુ તપ ધર્મ કરવાથી કોઈ આનંદનો પ્રત્યક્ષ અનુભવ નથી. બજારમાંથી પૈસા લઈ આવ્યા, સિલકમાં-તિજોરીમાં ભરી રાખ્યા; તો એની મીઠી હુંફનો-આનંદનો અનુભવ કરીએ છીએ; પણ દાન દીધું, કોઈને આપણું ધન એમ જ આપી દીધું, એમાં તો ઊલટા આપણે ઘસાઈએ છીએ, ઓછા થઈએ છીએ એવું લાગે છે. ત્યાં સુખ શું ? આપણી ધર્મની શ્રદ્ધા ચકાસવા જેવી છે. મનને પૂછો, શું કહે છે. 'ધર્મનું સુખ પ્રત્યક્ષ તો કશું દેખાતું નથી; પરંતુ મર્યા પછીની વાત કરે છે. શો વિશ્વાસ કે પ્રત્યક્ષ સુખ છોડીને પરલોકમાં સુખ મળશે ? પરલોક જ ક્યાં દેખાય છે ? પરલોકમાંથી કોના સગાના સમાચાર આવ્યા ?' રુદ્રદેવની માન્યતા જો જો. પણ એકલા રુદ્રદેવની સમજતા નહિ. આપણા હૃદયને ય તપાસજો, કે એમાં ધર્મના પ્રત્યક્ષ સુખ તરીકે મહાશાન્તિ દેખાય છે ? ઊંડે ઊંડે હૃદયમાં રસવાળી ઝંખના કઈ રમે છે ? દાન કરવાની, કે સંઘરો કરવાની ? હૃદયમાં ટાઢક શેની વળે છે ? રસ



અને આહારની કે ત્યાગ અને તપની ? મિજબાનીમાં કે તપસ્યામાં ? આત્મા મસ્ત ક્યાં બને છે ? આનંદ ક્યાં બ્રહ્મચર્યમાં કે ભોગસુખમાં ? ઠીક ક્યાં પડે, વ્રત નિયમમાં કે કોઈ પણ પ્રકારની નિયમ બાધા વિનાના છુટાપણામાં ? ભલે આમ કહીએ કે અમે ધર્મમાં માનનારા છીએ. પરંતુ હૈયાનાં વલણ, અને ઈચ્છાઓનો ઝોક તપાસવા જેવો છે. ઊંડાણમાં ઊતરીને એ જુઓ કે આંતર ધગશ શી ચાલી રહી છે ? અંદરખાને તો વિષયો, ધનમાલ અને માનપાન જ સારા મજેના લાગે છે ? તેથી બિમારી, અગવડ આદિના કારણે ધર્મ તક ચાલી ગઈ તો તેવું કાતિલ દુઃખ નથી થતું ને ? ઊલટું બજારમાં ગયા; ધનલાભની કોઈ તક કે બાજી હાથમાંથી સરકી ગઈ તો ત્યાં આઘાત લાગે છે ! ધર્મતક આવી તો વધાવવાનો ઊમળકો નથી. અર્થ-કામની તક આવી તો એને ઝટપટ વધાવી લેવા કૂદકો મરાય છે ! શું કારણ ? કહો, આ લોક જેટલી પરલોક પર આસ્થા નથી.

**એક શ્રાવકની પરલોક પર દૃષ્ટિ :-** શ્રી સિદ્ધગિરિ ઉપર પરમાર્હત રાજા કુમારપાળ સંઘ કાઢીને આવ્યા. સંઘની ઈન્દ્રમાળ પહેરવાનો હક પોતાનો છે; પરંતુ દેવદ્રવ્યની વૃદ્ધિ થાય એ માટે ઉછામણી બોલાવી. શું આ ? માનાકાંક્ષાથી આત્માનો બચાવ, અને દેવભક્તિનો મહા ઉછરંગ, એ સમજ છે કે **'જગતમાં બીજી ત્રીજી રીતે માન તો ઘણાં મેળવ્યા, પરંતુ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, વગેરે જિનભક્તિના પ્રસંગ મહાદુર્લભ છે ! તો આવી જિન ભક્તિના પ્રસંગ મહાદુર્લભ છે ! તો આવી જિનભક્તિની તક શા માટે જતી કરું ?'** વિચારજો એમાં પોતાનેય રકમ બોલવી પડે ને ? તો સંઘનો ખર્ચ તો કર્યો, પાછો ઉપર આ ખર્ચ ? **પણ કહો કે જેને પરલોકની જ દૃઢ જાગૃતિ હોય ત્યાં પરલોકના પુણ્યને સદ્ધર કરનારી પ્રભુભક્તિ કેળવવામાં તથા એમાં ખર્ચ કરવામાં અપાર હર્ષ રહે.** આ કુમારપાલની ધગશ ! હવે બીજા એક શ્રાવકની ધર્મધગશ જુઓ. માળાની બોલી ચાલી પડી. કેવી ? લાખોએ આંકડો પહોંચ્યો ! ત્યાં એક નરરત્ન પ્રાયઃ મહુવાના શ્રાવકની ભાવના ઊછળી પડી. બોલીમાં એ એકદમ ઊંચી સવાકરોડ રૂપિયાની રકમ બોલ્યો. હવે કોણ વધે ? કુમારપાલ સુદ્ધાં સૌ ઠંડા પડી ગયા ! હૃદય સમજી શકે છે કે આટલી રકમ બોલનારે ધર્મતક કેવી ઓળખી ? શું એમ ન થાય કે એકલી ઈન્દ્રમાળામાં એવડી મોટી રકમ ખરચવા કરતા એટલામાં તો હું પાંચ સંઘ ન કાઢું ? પણ એને એમ ન થયું. કેમકે એ જાણે છે કે સંઘ તો ક્યારેય કાઢું ? તેમાંય કુમારપાળ જેવો સંઘ હું ક્યાંથી કાઢી શકવાનો હતો ? અને આ તો સહેજે-સહેજે કુમારપાલની ઉદારતાથી આવા મહાન સંઘ-યાત્રાની અનુમોદનાનો અપૂર્વ લાભ મળે છે. **વળી ધર્મમાં લક્ષ્મી ખરચવાનો મૂળ ઉદ્દેશ શો છે ? આત્મામાં ઉચ્ચ ભાવોલ્લાસ**

**જગાવવાનો. એનું ફળ સમજો છો ? અપૂર્વ પુણ્યોપાર્જન અને અઢળક પાપક્ષય !** કહો, આવા મહાન લાભમાં એમ કેમ ન થાય કે "આ લાભ હું ન ચૂકું."

**પ્ર.**- શું ઉછામણીમાં સંઘ જેટલો મોટો લાભ મળે ?

ઉ.- હૃદયના તારને ઝણઝણાવનારી સંગીન ભાવનાના અવસરે કર્યા બરાબર લાભ મળે છે. ભાવ મેલા ન જોઈએ. શક્ય ભોગ આપવા સાથેના જોઈએ. આ વણિકપુત્ર એવા પ્રબળ શુભ ભાવને સેવે છે. કેમકે એને પરલોકમાં મળતા ધર્મના મહાન ફળની શ્રદ્ધા છે. ધર્મને એ જીવનમાં શ્રેષ્ઠ ગણે છે. એને એમ છે કે પરમાત્માની આજ્ઞાનુસાર કોઈના સંઘ ઉપર આવી ઉમદા ઈન્દ્રમાળ પહેરવાનો અવસર ક્યાંથી પ્રાપ્ત થાય ? **પૈસા તો કેઈકવાર મળ્યા અને ચાલી ગયા. તેમ અહીંના પણ ચાલી જવાના. પરંતુ એ ચાલી જાય એ પહેલાં ધર્મ સાધી લઉં, જેથી ભવિષ્ય ઉજ્જવળ થઈ જાય. ક્ષણિક લક્ષ્મીનો ધર્મમાર્ગે ભોગ આપવામાં અનંત લાભ જોઈ લીધો.** ધર્મથી ભલે હમણાં પ્રત્યક્ષ લાભ ન દેખાય, પણ પછી તો ઘણો મોટો લાભ એની દૃષ્ટિ સમક્ષ આવી ગયો ! અરે, પ્રત્યક્ષમાં પણ પ્રભુભક્તિ કર્યાનો આનંદ ક્યાં ઓછો છે ? એણે સવાકરોડની ઉછામણી સહર્ષ સ્વીકારી. કુમારપાલને એના દેદાર જોઈને જરા શંકા પડે છે, કે આ આટલી રકમ દઈ શકશે કે કેમ ? પણ આ ચકોર વણિક છે; તે તરત સમજી ગયો. ઝટ સવાકરોડનું રત્ન કાઢી આપે છે. એને કાંઈ કુમારપાલ કરતાં સવાયું માન નથી લેવું. કારણ કે એ સમજે છે કે માન તો ક્ષણિક છે, એની કોઈ કિંમત નથી; પણ **પરલોકની મહાન સદ્ધર સ્થિતિની કમાઈ થઈ જાય એ બહુ મહત્ત્વનું છે. એની આગળ સવાકરોડનું રત્ન શું વિસાતમાં છે ? પરલોકની દીર્ઘદૃષ્ટિવાળા આત્માઓ પ્રત્યક્ષ સુખને તુચ્છ દેખે છે.**

પણ સોમાના પતિ રુદ્રદેવની એવી દીર્ઘદૃષ્ટિ નથી; તેથી પત્નીને એ કહે છે કે "શું આ ? પ્રત્યક્ષ સુખને છોડી પરલોક કે જેનો કોઈ પત્તો નથી એની પુંઠે કાં લાગી ? આ તને કોણે ઠગી ? શા સારું પ્રત્યક્ષ-સુખથી વંચિત રહે છે !" **રુદ્રદેવની ઉંમર મોટી છે, પણ હૃદય નાનું છે. એમાં ક્યાંથી મોટી વિચારણા સ્થાન પામી શકે ?** તમારે પણ ઉદાર **વિચારણા કરવી હોય તો પ્રત્યક્ષ સુખની પરવા છોડી હૃદય મોટું બનાવો.**

**નાના નાગકેતુએ** અઠ્ઠમ કર્યો ! નાનું બાળક, હજુ જન્મ્યાને વર્ષ તો શું પણ ૫-૧૦ મહિના નહિ થયા હોય, ત્યાં પર્યુષણાપર્વ અને અઠ્ઠમની વાત સાંભળી અઠ્ઠમ લગાવી દીધો. અતિ નાની વયમાં હૃદય કેટલું મોટું ? શું સમજતો નહોતો તે દૂધપાનનાં પ્રત્યક્ષ સુખ છોડ્યા ? મોટી સમૃદ્ધિવાળું ઘર છે, નોકર-ચાકરો અનેક



છે. સુખમાં શી કમીના છે ? પણ જાતિસ્મરણથી બુદ્ધિમાન થઈ ગયો ! **હાથ-પગ વગેરે શરીરના અવયવો હજુ કામ ન કરી શકે એવા નાજુક છે, પણ જ્ઞાનથી એ પ્રૌઢ થઈ ગયો !** આ લોકની સુખ-સામગ્રીની વસ્તુની કાંઈ કિંમત ન કરી; એક માત્ર પરલોક સુધારવાની ઈચ્છા કરી. એણે વિચાર્યું "એક અઠ્ઠમની ભાવના માત્ર કરવામાં આવા ઊંચા શ્રીમંત કુળમાં માનવનો અવતાર મળ્યો, તો અઠ્ઠમની ખુદ આરાધના કરવામાં કેવા વિશાળ ફળ નીપજે !" આવું ચિંતવન કરે તો પ્રત્યક્ષ વિષય સુખો શું આકર્ષી શકે ? કહે છે 'સાધુને બહુ કષ્ટ !' શાનું કષ્ટ, ભાઈ ? સાધુને જાણે એવા સમજે છે કે "એમને કવડી પાસે નહિ, જરા કેઈ જોઈએ તો ભીખ માગવા જવું પડે ! વગેરે વગેરે દુઃખને ?" પણ તમને ખબર છે ? તમારા ઘરમાં ચીજો પરિમિત હશે; પણ સંતના ચરણે ઢગલો ધરાય છે. જોકે સાધુ એને સુખરૂપ ગણતા નથી; પણ આ તો તમે જે માની લીધું કે અમે પ્રત્યક્ષ સુખ ભોગવીએ છીએ, ત્યાં પ્રશ્ન છે કે **તમારા સુખમાં ભલીવાર શો છે ?** તમારી પાસે શી બહુ **છોળાછોળ છે ?** રહેવાનું મકાન મુંબઈમાં જુઓ તો 'આઠ બાય બાર' ની રૂમ ! ખાવાપીવાનું કેવું ? મામુલી રસકસવાળા અનાજ, ઘી, દૂધ ! એમાંય પાછાં ડાલડા ! એમાં શો માલ છે ? કાંઈ નહિ.

**છતાં આવી તકલાદી સુખ માટે કેટકેટલી માનસિક ગરીબી, કેટકેટલી દીનતા અને વિહ્વલતા વેઠો છો ?**

**ત્યારે પ્રત્યક્ષ સુખમાં નહિ ઠગાનારા મુનિઓને છે કોઈ તમારા જેવી હાયવોય ?** દુનિયાના ચમરબંધીથી એ નહિ અંજાય. વિષયો અને માનસન્માનના પ્રત્યક્ષ સુખોની પરવા મૂક્યા પછી તો આત્માનાં તેજ એટલા બધા વધી જાય છે કે એમાં ધર્મના પ્રત્યક્ષ સુખોનો ય ઢગલો થાય છે. અને આત્માને ભલભલાની શરમ નથી નડતી. વર્તમાન કાળે ઈતરમાં બનેલો એક પ્રસંગ સાંભળ્યો છે.

## • વર્તમાનનું એક દૃષ્ટાન્ત •

**'वेश्या रूठी तो धर्म बचा' :-** એક સંન્યાસીએ યજ્ઞ કરાવવાની યોજના કરી. યજ્ઞ મોટા ખર્ચે કરાવવાનો હતો. એમાં એમનો ભક્ત એક મોટો શેઠિયો લાખેક રૂપિયા જેવી મોટી રકમ ખર્ચવા તૈયાર થયો. સંન્યાસીને કહે છે,

"મહારાજ આટલો ખર્ચ હું કરીશ. એટલો લાભ મને આપો." કેવી ઉદારતા ! 'લક્ષ્મી જવાની' સમજાય તો કઠીન નથી. વાત તો સ્વીકારી લેવા જેવી હતી. એની રકમ પર તૈયારીઓ પણ જોરદાર ચાલી. અવસર પામીને આ દાનવીર કહે છે,

'મહારાજ ! પણ ખર્ચનો હિસાબ મને મળવો જોઈએ. શામાં શામાં કેટકેટલો ખર્ચ થયો, તેના આંકડા આપવા જોઈએ.'

સંન્યાસીએ શું કહ્યું, જાણો છો ? એણે રોકડું પરખાવ્યું કે,

'જો ભાઈ તારે ખર્ચનો હિસાબ જોઈએ તો તારા માણસને રૂપિયાની થેલી લઈને બેસાડજે. અમે કહીએ તે તે રીતે એ ખર્ચ કરે, અને હિસાબ રાખે.'

શેઠે આનાકાની કરી. એના પર સંન્યાસીએ સંભળાવી દીધું;

"હું તો ગુલામ નથી, કે આટલો ખર્ચ કેમ થયો, કે ચાર આના આમાં ખર્ચાયા અને પાંચ આના આમાં ખર્ચાયા, એની વહી રાખું. મેં કહ્યું છે, પૈસા અમને ન આપતો, તારો માણસ રાખ. એ પૈસા ખર્ચે અને હિસાબ રાખે."

શેઠિયો મનમાં સમજે છે કે મારા વિના આ લોકો શું કરી શકશે; તેથી આગ્રહે ચડીને પૈસા ન આપવાનું કરીને રીસાઈને ચાલ્યો ગયો. એને ગુરુ આગળ સેવક ભાવે કામ નહોતું કરવું. એ જોઈને સંન્યાસીએ એની જરાય પરવા ન કરી. સંસારના પ્રત્યક્ષ સુખ છોડનારને શી એવી પરવા હોય ? આગળ-પાછળના લોકોએ કહ્યું,

"મહારાજ ! અવસર દેખી લો ! આવડી મોટી રકમ કોણ ખર્ચનાર છે ? એને રીસાવ્યો કામનો નથી."

સંન્યાસી કહી દે છે '**तुम लोक जानते नहि है ! अेसे अभिमानी पापी लोक रीस करके दूर रहे, वही अच्छा है, वेश्या रूठी तो धरम बचा**' સંન્યાસીના બીજા પણ ભકતો હતા. કાર્ય તો થઈ ગયું. પણ આખા શહેરમાં **"વેશ્યા રુઠી તો ધરમ બચા"(ધર્મ બચ્યો)** એ કહેતી ચાલુ થઈ ગઈ. ગલીગલીમાં છોકરાઓ જેવાય એ બોલવા લાગ્યા ! શેઠિયાનો ઘમંડ ક્યાં રહ્યો ? બદનામ થયો. લક્ષ્મીના પ્રત્યક્ષ સુખ છે એમ તમે કહો છો ને ? શું સુખ એણે દેખ્યું ? ચારે કોરના એ અપકીર્તિના અવાજથી એનું હૃદય કેટલું ઘવાયું હશે ! આ શેઠિયા જેવાય કેટલાય માણસો હોય છે. દાન કરીને મદમાં ચડે છે. 'હું સંઘપતિ છું... મેં આટલો ખર્ચ કર્યો છે... મેં આ ધર્મનું કાર્ય કર્યું ? આજે કોણ કરનાર છે ?...' વગેરે વગેરે.

અજ્ઞાન માણસો બિચારા એમજ આત્માને અધમ લાગણીઓમાં રગદોળી જીવન પૂરું કરે છે. આપણી વાત શી ચાલે છે ? રુદ્રદેવના માનસની. "ધર્મનું પ્રત્યક્ષમાં શું સુખ ? દુનિયાના વિષયોનું સુખ પ્રત્યક્ષ છે. દૂધપાકની કટોરી પીધી, બસ ! તરત ટેસ અનુભવાય છે." એવું માનનાર એને સોમા મૂર્ખ થઈ ગઈ લાગે છે. 'પ્રત્યક્ષ જે દેખાય છે તેને છોડી પરલોકની વાત પાછળ કેમ પડી ગઈ ? એમ એને થાય છે.'



એથી એ સોમાને કહે છે. **"તું ઠગાઈ ગઈ છે. પ્રત્યક્ષ છોડી પરોક્ષને ન વળગ."**

સોમા કહે છે, **"આમાં શું પ્રત્યક્ષ સુખ છે ? વિષયના ઉપભોગ તો પશુ સાધારણ છે. પશુઓય એમાં રક્ત છે. ગધ્ધા-ગધ્ધી, કુત્તા-કુત્તી, પણ એ કરે છે. સાદી રોટલીમાં ગોળ નાંખ્યો, ગળી થઈ, એને તો કીડીઓ ય વધારે ચોંટે છે એમાં શો વિવેક છે ? જોતા નથી એવા વિષયોની ગુલામી પાછળ જીવો કેવી કેવી દુર્દશા અને દુઃખો પામે છે ? ત્યારે ધર્મના શુભ ફળ તો પ્રત્યક્ષ અનુભવાય છે. એને અદૃષ્ટ- ન જોયેલા કેમ કહેવાય ?"** સોમાનો ધર્મ વિશ્વાસ-જુઓ, કોરો વિશ્વાસ નથી હો; હજી ધર્મ તો હમણાં પામી છે; પણ એમાં એ ધર્મના શુભ ફળનો પ્રત્યક્ષ અનુભવ કરી રહી છે. ત્યારે પૂછો ને કે,

**પ્ર.- ધર્મના પ્રત્યક્ષ શુભ ફળ શા શા ?**

ઉ.- ૧. પહેલાં નંબરમાં **આત્માને મહાન આશ્વાસન, અને**

**૨. બીજું, મહાન આલંબન.** 'અહો ! આવો ધર્મ મળ્યા પછી મને કોઈ દુઃખ નથી ! મારે કોઈ ચિંતા નથી.'

૩. ત્રીજું શુભ ફળ એ કે **જગતની સાચી ઓળખાણ.** આનાથી પણ આત્મા ઘણી અજ્ઞાન પ્રવૃત્તિથી બચી જવાથી આનંદમસ્ત રહી શકે છે.

૪. ચોથું એ કે **ખરા દેવગુરુતત્ત્વની સાચી ઓળખાણ.** એનાથી આત્માની સુખશાંતિ તૃપ્તિ વગેરેનાં જૂદા ધોરણ ઘડાય છે. સુંદર જીવનના માર્ગ મળે છે.

બાકી જીવને વિહ્વળતા ટળીને સ્વસ્થતા, દુર્ધ્યાન ટળીને શુભ ધ્યાન, કુવિકલ્પો મટીને પવિત્ર વિચાર ધારા, ચમરબંધીની બેપરવા, વગેરે અનેક પ્રત્યક્ષ શુભ ફળો છે. સોમા વિરાગી થઈ ગઈ હતી. એના વૈરાગ્ય નીતરતા બોલે રુદ્રદેવ વધુ દ્વેષીલો બન્યો, ઘોર મિથ્યાત્વનો ઉન્માદ ગુણની કદર નહિ પણ દ્વેષ જગાડે છે ! એણે સોમા સાથેનો સંબંધ છોડી દીધો. આવા જ પ્રસંગમાં ધર્મી આત્માએ સાવધ રહી આવા આત્માની દયા ખાવા જેવી છે કે, **'બિચારાનું આ પાપે થશે શું !'**

હવે તો રુદ્રદેવને નવી પત્ની કરવાની તાલાવેલી જાગી. તેથી એણે નાગદેવ નામના સાર્થવાહની **નાગશ્રી** નામની કન્યાને પસંદ કરી. એણે પોતાની સાથે એના લગ્ન કરાવવા માટે સાર્થવાહની આગળ માગણી મૂકી. **જો જો ધર્મને વળગતાં કસોટી આવે છે. એમાં પાર ઊતરવાની તૈયારી હોય તો ધર્મ ટકે.** એટલે, ધર્મ ગમતો હોય, ટકાવવો હોય તો પહેલેથી સમજી રાખો કે 'કષ્ટ આવશે જ; અને એ વેઠીને પણ હું ધર્મ ટકાવીશ, વધારીશ, ઉજાળીશ.'

નાગદેવને સોમાના પિતા ઉપર બહુમાન; છે એટલે આમ રુદ્રદેવનું ઘર સારું

છતાં, **એણે સોમા ઉપર શોક્ય તરીકે પોતાની કન્યા આપવા ના પાડી. મિત્રનું દાક્ષિણ્ય કેવું ! પોતાની કન્યાને મિત્રની કન્યાની છાતી ઉપર ગૃહરાણી બનાવવાની વાત નહિ.** આવા ગુણો માનવતાને ખીલવનારા છે. ત્યારે **સ્વાર્થમાં અંધ બની સ્વજન-સ્નેહીને આપત્તિમાં મૂકવાનો દુર્ગુણ માનવ ખોળિયે પશુતાને વિકસાવનાર છે. બીજાને સુખ આપવા-વધારવાની વાત તો દૂર છે; પરંતુ કમમાં કમ બીજા કલેશમાં મૂકાય એવું તો નજ કરીએ ને ? આટલું ય જો ન બને, તો આપણે માનવ તરીકે ઊંચા જીવ શાના ?**

**પુણ્ય-પાપનાં મિશ્રણ :-** હવે કર્મની વિચિત્રતા જુઓ કેવી છે. એક બાજુ સોમાના **પુણ્યના ઉદયે** નાગદેવે કન્યા આપવા ના પાડી. ત્યારે બીજી બાજુ સોમાના **પાપના ઉદયે** પતિ વિચારે છે કે 'જ્યા સુધી આ સોમા જીવતી છે ત્યાંસુધી જ બીજા લગ્ન નહીં થાય. નાગદેવને કાંઈ પોતાની કન્યા નાગશ્રી મને નથી દેવી એવો વિચાર નથી, પણ એને સોમા ઉપર શોક્ય તરીકે નથી દેવી. તો એનો સીધો રસ્તો એ કે સોમાને પરલોક પહોંચાડી દેવી.'

કેટલો આ ક્રૂર વિચાર ! આર્યદેશમાં આ ? હા, **ભોગની ભૂખ ભૂંડી છે ! કામના બાણ કારમા છે ! વિષયની લાલસા વિષભરી છે ! મોહની ચેષ્ટા મદિરાની લત જેવી છે ! ભોગનો ભૂખ્યો, કામથી વીંધાયેલો, વિષયનો લાલચુ અને મોહચેષ્ટાનો ભવૈયો ભયાનક કાર્યવાહી કરે એમાં નવાઈ નથી.** રુદ્રદેવ રૌદ્ર પરિણામમાં ચઢી સોમાને મારવાની પેરવીમાં પડ્યો. આમાં સોમાના પાપનો ઉદય કામ કરી રહ્યો છે. પુણ્યનો ઉદય સ્થગિત થઈ ગયો, અટકી ગયો; અરે કહો કે નાગદેવે કન્યા ન આપી એના પરજ આ પાપોદય જાગ્યો ! **પુણ્ય અને પાપ જીવને અથડાવ્યા કરે છે. જીવની જાણે કોઈ જ કિંમત નહિ. એવા પુણ્ય પાપના શા બહુ હિસાબ ગણવા ? એમાં ભૂલા પડી ધર્મ શા માટે ચૂકવો ? કેમકે એમાં જીવને આશ્વાસન હોય તો ધર્મનું છે, તો ચિંતા ધર્મની જ કરવા જેવી. પુરુષાર્થ ધર્મનો જ કરવા જેવો. સોમાને ધર્મનું આશ્વાસન મળ્યું છે. અહીં એક પ્રશ્ન ઊઠે છે,**

**પ્ર.**- તે વખતે કાંઈ છૂટાછેડાની કોર્ટ ન હતી, તેથી પતિ મારવાનો વિચાર કરે છે. તો એની અપેક્ષાએ આજની ડાયવોર્સ કોર્ટની પદ્ધતિ સારી ને ?

ઉ.- શું સારી ? જીવતી મારી નાંખવાનું તો કદાચ હજાર દસહજારે એકાદ માણસ કરે; પરંતુ જો છૂટાછેડાની પદ્ધતિ કાયદેસર ચાલુ થઈ તો ઘેર-ઘેર એ વસ્તુ બનવા માંડે એનું શું ? મારવાની બુદ્ધિમાં તો કુલવટ, કાયદો વગેરે આડે આવે છે. પણ છૂટાછેડામાં શું આડે આવવાનું હતું ? છૂટાછેડામાં, ખરી રીતે, એ વિચારો કે અંદર ખાને વિષય લંપટતા કેવી જોર કરી રહી છે ! અને એનું આગળ કેટલું



ભયાનક પરિણામ આવવાનું.

**મારવા માટે સર્પ :-**

પતિએ સોમાને મારવાનો વિચાર કર્યો. એ માટે એક વાર બહારથી ક્યાંથી ઘડામાં જીવતો સર્પ લઈ આવ્યો. એ ઘડાને અંધારિયા ઓરડાના એક ખૂણામાં રાખી દીધો. સોમા ઘરના કામકાજમાં લાગી હતી, એને તો આની કાંઈ ખબર જ ન હતી. સૂર્યાસ્ત થઈ ગયો. દીવો હજુ પ્રગટાવ્યો ન હોતો ત્યાં પતિએ એને કહ્યું,

"જોને પેલા ઓરડામાં ઘડાની અંદર ફૂલની માલા પડી છે; તે લાવને."

સોમા આમેય ભલીભોળી હતી; અને પાછી ધર્મ પામેલી. એટલે એને પતિ પર અણવિશ્વાસ કરવા જેવું લાગ્યું નહિ. ત્યારે શું પતિએ સંબંધ છોડી દીધો હતો એ પરથી એને કાંઈ અસર નહિ ? પણ વસ્તુ એ છે કે એથી તો એને એમ થાય કે 'ભલે પતિને ધર્મ નથી ગમતો; પણ મારા ધર્મમાં અંતરાય કરવાનું તો રાખ્યું નથી ને ? અને તે સારું છે.' પતિનું દિલ ફરી ગયું છે, એવી એને કાંઈ ખબર નથી. પણ ખબર હો કે ન હો, પતિ જેવો નિકટનો સગો શું કરવા તૈયાર થયો છે ?

**જગતને ઓળખો :- દુનિયાના જે સગાસ્નેહી છે તે અંતે એવાજ ને ? પોતે રંગરાગમાં ફસેલા હોઈ એના દલાલ છે. તમે રંગરાગનો વેપાર કરવા તૈયાર હો તો એ તમને વધાવવા તૈયાર; પણ તમે ધર્મ કરવાનું કહો તો એને એ ન ગમે. પછી તમારા ઉપર માબાપપણાની રૂએ, પતિપણાની, પુત્રપણાની, ભાઈપણાની રૂએ, એ તમને દબાવવા તૈયાર છે !** કલિયુગ છે; અહીં જન્મ થઈ ગયો; માતાપિતાની સાંકળ લાગી ગઈ; માતા-પિતા હવે જાણે તમારા આખા આત્માના માલિક બની ગયા. ત્યાં દાદાદાદીય બાજુએ બેસી રહે. એ તો કહેશે "એમના છોકરાનું એ જાણે, આપણું કશું ચાલે નહિ." આવા શબ્દો બોલે ને ? પણ આ ક્યાં સુધી ? પરણે નહિ ત્યાં સુધી એના માલિક માબાપ. પરંતુ પરણે એટલે પતિ પત્નીનો માલિક, અને પત્ની પતિની માલિક ! વધારામાં મામા-ફોઈ-કાકા-કાકી વગેરે ય થોડી માલિકી બજાવે છે. પણ ક્યાં ? ધર્મની આડે આવવામાં. સંસારવૃદ્ધિના કર્મ કરવામાં કોઈ નહીં બોલશે. પછી એમાં કોઈ બહાના હેઠળ માબાપને તરછોડો તોય વાંધો નહિ. માત્ર તમે ધર્મ કરવાની જ્યાં વાત કરો કે ઝટ કહેશે 'હજી નાના છો, ઉતાવળ ન કરો, તમારું શરીર જુઓ, સંયોગ જુઓ...' વગેરે વગેરે કહેશે; અને નથી ને સાધુ થવાની વાત કરો તો એ ભભડશે 'હું જાણું છું સાધુ-સાધ્વીને ! રહેવા દો. રહેવા દો દીક્ષાની વાત ! ઘરમાં રહીને ધર્મ ક્યાં નથી થતો ?' તરત એની સામે ચોંટ લગાવે છે. **કેમ જાણે સંસારની જન્મસિદ્ધ દલાલી અને ધર્મનું જન્મસિદ્ધ વૈર !**

(૩૪)

# દીક્ષાદાનેશ્વરી

**- પૂ. આ. શ્રી. વિજયહેમચંદ્રસૂરિ મ.**

સંવત ૧૯૯૧ પોષ સુદ ૧૨ના પુનિત દિવસે ચાણસ્મા મુકામે અમદાવાદથી આવેલ બે યુવાન ભાઈઓ કાંતિલાલ અને પોપટલાલને ઉપાધ્યાયશ્રી પ્રેમવિજય ગણિવર્યએ દીક્ષા આપી મુનિશ્રી ભાનુવિજય તથા મુનિશ્રી પદ્મવિજય બનાવ્યા. દીક્ષા આપ્યા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા બંને મુનિઓના જીવનનું ઉત્તમ ઘડતર કર્યું... ક્રમશઃ બન્નેને ન્યાય અને વ્યાકરણમાં વિશારદ બનાવ્યા. ગુરુ કૃપા પાત્ર પદ્મવિજયજી છવ્વીશ વર્ષનું સંયમ જીવન જીવી કેન્સર જેવી ભયંકર વ્યાધિઓમાં પણ આગમોની અવગાહનાઓ-સાથે-માસક્ષમણ, ૨૪ ઉપવાસ, ૧૩ ઉપવાસ, અનેક અઠ્ઠમ-છઠ્ઠ-ઉપવાસ વગેરે ઉગ્ર તપસ્યાઓ કરી અપ્રમાદપણે સાધના કરતાં કરતાં ગણિ પંન્યાસ પદ સુધી પહોંચી કાળધર્મ પામી ગયાં - આત્મહિત સાધી ગયા.

મુનિશ્રી ભાનુવિજયજીમાં પૂજ્ય ગુરુદેવે શાસન સેવાની અગાધ શક્તિ જોઈ. મુનિ ભાનુવિજયજીએ પણ પૂર્ણ સમર્પિત ભાવપૂર્વક ગુરુદેવનો અદ્ભુત વિનયબહુમાન કરતા ઉચ્ચ કોટિનો અભ્યાસ કર્યો. પંડિતો પાસે ન્યાય અને દર્શન શાસ્ત્રોનો અભ્યાસ કરી ન્યાય વિશારદ બન્યા. પ્રકરણ શાસ્ત્રો, કર્મ સાહિત્ય, આગમ શાસ્ત્ર, અને છેદસૂત્રોના રહસ્યોને ગુરુગમથી પ્રાપ્ત કરી મહાન ગીતાર્થ બન્યા... અપ્રમાદપણે સંયમની સાધના કરતાં-કરતાં વર્ધમાન તપની ઉગ્ર તપસ્યાઓ સાથે જ્ઞાન યોગના સાધક પૂજ્યશ્રીએ શાસન સેવામાં સમગ્રજીવનને સમર્પિત કરી દીધું. પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞાથી સંવત ૨૦૦૫ માં લાલબાગ ઉપાશ્રયે ચાતુર્માસ પધારી અનેક યુવાન મુમુક્ષઓને તૈયાર કર્યા. ચાતુર્માસ દરમ્યાન અને શેષકાળમાં મુંબઈ અને પરાઓમાં વૈરાગ્યવાણીના ધોધ વર્ષાવ્યા... કહેવત છે 'મધ હોય ત્યાં મધમાખીઓ ખેંચાઈને આવે છે.' પૂજ્યશ્રીની પાસે વૈરાગ્યનું મધ હતું. ઉત્તમ પાત્ર જીવો પૂજ્યશ્રીની પાસે ખેંચાઈને આવતા પૂજ્યશ્રીના માત્ર વૈરાગ્યથી સંખ્યાબંધ યુવાનો



આકર્ષવા લાગ્યા જેમાં કોટ્યાધિપતિઓના નબીરાઓ, કૉલેજિયનો, વેપારીઓ, વગેરે અનેકોનો સમાવેશ થતો હતો. મદારીની મોરલી જેમ નાગને ડોલાવે તેમ વૈરાગ્ય નીતરતી પૂજ્યશ્રીની વાણી આ યુવકોને ડોલાવતી. પૂજ્યશ્રીના મધુર કંઠે નીકળતા સજ્ઝાયનાં પદો સાથે શાલિભદ્ર, ધન્ના, મેઘકુમાર, સનતકુમાર ચક્રવર્તી, પૃથ્વીચંદ્ર-ગુણસાગર, વિજય શેઠ-વિજયા શેઠાણીના પ્રસંગોના વિવચનોથી સેંકડો મનુષ્યોની સભા સ્તબ્ધ થઈ જતી. સૌ એક જ સાથે વૈરાગ્યના પ્રવાહમાં ઊંડા ઉતરતા જતા હતા. એકાદ વર્ષના મુંબઈના વસવાટે સમસ્ત મુંબઈને ધર્મઘેલું બનાવ્યું. અનેક યુવાન-યુવતીઓ ચારિત્ર માટે તૈયાર થયા.

ત્રણ મુમુક્ષોને સંવત ૨૦૦૬ ના વૈશાખ વદ-૬ના દિવસે આદિનાથ પ્રભુની પુનિત નિશ્રામાં ભાયખલા મુકામે સંયમ પ્રદાન કરી, નૂતન મુનિઓ તથા અનેક યુવાન મુમુક્ષઓ સાથે પૂજ્યશ્રી ઉગ્ર વિહાર કરી ચાતુર્માસાર્થે ગુરુદેવનાં સાનિધ્યમાં પહોંચી ગયા... નૂતન મુનિઓને અને મુમુક્ષઓને જોઈને ગુરુદેવ પણ આનંદ પામ્યા. પોતાના હૃદયમાં રહેલા મનોરથો આ ગુરુભક્ત વિદ્વાન શિષ્ય દ્વારા પૂર્ણ થશે એવી મનમાં રહેલ ઈચ્છાને ફળીભૂત થતી જોઈ પૂજ્ય ગુરુદેવશ્રી અતિપ્રસન્ન થયા, અનેક વિસંવાદો વચ્ચે ઘેરાતા શાસનની એક સરખા પ્રરૂપકો દ્વારા સંપ અને સંગઠ્ઠિતતા માટે લગભગ પચીશ ઉત્તમ ખાનદાન કુળના મુનિઓ પ્રાપ્ત થાય તેવી પૂજ્ય ગુરુદેવશ્રીની અંતરેચ્છા હતી.

શાશ્વત તીર્થની પવિત્ર છાયામાં મુમુક્ષ પાઠશાળાનાં મંડાણ થયાં. અનેક યુવકોનું મુનિશ્રી ભાનુવિજયજી દ્વારા શિક્ષણ સંસ્કરણ થવા માંડ્યું. જોત-જોતામાં ચાતુર્માસ પૂર્ણ થયું. પૂજ્ય ગુરુદેવશ્રીએ યુવાન મુનિઓ તૈયાર કરવા માટે કૃપાપાત્ર શિષ્યને મુંબઈ તરફ આગળ વિહાર કરાવ્યો. સુરત મુકામે ત્રણ યુવાનો તથા બે યુવતીઓને દીક્ષા આપી પૂજ્ય ભાનુવિજયજી મહારાજે મુંબઈ તરફ પ્રયાણ કર્યું. પાછળ જ ગુરુદેવશ્રી પણ મુનિશ્રી હેમંતવિજયજી તથા મુનિશ્રી પદ્મવિજયજી વગેરેને સાથે રાખી મુંબઈ તરફ આગળ વધ્યા.

મુંબઈ પહોંચતા જ વૈરાગ્ય વાણીની વર્ષા ચાલુ થઈ ગઈ. પાલીતાણાથી પાછળથી પ્રયાણ કરેલ ગુરુદેવશ્રી પણ મુંબઈ નગરીમાં પધાર્યા. મુંબઈએ પૂજ્યોનું ભાવભર્યું સ્વાગત કર્યું. અક્ષયતૃતીયાના બે ભાગ્યવંત દિવસે વિશાળ સમુદાય સાથે પૂજ્ય આચાર્ય ભગવંતે લાલબાગ (માધવ બાગ) ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. અનેક તારા-નક્ષત્ર ગણની વચ્ચે ચંદ્રની જેમ શોભા પામતા પૂજ્ય આચાર્યદેવની વાત્સલ્ય

જ્યોત્સના પ્રસરવા માંડી-પૂજ્ય ઉભય બંધુ મુનિરાજની વૈરાગ્ય નિતરતી વાણી અને પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્ય ગંગામાં સ્નાન કરી અનેક ભાવિકો પવિત્ર થવા માંડ્યાં. મોહશત્રુ સામે રણશિંગુ ફૂકાઈ ગયું. સંસાર ઉપર હલ્લા થવા માંડ્યા. સંખ્યાબંધ મુમુક્ષઓ સંયમપંથે ડગ માંડવા લાગ્યા. એક મુમુક્ષ યુવાનની દીક્ષાથી દીક્ષાઓનો પ્રારંભ થયો.

ચાતુર્માસ ઊતરે મુંબઈના શેરબજારના ચમકતા સિતારા રાવબહાદુર જીવતલાલ પ્રતાપશીના ભત્રીજા ઇન્દ્રવદનની દીક્ષાએ સારા મુંબઈને હલબલાવી દીધું. શેરબજારમાં ત્યાગ ધર્મનાં સન્માન થયાં. એના રણકાર અમેરિકાના શેરબજાર સુધી પહોંચ્યા. હજી આ રણકાર ચાલુ જ છે ત્યાં તો - નવલોહિયા યુવાનો અને પીઢ વ્યાપારીઓની પાંચ-પાંચ દીક્ષા એક સાથે થઈ. વળી, હજી ચાતુર્માસની વાર હતી. છેલ્લી અષાઢ સુદ ચૌદસ પણ ફોગટ કેમ જાય ? બે પુણ્યાત્માઓ સાધુ બન્યા. ચાતુર્માસે વચ્ચે ઇંટરવલ પડ્યો. વળી, પુનઃ દીક્ષાના તરવરાટ શરૂ થયા... વિવિધ મુહૂર્તોએ અનેક મુમુક્ષઓનો સંયમ સ્વીકાર થવા લાગ્યો.

સર્વત્યાગના માર્ગ તરફ યુવાનોના પ્રયાણોએ મોહમયી નગરીને આશ્ચર્યમુગ્ધ બનાવી દીધી. પ્રકૃષ્ટ સંયમના સ્વામી ગુરુદેવ અને વૈરાગ્યવાણીથી સંઘને તરબોળ કરતાં ગુરુકૃપાપાત્ર શિષ્યોએ સમસ્ત મુંબઈમાં તરખાટ મચાવી દીધો...

બીજું ચાતુર્માસ પણ પૂર્ણ કરી પૂજ્યોએ મહારાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું. ધર્મજાગૃતિ લાવી અહમદનગર ચાતુર્માસ કરી પુનઃ મુંબઈમાં પધરામણી કરી દીક્ષાઓ વગેરે કરી. અહમદનગરમાં ધનાઢ્ય નગરશેઠ તથા શેઠાણી પણ પૂજ્યોની વાણીથી ભાવિત બની સજોડે સંયમી બન્યા - મહારાષ્ટ્રમાં વિચરી સંખ્યાબંધ બાળદીક્ષાઓ કરી. પૂના ચાતુર્માસ કરી ગુરુદેવ સાથે પૂજ્યશ્રી મુંબઈ પધાર્યા. ચાતુર્માસ સુંદર શાસન પ્રભાવનપૂર્વક કરી પૂજ્ય ગુરુદેવશ્રી આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં પારણું કરવા તલસતા વર્ધમાનતપ સો ઓળીના તપસ્વી મુનિઓ પૂ.શ્રી કાંતિવિજય મ. તથા પૂ.શ્રી રાજવિજય મ. ને નિશ્રા આપવા પધારતા ગુરુદેવશ્રીની સાથે પૂજ્યશ્રી મુંબઈ છોડી સુરેન્દ્રનગર તરફ પધાર્યા...

ગુરુદેવશ્રીના આશીર્વાદથી મુંબઈમાં સંવત ૨૦૦૫-૨૦૦૭-૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૧૨ ના પાંચ ચાતુર્માસોમાં પોતાના ગુરુદેવની સાથે રહી વૈરાગ્ય વાણીથી બૃહદ્ મુંબઈના સંઘોને મુગ્ધ કરી સુશિક્ષિત-સંસ્કારી ઉત્તમ કુટુંબના લગભગ ત્રીશ નવલોહિયા યુવાનોને પ્રતિબોધ કરી શાસન પ્રભાવનાનો ડંકો વગાડ્યો. દીક્ષિત



થયેલાં આ ઉત્તમ મુનિરત્નોમાંથી આજે પૂ. જયઘોષસૂરિ મ. ગચ્છાધિપતિ પદ પર બિરાજમાન થઈ બસોથી અધિક મુનિઓના યોગક્ષેમને કરવા સાથે અનેક સંઘોનો યોગ્ય માર્ગદર્શન કરી શાસનનાવ ચલાવી રહ્યા છે. બીજા પણ પૂ.આ. ભદ્રગુપ્તસૂરિ મ., પૂ. રાજેન્દ્રસૂરિ મ., પૂજ્ય પંન્યાસજી શ્રી ચંદ્રશેખરવિજય મ. આદિ મુનિઓ આજે આચાર્યાદિ પદથી અલંકૃત થઈ જબરજસ્ત, શાસન રક્ષા-સિદ્ધાંત રક્ષા, શાસન પ્રભાવનાનાં અગણિત કાર્યો કરી રહ્યાં છે. આ બધાનું મૂળ પૂજ્ય ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.જ છે. પૂજ્યશ્રીનું જીવન તો અનેક પ્રકારની અદ્ભુત સાધનાઓ, અગણિત શાસનના કાર્યો, સંઘ પરના ઉપકારો વગેરેથી સુવાસિત છે. આ નાના લેખમાં તો માત્ર મુંબઈના તેમના પાંચ ચાતુર્માસમાં શાસન રત્નોને ઉત્પન્ન કરવાના ભવ્ય કાર્યને જ યાદ કર્યું છે.

– **"ભુવનભાનુનાં અજવાળાં"** પુસ્તકમાંથી સાભાર

❖ ❖ ❖

